શિક્ષાપત્રનું આચમન

ભાગ-૧





પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રીવલ્લભઃ ॥

શિક્ષાપત્રનું આચમન
ભાગ - ૧

(ભાગ ૧ : શિક્ષાપત્ર ૧ થી ૧૦)

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

SHIKSHPATRANU AACHAMAN - PART I
by **Prof. Rameshbhai V. Parikh**

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન

- શ્રી વિજયભાઈ એમ. દેસાઈ **(માત્ર રૂબરૂમાં)**
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લે માળે,
  ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
  ફોન : (૦૨૨) (ઓ) ૨૦૧૦૦૮૪, ૨૦૬૦૮૫૮ (ઘર) ૩૬૯૩૮૨૧
  ફેક્સ : ૯૧-૨૨-૨૦૬૦૮૫૮
- શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ **(રૂબરૂ અને પોસ્ટ દ્વારા)**
  'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
  બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

પ્રથમ આવૃત્તિ : ઈ.સ.૧૯૮૫ બીજી આવૃત્તિ : ઈ.સ.૧૯૯૦
ત્રીજી આવૃત્તિ : ઈ.સ.૧૯૯૪ ચોથી આવૃત્તિ : ઈ.સ.૧૯૯૯
પાંચમી આવૃત્તિ : ઈ.સ.૨૦૦૨ છઠ્ઠી આવૃત્તિ : ઈ.સ.૨૦૦૫
સાતમી આવૃત્તિ : ઈ.સ.૨૦૧૦ આઠમી આવૃત્તિ : ઈ.સ.૨૦૧૩
નવમી આવૃત્તિ : ઈ.સ.૨૦૧૪ **દસમી આવૃત્તિ : ઈ.સ.૨૦૧૬**

પુસ્તક પ્રકાશન સહાય : રૂા.૧૦૦=૦૦

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા

સમર્પણ

ભાવભાવાત્મક

ધમીવિપ્રયોગ સ્વરૂપ

રસદાતા-રસાત્મા

શ્રીગિરિરાજબાવાનાં

યુગલ ચરણારવિંદમાં

સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ

સમર્પિત.

અનુક્રમ

પાન નં.

૧ પ્રસ્તાવના - હૌં ઢાઢી યહ ઘરકો ૫

૨ આમુખ - ભગવદીય જીવન ૮
- ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

૩ આમુખ - રસસાગરનું રસપાન ૧૫
- ગો. શ્રી મથુરેશ્વરજી મહોદય

૪ આમુખ - હૌં વારી ઈન વલ્લભીયન પર ૨૨
- ગો. શ્રી ઈન્દિરાબેટીજી

૫ શિક્ષાપત્રની ભૂમિકા.. ૩૦

૬ શિક્ષાપત્ર ૧ .... ૫૬

૭ શિક્ષાપત્ર ૨ .... ૯૮

૮ શિક્ષાપત્ર ૩ .... ૧૧૫

૯ શિક્ષાપત્ર ૪ .... ૧૩૬

૧૦ શિક્ષાપત્ર ૫ .... ૧૬૩

૧૧ શિક્ષાપત્ર ૬ .... ૧૮૩

૧૨ શિક્ષાપત્ર ૭ .... ૧૯૩

૧૩ શિક્ષાપત્ર ૮ .... ૨૦૮

૧૪ શિક્ષાપત્ર ૯ .... ૨૧૫

૧૫ શિક્ષાપત્ર ૧૦ .... ૨૪૦

૧૬ શિક્ષાપત્રનું પારાયણ..................................... ૨૬૭
(શિક્ષાપત્ર ૧ થી ૪૧ - મૂળ પાઠ)

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી દ્રુમિલકુમારજી મહોદયશ્રી
(સુરત-વડોદરા)

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રીબાલકૃષ્ણો વિજયતેતરામ્ ॥

અમને જાણીને અત્યંત પ્રસન્નતા થઈ કે પ.ભ. અ.સૌ. વર્ષાબેન પ્રકાશભાઈ પારેખનાં સૌજન્યથી આ દિવ્ય પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે. તેમને મારા હાર્દિક શુભાશિષ.

પ.ભ. ભગવચ્ચરણશરણસ્ય શ્રીરમેશભાઈ પરીખે સંપ્રદાયની અનેક રીતે સેવા કરી છે. અને ખાસ કરીને પુષ્ટિમાર્ગનાં પ્રકાશન કાર્યને ખૂબ જ આગળ વધાર્યું છે. તેમની લેખન શૈલીથી સામાન્ય માનવી પણ પુષ્ટિસિદ્ધાંત સરળતાથી સમજી શકે છે. ખાસ કરીને આજની યુવા પેઢી તો અવશ્ય લાભાન્વિત થઈ છે અને થશે. સંપ્રદાયનાં આવા ખૂબ જ ઉપયોગી પુસ્તકોનાં પ્રકાશન કાર્યમાં જે પણ વૈષ્ણવો કોઈ પણ રીતે સહયોગી થયા હોય તેઓ નિશ્ચિત ધન્યવાદને પાત્ર છે.

આ પ્રસંગે સૌ. વર્ષાબેન પ્રકાશભાઈ પારેખ પરિવાર તેમજ શ્રીપ્રકાશભાઈનાં માતુશ્રીને પણ મારા હાર્દિક ધન્યવાદ તેમજ શુભાશીર્વાદ પાઠવું છું.

ભવદીય

ગો. દ્રુમિલકુમામજી

(સુરત-વડોદરા)

(પ્રથમ આવૃત્તિ ટાણે - પ્રસ્તાવના)

'હૌં ઢાઢી યહ ઘરકો'

'બડો ધન હરિજનકો હરિનામ'- આવું નામધન વરસતું હોય, ત્યારે તે લૂંટવાનો લહાવો ન લેનાર દુર્ભાગી જ ગણાય!

ઈ. સ. ૧૯૮૧ના મહા વદ બીજનો મંગળ દિન હતો. વહેલી સવારનો સમય હતોય પરમ પૂજ્ય શ્રીભાભીજી મહારાજ અને પરમ પૂજ્ય શ્રીજીજી સાથે મોટરમાર્ગે ખેરાળુ જઈ રહ્યો હતો પૂજ્ય જીજીએ આજ્ઞા કરી : રમેશભાઈ, આ વર્ષે શ્રીગિરિરાજબાવાના પાટોત્સવ પ્રસંગે તમારે ભગવદ્વાર્તા કરવાની છે. કયા વિષય પર કરશો?

'આપ આજ્ઞા કરો તે.'

'ભ્રમરગીતઃ સૂરદાસજી અને નંદદાસજીનાં તે વિષય પરના પદો, સુબોધિનીજી આદિની સંગતિ સાથે.'

'કૃપાનાથ, જ્યાં સુધી વૈષ્ણવોને સ્વમાર્ગના પાયાના સિદ્ધાંતોની સ્પષ્ટ સમજ ન મળે, ત્યાં સુધી ફળની સમજ મેળવવી કઠિન પડે. પછી જેવી આપની આજ્ઞા.'

'રમેશભાઈ. પુષ્ટિસિદ્ધાંતમાં પ્રવેશ થાય શિક્ષાપત્ર દ્વારા. વૈષ્ણવના મુખથી અમારે શિક્ષાપત્રનું શ્રવણ કરવું છે.' પરમપૂજ્ય શ્રીભાભીજી મહારાજે આજ્ઞા કરી.

'કૃપાનાથ, નવ દિવસમાં એકતાલીસ શિક્ષાપત્રો કેવી રીતે પૂરાં થાય? મેં મુશ્કેલીનો ખ્યાલ આપતાં પ્રાર્થના કરી.

'રમેશભાઈ, ભાભીજીના મનોરથરૂપે આ વખતે શિક્ષાપત્ર-સપ્તાહ કરો જ. એકથી દસ શિક્ષાત્ર કરો. ભલે ને ચાર વર્ષે સમગ્ર ગ્રંથ પૂરો થાય.' પરમપૂજ્ય જીજીની આજ્ઞા થઈ.

'શિક્ષાપત્ર સપ્તાહ સૌ પ્રથમ વખત થાય છે, તો સાથે સાથે નવ દિવસ સમગ્ર શિક્ષાપત્રના મૂળ શ્લોકોનું પારાયણ કરવાનો કાર્યક્રમ પણ ગોઠવો.' પરમપૂજ્ય શ્રીભાભીજી મહારાજની આજ્ઞા થઈ.

આપશ્રીના મનોરથ સ્વરૂપે વૈશાખ કૃષ્ણ પક્ષમાં પ્રથમ શિક્ષાપત્ર સપ્તાહ યોજાઈ. દરરોજ સવારે સો જેટલા વૈષ્ણવો વ્રતબદ્ધ થઈને પારાયણ કરતાં. પૂજ્ય

જીજી પણ દરરોજ પ્રાતઃકાળે વહેલાં જાગીને શિક્ષાપત્રનો સ્વાધ્યાય કરે, પોતાને સ્ફુરિત ભાવોની નોંધ કરે અને દરરોજ કૃપા કરીને મને સિદ્ધાંત-રહસ્યનું દાન કરે.

આમ, પ્રથમ દસ શિક્ષાપત્રના સ્વાધ્યાય-સ્વરૂપે ભગવદ્‌વાર્તાનો અલૌકિક લાભ પ્રાપ્ત થયો, પરમપૂજ્ય જીજીની કૃપાથી.

આ પ્રસંગે પૂ.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી), પૂ. ગો. ૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહોદય અને પૂ. ગો. ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહોદય (સૂરત-વડોદરા), ગો. શ્રી વ્રજલતાવહુજી (સૂરત-વડોદરા) તથા પરમપૂજ્ય જીજીનાં વચનામૃતોનું રસવર્ષણ પણ થયું.

સપ્તાહની પૂર્ણાહુતિ બાદ કૃપાનિધાન શ્રીહરિરાયપ્રભુનાં જંબુસરનાં બેઠકજીએ આપશ્રીની સન્મુખ સપરિવાર શિક્ષાપત્રપારાયણ કરવાનો તથા હાથ પવિત્ર કરવાનો અતિ અલૌકિક લાભ પણ પ્રાપ્ત થયો.

પછી બીજા વર્ષે ૧૧ થી ૧૭ શિક્ષાપત્રની સપ્તાહ થઈ.

ત્રીજા વર્ષે ૧૮ થી ૩૦ શિક્ષાપત્રની સપ્તાહ થઈ.

આ વર્ષે ૩૧ થી ૪૧ શિક્ષાપત્રની સપ્તાહ થશે.

આ સમગ્ર ભગવદ્‌વાર્તાની કેસેટો તૈયાર કરવામાં આવી છે. તેના આધારે વૈષ્ણવોને ઉપયોગી બને તે માટે પુસ્તક તૈયાર કરવાની પૂજ્ય જીજીની આજ્ઞા થઈ. પુસ્તકનું નામકરણ આપે જ કર્યું. આપના જ ટ્રસ્ટ દ્વારા, આપની કૃપાથી તે પુસ્તકનો આ પ્રથમ ભાગ આજે પ્રકાશિત થઈ રહ્યો છે.

આમાં પરમપૂજ્ય શ્રીભાભીજી મહારાજના આશીર્વાદ અને પ્રેરણા છે. ભગવદ્‌વાર્તામાં પધારી, રસવર્ષણ કરનાર સર્વ પૂજ્ય શ્રી....ચરણોની કૃપા અને એમના આશીર્વાદ છે. પૂ. ગો. શ્રીપ્રથમેશજી મહારાજ, પૂ. ગો. મથુરેશ્વરજી મહોદય અને પૂ. જીજીની અનંત કૃપાથી આપનાં વચનામૃત-આમુખથી આ ગ્રંથ અલંકૃત થયો છે, તે માટે હું ત્રણે સ્વરૂપોનો સવિશેષ ઋણી છું.

હવે તો હું જેમના પરિવારનું એક અવિભાજ્ય અંગ જ બની ગયો છું અને જેમણે અમારા સમગ્ર પરિવારને પોતાના પરિવારમાં સમાવિષ્ટ કરવાની આત્મીયતા બક્ષી છે, એવા મારા મુરબ્બી ભાઈશ્રી ભગવાનદાસભાઇ વલ્લભદાસ દલાલ, અ.સૌ.

રાધાભાભી, અ. સૌ. સ્મિતાબહેન પરીખ તથા ઘરનાં સર્વની.વૈષ્ણવી મમતા અને હૂંફને વિસ્મરવી શક્ય નથી. ભગવદ્વાર્તાના દિવસો દરમ્યાન અમે તેમને ખૂબ પરિશ્રમ, આત્મીયભાવે, આપ્યો છે.

કેસેટો પરથી ગુજરાતી શોર્ટહેન્ડમાં ડિકટેશન લઈ, ટાઈપ કરી આપી, સુધારેલી હસ્તપ્રત ફરીથી ટાઈપ કરી મારા ગ્રંથલેખનના કાર્યને અત્યંત સરળ અને ઝડપી બનાવનાર શ્રી લવજીભાઇ ચૌધરી અને શ્રી પરેશભાઇ વ્યાસનો પણ હાર્દિક આભાર માનું છું.

ગ્રંથના સુચારુ અને ઝડપી મુદ્રણ માટે મારા સ્નેહી મિત્ર અને મુદ્રણકલામર્મજ્ઞ પ્રા. રાજનભાઇ કડિયાનો તથા મુદ્રક ભાગ્યમુદ્રા (પ્રિન્ટિંગ યુનિટ) અને તેના સંચાલક શ્રી દિલીપભાઇનો પણ હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ પ્રસંગે શ્રી વૈષ્ણવ મહિલા મંડળ- વડોદરા, શ્રી અનુગ્રહ ટ્રસ્ટ- વડોદરા, શ્રી અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ -વડોદરા, મુ. શ્રી બચુભાઇ ગણાત્રા, અ. સૌ. શર્મિષ્ઠાબહેન વકીલ આદિ સૌ સ્નેહીજનોથી ઉપકૃત બની તેમનું સ્મરણ કરું છું. મારા પોતાના પરિવારનો પણ હું સવિશેષ કૃતજ્ઞી છું.

શ્રીઆચાર્યચરણોનાં ચરણકમળોમાં દીનભાવે એટલી જ વિનંતી કરું કે, ''હૌં ઢાઢી યહ ઘરકો.'' માટે જીવનની અંતિમ ક્ષણ સુધી આપનાં ગુણગાન ગાતો રહું.

દાસાનુદાસ

રમેશ

॥ શ્રી મથુરેશો જયતિ ॥

ભગવદીય જીવન

- શ્રીવલ્લભ સંપ્રદાય પ્રથમ પીઠાધીશ
શ્રીપ્રથમેશજી મહારાજ

શ્રીહરિરાયજીકૃત 'શિક્ષાપત્ર' વૈષ્ણવોનો સદાચારગ્રંથ છે, જેમાં આચાર, વિચાર અને વ્યવહારનું વિશ્લેષણ કરી, શ્રીહરિરાયજીએ વૈષ્ણવ જીવનમાં કર્તવ્યના અવરોધને દૂર કરવા માટે, 'વૈષ્ણવ શી રીતે બદલાય'- એવી ભાવાત્મક દિશામાં પોતાના ચિંતનને વાળી, વિવેચન કર્યું છે. એનું મુખ્ય કારણ એ છે કે નાની સરખી મુશ્કેલી આવી પડતાં માનવ-મન એને જ સતત વાગોળ્યા કરે છે. પરિણામે, એક મુશ્કેલીની કલ્પનાનાં જાળાં સતત ચિંતાનું કારણ બને છે. આથી મુશ્કેલી ટળવાને બદલે વધુ ઉગ્ર રૂપ ધારણ કરી, આપણા વિચારોને વિકૃત બનાવી દે છે. એને લીધે આપણે આપણી ફરજોનું પણ સુપેરે પાલન કરી શકતા નથી. મનુષ્ય જ્યારે ફરજપાલનમાં શિથિલ બનવા માંડે છે ત્યારે એના અવરોધો ઘટવાને બદલે વધે છે.

આમ, સામાન્ય સમસ્યા પણ વિચારભારને કારણે પહાડ જેવડી થઈ પડે છે. એ સમસ્યાને દૂર કરવા અંગે જે કંઈ વિચાર કરીશું તે સ્વાર્થમિશ્રિત જ હશે અને જે સ્વાર્થભાવનાને વશવર્તી મનુષ્ય ચિંતિત બન્યો હશે તેનું સમાધાન એ વિચારોથી કદી થઈ શકશે નહિ.

દરેક વ્યકિત સામાન્ય રીતે આ સ્થિતિનો પહેલાં વિચાર તો કરે છે, પણ જેમ જેમ સમય પસાર થતો જાય છે; તેમ તેમ તેની લૌકિક સ્વાર્થ ઉપર આધારિત લૌકિક ધીરજની પાળ ઝડપથી તૂટી જાય છે. આવા સંજોગોમાં કોઈ પણ સમસ્યાનું સમાધાન શક્ય નથી. હા, જો તે પોતાના કર્તવ્ય અંગે તટસ્થ રીતે નિર્ણય કરી, દઢતાપૂર્વક તેનું પાલન કરે તો ભવિષ્યની મુશ્કેલીઓના ભયથી મુક્ત થઈ જાય એ શક્ય છે. પરંતુ સાથોસાથ એ નિર્ણય કદાચ એના જીવનને ગેરમાર્ગે દોરનારો નીવડે એવો ભય પણ જરૂર રહે છે. આ બાબતનો નિર્ણય કરવાનું મનની આવી ડામોડોળ સ્થિતિમાં ખૂબ મુશ્કેલ હોય છે. આવે વખતે આપણને સલાહ આપનાર જીવ પણ પોતાના સ્વાર્થ પર આધારિત દૃષ્ટિકોણથી જ વિચારીને સલાહ આપે છે. ભલે પછી તે આપણા મિત્ર હોય કે સ્વજન. કદાચ કોઈ નિઃસ્વાર્થ કર્તવ્યપાલનની વાત પણ કરે, તો તે ઝટ આપણા ગળે નહીં ઊતરે; કારણ કે એની સાથેનો આપણો પરિચય આદર્શ પૂરતો સીમિત છે. વ્યવહારમાં માણસ આદર્શની વાતો તો કરે છે, પણ એને

આચરણમાં મૂકતો નથી. શ્રીહરિરાયજીએ આ દિશામાં ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું છે.

'શિક્ષાપત્ર' વૈષ્ણવજનોનો સદાચારગ્રંથ હોવાની સાથે સાથે સ્વાધ્યાય ગ્રંથ પણ છે. જેમ ચોર્યાસી અને બસો બાવન વૈષ્ણવ ભક્તોનાં ચરિત્ર દરેક વૈષ્ણવજન માટે સિદ્ધાંતોની સાથે મનનીય છે, તેમ આ એકતાલીસ શિક્ષાપત્રો પણ મનન કરવા યોગ્ય છે. સામાન્ય મનુષ્ય એવું વિચારે છે કે એક જ વસ્તુ યા વિચાર હમેશાં શી રીતે કરાય? પણ જો ગંભીરતાથી વિચારીશું તો જણાઈ આવશે કે ઘણા બધા આચાર અને વિચાર એવા એકસમાન છે કે માણસ રોજરોજ એનું પારાયણ કરતાં કંટાળતો નથી. ઊલટું, એમાં પોતાની મનોવૃત્તિને આધારે, આચાર-વિચાર એકસમાન હોવા છતાંય, પોતાની ભાવનાનુસાર વિવિધતા કે નવીનતાનો અનુભવ કરી આનંદ પામે છે. આથી, એક જ વસ્તુ કે ગ્રંથના પારાયણથી કંટાળો આવે છે એમ વિચારવું યોગ્ય નથી. જ્યારે સદાચાર માટે આપણી નિષ્ઠા હોય, એના માટે આદર હોય તો પછી એક જ ગ્રંથના પારાયણથી પણ એમાં નિત્ય-નવીનતાનાં જ દર્શન થાય છે. હા, આવા પારાયણ દરમિયાન, એના મૂળ લક્ષ્યને આપણે ચૂકી ન જઇએ એનું સતત ધ્યાન રાખવું પડે છે, કારણ કે આજના મનસ્વી ધાર્મિક ચિન્તનમાં આ એક દોષ છે, જે અતિવાદી બુદ્ધિના વિભ્રમનું ફરજંદ છે. આવા વિભ્રમને કારણે વિચારોનું સાતત્ય અને પરસ્પરનો અનુબંધ જળવાતો નથી, તેમ જીવનમાં પણ સંવાદિતા સાધી શકાતી નથી. શ્રીહરિરાયજી મહાપ્રભુએ આપણને લીલાચિંતનની વિવિધતાની સાથોસાથ જીવનના આચાર અને વિચાર વચ્ચે સમન્વય સાધવાની પ્રેરણા આપી છે. ભાવનાનું ચિરંતન વિચરણ પોતાના મૂળ હેતુમાંથી ચલિત થતું નથી એ એની વિશેષતા છે; છતાં એમાં ભગવદીય જીવનની મૌલિકતા પણ વણાયેલી છે. એનો દરેક વિચાર પ્રભુસુખના માધ્યમથી થાય છે એ જ પુષ્ટિભક્તિના જીવનદર્શનની વિશેષતા છે. જ્યારે આપણા લૌકિક વિચાર સ્વ-સુખના માધ્યમથી થાય છે, જેનાથી કયારેક જીવનનો પાટો જ બદલાઈ જાય છે. શ્રીહરિરાયજીનાં શિક્ષાપત્રોનુ પારાયણ આપણા જીવનમાં ભાવના, આચાર અને વિચારો પ્રત્યેની આસ્થા સાથે ભગવદીય વ્યવહારની વાસ્તવિકતાનો અમૂલ્ય બોધ આપે છે.

શિક્ષાપત્રની શરૂઆતમાં ભગવદીયના વ્યવહારની શીખ અને વૈષ્ણવોપયોગી જીવનનો ઉપદેશ છે જેમ અર્જુનના વિષાદની નિવૃત્તિ કરીને ભગવાન શ્રીકૃષ્ણે એને કર્તવ્યનો બોધ આપ્યો હતો, તેમ ભક્તના જીવનમાં આવનાર ઉપાધિથી સેવા અને ફરજમાં પ્રતિબંધ ન આવે તે માટે, નિરાકરણના

હેતુથી શ્રીહરિરાયજીએ પોતાના ભ્રાતા શ્રીગોપેશ્વરજીને અગાઉથી જ આ પત્રો લખવાની શરૂઆત કરી હતી. અર્જુન સમક્ષ કર્તવ્યના નિર્ધારનો પ્રશ્ન હતો, જ્યારે શ્રીગોપેશ્વરજી સમક્ષ કર્તવ્યમાં અંતરાય ન આવે તે પ્રશ્ન આવી પડેલો હતો. ભક્તિમાર્ગનું કર્તવ્ય તો પહેલેથી નિશ્ચિત જ છે. એના પાલનમાં લોકની કે વ્યવહારની સમસ્યાને કારણે સેવાભાવનામાં અંતરાય આવે છે. એને મનન દ્વારા શી રીતે દૂર કરવો, જેથી દેહધર્મ આત્મધર્મથી વિરુદ્ધ ન જણાય અને જીવનમાં આવતી વ્યાવહારિક ઉપાધિ આચારવિચારને વિકૃત ન કરે! એનો સરળ ઉપાય આપણને આ ગ્રંથની શરૂઆતમાં જ દર્શાવ્યો છે.

ભગવદ્‌ગીતાની સમાપ્તિ શરણાગતિમાં થાય છે, જયારે શિક્ષાપત્રનો આરંભ જ શરણાગતિ પછી થાય છે. જ્યાં સુધી ભગવાનની શરણભાવના હૃદયમાં સ્થિર થતી નથી, ત્યાં સુધી માનવમનની ચંચળતા દૂર થતી નથી. અને ચંચળતાને દૂર હડસેલ્યા વિના ઉપાધિ ટળતી નથી. ચંચળતા અને ઉપાધિ વચ્ચેનો સંબંધ માનસિક છે, જે ક્રમશઃ સ્વભાવ બની જાય છે. જેમ કોઈ ડૂબતો માણસ આશરો ઇચ્છે છે એમ ઉપાધિગ્રસ્ત માનવીને પણ સબળ આશ્રયની આવશ્યકતા પડે છે. લૌકિક રૂપનો આ આશ્રય સમર્થ નીવડતો નથી; કેમ કે એમાં સ્વાર્થજન્ય નિર્બળતા રહેલી છે. એટલે જ્યાં સુદી નિષ્ઠાપૂર્વક કોઈ અલૌકિક ચિંતનનો આશ્રય લેવાય નહિ ત્યાં સુધી લૌકિક ઉપાધિઓનું નિવારણ સંભવતું નથી. લૌકિક સાધના કે બીજા કશા ઉપાયો એમાં કારગત નીવડતા નથી. મોટે ભાગે આવી દશામાં જ માણસ નશો કરવાની કે એવી બીજી બૂરી આદતોનો શિકાર બની બેસે છે. આવી આદતો સમસ્યાનું સમાધન કરવાને બદલે એની માનસિક ઉપાધિમાં વૃદ્ધિ કરે છે. આવા સંજોગોમાં ગમે તેવું ખોટું આચરણ થઈ જવાની પૂરી શક્યતા રહે છે. આ સમસ્યા વર્તમાન સમાજમાં પણ જોવા મળે છે. હકીકતની દૃષ્ટિએ વિચારતાં, આજનાં ભૌતિક સમાધાન અને સાધન ધરાર નિષ્ફળ નીવડતાં જાય છે. એનું મૂળ કારણ છે એમની ભૌતિક કક્ષા. એ કક્ષામાં રહીને ભાવનાને ઉદાત્ત બનાવી શકાતી નથી, અને સારા-નરસાનો વિવેક પણ પોતાની જરૂરિયાત પ્રમાણે કરાય છે. કદી કોઈ એવો વિચાર નથી કરતું કે આપણી ભાવના કેટલી યોગ્ય છે અને ક્યાં જવાથી એ વિકૃત બનશે! એથી એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે હરકોઈ સ્થિતિમાં માનવીનો વિવેક નષ્ટ થાય નહીં અને એનું જીવન ગમે તેવી પરિસ્થિતિમાં પણ વિકૃતિ તરફ ઢળે નહીં. સાથે સાથે ભગવદ્-આશ્રય દ્વારા એનું મનોબળ તૂટે નહિ; તે રીતે ધર્મ અને દર્શન દ્વારા એને કેવી રીતે માર્ગદર્શન આપી શકાય તેનો પણ વિચાર કરવો ઘટે. આ બધાં પાસાં પર

શ્રીહરિરાયજીએ ભગવત્સેવામાં અંતરાય ન આવે એ દૃષ્ટિએ ગંભીર છતાં સરળ વિચાર કર્યો છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ પણ આ બાબત તરફ અંગુલિનિર્દેશ કરતાં સ્પષ્ટ કહ્યું છે કે ઉદ્વેગ યા ચિંતા, પ્રતિબંધ અને ભોગ એ ત્રણેય ભગવત્સેવા અને ધર્મભાવનામાં બાધક છે. એમાં ઉદ્વેગ ચિંતાના સામાન્ય સ્વરૂપને તો સહુ કોઈ જાણે છે, તથા પ્રતિબંધ યા અંતરાય લૌકિક અને અલૌકિક એમ બે પ્રકારના હોય છે. જ્યારે ભગવાન પોતે ફળ આપવા ઈચ્છા ધરાવતા નથી ત્યારે એ અલૌકિક અંતરાય જીવસ્વભાવના કારણે બાધક બની જાય છે. આ વાત એટલા માટે કહેવાઈ છે કે માનસિક સ્થિરતા અને આશ્રયમાં ઊણપને કારણે ક્યારેક મનુષ્યનો વિશ્વાસ ડગી જાય છે અને સ્વાર્થવશ અથવા અન્ય કોઈ કારણે તે સદાચાર પ્રત્યેની ધાર્મિક નિષ્ઠા ખોઈ બેસે છે ત્યારે એવી વ્યકિત તરફ નફરત કરવાને બદલે એમ સમજવું જોઈએ કે પ્રભુ એને કોઈ અન્ય માર્ગે દોરી રહ્યા છે.

વિવેક અને ધીરજ ભક્તિનાં અંગ છે, એવો સ્પષ્ટ ઉલ્લેખ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં કરેલો છે. એ બંને અંગોને પ્રભુના આશ્રય દ્વારા શી રીતે નિભાવાય એ શિક્ષાપત્રનો વ્યાવહારિક વિષય છે. શ્રી હરિરાયજી એને ભાવાત્મક તેમજ ધાર્મિક દૃષ્ટિએ સારી પેઠે સમજાવે છે. એ સ્વાભાવિક છે કે માનસિક ઉચાટની દશામાં માણસ અધીર બની જતાં આ બાબત પર ધ્યાન આપી શકતો નથી. પરિણામે, જેમ કોઈ ડૂબતો માણસ પોતાને બચાવનારનો સાવચેતીપૂર્વક આશ્રય ન લે અથવા તો બચાવનાર જો એને સાવચેતીથી બચાવે નહીં તો બંને જણા ડૂબી જાય છે, તેમ ગભરાયેલો માણસ પણ સિદ્ધાંતોથી વિચલિત થઈને ધર્મને અને પોતાની જાતને વિકૃત બનાવી દે છે. આ સંજોગોમાં સત્સંગ અને ભગદીય સિદ્ધાંત જ તરણતારણ નીવડે છે; કારણ કે માણસને જેવી સંગત હશે તેવી જ તેની બુદ્ધિ પણ બનશે. આજ કાલ સત્સંગનો તો અભાવ છે જ, અને જે કંઇ થોડો સત્સંગલાભ સાંપડે છે, તેમાં પણ માનવસ્વભાવને કારણે દોષ પેદા થવાની શક્યતા રહેલી છે. આવી પરિસ્થિતિમાં સદ્ગ્રંથોનું શ્રવણ અને અધ્યયન વિશેષ ઉપયોગી નીવડે છે.

શ્રીહરિરાયજીએ સત્સંગને દુર્લભ કહ્યો છે અને એ વિષયમાં પોતાની ગંભીર ચિંતા પણ વ્યકત કરે છે. આ હકીકત પરથી એમ સમજી શકાય એમ છે કે સત્સંગનો પ્રકાર દૂષિત ન બને અને એના દ્વારા માનવીને સાચું ધાર્મિક માર્ગદર્શન મળે એ બાબતનું શ્રીહરિરાયજી મહાપ્રભુ પૂરેપૂરું ધ્યાન રાખે છે અને પ્રત્યેક ભગવદીયને આ બાબતમાં સાવચેત રહેવાનો નિર્દેશ કરે છે.

જે આચરણોને લીધે આપણને ભગવત્સેવામાં અંતરાય નડે છે, તેમ એ આચરણો દ્વારા જ વ્યવહારમાં લૌકિક અંતરાય પણ ઊભો થાય છે. આજે લગભગ દરેક વ્યકિતની સત્યનિષ્ઠા ડગમગી ઊઠી છે. લોકો એમ જ સમજે છે કે સાચું બોલવાથી કામ નહિ ચાલે. એટલે સહુ અસત્ય વ્યવહારને બુદ્ધિમાનિતાનો પર્યાય સમજી, એકબીજા પ્રત્યે કપટ-વ્યવહાર આદરવા માંડ્યા છે. આ રાજકારણની ગંદી અસરનું પરિણામ છે, જેને લીધે લોકમાનસ વિકૃત બન્યું છે અને આજે આ પ્રકારનું છળપ્રપંચ દરેક પરિવાર અને દરેક વ્યકિતનો સામાન્ય આચાર બની બેઠું છે. માણસમાં સહેજ પણ સહનશકિત રહી નથી. ત્યારે આ બાબતમાં પણ આપણને શિક્ષાપત્રં દ્વારા એ સદુપદેશ મળે છે કે ભગવદીય વ્યવહારમાં સહિષ્ણુતા- સહનશકિત-એક અનિવાર્ય ગુણ છે. નિવેદિતાત્મા- ભગવત્સમર્પિત મનુષ્ય-જીવને કોઈ પણ જાતની ચિંતા રહેતી નથી, કારણ કે કૃપાળુ સ્વભાવવાળા શ્રીકૃષ્ણ જીવની લોકવ્યવહારમાં કદી હીનગતિ કરતા નથી. આત્મનિવેદન કર્યા પછી આ શરણભાવના અથવા પ્રપત્તિ જ માનવજીવનનું સબળ ભાથું બને છે. આ શરણભાવના એને સહજ સ્નેહમાંથી જ સાંપડે છે. આવો નિષ્કપટ સ્નેહ જ પ્રભુની પ્રાપ્તિ માટેનું પરમ સાધન છે અને આ સાધન પણ ભગવાન પોતે કૃપા કરીને આપે છે. એથી ભક્ત લૌકિકવૈદિક સાધનોની ઇચ્છા કરતો નથી. માત્ર મર્યાદાનું પાલન કરવા માટે તે દેહધર્મનું રક્ષણ કરે છે. લૌકિક-વૈદિક સાધન તો દેહબંધુ માટે હોય છે, જ્યારે ભગવાન તો આત્મબંધુ છે. એને આપણે લૌકિક સાધનોમાં બાંધી શકતા નથી. એનો સંબંધ તો જન્મ-જન્માંતરનો સ્થાયી સંબંધ છે. દુન્યવી સઘળા સંબંધો છૂટી જઈ શકે છે, પણ પરમાનંદ પુરુષોત્તમનો ભક્ત સાથે નિત્ય સંબંધ છે. જેમ માછલીનું જીવન જ જળ છે, તેમ પ્રભુ અને ભક્તનું પણ છે- ''યા ગોકુલકી જીવનિ ગુપાલલાલ પ્યારો.'' 'જીવનિ' વિનાનું આપણું જીવન નિરર્થક છે. આપણે તો એના જ માટે છીએ-એ ભગવદીય જીવનનો મહાન દૃષ્ટિકોણ છે. આ દૃષ્ટિકોણ કોઈ પુષ્ટિ ભક્તને વિભૂતિયોગ દ્વારા સમજાવવા માટેનો શ્રમ ભગવાનને કરવો પડતો નથી; કારણ કે એની નિષ્ઠા સરળ છે, એનું કર્તવ્ય સુનિશ્ચિત છે, તે પ્રભુનો અવિભાજ્ય અંશ છે અને એનું સર્વસ્વ પ્રભુની સેવા માટે છે. મનુષ્ય-જીવનની પ્રાપ્તિનો આનાથી વધુ ઉમદા અને પવિત્ર હેતુ બીજો કયો હોઈ શકે?

ભક્ત ધરતી પર આવ્યો છે તે પાપ આચરવા માટે કે પુણ્ય ભોગવવા માટે નહિ. એને પોતાને માટે કોઈ તૃષ્ણા પણ નથી હોતી. એ તો પ્રભુની સેવા માટે એની

નિત્યલલિત લીલાનું સાધન છે અને એનું લક્ષ્ય આત્મબંધુ પરમપ્રેમાસ્પદ પ્રભુના શ્રમનું નિવારણ કરવાનું અને એમની પ્રસન્નતા પામવાનું છે. આ જ એની સેવાનો હેતુ છે અને આ જ એની નિષ્ઠાની કસોટી છે. ભક્તને પોતાના કર્તવ્ય વિશે સહેજ પણ શંકા નથી; અને પ્રભુકૃપા પર પૂરેપૂરો વિશ્વાસ છે કે ભગવાન એને એના માર્ગમાંથી કદીયે ચલિત થવા નહીં દે. આવો આત્મવિશ્વાસ ભગવદીય જીવનનો દૃઢ આધાર છે. એથી જ તે લોક અને વેદનાં કાર્યો પ્રત્યે બેફિકર રહે છે. એને પોતાના સર્વસમર્થ પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ છે અને એમના પ્રત્યે નિષ્કામ સ્નેહભરી અતૂટ નિષ્ઠા છે. એટલા માટે તો એ વિશ્વાસપૂર્વક કહે છે કે 'નાચત હમ ગોપાલ ભરોસે.'

જીવનમાંનાં ભૌતિક વિશ્વાસ અને સાધનો પરનો ભરોસો આપણને કદાચ દગો દઈ જાય; પરંતુ એકમાત્ર ભગવાનનો ભરોસો જ એવો છે. કે જેમાંથી ગમે તેવી પરિસ્થિતિમાંય આપણો આત્મવિશ્વાસ ડગતો નથી. આ રીતે, ભગવાનને ભરોસે નાચનારા ભક્તની સાથે ખુદ ભગવાન પણ પ્રસન્ન થઈ નૃત્ય કરે છે; ત્યારે અનાયાસે જ મુખમાંથી એવો ભાવ વ્યકત થાય છે કે 'કૌન સુકૃત ઇન બ્રજબાસિન કો.' શ્રીહરિરાયજીનો આ ભાવાત્મક ઉપદેશ આપણને વૈષ્ણવ જીવનના મહાન માર્ગદર્શનરૂપે પ્રાપ્ત છે. જો આપણો સમાજ એ પ્રમાણે પોતાના આચાર-વિચાર ઘડવા મથશે તો આ-લોક અને પરલોકના જીવનમાં પ્રગતિ સાધી, એક આદર્શ જીવનપ્રણાલી દ્વારા સમસ્ત સમાજ માટે કલ્યાણકારી માર્ગ મોકળો થશે અને સ્વધર્મ દ્વારા આપણી અનેક ઐહિક સમસ્યાઓનું આપોઆપ નિરાકરણ થઈ જશે.

આ બાબતમાં સહુ વૈષ્ણવજનોએ ભાવપૂર્વક મનન કરીને પોતાના આચાર-વિચાર સુધારવાનો અંતઃકરણપૂર્વક પ્રયાસ કરવો જોઈએ અને તો જ સમાજમાં સુખશાન્તિ અને વિશ્વાસનું વાતાવરણ સર્જાશે. જ્યાં સુધી વ્યવહારમાં દુન્યવી છળકપટનો આશરો લેવાતો રહેશે, ત્યાં સુધી સમાજની નૈતિક ઉન્નતિ થશે નહીં. જે સમાજમાં સ્વધર્મ અનુસાર નૈતિકતા પ્રસ્થાપિત થતી નથી તે સમાજ કદી બુરાઈમાંથી છુટકારો પામી શકતો નથી. ધાર્મિક વિચાર સમાજને અદ્યતન ચિંતનમાં અવરોધે છે એ માન્યતા બરાબર નથી. ઊલટું, આપણા આચારવિચારનો વિવેક ધાર્મિક દૃષ્ટિકોણમાંથી જ કેળવાય છે. 'જે કંઈ જૂનું છે તે બધું નકામું છે' એવો જે એક વિચાર છે, તેની સાથોસાથ એ પણ વિચારવું રહ્યું કે 'જે કંઈ અત્યારે છે તે બધું જ સ્વીકાર્ય બને એવું નથી.' સ્વધર્મના આચરણ દ્વારા વિષમતા અને તિરસ્કારના નિવારણની જે આર્ષ-પરમ્પરા છે, તે એટલી બધી તો મજબૂત છે કે એનાથી સમાજમાં જે વિશાળતા આવશે તે ચારિત્ર્ય ઉપર આધારિત સાચી વિશાળતા હશે.

સ્વધર્મથી જે વિચારોની વિષમતા દૂર થશે તે આજની બનાવટી એકતા કરતાં ઘણી મહાન અને સાચી હશે. આથી મારો આપ સહુને આત્મીય અનુરોધ છે કે સૌ વૈષ્ણવો પોતાના ધર્મને જાણવાનો હૃદયપૂર્વક પ્રયાસ કરે અને જીવનને તે દિશામાં શક્ય તેટલું વાળવા નિષ્ઠાપૂર્વક મથે. મને આશા છે કે ભગવદ્-આશ્રયથી આપણે સહુ સ્વધર્મને અનુરૂપ જીવન બનાવવાની મહત્તાને સમજી, આપણા ચિંતનનો પ્રવાહ બદલીશું અને જીવનની વેરવિખેર બનતી જતી સ્થિતિને અટકાવી, આપણા જીવન અને સમાજને ભગવદીયતાની વિશેષતાથી સુપરિચિત બનાવીશું.

શેષ ભગવત્કૃપા.*

■

---

*મૂળ હિન્દી પરથી અનુવાદ : પ્રા. રાજન કડિયા

રસસાગરનું રસપાન

ગો. શ્રીમથુરેશ્વરજી મહોદય
(સૂરત-વડોદરા)

શ્રીગિરિરાજબાવાની અનુકંપાથી ખૂબ જ આનંદ, હર્ષ અને ઉત્સાહ સહિત શિક્ષાપત્રના વ્યાખ્યાનના પ્રારંભ સાથે જ શ્રીગિરિરાજજીના તૃતીય પાટોત્સવનો પ્રારંભ થયો. અનુગ્રહ ટ્રસ્ટે નક્કી જ કરી રાખ્યું છે કે પ્રતિવર્ષ પાટોત્સવના પાવન પ્રસંગે વિવિધ પ્રકારના વિષયોને લઈને સમગ્ર વૈષ્ણવસૃષ્ટિને વલ્લભીય પ્રેરણા મળે અને સ્વમાર્ગીય જ્ઞાનથી સ્વામાર્ગીય વૈષ્ણવો જ્ઞાનલાભ પ્રાપ્ત કરે એવા પ્રકારની યોજના કરવી. એના જ અંતર્ગત ભાગરૂપ આજે આપણે શિક્ષાપત્ર સપ્તાહનો શુભારંભ કરીએ છીએ.

પ્રથમ વર્ષે, આપ જાણો છો તેમ શ્રીબેઠકચરિત્ર સપ્તાહનું આયોજન થયું હતું, તે પણ એક વિશિષ્ટતા હતી. શ્રીમદ્ ભાગવત અને રામાયણ એ તો શેરીએ-શેરીએ, મહોલ્લે-મહોલ્લે અને ગામડે-ગામડે ખૂબ પ્રચલિત બન્યાં છે. નિશ્ચિતપણે એનાથી સર્વજનોને વિશાળ સંખ્યામાં ખૂબ સમૃદ્ધ ભકિતલાભ પ્રાપ્ત થયો છે; પણ વલ્લભીય વૈષ્ણવસૃષ્ટિને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ જે પુષ્ટિપય પાયું, એ પુષ્ટિમાર્ગીય તત્ત્વથી, પુષ્ટિમાર્ગીય તત્ત્વજ્ઞાનથી અત્યારે વૈષ્ણવસૃષ્ટિ સંપૂર્ણ રીતે રસપ્લાવિત થઈ શકી નથી. મને અત્યારે અમારા પૂજ્યપાદ શ્રીદાદાજીનાં વચનામૃતો, જે આજ પ્રસંગમાં પ્રથમ વર્ષે થયાં હતાં, તે યાદ આવી રહ્યાં છેઃ 'વિસ્તાર વધ્યો છે, ઊંડાણ ઘટયું છે.' વિસ્તાર વધે એમાં હરખાઈ જવા જેવું કંઇ નથી, પણ ખરી મહત્તા તો ઊંડાણમાં રહેલી છે. સાગરના વિસ્તારની મહત્તા નથી, પણ સાગરની મહત્તા એના ઊંડાણની સાથે છે. સાગર ખૂબ વિસ્તરેલો છે, માટે મહત્ત્વપૂર્ણ નથી, સાગર ગહરો છે, ઊંડાણવાળો છે માટે જ એની વિશિષ્ટતા છે. જેટલું ઊંડાણ વધુ એટલું અમાપપણું હોય છે. જેટલું ઊંડાણ એટલી સમૃદ્ધિ હોય છે. છીછરા નીરમાં કદીયે સમૃદ્ધિ શોધવા છતાંય મળતી નથી.

માણસનું હૃદય પણ જો છીછરું હોય તો એવો માણસ બીજાને કંઈ આપી શકતો નથી. એ વાત પણ સાચી કે છીછરો માણસ કદી કોઈની પાસેથી કંઈ લેવાનોય અધિકારી નથી. એ કંઈ લઈ પણ શકતો નથી, કારણ એ છીછરો હોય છે. ઊંડાણ જેની પાસે હોય એ મેળવી પણ ખૂબ શકે છે અને આપી પણ ખૂબ શકે છે. આ ગ્રીષ્મની ગરમીમાં રણનો સૂર્ય જ્યારે ખૂબ પ્રચંડ જવાળાઓ આપી રહ્યો હોય, ત્યારે જળની સમૃદ્ધિથી છલોછલ ભરેલો સમુદ્ર હસતો હોય છે કે સૂરજ દેવ,

તમારી પાસે જેટલી શક્તિ હોય એટલું શોષો, ચૂસો. હું કદી ખાલી નહીં થાઉં. મારું ઊંડાણ કદી નથી ઘટવાનું. હું કદી છીછરો નહીં થાઉં. તમારી પાસે જેટલો તાપ હોય એટલું તપો અને મારું પાણી ચૂસો. સૂર્ય પણ રોહિણી નક્ષત્રમાં ખૂબ તપે છે અને સાગરનાં નીરને શોષે છે. સાગર કદીયે એનું ઊંડાણ ગુમાવતો નથી.

વિચારો, સાગરે કેટલું બધું જળ ઉપર આભલામાં ભરી દીધું! સાગર જો આભલાંને આટલાં નીર ન બક્ષે તો જગતમાં અમી છલકાવતો વરસાદ ક્યાંથી થાય? સાગર આપી પણ જાણે છે, કારણ કે એનામાં ઊંડાણ છે; જ્યારે વાદળો મન મૂકીને વરસે, ઇન્દ્રરાજાના બારે મેઘ ખાંગા થાય, ત્યારે પણ હજારો નદીઓનાં વહેણ-પૂરોથી ભરેલી નદીઓનાં વહેણ-સાગરમાં સમાય તો પણ સાગર કદી ઊભરાય નહીં. એનું ઊંડાણ એટલું બધું છે કે ભરાઈ જાય છતાંય એ ઊભરાય નહીં. ‘‘આવો પાણી, જેટલું આવવું હોય એટલું આવો. હું તમને સંઘરી લઈશ. હું લેવાનો પણ અધિકારી છું.’’ સાચે જ એટલા માટે આ સાગરની વિશેષતા છે. વચનામૃતમાં શ્રીદાદાજીએ કહ્યું હતું કે, આપણો વિસ્તાર વધ્યો છે, છીછરાપણું વધ્યું છે, આપણું ઊંડાણ ઘટ્યું છે, આપણી સ્વમાર્ગના સિદ્ધાંતોની સમજ ઘટી છે.

પ્રિય વૈષ્ણવો, આપણે નવ દિવસ સુધી આ શિક્ષાપત્રમાંથી શિક્ષા લેવાની છે. હું પણ આ પ્રસંગે મારી વાણીને પવિત્ર કરીશ. કારણ, શિક્ષા આપવાનો મારો અધિકાર છે એમ હું સમજતો નથી. શિક્ષા તો ગુરુ આપે અને આપણા સંપ્રદાયમાં ગુરુ કેવળ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી છે. અમારું કર્તવ્ય એમનાં વચનામૃતનો અનુવાદ કરી- વિસ્તાર કરીને તમારી સમક્ષ મૂકવાનું છે; એટલે મારી વાણી પણ હું પાવન કરીશ.

હું તમને જ એક પ્રશ્ન પૂછું: તમને ગમે એવું, તમે ખુશ થાઓ એવું, તમારા મનનું રંજન થાય એવું, તમારી જે માન્યતાઓ છે એને અનુરૂપ હું બોલું કે આ પોથીમાં જે પડ્યું છે એ સિદ્ધાંતની સત્ય વાતો તમને સમજાવું? જો તમે સત્યનો સ્વીકાર કરવા તૈયાર હો તો સિદ્ધાંતને તમે સમજી શકશો. મને શ્રીવલ્લભની અનુકંપાથી, એમની કૃપાથી જે કંઈ સાંપડયું છે, પ્રેરિત થયું છે, એ જરૂર હું કહીશ. આપણે પણ સિદ્ધાંતની વાતો કરીશું. કદાચ તમારી માન્યતાને અનુરૂપ એ નહીં હોય, તો દરગુજર કરશો. પણ સિદ્ધાંત કોઈની શરમ રાખતો નથી. સિદ્ધાંત એટલે સિદ્ધાંત. સિદ્ધાંતમાં ઘણી વાર કટુતા પણ હોય છે, સિદ્ધાંતમાં સત્ય પણ હોય છે. સત્ય હમેશાં સુંદર ન પણ હોય, પરંતુ એ કવીનાઈન જેવું કડવું છતાં ગુણકારી હોય છે. ઘણી વાર એ સત્યનો આપણે સ્વીકાર કરી શકતા નથી. હું આ નવ દિવસ

તમારી સાથેની ભગવચ્ચર્ચામાં સિદ્ધાંતપક્ષને વળગી રહીશ.

હવે આપણે વિચાર કરીએ શિક્ષાપત્રનો. આ પત્રો છે. હમણાં આપે સાંભળ્યું તેમ એ પત્રો કેવળ આપણે કાગળ લખીએ છીએ એવા પ્રાકૃત નથી. પણ એવા પત્રો છે કે જેમાં શ્રીહરિરાયજી મહાપ્રભુજી પોતાનું હૃદય જ નહીં, પરંતુ વલ્લભીય સિદ્ધાંતને પોતાના આત્મભાવથી અંકિત કર્યો છે. અહીં શિક્ષા આપનાર શ્રીહરિરાયજી છે, શિક્ષા લેનાર શ્રીગોપેશ્વરજી છે. લેનાર અને આપનાર ઉભય જ્યારે શ્રેષ્ઠ હોય ત્યારે એના આનુષંગિક પ્રાસંગિક જેને કંઇ મળે, એ પણ ધન્ય બની જાય છે. પરીક્ષિત જેવા શ્રોતા હોય અને શુકદેવ મુનિ જેવા વક્તા હોય અને એ નિમિત્તે બીજા હજારો શ્રોતાઓ હોય, ત્યારે શ્રોતાઓને ખૂબ સમૃદ્ધ જ્ઞાન મળશે. અમારા સુરતની અંદર, મુંબઇની અંદર અને અમદાવાદમાં ઘણા એવા શ્રોતાઓની વચ્ચે પુષ્ટિમાર્ગના વિદ્વાન વક્તાઓની જ્યારે કથાઓ થાય છે ત્યારે અમે સાંભળીએ છીએ કે આપ શ્રીવલ્લભકુળના વિદ્વાન આચાર્યો પધારો છો, ત્યારે કથાની અંદર અમને ઘણું જ જાણવાનું મળે છે. શ્રોતાઓ કહે છે કે શાસ્ત્રીજી દ્વારા એ વખતે અમને ઘણું સુંદર સાંભળવા મળે છે. તે વખતે પુષ્ટિમાર્ગનું પુસ્તક અમારી સામે ખડું થાય છે. એટલે આપ જરૂર પધારતા રહેજો. એક ઉત્તમ વક્તા હોય અને સામે એવો ઉત્તમ શ્રોતા હોય, વિદ્વાન શ્રોતા અને વિદ્વાન વક્તા હોય ત્યારે કહેનારને અને સાંભળનારને આનંદ આવે અને એના દ્વારા બધાને આનંદ આવે. હવે તમે વિચાર કરો. શ્રીહરિરાયજી જ્યારે શિક્ષા આપે ત્યારે શ્રીહરિરાય મહાપ્રભુ કહેવાય. શ્રીવલ્લભાચાર્યજી પછી 'મહાપ્રભુ' શબ્દથી ભાવરૂપે વૈષ્ણવોએ, સંપ્રદાયે કોઈને પણ નવાજ્યા હોય, તો શ્રીહરિરાયચરણને. શ્રીગુસાંઈજીને પ્રભુચરણ કહીએ છીએ, પણ શ્રીહરિરાયચરણને તો શ્રીમહાપ્રભુ કહીએ છીએ. સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી એમનામાં બિરાજમાન છે અને એવા શ્રીહરિરાય મહાપ્રભુ જ્યારે શિક્ષા આપનાર હોય અને શિક્ષા લેનાર સામાન્યજનો નહીં, પરંતુ શ્રીગોપેશ્વરજી જેવા મહાનુભાવ હોય, ત્યારે શિક્ષાની આપ-લે થાય, એમાંથી આપણને અત્યંત સમૃદ્ધ લાભ મળે.

ઘણી વાર મેં શ્રોતાઓને સાંભળ્યા, મજા આવા ગઈ શી મજા આવી? બહુ હસાવ્યા. બહુ મીઠું-મીઠું કહ્યું, કાનને ગમે એવું કહ્યું. વાત સાચી છે. હંમેશાં શ્રોતાઓ બાળક સમાન છે. બાળકોને જેવી રીતે પટાવીને, હસાવીને, સુંદર રીતે સમજાવીને શિક્ષા અપાય છે, તેમ શ્રોતાઓને પણ શિક્ષા આપવી જોઈએ.

ઘણી વાર અમને ઘણા કહે છે કે 'મહારાજ, આપણો આ ધર્મ હવે ચાલશે નહીં હો.' 'કેમ ભાઈ, શું થયું ધર્મને?' આજે જમાના પ્રમાણે ધર્મ કરો. હવે રીતરિવાજ બદલો. તમે પણ જમાના પ્રમાણે ચાલો.' એ વાત તો જાણે બરાબર છે

કે અમારે પણ જમાના પ્રમાણે ચાલવું જોઈએ. એમાં મને બહુ વિચારવા જેવું લાગ્યું નહીં, કારણ કે આ વાત બહુ ખોટી નથી. પરંતુ અહીં અમે વિચાર કરતા થઈ ગયા કે ધર્મને જમાના પ્રમાણે કરો, રીતરિવાજને જમાના પ્રમાણે કરો! રીતરિવાજ બાબતમાં પણ બાંધછોડ કરવાનું મન થઈ જાય એ ખરું.

વાત બરાબર છે. પણ ત્રીજી વાત જે આવી કે ધર્મને જમાના પ્રમાણે કરો, તો અહીં અમે જરા ચોંક્યા અને વિચારવા લાગ્યા કે આ વળી ઍટમબૉંબ ક્યાંથી ફૂટ્યો? ભાઇ, તમે શું કહેવા માગો છો? મને તો બહુ જ હસવું પણ આવે અને થોડું રડવું પણ આવે. હસવું આવે કે વાહ, આ સમાજ આટલો બધો ભણેલો-ગણેલો અને પોતાની જાતને સુસંસ્કૃત કહેવડાવનારો; છતાં આટલો બધો પછાત કેમ છે? એનામાં વિચારવાની ઊંડી શક્તિ શું ચાલી ગઈ છે? એ માણસ પોતે ઉન્નત થવાની અભીપ્સા રાખતો નથી? તે કહે છે, તમે હવે જમાના પ્રમાણે ચાલો. જમાનો એટલે શું? “ઇન્સાન વહી જો જમાનેકો બદલતા હૈ.” જમાનાની પાછળ ચાલે એ તો પામર મનુષ્ય છે. જમાનાને પોતાની સાથે ચલાવે તે પુણ્યાત્મા છે. મહાપુરુષોએ જમાનાને પોતાની પાછળ ચલાવ્યો છે, પોતે જમાનાની પાછળ નથી ચાલ્યા.

જમાનાની સાથે ચાલવું જોઈએ એ વાતમાં તથ્ય છે, પણ જમાના પ્રમાણે ધર્મ બદલો એ વાત મૂર્ખતાભરી છે. સામે અહીં ૬૫-૭૦ વર્ષનાં મારા પિતા અને માતા સમાન વૃદ્ધ જનો બિરાજમાન છો. એ બધાંએ જમાનો જોયો છે; જ્યારે વીસ-પચીસ રૂપિયે તોલો સોનું મળતું અને તે જમાનામાં બધાં જ સોનાના શૃંગારથી લદાયેલાં રહેતાં. કેટલા બધા સોળે શૃંગાર સોનાના સજતા હતા! જ્યારે આજે તો ચાંદીનાં ઘરેણાં પણ મોંઘાં મળે છે. આજે તો સ્ટોનનો જમાનો આવ્યો. સોનું તો પહેરવાયે મળતું નથી. સોનું તો ઘણાંને જોવાયે નથી મળતું. માલેતુજાર લોકો માટે સોનું થઈ ગયું, સામાન્ય માણસો માટે સોનું રહ્યું નથી. હવે વિચાર કરો કે સોની-ચોકસીના ત્યાં જઈને તમે કહો કે ભાઈ, આ તમારી દુકાન ચાલવાની નથી. આ સોનાનો ભાવ વધારે છે, એટલે બધાં પહેરી શકે તેમ કરો. તો સોની માનશે ખરો? સોનાના ભાવ એટલા નીચા લવાશે ખરા? ઝવેરીની દુકાને જાઓ તો હીરાની કિંમત કેટલી? સારામાં સારો કેરેટવાળો અને પાણીદાર હીરો હોય એ હીરાનું ઝવેરાત પહેરવાનું શું આમપ્રજાને મન ન થાય? પણ બિચારા કેમ પહેરી શકતા નથી? આપણે ઝવેરીને કહીએ કે ભાઈ, જમાના પ્રમાણે ભાવ બદલો, હીરાનો ભાવ ડાઉન કરો. એ ઝવેરી શું કહેશે? ભાઈ, આપ ભલે મારી દુકાનેથી પાછા પધારો, ભલે મારો ધંધો નહીં ચાલે; પણ એક લાખના હીરાને હું એક રૂપિયામાં નહીં વેચી શકું. આ ધ્યાનમાં રાખવા જેવી વાત છે.

ધર્મ પણ હીરા જેવો છે. એ જમાના પ્રમાણે બદલાતો નથી, એટલું ધ્યાનમાં રાખજો. ધર્મના સિદ્ધાંતો હીરા જેવા બહુ ઉન્નત અને શ્રેષ્ટ છે. એ કંઈ કાચ નથી કે જેને આપણે જમાના પ્રમાણે બદલી શકીએ. સિદ્ધાંતો જે દિવસે બદલાશે એ દિવસે એને સિદ્ધાંત કહેવામાં નહીં આવે, પણ સગવડિયો ધર્મ કહેવામાં આવશે. લોકો કાલ ઊઠીને એમ કહેશે કે હવે સિનેમાએ દારૂનો પ્રચાર બહુ કર્યો છે, માટે જમાના પ્રમાણે તમે બધા છૂટ આપો કે બે-ત્રણ બોટલો સુધી શરાબ પીવામાં વાંધો નથી. તો જમાના પાછળ આપણે કેટલો ભોગ આપીશું? કેટલી આપણી મૌલિકતાનો નાશ કરીશું? સિદ્ધાંતો કદી પણ બદલાતા નથી. સિદ્ધાંતોનું પાલન કરવાની આપણી વૃત્તિ રહી નથી. એટલે સિદ્ધાંતો પોતાનું મૂલ્ય છોડી નહીં દે. કદાચ એ ધર્મને તમે નહીં માનો તો એમાં નુકશાન તમને પોતાને છે. ધર્મને નથી. તમે ભગવાનને નહીં માનો, તો હાનિ તમને છે કે તમે ભગવાનને નહીં માની તમારું જીવન બગાડયું. ભગવાનને તો એનો ઘાટો પડવાનો નથી. મંદિરમાં મૂર્તિઓ છે, મૂર્તિરૂપી સ્વરૂપો છે. ભગવાન બેઠો છે. સ્વરૂપને તો તમે પ્રણામ કરો, તો પણ એ જ છે અને નહીં પ્રણામ કરો તો પણ એ જ છે. એ તો મૂકરૂપે કહે છેઃ ભાઈ, પથ્થરમાંથી હું પણ પરમેશ્વર બન્યો છું, શ્રદ્ધા અને ભાવનાની પ્રતિષ્ઠા ઉપર! તેમ તું પણ તારી જાતને એવી પવિત્ર બનાવ, ઉન્નત બનાવ કે તું માણસમાંથી, નરમાંથી નારાયણ કેમ ન બની શકે? મૂર્તિને પૂજનારા હમેશાં ભૂલી ગયા છે કે જો પથ્થર અને પિત્તળમાંથી પરમેશ્વર થતો હોય તો આ જીવતા ચૈતન્યમાંથી-નરમાંથી નારાયણ કેમ ન થવાય? આપણી સાધના અધૂરી છે. આપણે કદી ઊંડાણથી વિચાર કરતા નથી. આ શિક્ષા છે.

શિક્ષાની વાત આવી એટલે એવા જ બે શબ્દો સામો આવીને ઊભા રહે છે. એક ઈક્ષા અને બીજો દીક્ષા. શિક્ષા, ઈક્ષા, દીક્ષા. આ ત્રણે ભેગા થાય ત્યારે જનમ-જનમની માનવજીવનની આત્મકલ્યાણની જે પ્રતીક્ષા છે, એ પૂર્ણ થાય છે. આને આપણે અલૌકિક ક્રમમાં ગોઠવીશુ તો ઈક્ષા, શિક્ષા અને દીક્ષા આવશે. એને આપણે જો ભૌતિક ક્રમમાં ગોઠવીશું તો ઈક્ષા, દીક્ષા અને શિક્ષા આવે છે. ઈક્ષા એટલે મારે આમ કરવું એવી ભાવના, શિક્ષા એટલે શિક્ષણ. વિદ્યાર્થીને જો એમ થાય કે મારે ભણવું છે તો જ એ સાચી વિદ્યા ગ્રહણ કરી શકે. જો ભણવાની ઈચ્છા જ ન હોય તો એનાં મા-બાપ ગમે તેટલાં સ્કૂલ અને કૉલેજમાં મોકલશે, તો પણ ઢબુનો ઢ જ રહેવાનો અને પછી ઘણા કહે છે કે મારો છોકરો ભણતો નથી, તો કોઈ મંત્ર આપો ને. અરે, મંત્રથી જો છોકરા ભણતા હોત તો આ દુનિયામાં બધા મંત્રીને ભણાવત, સ્કૂલે જવાની શી જરૂર હોત? જે વિદ્યાર્થી તેજસ્વી હોય તેને તમારે કહેવું પડતું નથી.

અમારાં બહેન ચિ. ઇન્દિરાબેટીજી એમના વિદ્યાર્થી-જીવનમાં એટલાં બધાં શ્રેષ્ઠ વિદ્યાર્થિની હતાં કે અમને નાનપણથી જ ખબર હતી કે આ છોકરી બહુ સારામાં સારું જ્ઞાન મેળવી બીજાને જ્ઞાન આપશે. એટલે પુત્રનાં લક્ષણ પારણામાં અને વહુનાં લક્ષણ બારણામાં.

ઈક્ષાનો બીજો અર્થ થાય લાયકી. શું ભણવું છે, ઇતિહાસ-ભૂગોળ્-કૉમર્સ, ધાર્મિક, સંસ્કૃત, જ્યોતિષ, પુરાણ? ઈક્ષા-ઇચ્છા પ્રમાણે તમે ભણો તો એ ભણતર-એ શિક્ષા તમને દીક્ષા સુધી લઈ જાય છે. દીક્ષા એટલે કૉન્વોકેશન. દીક્ષાન્ત સમારોહમાં તમને જે પદવી મળે છે, એ દીક્ષા. એટલે પહેલાં ઇચ્છા થઈ ભણવાની, પછી ભણવામાં કયો વિષય ભણવો એની ઈક્ષા થઈ, એમાંથી લીધી શિક્ષા. એ શિક્ષા મેળવી એટલે પછી લીધી દીક્ષા. જગતમાં શિક્ષણનો આ ભૌતિક ક્રમ છે.

પણ આપણા અલૌકિક આધ્યાત્મિક ક્રમની અંદર થોડુંક બદલાઈ જાય છે. એમાં પહેલાં ઈક્ષા આવે છે, પછી આવશે દીક્ષા અને પછી આવશે શિક્ષા. હવે ઈશા એટલે શું? ભગવદ્-ઈક્ષા. ભગવદ્-ઈક્ષા એટલે ભગવાનની ઇચ્છા. પછી મંત્રદીક્ષા અને પછી ગુરુ-શિક્ષા. આ ત્રણ પ્રાપ્ત થાય તો પૂર્ણ પુષ્ટિમાર્ગીય થવાય. આપણે પુષ્ટિમાર્ગની વાત કરીએ છીએ. આ પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ અને તે પછી એમને અનુસરનારા શ્રીગોપીનાથચરણ, શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ, શ્રીગોકુલેશ પ્રભુચરણ, શ્રીહરિરાયચરણ, શ્રીપુરુષોત્તમચરણ આદિ જે કોઈ મહાપુરુષો થયા તે બધાએ એક જ વાત કહી છે કે આ માર્ગમાં કૃપા કેવળ ભગવદ્ ઈક્ષા હોય તેમને જ મળે છે. અને કૃપામાર્ગમાં પથિક એ જ બની શકે છે કે જેની ભગવાન વરણની ઈક્ષા કરે છે. ભગવાનની ઈક્ષા હોય તે જ આ માર્ગમાં આવી શકે. બધા કહે છે કે આજે આ તમારો માર્ગ આમ કેમ થઈ ગયો? તમારા માર્ગમાં લોકો બહુ ઘટતા જાય છે અને બીજા માર્ગમાં બહુ વધી રહ્યા છે, તો એની અમને ચિંતા નથી.

શ્રીમહાપ્રભુજીએ કદી સંખ્યાને મહત્ત્વ નથી આપ્યું. એમણે સિદ્ધાંત અપનાવ્યો છે. શ્રીમહાપ્રભુજી સર્વોદ્ધાર પ્રયત્નાત્મા નથી, પણ દૈવોદ્ધાર પ્રયત્નાત્મા છે. શ્રીમહાપ્રભુજીએ કેવળ પુષ્ટિનો જ ઉપદેશ આપ્યો છે, અને એમણે સ્પષ્ટ કહ્યું છે કે મારા માર્ગમાં જેમની ઉપર ભગવત્કૃપા અને ભગવાનની ઇચ્છા છે તે જ પ્રવેશી શકશે, બાકી જગતના બધા જ માટે મારો માર્ગ નથી. શ્રીમહાપ્રભુજી કહે એમાં તમને રસ ન હોય, તો અમને જરાયે અફસોસ નથી. પુષ્ટિ એટલે કૃપાના સિદ્ધાંત ઉપર અટલ રહી, એનું પાલન કરવાની તમારી ક્ષમતા હોય અને એને અનુસરતા હો તો સ્વાગતમ્ બાકી તમે એમ કહેશો કે આ જમાનાને યોગ્ય નથી, તો જમાનો અમને યોગ્ય નથી,

અમારે લાયક નથી. ઉત્તમ પ્રકારનું સુંદરમાં સુંદર શ્રેષ્ઠ દૂધ હોય, પણ જેની હોજરી બગડી હોય, તે એમ કહેશે કે દૂધ ખરાબ છે. પણ ના, દૂધને લાયક પેલો માણસ નથી. ઉત્તમ વસ્તુને લાયક, ઉત્તમ વસ્તુ ભોગવવી, ઉત્તમ વસ્તુ ગ્રહણ કરવી, એના માટે ઉત્તમતા જોઈએ. પુષ્ટિમાર્ગ એ ઉત્તમ નહીં, સર્વોત્તમ છે પુષ્ટિ ધર્મ એ ભગવાનનો છે અને એ પોતાનો ખાસ અંગત નિજધર્મ છે અને એ ક્યારેક શ્રીમહાપ્રભુજીની કાનીથી પોતે પ્રગટ કર્યો છે. પુષ્ટિ ધર્મ એ ભગવાનનો છે. એ વિશ્વનો ધર્મ નથી. જે વસ્તુ ભગવાનનો ધર્મ હોય, એ જીવોનો કેમ બની શકે? એ તો ભગવાન જ્યારે કૃપા કરીને વિચારે અને જ્યારે ધર્મલાભ આપે, તો એ જીવ અધિકારી બની લઈ શકે. હવે તમે વિચારો કે આ બધાને માટે શક્ય થાય ખરું? પુષ્ટિતત્ત્વ, પુષ્ટિધર્મ જે ભગવાનનો છે, તે ક્વોલિટી (ગુણવત્તા) માટે છે, ક્વોન્ટિટી (ઈયત્તા) માટે નથી.

પોતાની નિજકૃપાનું દાન કરવા માટે ભગવાન પ્રત્યેકનું વરણ કરશે કે કોઈ અધિકારી જીવનું વરણ કરશે! અથવા અધિકારી હોય કે નહીં હોય, પોતે જેના ઉપર કૃપા કરશે એને અધિકારી બનાવશે. પુષ્ટિસૃષ્ટિ એ ભગવાનના શ્રીઅંગમાંથી ઉત્પન્ન થઈ શકે છે; ત્યારે આ સમગ્ર જે પ્રવાહી સૃષ્ટિ છે, એનો તો ભગવત્‌સ્વરૂપ સાથે કોઈ સંબંધ નથી. એટલા જ માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ગ્રંથની અંદર સ્પષ્ટ કહ્યું: શુદ્ધ પુષ્ટિ-સૃષ્ટિ અને પ્રેમીઓ તો દુર્લભ છે.

પુષ્ટિ એટલે રૂહે ગુલાબ. એ સામાન્ય અત્તર નથી. રૂહે ગુલાબ જેને લાગ્યું એને તો અસર કરે જ કરે, પણ એની સોડમનો લાભ બીજાને પણ મળે છે. અરે, રૂહે ગુલાબ જો સાચું હોય તો એ જેણે લગાડ્યું હોય, એની પાસે જે ઊભું હોય એનાં કપડાંમાં પણ એની વાસ જાય છે. ખરેખર તમે સૂંઘશો અને કહેશો કે ભાઈ, આપણાં કપડાંમાં આપણે લગાડ્યું નથી, તો વાસ આવી ક્યાંથી? ત્યારે આ ઉત્તમ વસ્તુ એવી હોય છે કે એનો આનુષંગિક લાભ અન્યને પણ મળતો હોય છે. એવી રીતે આજના જીવોને જે લાભ મળી રહ્યો છે તે પ્રભુની કૃપા છે. ભગવદ્ ઈક્ષા છે. ઈક્ષા એ આ માર્ગમાં પ્રધાન વસ્તુ છે. શિક્ષાપત્ર દ્વારા આપણે આ સિદ્ધાંતોના રસસાગરનું રસપાન કરવાનું છે.

હૌં વારી ઈન વલ્લભીયન પર

ગો. શ્રીઈન્દિરાબેટીજી
(સૂરત-વડોદરા)

આજે ખૂબ આનંદનો વિષય છે. શ્રીગિરિરાજબાવાનો તૃતીય પાટોત્સવ મનાવવા માટે આપણે અહીં એકત્રિત થયાં છીએ. તેમાં પણ શ્રીહરિરાય પ્રભુચરણની રસવાણીનું રસપાન અમારા રમેશભાઇ જેવા ભગવદીયના મુખારવિંદથી કરી રહ્યાં છીએ.

આપણે શ્રીહરિરાયજીના શિક્ષાપત્રમાં ભગવદીયનું કેટલું મહત્ત્વ છે, એ તો વારંવાર શ્રવણ કર્યું. તદીયજનો માટે, તદાશ્રિત જનો માટે અને તદ્અનુરાગી જનો માટે શ્રીહરિરાય મહાપ્રભુને કેટલો બધો ભાવ છે! એમાંયે સૌથી શ્રેષ્ઠ તદીયજનો તે તદનુરાગ અને તદાશ્રય બંને સિદ્ધ કરનારા! અનુરાગ અને આશ્રયની સંધિ કરે, એ બંનેનો સુગમ સુમેળ કરે, તે તદીયજન બની શકે. તદીયજનના હૃદયમાં સાક્ષાત્ પ્રભુ સદાકાર બનીને બિરાજે છે. પ્રભુની મોટામાં મોટી સ્થિતિ માનવામાં આવી છે, તે છે ભગવદીયોના હૃદયમાં બિરાજવું.

શ્રીહરિરાય મહાપ્રભુએ શિક્ષાપત્રને અંતે ધર્મીવિપ્રયોગ સ્વરૂપનું ખૂબ સુંદર વર્ણન કર્યું છે. આ ધર્મીવિપ્રયોગ સ્વરૂપ બિરાજે છે ક્યાં? એ તો કેવળ તદીય ભવદીયજનોનાં હૃદયમાં જ બિરાજે છે. એને જ આપણે ભાવભાવાત્મક સ્વરૂપ કહીએ છીએ. 'ભ્રમરગીત'ના પ્રસંગમાં જે ભગવત્સ્વરૂપનું વર્ણન આપણને સુબોધિનીજીમાં અને ત્યાર પછી ગો. શ્રીવલ્લભજીના લેખમાં મળે છે એ સ્વરૂપનું વર્ણન શ્રીહરિરાય મહાપ્રભુ ધર્મીવિપ્રયોગ-સ્વરૂપના નામથી કરે છે અને એ સ્વરૂપ કેવળ ભગવદ્જનોનાં હૃદયમાં પૂર્ણરૂપે આવિષ્ટ થઈને બિરાજે છે. જેવી રીતે એક લાકડામાં અગ્નિનો પ્રવેશ થયો હોય, એવી જ રીતે ભગવત્સંબંધનો આવિર્ભાવ હૃદયમાં પ્રગટ થાય છે.

આવો ભગવત્સંબંધ જે ભગવદીયોને થયો છે, એ ભકિતને શ્રીમહાપ્રભુજી પ્રમેયા ભક્તિ કહે છે. અત્યારે આપણી સાધનરૂપા, પ્રમાણરૂપા ભક્તિ છે; પરંતુ જેમાં તાપાત્મક ભાવની જાગૃતિ થાયં છે. હૃદયમાં દૈન્યની ઉત્પત્તિ થાય છે અને પછી ભાવાત્મક સ્વરૂપમાં આવિર્ભાવ થાય છે એ દશા જાુદી છે. એ ભક્તિને પ્રમેયા-ભક્તિ કહે છે. પ્રમાણ-ભક્તિમાં જીવ પરાધીન છે. પ્રમેયા ભક્તિમાં જીવ સ્વતંત્ર છે. પ્રમાણ ભક્તિમાં કાયદા-કાનૂન પ્રમાણે ચાલવું પડે છે. પ્રમેયા ભક્તિમાં

ભગવાન જીવની ઇચ્છા પ્રમાણે ચાલે છે. 'પરાધીના તુ મર્યાદા, સ્વાધીના પુષ્ટિરુચ્યતે.' ભગવાનને પરાધીન બનાવી, ભગવાનના પણ ભગવાન બની જવું, એનાથી મોટી કઈ કક્ષા હોઈ શકે? શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી, 'હરેરપિ હરિર્યતિ'- હરિના પણ હરિ બની જાય, છે.

જ્યારે આવા ભગવદીયોનું અનુસંધાન હૃદયમાં કરીએ છીએ, ત્યારે અંતઃકરણ આનંદથી નાચી ઊઠે છે. નેત્રોમાં ભાવનાં બિંદુ ઊભરાઈ આવે છે અને શ્રીહરિરાયપ્રભુનું એ વચન યાદ આવે છેઃ 'હૌં વારી ઈન વલ્લભીયન પર, મેરે તનકો કરૌં બિછૌના, શીશ ધરૌં ઈનકે ચરનન તર.' આવા ભક્તોનાં ચરણારવિંદ પકડી અશ્રુની અંજલિથી જીવનને ધન્ય બનાવવાનું મન થાય છે. વિચાર કરજો, એક ભગવદ્‌ભક્તની કેટલી મોટી કક્ષા છે!

ઘણી વાર હું વિચાર કરું છું, આપણી ભક્તિને ભકિત કહેવાય ખરી? જેમાં આશ્રયની સિદ્ધિ નથી, ભાવની જાગૃતિ નથી, દૈન્યની ઉપલબ્ધિ નથી, વિરહનો અનુભવ નથી, કેવળ ક્રિયાત્મક કાર્યોની અંદર અટવાયા કરીએ છીએ, અને તેમાંય કોઈ પણ પ્રકારની ભાવભાવના વગર અટવાયા કરીએ છીએ! તો હજુ આપણે કેટલી નીચી કક્ષામાં છીએ તેનો ખ્યાલ આવશે. જ્યારે આપ સંપૂર્ણ શિક્ષાપત્રનું શ્રવણ કરશો, ત્યારે ખ્યાલ આવશે કે ભવગદ્‌ભક્તની કેટલી ઊંચી કક્ષા છે! શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છેઃ આવા ભગવદ્‌ભક્તની અહર્નિશ તમે સેવા કરજો અને સત્સંગ કરજો. જેમ પ્રભુની સેવા કરવાની છે, એમ ભગવદીયોની પણ સેવા કરવાની છે.

આજે મારે આપને એક વાત કહેવી છે, શ્રીગિરિરાજબાવાની. શ્રીગિરિરાજબાવાના સ્વરૂપમાં કેટલાં બધાં સ્વરૂપોની ભાવના છે! ખરેખર જો ધર્મીવિપ્રયોગ સ્વરૂપનું દર્શન કરવું હોય, ભાવભાવાત્મક સ્વરૂપનું દર્શન કરવું હોય તો આપણે શ્રીગિરિરાજબાવાના સ્વરૂપનું અનુસંધાન કરવું જોઈએ.

યાદ રાખજોઃ શ્રીગિરિરાજજીનાં દર્શન કરો, ત્યારે કોઈ દિવસ આ પથ્થરની શિલા છે, એવું ચિત્તમાં ચિંતન કરશો નહીં. આજે પણ શ્રીગિરિરાજબાવાનો પુનિત પ્રગટ પ્રતાપ છે. એવું ચિંતન કરે છે, વિચાર કરે છે, તે લોકોનો પ્રત્યક્ષ અનુભવ છે. આપ જાણો છો કે આ દુનિયા જ્યાં ચમત્કાર બને છે ત્યાં જ નમસ્કાર કરે છે. આવું વિચારનારા ઘણા વૈષ્ણવોએ પ્રત્યક્ષ ચમત્કાર જોયેલા છે. એક વાર અમે શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરતાં હતાં. જતિપુરમાં એક વૈષ્ણવને કુતર્ક સૂઝયો એણે કહ્યું, 'આ પથ્થરની તે શુ પરિક્રમા કરવાની હોય?' અને થોડી વારમાં તો જાણે

ચમત્કાર થયો. એનો પગ લંગડાવા માંડ્યો, કમર બેવડી બની ગઈ. ચાલતાં ચાલતાં અટકી ગયો. આગળ ચાલવાની એનામાં શક્તિ જ રહી નહીં. એને એક ઘોડાગાડીમાં બેસાડીને ધર્મશાળા સુધી પહોંચાડવામાં આવ્યો. બે દિવસ થયા, ત્રણ દિવસ થયા પણ સારું થયું નહીં. પેલાએ વિચાર કર્યો કે હવે ઘર ભેગો થઈ જાઉં તો બહુ સારું. મથુરાથી ટ્રેનની ટિકિટ કરાવી ઘર ભેગો થયો. છ મહિના સુધી સારું થયું નહીં. એની ઘરવાળી શ્રદ્ધાળુ હતી. એણે કહ્યું કે તમે શ્રીગિરિરાજજીનો અપરાધ કર્યો છે. જાઓ દૂધ ચઢાવી આવો. બહુ કષ્ટ ભોગવીને ભાઈ કંટાળેલા, એટલે શ્રીગિરિરાજજીને દૂધ ચઢાવવા ગયા. જેવું શ્રીગિરિરાજબાવાને દૂધ ચઢાવ્યું કે બે જ દિવસમાં સારું થઈ ગયું.

અહીં હું કેટલાય પ્રત્યક્ષ અનુભવ જોઉં છું. ઘણા વૈષ્ણવોના અનુભવ જોઉં છું. થોડા દિવસ પહેલાં હું હૈદ્રાબાદ ગયેલી. ત્યાં એક વૈષ્ણવે મને બીજી કલ્પના કહી. આપણા વૈષ્ણવો શ્રીગિરિરાજબાવાને મણિમય રત્નજડિત ધાતુ કહે છે. મને કહે, તમને ખબર છે, શ્રી ગિરિરાજજીની શિલા છે ને એની અંદર તો બધાં રત્નો મળે છે! એટલે કે જેમ રત્નોની ખાણ હોય એમ આમાં ખાણ છે એટલા માટે શ્રીમહાપ્રભુજીએ બધી કંદરાઓ બંધ કરાવી! લોકો કેવીકેવી જાતના કુતર્ક કરે છે! તેમને શું કહેવું? બીજા ભાઈ કહે કે એમાંથી રેડિયો એકટીવ રેઝ નીકળે છે, એટલા માટે એના પ્રભાવની અંદર આપણે આવીએ છીએ.

આ રીતે જો આપણે વિચાર કરીએ તો જીવનમાં ઈશ્વર અને શ્રદ્ધા નામનું તત્ત્વ જ ક્યાંય નહીં હોય. શ્રીઆચાર્યચરણના સિદ્ધાંતો પ્રમાણે તો શ્રીગિરિરાજજીનું સ્વરૂપ છે શ્રીહરિદાસવર્ય. આવા તાદશી ભગવદીયનું સ્વરૂપ, જે હરિના પણ હરિ બનેલા છે.

શ્રીગિરિરાજજીના સ્વરૂપની આપણે સેવા શા માટે કરીએ છીએ? સેવા તો એમની જ બની આવે કે જે આપણા ઈષ્ટ હોય, જે આપણા સેવ્ય હોય, આપણા આરાધ્ય હોય. જેમ ગોપીજનોનાં હૃદયમાં ભાવભાવાત્મક સાક્ષાત્ રસિકેન્દ્રશેખર ધર્મીવિપ્રયોગ સ્વરૂપે બિરાજે છે, એવી જ રીતે શ્રીગિરિરાજબાવાના અંતઃકરણમાં પણ એ ધર્મીવિપ્રયોગનો સંબંધ થયેલો છે. ધર્મીવિપ્રયોગ સ્વરૂપનો સંબંધ ત્યાં જ થાય છે, જ્યાં વેણુનાદ દ્વારા પ્રભુએ અધરસુધાનું દાન કર્યું છે. વેણુગીતના પ્રસંગમાં શ્રીઆચાર્યચરણોએ ત્રણ પ્રકારની સુધાનું દર્શન કરાવ્યું છે. સર્વભોગ્યાસુધા, ભગવદ્ભોગ્યાસુધા અને દેવભોગ્યાસુધા. એમાં વેણુનાદના પ્રસંગમાં સર્વભોગ્યાસુધાનું વર્ણન છે. સુધા એટલે અમૃત. ભગવાન જે વેણુ વગાડે છે, એમાં કેવળ શબ્દોની જ ઉત્પત્તિ થતી નથી, નાદરૂપી પાત્રમાં પ્રભુ પોતાના સ્વરૂપનું અમૃત પણ પધરાવે છે. જેમ એક પાત્રમાં રસ ભરેલો હોય, તો તે પાત્ર દ્વારા ભરેલો રસ પી

શકાય, એમ પ્રભુ પોતાનું દ્રવીભૂત સ્વરૂપ-સાક્ષાત્ સ્વરૂપામૃતસ્વરૂપ; જેમનો હૃદય સાથેનો સંબંધ થયેલો છે, એનું રસપાન શ્રોત્ર (કર્ણેન્દ્રિય) દ્વારા ભગવદીયોને કરાવે છે. જે ભગવદીયો વેણુનાદ શ્રવણ કરે છે, એ કેવળ શબ્દ જ નથી સાંભળતા, નાદસંવલિત સુધાને ગ્રહણ કરે છે. એ સુધા કેવળ કર્ણમાં જ નથી રહેતી, પણ જેમ નદીમાં સ્નાન કરનાર વ્યક્તિ, સંપૂર્ણ રીતે આકંઠમગ્ન બને છે, એમ એનું અંતઃકરણ સર્વાંગ પ્રભુએ દાન આપેલી સુધા દ્વારા એને આપ્લાવિત બનાવે છે.

વિચાર કરજો વૈષ્ણવો, કોઈ નદીમાં સ્નાન કરીએ તો બહારથી જ શરીર ભીંજાશે. આપણું હૃદય, અંતઃકરણ, મન, બુદ્ધિ આ બધું અંદરથી તો કોરું ને કોરું જ રહી જાય છે. ઘણાં કપડાં એવાં હોય છે કે એક વાર પાણીમાં બોળો એટલે થોડો ભાગ તો કોરો જ રહી જવાનો; કારણ કે એની ઉપર કાંજી ચડેલી છે. એવી રીતે મને ઘણી વાર વિચાર આવે છે કે હજુ સુધી આપણે બહારથી ભીંજાયેલા છીએ, પરંતુ આપણાં હૃદય, મન, અંતઃકરણને પ્રભુનો સંબંધ થયો નથી; કારણ કે એની ઉપર પણ લૌકિકાવેશની કાંજી ચડી ગઈ છે. પાણીમાં ઝબોળવા છતાંય એ વસ્તુ ભીંજાતી નથી. ભગવાન જ્યારે કૃપા કરે છે, હૃદયના વિષયાવેશ જ્યારે નિવૃત્ત થાય છે, ત્યારે વિશુદ્ધ અંતઃકરણમાં પ્રભુનો સંબંધ થાય છે. આ સંબંધ પણ ભાવભાવાત્મા સ્વરૂપે અથવા તો વેણુનાદ સુધા સ્વરૂપે હૃદયમાં થાય છે. વેણુગીતના પ્રસંગમાં જેમ બધાંએ અધરસુધાનું પાન કર્યું, એમ શ્રીગિરિરાજબાવાએ પણ પાન કર્યું, અને એ પાન દ્વારા પ્રભુએ પોતાના સ્વરૂપનો સંબંધ કરાવ્યો. ત્યાર પછી ગોવર્ધનલીલામાં વ્રજવાસીઓએ શ્રીગિરિરાજબાવાની સંમુખ અન્નકૂટ ભોગ ધરાવ્યો. ત્યારે 'શૈલોઽસ્મિ ગિરિરાજોઽસ્મિ' આવા શબ્દો બોલી, હજાર હસ્તથી પ્રભુ ગિરિરાજમાંથી પ્રગટ થયા. એ પ્રસંગે પણ પૂર્ણપુરુષોત્તમે શ્રીગિરિરાજબાવાના હૃદયમાં પોતાના સ્વરૂપનો સંબંધ કરાવ્યો છે. એ પ્રસંગ પછી આપણે સાક્ષાત્ શ્રીગિરિરાજબાવાની સેવા કરીએ છીએ.

તમે જોશો કે શ્રીમહાપ્રભુજીનાં નિધિ સ્વરૂપોની સાથે કેવળ શ્રીગિરિરાજજી બિરાજી શકે છે, બીજું કોઈ સ્વરૂપ બિરાજી શકતું નથી. એનું કારણ એ છે કે જેમ નિધિનાં સ્વરૂપોનું મહત્ત્વ છે, કારણ કે શ્રીઆચાર્યચરણોનો સાક્ષાત્ સંબંધ છે, એવી જ રીતે શ્રીગિરિરાજબાવા પણ નિધિ-સ્વરૂપ છે. આમાં વિશેષાનંદ એ છે કે, ભાવભાવાત્મક ધર્મીવિપ્રયોગની ભાવના કરવાથી જલદીથી શ્રીગિરિરાજબાવાના સ્વરૂપનો બહુ સુંદર અનુભવ થાય છે. આવો વિચાર કરી શ્રીગિરિરાજબાવાની ભક્તિ કરવામાં આવે, શરણાગતિ સ્વીકારી, સદૈવ સેવા કરવામાં આવે તો બહુ

જલદી એનો અનુભવ પ્રાપ્ત થાય છે.

ગયા વખતે પણ એક એ ભગવદીય વૈષ્ણવની વાત મેં આપને કરી હતી, જેમણે દશ વર્ષ સુધી પ્રભુની સેવા કરી એ વૈષ્ણવને અનાયાસે હૃદયમાં તાપભાવ સિદ્ધ થયો હતો, સેવાના અનવસરમાં એમના અંતઃકરણની જે દશા અમે જોઈ છે, એ દશા વિચારીને આજે પણ રોમાંચ થાય છે. સેવાના અનવસરમાં એમનું મોં હમેશાં કંઈક બોલતું હોય, અને વાતો કરતું હોય. અમે એ વૈષ્ણવને પૂછયુ કે 'મણિબહેન, તમે આખો દિવસ આમ-આમ શું કરો છે?' કોઈની સાથે જાણે વાતો કરતાં હોય અને બોલતાં હોય, એવી એમના જીવનની દશા! ઘણી વાર તો એકલા કંઈક બબડતાં હોય. કોઈ જઈને પૂછે તો કહેતાં કે 'ના રે ના, મને તો હમણાં એવી ટેવ પડી ગઈ છે.' પણ ખરી વાત એ હતી કે એ સેવાના અનુસંધાનમાં એવાં ઊતરી જતાં કે જાણે પ્રત્યક્ષ વાત કરતાં ન હોય! એટલા માટે જ શ્રીગિરિરાજબાવાએ જન્માષ્ટમીના શુભ દિને તિલકના પ્રસંગે દંડવત્ કરાવીને એ જીવને પોતાનાં ચરણોમાં લઈ લીધો. આમ, પ્રભુની સન્મુખ જન્માષ્ટમીના દિવસે તિલક કરતાં મૃત્યુ થાય એ અદ્ભુત કહેવાય!

આમ, શ્રીગિરિરાજબાવા હરિદાસવર્ય-ભગવાનના પણ ભગવાન બને એવા ભગવદીય છે, જેમના અંતઃકરણમાં સદૈવ ધર્મીવિપ્રયોગ સ્વરૂપે નંદનંદન બિરાજે છે. આવી ભાવના કરી તમે પ્રભુનાં દર્શન કરશો, તો અવશ્ય એ દર્શનમાં આનંદ આવશે. એ દર્શન પણ કેમ કરવાં એની સ્વરૂપ-ભાવના આગળ તમે સાંભળી ચૂક્યાં છો.

જેવી અંતરમાં આર્તિ હોય, એવી ફળાનુભૂતિ થાય છે. ઇચ્છા જ્યારે તાપકલેશનું ભાવન કરે, ત્યારે તે ઇચ્છા આર્તિ કહેવાય છે. ઇચ્છાનું પૂર્વ-સ્વરૂપ છે રુચિ અથવા રસ. જ્યારે કોઈ પણ વસ્તુમાં રુચિ અથવા રસ જાગે ત્યારે ઇચ્છાની વૃદ્ધિ થાય છે. જે વસ્તુ મનને ગમતી હોય, જેના તરફ મનનું કંઈક વલણ કે પક્ષપાત હોય, ત્યારે એમાં રુચિ કે રસ જાગે છે એમ કહી શકાય. રુચિ અને રસ આગળ વધીને ઇચ્છાનું રૂપ લે છે. પછી એ વસ્તુ મેળવવાની આકાંક્ષા જાગે છે- અભીપ્સા જાગે છે. મેળવવાની આકાંક્ષા એટલે જ ઇચ્છા. ઇચ્છા જ્યારે ઉત્કટ બને, ત્યારે એનું નામ 'આર્તિ.'

આર્તિમાં બે વસ્તુનો અનુભવ થાય છેઃ તાપ અને કલેશ. દુનિયા-સંબંધી લૌકિક કલેશ જીવનને બગાડનારો છે, જ્યારે અલૌકિક જગતમાં પ્રભુ માટે જાગેલો તાપકલેશ જીવનને સુધારનારો છે. તાપ એટલે હૃદયની ઝંખના. 'મને પ્રભુનાં દર્શન ક્યારે થાય!' એવી ઝંખના.આપણને જેમ ખાવાની ભૂખ લાગે છે, પાણી પીવાની તરસ લાગે છે, એમ અનેક પ્રકારની અભીપ્સાઓ જીવનમાં જાગ્યા કરે છે. પણ એવી ઇચ્છા કોઈ દિવસ થાય છે કે મને પ્રભુનાં દર્શન ક્યારે થાય? આનું નામ છે

તાપ. અહર્નિશ અંતઃકરણમાં આવી ભાવના હોય, મને પ્રભુનાં દર્શન થાય! દુનિયામાં ઘણી બધી વસ્તુઓ મેળવવાની ઇચ્છા કરીએ છીએ અને આર્તિ કરીએ છીએ, પણ મને પ્રભુ મળે એવી આર્તિ તો કોઈ વિરલા વૈષ્ણવના હૃદયમાં જ જાગે છે. યાદ રાખજો, જે દિવસે આવી આર્તિનું દાન પ્રભુ કરશે, તે દિવસે જગતની સર્વ જંજાળો છૂટી જશે. પછી દુનિયામાં કોઈ વસ્તુ મેળવવાની ઇચ્છા, આકાંક્ષા કે અભીપ્સા નહીં જાગે. આવી આર્તિ કરનારા વૈષ્ણવોના દેહધર્મો છૂટી ગયા છે. એમને ભૂખતરસની પણ કામના નથી રહેતી. મહિનાઓના મહિનાઓ સુધી આ વિચારધારામાં રહે છે. શ્રીભાગવતના તૃતીય સ્કંધમાં શ્રીકપિલદેવ ભગવાને કહ્યું: "હે પ્રભુ! આપનો ભગવદીયો જીવનમાં ત્રણ વસ્તુ સ્વીકારે છેઃ એક તો લોક અને લોકનું અનુસંધાન કરનાર પશુબુદ્ધિની વ્યક્તિઓનો સંગ છોડે છે. બીજું, આપનાં ચરણારવિંદનો આશ્રય ગ્રહણ કરી, આપની દિવ્ય અલૌકિક રસમય કથાઓ, જે ધર્મનું આચરણ કરાવનારી છે, એને સત્સંગ દ્વારા સદૈવ હૃદયમાં ઉતારે છે અને પછી એમાં મગ્ન રહે છે." હવે પેટને ભોજનની કે પાણીની આર્તિ રહેતી નથી. સમગ્ર ઇન્દ્રિયો- મન, હૃદય બધું એક જ આર્તિ કરે છે કે મને પ્રભુનાં દર્શન ક્યારે થાય? આનું નામ છે તાપભાવના. એમાંથી જાગે છે કલેશ. આંખમાંથી આંસુ પડવા લાગે, હૃદય વ્યાકુળ બને, અનેક પ્રકારે અંતઃકરણની અંદર પ્રભુને મેળવવા માટેના વ્યાકુળ ભાવોનો અનુભવ થાય. પ્રભુ માટે જાગેલો તાપ અને કલેશ દાનમાં મળે છે, કૃપા થવાથી મળે છે અને ત્યારે ભગવદીયોનું જીવન અતિઆનંદથી સભર બને છે.

તમે કહેશો કે વળી તાપ અને કલેશમાં આનંદ? હા, આ તો અલૌકિક તાપ અને કલેશ. આ અલૌકિક તાપકલેશમાં ભગવદીયો મન મૂકીને રડે છે, નાચે છે, ગાય છે, કોઈક વાર તન્મય દશામાં નૃત્ય પણ કરે છે. એમને ખબર નથી રહેતી કે પોતે કઈ દશામાં છે. આવી દશામાં અંતઃકરણનો જે આનંદ હોય છે તે દુનિયામાં ક્યાંય મળશે નહીં. નથી તમને એરકન્ડીશન્ડ મકાનમાં મળવાનો, નથી મોટર-ગાડીઓમાં મળવાનો કે નથી દુનિયાનાં સુખભોગનાં સાધનોમાં મળવાનો. તાપકલેશની ભાવનામાં જે આનંદ ભગવદીયોને મળે છે, એ આનંદની એક માત્રા પણ દુનિયાના વિષયભોગોમાં નથી મળતી. એ તાપકલેશરૂપી આનંદ મળી જાય, ત્યારે અંતઃકરણમાં દૈન્ય જાગે છે. દૈન્ય જાગવાથી દયાનિધિ અંતઃકરણમાં પ્રગટ થાય છે.

દૈન્ય ખાલી ખાલી વિચાર કરવાથી નથી જાગતું અને તાપકલેશ એમ ને એમ બેસી રહેવાથી કે વિચારમાત્રથી નથી જાગતો. અમારા બચપણમાં અમે જોયેલું કે

સુરતમાં કેટલાંક ભગવદીયો હતાં. એ બધાંએ શિક્ષાપત્રમાં સાંભળેલું કે વિરહતાપ કરવો. એટલે શયનનાં દર્શન થયા પછી ગૌશાળામાં જાય. લમણે હાથ મૂકી બેસી રહે. પછી એકદમ ઝાડ ઉપર લટકતી કેરી જેવું મોંઢું લકટાવે. ઉદાસ ઉદાસ મોંઢું લાગે. તે વખતે અમે નાનાં બાળકો એમની પાસે જઈને પૂછીએ કે તમે બધાં આમ કેમ બેઠાં છો? ત્યારે એ કહે કે અમે વિરહભાવ કરી રહ્યાં છીએ. આવી રીતે તમે વિરહભાવ કેળવવા જાઓ તો તે થવાનો નથી. પ્રેમ વગર વિરહ આવે જ ક્યાંથી? જ્યાં સુધી અનુરાગ નથી, ત્યાં સુધી તાપકલેશ ક્યાંથી થાય? અનુરાગ જાગ્યા પછી જ આ દશા આપણને પ્રાપ્ત થાય છે. એ અનુરાગને શ્રીમહાપ્રભુજીએ ત્રણ કક્ષામાં વહેંચ્યો છે. ચોથી કક્ષા મૂકવી હોય તો પણ મૂકી શકાય. પહેલી કક્ષાનું નામ છે પ્રેમ. બીજી કક્ષા છે આસક્તિ. ત્રીજી છે વ્યસન અને ચોથી કક્ષાનું નામ છે તન્મયતા. એનાં લક્ષણો પણ આપણને 'ભક્તિવર્ધિની'નામના ગ્રંથમાં ઉપલબ્ધ થાય છે. ભગવાનમાં પ્રેમ થયો છે એમ ક્યારે કહી શકાય? આજે ઘણા લોકો કહે છે કે મને બહુ ભાવ છે, મને બહુ પ્રેમ છે. સંસાર પ્રત્યેનો તમામ પ્રેમભાવ જ્યારે ઊડી જાય, સંસાર-વ્યવહારમાં આપણી જે લૌકિક સ્થિતિ છે તે નષ્ટ થઈ જાય, ત્યારે જાણવું કે પ્રભુમાં પ્રેમ જાગ્યો છે. પ્રેમનો તો સ્વભાવ છે અન્યમાં વૈરાગ્ય અપાવવો. એક માણસ એક વસ્તુને ઉત્કટ ભાવથી ચાહી શકે છે અને બીજી બાજુ એ જ હૃદય વૈરાગ્યનો અનુભવ પણ કરે છે. ઉત્કૃષ્ટ અનુરાગ જ વૈરાગ્યનું કારણ છે. તીવ્ર પ્રેમનો અનુભવ જ બીજી બાજુ તીવ્ર વૈરાગ્યનો અનુભવ કરાવી શકે છે. એક બાજુ પ્રભુમાં સંલગ્ન થયેલું મન, દુનિયાના તમામ વિષયઅનુરાગમાંથી નિવૃત્ત થઈ જાય છે. એક બાજુ સંસારનો ભોગ પણ હોય અને બીજી બાજુ કહેતા હોઈએ કે 'મને બહુ ભાવ, મને બહુ ભાવ,' તો તે રહેવાનો ક્યાંથી? ભોગબુદ્ધિવાળાને અંતઃકરણમાં કદી ભાવ રહેતો નથી.

પછી આવે છે આસક્તિ. પ્રભુ સિવાય, ઇતર સર્વ પ્રવૃત્તિઓમાં અરુચિ એ નિવર્તનનું કારણ છે. કોઈ પણ વસ્તુમાંથી નિવૃત્ત થવું હોય તો અરુચિ જોઈએ. જ્યાં સુધી તમારી સૂક્ષ્મ રુચિ એમાં રહેશે ત્યાં સુધી તમે બુદ્ધિથી અને મનથી ત્યાગ કરી શકવાના નથી. દા.ત. એક માણસે એક વસ્તુનો ત્યાગ કર્યો; છતાંય જો એમાં અરુચિ નહીં ઉત્પન્ન થઈ હોય, તો મન અને બુદ્ધિથી એનો ત્યાગ થયેલો નહીં ગણાય. એક વૈષ્ણવે વ્રજયાત્રા કરતી વખતે નિયમ લીધો, મારે ચા નથી પીવી. નિયમ તો લીધો અન ચા છોડી પણ દીધી. છતાં જ્યારે ચાની હોટલ જુએ ત્યારે એને તૃષિત નજરે જોયા કરે. ઘડી વાર ત્યાં ઊભા ઊભા એની સુગંધ પણ લઈ લે. મનનો સ્વભાવ

છે કે જે વસ્તુને છોડવા મથો એ વસ્તુ વધારે ને વધારે કબજો કરે. જેનો તમે બુદ્ધિપૂર્વક ઇનકાર કરશો એનો મન ઉપર કબજા થઈ જશે. તમે નક્કી કરો કે મારે આ વસ્તુ નથી જોવી કે નથી કરવી અને પછી ઘરે જઈને વિચાર કરશો તો એ વસ્તુ તમને વારંવાર યાદ આવ્યા જ કરશે. કોઈની પ્રોઝીટિવ સાઇડ કે નેગેટિવ સાઇડ-આ બંનેમાં મન તો એને પકડી જ રાખે છે. આ વસ્તુ લેવી છે અને આ વસ્તુ નથી લેવી, બંને દશામાં મનની સ્થિતિ સમાન હોય છે. પ્રોઝીટિવમાં પણ મન દોડે છે અને નેગેટિવમાં પણ મન દોડે છે.

વિચાર કરો કે આવી રીતે આપણે કોઈ પણ વસ્તુનો ત્યાગ કરીએ તો ત્યાગ થયો કહેવાય ખરો? ઘણાં વૈષ્ણવો કહેશે, અમે બહારનું નથી લેતાં, અમે આમ નથી કરતાં; પણ જ્યારે બહુ સુંદર જમણવાર થયેલો હોય ત્યારે અમે બેચાર જગ્યાએ જોયેલું કે પેલાં જોયા જ કરે, અને સુગંધ લીધા કરે. અમે એમને કહ્યું, 'ભાઈ, અહીં કંઈ સુગંધ લેવા જેવું નથી, જાઓ અંદર.' તો પેલાં કહે, ના ના, આ દાળ બહુ સરસ બની લાગે છે. ખરી વસ્તુ એ છે કે એમાં અરુચિ થવી જોઈએ. કોઈ વિષયમાં જ્યારે અરુચિ થાય છે ત્યારે આપોઆપ આપણે મન અને બુદ્ધિથી એ વસ્તુને છોડી શકીએ છીએ. અરુચિ ક્યારે થશે? તમે ઉત્તમ વસ્તુ ભોગવી હશે, તો ખોટી વસ્તુ ભોગવવાનુ મન નહીં થાય. જો તમે ૨૦૦ રૂપિયાનાં કપડાં પહેર્યાં હશે તો ૫૦ રૂપિયાનું કપડું જોઈને કહેશો કે આવું ધોકા જેવું કપડું શું લાવ્યા? જે ઉત્તમ વસ્તુનો ભોગ કરે છે, ઉત્તમ વસ્તુનો અનુભવ કરે છે, એને નિકૃષ્ટ વસ્તુ કદી રુચિકર નથી લાગતી.

જેમ જેમ વૈષ્ણવ ભગવદ્‌ભાવનો, ભગવત્‌સેવાનો અને ભગવત્‌સ્મરણનો હૃદયમાં અનુભવ કરતો જાય છે, તેમ તેમ લૌકિકતામાં અરુચિ ઉત્પન્ન થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ વિષયમાં તમે વધારે ને વધારે અનુભવ કરવાની પ્રવૃત્તિ કરો, એટલે આપોઆપ પેલા વિષયમાં અરુચિ થશે. અરુચિ થશે એટલે વસ્તુ આપોઆપ છૂટી જવાની. ત્યાર બાદ વ્યસન અને તન્મયતા સિદ્ધ થાય છે, ત્યારે ભાવભાવાત્મક ધર્મીવિપ્રયોગ સ્વરૂપનો હૃદયમાં અનુભવ થાય છે. આ જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે.

શ્રીઆચાર્યચરણ અને શ્રીહરિરાયચરણની કૃપાથી ૪૧ શિક્ષાપત્ર દ્વારા આપણે આપણું જીવન આવું અલૌકિક બનાવવાનું છે.

ઇતિ શમ્ ॥

- ગોસ્વામી ઇન્દિરાબેટીજી

।।શ્રીવલ્લભઃ।।

શિક્ષાપત્રની ભૂમિકા

ભગવદ્‌વાર્તા - ગુણાનુવાદનો મહિમા :

આપણા સહુના પરમપ્રેષ્ઠ શ્રીગિરિરાજબાવાને નૂતન મંદિરમાં પધાર્યે આજે તૃતીય વર્ષનો પ્રારંભ થવાનો છે, ત્યારે આપશ્રીના તૃતીય પાટોત્સવ પ્રસંગે શ્રી હરિ-ગુરુ-વૈષ્ણવના અલૌકિક મનોરથ-સ્વરૂપ આયોજિત શિક્ષાપત્રની ભગવદ્‌વાર્તા માટે શ્રીગિરિરાજબાવાના ચરણારવિંદમાં દીનતા અને પ્રેમપૂર્વક બેસીને, આપણે ભગવદ્‌વાર્તાના ગુણાનુવાદ ગાઈશું, તેનાં આપણે ગુણગાન કરીશું.

શ્રીસૂરદાસજીને એક વૈષ્ણવે પ્રશ્ન કરેલો : ‘સૂરદાસજી મહારાજ, કોઈક સારું કાર્ય કરવા માટે શુભમુહૂર્ત જોવું હોય, તો આપ કોઈક માર્ગ બતાવશો?’

શ્રીસૂરદાસજી ચંદ્રસરોવર ઉપર, પોતાની નિંકુજના દ્વારે બિરાજ્યા છે. દૂર શ્રીનાથજીબાવાના મંદિર પર મંદ-મંદ સમીરમાં લહેરાતાં ધજાનાં દર્શન કરી રહ્યા છે. મુખ પર સ્મિત વિલસે છે. શ્યામસુંદરના સ્મરણથી ઓષ્ઠ મલકાય છે. એમણે એ વૈષ્ણવને કહ્યું, “વૈષ્ણવરાજ, પ્રભુએ જે વાણીનું મને દાન કર્યું છે, તે વાણીનું દાન હું તમને કરીશ. ઉત્તમ દિવસ, ઉત્તમ ઘડી, ઉત્તમ પળ આપણા વૈષ્ણવના જીવનમાં એક જ હોય.

“ ‘હરિ મિલે સો દિન નીકો’ - જે દિવસે પ્રભુનાં દર્શન થાય, જે દિવસે કોટિકંદર્પ લાવણ્યના એક એક રોમની છબિ ઉપર જગત વારી દેવાનું સૌભાગ્ય સાંપડે એ ઉત્તમ દિવસ. એના કરતાં વધારે ઉત્તમ દિવસ બીજો કોઈ હોઈ શકે નહી.”

આજે, શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની આપણા સહુના ઉપર કૃપા થઈ છે. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ ત્રણેય સ્વરૂપોની સમુપસ્થિતિમાં, શ્રીગિરિરાજબાવાની તળેટીમાં જાણે સુંદરશિલાનાં શ્રીઆચાર્યચરણનાં બેઠકજીની સન્મુખ બેસીને, શ્રીઆચાર્યચરણનાં ચરણનું શરણ ગ્રહણ કરીને, આપણને પણ ભગવદ્‌વાર્તા કરવાનો આજે આ અલૌકિક લાભ સાંપડયો છે.

આજે વૈશાખ કૃષ્ણ ત્રયોદશી-તેરસ છે. મનમાં પ્રશ્ન થશે કે ગઈ કાલે એકાદશી હતી(બારસનો ક્ષય હોવાથી). ઉત્તમ એકાદશીનો દિવસ મૂકીને ભગવદ્‌વાર્તાનો પ્રારંભ ત્રયોદશીએ કેમ?

એકાદશી દ્વારા આપણે આપણી એકાદશ ઈન્દ્રિયોને ભગવત્‌સંમુખ કરીએ

છીએ. 'ઉપ' એટલે નજીક. જ્યાં નજીક વાસ થતો હોય, એનું નામ ઉપવાસ. અગિયારે ઈન્દ્રિયોથી પ્રભુના સાંનિધ્યમાં રહેવું એનું નામ 'એકાદશી.'

શ્રીઆચાર્યચરણ 'તત્ત્વાર્થદીપનિબંધ'માં આજ્ઞા કરે છે કે :

"સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ।
ઈન્દ્રિયાશ્ચવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ત્રયમ્॥"
(સર્વનિર્ણય-૨૩૬)

- આપણી આ એકાદશ ઈન્દ્રિયો તો માતેલા ઘોડાઓ જેવી છે. તોફાનને ચડેલા ઘોડાને જો કાબૂમાં રાખી શકાય, તો આપણી ઈન્દ્રિયોને કાબૂમાં રાખી શકાય! શ્રીઆચાર્યચરણ આપણા જેવી દુન્યવી, સંસારમાં રચ્યાપચ્યા જીવોનું વર્ણન કરતાં આજ્ઞા કરે છે કે : 'આ જીવો કેવળ બે જ લૌકિક બાબતોમાં રમમાણ છે : (૧) લૌકિક વાતનો રસ, અને કેવળ (૨) લૌકિક ભોજનનો રસ, આ બંને રસ આપણી ઈન્દ્રિયોને આપણા મન ઉપર, આપણી બુદ્ધિ ઉપર, આપણા હૃદય ઉપર સવારી કરાવે છે. પરિણામે, આપણું મન આ ઈન્દ્રિયોના કાબૂમાં આવે છે. ઈન્દ્રિયો મનના કાબૂમાં રહેતી નથી. ઘોડેસવાર વશ થાય છે, ઘોડો ઘોડેસવારને વશ થતો નથી.' એ ઘોડેસવાર ઘોડાને વશ કરે ત્યારે એની કળા સાચી.

આવી આપણી એકાદશ ઈન્દ્રિયો, તે જેમાં રહેલી છે એ દેહ અને આ સૌનું સંચાલન કરનાર આત્મા-એમ કુલ થયાં તેર. આ તેરેય તત્ત્વો ભગવચ્ચરણમાં આસક્ત થાય, ભગવચ્ચરણમાં ગતિ અને રતિ રાખે, માટે આજના આ ત્રયોદશીના શુભ દિને ભગવદ્‌વાર્તાનો પ્રારંભ થયો છે.

ભગવદ્‌વાર્તાનું સ્વરૂપ-ઉત્તમ વક્તાનું સ્વરૂપ :

ભગવદ્‌વાર્તાનો પ્રારંભ કર્યો છે ત્યારે ભગવદ્‌વાર્તાના સ્વરૂપ વિશે પણ થોડું જાણી લેવું પડશે. ભગવદ્‌વાર્તા અને કથા આપણે ઘણી વાર સાંભળીએ છીએ. આપણામાંના ઘણા વૈષ્ણવો તો દરરોજ રાત્રે ભગવદ્‌વાર્તા સાંભળતા હશે અને કરતા હશે. છતાંયે આપણી એક ફરિયાદ છે કે આ બધું સાંભળીએ છીએ, પણ યાદ કંઇ રહેતું નથી. કદાચ થોડુંક યાદ રહે છે, તો એ જીવનમાં ઊતરતું નથી. ભગવદ્‌વાર્તામાં આવું કેમ થતું હશે?

શ્રીઆચાર્યચરણ 'જલભેદ' નામના ગ્રંથમાં આનો ખુલાસો કરે છેઃ ભગવદ્‌વાર્તા એ અમૃતનો મહાસાગર છે. આ અમૃત દેવોને સમુદ્રમાંથી મળેલું અમૃત નહીં, અલૌકિક ભગવદ્-રસામૃત છે, જેનું પાન કરવા માટે દેવો પણ શુકદેવજી મહારાજ પાસે આવ્યા હતા. આ ભગવદ્‌રસામૃતનો મહાસાગર આજે અહીં શ્રીગિરિરાજ-

બાવાની તળેટીમાં છલકાઈ રહ્યો છે. જે મરજીવા બનીને ભગવત્કૃપાથી એ સમુદ્રમાં ઝંપલાવશે, તેઓ ભગવદ્રસના અમૃતનું પાન કરીને પ્રસન્ન થશે. 'માંહી પડયા તે મહાસુખ માણે'; પરંતુ અંદર પડવાની બીકથી, કિનારે બેસી છબછબિયાં કરીશું, તો કયાંક એ અમૃતનાં થોડાંક બિંદુ હૃદયમાં પધારશે. દૂર ઊભા રહીને દર્શન કરીશું, તો થોડોક સમય પ્રસન્નતા થશે. એવો આ ભગવદ્રસનો મહાસાગર એટલે ભગવદ્વાર્તા. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે 'આવો રસસાગર કયારે પ્રગટ થાય? વક્તાઓના અનેક પ્રકાર છે. એમાં ઉત્તમમાં ઉત્તમ વક્તા ભગવત્કૃપાથી જો આપણને પ્રાપ્ત થઇ જાય, તો આ ભગવદ્રસનો મહાસાગર આપણે માણી શકીએ, ધરાઇ-ધરાઈને એનું પાન કરી શકીએ.'

ઉત્તમ વક્તા કેવા હોય? શ્રી આચાર્યચરણે એનું લક્ષણ બતાવ્યું-

"સર્વાનેવ ગુણાન્વિષ્ણોર્વર્ણયન્તિ વિચક્ષણાઃ ।
તેડમૃતોદાઃ સમાખ્યાતાસ્તદ્વાક્પાનં સુદુર્લભમ્ ॥"
(જલભેદ - ૧૭)

ભગવદ્વાર્તા રસના ઉત્તમ વક્તાઓ 'સુદુર્લભ' છે. જે કેવળ ભગવદ્રસની અનુભૂતિ કરવા માટે જ ભગવદ્વાર્તા કરે છે, જેમને બીજા કોઇ પણ પ્રકારનો સ્વાર્થ નથી, પ્રતિષ્ઠાનો પડછાયો પણ જોઇતો નથી, કીર્તિની આકાંક્ષા નથી. જેમને હૃદયમાં પ્રભુકૃપાથી ભગવલ્લીલાની અનુભૂતિ થાય છે અને અનાયસ એ લીલા એમની જિહ્વા દ્વારા પ્રગટ થાય છે, એ ઉત્તમ વક્તાઓ છે. એવા વક્તાઓ મળવા સુદુર્લભ છે.

આપણાં મહદ્ ભાગ્ય છે કે આજે આ ભગવદ્વાર્તા માટે આપણને આવા સુદુર્લભ વક્તા પ્રાપ્ત થયા છે, અને તે છે શ્રીહરિરાયચરણ. આપણી આ ભગવદ્વાર્તાના વક્તા શ્રીમદ્ હરિરાયચરણ મહાપ્રભુજી છે. આપણે સહુ આ ભગવદ્વાર્તાના શ્રોતાઓ છીએ. હું તો એક નિમિત્ત છું, ભગવદ્વાર્તા કરવાની મારી કોઇ શક્તિ નથી, ગતિ નથી, મતિ નથી. શ્રીહરિરાયચરણ કૃપા કરીને, હૃદયમાં બિરાજીને, પોતાની જ આ ભગવદ્વાર્તા આપણને સહુને શ્રવણ કરાવે એવી એમનાં ચરણોમાં આપણે વિનંતી કરીએ.

ઉત્તમ શ્રોતાનું સ્વરૂપ :-

આવા ઉત્તમ વકતા પ્રાપ્ત થયા પછી, શ્રીઆચાર્યચરણ તરત જ આજ્ઞા કરે છે કે 'વક્તા શોધવા તમે નીકળ્યા હતા, અને તેમને ઉત્તમમાં ઉત્તમ વક્તા પણ પ્રભુકૃપાથી પ્રાપ્ત થયા. હવે પૂછો કે ઉત્તમ શ્રોતા કેવા હોય? આપણી ફરિયાદ છે

કે ભગવદ્વાર્તા અમને યાદ નથી રહેતી. એમાં દોષ જો કોઇનો હોય તો તે આપણો છે; કારણ કે આપણે ઉત્તમ શ્રોતા છીએ ખરા?' શ્રીહરિરાયચરણે ઉત્તમ શ્રોતાનું લક્ષણ આપ્યું :

કૃત્વા વિષયવૈરાગ્યં પરિતોષં વિધાય ચ ।
સદાનંદં સદાનંદં ફલપ્રાપ્ત્યૈ સદા ભજેત્ ॥
(શિક્ષાપત્ર-૯-૩૫)

શ્રોતા બનવા માટે શ્રીહરિરાયચરણ બે શરતો મૂકે છે : આ ભગવદ્વાર્તાના મહાસાગરના કિનારે આવવું હોય, ભગવદ્વાર્તાના મંદિરમાં પ્રવેશ કરવો હોય, તો આપણા જોડા-ચંપલ બહાર મૂકીને આવવું પડે. એ જોડા-ચંપલની સાથે બીજી પણ એક બાબત આપણે બહાર મૂકીને આવવાની છે. તે છે સંસારના વિષયોનું પોટલું, જે આપણે માથે ઊંચકીને ફરીએ છીએ, એને પણ બહાર મૂકવું પડશે. જગતમાં રમમાણ રહેનાર જો જગદીશને શોધે તો એને જગદીશ જડે નહીં. કાંતો જગતને પ્રેમ કરો ને કાંતો જગદીશને પ્રેમ કરો. લૌકિક વિષયોમાં વિરક્તિ એ ભગવદ્વાર્તા સાંભળવા માટે આવશ્યક એવી સૌથી પહેલી શરત છે.

જે અહીં નથી આવ્યા એમને એમ કે થશે કે ત્યાં જઇને બેઠેલા કેવા બડભાગી છે કે ભગવદ્વાર્તાનું શ્રવણ કરી રહ્યા હશે! નથી આવ્યા એમનું ચિત્ત કદાચ અહીંયાં હશે; પણ અહીં બેઠેલાંનું ચિત્ત ક્યાં હશે, એની મને ખબર નથી.

એક વાર પાંડિચેરી જવાનું થયેલું. મહર્ષિ અરવિન્દના નિકટના એક અંતેવાસીને પૂછ્યું : 'અહીં સાધકો કેટલા છે?' એમણે હસતાં હસતાં કહ્યુ : 'રમેશભાઇ, સાધકોની સંખ્યા તો મને ખબર નથી. માણસો કેટલા છે તે પૂછો, તો હું આંકડો આપું.'

પ્રશ્ન એ થાય છે કે ભગવદ્વાર્તા માટે આપણે આવીએ છીએ, બેસીએ છીએ, ત્યારે આપણું મન એ ભગવદ્વાર્તામાં હોય છે ખરું? મન ભગવદ્વાર્તામાં પરોવવા મનને લૌકિક વિષયોથી દૂર રાખીએ. આ પહેલી શરત શ્રીહરિરાયચરણે આપી.

હવે બીજી શરત. પરિતોષ-સંતોષ લઇને બેસજો. હંમેશાં પારકે ભાણે મોટો લાડુ દેખાય છે. અહીં આવનારને થાય કે ક્યાંક બીજે જઇએ તો કેમ? હૃદયમાં સંતોષ લઇને, હૃદયને સ્વસ્થ રાખીને, ચિત્તમાં પ્રસન્નતા રાખીને, ભગવદ્વાર્તાનું શ્રવણ કરવું; આનંદપૂર્વક શ્રવણ કરવું. દીનતા, વૈરાગ્ય, સંતોષ અને આનંદ- ભગવદ્વાર્તા માટેના આ ચાર પાયા છે. આ ચાર પાયા ઉપર ભગવદ્ વાર્તાનું શ્રવણ કરીએ, તો શ્રીવલ્લભની કૃપાથી એ હૃદયારૂઢ થાય.

શ્રીઆચાર્યચરણે અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે પણ આ જ આજ્ઞા 'શ્રીયમુનાષ્ટક' અને 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના પ્રારંભમાં કરી કે : 'આ સ્તોત્રનો પાઠ કરો ત્યારે સદા અને મુદા કરજો-હમેશાં કરજો, આનંદપૂર્વક કરજો.' ભગવાન્નામ લેવું અને શ્રવણ કરવું. એ હમેશાં કરવું, આનંદપૂર્વક કરવું. પણ તે કયારે બને? શ્રદ્ધા હોય અને સાથે સાથે વિશુદ્ધ બુદ્ધિ હોય. આ બે હોય તો હંમેશાં ભગવન્નામ લેવાય અને આનંદપૂર્વક લેવાય. જેમણે આપણને આજ્ઞા કરી છે એમના વચનમાં આપણને શ્રદ્ધા હોવી જોઇએ. શ્રીવલ્લભના વચનમાં આપણને શ્રદ્ધા હોય, તો જ એ વચનોનું શ્રવણ અને કીર્તન આનંદપ્રદ બને. વિશુદ્ધ બુદ્ધિપૂર્વક જો આપણે એમનું શ્રવણ અને કીર્તન કરીએ તો તે ફલિત થાય.

શ્રીમહાપ્રભુજી ઉત્તમ શ્રોતાનું સ્વરૂપ બતાવે છે :

"શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ ।
અનિર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ॥"
(પંચપદ્યાનિ-૧)

શ્રોતાઓના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. ઉત્તમ શ્રોતા કોણ ? તો કહે છે, એ માખણ જેવો હોય. અગ્નિ ઉપર માખણને મૂકીએ એટલે પીગળીને ઘી થઇ જાય. અગ્નિ ઉપરથી ઘી લઇને, એ ઘીને ડીપ ફ્રીઝમાં મૂકી દઇએ તોય પાછું તેનું માખણ ન થાય. એક વાર અગ્નિ લાગ્યો અને એનું રૂપ બદલાયું, એ હંમેશને માટે બદલાઇ જાય. એક વાર ભગવદ્વાર્તાનું શ્રવણ કર્યું, અને ભગવતકૃપાથી હૃદયનું પરિવર્તન થઇ ગયું એ હંમેશને માટે થઇ જાય. દયા ભવૈયાએ એક વાર વૈષ્ણવી બંડી અને ધોતી પહેરી એ જીવનભર પહેરાઇ ગઇ. આ ઉત્તમ શ્રોતા છે.

મધ્યમ શ્રોતા કોણ? તો કહે છે કે તે મીણબત્તી જેવો છે. મીણબત્તી પ્રકટાવો તો અગ્નિને કારણે મીણ પીગળીને રસ બનશે, થોડા સમય સુધી એ રસ રહેશે અને પછી પાછો મીણનો ગઠ્ઠો થઇ જશે. ભગવદ્વાર્તાનું શ્રવણ કર્યા પછી મહિનો, બે મહિના એ પ્રમાણે જીવન કંઇક બદલાતું લાગે અને પછી પાછા હતા એવા થઇ જઇએ, એ મધ્યમ શ્રોતા.

ત્રીજો શ્રોતાઓનો પ્રકાર છે કે એ લાખ જેવાં છે. સીલ કરવાની જે લાખ આવે છે, એને ગરમ કરો. પુષ્કળ ગરમી આપો ત્યારે એ પીગળે, પણ અગ્નિથી જરાક દૂર કરો એટલે લાખોનો ગઠ્ઠો થઇ જાય. અહીં બેઠાં હોઇએ ત્યાં સુધી નિશ્ચય થઇ જાય કે સાંજે ઘેર ગયા પછી હવે જીવનમાં કયારેક અસમર્પિત નહીં લઇએ, પરંતુ મંડપની બહાર ગયા અને બહારની હવા લાગી એટલે મન તરત જ બદલાઇ

જાય કે ના,ના, વિચાર્યું હતું, પણ હજી વાર છે, હમણાં નહીં ફાવે. આ લાખ જેવો શ્રોતા.

ચોથો શ્રોતા કનિષ્ઠ શ્રોતા છે. એ ફાઇબર ગ્લાસ જેવો છે. એક એવો કાચ આવે છે. કે જેને અગ્નિમાં ગમે તેટલો તપાવો, તોપણ પીગળે નહીં કે તૂટે નહીં એનું રૂપ ન બદલાય. ભગવદ્‌વાર્તા સાંભળવા તો જીવ આવી ચઢ્યો હોય, સાંભળે પણ ખરો, કહે પણ ખરો કે બહુ સારી કથા થાય છે, પણ અહીં બેઠાં-બેઠાં જ કહે આ ઉપદેશ આપણા માટે નથી, બીજાં બધાંને જે કરવું હોય તે કરે, આપણે તો સાંભળવાનું જ, જીવનમાં કંઇ ઉતારવનું નહીં. એ આ ચોથા પ્રકારનો કનિષ્ઠ શ્રોત છે.

આથી, ભગવદ્‌વાર્તાનો જે રસ શ્રીવલ્લભમુખમાધુરીમાંથી પ્રગટ થયો, એ આપણા હૃદયમાં સ્થિર થતો નથી. શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ એવા શ્રીહરિરાયચરણ જ્યારે આપણી આ ભગવદ્‌વાર્તાના મુખ્ય વક્તા તરીકે બિરાજીને, એમના વચનામૃતોનું આપણને પાન કરાવવા પરિશ્રમ લે, ત્યારે એમની કૃપાથી આપણે આવા ઉત્તમ શ્રોતા બનીને, 'શિક્ષાપત્રોનું રસપાન કરીએ એવી અપેક્ષા સાથે, એવ મનોરથ સાથે હવે આપણે આપણા મુખ્ય વક્તા શ્રીહરિરાયચરણના સ્વરૂપને એમના અલૌકિક જીવનને યથાશક્તિ અને યથામતિ સમજવાનો પ્રયત્ન કરીશું.'

ગ્રંથકર્તા શ્રીહરિરાયચરણનું દિવ્ય ચરિત્ર :

શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ શ્રીગુસાંઇજીના સાત લાલજી પેકી દ્વિતીય કુમા શ્રીગોવિંદરાયજી થઇ ગયા. (વિ.સં.૧૫૯૬-૧૬૫૦). વિ.સં. ૧૫૯૬માં શ્રીગોવિંદ રાયજીનું પ્રાકટ્ય થયું. શ્રીગુસાંઇજી શ્રીગોવિંદરાયજીની બાળલીલાઓનાં દર્શન કરી એમને 'રાજાજી'ના લાડકા નામથી બોલાવે. શ્રીગોકુલેશપ્રભુએ આજ્ઞા કરી છે પ્રમાણે શ્રીગોવિંદરાયજી શ્રીઠાકોરજીના છ દિવ્ય ધર્મો પૈકીના પ્રથમ ધર્મ-ઐશ્વ ધર્મનું સ્વરૂપ છે. શ્રીગોવિંદરાયજીમાં ઐશ્વર્ય ધર્મ પ્રકટ બિરાજે છે શ્રીગુસાંઇજીએ શ્રીગોવિંદરાયજીને શ્રીવિઠ્ઠલનાથજી ઠાકોરજીની સેવા પધરાવ આપી. આ શ્રીવિઠ્ઠલનાથજીનું એ. સ્વરૂપ છે, જે પેલો બ્રાહ્મણ શ્રીગુસાંઇજીન પ્રાકટ્ય સમયે ચરણાટમાં પધરાવીને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યો હતો શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુની સેવા શ્રીગોવિંદરાયજી બહુ પ્રેમથી કરે છે. સેવાન એટલો બધો આગ્રહ છે કે ઉત્થાપનમાં પ્રભુને શીતળ જળનાં ઝરીજી પોતે ભરે અને એ સેવા કદી જતી ન કરે.

એક વખત શ્રીગોવિંદરાયજીના લગ્નનો પ્રસ્તાવ આવ્યો. ગોરજ મુહૂર્તનો સમ

હતો. સાંજે શોભાયાત્રા નીકળવાની હતી. શોભાયાત્રાની સર્વતૈયારીઓ થઇ ચૂકી. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે રાજાજીને પધરાવો. આપ પધાર્યા ખરા, પણ નેત્રોમાં અશ્રુ હતાં, મુખ મ્લાન હતું. શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છેઃ 'રાજાજી, આ આનંદ-મંગલ પ્રસંગે આપનાં નેત્રોમાં અશ્રુ અને મુખ પર ગ્લાનિ કેમ છે?' શ્રીગોવિંદરાયજી વિનંતી કરે છે : 'કાકાજી, શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુના ઉત્થાપનનાં ઝારીજી ભરવાનો હમણાં સમય થશે, ઉત્પાનનાં દર્શન થશે. મારી એ સેવા છૂટશે એનું મને દુઃખ છે. આપ હંમેશાં આજ્ઞા કરો છો કે લગ્નાદિ સર્વ કાર્યો લૌકિક હેતુ માટે ન હોય; ભગવત્સેવોપયોગી હોય, તો જ સ્વીકારાય. અને આજે, લગ્નને કારણે મારી સેવા છૂટશે.'

શ્રીગુસાંઇજી બહુ જ પ્રસન્ન થયા. આજ્ઞા કરીઃ 'બાવા, આપ અપરસમાં પધારો, સ્નાન કરો. લગ્નનું મુહૂર્ત પાછું ઠેલાશે.' શ્રીગોવિંદરાયજી બહુ પ્રસન્ન થયા. આમ, આપે પોતાના ઐશ્વર્ય ધર્મ પ્રગટ બતાવ્યો.

એ શ્રીગોવિંદરાયજીએ પોતે, શ્રીગુસાંઇજીના સ્વરૂપનું વર્ણન કરતું 'શ્રીવિઠ્ઠલેશાષ્ટક' નામે ખૂબ સુંદર અષ્ટક-સ્તોત્ર રચ્યું છે.

શ્રીગોવિંદરાયજીનાં વહુજી મહારાજનું નામ છે શ્રીરાણીજીવહુજી. આપને ત્યાં ચાર પુત્રરત્નોનું પ્રાકટય થયું છે. જ્યેષ્ઠ કુમાર છે શ્રીકલ્યાણરાયજી. વિ. સં. ૧૬૨૫માં એમનું પ્રાકટ્ય થયું છે. દ્વિતીય કુમાર શ્રીગોકુલોત્સવજી(વિ.સં. ૧૬૩૪) છે, તૃતીય કુમાર શ્રીકૃષ્ણરાયજી (વિ.સ. ૧૬૩૭) છે અને ચતુર્થ કુમાર શ્રીલક્ષ્મીનરસિંહજી (વિ. સ. ૧૬૪૧) છે. આપને બે બેટીજી છે - શ્રીરુકિમણિજી અને શ્રીરામકુંવરજી.

શ્રીગુસાંઇજીના સાત લાલજીઓ પૈકી સહુથી પહેલા લાલજીનું પ્રાકટય શ્રીગોવિંદરાયજીને ત્યાં થયું છે. શ્રીગુસાંઇજીના સહુથી પ્રથમ પૌત્ર શ્રીકલ્યાણરાયજી છે. શ્રીકલ્યાણરાયજીનું પ્રાકટય વિ.સં. ૧૬૨૫ના માગસર વદ-૭ના દિવસે થયું. ત્યારે પૌત્રના પ્રાકટયની વધાઇ શ્રીગોવર્ધનધરે શ્રીગુસાંઇજીને આપી : 'આપ દાદાજી બન્યા છો, આપના ત્યાં પૌત્રનું પ્રાકટય થયું છે. કાકાજી, હવે આપ મને વધાઈમાં શું આપશો?' શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીને સુવર્ણનૂપુર સિદ્ધ કરાવીને ધર્યાં છે - અંગીકાર કરાવ્યા છે. એ નૂપુર ઉપર 'શ્રીગોવિંદ' એવા શબ્દ અંકિત છે. આજે પણ એ સુવર્ણનૂપુર શ્રીનાથજીબાવાને ત્યાં બિરાજે છે, એ અંગીકાર કરે છે.

શ્રીકલ્યાણરાયજીના પ્રાકટયની વધાઇ શ્રીછીતસ્વામી આદિ ભગવદીયોએ ગાઇ છે. શ્રીછીતસ્વામી આજ્ઞા કરે છે કે : 'જગતનું કલ્યાણ કરવા માટે

શ્રીકલ્યાણરાયજી પ્રગટ થયા છે. ''યથા નામાઃ તથા ગુણાઃ'' માટે એમનું નામ રાખવામાં આવ્યું શ્રીકલ્યાણરાયજી.

શ્રીગુસાંઇજીની એમના ઉપર અનહદ પ્રીતિ. એ વ્યાજનું વ્યાજ છે. શ્રીગુસાંઇજી શ્રીકલ્યાણરાયજીને બાલ્યાવસ્થામાં ગોદમાં પધરાવીને ખેલાવે છે. શ્રીકલ્યાણરાયજીનાં સંસ્કારસિંચન અને નામમંત્રોપદેશ શ્રીગુસાંઇજીએ કર્યાં છે.

શ્રીકલ્યાણરાયજી દસ વર્ષના હતા, ત્યારે શ્રીગુસાંઇજીના કાકા, શ્રીમહાપ્રભુજીના ભાઇ - કેશવપુરીજી એમનું નામ, જે સંન્યાસી હતા, તેઓ આવ્યા. શ્રીગુસાંઇજીને એમણે કહ્યું કે : 'આપને સાત પુત્રો પ્રભુએ આપ્યા છે. મારો મોટો મઠ છે, સંપત્તિ છે, પણ મારી પાસે સુયોગ્ય શિષ્ય નથી, વારસ નથી. તમારો એક પુત્ર મને આપો.' સહુ બાળકોએ વિનંતી કરી; 'કાકાજી, અમને ના આપશો. આપની છત્રછાયા અને પ્રભુની સેવા છોડીને અમને મોકલશો નહીં.' શ્રીગુસાંઇજીએ કાકાને વિનંતી કરી કે 'હું આપને કાલે જવાબ આપીશ.'

રાત્રે શ્રીકલ્યાણરાયજી મનમાં વિચાર કરે છે કે આ ઘરમાં સહુથી નાનો હું છું. પિતાજી અને કાકાઓએ તો વિનંતી કરી કે અમને ના આપશો. એટલે વારો આવશે મારો. હું નાનો છું. બોલતા બહુ ઝાઝું આવડતુ નથી. મારી વાત કદાચ સાંભળે પણ નહીં! મારે શું ભગવત્‌સેવા અને સ્મરણ છોડીને જવું પડશે?

આખી રાત નીંદ નથી આવી. હૃદયમાં વિરહતા-કલેશ છે. વહેલી સવારે જાગીને, શ્રીગુસાંઇજીનાં શય્યાજી પાસે આવીને, શ્રીગુસાંઇજીનાં ચરણાવિંદ પકડીને શ્રીકલ્યાણરાયજી વિનંતી કરે છે : 'હૌં વ્રજ માગનો જી, વ્રજ તજ અનત ન જાઉં' - હે તાતચરણ! હું આપની પાસે એટલું જ માગું છું કે જ્યાં શ્રીપ્રભુ બિરાજે છે તેવા આ અલૌકિક વ્રજધામ, આ શ્રીમદ્ ગોકુળને છોડીને મારે બીજે કયાંય જવું ન પડે. 'કર ન પસારૌ' - હું કોઇની સામે હાથ ન લંબાવું. ''શીશ ન નાઉં, યા બ્રજકે અભિમાન.'' હું આ વ્રજનો છું. હું વ્રજાધીશનો છું, એવો સૌભાગ્યનો મદ મારા હૃદયમાં સદાય રહ્યા કરો. છેવટે તેમણે વિનંતી કરી કે ''કહત 'કલ્યાણ' મુકુંદ તાત, કરકમલ ધરૌં મમ શીશ''- આપનો હસ્તકમળ મારા મસ્તકને મૂકીને મને અભયદાન આપો, મને આશીર્વાદ આપો કે હું આ વ્રજ છોડીને બીજે કયાંય જઉં નહીં. મારે સુખ નથી જોઇતું, મારે સંપત્તિ નથી જોઇતી, મારે જગતમાં પ્રતિષ્ઠા નથી જોઇતી. મારે જોઇએ છે કેવળ ભગવત્‌સેવા સ્મરણ.

દશ વર્ષના શ્રીકલ્યાણરાયજીની આ અલૌકિક ભાવના જાણીને શ્રીગુસાંઇજી ખૂબ પ્રસન્ન થયા. શ્રીગુસાંઇજીએ સ્વમુખારવિંદનું ચર્વિત તાંબૂલ શ્રીકલ્યાણરાયજીના

મુખારવિંદમાં પધરાવીને અભયદાન આપ્યું.

શ્રીગુસાંઇજીએ ચર્વિત તાંબૂલ બે ભગવત્-સ્વરૂપોને આપ્યું છે. એક તો આપના પૌત્રરત્ન શ્રીકલ્યાણરાયજીને અને બીજું ૨૫૨ ભગવદીયો પૈકીના શ્રીવલ્લભાખ્યાનના રચયિતા શ્રીગોપાલદાસભાઇને. એની સિદ્ધિનાં દર્શન આ બંને સ્થળે આપણને થાય છે. શ્રીગોપાલદાસભાઇના મુખમાં અધરામૃત પધાર્યું, શ્રીગુસાંઇજીનો ચર્વિત અલૌકિક રસ એમના હૃદયમાં બિરાજ્યો અને ભગવદ્રસનું - ભગવદ્ભોગ્યાસુધાનું સંવલિત સ્વરૂપ 'શ્રીવલ્લભાખ્યાન'ના નામે પ્રગટ થયું. શ્રીકલ્યાણરાયજી હૃદયમાં એ જ કૃષ્ણાધરામૃતસ્વાદ પધરાવતાં, આ ચર્વિત સ્વરૂપ શ્રીહરિરાયચરણ સ્વરૂપ પ્રગટ થવાનું છે. નામ અને રૂપ બંને સ્વરૂપે શ્રીગુસાંઇજીએ પોતે પોતાનાં સ્વરૂપો પ્રગટ કર્યાં છે. શ્રીવલ્લભાખ્યાનમાં નામ-સ્વરૂપ અને શ્રીહરિરાયચરણ દ્વારા પોતાનું સાક્ષાત્ સ્વરૂપ પ્રગટ થાય છે.

શ્રીકલ્યાણરાયજીનાં લગ્ન થયાં, શ્રીજમુનાવહુજીની સાથે. વર્ષો વીત્યાં છે. પુત્રરત્નની પ્રાપ્તિ થઇ નથી. હૃદયમાં એક વિચાર છે કે પ્રભુને મારા પછી કોણ લાડ લડાવશે? એમના હૃદયમાં ભારે મંથન છે. ભગવત્સુખ માટે બેચેન છે. આ વખતે ભૂતળ ઉપર શ્રીગોકુલેશ પ્રભુ બિરાજતા હતા. શ્રીકલ્યાણરાયજી ઉપર શ્રીગોકુલેશ પ્રભુને ખૂબ પ્રેમ છે. આપે આજ્ઞા કરીઃ 'બાવા, આપ વિચાર કરશો જ નહીં. આપના હૃદયમાં શ્રીગુસાંઇજી ચર્વિત સ્વરૂપે બિરાજે છે, તે જરૂર પ્રગટ થશે.' શ્રીગોકુલેશ પ્રભુના આશીર્વાદથી શ્રીજમુનાવહુજીને ત્યાં વિક્રમ સંવત ૧૬૪૭ ને ભાદરવા સુદ પંચમીને શુભ દિવસે, આજથી લગભગ ચારસો વર્ષ પહેલાં, વ્રજભૂમિ શ્રીમદ્ ગોકુળમાં શ્રીહરિરાયચરણનું પ્રાગટ્ય થયું.

શ્રીગોકુલનાથજીને શ્રીહરિરાયચરણ ઉપર ખૂબ જ પ્રેમ છે. શ્રીહરિરાયચરણની બાલ્યાવસ્થાથી જ શ્રીગોકુલેશ પ્રભુએ સંસ્કારસિંચન કર્યાં. દશ વર્ષની વયે તેમનો યજ્ઞોપવીત સંસ્કાર થયો. શ્રીગોકુલેશ પ્રભુએ બ્રહ્મસંબંધનું દાન કર્યું.

શ્રીહરિરાયચરણને બાલ્યાવસ્થાથી ભગવદ્વાર્તામાં ભારે આસક્તિ. આપે સદૈન્ય શ્રીગોકુલેશ પ્રભુ પાંસે બિરાજીને ભગવદ્વાર્તાનું શ્રવણ કરે. બીજા વૈષ્ણવોની મંડળીની મધ્યમાં બિરાજીને દશ વર્ષની વયથી જ ભગવદ્વાર્તા કરે. ભગવદ્વાર્તામાં આપને એટલો બધો આનંદ આવે કે દેહનું અનુસંધાન રહે નહીં. પોતે ગાદીજી ઉપર બિરાજ્યા હોય, તો ત્યાંથી વૈષ્ણવોની વચમાં સમાન આસન ઉપર બિરાજી જાય. ભગવદ્વાર્તાના રસમાં લીન બની જાય. દેશ અને કાળનું કોઇ ધ્યાન રહે નહીં. અતિ ગૂઢ ભગવલ્લીલાનો રસ ત્યાં વહેવા માંડે. આપના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજી આ

જાણે. શ્રીહરિરાયચરણને આપે આજ્ઞા કરી : “બાવા, વૈષ્ણવોની સાથે આટલું બધું હળવુંમળવું ઠીક નથી. આપ શ્રીવલ્લભવંશમાં પ્રગટ થયા છો, એનું સદાય સ્મરણ રાખો. આપ આ રીતે ભગવદ્‌વાર્તા ન કરો.” પિતૃચરણની આજ્ઞા શ્રીહરિરાયચરણે બહુ ગણકારી નહીં. બહુ બહુ સમજાવવા છતાંય જ્યારે શ્રીહરિરાયચરણે ભગવદ્‌વાર્તાનો આગ્રહ ઓછો ન કર્યો, ત્યારે એમ કહેવાય છે કે, આપશ્રીને એમના ખંડમાં એકાંતમાં રાખવામાં આવ્યા. વૈષ્ણવોને ત્યાં જવાની મનાઇ કરવામાં આવી. વૈષ્ણવોની ઉપસ્થિતિ વિના ભગવદ્‌વાર્તાના અભાવમાં શ્રીહરિરાયચરણને હૃદયમાં એટલો બધો કલેશ થયો કે વિયોગમાં આપ સદાય ‘શ્રીસર્વોત્તમસ્તોત્ર’નું રટણ કર્યા કરતા. ત્યારે ત્રણ દિવસના એકાંતવાસમાં વિરહાગ્નિ સ્વરૂપ-શ્રીવલ્લભના સ્વરૂપનું રટણ કરતાં કરતાં, શ્રીઆચાર્યચરણ શ્રીહરિરાયચરણની સન્મુખ પ્રગટ થયા. મધુરાધિપતિએ મધુર સ્વરૂપે દર્શન આપ્યાં અને શ્રીહરિરાયચરણને પોતાના અલૌકિક સ્વરૂપનું દાન કર્યું. શ્રીકલ્યાણરાયજીએ જોયું કે શ્રીહરિરાયચરણના ખંડમાં અદ્‌ભુત અલૌકિક પ્રકાશ પથરાઈ ગયો છે. આપે આ જાણ્યું ત્યારે શ્રીહરિરાયચરણને આજ્ઞા કરી કે ‘ભલે, ત્યારે જેમ ઇચ્છો તેમ ભગવદ્‌વાર્તા જરૂર કરજો.’ શ્રીગોકુલનાથજી દ્વારા શ્રીહરિરાયચરણનુ ભાવપોષણ અને વૃદ્ધિ થયાં.

શ્રીહરિરાયચરણજીનાં લગ્ન શ્રીસુંદરવતાં વહુજીની સાથે થયાં. આપને ચાર પુત્રરત્નોની પ્રાપ્તિ થઈ. આપશ્રીનું કુટુંબજીવન એટલું બધું પ્રસન્ન અને આનંદપૂર્ણ હતું કે કયાંય, કયારેય લૌકિક કલેશની ગંધ પણ ન હતી. આપશ્રીના લઘુ ભ્રાતા શ્રીગોપેશ્વરજી અને એમનાં વહુજી સાથે શ્રીહરિરાયચરણ પોતાના પરિવાર સહિત શ્રીમદ્ ગોકુળમાં બિરાજીને પોતાના સેવ્ય શ્રીવિઠ્ઠલનાથજીની ખૂબ પ્રેમથી સેવા કરે, લાડ લડાવે. “આપ સેવા કરી શીખવે શ્રીહરિ”- એ પંકિતને આપે ચરિતાર્થ કરી બતાવી.

એક વખત આપના લઘુ ભ્રાતા શ્રીગોપેશ્વરજીને મનોરથ થયો. જન્માષ્ટમીની પછીનો નોમનો દિવસ છે, નંદમહોત્સવ વખતે કાષ્ઠના પારણે શ્રીવિઠ્ઠલનાથજી ઝૂલી રહ્યા છે અને ‘પલના’નાં પદ ગવાય છે. રત્નજડિત પારણામાં પ્રભુ ઝૂલે છે એવું પદ ગવાઇ રહ્યું છે. શ્રીગોપેશ્વરજીએ વિનંતી કરી, “દાદાભાઇ, શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ માટે આવું રત્નજડિત-મણિમય ‘પલનું’ સિદ્ધ થાય એવો મારા મનનો મનોરથ છે. એવા પલનામાં મારે પ્રભુને ઝુલાવવા છે.” ત્યારે આપશ્રી મૌન રહ્યા. શ્રીગોપેશ્વરજીનો આ મનોરથ માટેનો તાપ વધતો ગયો, ત્યારે આપે આજ્ઞા કરી કે, “ભલે આવતી જન્માષ્ટમીએ મનોરથ કરો. પ્રભુ કૃપા કરી પૂર્ણ કરશે.” દિવસો જતાં વાર નથી

લાગતી. બીજી જન્માષ્ટમી આવી, પણ આવું પલનું સિદ્ધ થયું નથી. નોમના દિવસે એ જ કાષ્ઠના પલને (પારણે) પ્રભુ ઝૂલે છે. પોતાનો મનોરથ પૂર્ણ થયો નથી, તેથી શ્રીગોપેશ્વરજીને ભારે કલેશ થયો, દેહાનુસંધાન રહ્યું નહીં, બેહોશ થઈ ગયા. શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી : ''બાવા, આપ દર્શન તો કરો. શ્રીવિઠ્ઠલનાથજી શામાં ઝૂલે છે?'' શ્રીહરિરાયચરણની કૃપાથી દર્શન કરે છે તો કાષ્ઠના પલનાને બદલે સાક્ષાત્ રત્નજડિત-મણિમય પલને શ્રીવિઠ્ઠલનાથજી ઝૂલી રહ્યા છે અને શ્રીગોપેશ્વરજી ઝુલાવી રહ્યા છે. અતિ આનંદ આવ્યો. આપશ્રીએ પછી પૂછયું : 'બાવા, ખરેખર જો રત્નજડિત પલનું અહીં હોત તો, આજે જે અલૌકિક આનંદ આવ્યો તે આવત ખરો?'

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : ભગવત્સેવામાં ઉપયોગી, ભગવત્-સેવોપયોગી સર્વ પદાર્થો અલૌકિક ભાવાત્મક સ્વરૂપના છે. એમને આપણે લૌકિક દૃષ્ટિથી અને અલૌકિક બુદ્ધિથી મૂલવવા નહીં. જે પલને આપણે પ્રભુને ઝુલાવીએ છીએ એ પલનું સાક્ષાત્ રત્નજડિત-મણિમય જ છે, એ ભાવથી પ્રભુને ઝુલાવો. સેવામાં સાધનનું મહત્ત્વ ગૌણ છે. પ્રભુની પ્રસન્નતા માટે તો પ્રેમનું, દીનતાનું, હૃદયના તાપભાવનું મહત્ત્વ વિશેષ છે. પણ કોઈ આનો અર્થ એવો ન કરે કે પ્રભુએ આપણને સંપત્તિ અને સાધન આપ્યાં હોય, તો તેનો પ્રભુસુખ અર્થે વિનિયોગ ન કરાવવો. પ્રભુસુખ અર્થે આપણાં સર્વ સાધનોનો વિનિયોગ કરાવતાં કરાવતાં આ સર્વ સેવોપયોગી પદાર્થોમાં અલૌકિક ભાવના, અલૌકિક બુદ્ધિ રાખવી. સેવા કેવળ શરીરથી કરીએ અને દ્રવ્યથી કરીએ તે પૂરતું નથી. તનુવિત્તજાની સાથે-સાથે ચિત્ત પ્રભુની સેવામાં પરોવાય એ માટે સ્વરૂપ-ભાવના, ભાવભાવના અને લીલાભાવનાનું આપણે સદાય ચિંતન કરવું જ રહ્યું. આમ ન થાય તો સેવા યંત્રવત્ થાય, જડવત્ થાય. તે કર્મકાંડ બની જશે. આમાં કદાચ સેવાની રીતિ નહીં રહે, સેવાનો પ્રેમ નહીં રહે; કારણ કે, ''સેવા રીત, પ્રીત, વ્રજજનકી'', આ બંને બાબતોનું પરસ્પર અનુકૂલન સાધીને સેવામાં આપણે સર્વ ઇન્દ્રિયોને પરોવવી.

શ્રીહરિરાયચરણ વિક્રમ સંવત ૧૭૨૫ ની સાલમાં શ્રીમદ્ ગોકુળ છોડીને ખીમનોરમાં પધારે છે. આજે જ્યાં શ્રીનાથદ્વારામાં શ્રીવિઠ્ઠલનાથજીનું મંદિર છે, ત્યાં એ સમયમાં એક નાનકડું ગામ હતું. એનું નામ હતું ખેડા ગામ, જ્યાં શ્રીનાથજીના મંદિરનો પ્રીતમપોળનો દરવાજો છે, ત્યાં સુધી સિંહાડ ગામ હતું સિંહાડ અને ખેડા ગામની હદ તે વખતે ત્યાં હતી. આપે આજ્ઞા કરી કે બે વર્ષ પછી શ્રીનાથજી અહીં પધારવાના છે, અજબકુંવરીનું વરદાન પૂરું કરવા. ઉદયપુરના મહારાણા પાસેથી ખેડા ગામની જમીન આપને ભેટ મળી. ખીમનોર પણ ઉદયપુરના મહારાણાએ ભેટ

કર્યું. શરૂઆતમાં આપ આ ખીમનોર ગામમાં બિરાજ્યા અને પછી ખેડામાં મંદિર સિદ્ધ કરાવીને ત્યાં બિરાજ્યા. આપશ્રીનો એવો આગ્રહ હતો કે સિંહાડ ગામમાં રહેવું નહીં; કારણ કે શ્રીનાથજીની સત્તા ત્યાં થવાની છે. જ્યાં શ્રીનાથજીની સત્તા હોય ત્યાં એનું જળ પણ આપણા કામમાં ન આવે, એનો વિનિયોગ આપણા માટે ન થાય; કારણ કે શ્રીનાથજીનું જળ છે. માટે શ્રીનાથજીની સેવામાં જલદી પહોંચાય, છતાંય શ્રીનાથજીની સત્તાના ગામથી બહાર કહેવાય એવી રીતે આપ ત્યાં બિરાજ્યા. આજે તો હવે બે ગામ મટીને એક ગામ થઇ ગયું છે. સિંહાડ અને ખેડા ભુલાઇ ગયાં. શ્રીનાથદ્વારા જ આપણા સહુના હૃદયમાં સદાય અંક્તિ થઇ ગયું.

ખીમનોરમાં બિરાજીને આપે પોતાના દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે પરદેશ કરવા માંડયો. એક વખત આપ ગુજરાત, પધાર્યા; કારણ કે, આ ગુજરાતની ભૂમિને શ્રીમહાપ્રભુજીએ ત્રણ વખત પોતાની ચરણરજથી પાવન કરેલી, છ વખત શ્રીગુસાંઇજીએ પોતાની ચરણરજથી પાવન કરેલ, એક વખત શ્રીગોકુલેશ પ્રભુએ પણ પોતાની ચરણરજથી ગુજરાતની ભૂમિને પાવન કરેલ છે. હવે શ્રીહરિરાયચરણ પણ આ પ્રદેશમાં પધારે છે. વડોદરા જિલ્લામાં સાવલીના તળાવના રમણીય કિનારે આપ બિરાજ્યા છે. સેવાની ભાવભાવનાનો ગ્રંથ 'શ્રીસહસ્રીભાવના' સાવલીમાં બિરાજીને આપે રચ્યો છે. ભાનુક્ષેત્ર-જંબુસરમાં તળાવના કિનારે આપ બિરાજ્યા છે. શિક્ષાપત્રમાં જેમનો અવારનવાર ઉલ્લેખ આવે છે, એ પરમ ભગવદીય પ્રેમજીભાઇની સન્મુખ એમની વિનંતીથી આપે ત્યાં યુગલગીતની કથા કરીને અદ્‌ભુત રસવર્ષા કરી છે. જંબુસર જાઓ તો ત્યાં શ્રીહરિરાયચરણની સન્મુખ-યુગલગીતનાં પારાયણ-પાઠ અવશ્ય કરવાં. અસારવા જઇએ, તો ત્યાં શ્રીગોપાલદાસભાઇનું સ્મરણ કરીને, શ્રીવલ્લભાખ્યાનનું ગાન અવશ્ય કરવું. જ્યાંજ્યાં આ ગ્રંથોનાં પ્રાકટય થયાં છે, ત્યાં ત્યાં આ ગ્રંથોનું રટણ પ્રભુકૃપાથી બની આવે, તો એનો અપૂર્વ અલૌકિક આનંદ આવે છે. શ્રીહરિરાયચરણ ડાકોર પધાર્યા છે. શ્રીરણછોડરાયજીએ આપને આજ્ઞા કરી કે : મને પાટ પધરાવી મારી સેવાનો પ્રકાર શરૂ કરો. શ્રીરણછોડરાયજીનો પાટોત્સવ આપે મનાવ્યો છે. શ્રીહરિરાયચરણ શ્રીરણછોડરાયજીની સેવાનો પ્રકાર શરૂ કરે છે. ગોમતી તળાવના કિનારે બિરાજીને શ્રીમદ્ ભાગવતનું પારાયણ આ ક્ષેત્રમાં શરૂ કર્યું છે. આમ, ગુજરાતમાં શ્રીહરિરાયચરણ સાવલી, જંબુસર અને ડાકોરમાં બિરાજે છે. શ્રીહરિરાયચરણ શ્રીમદ્ ગોકુળમાં બિરાજ્યા છે, ત્યાં પોતાના ઘરમાં આપનાં બેઠકજી બિરાજે છે તે ચોથાં બેઠકજી. ખીમનોરમાં આપે જ્યાં પારાયણ કર્યું છે, ત્યાં આપનાં પાંચમાં

બેઠકજી બિરાજે છે. શ્રીનાથદ્વારામાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં આપ બિરાજ્યા છે, ત્યાં આપનાં છઠ્ઠાં બેઠકજી બિરાજે છે અને સાતમાં બેઠકજી બિરાજે છે રાજસ્થાનમાં, રણપ્રદેશમાં આવેલ જેસલમેર નામના શહેરમાં.

"તે તામસનાં અઘ હર્યાં વ્હાલે, પ્રતાપ પદરજ ગંધ" એવા તામસ પ્રદેશ જેસલમેરમાં શ્રીહરિરાયચરણ પહેલવહેલા પધાર્યા છે. શહેરના કિલ્લાના દરવાજે કર ઉઘરાવવા માટે સરકારી માણસ બેઠો છે. એ રોકે છે કે 'તમે પરદેશી આ ગામમાં આવો છો એટલે તમારો નિયમ પ્રમાણે કર ભરવો પડશે.' એ જમાનામાં રૂપિયા ૩૨/- નો કર આપે ચૂકવ્યો છે. શ્રીહરિરાયચરણે જ્યારે આ જાણ્યું કે પોતાને રાજ્યનો કર ભરવો પડયો છે, ત્યારે આજ્ઞા કરી કે 'જે રાજ્ય આપણું માન ન જાળવે અને આપણી પાસેથી કર લે, એના ગામનું જળ પણ ન લેવાય.' સેવકોને આજ્ઞા થઇ, 'ગામ બહાર મુકામ કરો.' ચારે બાજુ તપાસ થઇ. રણપ્રદેશ છે, જળનું નામનિશાન નથી. બહુ તપાસ કરતાં કોઇકે બતાવ્યું કે દૂર એક સુકાઇ ગયેલું તળાવ છે. અમારા બાપદાદાઓના વખતનું એ સૂકું પડયું છે. એમાં એક સુકાયેલો કૂવો છે. બાકી કયાંય જળાશય નથી. સેવકોએ આવીને વિનંતી કરી, 'કૃપાનાથ, કયાંય જળાશય નથી.' આપે આજ્ઞા કરી, 'જાઓ, એ કૂવામાં તમે જઇને જુઓ. બીજાઓ કહે માટે માની ન લો.' સેવકોએ જઇને જોયું તો સુકાયેલો કહેવાતો કૂવો ટોચ સુધી જળથી ભરેલો છે. મીઠું જળ છે. સેવકો રાજી થતા-થતા આવ્યા, 'કૃપાનાથ, કૂવો જળથી ભરેલો છે.' આપે આજ્ઞા કરી : 'ત્યાં મુકામ કરો.' મુકામ થયો. આ ચમત્કારના સમાચાર જેસલમેરના રાજવીને કાને પહોંચ્યા. ખુલ્લા પગે દોડતો રાજા આવ્યો, "મહારાજ, મને ક્ષમા કરો. મારો અપરાધ થયો." આપે આજ્ઞા કરી : "રાજન્ , તમે હિન્દુ છો. સૂર્યવંશી છો. અકબર અને જહાંગીર જેવા યવન બાદશાહોએ પણ અમારો કર માફ કર્યો છે અને અહીં તમે અમારો કર લો છો?" રાજાએ વિનંતી કરી : "મહારાજ, એ સરકારી નોકરને મેં ઠપકો આપ્યો છે, પણ વાંક મારો ગણાય. આપના રૂપિયા બત્રીસ કરના અને એટલો બીજો દંડ ઉમેરીને હું આપનાં ચરણવિંદમાં તે ધરી દઉં છું. આપ કૃપા કરીને મારા શહેરને પાવન કરવા પધારો. મને સેવક કરો." શ્રીહરિરાયચરણ જેસલમેરમાં પધારે છે. છ મહિના સુધી ત્યાં બિરાજે છે. જેસલમરમાં આપે સાત વખત શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું છે. અનેક દૈવી જીવોને શરણે લીધા છે. રાજા સહકુટુંબ વૈષ્ણવ થયા અને ભગવત્સેવા પધરાવી.

જેસલમેરમાં આપનો મુકામ હતો ત્યારે આપશ્રીને ભવિષ્યનું દર્શન થાય છે

કે, થોડા સમય પછી તેઓના લઘુભ્રાતા શ્રીગોપેશ્વરજીનાં વહુજી આસુરવ્યામોહલીલા કરશે. વહુજી મહારાજ સેવામાં ખૂબ જ તત્પર છે. પરિણામે, શ્રીગોપેશ્વરજી એમની સાથે મળીને બહુ પ્રેમથી પ્રભુને લાડ લડાવે છે. સેવામાંથી સહાયક જતાં, શ્રીગોપેશ્વરજીને વિષાદ થશે. માટે આપે થોડા દિવસ પહેલાંથી જ શ્રીગોપેશ્વરજીને પત્રો લખવા માંડયાં. એ જમાનામાં આજના જેવી ટપાલની પદ્ધતિ ન હતી. ટેલિફોનની વ્યવસ્થા પણ ન હતી. જેસલમેરના રાજાએ પત્રો પહોંચાડવા માટેની વ્યવસ્થા ઊભી કરી આપી. એક સાંઢણી-સવારે જેસલમેરથી દરરોજ સવારે પત્ર લઇને નીકળે. મારતી સાંઢણી આઠ ગાઉ જાય. ત્યાં બીજો તાજો સાંઢણી-સવાર તૈયાર હોય એ પેલો પત્ર લઇને આગળ આઠ ગાઉ જાય, ત્યાં ત્રીજો માણસ તૈયાર હોય. એમ દરરોજ, જેસલમેરથી સાંજ પડતાં-પડતાં ખીમનોર પત્રો પહોંચે. એ પ્રમાણે પત્રોની રચના થઇ જેસલમેરમાં અને પત્રો પહોંચ્યા ખીમનોરમાં.

શ્રીહરિરાયચરણ સિંધમાં પધાર્યા છે. સિંધમાં એક નિષ્કિંચન વૈષ્ણવ ઉપર આપે કૃપા કરી છે. એની પાસે પોતાના ગુરુદેવનાં ચરણારવિંદમાં ભેટ ધરવા માટે કશી જ સંપત્તિ ન હતી. શી ભેટ ધરવી? શ્રીદયારામભાઇ આજ્ઞા કરે છે : ‘દીનતાપાત્રમાં મનમણિ મૂકીને ભેટ ભગવંતજીને કરજો રે.’ એ સિવાય આ વૈષ્ણવ પાસે બીજું કંઇ ન હતું દીનતાનું પાત્ર છે અને મનનો મણિ છે; છતાંય એની સર્વસ્વ મૂડી જેવા રૂપિયા બે એની પાસે હતા, એ શ્રી હરિરાયચરણનાં ચરણારવિંદમાં ભેટ ધરી દીધા. પોતાનું સર્વસ્વ ધરી દીધું! આપશ્રી બહુ પ્રસન્ન થયા. એ દ્રવ્ય આપે જુદું રખાવ્યું. ખીમનોર પધાર્યા પછી એની સામગ્રી તૈયાર કરાવી શ્રીવિઠ્ઠલનાથજીને એ અંગીકાર કરાવે છે. જ્યારે એનો મહાપ્રસાદ વૈષ્ણવોને વાંટયો, ત્યારે વૈષ્ણવોને અદ્‌ભુત, અલૌકિક સ્વાદ આવ્યો.

શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે : ‘ન હિ સાધનસંપત્ત્યા હરિસ્તુષ્યતિ,’ પ્રભુ સાધન અને સંપત્તિથી કદી પણ પ્રાપ્ત થતા નથી. જો પ્રભુ કેવળ સાધનસંપત્તિથી પ્રસન્ન થતા હોત, તો પ્રભુ નિષ્કિંચન વૈષ્ણવોની પર્ણકુટિમાં ન બિરાજતા હોત, પણ શ્રીમંતોના સેફ ડિપોઝિટ વોલ્ટમાં બિરાજતા હોત. પ્રભુને સાધનસંપત્તિથી રીઝવી શકાતા નથી. ‘દૈન્યમ્ તત્તોષસાધનમ્’ - દીનતા એ જ પ્રભુને રીઝવવાનુ એકમાત્ર સાધન છે. સિંધના પ્રદેશ વખતે આપે આ સિદ્ધાંત ચરિતાર્થ કરી બતાવ્યો છે.

શ્રીનાથજીબાવા સંવત ૧૭૨૬માં શ્રીગિરિરાજથી પધાર્યા અને સંવત ૧૭૨૭માં સિંહાડમાં બિરાજ્યા. એ વખતે શ્રીહરિરાયચરણ ખીમનોરમાં બિરાજતા

હતા. સેવામાં કયારે-કયારે કોઇક ચૂક થાય, ત્યારે શ્રીજીબાવા શ્રીહરિરાયચરણને જતાવે છે. ત્યારે શ્રીહરિરાયચરણે સવારી તૈયાર રખાવી હોય છે. આપ મારતે ઘોડે પધારે છે. શ્રીજીબાવાની અપ્રસન્નતા દૂર કરે છે અને પ્રભુપ્રસન્નતા માટે સદા તત્પર રહે છે.

એક વાર અનોસર કરતાં શય્યામંદિરમાં પધારવા માટેની ગાદી, જેને વ્રજભાષામાં 'પેંડો' કહેવામાં આવે છે, એ પેંડો બિછાવવાનો રહી ગયેલો. શ્રીહરિરાયચરણે પધારીને પેંડો બિછાવ્યો. એક વાર દશદિગન્તવિજયી ગો. શ્રીપુરુષોત્તમજી નાથદ્વારા પધાર્યા હતા. સુંદર મોતીની રત્નજડિત મોજડી સિદ્ધ કરીને શ્રીનાથજી માટે આપ પધરાવીને લાવ્યા હતા. ઉષ્ણકાળના દિવસો હતા. ત્યારે શ્રીનાથજીબાવાને મોજડી ધરાય નહીં, પ્રભુને શ્રમ પડે; પરંતુ મોજડી સુંદર સિદ્ધ થઇ હતી. એટલે શ્રીતિલકાયત મહારાજશ્રીની આજ્ઞા લઇ મોજડી ધરાવી. શ્રીતિલકાયત મહારાજે આજ્ઞા કરી: 'રાજભોગના અનોસર થાય ત્યારે વડી કરજો.' પરંતુ મોજડી વડી કરવી કહી ગઇ. શ્રીજીબાવાએ શ્રીહરિરાયચરણને જતાવ્યું. આપે પધારીને મોજડી વડી કરી. આવી રીતે અનેક વખતે શ્રીહરિરાયચરણ દ્વારા શ્રીજીબાવાએ પોતાની સેવામાં થતી ચૂક સુધરાવી છે.

શ્રીહરિરાયચરણને શ્રીગોકુલનાથજી ઉપર ખૂબ પ્રીતિ. એક વખત આપે વિચાર કર્યો, શ્રીગોકુલેશ પ્રભુના મુખારવિંદથી શ્રવણ કર્યું છે કે માર્ગની ભૂતળ ઉપર ૪૫૦ વર્ષની સ્થિતિ છે, પછી શું? વિચાર કર્યો કે શ્રીગોકુલેશ પ્રભુ કૃપા કરે તો જ આ માર્ગની સ્થિતિ લંબાય. પરશુરામ સોની નામે એક વૈષ્ણવને શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી કે શ્રીનાથજી માટે સોનાની જડાઉ કુલ્હે સિદ્ધ કરો. તેમણે બહુ સુંદર કુલ્હે સિદ્ધ કરી. તેઓ શ્રીહરિરાયચરણને દર્શન કરાવવા માટે કુલ્હે લઇ ગયા. સુંદર કુલ્હેનાં દર્શન કરી, શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી: ''વૈષ્ણવ, તમે માગશો એટલું દ્રવ્ય હું આપીશ; પણ આ કુલ્હે જોઇને શ્રીગોકુલેશ પ્રભુ પ્રસન્ન થઇને જો કંઇક માગવાનું કહે તો દ્રવ્ય ન માગશો; પણ હું જે કહું તે યાદ રાખો અને તે જ માગજો.'' ''ભલે કૃપાનાથ, જેવી આપની આજ્ઞા.'' ''વૈષ્ણવ, એટલું માગજો કે આ માર્ગની ભૂતળ પર સ્થિતિ બીજાં પચાસ વર્ષ રહે.'' શ્રીનાથજીને શ્રીગોકુલેશ પ્રભુએ કુલ્હેનો શૃંગાર પોતાના જન્મદિવસે-માગસર સુદ સાતમે કર્યો. શ્રીનાથજી બહુ પ્રસન્ન થયા. શ્રીગોકુલેશ પ્રભુએ સોની વૈષ્ણવને બોલાવીને કહ્યું, ''માગ, માગ તે આપું.'' વૈષ્ણવ હાથ જોડીને કહે છે, ''કૃપાનાથ ! બીજાું કંઇજ નથી જોઇતું. આ માર્ગની સ્થિતિ ભૂતળ ઉપર બીજાં પચાસ વર્ષ વધારે રહે.'' શ્રીગોકુલેશ પ્રભુ ચમકી ગયા

કે આ વૈષ્ણવને આવું કયાંથી યાદ આવ્યું? આપે શ્રીનાથજીને વિનંતી કરી. શ્રીનાથજીએ કૃપા કરીને આજ્ઞા કરી: 'તેણે માગ્યું છે તો વરદાન આપો.' શ્રીગોકુલેશ પ્રભુના મુખારવિંદથી માર્ગની સ્થિતિ ભૂતળ ઉપર બીજાં પચાસ વર્ષની વધી છે તેની વધાઇ સાંભળીને શ્રીહરિરાયચરણ બહુ પ્રસન્ન થયા. આમ, શ્રીહરિરાયચરણ સદાય પુષ્ટિમાર્ગની વૃદ્ધિ અને તેના વિકાસમાં તત્પર રહ્યા છે.

આપશ્રીએ લગભગ ૩૦૦ જેટલા ગ્રંથોની રચના સંસ્કૃતમાં, વ્રજભાષામાં, પંજાબીમાં, મારવાડીમાં અને ગુજરાતીમાં કરી છે. આ સર્વે ભાષાઓમાં શ્રીહરિરાયચરણનું ગદ્ય-પદ્ય સાહિત્ય બિરાજે છે. શ્રીહરિરાયચરણે ચોર્યાસી અને બસો બાવન ભગવદીયોની વાર્તાઓ ઉપર 'ભાવપ્રકાશ'ની રચના કરીને આપણને અમૂલ્ય ગ્રંથનું દાન કર્યું છે.

એક વખત શ્રીહરિરાયચરણ નાથદ્વારામાં પોતાના મંદિરમાં બિરાજી ભગવદ્વાર્તા કરતા હતા. અલૌકિક ભગવદ્-રસની વર્ષા થઇ. રસતરબોળ બનેલા વૈષ્ણવો ભગવદ્વાર્તા પછી મધરાતે બહાર આવ્યા. કોઇને રાત્રિના સમયનું ભાન નથી. ભગવદ્રસમાં છકેલા આ ભગવદીયો પ્રાપ્ત થયેલા ભગવદ્વાર્તાના રસનું ચર્વણ કરતા, કીર્તન કરી રહ્યા હતા, નૃત્ય કરી રહ્યા હતા. બાજુમાં કેટલાંક જૈન કુટુંબો રહેતાં હતાં. વૈષ્ણવોના આ નિત્યક્રમથી રોજ રાત્રે એમની નિદ્રામાં વિક્ષેપ પડે. એક વાર આ જૈન કુટુંબોએ આપશ્રીને વિનંતી કરી : ''મહારાજ ! તમારા વૈષ્ણવો રોજ રાત્રે અમારી નિદ્રા બગાડે છે.'' આપે આજ્ઞા કરી, ''આજે રાતે હું એમને સમજાવીશ.'' રાતે ભગવદ્વાર્તા પછી વૈષ્ણવો તો રોજની જેમ ભગવદ્વાર્તાના રસનું ચર્વણ કરી રહ્યા હતા, કીર્તન ગાઇ રહ્યા હતા, ત્યાં શ્રીહરિરાયચરણ પધાર્યા. વૈષ્ણવોની મંડળી વચ્ચે છેલછકનિયા શ્રીગોવર્ધનધરને નૃત્ય કરતા નીરખીને આપ રોમરોમ આનંદપુલકિત થઇ ગયા. શ્રીહરિરાયચરણ આ ભગવદીયોનાં ચરણમાં પોતાના હૃદયની સર્વ ભાવોર્મિઓ ઠાલવી દેતાં ગાય છે :

'હૌં વારિ ઇન વલ્લભીયન પર,
મેરે તનકો કરૌં બિછૌના, શીશ ધરૌં ઇનકે ચરનન તર.'

વિશ્વના સર્વ ધર્મના ઇતિહાસ તપાસી લેજો. દરેક ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મગુરુઓનાં ચરણારવિંદમાં પોતાની જાત સોંપી દેવા માટેની તત્પરતા બતાવે છે; પણ કયાંય કોઇ ગુરુએ સેવકના, શિષ્યના ચરણમાં પોતાની જાત સોંપી દેવા માટે આવી ભાવોર્મિ પ્રગટ કરી નથી! એ તો કરી શ્રીવલ્લભકુળમાં એક શ્રીહરિરાયચરણે ! આપ આજ્ઞા કરે છે, 'આ ભગવદીયો માટે હું મારા શરીરની

પથારી કરી દઉં, હું તેમના ચરણોમાં મારું મસ્તક નમાવી દઉં. જુઓ તો ખરા! એમની પાછળ ગાંડાઘેલા બનીને શ્રીગોવર્ધનધર નૃત્ય કરી રહ્યા છે.'

શ્રીહરિરાયચરણ વૈષ્ણવો ઉપર આવી રીતે ખૂબ પ્રેમ રાખતા. વૈષ્ણવોને પોતાનું સર્વસ્વ ગણતા. એમના એક સેવક થઇ ગયા, શ્રીહરજીવનદાસ. હરજીવનદાસ વિરક્ત હતા, તેઓ વ્યસન અવસ્થાને પામેલા હતા. તેઓ ફરતાં ફરતાં ગોકુળમાં આવી પહોંચ્યા. ત્યાં શ્રીહરિરાયજીનાં સેવક એક ડોસી વૈષ્ણવને ત્યાં ગયા. આસકરણજીના જેવો પ્રસંગ અહીં બની ગયો. રાજભોગ ધરાવવાની તૈયારી હતી અને હરજીવનદાસ આવ્યા. તે માજીએ પ્રભુને ધરાવવાનો ખીરનો ડબરો એમને ધરી દીધો. શ્રીહરિરાયચરણે જ્યારે આ વાત જાણી, ત્યારે આપે માજી ઉપર બહુ પ્રસન્ન થઇને આજ્ઞા કરીઃ "ડોકરી, આ માર્ગ તને ફલિત થયો છે."

આવા છે શ્રીહરિરાયચરણ. એમના ગુણાનુવાદ આપણે તો શું ગાઇએ? સંપ્રદાયનો એવો કોઇ વિષય નહીં હોય કે જેની ઉપર શ્રીહરિરાયચરણે કંઇ ન લખ્યું હોય. ખૂબ જ સરળ શૈલીમાં ગ્રંથરચના કરીને આપે જીવો ઉપર ખૂબ કૃપા કરી છે.

શ્રીહરિરાયચરણના સ્વરૂપનું હવે આપણે ચિંતન કરીએ. આપનું અદ્‌ભુત લાવણ્યયુકત ગૌરવર્ણનું રૂપ છે. સુંદર ઊંચાઇ છે. અલૌકિક શ્રીઅંગ છે. નેત્રોની તેજસ્વિતા, લલાટની વિશાળતા, નાસિકની અગ્રતા અને મુખારવિંદના તેજનો પાર નથી. રાજસ્થાની જામો અને રાજસ્થાની પાઘનો શૃંગાર ધરેલ છે.

આવા શ્રીહરિરાયચરણનાં દર્શન કરતાં એક રાજકુવરીને કામ વિકાર જાગ્યો, ત્યારે આપે પોતાના સ્વરૂપ-પ્રતાપબળથી શ્રીયશોદાજી સ્વરૂપે દર્શન આપીને-માતૃવાત્સલ્ય સ્વરૂપે દર્શન કરાવીને - લૌકિક કામવિકાર ઓગાળી નાખ્યો. 'કામાખ્યાદોષવિવરણ' ગ્રંથની આપે રચના કરીને મનને શુદ્ધ કર્યું.

આપ સવાસો વર્ષ સુધી ભૂતળ ઉપર બિરાજ્યા. આપે પુષ્ટિમાર્ગની જયપતાકા કેવળ ગુજરાત, વ્રજ, રાજસ્થાનમાં જ નહીં; પ્રત્યેક વૈષ્ણવના હૃદયમાં સદા માટે ફરકતી રાખી. આપશ્રીએ ભગવદ્‌વાર્તા અને વૈષ્ણવમંડળીઓ દ્વારા ભગવદીયોનાં ચરિત્રો અને સિદ્ધાંતોની છણાવટ થતી રહે એવી કૃપા કરી.

આવા મહાનુભાવ શ્રીહરિરાયજીને કોટિ કોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

'શિક્ષાપત્ર' ગ્રંથનો પરિચય :

શ્રીહરિરાયચરણે સંપ્રદાય માટે અદ્‌ભુત, અલૌકિક રત્નમંજૂષા જેવો શિક્ષાપત્ર ગ્રંથ આપ્યો. એના પ્રાગટયનો આપણે થોડો વિચાર કરીએ. આપના લઘુભ્રાતા શ્રીગોપેશ્વરજીનાં વહુજી થોડા સમય પછી નિત્યલીલામાં પધારે છે, એવો

ભગવત્સંકેત પ્રાપ્ત થતાં, જેસલમેરથી શ્રીહરિરાયચરણે 'શિક્ષાપત્રો' લખીને મોકલવા માટેની વ્યવસ્થા કરી. પત્ર લઇને કાસદ દરરોજ સાંજે શ્રીનાથદ્વારા આવે છે. પોતાના જ્યેષ્ઠ ભ્રાતૃચરણના પત્રો પધારે છે. તે મસ્તકે ધરીને શ્રીગોપેશ્વરજી પોતાની બેઠકના ગોખમાં પધરાવે છે. 'જ્યેષ્ઠ ભ્રાતૃચરણ વાત્સલ્યભાવથી પત્ર લખે છે, માટે ભગવત્સેવામાંથી અવકાશ મળશે ત્યારે વાંચીશ, એમાં બીજું શું વિશેષ હશે?' આમ, વિચાર કરતાં પાંચ દિવસ ગાય, પાંચ-પાંચ પત્રો આવ્યા છે, તેમને ગોખમાં પધરાવ્યા છે. છઠ્ઠા દિવસે અનાયાસે આપનાં વહુજી મહારાજ લીલાપ્રવેશ કરે છે.

આથી શ્રીગોપેશ્વરના હૃદયમાં અલૌકિક વિપ્રયોગ પ્રગટે છે. ભગવત્સેવામાંથી સહાયક ગયાનો કલેશ છે. આપે જળપાન છોડી દીધું છે. આપની આજુબાજુ રહેતા વૈષ્ણવો, સેવકો સૌ વ્યથિત છે. સૌ સમજાવે છે. પણ આપનો કલેશ ઘટતો નથી. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ પસાર થાય છે. ત્રીજા દિવસે ત્યાં આવે છે શ્રીહરજીવનદાસભાઇ. તેઓ શ્રીહરિરાયજીના ખૂબ કૃપાપાત્ર ભગવદીય છે. વ્યસન અવસ્થાને પામેલ છે. હરજીવનભાઇ વિનંતી કરે છે, ''કૃપાનાથ, દાદાભાઈના કોઇ પત્રો આવ્યા છે? એ જો અત્યારે અહીં હોત કે એમના પત્રો હોત તો આપનો કલેશ દૂર થાત. એમના સિવાય આપનો કલેશ દૂર કરવાનું કોઇનામાં સામર્થ્ય નથી.'' દાદાભાઇને સ્મરીને શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે : 'હા, પત્રો આવ્યા છે. ગોખમાં મૂકયા છે.' હરજીવનદાસભાઇ ગોખમાંથી પત્રો લે છે. સૌથી પહેલો પત્ર લઇને શ્રીગોપેશ્વરજીના હસ્તકમળમાં પધરાવે છે. શ્રીહરિરાયચરણના હસ્તાક્ષરનાં દર્શન અને અલૌકિક નામ-સ્વરૂપે વહેતી આ ભગવદ્વાણીના ચિંતનથી, કીર્તનથી આપનો કલેશ ધીમે ધીમે ઘટવા માંડયો. એક પછી એક આપ નવ પત્રો વાંચી ગયા. હૃદયનો સર્વ કલેશ ગયો. આપે હરજીવનદાસભાઇને આજ્ઞા કરી: ''હરજીવનદાસ, તમે સામે બેસો. દાદાભાઈએ આપના ઉપર ખૂબ કૃપા કરી છે. આ પત્રો જીવો સમજે તે માટે તેની હું વ્રજભાષામાં ટીકા લખું, આપ તેનું શ્રવણ કરો.''

હરજીવનદાસભાઇ હાથ જોડી દીનતાથી વિનંતી કરે છે : 'જય રાજ, એટલી વિનંતી છે કે પહેલાં આપ સ્નાન કરો અને ભોજન કરો. આપને ઘણો પરિશ્રમ થયો છે. સેવકોએ સૌએ અન્ન-જળ છોડયાં છે.' શ્રીગોપેશ્વરજી સ્નાન કરી ભોજન કરે છે. પછી પ્રસન્નચિત્તથી બેઠકજીમાં બિરાજ્યા. સામે શ્રીહરજીવનદાસ બેઠા. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીહરિરાયચરણનું હૃદયમાં ધ્યાન કરીને શ્રીગોપેશ્વરજી પ્રથમ શિક્ષાપત્રથી પ્રારંભ કરીને ટીકાલેખન અને ટીકાપ્રવચનનો પ્રારંભ કરે છે. સાથે સાથે

એ દિવસે આવેલા કાસદ સાથે આ સર્વ સમાચાર શ્રીહરિરાયચરણને મોકલાવે છે. એ વાંચીને શ્રીહરિરાયચરણ પ્રસન્ન થયા, જેનો ઉલ્લેખ શ્રીહરિરાયચરણ દશમા શિક્ષાપત્રના પ્રારંભ કરે છે. સાથે સાથે એ દિવસે આવેલા કાસદ સાથે આ સર્વ સમાચાર શ્રીહરિરાયચરણને મોકલાવે છે. બીજા પત્રોની માળા ચાલુ રહી. કુલ ૪૧ પત્રો લખાયા. શ્રીગોપેશ્વરજીએ સામે જવાબ પણ લખ્યા. આપણું દુર્ભાગ્ય છે કે શ્રીગોપેશ્વરજીનો પ્રત્યુત્તર આજે આપણને પ્રાપ્ત થતો નથી. હજુ પણ ભગવત્-કૃપાથી જો તે પ્રાપ્ત થાય, તો આ શિક્ષાપત્ર સાથે એની સંગતિ સમજાવામાં આપણને વધારે આનંદ આવે.

આમ, એકતાલીસ-એકતાલીસ દિવસો સુધી શ્રીહરિરાયચરણે આ શિક્ષાપત્રો લખ્યાં. આપે જોયું કે શ્રીગોપેશ્વરજીનું મન ફરીથી યથાવત્ ભગવત્સેવામાં પ્રેમથી પરોવાયું છે, એટલે આ પત્રનો ક્રમ અટકી ગયો.

આ શિક્ષાપત્ર આપણા ત્યાં પત્રોરૂપે લખાયેલ નૂતન પ્રકારનું સાહિત્ય છે. જેમ શ્રીમહાપ્રભુજી સન્મુખ આવેલ વૈષ્ણવોએ પોતાના મનની મૂંઝવણ વ્યકત કરતા પ્રશ્નો કર્યા અને શ્રીવલ્લભે ષોડશ ગ્રંથોમાંના તે-તે ગ્રંથ દ્વારા તે વૈષ્ણવોના હૃદયમાં ભગવત્ સિદ્ધાંત અને લીલાનો અલૌકિક પ્રકાશ પાથર્યો, તેમ આ પત્રો દ્વારા શ્રીહરિરાયચરણે શ્રીગોપેશ્વરજીની આડીથી આપણા સૌના હૃદયમાં ભગવત્સ્વરૂપ લીલાભાવના અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતની સંગતિનો અલૌકિક, અદ્ભુતપ્રકાશ પાથર્યો છે. આ શિક્ષાપત્રો કોઇ એક સળંગ ગ્રંથ સ્વરૂપે ભલે ન લખાયા; પરંતુ પ્રત્યેક પત્રને તેની પછીના બીજા પત્ર સાથે સંબંધ છે-સંગતિ છે.

આપણે એ પણ કે શ્રીહરિરાયચરણ પોતાની અંગત, પોતાના પરિવારની, પોતાના સેવકોની એવી કેટલીક બાબતો પણ પાછળના ભાગમાં, જ્યારે શ્રીગોપેશ્વરજીનું હૃદય સ્વસ્થ થયું ત્યારે એમને જણાવે છે, તેનાથી એમને સુપરિચિત કરે છે.

આ એકતાલીસ પત્રોમાં શ્લોકોની કુલ સંખ્યા ૬૩૩ છે. શિક્ષાપત્રોમાં છેવટે અડધા અડધા શ્લોક એટલે કે એક એક પંક્તિ પણ છે. ઓછામાં ઓછી શ્લોકોની સંખ્યા એક શિક્ષાપત્રમાં પાંચની છે, અને વધુમાં વધુ શ્લોકોની સંખ્યા એક શિક્ષાપત્રમાં પાંત્રીસની છે. પાંચ શ્લોકથી માંડીને પાંત્રીસ શ્લોકથી માંડીને શ્લોકો સુધીના આ પત્રોમાં બહુ સંક્ષિપ્ત વિવરણ છે; અને છતાંય પ્રત્યેક અક્ષર અમૂલ્ય રત્નસમો છે. એના પ્રત્યેક શ્લોક ઉપર શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં ટીકા રચી છે, એ પણ ગ્રંથમાં સાથે બિરાજે છે.

પરંપરાથી ભગવદ્‌વાર્તામાં શિક્ષાપત્રનું વાચન થતું. હસ્તલિખિત ગ્રંથોમાં ભારોભાર અશુદ્ધિઓ હતી. અર્થવિપર્યય પણ થઇ જતો. આ સંજોગોમાં આજથી લગભગ સોએક વર્ષ પૂર્વે મુંબઇસ્થ ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજે કૃપા કરી શિક્ષાપત્ર મુદ્રિત-સ્વરૂપે આપણને પ્રાપ્ત કરી આપ્યું. આપશ્રીની આજ્ઞાથી પરમ ભગવદીય વેદશાસ્ત્રસંપન્ન શ્રીછગનલાલ શમસ્ત્રીજીએ સંશોધન કરી શુદ્ધ-સ્વરૂપે શિક્ષાપત્ર આપ્યું.

આ શિક્ષાપત્રની બીજી પણ એક વિશિષ્ટતા છે. શ્રીછગનલાલ શાસ્ત્રીજી નોંધે છે એ પ્રમાણે જૂનાગઢના પરમ ભગવદીય વૈષ્ણવ પ્રશ્નોરા નાગર જ્ઞાતિના શ્રીરત્નજી ભટ્ટે પ્રથમ ઓગણીસ પત્રો ઉપર સંસ્કૃતમાં ટીકા રચી છે; પરંતુ આપણને શ્રી રત્નજી ભટ્ટની આ ટીકા પ્રાપ્ત થતી નથી.

શિક્ષાપત્ર ઉપર બીજી એક બૃહદ્ ટીકા હતી, એમ મારા પરમ પૂજ્ય ભગવદીય સસરાજી વ્રજરત્નદાસભાઇ કહેતા હતા. એમણે પોતે તેનું વાચન કરેલ હતું. એમના પિતાશ્રીને અમારા મહેસાણામાંથી જ આ ટીકા પ્રાપ્ત થઇ હતી. એક માસ મહેસાણામાં રહીને એમણે એની નકલ પણ કરી હતી, જે તેમને ત્યાંથી કોઇ વૈષ્ણવ વાંચવા માટે પધરાવી ગયા પછી ફરીથી પાછી પ્રાપ્ત થઇ નથી. એમનું કહેવું હતું કે તે ટીકા અતિશય સુંદર અને શ્રીહરિરાયચરણના રહસ્યભાવનું બહુ સુંદર રીતે ઉદ્‌ઘાટન કરનારી હતી. ભગવદ્ ઇચ્છાથી આ ટીકા આજે આપણી પાસે નથી. જાણવા પ્રમાણે સંપ્રદાયના પરમ મર્મજ્ઞ પ.ભ. શ્રીસબલકિશોર શાસ્ત્રીજીએ ''શિક્ષાપત્ર'' પર સંસ્કૃત ભાષામાં ટીકા લખી છે, પણ તે હજી મુદ્રિત થઇ નથી.

શિક્ષાપત્રને એક વિશેષણ છે, 'બડે શિક્ષાપત્ર.' સ્વાભાવિક પ્રશ્ન થાય કે જો આ બડે શિક્ષાપત્ર છે, તો બીજું એવું 'છોટે શિક્ષાપત્ર' પણ હોવું જોઇએ. જ્યારે શ્રીગોપેશ્વરજીની વ્રજભાષાની ટીકા પ્રાપ્ત થયેલ ન હતી, કેવળ શ્લોકો અને એનો ભાવાર્થ હતો, ત્યારે તે 'છોટે શિક્ષાપત્ર' તરીકે ઓળખાતું. શ્રીગોપેશ્વરજીની ટીકા સાથેનું શિક્ષાપત્ર 'બડે શિક્ષાપત્ર' તરીકે પ્રચલિત છે.

શ્રીછગનદાસજી શાસ્ત્રીજી નોંધે છે તે પ્રમાણે મૂળ શ્લોકોવાળા એક હસ્તલિખિત પુસ્તકમાં ૩૮મા શિક્ષાપત્રમાં કંઇક જુદા શ્લોકો પ્રાપ્ત થયા. જે શ્લોકો ભગવત્‌સ્વરૂપને સમજવામાં બહુ જ ઉપયોગી હતા, પરિણામે ૪૧ શિક્ષાપત્રના અંતે 'ભાવસ્વરૂપનિર્ણય' નામે એ શ્લોકોને મૂકવામાં આવ્યા છે. આ 'ભાવસ્વરૂપનિર્ણય' એ સમગ્ર શિક્ષાપત્રનો કેન્દ્રવર્તી વિચાર છે એમ કહીએ તો ખોટું નથી.

આપણું અન્ય પત્રસાહિત્ય

શ્રીગુસાંઇજી આદિ મહાનુભાવો પણ જ્યારે-જ્યારે પરદેશમાં બિરાજતા, ત્યારે આપે કેટલાક પત્રો લખ્યા છે એ પણ બહુ જ સુંદર છે. શ્રીગુસાંઇજી પોતાના એક પત્રમાં પોતાના જ્યેષ્ઠ કુમાર શ્રીગિરધરજીને આજ્ઞા કરે છે કે શ્રીનાથજી બાવાને આરોગવાનું જમુનાજળ છેક મથુરાજીથી ગાગરો દ્વારા સેવકો લાવે છે. તે લાવવામાં અસુવિધા રહેતી હશે. આપણા શ્રીગોવર્ધનધર એટલા સુકોમળ છે કે આપ ભક્તોનો પરિશ્રમ સહન કરી શકતા નથી. માટે જો ઝારીજી માટે જમુનાજળ લાવવામાં પ્રતિકૂળતા હોય તો તેનો આગ્રહ રાખશો નહીં. ભક્તોના સુખનો શ્રીગુસાંઇજીએ કેટલો બધો વિચાર કર્યો છે!

શ્રીસ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ 'શિક્ષાપત્રી' વિદ્યમાન છે. એમાંના શ્રીસહજાનંદ સ્વામીના આદેશો સાથે શ્રીહરિરાયચરણની આજ્ઞાઓનો વિચાર કરીએ તો એમ લાગે કે પેલા આદેશો દેહને અનુલક્ષીને છે. માનવજીવનના ભૌતિક ઉત્થાન માટે છે; જ્યારે 'શિક્ષાપત્ર' ભગવદીય જીવના ઉત્થાન માટે, આધિદૈવિકતાની પ્રાપ્તિ માટે છે.

ભારતની આઝાદીમાં સહયોગ આપનાર મહાત્મા ગાંધીજીના ગુરુ થઇ ગયા, શ્રીમદ્ રાજચંદ્ર. શ્રીમદ્ રાજચંદ્રે પોતાના શિષ્યોને આજ્ઞા કરી છે કે : 'તમારા જીવનનો ઉત્કર્ષ તમારે કરવો હોય, એ માટે તમારે કોઇ સાહિત્ય વાંચવું હોય તો તેમ કેવળ શ્રીહરિરાયજીનું 'બડે શિક્ષાપત્ર' વાંચજો. બીજું કંઇ નહિ વાંચો તો ચાલશે.' શ્રીમદ્ રાજચંદ્ર જેવા આધ્યાત્મિક મહાપુરુષ પોતાના સેવકોને જો આવી આજ્ઞા કરતા હોય, તો એમણે સૌ શ્રીહરિરાયચરણનાં ચરણરજના અભિલાષી એમના શિક્ષાપત્રનું સતત મનન, ચિંતન કરીએ તો પ્રભુ આપણા હૃદયને પોતાને બિરાજવા માટે યોગ્ય કેમ ન બનાવે?

આ ગ્રંથની ભાષા ખૂબ સરળ છે. શૈલી રસપ્રદ અને રોચક છે, તલસ્પર્શી છે. પુષ્ટિમાર્ગની એ પ્રવેશિકા છે. કદાચ બીજાું કશું ન વંચાય અને કેવળ શિક્ષાપત્રો વંચાય અને તે હૃદયારૂઢ થઇ જાય તો પુષ્ટિમાર્ગને સમજવામાં અને આચરવામાં બીજી કોઇ તકલીફ ન પડે.

શ્રીહરિરાયચરણે જે વિષયોનું નિરૂપણ કર્યું છે, એનું એક સાંકળિયું અમારા પરમ પૂજ્ય ભગવદીય ગોલોકવાસી શ્રીનાગરદાસકાકાએ (શ્રીનાગરદાસભાઇ કા. બાંભણિયા) પચીસ શ્લોકોના એક સંસ્કૃત પ્રકરણ ગ્રંથ દ્વારા બહુ સુંદર રીતે આપ્યું છે. ભગવત્કૃપાએ અનાયસે શ્રીનાગદાસકાકાનું આ સમયે વિશેષ સ્મરણ થઇ આવે છે. મારી અતિ બાલ્યાસ્થામાં 'મારું પ્રિય પુસ્તક' નામે 'વૈશ્વાનર' માસિક દ્વારા એક

નિબંધ-સ્પર્ધા યોજાયેલી, એમાં 'શિક્ષાપત્ર' વિષેનો લેખ અલ્પબુદ્ધિએ મેં લખેલો. પરીક્ષક તરીકે પૂજ્ય નાગરદાસકાકાએ તે લેખ વાંચીને, જ્યારે તેઓ પાટણ આવ્યા ત્યારે, રૂબરૂમાં પ્રસન્નતા વ્યકત કરીને આશીર્વાદ આપેલા.

આપણા બીજા મૂર્ધન્યવિદ્વાન પરમ ભગવદીય શાસ્ત્રીજી શ્રીનવનીતપ્રિયભાઈએ નડિયાદમાં ગૌશાળા ભગવદ્વાર્તામાં રોજ શિક્ષાપત્રો ઉપર વિવેચન કર્યું. એમાંનાં બે શિક્ષાપત્રો ઉપરની એમની બે સુંદર પુસ્તિકાઓ પ્રગટ થઈ. એક છે, "દુઃખ દયાનું દાન", બીજી છે "કરાલ કલિકાલમાં કલ્યાણ." બે શિક્ષાપત્રોને એમણે ગુજરાતી ભાષામાં બહુ સુંદર રીતે તલસ્પર્શી ભાવથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

મોડાસાવાળા ગો.વા. શ્રીમોહનભાઈ ગાંધીએ પણ સરળ ગુજરાતી ભાષામાં પત્રોરૂપે શિક્ષાપત્રની છણાવટ કરી છે.

શિક્ષાપત્રનો વિચાર કરતાં એ પ્રશ્ન રહે છે કે એમાં એકતાલીસનો આંક કેમ હશે? એનો પ્રમાણાત્મક લેખિત ખુલાસો તો કયાંય મળતો નથી. નથી શ્રીગોપેશ્વરજ આપતા, નથી પરમભગવદીય નાગરદાસકાકાએ કર્યો, પણ અલ્પબુદ્ધિએ એમ લાગ્ કે અન્ય આંકની અલૌકિકતાની જેમ એકતાલીસનાં આંકની પણ અહીં અલૌકિકત છે. એમાંનો જે ચોગડો છે એ પુષ્ટિમાર્ગના વૈષ્ણવો માટે આચરણીય ચાર બાબતોને નિર્દેશ કરે છે : (૧) પ્રભુસમર્પિત લેવું, (૨) પ્રભુનો અનન્ય આશ્રય રાખવો, (૩ પ્રભુના ભક્તોનો સત્સંગ કરવો, અને (૪) પ્રભુનું ગુણગાન કરવું. આ ચાર આપણ કર્તવ્યો આપણે દીનતાથી શ્રીઆચાર્યચરણનાં ચરણનો દૃઢ આશ્રય રાખીને કરીએ તો એકનો આંક પ્રાપ્ત થાય. એક એટલે પ્રભુ. શ્રીમહાપ્રભુજી કહો, શ્રીઠાકોરજી કહો શ્રીસ્વામિનીજી કહો, શ્રીયમુનાજી કહો, શ્રીગુસાંઈજી કહો. એ સર્વ એક જ છે એમના સમાન બીજું કોઈ નથી. આ ચાર આચરણ દ્વારા એમની-પ્રભુની-પ્રાપ્તિ થાય. ચાર વાપરીને એક લેવાનું છે. પણ એક હીરો છે. ચાર સોનામહોરો આપી એક અમૂલ્ય કિંમતનો હીરો પ્રાપ્ત કરવા માટે આ એકતાલીસ શિક્ષાપત્રો છે.

બીજી રીતે વિચાર કરીએ, તો પુષ્ટિમાર્ગીય જીવનમાં ચાર બાધક તત્ત્વો છે અસમર્પિત, અન્યાશ્રય, દુઃસંગ અને અસદાલાપ. એ ચાર તત્ત્વો જો છૂટે તો એ પરમ તત્ત્વની પ્રાપ્તિ થાય. શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં એક અને અનન્ય એ દૃઢ આશ્રય થાય.

ત્રીજો ભાવ એ છે કે ચારનો આંક ચાર સ્વામિનીજીનો નિર્દેશ કરે છે. ચા સ્વામિનીજી સહિત લીલાનાયક શ્રીશ્યામસુંદરલાલ આ શિક્ષાપત્ર દ્વારા આપણ

હૃદયમાં બિરાજે છે.

ચોથો ભાવ એ જણાય છે કે પ્રભુને પ્રાપ્ત કરવાનાં ઉત્તરોત્તર ચાર સોપાનો- પ્રેમ, આસક્તિ, વ્યસન અને તન્મયતા છે. એ પ્રાપ્ત થતાં ભગવત્પ્રાપ્તિ થાય.

પાંચમું એ પણ દેખાય છે કે ધર્મસ્વરૂપ અને ધર્મી-સ્વરૂપરૂપે સંયોગ અને વિપ્રયોગનાં ચાર સ્વરૂપો દ્વારા શ્રીમહાપ્રભુજીએ આપણને આ સ્વરૂપો આપણા હૃદયમાં પધરાવવાની કૃપા કરે.

ચાર અને એકનો સરવાળો કરીએ તો પાંચ થશે. પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વ શિક્ષાપત્ર દ્વારા ભગવત્કૃપાથી આપણને સમજાય છે.

ત્રણ ભાવના-ભાવભાવના, સ્વરૂપભાવના અને લીલાભાવના સાથે તનુવિત્તજા અને માનસી સેવા, એ સર્વ સુસંકલિત થાય તો શ્રીવલ્લભની કૃપાથી ભગવત્પ્રાપ્તિ થશે. આવા અનેક ભાવ શિક્ષાપત્રના એકતાલીસના આંકમાંથી ભગવત્કૃપાએ સ્ફુરે છે.

શ્રીગોપેશ્વરજી શિક્ષાંપત્રને અંતે આજ્ઞા કરે છે કે આ શિક્ષાપત્રના મુખ્ય વકતા શ્રીહરિરાયચરણ છે. તેમના દ્વારા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી આપણને આ બોધ આપે છે. શિક્ષાપત્રના મુખ્ય શ્રોતા શ્રીગોપેશ્વરજી અને શ્રીહરજીવનદાસજી છે. એ સૌ ભગવત્સ્વરૂપોની આડીથી, એમની કૃપાથી આપણો શિક્ષાપત્રમાં પ્રવેશ થવાનો છે.

શિક્ષાપત્રનો વિચાર કરું છું તો બીજી બે ઘટનાઓનો વિચાર થાય છે. આવી બે કલેશાત્મક ઘટનાઓમાંથી બે કિંમતી સાહિત્યરત્નો પ્રગટયાં છે. તમસા નદીના કિનારે ક્રૌંચ પક્ષીનો વધ થતો જોઇ ને મહર્ષિ વાલ્મીકિજીના હૃદયમાંથી રામાયણ પ્રગટયું, મર્યાદાપુરુષોત્તમ શ્રીરામચન્દ્રની લીલાઓનો રસપ્રવાહ વહ્યો. કુરુક્ષેત્રના યુદ્ધમાં મામા ફોઇના સંબંધથી ભાઇ તરીકે જોડાયેલા અને જેમને સખ્યભક્તિનું પ્રભુએ દાન કર્યું છે, તેવા અર્જુન અને ભગવાન શ્રીકૃષ્ણ બિરાજે છે. અર્જુનના હૃદયમાં વિષાદ છે કે બાંધવોને હણવા કે નહીં? ત્યારે ૧૮ અધ્યાય દ્વારા ભગવદ્મુખારવિંદમાંથી પ્રગટેલાં ગીતાજીએ ભક્ત અર્જુનના વિષાદને દૂર કરી, ભગવત્કાર્ય માટે તત્પર કર્યા છે.

ત્રીજો પ્રસંગ બને છે. ખીમનોરમાં ગુલાબોથી મહેંકતા વનની વચ્ચે સુંદર ગુલાબોની સુંગધીથી મન પ્રફુલ્લિત હોય, ત્યારે અચાનક કાંટો ચૂભી જાય; એમ ભગવત્સેવામાં સહાયક ગુમાવ્યાના કલેશનો કાંટો શ્રીગોપેશ્વરજીને ચૂભ્યો છે. તેનાથી શ્રીગોપેશ્વરજીના હૃદયને અલૌકિક સેવાનો વિરહ છે, તાપકલેશ છે; ત્યારે

અહીં પણ બે ભ્રાતાઓના હૃદયમાં આ પ્રસંગે જાગેલી ભાવોર્મિઓમાંથી ભક્તિરૂપા શ્રીયમુનાજી પ્રગટે છે, ભાવનારૂપા શ્રીયમુનાજી પ્રગટે છે. વાલ્મીકિજીનાં હૃદયમાંથી શ્રીસરસ્વતીજી પ્રગટે છે, રામાયણ સ્વરૂપે. કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદમાંથી ભાગીરથી-સ્વરૂપે ગંગાજી પ્રગટયાં છે. અહીં શ્રીહરિરાયચરણની લેખિનીમાંથી-હૃદયમાંથી-મુખારવિંદમાંથી સાક્ષાત્ શ્રીયમુનાજી પ્રગટયા છે. શ્રીયમુનાજીના આ ભક્તિપ્રવાહમાં શ્રીગોપેશ્વરજી દ્વારા આપણા સૌના હૃદયમાં રહેલા લૌકિક કલેશ, હૃદયમાં રહેલાં લૌકિક સંઘર્ષનાં દુઃખો, મનની મૂંઝવણો, તોફાનોના ઝંઝાવાતો, ટેન્શન, સ્ટ્રેસના જમાનામાં આપણા સૌની આધિ, વ્યાધિ અને ઉપાધિ એ સૌ કલ્મષોને કાપીને, હૃદયને ભક્તિરૂપી શ્રીયમુનાજી રસપ્રવાહથી શુદ્ધ કરીને, પ્રભુને બિરાજવાનું વ્રજધામ-સુંદર નિકુંજ-રચવાનું સામર્થ્ય આ શિક્ષાપત્રમાં બિરાજે છે. એવા શિક્ષાપત્રરૂપી અમૂલ્ય નિધિ-રત્નમંજૂષા આપણને પ્રાપ્ત થઇ છે.

આ શિક્ષાપત્રોમાં આપણે જોઇશું કે શ્રીહરિરાયચરણ વારંવાર સત્સંગ અને સેવા એ બે વિષે ખૂબ આગ્રહપૂર્વક આજ્ઞા કરે છે. શ્રીહરિરાયચરણની આજ્ઞા કરવાની પદ્ધતિ પણ વિશિષ્ટ અને વિલક્ષણ છે. કાવ્ય કેવું હોવું જોઇએ એની વ્યાખ્યા કરતાં કાવ્યાચાર્ય શ્રીમમ્મટે ખૂબ સુંદર વાત કરી છે. કાવ્ય એ પત્નીની જેમ ઉપદેશ આપનારું હોય. પત્નીના ઉપદેશની વાત જ્યારે મમ્મટ કરે છે ત્યારે એનો એ સ્વાનુભવ હશે. બીજા ઉપદેશ આપે અને પત્ની ઉપદેશ આપે એમાં ફેર શો? કોઇ આપણને કાંઇ પૂછવા આવે તો આપણે તો તડ ને ફડ કહી દઇએ કે હા-હા તમે બહારનું ખાઓ છો ! ન ખવાય-ન ખવાય. બંધ કરી દો કાલથી. આ શું? વૈષ્ણવ થઇને બહારનું ખાઓ છો! પેલી વ્યક્તિ આપણી આમન્યા રાખતી હશે તો ચૂપચાપ ચાલી જશે. આપણાં વચન એને હૃદયસોંસરાં સ્પર્શશે નહિ. એ કહેશે કે હું બહારનું કેમ ખાઉં છું, મારી કેવી વિપરીત પરિસ્થિતિ છે, તે જોયાજાણ્યા વિના તમે મને ટકોરો છો અને આવા કડક શબ્દોમાં કહો છો! પત્ની આવી રીતે ઉપદેશ ન આપે. એ તો હમેશાં એમ કહ્યા કરે કે : તબિયત સારી નથી રહેતી, તો થોડું ઓછું કામ કરો. બહુ કામ કરી, પછી તકલીફ પડે એવું ન કરો તો ! કવીનાઇન આપણે બધાંએ ચાખ્યું હશે, જ્યારે મેલેરિયા થયો હશે ત્યારે. કડવી કવીનાઇનની ગોળી ગળવાની હોય કે ચાવવાની હોય, તો ભારે તકલીફ થાય. પણ ખાંડના પડવાળી (સુગર કોટેડ) કવીનાઇનની ગોળી હોય તો તે હોંશે-હોંશે ગળી જઇએ. પત્નીનો ઉપદેશ મમ્મટના મતે 'સુગર કોટેડ કવીનાઇન' જેવો મીઠો છે, લાભકારક છે. શ્રીહરિરાયચરણ ''કાન્તાસંમિતતયોપદેશયુજે'' એ ચરણને ચરિતાર્થ કરે છે. આખાય શિક્ષાપત્રમાં

'તમે આમ કરો' એવી સીધી આજ્ઞા શ્રીહરિરાયચરણ કયાંય કરતા નથી. જ્યાં 'આમ કરો' કહેવાનો સમય આવે છે, ત્યાં આપશ્રી વિધ્યર્થનો પ્રયોગ કરે છે. આમ કરવું જોઇએ, તમારે કરવું હોય તો કરો, ન કરવું હોય તો તમારી ઇચ્છા.

બે પત્રો લખ્યા પછી શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે તમને થતું હશે કે શું દાદાભાઇ ત્રણ ત્રણ પત્રોથી આની આ જ વાત કર્યા કરે છે કે સત્સંગ કરો અને સેવા કરો. શ્રીગોપેશ્વરજીને કદાચ એમ પણ થાય કે, હું સત્સંગ નથી કરતો? મને કેમ આવી ટકોર? કહે છે હજુ કરો. હજુ કરો. ત્યારે આપ આજ્ઞા કરે છે : 'મેં તો આ કહ્યું, તમને ગમે તો તમારા હૃદયમાં ધારણ કરો,' પણ કેવી રીતે ધારણ કરશો? 'પ્રેમપૂર્વક ધારણ કરજો. હસતા મોંએ સ્વીકારજો. મોં છાસિયું કરીને, છણકો કરીને, લ્યો ત્યારે, તમે કહો છો તો આમ કર્યું,' એમ ન કરશો. મારી વાત તમને સમજાય, હૃદયમાં ઊતરે, આચરણ કરવા જેવી લાગે તો સ્નેહપૂર્વક હૃદયમાં ધારણ કરજો. સરોવર કિનારે ઊભા હોઇએ એને મન ડગુમગુ થાય કે અંદર પડવું કે ન પડવું ત્યાં સુધી ભલે ગમે તે વિચાર કરો. કોઇ ધક્કો મારે અને પડયા, કપડાં ભીનાં થયાં તો પછી હવે કિંમતી કપડાંનો વિચાર કર્યા વિના સરોવરના જળવિહારનો આનંદ માણો. પછી રડતાં રડતાં, બૂમો પાડતાં જળવિહાર ન કરો. આ બધાં જે વિચાર-મૌક્તિકો છે, આ બધી જે રત્નકણિકાઓ છે તે પ્રત્યેક કણિકા, પ્રત્યેક સિદ્ધાંતમુક્તાવલિ હૃદયની અંદર રાખજો. જેમ આપણે આપણી તિજોરીમાં બહુ જતનપૂર્વક સંપત્તિને રાખીએ અને સાચવીએ છીએ, કેવળ એનું લક્ષ્મીપૂજન કરીને એની ઈતિશ્રી નથી માનતા, સદૈવ એની વૃદ્ધિ થતી રહે તે માટે પ્રયત્નશીલ રહીએ છીએ, એમ આપણા હૃદયરૂપી તિજોરીમાં ભગવદ્‌ભાવરૂપી સંપત્તિ શ્રીઆચાર્યચરણે કૃપા કરીને આપણને આપી છે, એને પ્રયત્નપૂર્વક જો તમે સાચવશો તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી તમને આ માર્ગ જે દુરારાધ્ય છે, તે સુઆરાધ્ય થઇ જશે.

જ્ઞાનમાર્ગના સિદ્ધાંતો તો ભણવા-સાંભળવાથી સમજાય, પણ પુષ્ટિમાર્ગના સિદ્ધાંત માટે આપણે એવો વિચાર કરીએ કે અમે ઘેર વાંચી લઇશું, તો કેવળ વાંચી લેવાથી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સમજાશે નહીં. કૃષ્ણદાસ મેઘનની વાર્તામાં આ સિદ્ધાંત બહુ સુંદર રીતે અભિવ્યકત થયો છે. વિશાખાસખીનું સ્વરૂપ એવા શ્રીકૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીની છાયાની જેમ સાથે રહેનારા, જેમના અલૌકિક જીવનમાં પ્રભુના અલૌકિક ષડ્‌ધર્મોનાં દર્શન થાય. એવા કૃષ્ણદાસજીને ત્રણ વાર માંગવું પડયું કે માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય. શ્રીગોકુલેશજીને પણ શ્રીગુસાંઇજીને ત્રણ વાર વિનંતી કરવી પડી છે કે 'કૃપાનાથ, માર્ગનો સિદ્ધાંત મને હૃદયારૂઢ થાય તેવી કૃપા કરો.'

શ્રીમહાપ્રભુજીની જ્યારે કૃપા થઇ ત્યારે શ્રીકૃષ્ણદાસજીને માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થયો. આપણા માટે પણ એ જ પરિસ્થિતિ છે. આપણે શ્રીહરિરાયચરણને વિનંતી કરીએ કે આ માર્ગનો સિદ્ધાંત શિક્ષાપત્રો દ્વારા એમને હૃદયારૂઢ થાય એવી અમારા ઉપર કૃપા કરો.

એક વખત શ્રીમહાપ્રભુજી આન્યોરમાં બિરાજતા હતા. બપોરનો સમય હતો. શ્રીકુંભનદાસજી શ્રીમહાપ્રભુજીની ચરણસેવા કરી રહ્યા હતા. ચરણસેવા કરતાં કરતાં કુંભનદાસજીએ વિનંતી કરી, ''મહારાજ, આપ આજ્ઞા આપો તો માર્ગના સિદ્ધાંતો વિષે મને જે કંઇ નથી સમજાતું એ વિશે મારે પૂછવું છે.'' શ્રીમહાપ્રભુજીએ બહુ પ્રસન્નતાથી આજ્ઞા કરી, ''કુંભનદાસ, તમને ધન્ય છે. હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન છું. કારણકે કે આજે હવે કોઇ પૂછનારું રહ્યું નથી. જાણવાની જિજ્ઞાસા ન હોય, તો આ માર્ગનો સિદ્ધાંત અમે કોની પાસે કહીએ?''

સાડા ચારસો વર્ષ પૂર્વ થયેલી આ આજ્ઞા આજના સમયમાં તો પૂરેપૂરી ચરિતાર્થ થાય છે. આજે પરિસ્થિતિ એવી થઇ છે કે માર્ગનું સ્વરૂપ જાણવાની આપણને જિજ્ઞાસા નથી. માર્ગનું સ્વરૂપ એવું છે કે આપણે આપણી પોતાની બુદ્ધિથી, શક્તિથી એ જાણી શકતા નથી. શ્રીહરિરાયજી ''માર્ગસ્વરૂપ નિર્ણય'' નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે કે : ''તત્સ્વરૂપં તુ દુર્જ્ઞેયં'' નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે 'દુર્જ્ઞેય' એટલે ન જાણી શકાય તેવું છે. જીવના સામર્થ્યથી એને સમજી શકાય એવું નથી. ''જો લૌં હરિ આપુનપે ન જનાવે તો લૌં યહ માર્ગ કો સિદ્ધાંત પઢે સુને નહીં આવે.'' પ્રભુ પોતે કૃપા કરીને આ માર્ગનો સિદ્ધાંત આપણા હૃદયમાં પ્રકાશિત ન કરે ત્યાં સુધી જીવ પુસ્તકો અને ગ્રંથો વાંચીને એ સમજી શકવાનો નથી. માટે શ્રીહરિરાયચરણ, જેઓ શ્રીમહાપ્રભુજીના સાત્ત્વિક ભાવનું સાક્ષાત્ સ્વરૂપ છે, એમણે શ્રીગોપેશ્વરજીના નિમિત્તે કૃપા કરીને આપણા સૌ માટે આ શિક્ષાપત્રોની રચના કરી છે.

ગુજરાતીમાં 'શિક્ષા' શબ્દ દંડ અથવા સજાના અર્થમાં આપણે વાપરીએ છીએ. સંસ્કૃત ભાષામાં એનો એવો અર્થ નથી. સંસ્કૃત ભાષામાં 'શિક્ષા'નો અર્થ થાય છે શિખામણ - જ્ઞાન આપવું તે. શ્રીહરિરાયચરણ આ પત્રો દ્વારા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું આપણને જ્ઞાન આપે છે. 'ઐસો જીવન બની આવે' એ વૈષ્ણવી જીવનનું રહસ્ય આ એકતાલીસ શિક્ષાપત્રોમાં આપ સમજાવે.

આપણે યથાશક્તિ અને યથામતિ શિક્ષાપત્રોને સમજવાનો હવે પ્રારંભ કરીએ.

●

શિક્ષાપત્ર પહેલું

સદોદ્વિગ્નમના: કૃષ્ણદર્શનેકિલષ્ટમાનસ: ।
લૌકિકં વૈદિકં ચાપિ કાર્યં કુર્વન્નનાસ્થયા ॥૧॥
નિરુદ્ધવચનો વાકયમાવશ્યકમુદાહરન્ ।
મનસા ભાવયેન્નિત્યં લીલા: સર્વા: ક્રમાગતા: ॥૨॥

હમેશાં અહંતા-મમતાના આગ્રહોને લઈને જેમનું મન ઉદ્વેગવાળું છે. જેમનું મન શ્રીકૃષ્ણનાં દર્શન માટે આર્તિયુક્ત છે, જેઓ લૌકિક અને વૈદિક કાર્યો ફળની આશા રાખ્યા વિના કરે છે, જેઓ વાણીને સંયમમાં રાખે છે અને જરૂર હોય એટલું જ બોલે છે, એવા વૈષ્ણવોએ મન દ્વારા પ્રભુની બધી લીલાઓનું ક્રમશઃ ચિંતન કરવું. (૧-૨)

સેવાપિ કાયિકી કાર્યા નિરુદ્ધેનૈવ ચેતસા ।
દૈહિકં કર્મ નિખિલં પ્રભુસેવોપયોગિનામ્ ॥૩॥
યથોદપકરણાદિનાં રક્ષા તદ્વદ્વિધીયતામ્ ।
ભાર્યાદિષ્વનુરાગોડપિ સેવાહેતુક એવ હિ ॥૪॥

સેવા શરીર દ્વારા, નિરોધયુક્ત ચિત્તથી કરવી. પ્રભુની સેવામાં જે જે પદાર્થો ઉપયોગી છે, તેમનું રક્ષણ થાય તેવી રીતે બધી શારીરિક ક્રિયાઓ કરવી. પત્ની અને પુત્ર વગેરે પ્રત્યેનો સ્નેહ સેવાના હેતુ માટે રાખવો. તેઓ સેવામાં અનુકૂળ બને એમ વિચારવું. (૩-૪)

પ્રાતિકૂલ્યે યથા ત્યાગ: પ્રભ્વસંબંધિવસ્તુન: ।
ધનેષુ નિ:સ્પૃહ સેવોપયોગિત્વેન રક્ષણમ્ ॥૫॥

જે વસ્તુઓ શ્રીઠાકોરજીના ઉપયોગમાં ન આવે તેમનો ત્યાગ કરવો. પત્ની વગેરે પણ સેવામાં પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ કરવો. ધનમાં ઈચ્છા રાખવી નહીં; પરંતુ ધન હોય તો સેવા સારી રીતે થઇ શકે એવા વિચારથી ધનનું રક્ષણ કરવું (૫)

વિવાહાદિષુ કાર્યેષુ વધ્વા: સેવાર્થમાનસ: ।
ભગવત્સંગિસંગોપિ સ્વપ્રાણપ્રેષ્ઠવાર્તયા ॥૬॥

લગ્ન વગેરે કાર્ય દ્વારા પત્ની પ્રભુસેવામાં સહાયક બનશે, એવા વિચારથી જ સેવા માટે લગ્ન વગેરે સાંસારિક કાર્યો કરવાં. ભગવદ્‌ભક્તોની સાથે બેસીને આપણા પ્રાણપ્રિય પ્રભુની ભગવદ્‌વાર્તા કરવી.

વિયોગાનુભવં કુર્વન્ સેવાऽનવસરે પુનઃ ।
મૂર્તૌ ભગવતો દૃષ્ટિર્ભાવ્યા તત્તસ્ય દર્શનમ્ ॥૭॥

સેવાના અનવસરમાં વિયોગનો અનુભવ કરવો. જેવી રીતે વ્રજભક્તો વેણુગીત અને યુગલ ગીત દ્વારા વિયોગનો અનુભવ કરતાં તેમ કરવું. શ્રીઠાકોરજીનું સ્વરૂપ સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્ર છે, એવી ભાવના રાખીને સેવવું. જ્યાં સુધી શ્રીઠાકોરજીનો સાનુભવ ન થાય ત્યાં સુધી ભગવત્‌સ્વરૂપના સાન્નિધ્યમાં સ્વરૂપનો ભાવ અને મર્યાદા રાખવા.

સ્પર્શસ્તત્રૈવ ભાવેન સર્વાસ્તત્રૈવ તત્ક્રિયાઃ ।
ભાવાત્મનો હ્યનુભવઃ સર્વો ભાવેન નાન્યથા ॥૮॥

ભગવત્‌સ્વરૂપને ભાવપૂર્વક સ્પર્શ કરવો, ભગવત્‌સેવા ભાવપૂર્વક કરવી; કારણ કે પ્રભુ ભાવાત્મક છે. તેમનો સર્વ અનુભવ ભાવ દ્વારા જ થાય છે, બીજી રીતે થતો નથી. ૮

હૃદયસ્યાત્યશુદ્ધત્વાન્ન તત્રાવેશસંભવઃ ।
સ્વમૂર્તાવતિશુદ્ધાયામાવિશ્યાનુભવં હરિઃ ॥૯॥
યાવત્સાધનસંપત્તિઃ કારયત્યખિલાન્નિજાન્ ।
શુદ્ધં વિધાય હૃદયં પશ્ચાત્તત્રાવિશેત્સ્વયમ્ ॥૧૦॥

જો હૃદય અશુદ્ધ હોય તો તેવા હૃદયમાં પ્રભુ પધારતા નથી. આપણી સાધનસંપત્તિ શુદ્ધ હોય તો જ શ્રીપ્રભુ પોતાના શુદ્ધ સ્વરૂપનો ભક્તોને અનુભવ કરાવે છે. તે માટે પ્રભુ ભક્તના હૃદયને પ્રથમ શુદ્ધ કરી, પછી તેમાં પોતે પધારે છે. (૯-૧૦)

દત્ત્વા દૈન્યેન સંતુષ્ટો નિત્યં દેહમલૌકિકમ્ ।
સ્વયં પ્રાવિશ્ય ભાવાત્માऽનુભવં કારયેત્સ્વકમ્ ॥૧૧॥

ભક્તની દીનતાથી પ્રસન્ન થયેલ પ્રભુ ભક્તને અલૌકિક સેવોપયોગી દેહનું દાન કરી, આપ ભાવાત્મક સ્વરૂપે ભક્તના હૃદયમાં પધારી, ભક્તને પોતાનો અનુભવ કરાવે છે. (૧૧)

એવં વિધં ફલં નિત્યં ચિંતયન્ ચેતસા સદા ।
કુર્યાદત્યાદરં કૃષ્ણ-સેવાયામેવ સર્વથા ॥૧૨॥

ઉપર કહ્યું તે પ્રમાણે મનમાં હંમેશાં આ નિત્ય અને અવિનાશી ફળનો વિચાર કરવો. આ વિચારપૂર્વક પ્રભુની સેવા આગ્રહપૂર્વક અને અતિ આદરપૂર્વક કરવી. (૧૨)

સાક્ષાત્પરોક્ષરૂપત્વાત્ સેવા પૂર્વવિલક્ષણા ।
યથા ગાયંત્ય ઈત્યત્ર ભાવઃ શબલિતો મતઃ ॥૧૩॥

સેવા સાક્ષાત્‌રૂપા અને પરોક્ષરૂપા છે. શ્રીઠાકોરજીના સાન્નિધ્યમાં સંયોગાત્મક સેવા સાક્ષાત્‌રૂપા સેવા છે, શ્રીઠાકોરજીના વિપ્રયોગ સમયની સેવા પરોક્ષરૂપા સેવા છે. વ્રજભક્તોને સંયોગાત્મક સાક્ષાત્‌રૂપા સેવા દ્વારા પ્રભુએ પ્રથમ સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. પ્રછી પ્રભુ અંતર્ધાન થતાં વ્રજભક્તોએ સાથે મળી, પ્રભુના ગુણગાન ગાયાં તે પરોક્ષરૂપા વિપ્રયોગાત્મક સેવા છે. આમ, સેવાના સમયમાં અને અનવસરના સમયમાં સંયોગ અને વિપ્રયોગનો ભાવ વિચારવો. (૧૩)

તદુત્તરં યથા ભાવઃ કેવલો વિરહાત્મકઃ ।
ફલં તથૈવ ચાત્રાપિ ફલતા કેવલસ્ય હિ ॥૧૪॥

આગળનાં શ્લોકમાં બતાવ્યા પ્રમાણે, વિપ્રયોગનો ભાવ પુષ્ટિમાર્ગમાં ફળરૂપ છે. (૧૪)

ફલાશાયાં ફલં કૃષ્ણ-વદનં હૃદિ ચિંત્યતામ્ ।
ફલં કૃષ્ણઃ સદાનંદો ભક્તભાવાત્મકત્વતઃ ॥૧૫॥

જો કોઈ પણ વખત મનમાં ફળની ઈચ્છા જાગે તો શ્રીઠાકોરજીના મુખારવિંદને ફળરૂપ માની, તેને પ્રાપ્ત કરવા હૃદયમાં વિચાર કરવો, કારણ કે સદા આનંદરૂપ એવા શ્રીકૃષ્ણ ભક્તો માટે ભાવાત્મક અને ફળાત્મક છે. (૧૫)

ન તત્ર જ્ઞાનસંબંધો યતોઽત્રાપિ ન વૈ ચિતિઃ ।
સચ્ચિદાનંદરૂપસ્તુ પ્રસિદ્ધઃ પુરુષોત્તમઃ ॥૧૬॥

પૂર્ણ પુરુષોત્તમ સચ્ચિદાનંદ સ્વરૂપે શ્રુતિ, સ્મૃતિ વગેરેમાં પ્રસિદ્ધ છે. તેમની પ્રાપ્તિમાં જ્ઞાનસંબંધ મુખ્ય નથી, કારણ કે જ્ઞાનરૂપી ચૈતન્યથી તેમની પ્રાપ્તિ થતી નથી. (૧૬)

પૂર્વાવસ્થા ફલં કૃષ્ણઃ કેવલશ્રોત્તરો મતઃ ।
તસ્યવાસ્યં કૃપાપૂર્ણઃ પ્રભુઃ શ્રીવલ્લભાભિધઃ ॥૧૭॥

સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક એમ ઉભયદલ ફળરૂપી કેવળ શ્રીકૃષ્ણ જ છે. શ્રીકૃષ્ણ જ સાધન અને ફળ છે. તેમના જ મુખારવિંદ સ્વરૂપે કૃપાપૂર્ણ શ્રીવલ્લભ પ્રભુ છે. (૧૭)

તદાશ્રયઃ સદા કાર્યો મનોવાક્કાયવૃત્તિભિઃ ।
સ્વકીયતા તદીયેષુ તદ્ભિન્ને ભિન્નતા મતા ॥૧૮॥

માટે મન, વાણી અને કાયાથી શ્રીવલ્લભ પ્રભુનો આશ્રય હંમેશાં કરવો જોઈએ. જેઓ શ્રીવલ્લભના ભગવદીય છે, તેમનામાં સ્વજનપણાનું મમત્વ રાખવું. જે શ્રીવલ્લભના શરણે નથી આવ્યા તેમનામાં અને શ્રીવલ્લભના શરણે આવેલાઓમાં ભેદબુદ્ધિ રાખવી. (૧૮)

તદીયેષુ ચ તદ્બુદ્ધયા ભાવઃ સ્થાપ્યો વિશેષતઃ ।
યથા દૂતીષુ ભવતિ વિષયિણાં મતિસ્તથા ॥૧૯॥

જેવો ભાવ શ્રીમહાપ્રભુજીમાં રાખીએ, તેથી પણ વિશેષ ભાવ ભગવદીયોમાં રાખવો. જેમ કામાસક્ત મનુષ્યની બુદ્ધિ પોતાની પ્રિયતમા પાસે લઇ જનાર દૂતીમાં રહે, તેમ આપણે ભગવદીયમાં આપણી બુદ્ધિ રાખવી, ભગવદીયનું વિશેષ આદરપૂર્વક સન્માન કરવું. (૧૯)

ધનં ગૃહં યથા કૃષ્ણે તથા ભક્તિસ્થિતેઽપિ ચ ।
વિનિયોક્તવ્યમેવં હિ પ્રભોર્ભાવો ભવિષ્યતિ ॥૨૦॥

જેવી રીતે આપણું ધન અને ઘર વગેરે શ્રીઠાકોરજી માટે વાપરીએ છીએ, તેવી જ રીતે ધન અને ઘર વગેરે ભક્ત માટે પણ વાપરવાં જોઇએ. એથી પ્રભુ પ્રસન્ન થાય છે.

તદીયાશ્ચેત્સ્વતસ્તુષ્ટાસ્તુષ્ટઃ કૃષ્ણો ન સંશય ।
તદીયાસ્તુ નિજાચાર્યચરણૈકપરાયણાઃ ॥૨૧॥
અનન્યભજનાસ્તુષ્ટાઃ કામલોભવિવર્જિતાઃ ।
નિરપેક્ષા વિરક્તાશ્ચ સર્વભૂતહિતે રતાઃ ॥૨૨॥
નિર્મત્સરાઃ કૃષ્ણસેવા-કથાદિવિહિતાદરાઃ ।
એવં વિધાસ્તદીયાશ્ચેત્ - સંગાદપિ વિશેષતઃ ॥૨૩॥

જ્યારે ભગવદીય પ્રસન્ન થાય, ત્યારે પ્રભુ પ્રસન્ન થાય છે તેમાં કોઇ શંકા નથી. જેઓ શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો દૃઢ આશ્રય રાખતા હોય, અનન્ય ભક્તિ કરનાર હોય, સંતોષી તથા કામલોભથી મુક્ત હોય, નિરપેક્ષ હોય, પ્રભુનાં ચરણારવિંદ સિવાય અન્યત્ર આસક્તિ વગરના હોય, પ્રાણીમાત્રના હિતમાં તત્પર હોય, ઈર્ષ્યા વિનાના અને પ્રભુસેવા તથા કથામાં આદરવાળા હોય એવા ભગવદીય મળે તો તેમનો સંગ વિશેષ ફળરૂપ છે. (૨૧-૨૨-૨૩)

સર્વથા શુદ્ધભાવાનાં સ્વીકૃતાનાં કૃપાલુના ।
સર્વ શ્રીવલ્લભાચાર્ય-પ્રસાદેન ભવિષ્યતિ ॥૨૪॥

દયાળુ એવા શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી અને ભગવદીયોએ આપણને તેમના બનાવ્યા છે; માટે આવો શુદ્ધ ભાવ રાખનારનું સર્વ કાર્ય શ્રીમહાપ્રભુજીની કૃપાથી સિદ્ધ થશે જ. (૨૪)

શિક્ષાપત્ર પહેલું : આચમનની અંજલિ

આપણે બધા વૈષ્ણવ છીએ. શ્રીમહાપ્રભુજીના સેવકો છીએ. યથાશક્તિ સેવાસ્મરણ કરીએ છીએ અને એનો આપણને સૌભાગ્યમદ પણ છે. પરંતુ પ્રશ્ન થાય છે કે મનુષ્ય અને વૈષ્ણવ એ બેમાં ફેર શો? જવાબ આ છે : માનવધર્મ એ દેહનો ધર્મ છે, જ્યારે વૈષ્ણવ ધર્મ એ આત્માનો ધર્મ છે. માનવ બન્યા પછી જીવ જ્યારે વૈષ્ણવ બને છે, ત્યારે એની જવાબદારી, એનું કર્તવ્ય, એની ફરજો ઘણાં બધાં બદલાય છે. બ્રહ્મસંબંધ થવાથી નવો જન્મ પ્રાપ્ત થાય છે, એ વાત રપર ભગવદીયો પૈકીના ખંભાતના શ્રીમગનભાઇએ અને જામનગરના શ્રીસવજીભાઇ મોચીએ ચરિતાર્થ કરીને આપણને બતાવી છે. તો બ્રહ્મસંબંધ પછીનો આપણો નવો જન્મ કયો? બ્રહ્મસંબંધી વૈષ્ણવ તરીકે આપણું કર્તવ્ય શું? શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રનો પ્રારંભ કરતા, આ પહેલા શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું કર્તવ્ય બતાવે છે. કન્યાનું લગ્ન થાય, પહેરામણી વગેરે સર્વ વિધિ પૂરી થાય, કન્યાવિદાયનો પ્રસંગ આવે, કન્યાનાં કુટુંબીઓને દુઃખ થાય, રડતાં હોય; ત્યારે રડતી આંખે, ધડકતા હૈયે કન્યાની મા મોટરમાં બેઠેલી દીકરીના કાનમાં સાસરવાસ ઉજાળવાની થોડીક સોનેરી શિખામણ આપે છે. કન્યા સાસરે પગ મૂકે અને સાસુમા સાસરવાસમાં કન્યાનું કર્તવ્ય શું છે, એની એને થોડી શિખામણ આપીને કન્યાના ગૃહસ્થાશ્રમનો પ્રારંભ કરાવે છે. જીવ બ્રહ્મસંબંધ લે છે, ત્યારે પ્રભુ સાથે અલૌકિક લગ્નથી જોડાય છે. અગ્નિ તરીકે અલૌકિક અગ્નિ-સ્વરૂપ શ્રીવલ્લભ બિરાજે છે. તુલસીજી બ્રાહ્મણ તરીકે સાક્ષીરૂપ છે. સપ્તપદીની પ્રતિજ્ઞારૂપે બ્રહ્મસંબંધ મંત્ર છે. એ બ્રહ્મસંબંધ લઇને પ્રભુનું દાસત્વ સ્વીકારનાર જીવને અહીં પ્રથમ શિક્ષાપત્રના પ્રારંભથી શ્રીહરિરાય-ચરણ એની સાસુ અને માતાની બેવડી જવાબદારી અદા કરતા હોય એમ પુષ્ટિમાર્ગના પથને પ્રાપ્ત કરનાર એ વૈષ્ણવી જીવને એના કર્તવ્યની શિખામણ આપે છે. માટે પ્રથમ શિક્ષાપત્રનો વિષય છે, પુષ્ટિજીવનું કર્તવ્ય.

શુદ્ધં વિદાય હૃદયં સ્વકીયસ્ય સ્વયં પ્રભુઃ ।
પ્રવિશેત્ તત્ર ભાવાત્મા પ્રથમે તન્નિરૂપતે ॥

(શ્રીનાગરદાસભાઇ બાંભણિયા)

– પ્રભુ પોતે પોતાના ભક્તનું હૃદય શુદ્ધ કરીને, પછી ભાવાત્મા સ્વરૂપે તેમાં પ્રવેશ કરે છે, તેનું નિરૂપણ આ પ્રથમ શિક્ષાપત્રમાં છે.

પુષ્ટિભક્તપ્રકર્તવ્યં પ્રથમે વિનિરૂપિતત્ ।
તદપિ શ્રીમદાચાર્યકૃપયા શુદ્ધભાવતઃ ।
ત્રયોદશવિધં ચાત્ર કરણીયં સદા નિજૈઃ ॥

– પ્રથમ શિક્ષાપત્રમાં પુષ્ટિભક્તનાં કર્તવ્યોનું નિરૂપણ છે. નિજભક્તોએ શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે તેર કર્તવ્યો હંમેશાં કરવાં.

આમ, નિજજન પુષ્ટિજીવે શ્રીઆચાર્યચરણની કૃપાથી હૃદયમાં શુદ્ધ ભાવ રાખીને તેર કર્તવ્યો કરવાનાં છે. પ્રથમ શિક્ષાપત્રના ચોવીસ શ્લોકોમાં શ્રીહરિરાયચરણ તેર કર્તવ્યોનું નિરૂપણ કરે છે. દેવો અને દાનવોએ કરેલા સાગરમંથનમાંથી ચૌદ રત્નો નીકળ્યાં હતાં, શ્રીહરિરાયચરણના હૃદયકમળમાં ભગવત્સિદ્ધાંતના રસસાગરના મંથનમાંથી તેર અમોલ રત્ન સાથે ચૌદમા ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ આ પ્રથમ શિક્ષાપત્રના અંતે આપણને થવાની છે.

પ્રથમ શિક્ષાપત્રનો આરંભ આ પંક્તિઓથી થાય છે :

"સદોદ્વિગ્નમના: કૃષ્ણદર્શને ક્લિષ્ટમાનસાઃ ।
લૌકિકં વૈદિકં ચાપિ કાર્યં કુર્વન્નનાસ્થયા ॥"

ગ્રંથનો પ્રારંભ થવો જોઇએ મંગલાચરણથી. મંગલાચરણનો પ્રત્યેક શબ્દ, એનું પ્રત્યેક પદ મંગલવાચી હોવું જોઇએ, આનંદમય હોવું જોઇએ. ત્યારે અહીં શ્રીહરિરાયચરણ પ્રારંભ કરે છે, 'સદોદ્વિગ્નમનાઃ' પદથી સદા ઉદ્વેગવાળું જેમનું મન છે, એ પદથી. આ પહેલા પદનો જ વિચાર આપણે ભગવત્કૃપાથી ઊંડાણથી કરીશું.

ગ્રંથનો પ્રારંભ થાય છે, 'સદા' શબ્દથી. એનો પહેલો અક્ષર છે 'સ'. એકતાલીસમું શિક્ષાપત્ર જ્યાં પૂર્ણ થાય છે ત્યાં એનો છેલ્લો શબ્દ છે 'સર્વથા'. છેલ્લા શબ્દનો પણ પહેલો અક્ષર છે 'સ'. પ્રથમ શિક્ષાપત્રનો પ્રથમ શબ્દ છે 'સર્વથા' સદા અને સર્વથા-આ બે શબ્દોની વચ્ચે શ્રીહરિરાયચરણ જે આજ્ઞા કરે છે એ આજ્ઞાઓને વિચારીએ તો આપને એમ કહેવાનું લાગે છે કે આ આજ્ઞાઓનું સદાય પાલન કરજો. મારી શિખામણ પ્રમાણે તમે હંમેશ રહેજો. કેટલો સમય પાલન કરજો? જવાબમાં શબ્દ છે 'સદા.' કેટલા પ્રમાણમાં પાલન કરવાનું? તો જવાબમાં શબ્દ છે-'સર્વથા', સંપૂર્ણ રીતે. આ શિખામણની, આ સિદ્ધાંતની જે વાતો આપે કરી છે, એમાં બાંધછોડ કરવાની કોઇ જગ્યા નથી. એનું સર્વદા શબ્દશઃ પાલન થાય, માટે શિક્ષાપત્રનો પ્રથમ શબ્દ છે સદા. અંતિમ શબ્દ છે સર્વથા. 'સ' થી પ્રારંભ થાય છે અને 'સ'

થી વિરામ થાય છે. સદા શબ્દ અને સર્વથા શબ્દને શ્રીઆચાર્યચરણ પણ પોતાના ગ્રંથોમાં બહુધા વાપરે છે. 'સદાસર્વથા સેવ્યાઃ' ત્યાં પણ સદા શબ્દ દ્વારા આજ્ઞા થઇ છે. શ્રીહરિરાયચરણ આ બંને શબ્દો ઉપર વિશેષ ભાર મૂકે છે. જેઓ શ્રીમહાપ્રભુજીના સેવકો હોય, જેઓ એમ માનતા હોય કે અમે શ્રીમહાપ્રભુજીના દાસ છીએ તો એમણે મારી શિખામણ હંમેશાં પાળવી. શ્રીહરિરાયચરણની આ આજ્ઞા છે. એમના માટે છે કે જેઓ શ્રીમહાપ્રભુજીના દાસ છે. વૈષ્ણવ થયા પછી જેમને શ્રીમહાપ્રભુજીમાં શ્રદ્ધા નથી, એમના માટે આ શિખામણ નથી. પણ જેમને શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ છે, એમનું સેવકત્વ સ્વીકાર્યું છે, એ પુષ્ટિજીવોએ આ એકતાલીસ શિક્ષાપત્રોની આજ્ઞાઓનું પાલન કરવું. કેવી રીતે કરવું? સદા-હંમેશાં કરવું. 'સર્વથા'- અક્ષરશઃ કરવું.

મંગલાચરણમાં કલેશવાચી, ઉદ્વેગવાસી 'ઉદ્વિગ્નમનાઃ' શબ્દ કેમ આવ્યો? લૌકિકના ઉદ્વેગનો આપણે વિચાર કરીશું તો માણસના મનમાં ઉદ્વેગ થાય, કલેશ થાય, દુઃખ થાય એવા પ્રસંગો જીવનમાં ઘણા આવે છે. પણ આપણને જેનો વિશેષ અનુભવ છે, એવા લૌકિક જીવનમાં કોઇ વ્યક્તિ એમ કહી શકશે કે હું સમજણો થયો ત્યારથી આજ સુધી સદાયે સતત મારા મનમાં ઉદ્વેગ જ રહ્યો છે? કોઇ દિવસ આનંદ થયો જ નથી? જેમ ઉનાળાની ગરમીમાં ગરમ પવન વાય અને પંખા નીચે બેસીએ ત્યારે શીતળ પવનની લહેર પણ આવે, એમ આપણા હૃદયમાં, મનમાં ઉદ્વેગરૂપી ગરમ પવન પણ વાય છે અને સુખરૂપી શીતળ પવન પણ વાય છે. માણસને કેવળ દુઃખ હોય, સદાયે દુઃખ હોય, તો એ ધીરજ ધારણ કરી શકે નહીં. કદાચ એ ગાંડો બની જાય. એની વિચારશક્તિ ઉપરથી એનો કાબૂ ગુમાવી પણ બેસે, એ એનું જીવન સમાલી શકે નહીં. એટલે લૌકિક વાતોમાં ''સદોદ્વિગ્નમનાઃ'' ની શકયતા નહીંવત્ છે.

શ્રીહરિરાયચરણ લૌકિક જીવન વિશે શિખામણ આપવા અહીં તત્પર નથી. એટલે અલૌકિક જીવનનો વિચાર કરવો હોય તો 'ઉદ્વિગ્નમનાઃ' એ શબ્દનો બીજો અર્થ ઘટાવવો પડશે. ઉદ્વેગ શબ્દમાં ઉપસર્ગ લાગ્યો છે 'ઉદ્' અને તેની સાથે 'વેગ' નામ જોડાયેલુ છે. વેગ એટલે ગતિ. સંસ્કૃત 'ઉદ્' ઉપસર્ગનો અર્થ થાય છે ઊર્ધ્વ-ઉપર. જેની ગતિ ઉપર તરફ હોય, ઊર્ધ્વગામી હોય એનું નામ 'ઉદ્વેગ.' વૈષ્ણવોનું મન સદા ઉપર તરફ બિરાજતા શ્રીપ્રભુનાં ચરણ તરફ છે, એવા જીવોની આ વાત છે. એવા પુષ્ટિ જીવોની આ વાત શ્રીહરિરાયચરણ કરે છે. માટે 'ઉદ્વિગ્નમનાઃ' એ શોકવાચી કે દુઃખવાચી પદપ્રયોગ નથી. એ આનંદવાચી પદપ્રયોગ છે. એ ફળવાચી પદપ્રયોગ છે. પુષ્ટિમાર્ગના ફળનું બીજ શ્રીહરિરાય પ્રભુએ શરૂઆતમાં વાવી દીધું

કે આપણે સૌએ પ્રભુ તરફ ઊર્ધ્વગામી બનવા માટે અનુકૂળ મન બનાવવાનું છે અને એ મનરૂપી વિમાનમાં આરૂઢ થઇને ભગવત્પ્રાપ્તિ કરવી. એ આપણું કર્તવ્ય છે. તમે વચમાં આવતાં બીજાં કોઇ ક્ષુલ્લક પ્રલોભનોમાં આસક્ત બનીને મુખ્ય ફળથી વંચિત ન રહી જાઓ એનું ધ્યાન રાખજો.

શ્રીહરિરાયચરણ અહીં એક જ પદ દ્વારા ઘણી બાબતોનું ગૂઢ રીતે સૂચન કરી રહ્યા છે. હે જીવો ! પ્રભુને પ્રાપ્ત કરવા માટે તમે શ્રીવલ્લભના શરણે આવ્યા છો, એ જ આપણું લક્ષ્ય છે. એનું સૂચન શ્રીહરિરાયચરણ ''ઉદ્વિગ્નમનાઃ'' શબ્દપ્રયોગ દ્વારા આપણને કરે છે. કેટલાક યુવાનો એક સુંદર શહેરમાં પહોંચ્યા છે. મુંબઇ જેવું શહેર છે. ભલામણપત્ર લઇને ગયા છે, કારણ કે પહેલી જ વખત ગયા છે. ત્યાં એમના માટે નોકરી, રહેવાની વ્યવસ્થા સંપૂર્ણ નિશ્ચિત છે. પણ સ્ટેશને ઊતરેલા એ યુવાનો મોહમયી મુંબઇના અનેક પ્રલોભનકારી દૃશ્યોમાં એવા આરક્ત અને આસક્ત થઇ ગયા કે એમનું જે અંતિમ ગંતવ્ય હતું, ત્યાં એ પહોચ્યાં નહીં અને પરિણામે તેઓ થોડા વખત પછી દુઃખી થઇને પાછા ફર્યા. આપણું પણ આવું છે. સાક્ષાત્ ભગવત્સ્વરૂપની અલૌકિક પ્રાપ્તિના ગંતવ્ય તરફ જતાં, માર્ગમાં લૌકિક તુચ્છ ફળની કામનાઓના જંગલમાં આપણે એવા તો અટવાઇ જઇએ છીએ કે ભગવત્પ્રાપ્તિનું અંતિમ લક્ષ્ય ચૂકી જઇએ છીએ. માટે શ્રીહરિરાયચરણ ટકોર કરે છે ''સદા ઉદ્વિગ્નમનાઃ'' - તમારા મનને સદાયે ભગવચ્ચરણ તરફના પ્રસ્થાન માટે ઊર્ધ્વગામી બનાવજો. લૌકિક વિષયાસક્તિના જંગલમાં એને ભટકતું, અટવાતું, હરાયા ઢોર જેવું બનાવીને છોડી દેશો નહીં.

અહીં ત્રીજો ભાવ પ્રગટ થાય છે. શ્રીહરિરાયચરણના મતે પુષ્ટિમાર્ગનું અંતિમ ફળ છે વિપ્રયોગાનુભવ. એના દ્વારા હૃદયમાં ધર્મી વિપ્રયોગ-સ્વરૂપે પધારી, એક કાલાવચ્છિન્ન અનેક લીલાઓનો આપણને અનુભવ કરાવી, સ્વરૂપના આનંદનું દાન કરે છે. એ માટે વિપ્રયોગનો અનુભવ કરવા માટે જીવે તત્પર બનવું જોઇએ.

આમ, 'ઉદ્વિગ્નમનાઃ' શબ્દ દ્વારા શ્રીહરિરાયચરણ મંગલવાચી, આનંદવાચી, ફળવાચી પદપ્રયોગ કરે છે. કલેશવાચી ફળપ્રયોગ આપ કરતા નથી. 'કૃષ્ણ' પદ દ્વારા શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રોનું મંગલાચરણ કરે છે. જે પૂર્ણાનંદ છે, જે સર્વતંત્ર સ્વતંત્ર છે, જે સર્વસામર્થ્ય યુક્ત છે એવા શ્રીકૃષ્ણનું નિરૂપણ કરતાં શ્રીહરિરાયચરણ અહીં 'કૃષ્ણ' પદની સાથે 'શ્રી' શબ્દને જોડતા નથી; કારણ કે આપણે હમણાં જ જોયું કે પરમ ફળનો અનુભવ વિપ્રયોગ દ્વારા જીવને થાય, તો એ જીવ કૃતાર્થ બની જાય છે. આ ધર્મી વિપ્રયોગ સ્વરૂપ એટલે કૃષ્ણ. માટે બ્રહ્મસંબંધ મંત્રમાં - પંચાક્ષર

મંત્રમાં શ્રીઆચાર્યચરણે 'કૃષ્ણ' પદનો જ્યાં પ્રયોગ કર્યો છે ત્યાં પણ 'કૃષ્ણ' શબ્દ સાથે 'શ્રી' શબ્દ જોડવામાં આવ્યો નથી.

આ ચર્મચક્ષુઓ દ્વારા પરમકૃપાળુ પ્રભુ એમના અલૌકિક સ્વરૂપનાં દર્શન અનાયાસે જ આપણને કયારે કરાવે; એનો જ વિરહ, એનું જ ચિંતન, એનો જ વિચાર એ પુષ્ટિમાર્ગીય જીવનું મુખ્ય કર્તવ્ય છે.

ક્લિશ્યમાનાન્ જનાન્ દ્રષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્।
તદા સર્વં સદાનંદ હ્દિસ્થં નિર્ગતં બહિઃ।।"

('નિરોધલક્ષણ' -૭)

- પોતાના કલેશાતુર ભક્તો જોઇને પ્રભુ જ્યારે કૃપાયુક્ત બને છે, ત્યારે તે સદાનંદ સ્વરૂપ હ્દયમાંથી બહાર પ્રગટ થાય છે.

આ મુખ્ય કર્તવ્યને સિદ્ધ કરવા માટેનાં આનુષંગિક કર્તવ્યો શ્રીહરિરાયચરણ આપણને આ શિક્ષાપત્રમાં બતાવવાના છે.

ભગવદીયોએ જે દર્શન માટે વિરહતાપ કર્યો છે એ ભગવદીયોનું સ્મરણ કરતાં કરતાં રોમાંચ થઇ આવે છે. જેમને હજુ શ્રીમહાપ્રભુજીની કૃપાથી, શ્રીગુસાંઇજીની કૃપાથી બ્રહ્મસંબંધ પ્રાપ્ત થયું નથી; જેમને હજુ શ્રીગોવર્ધનધરને જોવાનો સુયોગ સાંપડયો નથી, જેમણે ચિત્રસ્વરૂપે જ શ્રીનાથજીનાં દર્શન કર્યાં છે, એવા રસખાનજી ગોવિંદકુંડ ઉપર વૃક્ષ નીચે બોંતેર-બોંતેર કલાક સુધી સાંવરિયાનાં દર્શનના વિકટ તાપમાં તરફડી રહ્યા છે. તેમનાં નેત્રોનાં અશ્રુ પણ સુકાઇ ગયાં છે, જેમને દર્શન આપવા માટે શ્રીગોવર્ધનનાથજી મુકુટ-કાછનીનો શૃંગાર ધરીને શ્રીગિરિરાજના શિખર ઉપર પધારે છે, એવા રસખાનજી વિરહનો મર્મ, વિરહ આનંદ પામ્યા છે.

"મોહન છબિ 'રસખાનિ' લખિ, અબ, દગ અપને નાહીં;
એંચે આવત ધનુષ સેં, છૂટે સર સેં જાહીં."

- જેમ ધનુષ્યમાંથી છૂટેલું બાણ પાછું આવતું નથી, તેમ શ્રીકૃષ્ણચંદ્રની મનમોહન છબિનાં દર્શન થતાં, આ નેત્રો હવે મારાં રહ્યાં નથી.

ચતુર્ભુજદાસજી ભગવત્કૃપાથી વિરહનું સુખ માણે છે, મહિનાઓ સુધી માણે છે. એમનો વિપ્રયોગ જ્યારે ચરમકક્ષાએ પહોંચ્યો, ત્યારે ચતુર્ભુજદાસજીના રોમ-રોમમાંથી પ્રભુને પામવાની વિનંતી વાણીરૂપે પ્રગટી : "શ્રીગોવર્ધનવાસી સાંવરે લાલ તુમ બિન રહ્યો ન જાય, હૌં બ્રજરાજ લડેતે લાડિલે."

મહાનુભાવ શ્રીકુંભનદાસજી રાજભોગનાં દર્શન કરીને હજુ તો અપ્સરા કુંડ ઉપર શ્રીગુસાંઇજીના પડાવની પાસે વૃક્ષ નીચે આવીને બિરાજ્યા છે. ઉત્થાપનનાં

દર્શન તો હજુ ખૂલ્યાં પણ નથી, પરંતુ શ્રીગુરુદેવની આજ્ઞા થઇ છે, અમારી સાથે ગુજરાત ચાલો. સાંજે શ્રીનાથજીબાવાનાં દર્શન નહીં થાય એ વિચારે વિપ્રયોગની એક ચિનગારીએ એમના હૃદયને પ્રભુમિલન માટે એવું ઉત્કટ કરી મૂક્યું કે એ સમયને ભૂલી ગયા અને એમનું દિલ પોકારી રહ્યું છે : ''કેતે જુ દિન બીતે, બિનું દેખે શ્રીગિરધરલાલ.'' આપણને નવાઇ થાય. શ્રીકુંભનદાસજી, તમે રાજભોગનાં દર્શન કરીને આવ્યા છો, ઉત્થાપનનો હજુ સમય થયો નથી અને કહો છો 'કેતે જુ દિન બીતે?'

એક વ્રજભક્ત એમની પ્રિય સખીને કહી રહ્યાં છે : 'અબ હૌં કહા કરૌં રી માઇ, જબ તેં દૃષ્ટિ પરી નંદનંદન, પલભર રહ્યો ન જાઇ.' સૂરદાસજી તો યુગલ સરકારને વિનંતી કરે છેઃ ''કબ દેખો મેરી ઓર, નાગર નંદકિશોર, બિનતી કરત ભયો ભોર.''

આવું ''કૃષ્ણદર્શને કિલષ્ટમાનસાઃ''-પ્રભુના દર્શન માટે તડપતું, તરફડતું મન આપણું બને, એ આપણા પુષ્ટિજીવનું મુખ્ય કર્તવ્ય છે.

એવું મન કેવી રીતે બને, એવું મન બનાવવા માટે ભગવત્કૃપાથી જીવે શું કર્તવ્ય કરવું જોઇએ, એનું નિરૂપણ શ્રીહરિરાયચરણ આ પ્રથમ શિક્ષાપત્રમાં કરે છે. પ્રથમ શિક્ષાપત્રનું અંતિમ ગંતવ્યસ્થાન આ પહેલા શ્લોકની પહેલી પંક્તિમાં આપે બતાવી દીધું.

'ઉદ્વિગ્નમનાઃ' શબ્દ ભવિષ્યમાં બનનારી ઘટનાનું સૂચન કરનાર પણ છે. આજથી બરાબર છઠ્ઠા દિવસે શ્રીગોપેશ્વરજીનાં વહુજી મહારાજ આસુરવ્યામોહ લીલા કરવાનાં છે, અને ત્યારે પ્રભુની સેવામાં અત્યંત સહાયક એવાં વહુજી મહારાજના ભૂતળત્યાગથી વ્યથિત બનનાર શ્રીગોપેશ્વરજીના ભાવિમાં બનનાર લૌકિક પ્રસંગનું બીજ આપણને સૂચવી દીધુ છે. સાથે સાથે શ્રીગોપેશ્વરજીને પણ ગૂઢ રીતે બનનાર પ્રસંગ તરફ આપ અંગુલિનિર્દેશ કરી રહ્યા છે. એવા આ શિક્ષાપત્રમાં પુષ્ટિજીવોનાં જે કર્તવ્યો બતાવ્યાં, એનો હવે વિચાર કરીએ.

આપશ્રી આપણુ સૌથી પહેલું કર્તવ્ય આ પ્રમાણે બતાવે છેઃ જીવનમાં આપણે શું કરીએ છીએ અને શું કરવાનું છે, અને એણે શું બનવાનું છે, એનો જો એ વિચાર કરી શકે, તો એ યોગ્ય માર્ગે જઇ શકે. તમે કયારેક સવારથી ઊઠો ને રાતે સુધી જે જે કંઇ કાર્ય કરો એની નોંધ કરજો. એકાદ અઠવાડિયાની નોંધ કર્યા પછી વિચાર કરજો કે રોજના ચોવીસ કલાક પૈકી આપણા મોટા ભાગના કલાકો તો લૌકિક કાર્યોમાં આપણે વીતાવીએ છીએ. શ્રીહરિરાયચરણ પછી આજે ત્રણસો નેવું વર્ષ વીતી ગયાં

છે. એટલે એ વૈદિક કાર્યોનો તો હવે અવકાશ રહ્યો નથી. આપણે પોતાના માટે અને કુટુંબના માટે જ જીવીએ છીએ. સૂરદાસજીએ ગાયું : ''આજ કાલ કામ કાલ પરસોં કામ કરનો'' કામ જ કામ કર્યા સિવાય બીજું આપણે કાંઇ કરતાં નથી. વાસણો માંજીએ છીએ, કપડાં ધોઇએ છીએ, ઘર ઘસીએ છીએ, પણ કયારેક ચોવીસ કલાકમાં થોડોક સમય હૃદયને અને મનને માંજવા, ઘસવા, અજવાળવા માટે ગાળ્યો છે ખરો? વિચાર કરજો. લૌકિક કાર્યો કરીએ છીએ, આગ્રહપૂર્વક કરીએ છીએ. સૂરદાસજીના શબ્દોમાં ''કામ હી મેં પચી મરનો'' કામમાં આપણે ઊંડા ખૂંપી જઇએ છીએ.

માણસ જે ક્રિયા કરે, એ ક્રિયાની પાછળ બીજી બે ઇન્દ્રિયો સંકળાયેલી છે. એક એનું 'મન' અને બીજી 'વાણી.' મન, વાણી અને ક્રિયા ત્રણ ભેગાં થાય એટલે 'વર્તન' કહેવાય. અંગ્રેજીમાં એને 'બીહેવીઅર' (Behaviour) કહીએ છીએ. માનવીનું વર્તન ઊર્ધ્વગામી બને, 'સબ્લીમેટેડ' (Sublimated) બને, કંઇક અપેક્ષિત અર્થાત્ સારી દિશાનું બને, એને 'કેળવણી' કહીએ છીએ, 'શિક્ષણ' કહીએ છીએ, માનવજીવનનું એ લક્ષ્ય છે કે છીએ એના કરતાં કંઇક વધારે સારા બનીએ. જે લૌકિક કાર્યોમાં આપણે પચી મરીએ છીએ એ આવશ્યક છે? અને જો આવશ્યક હોય તો કેટલા પ્રમાણમાં? એ શું આપણું ગંતવ્ય છે? એ જ આપણું સર્વસ્વ છે? એના માટે આ જનમ અને તેમાંયે આ વૈષ્ણવ જીવન પ્રાપ્ત થયું છે? આ બધાના જવાબ આવશે, 'ના.'

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ગૃહસ્થ છીએ, લૌકિક વૈદિક કાર્યો ન કરશો એમ કહેવાથી ચાલવાનું નથી. કરવાં પડે તે જરૂર કરવાં, પણ કેવી રીતે કરવાં? 'આસ્થયા' એમાં આસ્થા રાખીને, એ જ આપણું સર્વસ્વ છે, એવો ભાવ રાખીને ન કરવાં. બીજું કંઇ નથી કરવાનું એવો વિચાર રાખીને ન કરવાં; પરંતુ ગૃહસ્થધર્મનું પાલન કરવાનું છે, પરિણામે આવશ્યક હોય એવાં લૌકિક કાર્યો પણ એમાં ચિત્ત રાખ્યા વિના કરવાં. તમે કહેશો, કામમાં ચિત્ત ન રાખીએ તો કામમાં શો ભલીવાર આવે? અનાજ વીણવા બેસીએ અને અનાજ વીણવામાં ચિત્ત ન રાખીએ, તો કાંકરા જ વીણશે એવું નહીં બને? કદાચ ઘઉં થાળીમાંથી નીચે પડશે અને કયાંક કાંકરા થાળીમાં રહી પણ જશે. આમ, કામમાં ચિત્ત ન રાખીએ તો કામ જરૂર બગડે. તો પછી 'અનાસ્થયા' એ પદને કેવી રીતે સમજવું? જેમણે 'અનાસ્થયા' એ કાર્યો કર્યા છે, એ જ આપણને આ પદનો સાચો મર્મ સમજાવી શકે. તે મર્મને જાણવા-સમજવા ચાલો, વ્રજભક્તો પાસે જઇએ.

વહેલી સવારે વ્રજના પ્રત્યેક ઘોષમાં વ્રજભક્તો જાગે છે. પોતે ગૃહસ્થ છે એટલે જાગીને ઘરનાં કાર્યોમાં જોડાય છે. એમની નિકુંજના દ્વારે ઊભા રહીને આપણે

ચુપકીદીથી સાંભળીએ અને જોઈએ કે એ વ્રજભક્તો કેવી રીતે લૌકિક કાર્યો કરે છે:

''પ્રાત સમે ઉઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા'એ'- વ્રજભક્તો ઊઠતાંની સાથે જ પ્રભુના ગુણગાનથી પોતાના પ્રભાતનો પ્રારંભ કરે છે. જ્યારે આપણો પ્રારંભ ફિલ્મનાં ગીતોની રેકર્ડથી થાય છે. કયાંક ગુસ્સાથી થાય છે, કયાંક મનમાં બળાપાથી થાય છે, કયાંક ઊઠવાનું બહુ મોડું કે વહેલું થયું, એના કકળાટથી થાય છે.

શ્રીહરિરાયચરણ 'અનાસ્થયા' શબ્દ વાપરે છે ત્યારે આજ્ઞા કરે છે કે ક્રિયા ભલે લૌકિક હોય, એ ક્રિયા પાછળનો ભાવ અલૌકિક હોવો જોઈએ. ''પ્રાત સમે ઉઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા, કર સિંગાર મથનિયાં ધોવે, અપનો-અપનો દહ્યો બિલોવે.'' એમનું મુખ્ય કાર્ય સવારે દધિમંથન કરવાનું છે. કરી રહ્યા છે તો દધિમંથન. દધિમંથન તો હાથ કરે છે, પણ હૈયું અને હોઠ શું કરે છે? ''મંથન કરે મોહન જશ ગાવે, સુમર સુમર હરિગુન સચુ પાવે.''- હાથ દધિમંથન કરે છે અને હૈયું તેમજ હોઠ પ્રભુના ગુણાનુવાદ કરે છે. પ્રભુની લીલાઓનું સ્મરણ કરતાં કરતાં એમનું હૃદય આનંદથી છલકાય છે. ઘરમાં સર્વ કાર્યો જો આપણે આ રીતે કરીએ તો એ લૌકિક કાર્યોની કૃતિ દેખાવા છતાંય હૃદય એમાં ડૂબેલું નહીં રહે.

પ્રાચીન ભગવદીયોએ બહુ સુંદર વાત કરી છે. કાર્ય એનું એ છે, પણ એ કાર્ય પાછળનો વિચાર બદલી નાખો. રોજ સવાર-સાંજ ઘરનો કચરો એટલા માટે કાઢીએ છીએ કે ઘર મારુ છે, આ ઘરમાં મારે રહેવાનું છે, એટલે મને સુખ થાય, મારે ત્યાં આવેલા મહેમાનો મારું ઘર જોઈને રાજી થાય, માટે હું ઘર સ્વચ્છ રાખું છું? ના, ઘરને સ્વચ્છ કરતાં, બુહારી કરતાં હૃદયમાં એવો ભાવ રાખો કે ઘર મારું નથી, મારા પ્રભુનું છે. એ એમાં બિરાજે છે, એમાં ખેલે છે. છ માસનું કોમળ બાળસ્વરૂપ છે. એમના અતિ સુંદર અરુણ ચરણકમળ છે. એકાદ રજની કાંકરી પણ કદાચ એમના ચરણકમળને પરિશ્રમ આપશે. માટે પ્રભુની પ્રસન્નતા માટે હુ આ પ્રભુમંદિરમાંથી બુહારી કાઢું છું. પ્રભુની આ નિકુંજમાં મારાં કુટુંબીઓ નથી, એ બધાં વૈષ્ણવો છે, ભગવદીયો છે. અરે, વ્રજભક્તો આ ઘરમાં રહે છે. એમના સુખ માટે, એમની પ્રસન્નતા માટે હું આ બુહારી કાઢું છું. મારાં આત્મધર્મી ભગવદીયો આવવાનાં છે, એમની પ્રસન્નતા માટે હું આ બુહારી કાઢું છું. આમ, બધાં જ લૌકિક કાર્યો જો આવા ભગવદ્ભાવથી કરવામાં આવે તો વાણી અને વિચારની લૌકિકમાં રચ્યાપચ્યા રહેવાની આસ્થા-શ્રદ્ધા આપોઆપ જતી રહેશે અને મન પ્રભુમાં પરોવાશે. મનને પ્રભુના પ્રેમમાં પરોવવા માટેનું આ પહેલું પગથિયું શ્રીહરિરાયચરણે બતાવ્યું કે

લૌકિક-વૈદિક જે કંઇ કાર્યો કરવાં પડે, એ અનાસ્થાપૂર્વક કરવાં. આ કાર્ય કરીશ, તો જ મારું કલ્યાણ થશે, મારું સુખ થશે, એવો એ કાર્યનો આશ્રર્ય કરીને ન કરવાં. અન્યાશ્રયના પ્રસંગમાં એનો વિશેષ વિચાર ભગવત્કૃપાથી કરીશું.

શ્રીહરિરાયચરણ બીજી આજ્ઞા કરે છે : આ કાર્યો અહમ્‌ની મમતા રાખીને ન કરવાં. આ હું કરું છું, એવો ભાવ જ્યાં સુધી હ્રદયમાં થાય છે. ત્યાં સુધી દુઃખ આવે છે. માણસ વિચાર કરે કે આ કામ એમ બોલવાની અને વિચારવાની આપણને આદત છે, કુટેવ છે, ''હું નહીં હોઉં ત્યારે જોજો, આ ઘરમાં તમારી શી દશા થાય છે? આ બધું હું કરું છું. ત્યારે ચાલે છે.'' આ બધું મારું છે, માટે હું કરું છું તથા મારું છે અને હું કરું છું. એ બે વાત-એ બે વિચારને આપણે વાળીઝૂડીને મનને ચોખ્ખું કરવું પડશે કે ભાઇ, અહીં મારું કંઈ જ નથી. અહીં જે કંઈ છે તે બધું પ્રભુનું છે. આ હું નથી કરતો, પણ પ્રભુ કરાવે છે. હું તો એક નિમિત્ત માત્ર છું. હું તો પ્રભુની સઘળી મિલકતોનો અને કાર્યોનો ટ્રસ્ટી છું. માલિક નથી.

પ્રભુ જે જીવ ઉપર કૃપા કરે, તેનું વરણ કરે છે. કોના ઉપર કૃપા કરવી, એના કોઇ નિયમો પ્રભુએ બતાવ્યા નથી. અનુગ્રહ એ પ્રભુનું કાર્ય છે. જીવ ડિક્ટેટ (Dictate) કરી શકે નહીં કે પ્રભુ, આના ઉપર જ કૃપા કરો. આ તો પ્રભુનું કર્તૃક સ્વરૂપ છે. એને પણ પ્રભુ પલટી નાખે છે, અન્યથાકર્તુમ્ બને છે ત્યારે. તે અનુગ્રહ પણ પ્રભુ અહીં ટ્રસ્ટ રચીને એમાંથીયે જેને અનુગ્રહ લેવો હોય, એને માટે સુલભ કરી આપે છે. અનુગ્રહ ટ્રસ્ટે આ અનુગ્રહ આપણા ઉપર ન કર્યો હોત, તો આપણે શું આ રીતે શ્રીહરિરાયચરણ દ્વારા આપશ્રીનાં વચનામૃતોમાં કાંઇક ડૂબકી મારી શકયા હોત ખરા?

કહેવાનું તાત્પર્ય એ છે કે : જે કંઇ કાર્યો જીવનમાં કરીએ એમાંથી મોહ છોડી દેવો. પ્રભુએ આપણને ફરજ સોંપી છે, તે આપણે યથાશક્તિ બજાવી લીધી અને એનાથી અળગા થઇ જવું. ''ભક્તિપોષણ''માં દયારામભાઇ કહે છે કે ''જગત જાણે એ છે જંજાળી''- જગત એમ જાણે છે કે આ માણસ બહુ જંજાળી છે, પણ ''રાખે હ્રદે ત્રિકમજી-શું તાળી'' એનું મન જાણે છે કે : ભાઇ, કામ તો કર્યા કરીએ, પણ હ્રદય અને મન તો પ્રભુ સાથે જ જોડાય.

અંબાલાના દિવાન નારાયણદાસભાઇ સવારથી સતત રાત સુધી રાજકાજમાં પરોવાયલા રહેનારા. તેઓ દર પાંચ મિનિટે વ્રજવાસી દ્વારા સ્મરણ કરે છે, ''ભૈયા, ગોકુલ કબ ચલેંગે?'' બસ, પ્રભુએ જે કાર્ય આપ્યું, એ ફરજ બજાવ્યા કરો, પણ આસક્તિ રાખ્યા વિના કરો. અહંતા રાખ્યા વિના મોહ અને મમતા છોડીને કરો.

ત્રીજું, જ્યાં સુધી આ લૌકિક કાર્યો હું કરું છું, તે ભાવ રહેશે ત્યાં સુધી એમાં કલેશ થશે. કામ કરવા ગયા અને બરાબર બન્યું નહીં એટલે કલેશ થવાનો. આપણી ઈચ્છા પ્રમાણે ન થયું, એટલે કલેશ થવાનો પણ જો એમ માનીએ કે પ્રભુએ આપણને કામ સોંપ્યું અને કરાવ્યું એવું કર્યું, તો કલેશ નહીં થાય. લૌકિક કાર્યોનાં પરિણામ ગમે તે આવે, પણ એનો કદી કલેશ ન કરશો. એનું કદી દુઃખ ન કરશો. એમાંય એમ માનજો કે પ્રભુની એવી ઈચ્છા છે. લૌકિક આપત્તિ આવે એ જોઇને જો આપણે દુઃખી થઈએ, ત્યારે પ્રભુને જો સુખ થતું હોય તો ભલે વધારે આપત્તિઓ. આવે. આપણું જીવન પ્રભુના સુખ માટે છે.

સિનેમાના, પડદા ઉપર કે નાટકના રંગમંચ ઉપર કોઇ પાત્રને રડતું જોઈએ છીએ, કરુણ દશ્ય જોઈએ છીએ. ત્યારે એ દશ્ય હોય છે કરુણ; પણ રસશાસ્ત્ર એમ કહે છે કે ભાવકના હૃદયને શુદ્ધ કરીને એને વિશુદ્ધ રસાનંદ આપનારું બને છે; એ પણ રસનિષ્પત્તિની ક્રિયા કરાવનારું છે. જો એક લૌકિક દશ્ય કરુણ હોવા છતાંયે એના ભાવકને આનંદ આપતું હોય, તો આપણા જીવનની કરુણ ઘટનાઓથી, ''રસો વૈ સઃ'' - પ્રભુને કોઈક રીતે પ્રસન્નતા થતી હોય, તો ભલે એવી અનેક ઘટનાઓ જીવનમાં આવતી.

શ્રીહરિરાયચરણ 'શિક્ષાપત્ર'માં અનેક સ્થાને નવરત્નમાંથી શ્રીઆચાર્યચરણની એક આજ્ઞા આપણને સતત યાદ કરાવે છે : 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ.' પ્રભુએ જેને પોતાના ગણ્યા છે, જેના ઉપર પ્રભુની મહતકૃપા થઇ છે, જેનો પ્રભુએ હાથ પકડયો છે અને જેને બીજો જન્મ લેવાનો નથી, એને આ દુનિયાનાં કાર્યોમાં પ્રભુ કયારેય સ્વસ્થતા કરાવશે નહીં. ઘણા પ્રશ્ન કરે છે કે આવા વૈષ્ણવોએ સઘળી જિંદગી મરજાદ પાળી, સઘળી જિંદગી ભોગ ધર્યો, પણ છેવટે બિચારા કેવા દુઃખી-દુઃખી થઇને પહોંચી ગયા? સેવા કર્યા પછી આવું દુઃખ જ ભોગવાનું? જેને અનુભવ નથી એને આવો વિચાર આવે. પણ એ દુઃખ પાછળ પ્રભુ જે સુખ આપવાના છે, પોતાની નિત્યલીલામાં પ્રવેશનું-એનો ખ્યાલ આપણને હોતો નથી.

માટે જ શ્રીહરિરાયચરણે લૌકિક કાર્યો કરવાં માટે ત્રણ સુવર્ણ આજ્ઞાઓ આપણને કરી છે, ત્રણ મૌક્તિકો આપણને અહીં આપ્યાં છે, તે બરાબર ગાંઠે બાંધી લઈએ : (૧) એમાં રચ્યા-પચ્યા રહીને શ્રદ્ધા અને આસ્થાપૂર્વક આ કાર્યોમાં મન ન પરોવવું. ભગવદ્-ભાવનાનો વિચાર કરીને લૌકિક કાર્યો કરવાં (૨) અહંતા, મમતા છોડી દઈને, પ્રભુના દાસ તરીકે, પ્રભુની ઈચ્છા પૂરી કરવાના હેતુથી લૌકિક કાર્યો તટસ્થ ભાવે કરવાં (૩) લૌકિક કાર્યનું પરિણામ ગમે તે આવે, એના માટે

ઉદ્વેગ કે કલેશ ન કરવો.

આ તો કાર્યની નિરુદ્ધતા શ્રીહરિરાયચરણે બતાવી. કાર્યમાં શું કરવું અને શું ન કરવું, તેની વાત આપે આપણને કરી. કાર્ય કરવા પાછળનું પ્રેરક બળ છે મન અને વાણી. માણસ મનમાં જેવું વિચારે છે એવું વાણી દ્વારા બોલે છે અને બોલે છે એવું એ કરે છે. માટે જેને વશમાં રાખવાની જરૂર છે એ વાણી. પહેલાં વાણી સિવાયની ઇન્દ્રિયોની આપે આજ્ઞા કરી, હવે વાણી માટે આજ્ઞા કરે છે. શ્રીમહાપ્રભુજી પણ નિબંધમાં "જિહ્વોપસ્થપરાયણાઃ" એમ જીવ માટે આજ્ઞા કરે છે; કારણ કે આ જીવ, એની નૌટંકી જેવી જે જીભ છે, એને વશ કરી શકતો નથી. જીભ બે કાર્ય કરે છે અને માણસને ગબડાવી પાડે છે. રસ્તામાં નીકળીએ, ખાનપાનની લારીઓ દેખાય, એટલે જીભ લબકારા મારવા માંડે. એ એવા લબકારા મારવા માંડે કે એક નાનકડી જીભને આપણે કહી શકતા નથી, 'ચૂપ, લબકારા મારીશ તો બે દાંત વચ્ચે કચડી નાખીશ.' પણ ત્યાં જેવું હોય તેવું જીભ ચાટે ત્યારે એને સંતોષ થાય. કોઇકને સામે જુએ, એટલે જીભ લબકારા મારવા માંડે કે ચાલો, સાંભળનારો મળી ગયો, બોલવો માંડો હવે. કદાચ કોઇ સાંભળનાર ન મળે તોય એકલા-એકલા વાતો કરવાની કુટેવ કયાંક જોવા મળતી હોય છે. આ જીભના બે દુર્ગુણો. જીભને જો વશ કરી શકાય, તો જીવનમાં આપણે જે ભગવદ્‌માર્ગે જવાનું છે, એ ભગવદ્‌માર્ગ આપણા માટે બહુ સરળ થઈ જાય.

માટે શ્રીહરિરાયચરણ વચનનો નિરોધ-જીભના ઉપર અંકુશ મૂકવા માટેનું બીજું કર્તવ્ય હવે આપણને બતાવે છે. "નિરુદ્ધવચનો વાકયમ્ આવશ્યકમ્ ઉદાહરન્." આપ આજ્ઞા કરે છે, ભગવત્ સંબંધી ન હોય એવી વાણી ઉચ્ચારવી નહીં, "મેરે તો ગિરધર હી ગુણગાન." મારું ગુણગાન, આ વાણીનો ઉપયોગ તો ગિરિધરલાલના, ગિરિરાજધરણના ગુણગાન ગાવા માટે જ. એ સિવાય બીજો કોઇ ઉપયોગ મારી આ વાણીનો કયારેય હોઇ શકે નહીં. "ભક્તન કો કહા સિકરી સોં કામ" - લૌકિક પ્રલોભનો એ ફત્તેહપુર સિક્રી જેવાં છે. લૌકિક પ્રલોભનો માટે જીભ જયારે અંકુશ ગુમાવે છે, ત્યારે ગમે બડબડાટ કરે છે. ભગવદ્-ગુણગાન એ જ જીભનો ધર્મ બનવો જોઇએ. અષ્ટપ્રહર ભગવદ્ - ગુણગાન એ જ જીભનો ધર્મ બનવો જોઇએ. અષ્ટપ્રહર ભગવન્નામ સતત રટાવું જોઇએ, જે શ્રીચાચા હરિવંશજીને સિદ્ધ થયું હતું. રાત્રે ઊંઘમાં પણ એમના રોમરોમમાં અષ્ટાક્ષર મંત્રનો જપ ચાલ્યા કરતો. એ તો પ્રારંભમાં આપણા માટે કદાચ શક્ય ન બને. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સંસારમાં રહીએ છીએ, ગૃહસ્થ છીએ, મૌન

ધારણ કરીને એકાંતમાં બેસવાથી ચાલવાનું નથી; તો 'આવશ્યકમ્ ઉદાહરન્'- જેટલું જરૂરી હોય, એટલું ખપ પૂરતું જ બોલવું. એક શબ્દથી કામ ચાલતું હોય તો બે શબ્દ ન બોલો. જો આંખના સંકેત દ્વારા કામ ચાલતું હોય તો શબ્દનો ઉચ્ચાર ન કરવો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે તમારી વાણીનો નિરોધ કરો. આવશ્યક બોલીને તરત જ પાછા ભગવન્નામના સ્મરણમાં જોડાઇ જાઓ.

પણ બને છે એવું કે ભગવદ્-વાર્તામાં બેસીએ ત્યારે બીજી અનેક વાતો ચાલ્યા કરતી હોય છે. ચિત્તની, મનની, જીભની સ્વસ્થતા હોય જ નહીં, તો પછી લૌકિક કાર્યમાં તો એ જીભ કેમ ગુણગાન ગાવામાં નિરુદ્ધ બને? બહુ અઘરું કાર્ય છે. શ્રીહરિરાયચરણની આજ્ઞાથી, શ્રીઆચાર્યચરણની આજ્ઞાથી તે સરળ બની જાય. યાદ આવે એટલી ઘડી ફરી-ફરીને જીભ પાસે ભગવન્નામ લેવડાવવાની ટેવ પાડવી જોઇએ. ભગવન્નામ કેવી રીતે લેવું, એનો વિચાર આપણે પછી કરીશું, પણ ભગવન્નામ સતત લેવાવું જોઇએ.

"તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥"

('નવરત્ન'-૯)

શ્રીઆચાર્યચરણની 'નવરત્ન'માંની આ આજ્ઞા કેવળ ગોવિંદ દવેને માટે નહીં; આપણા સૌને માટે કરી છે. એક વાર શ્રીકૃષ્ણ ચૈતન્ય સાથે શ્રીમહાપ્રભુજીનો મેળાપ થયો. માનસીગંગા પર ગોવર્ધનમાં શ્રીચૈતન્યજી વિનંતી કરે છે, "શ્રીવલ્લભ, હું એમ માનું છું કે આ કલિયુગમાં ભગવન્નામ લેવાથી જીવનો ઉદ્ધાર થઇ જાય." ત્યારે આપ આજ્ઞા કરે છે, "ના, આ કલિયુગ એવો ભયંકર છે કે ગાયના શિંગડા ઉપર રાઇનો દાણો ટકે એટલી વાર જો ભગવન્નામ ચૂકી જવાય તો જીવનું અધઃપતન થાય."

વિચાર કરો. પ્રયોગ કરવો હોય તો કરી જોજો, ગાયના શિંગડા ઉપર રાઇનો દાણો મુકવાનો! કેટલીક ક્ષણ રહી શકે? એટલી વખત પણ ભગવન્નામ છૂટવું ન જોઇએ, એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

"કૃષ્ણનામ જબતેં શ્રવન સુન્યો રી આલી,
ભૂલી રી ભવન હૌં તો બાવરી ભઇ રી.
ભર ભર આવેં નૈન ચિત્તહુ ન પરે ચૈન,
તન કી દસા કછુ ઔર ભઇ રી."

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : 'નિરુદ્ધવચનો વાકયમ્ આવશ્યક-મુદાહરન્'- વાણી ઉપર સંયમ કેળવો. જીવનમાં સૌથી પહેલી કોઇના સંયમની જરૂર હોય તો જીભના-વાણીના સંયમની જરૂર છે. જીભ કેવળ ભગવન્નામમાં આસક્ત બને એવી બનવી જોઇએ. 'ખાવત પીબત સોવત જાગત કેવલ હરિનામ'-ખાતાં, પીતાં, ઊંઘતાં, જાગતાં, ઊઠતાં, બેસતાં કેવળ પ્રભુનું નામ જીભ ઉપર આવ્યા જ કરે, એવી આ જીભને બનાવવી છે. પ્રભુકૃપાથી જીભને આ માર્ગે વાળવી છે. એનો નિરોધ કરવો છે. ખપ પૂરતું જ બોલવું છે. આ નવ દિવસ આપણે આ માટે પ્રતિજ્ઞાબદ્ધ થયા છીએ. એ જીવનમાં સદાય આચરવા જેવું છે.

એનાથી એક બીજો ફાયદો થશે. કોઇને પણ પૂછવાનું આપણને મન થાય કે બહું લાબું જીવવા જેવું નથી; અને છતાંયે જીવન ભગવદ્-ઇચ્છાથી ટૂંકું થતું હશે તો એ દિવસે વ્યાકુળ બની જઇશું કે બસ જવાનું? કોઇને જવું ગમતું નથી. લાંબુ જીવવું હોય તો સૌ આરોગ્યશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકો એમ કહે છે કે ઓછામાં ઓછું બોલો, વધારે મૌનનું પાલન કરો. બોલવાથી આપણા શરીરની કેટલીક શક્તિઓ ખર્ચાય છે, એનો અનુભવ શિક્ષકોને થોડા પ્રમાણમાં છે. આખો દિવસ બોલ્યા પછી સાંજે કુટુંબીજનો સાથે પણ બોલવાનું મન ન થાય, એવી કયારેક શરીરની સ્થિતિ બનતી હોય છે અને એ વખતે સૌ માતાઓ અને બહેનોની ઈર્ષા આવે છે કે પ્રભુએ એમને જેટલી બોલવાની શક્તિ આપી છે, એટલી શિક્ષકોને આપે, તો એમનું કામ સરળ થઇ જાય. માટે 'વાકયમ્ આવશ્યકમ્ ઉદાહરન્'-જરૂર હોય એટલું જ બોલો. અંગ્રજીમાં કહ્યું છે:'Silence is golden, speech is silver.' બોલવું એ રૌપ્ય છે, ચાંદી જેવું છે. મૌન એ સૌનું છે. એક અંગ્રેજ નાટયકાર પણ બહુ સાચી વાત કહે છે : 'give thy ears to all, but few thy tongue'- કાન બધાંને આપજો, જીભ થોડાંકને જ. શ્રીહરિરાયચરણ તો કાન પણ બધાંને આપવાની આજ્ઞા કરતા નથી. કાન પણ કોઇને આપશો નહીં. જેને કાન આપવાના છે એની આજ્ઞા આગળ કરવાના છે, પણ તમારી જીભ તો થોડાંક માટે જ રાખજો. દુનિયામાં બહુ બોલ-બોલ કરનારનું પ્રભુત્વ રહેતું નથી. એટલે આ બીજી આજ્ઞા થઇ વાણીના નિરોધની.

વાણી અને ક્રિયાને હવે આપણે નિરુદ્ધ કરી. આપણે આપણાં લૌકિક કાર્યો, ખપ પૂરતાં-એમાં રચ્યાપચ્યા વિના કરીશું અને ખપ પૂરતું બોલીશું. તમે કહેશો કે અમારા જેવા કામગરા માણસોને ભારે મુશ્કેલીમાં મૂકયા. બાકીનો વખત હવે અમારે કરવાનું શું? ખપ પૂરતું જ કામ કરવાનું હોય અને ખપ પૂરતું જ બોલવાનું હોય તો આ ચોવીસ કલાકનો લાંબો દિવસ કેમ કરીને ખૂટશે? હરિરાયચરણ આજ્ઞા કરે

છે: 'મનસા ભાવયેન્નિત્યં લીલાઃ સર્વાઃ ક્રમાગતાઃ' અંગ્રજીમાં કહ્યું : 'An idle mind is a devil's workshop.' મન નવરું પડે, એટલે દુષ્ટ બને. હજારો પ્રકારના દુર્વિચારોથી ભરાઇ જાય. હવે મન તો નવરું પડયું, બહુ બોલવાનું નથી, બહુ વિચારવાનું નથી, બહુ કામ કરવાનું નથી લૌકિકમાં, તો એ મનનું ઊર્ધ્વીકરણ-સબ્લીમેશન (Sublimation) કરવું છે, મનને પ્રભુગામી બનાવવું છે. માટે મનથી નિત્ય ભાવના કરવી. શાની ભાવના કરવી? લીલાની ભાવના કરવી. લીલા એટલે ભગવલ્લીલા, પ્રભુની લીલા. કેવી રીતે લીલાની ભાવના થાય? જે વસ્તુ કરી ન હોય, આવડતી ન હોય અને પહેલી વાર કરવાની આવે, એટલે મૂંઝાઇ જવાય.

એક નવોઢા પરણીને પતિના ગૃહે આવેલી. પૂરણપોળી બનાવતાં આવડતી ન હતી.. પતિરાજે હુકમ કર્યો, ''રવિવાર છે, પૂરણપોળી બનાવો. તમારા હાથની વેઢમી આજે જમીશું.'' નથી આવડતી એમ કહેતાં પ્રતિષ્ઠાનો સવાલ હતો, પાડોશમાં રહેતાં પ્રૌઢા બાને પૂછી આવી, ''બા, આ પૂરણપોળી કેમ બને?'' એ ટીખળી માજીએ કહ્યું, ''બેટા, એક-એક બનાવીને પાણીના તપેલામાં મૂકવી.'' એ રીતે જે પૂરણપોળી બની હશે અને એના પતિએ ત્યારે શું કર્યું હશે એ ખબર નથી. એ બે જણનો મામલો હતો.. પણ વાત એમ છે કે ન આવડતું હોય તો પહેલી વાર કરીએ ત્યારે ભારે મૂંઝવણ થાય.

શ્રીહરિરાયચરણે લીલાનું ભાવન કરવાનો માર્ગ બહુ જ સંક્ષિપ્તમાં બતાવ્યો, ''મનસા ભાવયેન્નિત્યં લીલાઃ સર્વાઃ ક્રમાગતાઃ'' એક પછી એક લીલાનું મનથી ક્રમશઃ ભાવન કરવું.

શ્રીગોપેશ્વરજી ટીકામાં લીલાભાવનનો માર્ગ આપણને બહુ સ્પષ્ટ રીતે બતાવે છે. લીલાનું ભાવન કરવાનો ક્રમ સમજીએ તે પહેલાં ભાવના અને ભાવ, એ બે શબ્દોને સમજવા પડશે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભાવના અને ભાવ શબ્દ જો ન જાણે તો એ ઘણી ગરબડ કરી બેસે એવો ભય રહે છે. આજે તો આ ભાવ અને ભાવનાનું સ્વરૂપ આપણે નથી જાણતા. પરિણામે, સાચીભાવના અને સાચો ભાવ આપણા હૃદયમાં પ્રગટવો મુશ્કેલ બને છે. ''ભાવો ભાવનયા સિદ્ધમ્''-શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે ભાવના દ્વારા ભાવ થાય. તો ભાવના એટલે શું? લૌકિક ઉદાહરણ દ્વારા આપણે સમજીએ, તો સમજવાનું બહુ સરળ બને. ભગવલ્લીલાવાદમાં આ સર્વ બાબતો સ્વરૂપાત્મક છે; પરંતુ સમજવા ખાતર આપણે લૌકિક દષ્ટાંતોનો ઉપયોગ કરવો પડે છે. કોઇ વ્યક્તિના ધીમે-ધીમે પરિચયમાં આવીએ, એ વ્યક્તિ પ્રત્યે આપણી લાગણીઓ વધતી જાય, એટલે એ વ્યક્તિ પ્રત્યે આપણે કેટલીક ભાવના

સેવતા થઇએ છીએ, એમના પ્રત્યે માનથી વર્તીએ એવી ભાવના જાગે. એમના પ્રત્યે આત્મીયતાની ભાવના જાગે. એ રીતે આપણા હૃદયના એ વિચારો જાગતા જાય. જાગતા જાય એ પ્રમાણે હૃદયની અંદર,એ વ્યક્તિ પ્રેત્યનો એ લાગણીનો, એ પ્રેમનો પિંડ બંધાતો જાય, જેને જોઇ શકાતો નથી; પણ જેને હૃદયદ્વારા અનુભવ કરી શકાય છે, અને કયાંક એનાં દર્શન પણ થઇ જાય. વ્યક્તિ સામે મળે એટલે બે આંખો હસી ઊઠે, મોં મલકાઇ જાય, પગ ઝડપથી એની પાસે જવા ઊપડે. આ સૌ પેલા ભાવનું ક્રિયામાં થતું રૂપાંતર છે. ભાવને સરળ શબ્દમાં મૂકવા હોય તો ભાવ એટલે સ્નેહ, પ્રેમ. એ સ્નેહ અને પ્રેમનો અતિ ગૂઢ પિંડ બને. એ પિંડની રચનામાં જે લાગણીઓ ઉપયોગમાં લેવાઇ એ બધી ભાવના બની. લૌકિક ભાવના જુદી વસ્તુ છે. અલૌકિક ભાવના સ્વરૂપાત્મક છે, સાક્ષાત્ છે, સર્વ ક્ષણે અનુભૂતિક્ષમ છે. એ ભાવના ભગવત્કૃપાથી જેને પ્રાપ્ત થાય, એ અનુભવી શકે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ ભાવના ત્રણ પ્રકારની છે. સ્વરૂપ-ભાવના, ભાવભાવના, લીલાભાવના. પ્રભુના સ્વરૂપ વિષેની જે ભાવના, સ્વરૂપનું જે જ્ઞાન, સ્વરૂપની જે સમજ, એ સ્વરૂપ-ભાવના, એમ આપણે સ્થૂળ રીતે પ્રારંભમાં કહેવું હોય તો કહીએ. પ્રભુની વિવિધ રસમયી લીલાઓનું ચિંતન એ લીલાભાવના. પ્રભુની લીલામાં સેવામાં જે વિવિધ સેવોપયોગી પદાર્થોરૂપે વ્રજાંગનાઓ જે અલૌકિક સાક્ષાત્ ભાવ-સ્વરૂપે બિરાજે છે, તે સ્વરૂપાત્મક છે. તે અહીં ભૂતળ ઉપર ચર્મચક્ષુથી આપણને જડ પદાર્થોરૂપે દશ્યમાન બને છે, તે ભગવત્ સેવોપયોગી પદાર્થોમાં વ્રજભક્તોનાં શ્રીઅંગની અને એમના જે ભાવની ભાવના કરવામાં આવે તે ભાવભાવના છે. આ લીલાભાવના ભાવભાવના અને સ્વરૂપભાવના પૈકી લીલાભાવનાનું ક્રમપૂર્વક મનમાં ચિંતન કરવું, એનું ભાવન કરવું.

શ્રીગોપેશ્વરજી આ આજ્ઞાની ટીકામાં ભાવના કેવી રીતે કરવી એના બે પ્રકારો આપે છે. ઉત્તમ પક્ષ એ છે કે તનુવિત્તજા સેવા એટલે આપણા ઘરમાં આપણા માથે બિરાજતા પ્રભુની, આપણા દ્રવ્યથી, આપણા હાથે સેવા કરવી તે. આવી રીતે ઘરમાં ભગવત્સેવા કરતાં-કરતાં સેવા દરમ્યાન સર્વ લીલાભાવનાનું સ્મરણ અને ચિંતન કરવું એ ઉત્તમ પક્ષ છે. સેવા કરતાં-કરતાં સેવાકાલીન સમયમાં કઇ-કઇ લીલાભાવનાનું ચિંતન કરશો? સૌથી પ્રથમ નિત્યલીલાનું ચિંતન કરવું શ્રીહરિરાયચરણે 'સહસ્રીભાવના'માં પ્રભુની સુંદર લીલાનું નિરૂપણ કર્યું છે. આપ આજ્ઞા કરે છે કે નંદનંદન મંગળાથી શયન સુધી બે સ્વરૂપે નિત્યલીલા કરી રહ્યા છે. સર્વોદ્ધારક સ્વરૂપે નંદાલયમાં અને ભક્તોદ્ધારક સ્વરૂપે ભક્તોની નિંકુજમાં.

એટલે નંદાલયની અને નિકુંજની એ બંને લીલાઓનું સ્મરણ સેવાકાલીન સમયમાં કરવું. ઘડીભર આ વાત બહુ મુશ્કેલ લાગે છે, કારણ કે નિકુંજલીલામાં કિશોરભાવની સેવા છે, નંદાલયની લીલામાં બાલભાવની સેવા છે. બાલભાવથી પ્રભુને યશોદા મૈયા જગાવે, ''છગન-મગન પ્યારે લાલ કીજિયે કલેવા'' એમ કહીને કલેવું કરાવે અને પછી કિશોરભાવનાં ખંડિતાનાં પદ ગવાય કે આપ કયાંથી અત્યારે પધાર્યા છો? ''સાંજ કે સાંચે બોલ તિહારે'' એમ જ્યારે ગવાતું હોય ત્યારે આમ નિકુંજ અને નંદાલય એ બંને ભાવની મંગળાથી શયન સુધીની અષ્ટપ્રહરની લીલાનું સ્મરણ આપણે ત્યાં પ્રભુની સન્મુખ હાથ પવિત્ર કરીએ ત્યારે અવશ્ય કરવું જોઇએ. ભલે પ્રભુને ધરતા હોઇએ મિસરી ભોગની કટોરી, પરંતુ એ મિસરી ભોગની કટોરી ધરતાં ત્રણ તાળી પાડીને પ્રભુને જગાવતાં હૃદયમાં એ ભાવનાનું સ્વરૂપ હોય કે નંદાલયના આંગણે ગાયો આવી, પોતાની ડોકને હલાવી, ઘંટારવ કરીને પ્રભુને જગાવે છે.

આમ, નંદાલય અને નિંકુજની લીલાભાવનાનું સ્મરણ સેવાકાલીન સમયમાં કરવું જોઇએ.

શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે એની સાથે જન્માષ્ટમીથી માંડીને વર્ષોત્સવના સર્વ ઉત્સવોની લીલાભાવનાઓનું સ્મરણ પણ જે તે વખતે સૌએ કરવું જોઇએ. પ્રભુએ જે દિવસે જે વાઘા, વસ્ત્ર, સામગ્રી વગેરે જે ધરવામાં આવે એની ભાવ-ભાવનાનું પણ ચિંતન કરવું જોઇએ. સાથે સાથે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના અલૌકિક લીલાસ્વરૂપનું પણ ભાવન કરવું જોઇએ. આમ, નિત્યની લીલા, ઉત્સવની લીલા, વસ્ત્રાદિનું ભાવભાવન અને શ્રીમહાપ્રભુજી આદિ સ્વરૂપનું ભાવન-એમ ચાર પ્રકારે સેવા દરમ્યાન સેવાની સાથે સાથે લીલાભાવન કરવું. એમ કરતાં-કરતાં આપણું ચિત્ત પ્રભુમાં રચ્યું-પચ્યું થાય અને એમાં પરોવાય ત્યારે એમ કહેવાય છે કે '''ચેતસ્તત્પ્રવણં સેવા.'' આ ઉત્તમ પક્ષ છે.

માટે 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનાં બે નામ છે : (૧) પ્રતિક્ષણ-નિકુંજસ્થલીલારસસુપૂરિતઃ (૨) ગોવર્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિતઃ

શ્રીગોપેશ્વરજી બીજો મધ્યમ પક્ષ બતાવે છે. કોઇ એમ કહે કે અમારાથી તો સેવા બને તેમ નથી. ૨૫૨ પૈકીના પેલા અમદાવાદના એક ભગવદીયે શ્રીગુસાંઇજીને વિનંતી કરી હતી કે : 'મહારાજ ! રૂપિયા ખર્ચવા પડે એવી સેવા કરવાની તૈયારી નથી, ખર્ચ ન થાય એવી સેવા બતાવો.' આપણા જ વિચારોનો એમાં પ્રતિઘોષ પડે છે. અમને ખર્ચ ન થાય, શરીરને તકલીફ ન થાય, જાતને જોર ન આવે, સમય ન લાગે, એવી કોઇ ઇન્સ્ટન્ટ સેવાનો પ્રકાર હોય તો એમને બતાવો. એક સ્થળે તો

એમ પણ કહેવામાં આવ્યું કે હવે આપણાં નવાં મંદિરો સિદ્ધ થાય છે, એનું સ્વરૂપ બદલવા જેવું છે. ડ્રાઇવઇન થિયેટરો હોય અને ડ્રાઇવઇન બેન્ક હોય, તો ડ્રાઇવઇન ટેમ્પલ કેમ નહીં? અમે આવીએ ત્યારે આ મોટરને પાર્કિંગ કરવાની કેટલી તકલીફ! અમદાવાદ કે વડોદરા જેવા શહેરમાં એક બાજુથી મોટરમાં બેઠાં બેઠાં હાથ જોડીને સીધાં નીકળી જઇએ! આવાં મંદિરો હોવા જોઇએ. એટલે જેનાથી સેવા બનવાની નથી, એવા જીવો માટે એક અવાન્તર પક્ષ, એક અનુકલ્પ પણ શ્રીગોપેશ્વરજી બતાવે છે. આપ આજ્ઞા કરે છે કે આ મધ્યમ પક્ષ છે, ઉત્તમ પક્ષ નથી. એકાંતમાં બેસીને, હૃદયમાં પ્રભુને પધરાવીને આ લીલાઓનું મનથી ચિંતન કરવું. જેને આપણે સેવાધ્યાન કહી શકીએ. એને મધ્યમ પક્ષ કેમ કહે છે?

શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરીને સમજાવે છે કે જ્યારે આપણે સેવા માટે પ્રયુક્ત થઇને પ્રભુની સામે જઇએ છીએ ત્યારે પ્રભુને એનાથી સુખ થાય છે. પ્રસન્નતા થાય છે; પણ લીલાનું ભાવન કરવા માટે આપણા હૃદયના સુખ માટે પ્રભુને સામેથી હૃદયમાં પધરાવવાનો પરિશ્રમ આપવો એ દાસનો ધર્મ નથી. કર્તવ્ય નથી. દાસનો ધર્મ છે ભગવત્સુખનો વિચાર કરવો અને તેને માટે તત્પર થવું. માટે શ્રીગોપેશ્વરજી એને મધ્યમ પક્ષ કહે છે. સેવા દરમ્યાન જે તનુવિત્તજા સેવા કરવામાં આવે તેને શ્રીહરિરાયચરણ ‘સાક્ષાત્ સેવા’ એવું નામ આપે છે. આ એક વિશિષ્ટ શબ્દપ્રયોગ-પદપ્રયોગ શ્રીહરિરાયચરણનો છે. જ્યારે અનોસરમાં પ્રભુના આ વિપ્રયોગનું ચિંતન કરીએ તો એને આપ ‘પરોક્ષ સેવા’ એવું નામ આપે છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે અનોસરમાં ભાવભાવન કરવું, સવારે મંગળાથી રાજભોગ સુધીની સંયોગરસની સેવા, બપોરે વિપ્રયોગમાં અનોસરનો અનુભવ. વેણુગીત આદિ ગીતો દ્વારા જેમ વ્રજભક્તોએ ગૌચારણ માટે, પ્રભુ વૃન્દાવન પધાર્યા ત્યારે, પોતાની નિકુંજમાં રહીને વિરહ કર્યો હતો, વિપ્રયોગનો અનુભવ કર્યો હતો, એમ એનું ભાવન, એનું ચિંતન અનોસરના અવસરમાં કરવું જોઇએ. આ વિપ્રયોગનો અનુભવ એ જ પરોક્ષ સેવા છે.

શ્રીહરિરાયજી ગાય છે :

“પ્રિય તેરી ચિતવનમેં હી ટોના,
તનમનધન બિસર્યો તબ હી તેં દેખ્યો સ્યામ સલોના.”
“નિત્યપ્રતિ શ્રીમદનગોપાલલાલકે ચરનકમલ ચિત્ત રહીએ.”

શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં હવે સેવાનું કાર્ય કેવી રીતે કરવું, સેવાનું સ્વરૂપ શું છે. સેવાનું કર્તવ્ય કેવી રીતે બજાવવું, એ વિષય પર આપણા હૃદયમાં

પ્રકાશ પાથરે છે. "સેવાપિ કાયિકી કાર્યા નિરુદ્ધેનૈવ ચેતસા." સેવા નિરુદ્ધ ચિત્તથી કરવાની છે. ચિત્ત પ્રભુમાં પરોવીને કરવાની છે. સેવા શરીરથી કરવાની છે, એટલે શરીર અને મન-એ બંને જ્યારે એમાં બરોબર પરોવાય ત્યારે કાર્ય બહુ ઉત્તમ થાય. મોટર ચલાવનારનું મન અને શરીર એ બંને જો ડ્રાઈવિંગમાં હોય, તો એ ડ્રાઈવિંગ એમના માટે અને સૌના માટે આરામપ્રદ (કમ્ફર્ટેબલ) બને, લાભદાયક બને. શરીર જ્યારે ડ્રાઈવિંગ કરતું હોય ત્યારે મન જો તેમાં ન હોય તો એ મોટર અથડાઈ જાય. મારા જેવાને મન થાય કે ડ્રાઈવિંગ કરીએ, પણ શરીરને આવડતું ન હોય, તો એ ક્યાંક અથડાઇ જાય. શરીર અને મન બંને તદાકાર થઇને જ્યારે કોઇ કામમાં પરોવાઈ જાય ત્યારે કાર્ય ઉત્તમ રીતે થાય. માટે જ શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરીઃ "ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા." એટલે ચિત્તનો નિરોધ કરીને શરીર-વિત્ત દ્વારા સેવા કરવી, એ સિદ્ધાંત શ્રીહરિરાયચરણ પણ આપણને બતાવે છે. આપણે સૌ એકલા શરીરથી જ સેવા કરીએ છીએ. સેવા કેવી રીતે કરીએ છીએ તેનું ઉદાહરણ બસો બાવન વૈષ્ણવોની વાર્તામાં રાજનગરના શેઠની વાર્તામાં છે. તેઓ પૂર્ણાનંદ સ્વરૂપને શૃંગાર કરે છે. જ્યારે પૂર્ણાનંદ એવા સાક્ષાત્ સ્વરૂપને આપણા દૈહિક શરીરનો સ્પર્શ થતો હોય ત્યારે મન એમાં કેવું એકાકાર થતું હોય! ત્યારે આવા પૂર્ણ આનંદઘન-સ્વરૂપના સ્પર્શ વખતે શેઠનું ધ્યાન ગયું છે ઢોરના ચામડાના બનનારા જોડામાં : 'અહીંથી જતાં આજ તો જોડા લઇને દુકાને જઇશું!' આપણા સૌનું ચિત્ત સેવા કરતા કે ભગવત્કથા સાંભળવા આવતાં જોડામાં હોય છે, ચામડામાં હોય છે. પગમાં પહેરવાનું એ ચામડું હોય કે આ શરીરની ચામડી હોય, પણ ધ્યાન એમાં હોય, માટે સેવા એ કર્મકાંડ બને છે, ક્રિયાવત્ બને છે, યંત્રવત્ બને છે. એનું જે અલૌકિક ફળ પ્રાપ્ત થવું જોઇએ એ થતું નથી. આપણી આ લૌકિક આસક્તિ છે. આપણો કંઇક દોષ છે, એનો વિચાર ન કરતાં આંખમાં રુદન લાવીને આપણે કહીએ છીએ કે આટલાં વરસો સેવા કરી, પણ પ્રભુએ મને એક દિવસ પણ અનુભવ ન કરાવ્યો. આપણે દોષ આપીએ છીએ પ્રભુને. રોજ આપણે શૃંગાર ધરીને પ્રભુને વેણુ ધરીએ છીએ, દર્પણ બતાવીએ છીએ. પણ કોઇ દિવસ મનમાં એમ થયું, કોઇ દિવસ વિનંતી કરી કે "લાલા, તમે રોજ આ વેણુ ધરો છો, શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે તમે બહુ સુંદર વેણુનાદ કરો છો, તો લાલા શું મારે ઘરે આવીને વેણુનાદ કરવાનું ભૂલી ગયા છો કે જાણીજોઇને વેણુવાદ કરતા નથી? મને ક્યારેક તો વેણુનો નાદ સંભળાવો. આ શ્રીહસ્તમાં વેણુ ધરી છે અને સૌને વેણુનાદ સંભળાવો છો, તો મને એક વાર તો કૃપા કરીને સંભળાવો." ક્યારેક લાલને કહ્યું

કે, 'આજે તમે મને તમારો વેણુનાદ નહીં સંભળાવો તો હું જળ નહીં લઉં, હું ભોજન નહીં લઉં.' આપણે તો ''સેવાકૃતિર્ગુરોરાજ્ઞા''પ્રમાણે વર્તવાના. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે શૃંગાર ધરીને શ્રીહસ્તમાં વેણુ ધરવી એટલે લ્યો મહારાજ, પકડો અને હવે વગાડજો, મને ફુરસદ નથી. હું હવે મારા કામમાં ને તમે તમારા કામમાં. આપણી આ યંત્રવત્ સેવા બની. પ્રભુની આગળ ભલે મિસરીનો ભોગ ધરીએ છીએ, પણ એ મિસરીનો ભોગ ધરતાં એ વિવિધ ભાવનાઓ કદીયે હૃદયમાં જાગે છે ખરી? કયારેક સેવામાં કંઇક મોડું થઇ ગયું હોય, ઉતાવળમાં શય્યા-મંદિરનાં દ્વાર ખોલીએ, ત્યારે કયારેક ધડાધડ એ દ્વાર ખોલવા માંડીએ, ખેંચવા માંડીએ છીએ, એવું કેમ થાય છે? કારણ કે લીલાભાવનાનું સ્મરણ નથી. જો એમ જાણતા હોત કે શય્યા મંદિર શ્રીસ્વામિનીજીનાં નેત્રનું સ્વરૂપ છે અને એનાં દ્વાર તે શ્રીસ્વામિનીજીનાં સુંદર નેત્રોની કોમળ પાંપળ છે, તો શય્યા મંદિરનાં દ્વાર ખોલવા માટેની આપણી આખીયે રીતે અને પ્રીત જુદી થઇ જાય. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, ચિત્ત સેવામાં પરોવીને, કાયા દ્વારા સેવા કરવી. ''અતઃ સેવા પરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્''

આપે આમાં બીજી પણ આજ્ઞા કરી. સેવા કેવી રીતે કરવી? તે સમજાવવા માટે ત્રણ ક્રિયાવિશેષણ આપે આપ્યાંઃ (૧) સેવા નિત્ય કરવી. આજે મન થયું એટલે ચાર કલાક કરી, પછી 'મહારાજ, અઠવાડિયા સુધી કે મહિનાઓ સુધી તમે આરામ કરો.' એમ નહીં.

(૨) સેવા આદરપૂર્વક કરવી. શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય કૃપાપાત્ર સેવક થઇ ગયા શ્રીમોટાભાઇજી. એમણે સેવામાં કેવો આદર રાખવો, એની બહુ સુંદર વાત કરી છે. ''ભય રાજાવત્, પ્રેમ સ્ત્રીવત્ સુતહિતવત્ વાત્સલ્ય''-સેવામાં ત્રણ પ્રકારનો આદર રાખવો. રાજા પાસે જતાં જેવો ભય એવો, સેવામાં અપરાધ ન થાય એનો ભય રાખવો. પત્ની સાથેનો જેવો સ્નેહનો સંબંધ હોય એવો નિષ્કામ સંબંધ છે, એવો પ્રભુ માટે વાત્સલ્યભાવ રાખવો. આમ, નિત્યસેવા આદરપૂર્વક આગ્રહપૂર્વક કરવી.

(૩) સેવા 'સ્વતઃ'- જાતે કરવી. ''સિદ્ધાંતમુક્તાવલી''ની વૃત્તિમાં શ્રીગુસાંઇજી બહુ સ્પષ્ટ આજ્ઞા કરે છે, ''બીજાને દ્રવ્ય આપીને કરાવેલી સેવા અને બીજાનું દ્રવ્ય લઇને કરેલી સેવા એ સેવા નથી.'' બીજા સેવા કરે અને હું મહાપ્રસાદથી તૃપ્ત થાઉં, એ વિચાર બરાબર નથી. સેવા જાતે કરવી, જેટલી સેવા મળે, એને ભાગ્ય માનીને થાકયા વિના બહુ પ્રેમપૂર્વક કરવી. ''સર્વં સમર્પિતં ભકત્યા, કૃતાર્થોસિ સુખી ભવ.''

વાર્તા-સાહિત્યના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ દામોદરદાસ સંભરવાળાની વાર્તામાં આજ્ઞા કરે છે કે કોઇ સેવા કરવાની આજ્ઞા કરે ને આપણે ન કરીએ, તો

એનો અપરાધ લાગે છે. સેવા કરવાની ના પાડવી એ અપરાધ છે, માટે કોઇને સેવા ચીંધતાં પહેલાં વિચાર કરજો કે સેવા કરવા એ તત્પર છે કે કેમ? સેવા આવી પડી છે, હવે પૂરી કરો, એમ નહીં. સાસુમા તો ગયાં અને હવે આ મારા માટે મૂકતાં ગયાં, શું કરીએ હવે? એમ કરીને સેવા ન કરવી, પણ પ્રભુએ કૃપા કરી છે અને મારે સાથે પધાર્યા છે; એ મારું સર્વસ્વ છે, મારો ભૌતિક બાળક થોડું મોડું ભોજન કરશે તો વાંધો નહીં, પણ આ મારા લાલને અવેર ન થાય એવા આગ્રહપૂર્વક, એવા પ્રેમપૂર્વક, એવા આદરપૂર્વક જાતે સેવા કરવી. "ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ."

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે : દાસ્ય ભાવથી સેવા કરવી. આ માર્ગમાં સેવા એ ભગવદ્પ્રાપ્તિ માટેનું સાધન છે. એ જો દીનતા અને પ્રેમપૂર્વક કરવામાં આવે, તો પ્રભુ પ્રસન્ન થઇ સેવામાં સાક્ષાત્ પ્રકટ થઇને સેવા અંગીકાર કરી, આપણને દર્શન કરાવે છે. સાનુભવ જતાવે છે. "ભગવદ્રૂપં સેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્."

ઘણા પ્રશ્નો કરે છે, ચોર્યાસી-બસો બાવન ભગવદીયોને સાનુભવ થતો એમ વાર્તાસાહિત્ય આજ્ઞા કરે છે : ઘુવડ અને બીજું શાહમૃગ. બિચારા ઘુવડને સૂર્યને જોવા માટે નેત્રો નથી. માટે એ ચિલ્લાયા કરે છે : સૂર્ય નથી-સૂર્ય નથી- સૂર્ય નથી. આપણને ઘુવડની જેમ પ્રભુનો સાનુભવ થયો નથી એ આપણી એક મર્યાદા છે. એનાં ઢોલ દુનિયાને માટે પીટીએ છીએ કે કોઇને અનુભવ થતો નથી, થતો નથી, થતો નથી. બીજું પેલું શાહમૃગ. ભય જુએ એટલે રેતીમાં માથું ખોસી દે અને કહે કે હવે આજુબાજુ કંઇ નથી એમ આપણે પણ લૌકિકમાં રત થઇને કહીએ છીએ કે આ દુનિયામાં ભલે સેવા કરો, પણ પ્રભુનો કંઇ સાનુભવ થવાનો નથી.

વાસ્તવમાં આ સાચું નથી. આજે પણ શ્રીવલ્લભની કૃપાથી એક નહીં પણ અનેક બડભાગી ભગવદીયો છે, જેમને પ્રભુ પોતાના સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપથી ભેટી સ્વરૂપાનંદનું દાન કરે છે, એમને સાનુભવ જતાવે છે. પણ આ બડભાગી ભગવદીયો પોતાની ઉપર થયેલી અદ્‌ભુત કૃપાનું બજારમાં પ્રદર્શન ભરતા નથી, ભૂલેચૂકે પણ કોઇને કહેતા નથી; કારણ કે "પ્રગટ કરે રસ જાય." માટે આપણે માનીએ છીએ કે મને સાનુભવ નથી થયો એટલે કોઇનેય થયો નથી. એ વાત સાચી નથી, બરાબર નથી.

શ્રીહરિરાયચરણ એક બીજી આજ્ઞા કરે છે કે, વૈષ્ણવો ! સેવા કરો ત્યારે તમારાં દેહ અને ઇન્દ્રિયોના સુખનો વિચાર કરશો નહીં. "No man can serve two masters. Either you serve the god and leave the world or you serve the world and leave the god.'' કાં તો તમે જગદીશને ચાહો અને જગતમાંથી મમતા છોડી દો, અને કાં તો તમે જગતમાં રચ્યા-પચ્યા બનો અને જગદીશને છોડી દો. કોઇ વ્યક્તિ બે શેઠને એકી સાથે રીઝવી શકતી નથી. જગતને રીઝવવું છે, જાતને રીઝવવી છે, તો જગદીશને ભૂલી જાઓ. જગદીશને મેળવવા છે, તો જાતને ભૂલી જાઓ, જગતને ભૂલી જાઓ. દેહનું, ઇન્દ્રિયોનું લૌકિક સુખ સેવાથી કયારેક મળશે નહિ. અમારાં દાદીમા હંમેશ કહેતાં હતાં કે સેવા કરવાની ઇચ્છા છે, વૃત્તિ છે તો હંમેશાં ઠંડો મહાપ્રસાદ લેવાની તૈયારી રાખવી પડશે. સ્વાદને ભૂલી જવો પડશે. તીખું-તમતમતું અને ઊનુંઊનું ખાવા માટેની લાલચને છોડી દેવી પડશે. શરીરને ભગવત્સેવા માટે કષ્ટ અને શ્રમ પણ આપવો પડશે. જો આપણે અષ્ટપ્રહરની સેવામાં પ્રયુકત થઇએ, તો આઠ વખત તો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાં પડે. સર્વ કાર્ય જાતે કરવાનું હોય, શરીરને ઘણો શ્રમ થાય, ઉત્સવોના દિવસે એટલું બધું સેવાનું કાર્ય રહે કે સમય પણ ન મળે. પ્રસાદ લેવાનોય સમય ન રહે. પણ સેવામાં જે રચ્યા-પચ્યા છે, જેને પ્રભુએ સેવાના ફળનું દાન કર્યું છે, એને પૂછજો કે આ બધાથી તમને કંઇ તકલીફ તો નથી થતી? એ તો કહેશે કે અરે, આમાં જે આનંદ છે, એ બીજે કયાંય નથી. ''માંહી પડયા તે મહાસુખ માણે''. આમાં એટલું સારું છે કે દેખનહારા દાઝતા નથી. નહીંતર અંદર પડેલા એ મહાસુખને પૂરું માણી ન શકે. સેવા એ મહાસાગર છે, રસસાગર છે, માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : દેહ અને ઇન્દ્રિયોના લૌકિક સુખ-ઉપભોગનો સેવા દરમ્યાન વિચાર કરશો નહીં.

જ્યારે જ્ઞાન ચાલ્યું જાય, ત્યારે સેવામાં મન પરોવાય, દેહ પરોવાય. એક અંગ્રેજ વિચારકે કહ્યું છે : Where knowledge ends, love begins. જ્યાં જ્ઞાન અટકે છે ત્યાંથી પ્રેમનો પ્રારંભ થાય છે. મા પોતે મોટા હોદ્દે બેઠેલા દીકરાના હોદ્દાનો અને એના જ્ઞાનનો, એની પ્રતિષ્ઠાનો વિચાર કરી, ભાઇ તમે આવો, ભાઇ તમે બોલો, ભાઇ તમે આવશો-એમ જ્યારે તમે-તમે કરીને વાત કરે છે, ત્યારે એમાં પ્રેમ નથી, પણ જ્ઞાન છે. પણ એ મોટો પચાસ વર્ષનો દીકરો સિત્તેર વર્ષની એની માના ખોળામાં સૂતો હોય અને મા પોતે તેના માથે વહાલ હાથ ફેરવે ત્યારે મા એ ભૂલી જાય છે કે મારો દીકરો એક મોટો અમલદાર છે કે મોટો ઉદ્યોગપતિ છે. એને મન એ એનો દીકરો છે. ત્યારે જ પ્રેમની લહરો જાગે છે, ત્યારે એ પ્રેમ અભિવ્યકત થાય છે. સેવામાં પણ યશોદા મા અને વ્રજભક્તો ભૂલી ગયાં છે કે આ

ત્રિભુવન-નાયક છે. એમને એમ જ છે કે આ મારો લાલ છે. ત્યારે એમના હૃદયનો "સુદૃઢઃ સર્વતોઽધિકઃ" પ્રેમ પ્રગટ થયો છે.

જ્ઞાનનો સંબંધ ચિતિ સાથેનો છે, જ્યારે પ્રેમનો સંબંધ હૃદય સાથેનો છે, પૂર્ણાનંદ પૂર્ણ પુરુષોત્તમ સાથેનો છે. પરિણામે સેવામાં પ્રભુની આ બાલભાવની લીલાઓનું ચિંતન કરતાં-કરતાં પ્રેમપૂર્ણ હૃદયથી એમની સેવામાં પ્રવૃત્ત થવું જોઈએ.

કૃષ્ણ ભટ્ટની વાર્તામાં એક પ્રસંગ આવે છે. ઉજ્જૈનના વૈષ્ણવોને પ્રશ્ન થયો કે પ્રભુ પ્રસન્ન થયા એમ ક્યારે જાણવું? જુદા-જુદા વૈષ્ણવોને ત્યાં જઈને તેમણે આ પ્રશ્ન પૂછયો : જુદા-જુદા વૈષ્ણવો એનો ભાવથી ઉત્તર આપે છે. છેવટે કૃષ્ણ ભટ્ટજીને ત્યાં આવીને સૌ વિનંતી કરે છે કે કૃષ્ણ ભટ્ટજી, પ્રભુ પ્રસન્ન થયા એમ ક્યારે જાણવું? કૃષ્ણ ભટ્ટજીએ જે જવાબ આપ્યો છે એ શ્રીહરિરાયચરણ અહીં બતાવે છે. શ્રીકૃષ્ણ ભટ્ટજી અને શ્રીહરિરાયચરણ પ્રભુ બંને આજ્ઞા કરે છે કે જ્યારે વૈષ્ણવોને પોતાના સેવ્ય પ્રભુની સેવામાં રુચિ થાય, પ્રેમ થાય ત્યારે માનવું કે પ્રભુ પ્રસન્ન થયા છે. પ્રભુ જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે સેવ્ય સ્વરૂપ માટે આપણામાં પ્રેમ પ્રગટ કરાવે છે, રુચિ જન્માવે છે.

શ્રીહરિરાયચરણ હવે બીજા પ્રશ્નોનો ઉત્તર આપવા તત્પર બન્યા છે. આપણે પ્રશ્ન કરીશું, કે આવી લીલાભાવના અને ભાવભાવનાપૂર્વક સેવા કરવાની આપ અમને આજ્ઞા કરો છો, પણ અમારુ મન એ સેવામાં ચોંટતું નથી, એનું કારણ શું? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુ પોતે નિર્દોષ છે, શુદ્ધ સ્વરૂપ છે અને પોતે શુદ્ધ અને સુંદર વસ્તુઓના ભોક્તા છે. જીવનું હૃદય અશુદ્ધ હોય ત્યાં સુધી એ મન પ્રભુની લીલામાં નથી. એ હૃદયને શુદ્ધ કરવા માટે પ્રભુ કૃપા કરીને એ હૃદયની બાબતોને પણ શુદ્ધ કરીને હૃદયને શુદ્ધ કરે છે. જેમ ઘરને અજવાળવું હોય તો એ ઘરના ફરનિચરને આપણે શુદ્ધ કરીએ છીએ, વાસણો આદિને સુંદર કરીને છીએ, ત્યારે ઘર સુંદર બને છે, એમ હૃદયની શુદ્ધિ માટે, હૃદયની સુંદરતા માટે પ્રભુ સાધન-સંપત્તિની શુદ્ધિ કરે અને હૃદય શુદ્ધ બને તો જ ભાવભાવના હૃદયમાં પ્રગટ થાય, પ્રભુનો અનુભવ થઇ શકે.

હૃદયની શુદ્ધિ માટેનાં ચાર સાધનો છે. પહેલું સાધન છે આપણું શરીર. શરીર જ્યારે શુદ્ધ થાય, ત્યારે આપણે એને દૈવી દેહ કહીશું. શરીર શુદ્ધ થયું એનું લક્ષણ કયું? જે શરીર ભગવત્-સેવામાં પરોવાય એ શરીર શુદ્ધ, દૈવી શરીર માનવું. જે શરીરને સેવા કરતાં આળસ આવે, કંટાળો આવે, બેચેની લાગે, શિથિલતા આવે, એ શરીરને આસુરી-અશુદ્ધ માનવું.

બીજાું છે મન. મન પ્રભુના સ્વરૂપમાં પરોવાયેલું રહે, તો એ મન શુદ્ધ થયું એમ માનવું. લૌકિક વાતોમાં પરોવાયેલું મન અશુદ્ધ છે.

ત્રીજાું, આપણા દેહના સંબંધીઓ, કુટુંબીજનો. જે કુટુંબીઓ સેવામાં સહાયક બને, એ શુદ્ધ છે - દૈવી છે. જે સેવામાં વિઘ્નરૂપ બને, પ્રતિબંધરૂપ બને, એ આસુરી છે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે કુટુંબીજનો સેવામાં સહાયક હોય, તો એમને સાથે રાખીને સેવા કરવી. જો એ ઉદાસીન હોય, અમારે કંઇ નહીં તમારે કરવી હોય તો કરો, આવી ઉદાસીનતા હોય તો જાતે સેવા કરવી. પરંતુ પ્રતિકૂળ હોય, સેવા કરવા જ ન દે તો ઘર છોડી દેવું, પણ ભગવત્ સેવા ન છોડવી.

"અનુકૂલે કલત્રાદૌ વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ।
ઉદાસીને સ્વયં કુર્યાત્, પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ॥"

ચોથું છે દ્રવ્ય. જે દ્રવ્ય ભગવત્ સેવામાં વપરાય એ શુદ્ધ-દૈવી દ્રવ્ય. વૈદિક કાર્યો, તપ, તીર્થ, હોમ, દાન આદિમાં વપરાય એ મર્યાદા દ્રવ્ય અને લૌકિક મોજશોખમાં વપરાય એ આસુરી દ્રવ્ય.

શ્રીગોકુલેશ પ્રભુ પોતાના વચનામૃતમાં ધન અને દ્રવ્ય એ બે શબ્દોનો તફાવત બતાવે છે. 'ધૃ' ધાતુ ઉપરથી ધન શબ્દ બન્યો છે. જે ધારણ કરવામાં આવે, જેને સંગ્રહી રાખવામાં આવે, જેનો વિનિયોગ ભગવત્-સેવા અગર અલૌકિક કાર્યોમાં ન થાય, તિજોરીમાં પડ્યું રહે એ ધન આસુરી છે. પણ જે વહે છે, જે વપરાય છે, જે ખર્ચાય છે, ભગવત્-સેવા માટે જેનો વિનિયોગ થાય છે, એ દ્રવ્ય છે, એ દૈવી છે. માટે આપ આજ્ઞા કરે છે કે પ્રભુએ કૃપા કરીને તમને જે દ્રવ્ય આપ્યું છે, તે પ્રભુનાં સુખ માટે પ્રેમથી વાપરવું જોઇએ. દ્રવ્યમાં મમત્વ ન રાખવું આપ આજ્ઞા કરે છે કે જો વૈરાગ્યપૂર્ણ હૃદય હોય તો દ્રવ્યથી દૂર રહેજો. પણ વૈરાગ્ય પ્રબળ ન હોય તો એ દ્રવ્ય એ રીતે વાપરવું કે એનાથી પ્રભુનું સુખ થાય. આ પ્રમાણે નિઃસ્પૃહી રહીને પ્રભુના સુખ માટે દ્રવ્ય વાપરવું

અહીં એક પ્રશ્ન થાય છે કે તો પછી કેટલાંક લૌકિક કાર્યો અમારે કરવાં પડે. લગ્ન વગેરે પ્રસંગો આવે, તો શું કરવું? પ્રભુની આજ્ઞા લઇ, આવશ્યક હોય તેટલું ખર્ચવું. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવી રીતે જો આ ચાર- દેહ, મન, કુટુંબીઓ અને દ્રવ્યશુદ્ધ રીતે વપરાય, તો હૃદય શુદ્ધ થાય અને પરિણામે હૃદયાનશ્રં ભાવભાવનાની શુદ્ધ અલૌકિકતા પ્રગટ થાય.

તસ્ય સેવાં પ્રકુર્વીત યાવજજીવં સ્વધર્મતઃ ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠા - પ્રસિદ્ધયે ॥

શુદ્ધ ભાવઃ પ્રભૌ સ્થાપ્યો ન ચાતુર્યં પ્રયોજકમ્ ।
અંતર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્ ॥

આ દેહમાં જીવ છે ત્યાં સુધી સ્વધર્મ સમજીને પ્રભુની સેવા કરવી. તે ફળ માટે, ભોગ માટે, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ માટે ન કરવી. પ્રભુમાં શુદ્ધ ભાવ રાખવો. ચતુરાઇ ન રાખવી. પ્રભુ બધાંના અંતર્યામી છે. આપણા મનના ભાવને જાણે છે.

અહીં ફરી એક પ્રશ્ન થાય કે આ બધું હોય, અને છતાંયે હૃદયમાં ભાવભાવના પ્રગટતી ન હોય તો? તિજોરીમાં ઘણુંબધું ભર્યું છે, પણ તિજોરી ખોલવાની ચાવી જ નથી, તો અંદર રહેલી સંપત્તિને શું કરવાની? હૃદયની તિજોરીમાં આ લૌકિક ભાવરૂપી સંપત્તિ જે પ્રભુએ આપી છે, એને પ્રાપ્ત કરવા, એ હૃદય ખોલવાની ચાવી કઇ? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ચાવી છે કેવળ દૈન્ય, દીનતા. દીનતારૂપી ચાવીથી હૃદયની તિજોરી છે એ તિજોરીને આપણે ખોલી શકીશું. સાધનસામગ્રીની શુદ્ધિ માટે દૈન્ય બહુ જ જરૂરી છે. માણસ અભિમાનપૂર્વક પોતાનું દ્રવ્ય જો પ્રભુને અંગીકાર કરાવવા જાય, તો પ્રભુ એ સર્વથા અંગીકાર કરતા નથી.

શ્રીનાથજીનો પ્રસંગ છે. એક શેઠ આવ્યા છે. અધિકારીજીને કહ્યું છે : હજારો રૂપિયોનો ખર્ચ થાય તો ભલે; પણ કોઇ દિવસે ન થયો હોય એવો મનોરથ આજ ને આજ ફૂલમંડળીનો કરો. એક નિષ્કિંચન વૈષ્ણવનો એ દિવસે મનોરથ હતો. એમની ફૂલમંડળીના ફૂલ વીખરાઇ ગયાં. ફૂલમંડળી બાજુમાં રહી ગઇ. આજે પ્રભુ એમનો મનોરથ અંગીકાર નહીં કરે, એના દુઃખમાં તે બેહોશ થઇ ગઇ. શ્રીજીબાવાને શ્રીતિલકાયત મહારાજને આજ્ઞા કરીઃ પેલો અભિમાની શ્રીમંત શેઠ પૈસાની સત્તા લઇને આવ્યો છે અને મારા ભક્તને દુઃખી કર્યો છે. એ જયાં સુધી નાથદ્વારાની હદ નહીં છોડે ત્યાં સુધી હુ રાજભોગ નહીં આરોગું. "નહિ સાધન-સંપત્ત્યા હરિસ્તુષ્યતિ કદાચન." સાધનસંપત્તિની શુદ્ધિ માટે દૈન્ય બહુ જરૂરી છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. સેવોપયોગી દેહની પ્રાપ્તિ આ દીનતાથી જ થાય છે, પ્રભુનો સાનુભવ થાય છે. સાનુભવ થતાં મનની એક એવી વિશિષ્ટ અલૌકિક સ્થિતિ બની રહે છે કે સર્વ જગત કૃષ્ણમય થઇ જાય છેઃ "આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઇત કૃષ્ણ, ઉત કૃષ્ણ હીં તો ભઇ રી કૃષ્ણમયી રી." આવું જયારે જગત કૃષ્ણમય બની જાય, સર્વ જગત પ્રભુની લીલાસ્થળી તરીકે આપણને દર્શન આપતું થઇ જાય ત્યાર પછી આપણને કોઇની ઈર્ષ્યા થતી નથી. સૌના પ્રત્યે સ્નેહનું ઝરણું વહેવા માંડે છે. દીનતા એ ગરીબડાપણાનો ભાવ નથી. આવા દૈન્યને, આવી દીનતાને પ્રાપ્ત કરવા માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સત્સંગ કરવો જોઇએ. કોનો સત્સંગ

કરવો? સત્સંગ કરવા લાયક વૈષ્ણવનાં નવ લક્ષણો શ્રીહરિરાયચરણ પ્રથમ શિક્ષાપત્રના અંતમાં બતાવે છે :

ચિત્તેન દુષ્ટો વચસાપિ દુષ્ટઃ કાયેન દુષ્ટ ક્રિયયા ચ દુષ્ટઃ ।
જ્ઞાનેન દુષ્ટો ભજનેન દુષ્ટો મમાપરાધઃ કતિધા વિચાર્યઃ ॥

(શ્રીગુસાંઇજીકૃત વિજ્ઞપ્તિ)

હું ચિત્તથી, વાણીથી, કાયાથી, ક્રિયાથી, જ્ઞાનથી અને સેવાથી દુષ્ટ છું. હે પ્રભુ! આપ મારા અપરાધ ક્યાં સુધી વિચારશો?

શ્રીહરિરાયચરણ વૈષ્ણવનાં લક્ષણો બતાવતાં આજ્ઞા કરે છે કે પ્રભુ પ્રસન્ન ક્યારે થાય? જ્યારે ભગવદીય આપણા ઉપર પ્રસન્ન થાય, ત્યારે માનવું કે ભગવાન આપણી ઉપર પ્રસન્ન થયા છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે, વૈષ્ણવે ભગવદીય અને ભગવાનમાં કદાપિ ભેદ જોવો જોઇએ નહીં. ભગવદીય માટે અહીં 'તદીય' શબ્દ વાપર્યો છે. 'તદ્' એટલે તે-તેઓ અને 'ઇય' એટલે જેવા-સમાન. જેઓ તેમના સમાન છે એ તદીય. કોના સમાન? ભગવાનના સમાન. જેમના ગુણ, જેમના ધર્મ પ્રભુના સમાન છે, જેમના હૃદયમાં સદાય પ્રભુ બિરાજે છે, જેમનાં નેત્રોમાં સદાય શ્રીગિરિધરલાલની ઝાંખી થાય છે; એ તદીય, એ ભગવદીય.

વાર્તા-સાહિત્ય ઉપરના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ વૈષ્ણવ જીવનની ચાર અવસ્થાઓનું નિરૂપણ કરે છે. ભગવદીયની સીડી ચઢવી હોય તો એ પહેલાં બીજાં બે પગથિયાં ચઢવાં પડે. સૌથી પહેલું પગથિયું છે દાસ. બીજું પગથિયું છે સેવક. ત્રીજું પગથિયું છે ભગવદીય અને ચોથું પગથિયું છે તદીય. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે બ્રહ્મસંબંધ લઇને 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા' એ સિદ્ધાંત પ્રમાણે શ્રીઠાકોરજીની સેવા આદરપૂર્વક, ભયપૂર્વક નિયમપૂર્વક કરે એ દાસ. ઘરમાં કોઇને નોકર રાખીએ તો એ ઘરના માલિકની આજ્ઞા પ્રમાણે બધું કામ કર્યા કરે. જ્યાં સુધી માલિકની આજ્ઞા પ્રમાણે એ કામ કરે છે ત્યાં સુધી એ દાસ છે, નોકર છે. વર્ષો સુધી કામ કરતાં-કરતાં એ ઘરના કુટુંબી જેવો બની જાય, આપણી લાગણીઓને સમજતો થાય. પોતે આપણા સુખ માટે પ્રયત્ન કરતો થાય ત્યારે દાસ મટીને સેવક બને છે. જે સેવા કરે એ સેવક. હોસ્પિટલમાં જઇએ અને નર્સ આપણી પરિચર્યા કરે, એ દાસ છે. એ પરિચર્યા કરે છે એમાં પ્રેમ નથી; પરંતુ ઘરનાં કુટુંબીજન આપણી માંદગીમાં આપણી પરિચર્યા કરે છે ત્યારે એમાં સેવા છે, કારણ કે એમાં પ્રયુક્ત થાય છે એ સેવક છે. જેનાં સેવાનાં સર્વ કાર્યોમાં કેવળ પ્રણાલિકા નથી, કેવળ પદ્ધતિ નથી, કેવળ રીત નથી; પણ એમાં પ્રીતની સુગંધ ઉમેરાઇ છે, એ સેવક છે. આમ, પ્રેમપૂર્વક સેવા કરતાં-કરતાં એવો સમય આવે છે કે તે જે

ચિત્રજીની કે સ્વરૂપની સેવા કરે છે, એમાંથી પ્રભુ સાક્ષાત્ બહાર પધારીને, માગીને આરોગે. આપણને દર્શન આપે અને પ્રભુ એ ભક્તની પાછળ ડોલતા-ડોલતા ફરતા હોય એવી અવસ્થાએ જ્યારે એ સેવક પહોંચે ત્યારે એને ભગવદીય કહેવાયમાં આવે છે. આવા ભગવદીયો અતિ દુર્લભ છે.

આવા ભગવદીયો જો પ્રસન્ન થાય, તો જીવન કૃતાર્થ થઇ જાય. આ માર્ગમાં જો પ્રભુનો અપરાધ થાય તો શ્રીમહાપ્રભુજી, શ્રીગુરુદેવ, શ્રીવલ્લભકુળ કૃપા કરીને અપરાધમાંથી આપણને મુક્ત કરાવે છે. શ્રીવલ્લભકુળનો અપરાધ થાય, તો વૈષ્ણવો કૃપા કરીને જીવનો અપરાધ દૂર કરાવે છે. પ.ભ. રામાનંદ પંડિતની વાર્તા અને શ્રીગુસાંઇજીના એક સેવકની વાર્તા સુપ્રસિદ્ધ છે. પરંતુ જો વૈષ્ણવનો અપરાધ થાય, તો એ અપરાધમાંથી આપણી નિવૃત્તિ થઇ શકતી નથી. માટે આવા ભગવદીયોની સેવા દ્વારા તેમને પ્રસન્ન કરવાની શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. ભગવત્-સેવા અને ગુરુસેવા સાથે આપણા માર્ગમાં વૈષ્ણવસેવાનું માહાત્મ્ય અને સ્વરૂપ વાર્તા-સાહિત્ય ખૂબ સુંદર રીતે આપણને બતાવે છે.

પદ્મનાભદાસજીના નાના જમાઇ અને એમનાં પુત્રીથી ભગવત્સેવા બનતી નથી. તેઓ ગામ-બહાર આવતા પરદેશી વૈષ્ણવોને ઘેર પધરાવી લાવીને, ખૂબ ભાવપૂર્વક એમની સેવા કરે છે. પદ્મનાભદાસજી વિચારે કરે છે, મોટી દીકરી તુલસાં તો શ્રીમથુરેશજીને લાડ લડાવે છે, નાની દીકરીને ત્યાં ભગવત્સેવા બિરાજતી નથી. એ કેવી રીતે એનો જીવનનિર્વાહ કરતી હશે? એક દિવસ બપોરે શ્રીપદ્મનાભદાસજી દીકરીને ઘેર આવે છે. પૂછે છે : બેટા, શો સમય છે? તે કહે છેઃ આપ અંદર પધારો. ટેરો સરકાવીને અંદર જાય છે, ભોગ ધર્યા છે, દર્શન કરે છે તો સાક્ષાત્ શ્રીમથુરેશજી એ નાની દીકરીના ત્યાં પધારીને ભોગ આરોગી રહ્યા છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ નાની દીકરી પર શ્રીમથુરેશજીએ જે કૃપા કરી, એ તેમણે કરેલી વૈષ્ણવોની સેવાનું ફળ છે.

દક્ષિણના એક શેઠની વાર્તાનો પ્રસંગ છે. વ્રજયાત્રાની અભિલાષા રાખનારો એમનો દીકરો વ્રજયાત્રા કરવા ગયો, પણ એની વ્રજયાત્રા સફળ થઇ નથી. ત્યારે વૃદ્ધ માજીએ એને રસ્તો બતાવ્યો કે ''બેટા, વૈષ્ણવ પ્રસન્ન થઇને જ્યારે તને આશીર્વાદ આપશે, ત્યારે તારી વ્રજયાત્રા સફળ થશે. વૈષ્ણવોની તું સેવા કર.'' એ વૈષ્ણવે ગામમાં આવતા વૈષ્ણવોની ખૂબ પ્રેમથી સેવા કરી, ત્યારે એક વિરકત વૈષ્ણવે પ્રસન્ન થઇને આશીર્વાદ આપી, એની વ્રજયાત્રા સિદ્ધ કરી આપી. વૈષ્ણવોની સેવા આ ચોર્યાસી અને બસો બાવન ભગવદીયોએ ખૂબ પ્રેમથી કરીને તેમને પ્રસન્ન કર્યા છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જો કોઇ ભગવદીય જીવનો હાથ પકડી લે તો એ જીવનો બેડો પાર થઇ જાય છે. કૃષ્ણદાસ મેઘન હતા તો મુઠ્ઠી હાડકાંના. એમનો ભૌતિક દેહ તો બહુ કૃશ હતો, પણ સરસ્વતીજીના નીરમાં છબછબિયાં કરનારા, અતિ હૃષ્ટપુષ્ટ દેહવાળા વાસુદેવદાસ છકડાનો હાથ પકડયો, તે એવો પકડયો કે વાસુદેવદાસ છકડા શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય બની ગયા. માટે શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે, જેવી રીતે ભાવપૂર્વક આપણો દેહ અને આપણા સર્વ પદાર્થો શ્રીપ્રભુને, શ્રીમહાપ્રભુજીને અંગીકાર કરાવીએ છીએ, એટલા જ ભાવપૂર્વક વૈષ્ણવોની પણ સેવા કરવી જોઇએ વૈષ્ણવોની સેવાથી જ શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થશે.

આજે, સાંપ્રત સમયમાં જો કોઇ બાબતની વિશેષ જરૂર જણાતી હોય તો એ વૈષ્ણવોની સેવાની છે. આજે પરિસ્થિતિ એવી વિષમ જોવામાં આવે છે કે ભોગ ધરીને લેતા, પ્રસાદી-પદાર્થો દ્વારા નિર્વાહ કરતા વૈષ્ણવોને અજાણ્યા ગામમાં જવાનું થાય તો એમને જળ-બીડી માટે પણ ભારે મુશ્કેલી હોય છે. શ્રીગુસાંઇજીની મહોદારતાનો પ્રસંગ આપણે યાદ કરીએ છીએ કે આપે પોતાનાં રત્નજડિત સુવર્ણનાં ઝારીજીથી કુંજરીને જળ પાઇને તેના પ્રાણ ટકાવ્યા; પરંતુ એ પ્રસંગનું ગુણગાન ગાનાર આપણે, જ્યારે આપણા જ ગુરુબંધુઓ- શ્રીવલ્લભના કૃપાપાત્ર સેવકો - જે અજાણ્યા છે, જે પરદેશી છે, જેને ગામમાં સ્થાન નથી, એને માટે જળ-બીડીની વ્યવસ્થા બહુ ઓછા ગામોમાં, બહુ પ્રેમપૂર્વક થતી જોવામાં આવે છે.

થોડા જ મહિના પૂર્વની વાત છે. સૌરાષ્ટ્રના એક વૈષ્ણવ એમના કુટુંબીની દવા કરાવવા અમદાવાદ આવેલા. બહારનું જળ-પાન ન કરનાર વૈષ્ણવ અમદાવાદ શહેરનાં ઘણાં મંદિરોમાં ફરી વળ્યા. કોઇએ એમના માથે એક ગાગર જળ ન રેડયું અને એક લોટી જળપાન ન કરાવ્યું. બે દિવસના એ ભૂખ્યા-તરસ્યા વૈષ્ણવ, સ્નાન કરી જળ પીવા મહેસાણા સુધી આવ્યા.

મને યાદ છે, વર્ષો પહેલાં શ્રીગોકુલેશ પ્રભુએ જે વૈષ્ણવો માટે અનહદ પ્રેમ વ્યક્ત કર્યો અને ખવાસને આજ્ઞા કરી કે ગદલ છીવાઇ ગયો તો કોઇ વૈષ્ણવને સ્પર્શ કરાવી લાવો. એટલે એ અપરસ લાયક બની જશે. એ શ્રીગોકુલેશ પ્રભુની સૃષ્ટિના એક ગામમાં નવ દિવસ મારે રહેવા જવાનું હતું, ત્યારે ત્યાં મને મંદિરમાંથી જવાબ મળ્યો, ''બહારનું ખાતા ન હો અને આવું બધુ કરતા હો, તો ઘરે પડયા રહો. શું કરવા ભટકવા નીકળો છો? અમે કંઇ અહીં સદાવ્રત ખોલ્યાં છે?'' આપણા આંગણે જ્યારે વૈષ્ણવ અચાનક આવે છે ત્યારે તો શ્રીકૃષ્ણ ભટ્ટજી એમ આજ્ઞા કરે છે કે

એ દિવસે શ્રીઠાકોરજી બહુ પ્રેમપૂર્વક આરોગ્યા છે. વૈષ્ણવ જ્યારે આપણા આંગણે પધારે, ત્યારે એમની સાથે એમના હૃદયમાં બિરાજીને શ્રીમહાપ્રભુજી અને શ્રીગોવર્ધનધર પધારે છે. આવા ભાવથી આપણે વૈષ્ણવોની સેવામાં તત્પર બનવું જોઇએ.

ઘણી વાર એવી ફરિયાદો કરવામાં આવે છે કે વૈષ્ણવોની સેવા કરવાનું બહુ મન છે, પણ અમને કોઇ પરદેશી વૈષ્ણવોની સેવાનો લાભ મળતો નથી. આવું કહેનાર ઘરમાં એકલા હોય છે કે સાથે કુટુંબ પણ હોય છે? કુટુંબ હોય એ સ્વાભાવિક છે અને આપણા કુટુંબમાં જેટલા સભ્યો છે એ બધા વૈષ્ણવો છે. એમનો લૌકિક સંબંધ ઘડીભર ભૂલી જઇને, વૈષ્ણવી સંબંધથી એમનો વિચાર કરીએ તો આપણું ઘર એ વ્રજભક્તોની નિકુંજ બની જાય. આ મારી માતા છે, આ મારી દીકરી છે, આ મારી વહુ છે, આ મારાં સાસુમા છે, પણ એ બધાંથી વિશેષ આ સહુ શ્રીવલ્લભનાં કૃપાપાત્ર વૈષ્ણવો છે, એવો ભાવ જો હૃદયમાં આવે; એ વૈષ્ણવ છે માટે એમના હૃદયમાં શ્રીવલ્લભ બિરાજ્યા છે, એવો ભાવ જો હૃદયમાં આવે તો આપણાં કુટુંબીજનોનાં સેવા અને સહવાસ વૈષ્ણવોનાં જ સેવા અને સહવાસ બને. આ ભાવથી જો આપણે આપણા કુટુંબથી માંડીને વૈષ્ણવની સેવાનો પ્રારંભ કરીએ તો Charity begins at home એ ન્યાયે વૈષ્ણવસેવા સૌથી પહેલાં ઘરનાંથી કરવી. આ તો થાય છે એવું કે 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો.'

એનું પરિણામ એ આવ્યું છે કે જેમણે-જેમણે પ્રભુકૃપાથી, શ્રીમહાપ્રભુજીની કૃપાથી અષ્ટપ્રહરની સેવા પધરાવીને સખડીભોગ ધરવા માંડયો, એ પોતાની સેવામાં એવાં તલ્લીન બન્યાં કે પોતાના કુટુંબ સાથેનો એમનો વ્યવહાર સુખદ ન રહ્યો. અમારા પાટણ શહેરમાં સાઇઠથી સિત્તેર મરજાદી ભગવદીયો આજથી લગભગ પચીસ વર્ષ પહેલાં હતાં. આજે ગણતરીનાં બે કે ત્રણ જ વૈષ્ણવો રહ્યાં છે કે જે સખડીભોગ ધરે છે. જે નથી રહ્યાં, એમનાં કુટુંબીઓને આજે જ્યારે જોઇએ છીએ ત્યારે પરિસ્થિતિ કંઇક એવી બની છે મે એમનાં કુટુંબીઓ પૈકી ઘણાં શ્રીઠાકોરજીનાં દર્શન કરવા પણ તૈયાર નથી. આપણે ભગવત્સેવા, ગુરુની સેવા, વલ્લભકુળની સેવા અને સાથે વૈષ્ણવોની સેવા પણ દીનતા અને આગ્રહપૂર્વક કરવી પડશે. એ જ્યા સુધી નહીં થાય ત્યાં સુધી ભગવત્ સેવા અને ગુરુસેવા ફળપ્રદ બનશે નહીં. ભગવત્ સેવા અને ગુરુસેવાનું અલૌકિક ફળ તો ભગવદીયોની કૃપાથી જ પ્રાપ્ત થવાનું છે. માટે તો શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'યહ માર્ગ તેરે લિયે હૈ' વૈષ્ણવો માટેનો આ માર્ગ છે, વૈષ્ણવો દ્વારા ફલિત થવાનો આ માર્ગ છે. માટે શ્રીહરિરાયચરણ વૈષ્ણવોની સેવા

માટે અહીં ભાર મૂકે છે.

તે દુર્લભાઃ ખલુ કલૌ, તાન્ પરામૃશ્ય સંવ્વસેત્ ।
રાગાભાવસ્તુ સતતં સેવયા, તત્કૃપાવતામ્ ॥

આ ભગવદીય વૈષ્ણવોનાં લક્ષણો કેવાં હોય? આપણે વૈષ્ણવતાના કયા આદર્શે પહોંચવાનું છે? વૈષ્ણવોનો ઉત્તમમાં ઉત્તમ આદર્શ કયો? શ્રીહરિરાયચરણે તદીય વૈષ્ણવોનું સ્વરૂપ પ્રગટ કરી દીધું. જેઓ નિજાચાર્ય શ્રીવલ્લભાધીશ પ્રભુને એકમાત્ર પરાયણ છે, અનન્ય આશ્રય કરીને રહ્યા છે, એ સિવાય બીજી કોઇ વાત એમના મનમાં નથી. ''ઔર કોઇ સમજે તો સમજે ભલે, હમકો ઇતની સમજ ભલી, ઠાકુર હમારે નંદનંદન, ઠકુરાની વૃષભાનલલી'' આવા વૈષ્ણવને તદીય જાણવા. માટે શ્રીહરિરાયચરણે શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો આશ્રય કરવા માટે આપણને શિક્ષાપત્રમાં ઠેર-ઠેર શિખામણ આપી છે. શ્રીવલ્લભ એ જ મારું શરણ. શ્રીવલ્લભ સિવાય બીજા કોઇને હું ઓળખતો નથી. બીજા કોઇને હું બહુ જાણતો નથી, હવે મારે બીજા કોઇને જાણવાની જરૂર પણ નથી. હું બહુ સારો હોઉં કે નરસો હોઉં, હું સદ્‌ગુણી હોઉં કે દુર્ગુણી હોઉં, હું સેવા-સ્મરણ કરી શકતો હોઉં કે ન કરી શકતો હોઉં, પણ જેવો છું તેવો હું તમારો છું, માત્ર તમારો છું. તમારા સિવાય બીજા કોઇનો હું નથી. આવી એક માત્ર દૃઢ શરણભક્તિ શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં જેમની થઇ છે, રસિક-સ્વરૂપ શ્રીવલ્લભનાં ચરણે જે રહી શકે એ બડભાગી છે, એમનું મહદ્‌ભાગ્ય છે. એ શ્રીઠાકોરજીના અત્યંત કૃપાપાત્ર નિજજનો છે. 'અપનો કરી ગોકુલપતિ ભરત તાહિ બાથે' - પ્રભુ એમને સ્વરૂપાનંદનું દાન કરે છે.

જેને શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થયો હોય, એનામાં બીજાં કયાં લક્ષણો જોવા મળે? શ્રીહરિરાયચરણ વૈષ્ણવોનાં નવ લક્ષણો બતાવે છે. પહેલું લક્ષણ શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો દૃઢ આશ્રય. બીજું લક્ષણ અનન્ય ભજન. સંસ્કૃતમાં જ્યાં-જ્યાં 'ભજન' શબ્દ આવે ત્યાં-ત્યાં તે સેવાના અર્થમાં છે, તેમ નિશ્ચિત રીતે સમજવું. તાલીઓ પાડીને ધોળપદ ગાવાં એ અર્થમાં અહીં 'ભજન' શબ્દ નથી. જેઓ પ્રભુની સેવા અનન્યતાપૂર્વક કરે છે, તેમને શ્રીમહાપ્રભુજીનું દૃઢ શરણ થતાં સેવામાં અનુરાગ થાય છે.

ત્રીજું લક્ષણ સંતોષ. આપણે સંતોષી બનવું, પ્રભુ જે પરિસ્થિતિમાં રાખે તેમાં આનંદ માનીને રહેવું, સેવામાં જ સાચું સુખ છે, સેવા સિવાય બીજી કોઇ પ્રવૃત્તિમાં મન ન લગાડવું.

ચોથું લક્ષણ શ્રીહરિરાયચરણ બતાવે છે કે જેમનામાંથી સંસારની આસક્તિને

કારણે જન્મતા, અહંતા ને મમતાને કારણે પ્રગટતા કામક્રોધ લોભ આદિ દુર્ગુણોનો ત્યાગ થતાં તેમનું હૃદય નિષ્કામ બને છે, એમને હવે કોઇ અપેક્ષા નથી. એમના હૃદયમાં સાક્ષાત્ શ્રીગોકુલાધીશ પધારી ગયા, પછી એમને જગતની કોઇ તુચ્છ સંપત્તિનો મોહ નથી. શેઠ પુરુષોત્તમદાસ શ્રીમહાપ્રભુજીના પ્રાગટય સ્થળની યાત્રાએ દક્ષિણમાં ગયા છે. મંદાર પર્વત ઉપર રાતવાસો કર્યો છે. બાજુમાં એક વિરક્ત વૈષ્ણવ સૂઇ રહ્યા છે. શ્રીમંદાર મધુસૂદન ભગવાન બ્રાહ્મણનું રૂપ લઇને રાત્રે આવીને એ વિરક્તને પારસમણિ આપે છે. તેઓ કહે છે કે 'લે, આ તારા માટે લાવ્યો છું, હવે ઘેર ઘેર ભીખ માગવાનું તારે મટી જશે. તને રોજ આ મણિ એક તોલો સોનું આપશે.' વિરક્ત કહે છે : 'મહારાજ, મારે જરૂર નથી. મારે સોનાને શું કરવું છે? પણ બાજુમાં આ શેઠ સૂઇ ગયા છે, મોટો કારોબાર છે, કરોડો રૂપિયાના આસામી છે, એમને આપો. એમને આ મણિ ઉપયોગી થશે.' શેઠને જગાડયા. શેઠ હાથ જોડીને કહે છે, 'મારે આની જરૂર નથી.' બ્રાહ્મણ રૂપે પધારેલ શ્રીમધુસૂદન ભગવાન અંતર્ધાન થઇ ગયા. શેઠ વિરક્તને પૂછે છે કે તમે આ મણિ કેમ ન લીધો? તમારે તો બહુ જરૂર છે. વિરક્ત કહે છે કે 'મારે પાશેર આટો જોઇએ, એટલો મને ભગવાન આપે છે, મારે મણિને શું કરવો છે? પણ શેઠ, તમે કેમ ન લીધો?' શેઠ કહે છે, 'તારે પાશેર જોઇએ છે તો મારે રોજનો પાંચ શેર જોઇએ છે. તને પાશેર આટો આપે છે એ શું મને પાંચશેર ન આપે? મારે મણિને શું કરવો છે?' તમે કહેશો કે શેઠ પુરુષોત્તમદાસ તો છપ્પન કરોડના આસામી હતા, એટલે એમને લોભ નહોતો કે કામ નહોતો. પણ નારાયણદાસ બ્રહ્મચારી તો બહુ નિષ્કિંચન વિરક્ત જીવન જીવતા હતા. પ્રભુએ એમનીય કસોટી કરી. રાત્રે એમના ઘરમાં ચારે બાજુએ દ્રવ્યના ઢગલા થઇ જવાં માંડયા. સવારે એ જોતાંવેંત તેઓ એમની ભત્રીજીને કહે છે, 'બેટી, આ બધો બગાડ છે, ટોપલા ભરીને બહાર ફેંકી દે.' વિરકત હોવા છતાંય નારાયણદાસ બ્રહ્મચારી કામલોભથી વિવર્જિત હતા.

જ્યાં સુધી આપણા હૃદયમાં 'મને આ મળે, મને આ મળે, મને આ મળે' એવી ઇચ્છાઓ છે, વાસનાઓ છે ત્યાં સુધી હૃદયમાં લોભ રહેવાનો. કામ અને લોભ જોડિયા ભાઇઓ છે. એ જ્યાં સુધી હૃદયમાં હશે. ત્યાં સુધી આપણને સુખથી પ્રભુનાં સેવા-સ્મરણ કરવા દેશે નહીં. બહુ કમાવામાં કે બહુ મેળવવામાં ચિત્ત હોય ત્યારે ભગવત્-સેવામાં ચિત્ત રચ્યું-પચ્યું રહે નહીં.

આજે એવા એક ભગવદીયનું સ્મરણ થાય છે, જે અત્યારે ભૂતળ ઉપર વિદ્યમાન છે, જેમની પાસે પ્રભુએ આપેલી ધનસંપત્તિ વિશેષ હતી. સારો વેપાર

ચાલે, ઘેર ભગવત્-સેવા બિરાજે. સૌનો એવો આગ્રહ છે કે બધી સેવા જાતે પહોંચવી. ગમે તેટલું મોડું થાય પણ પ્રભુને અનોસર કરાવ્યા વિના શેઠ દુકાને ન જાય, ઉત્થાપન પહેલાં દુકાન છોડીને ઘેર ચાલ્યા આવે. પરિણામ એ આવ્યું કે ધંધામાં ધ્યાન ઘટતું ગયું. ધીમે-ધીમે સંપત્તિ ઘટતી ગઇ, દેવું વધતું ગયું. એક દિવસ એવો આવ્યો કે એમના બંગલા, એમની મિલકત, એ બધું મોટગેજ મુકાયું. દીકરાઓને બોલાવીને શેઠ પૂછે છે, "શું જોઇએ છે? ભગવત્-સેવા છે એક બાજુ, પણ ગરીબાઇમાં કરવાની છે. બીજી બાજુ ધંધો સંભાળવો હોય તો વિપુલ લક્ષ્મી છે. હજુ મોડું નથી થયું." દીકરાઓ કહે છે, "બાપુજી, અમારે ગરીબાઇમાંય આનંદ છે, પણ અમારે જોઇએ છે ભગવત્ સેવા. ભગવત્ સેવા વિનાની ધનસંપત્તિ અમને ન ખપે." આવા ભગવદીયોનું સ્મરણ થાય ત્યારે એમનાં ચરણારવિંદમાં મસ્તક ઝૂકી પડે છે.

પાંચમું લક્ષણ બતાવ્યું નિરપેક્ષતા. જે કામ-લોભ વિવર્જિત હોય, જેના હૃદયમાં કોઇ વાસના નથી, કામના નથી, ઇચ્છા નથી એ નિરપેક્ષ હોય. એને કોઇ અપેક્ષા ન હોય. જે નિરપેક્ષ હોય તેને સુખ-દુઃખ કદી બાધા કરતાં નથી. "ગયે નહીં સોચ આયે નહીં આનંદ" એવું આ નિરપેક્ષ ભગવદીયોનું સ્વરૂપ છે. એ ભગવદીયો જ કહી શકે છે કે "જાકો મુખ દેખત દુઃખ ઉપજત તાકો કરનો પડયો પ્રણામ. ભક્તનકો કહા સિકરીસોં કામ." ભગવદીય જ કહી શકે અકબર બાદશાહને કે તું આપવા ઇચ્છતો હોય તો એટલું આપ કે આજ પછી તુ કદી તારુ મોં મને બતાવીશ નહીં. એમને કોઇની અપેક્ષા નથી. એમને શ્રીગોવર્ધનધર અને શ્રીવલ્લભ સિવાય બીજા કોઇનાં ચરણમાં આસક્તિ નથી, ગતિ નથી-મતિ નથી-રતિ નથી. એ નિરપેક્ષ ભગવદીયોનું સ્વરૂપ છે. એ વિરક્તનો આ એક અર્થ છે. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાંયે જળકમળવત્ રહે છે. વિરક્તનો આ એક અર્થ છે. ગૃહસ્થાશ્રમની સઘળી પ્રવૃત્તિઓ સંભાળવા છતાંય એમનું મન એની અંદર ખરડાયેલું ન હોય. મન તો પ્રભુમાં લાગેલું રહે. સદા પ્રભુમાં લગાડેલા મન સાથે જરૂર અને આવશ્યક સંસારનાં કામો કરતાં - કરતાં તેઓ પ્રભુનાં સેવા સ્મરણ કરે. વિરક્તનું બીજું સ્વરૂપ એટલે જેને ભગવત્કૃપાથી ઘર-બારમાંથી આસક્તિ છૂટી ગઇ છે, સર્વ છોડીને કેવળ જે પ્રભુને માટે નીકળી પડયા, જે કેવળ પ્રભુની લીલાના ગુણગાનમાં આરક્ત રહે છે, એ બીજા વિરકત ભગવદીયોનું સ્વરૂપ છે. આવા જે ભગવદીયો છે, એ પણ નિરપેક્ષ છે.

હવે છઠ્ઠું લક્ષણ બતાવે છેઃ પ્રાણીમાત્રના કલ્યાણમાં તત્પર. સંસ્કૃતમાં જ્યારે 'ભૂત' શબ્દ આવે ત્યારે ડરશો નહીં. લૌકિકમાં ભૂત શબ્દ વાપરીએ છીએ એ અર્થમાં

એ ત્યાં નથી. ભૂત એટલે જીવમાત્ર, પ્રાણીમાત્ર. જગતના પ્રાણીમાત્રના કલ્યાણમાં રત હોવું, લીન હોવું જરૂરી છે. આ ભગવદીયો અનન્ય ભાવથી ભગવત્ સેવા કરતાં-કરતાં પણ પોતાની આજુબાજુ જ્યાં કોઇ દુઃખી છે કે કોઇ દીન છે કે કોઇ જરૂરિયાતવાળું છે, પછી એ વૈષ્ણવ છે કે નહીં, પછી એ મનુષ્ય છે કે નહીં, તેનો વિચાર કરવા થોભતા નથી. તે પોતાની જાતને ઘસી નાખીને પણ પ્રાણીમાત્રનું કલ્યાણ કરવા તત્પર હોય છે. જાતે ઘસાઇને ઊજળા થાય છે.

વૈષ્ણવ ધર્મ આત્માનો ધર્મ છે, માનવ ધર્મ એ શરીરનો ધર્મ છે. શરીરમાં આત્મા હોય, તો શરીર કામ કરે. આત્મા વિનાનું શરીર તો મડદું છે, તે નકામું છે. વૈષ્ણવ ધર્મનું આચરણ કરતાં કરતાં જો માનવધર્મ ભૂલી જવાનો હોય, વીસરી જવાતો હોય, એની ઉપેક્ષા થતી હોય, તો એનાથી પ્રભુ કદી પ્રસન્ન થતા નથી. શ્રીમહાપ્રભુજીના અનન્ય કૃપાપાત્ર દેવા કપુરના જીવનો એક નાનકડો પ્રસંગ છે. દેવા કપુર જલધારાની સેવા કરે છે, મોટી મોટી ગાગરોમાં જળ લઇને અડેલ પધરાવે છે. ગાગરો ઊંચકતાં ઊંચકતાં એમના ખભા ઉપર ચાંદું પડી ગયું છે. દવા કરવાનો અવકાશ મળતો નથી. ચાંદું પડયું છે, એની ફિકર કરતા નથી અને સેવામાં તત્પર છે. એક વાર શ્રીયમુનાજીમાં જળ ભરતાં તેઓ નીચા નમ્યા. ઘામાં એક કીડો હતો, દેવા કપુરે બાજુમાંથી એક વૃક્ષનું પાન લઇને પેલા કીડાને જીવતો પાન પર લઇ લીધો. વિચાર કર્યો કે એનું ભોજન છે મારું રુધિર અને માંસ. જો એ નહીં મળે તો આ કીડો એનો પ્રાણ છોડી દેશે. મને જીવહત્યા લાગશે. એને ભારે દુઃખ થશે. માટે એ કીડાને પાછો પોતાના ઘામાં મૂકી દીધો. ત્રણ વખત એ નીચા નમ્યા છે ને ત્રણ વખત એ કીડો જળમાં પડયો છે. ત્રણ ત્રણ વખત એ કીડાને ઊંચકીને ઘામાં મૂકયો છે. જાતે દુઃખ વેઠીને પણ, જાતની પરવા કર્યા વિના જગતમાં જે સર્વ જીવોમાં જગદીશનાં દર્શન કરી, એ સર્વ જીવોના કલ્યાણ માટે જે મન, વાણી અને કર્મથી પ્રયત્નશીલ રહે એ 'સર્વભૂતહિતેરતાઃ' કહેવાય. આપણે સૌને આ શરીરથી, સાધનથી, દ્રવ્યથી મદદ કરીએ, એ ન બને તો વાણીની મીઠાશ તો કદીયે છોડવી નહીં. તલવારના ઘા જેટલા જલદ નથી હોતા એટલા વાણીના ઘા હૃદયને ચીરનારા હોય છે; માટે સાચું બોલો, કડવું હોય એવું સાચું કદીયે ન બોલો. વાણી દ્વારા કલ્યાણની ઝંખના કરીને અને મન દ્વારા પણ સૌનું કલ્યાણ વાંછીએ. ઘણી વાર કોઇકના ઉપર ગુસ્સો આવી જાય, મનમાં કહીએ કે એને બતાવી દઇશ, જો મારું ચાલે તો. આને મારી નાંખીએ તો સારું, કોઇના માટે કોઇનું અશુભ ચિંતશો નહીં. કોઇનું અનિષ્ટ વિચારશો નહીં. સૌના કલ્યાણમાં

પ્રયત્નશીલ રહીએ, એ ભગવદીયનું લક્ષણ છે.

'નિર્મત્સર' હોવું એ સાતમું લક્ષણ છે. નિર્મત્સરતા એટલે ઈર્ષ્યા ન હોવી અદેખાઇ ન હોવી. જેને પોતાની લીટી મોટી કરવી હોય એ બીજાની ઈર્ષ્યા કરે; પણ જેને સૌના દાસ બનીને, દાસાનુદાસ બનીને રહેવું છે, જેને કોઇ અપેક્ષા નથી, જેને પ્રતિષ્ઠા જોઇતી નથી, સ્વાર્થ નથી, વાસના નથી, એ કોઇનીયે ઈર્ષ્યા શું કરવા કરે?

આઠમું લક્ષણ છે - સત્સંગમાં રુચિ. જેને શ્રીઠાકોરજીનાં સેવા અને સત્સંગમાં દઢતાપૂર્વકનો આદર છે, આગ્રહ છે; આગ્રહપૂર્વક જે સેવા અને સત્સંગ કરે છે તે આખો વૈષ્ણવ છે. કુંભનદાસજીના પ્રસંગમાં શ્રીગુસાંઇજી કુંભનદાસજીને પૂછે : 'તમારે દીકરા કેટલા?' કુંભનદાસજી કહે છે કે 'મહારાજ, મારે દોઢ દીકરો છે. સેવા અને સત્સંગ બંને કરે એ આખો દીકરો. ચતુર્ભુજદાસ બંને કરે છે એટલે તે મારો આખો દીકરો. જે એકલી સેવા કરે કે એકલો સત્સંગ કરે તે અડધો દીકરો. કૃષ્ણદાસ ફક્ત ગાયોની સેવા કરે છે, એટલે એ મારો અડધો દીકરો. આપણે સહુ શ્રીપ્રભુજીની નાદસૃષ્ટિ છીએ, પુત્રવત્ છીએ. સેવા અને સત્સંગ કરીએ તો શ્રીવલ્લભના આખા દીકરા. એકલી સેવા કે એકલો સત્સંગ કરીએ ત્યાં સુધી હજુ પૂર્ણ વૈષ્ણવત્વ પામ્યા નથી.

હવે નવમું-છેલ્લું લક્ષણ બતાવે છે, 'અનન્યતા'. શ્રીમહાપ્રભુજીનાં ચરણમાં દઢ આસક્તિ-અનન્યતા રાખો. આવા ભગવદીયોનો હમેશાં સત્સંગ કરવો. શોધીશોધીને આવા ભગવદીયો સાથે સત્સંગ કરવા પ્રયત્નશીલ રહેજો.

અહીં પ્રશ્ન થશે. શ્રીહરિરાયચરણે ભગવદીયોનાં નવ લક્ષણો કેમ બતાવ્યાં? નવનો અંક પરિપૂર્ણ અંક છે. એનાથી વિશેષ પરિપૂર્ણ બીજો કોઇ અંક નથી. એ નવમાં અંક દ્વારા સૂચન કર્યું કે આ લક્ષણો જેનામાં છે, એ ભગવદીય તદીય છે, તાદશી છે. એ ભગવત્-સ્વરૂપ છે. એના હૃદયમાં સદાસર્વદા શ્રીવલ્લભ શ્રીઠાકોરજી સહિત અને શ્રીલીલાપરિકર સહિત બિરાજે છે.

આવા ભગવદીયોનાં લક્ષણ બતાવી, એમની સાથે સત્સંગ કરવાની આજ્ઞા કરી, શ્રીહરિરાયચરણ છેલ્લા-ચોવીસ શ્લોકમાં આશીર્વચન ઉચ્ચારે છે. આપ આજ્ઞા કરે છે કે મેં આ શિક્ષાપત્રમાં જે તેર કર્તવ્યો બતાવ્યા એનું તમે યથાયોગ્ય પરિપાલન કરશો તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી તમારું સર્વ કંઇ સિદ્ધ થશે. લૌકિક-વૈદિક સર્વ સિદ્ધ થશે, અલૌકિક-પરલૌકિક પણ સિદ્ધ થશે. માટે શ્રીમહાપ્રભુજી ઉપર દઢ વિશ્વાસ રાખી, કેવળ એમનું જ સ્મરણ સ્વીકારી, દીનતા અને પ્રેમપૂર્વક પુષ્ટિમાર્ગનાં

આ તેર કર્તવ્યોને સદાય વિચારતા રહીએ, સદાય હૃદયમાં ધારણ કરતા રહીએ અને જીવનની ક્ષણેક્ષણે આ કર્તવ્યો આપણા જીવનમાં ઊતરે એ માટે આપણે સતત સભાન રહીએ. પ્રયત્નપૂર્વક એમાં ક્રિયાશીલ રહીએ, તો શ્રીમહાપ્રભુજીની કૃપા આપણને જરૂર પ્રાપ્ત થશે.

પ્રથમ શ્લોકમાં હરિરાયચરણે શ્રીગોપેશ્વરજીનાં વહુજી મહારાજની આસુર-વ્યામોહ લીલાના બનનારા દુઃખદ પ્રસંગ તરફ અંગુલિનિર્દેશ કર્યો હતો. અહીં અંતિમ શ્લોકમાં શ્રીહરિરાયચરણ ભગવત્કૃપાથી શ્રીગોપેશ્વરજીનો શોક નિવૃત્ત થવાનો છે, અને પુનઃ પ્રસન્ન હૃદય પ્રાપ્ત થવાનું છે, એનો નિર્દેશ પણ કરે છે.

આ પ્રથમ શિક્ષાપત્રમાંથી બીજું કંઇ પણ યાદ ન રહે અને બધું ભૂલી જવાય તોય વાંધો નથી. શિક્ષણશાસ્ત્રના એક વિદ્વાને શિક્ષણની બહુ સરસ વ્યાખ્યા આપી છે. એ એમ કહે છે કે તમે વર્ષોનાં વર્ષો સુધી જે કોઇ વિષયો ભણો અને ભણી રહ્યા પછી જ્યારે એ બધું જ ભૂલી જાઓ, કંઇ યાદ ન રહે, ત્યારે એ બધું ભૂલી ગયા પછી પણ જે યાદ રહ્યું હોય, તે સાચું શિક્ષણ છે. એ શિક્ષણનું સત્ત્વ, એ શિક્ષણનું નવનીત જીવનને અજવાળનારું બને, એ જીવનને કલ્યાણકારી બનાવનારું બને, તેમ પ્રથમ શિક્ષાપત્રનાં તેર કર્તવ્યો માનો કે જીવની ક્ષતિને કારણે જીવની મર્યાદાને કારણે ભુલાઇ જાય, ત્યારે આ છેલ્લું સત્ત્વ જે સીમાસ્તંભરૂપ શ્રીહરિરાયચરણે આપ્યું એને જો પકડી લઇએ, વળગી રહીએ, તે જરૂરી છે. બધું જ શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણા માટે શુભ હશે, મંગલ હશે. શ્રીગુસાંઇજીના એક સેવકે આ વાત તેમના જીવનમાં ચરિતાર્થ કરી બતાવી છે. આગ્રાના એ વૈષ્ણવ છે. ગુલાબદાસજી એમનું નામ છે. એક દિવસ આગ્રાના બજારમાંથી જતાં ગુલાબદાસે એક વૈષ્ણવના મુખેથી સાંભળી લીધું કે શ્રીગુસાંઇજીનો જે સેવક થાય, તે ભલે ને પછી કાંઇ ન કરે, છતાંય શ્રીગુસાંઇજીના કૃપાબળથી તેને અવશ્ય ભગવત્પ્રાપ્તિ થાય છે. એને નવાઇ લાગી, કે કંઇ ન કરીએ તોય પ્રભુ મળે! ચાલો, એની કસોટી કરીએ. દૈવી જીવ છે. કસોટી કરવાના મિષથી ગોકુળ ગયા. બ્રહ્મસંબંધ લીધું. પછી તે એક ક્ષણ પણ ઊભા નથી રહ્યા પૂછવા કે મારું કર્તવ્ય શું છે? કારણ કે તેમણે તો અકર્તવ્યો કરીને કૃપામાર્ગની કસોટી કરવી છે. આગ્રાના ગણિકાઓના વિસ્તારમાં જઇને મ્લેચ્છ જેવું જીવન જીવતાં ગુલાબદાસમાંથી તે ગુલાબખાન બની ગયા. એમનો પણ ઉદ્ધાર કરવા માટે કૃપાસાગર શ્રીગુસાંઇજીએ કોઢ નીકળેલા એક વૈષ્ણવને આજ્ઞા કરી કે તારો કોઢ મટાડવો હોય તો આગ્રા જા. મારો સેવક ગુલાબદાસ છે, તેને શોધી કાઢ અને

કહેજે કે તને શ્રીગુસાંઇજી યાદ કરે છે એના વેશ સામે જોઇશ નહીં, એના રૂપ સામે જોઇશ નહીં, એની ક્રિયાઓ સામે જોઇશ નહીં. જો એમાં તને અભાવ આવે તો તારું બગડશે. એમને શોધીને કહેજે કે ગુલાબદાસજી, શ્રીગુસાંઇજી તમને યાદ કરે છે. શ્રીગુલાબદાસને ગુસાંઇજીનું સ્મરણ થતાં હૃદય એવું શુદ્ધ બની ગયું. એવું દીન બની ગયું. એવું પ્રેમથી છલકતું બની ગયું કે શ્રીગુસાંઇજીની કૃપાથી ભગવલ્લીલાની પ્રાપ્તિ થઇ. પેલા વૈષ્ણવનો કોઢ પણ તત્કાળ મટી ગયો.

જો આ આજ્ઞામાં શ્રદ્ધા રહી જાય તો શ્રીહરિરાયચરણની કૃપાથી આ આજ્ઞાને બરાબર પકડી રાખો. હે શ્રીવલ્લભ, અમે તમારા છીએ, જેવા છીએ એવા-''ભલે બુરે તોઉ તેરે.'' દીકરો સારો પાકે, નરસો પાકે, જેવો પાકે એવો; પણ એના બાપ એને ના પાડી શકવાના નથી કે આ દીકરો મારો નથી. પુત્ર-કુપુત્ર થાય, માવતર કમાવતર ન થાય. જો લૌકિકમાં ન થતાં હોય તો આપણા આ અલૌકિક પિતા, આપણા અલૌકિક સ્વામી શ્રીવલ્લભની જે અલૌકિક શક્તિ છે, એમાં આપણે શા માટે અવિશ્વાસ કરીને શ્રીવલ્લભનું ચરણ છોડી બીજે ફાંફાં મારવા ભટકવું જોઇએ? શ્રીહરિરાયચરણકૃત પ્રથમ શિક્ષાપત્રનો સાર એટલો જ કે ''દૃઢ ઇન ચરનન કેરો ભરોંસો.''

''સર્વથા શુદ્ધભાવાનાં સ્વીકૃતાનાં કૃપાલુના ।
સર્વં શ્રીવલ્લભાચાર્ય-પ્રસાદેન ભવિષ્યતિ ॥''

શિક્ષાપત્ર-૧ : સારાંશ

શ્લોક સંખ્યા : **૨૪**

વિષય : **પુષ્ટિજીવનું કર્તવ્ય (૧૩ કર્તવ્યોનું નિરૂપણ)**

(૧) **કર્મ :** લૌકિક, વૈદિક કર્મો આસ્થા રાખ્યા વિના કરવા. તેમાં અહંતા મમતા ન રાખવી. તે માટે ઉદ્‌વેગ અને કલેશ ન કરવાં.

(૨) **વાણીનો સંયમ :** ભગવત્‌સંબંધ વિનાની વાણી ન બોલવી. ખપ પૂરતું જ બોલવું, બાકી મૌન રાખવું.

(૩) **સેવા દ્વારા લીલાભાવન અને ભાવભાવન :**

આ માટે બે પક્ષ છે :

(ક) ઉત્તમ પક્ષ. સેવાની સાથે-સાથે મનથી નંદાલય અને નિકુંજની નિત્યની લીલાનું ચિંતન કરવું તદુપરાંત, જન્માષ્ટમીથી લઈને વર્ષોત્સવની લીલાનું જે-તે દિવસે ચિંતન કરવું. સેવોપયોગી સામગ્રીનો ભાવ વિચારવો. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સ્વરૂપનું ચિંતન કરવું.

(ખ) બીજો મધ્યમ પક્ષ છે. સેવા ન બને ત્યારે એકાંતમાં બેસી, પ્રભુને મનમાં પધરાવી, લીલાચિંતન કરવું.

(૪) **અનોસરમાં ભાવભાવન** (પરોક્ષ સેવા) : વેણુગીત, યુગલગીત દ્વારા વિપ્રયોગનો અનુભવ કરવો.

(૫) **સેવાકાર્ય :** નિરુદ્ધ ચિત્તથી જાતે સેવા કરવી. સેવા નિત્ય અને આદરપૂર્વક કરવી. લીલાભાવના અને ભાવભાવનાના ચિંતન સહિત સેવા કરવી. દાસ્યભાવથી દીનતાપૂર્વક સેવાને સર્વોપરી ફળ જાણીને કરવી. દેહ અને ઇંદ્રિયોના સુખનો વિચાર છોડીને સેવા કરવી. આમ, સેવા કરતાં સેવામાં રુચિ થાય તો માનવું કે પ્રભુ પ્રસન્ન થયા છે.

(૬) **ભાવભાવના કરવા માટેની આપણી યોગ્યતા :** અશુદ્ધ હૃદય શુદ્ધ કરવા માટે પ્રભુ આપણી સાધન-સંપત્તિને શુદ્ધ કરે છે. શરીર સેવા કરે તો તેને દૈવી જાણવું, આળસ આવે તો આસુરી જાણવું, મન સ્વરૂપાનુભવ કરે તો તેને દૈવી જાણવું, લૌકિકમાં ભટકે તો તેને આસુરી જાણવું. સંબંધીઓ સેવામાં સહાયક હોય તો તેમને દૈવી જાણવાં, સેવામાં વિરોધી હોય તો આસુરી જાણવાં. દ્રવ્ય સેવામાં વપરાય તો દૈવી જાણવું. મોજ-શોખમાં

વપરાય તો આસુરી જાણવું. પૂર્ણ વૈરાગ્ય હોય તો દ્રવ્યમાં નિ:સ્પૃહતા રાખવી, વૈરાગ્ય ન હોય તો પ્રભુ-સુખ માટે દ્રવ્યની રક્ષા કરવી. અન્ય સાંસારિક કાર્યોમાં પ્રભુની આજ્ઞા લઇને, ખપ પૂરતું દ્રવ્ય વાપરવું.

(૭) **દૈન્ય :** સાધન-સામગ્રીની શુદ્ધિ માટે દૈન્ય જરૂરી છે. દૈન્યથી પ્રભુ પ્રસન્ન થાય છે. દૈન્યથી સેવોપયોગી દેહની પ્રાપ્તિ થતાં પ્રભુનો સાનુભાવ થાય છે અને જગત લીલામય જણાય છે. દૈન્યને લઇને ઈર્ષા થતી નથી.

(૮) **સત્સંગ :** શ્રીમહાપ્રભુજીમાં દૃઢ આસક્તિ રાખનારા, સેવાસ્મરણમાં તત્પર, કામ-ક્રોધ વિનાના, નિરપેક્ષ ભગવદીયોનો હમેશાં સત્સંગ કરવો. આવો સત્સંગ ફળરૂપ છે.

(૯) **ફળની આકાંક્ષા :** વૈષ્ણવોએ લૌકિક-વૈદિક ફળની આશા ન રાખવી, પોતાના ઉદ્ધારની ઇચ્છા પણ ન રાખવી; કેવળ શ્રીઠાકોરજીના મુખારવિંદનાં દર્શનની જ આકાંક્ષા રાખવી.

(૧૦) **દૃઢ આશ્રય :** મન, વાણી અને કર્મથી શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો.

(૧૧) **વૈષ્ણવોની સેવા :** ભગવદીયની પ્રસન્નતાથી પ્રભુ પ્રસન્ન થાય છે. માટે, જેવી રીતે શ્રીઠાકોરજીની અને શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ, તેવી જ રીતે ભાવપૂર્વક વૈષ્ણવોની સેવા કરવી.

(૧૨) **જ્ઞાનનો અભાવ :** જ્ઞાનનો સંબંધ ચિતિ સાથે છે. જ્યાં સુધી ચિત્તમાં જ્ઞાન છે, ત્યાં સુધી પ્રભુ પ્રત્યેનો પ્રેમ જાગતો નથી. સેવામાં પૂર્ણાનંદનો સંબંધ છે, તેથી જ્ઞાની બનીને સેવા ન કરવી, ભક્ત બનીને સેવા કરવી.

(૧૩) **શ્રીમહાપ્રભુજીમાં, શ્રીઠાકોરજીમાં અને ભગવદીયોમાં શુદ્ધ ભાવ રાખવો:** શ્રીમહાપ્રભુજીની કૃપાથી સર્વ કંઇ સિદ્ધ થશે, એવો દૃઢ વિશ્વાસ રાખવો.

શિક્ષાપત્ર બીજું

યશોદોત્સંગલાલિત:, કચગ્રથિતવેણિક: ।
મુક્તાફલલસદ્ભાલશ્ચલત્કુટિલકુંતલ: ॥૧॥

શ્રીયશોદાજીની ગોદમાં શોભિત છે. કેશની વેણી ગૂંથી છે. મોતીની માળાથી લલાટ સુશોભિત છે. વાંકડિયા કેશ ઊડે છે. (૧)

મુક્તાફલાવલિભાલપ્રાંતકર્ણવિભૂષિત: ।
કસ્તૂરિકાતિલકયુગ્ભાલભૂષાતિસુંદર: ॥૨॥

લલાટના મધ્યથી કર્ણપ્રદેશ સુધી મોતીની માળા શોભે છે. કસ્તૂરીના તિલકથી લલાટની શોભા અતિ સુંદર છે. (૨)

કાશ્મીરરાગવિલસત્ કપોલદ્વયચિત્રિત: ।
સ્ફુરચ્છ્રુતિયુગપ્રાપ્તકુંડલદ્યુતિમંડિત: ॥૩॥

કેસર વડે બંને કપોલ પર કમળપત્ર ચિત્રિત થયાં છે. બંને કર્ણનાં કુંડળ હાલે છે. તેનો પ્રકાશ કપોલ પર પડે છે. (૩)

ચિબુકાંતલસદ્વજભૂષ: સાંજનલોચન: ।
નયનપ્રાંતવિલસન્ મષીબિંદુસુશોભન: ॥૪॥

ચિબુક(હડપચી)ની મધ્યમાં હીરાનુ આભૂષણ શોભે છે. નેત્રોમાં અંજન છે. નેત્રોની પાસે મશીબિંદુ શોભે છે. (૪)

લાલામિષાધરરસ - સ્રાવણજ્ઞાનબોધક: ।
બાલ્યભાવાડતિસુલભરસબોધનતત્પર: ॥૫॥

લાળના મિષથી સ્રવતા અધરરસ દ્વારા વ્રજભક્તોને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. બાલભાવથી અતિ સુલભ અધરરસનો બોધ કરાવવામાં તત્પર છે. (૫)

મુખાંબુજનિજાંગુષ્ઠ - પ્રવેશનપરાયણ: ।
ભક્તિપ્રવિષ્ટસ્ય ગતિક્રિયાશક્તિવિબોધક: ॥૬॥

પોતાના મુખારવિંદમાં પોતાનો અંગૂઠો ચૂસે છે. તે દ્વારા ભક્તિમાં પ્રવેશેલા જીવની ગતિ અને ક્રિયાશક્તિ બતાવે છે. (૬)

ગ્રીવાલગ્નલસન્મુક્તાફલમાલવિભૂષણઃ ।
તદુત્તરલસત્સ્વર્ણમણિમાલાતિમોહનઃ ॥૭॥

કંઠમાં મોતીની માળા શોભે છે. તેની સાથે સુવર્ણના મણકાની માળા ઘણી મોહક લાગે છે. (૭)

ઉરઃ સ્થલલસત્સ્વચ્છવક્રવૈયાઘ્રધૂષણઃ ।
મુક્તાફલસ્વર્ણમાલાયુતતુંદિલિતોદરઃ ॥૮॥

હૃદય પર સ્વચ્છ અને વાઘ-નખનું આભૂષણ શોભે છે. મોતી અને સોનાના મણકાની માળા ભરાવદાર ઉદર પર ઝૂલે છે. (૮)

બાહુમધ્યલસદ્રત્નજટિતાંગસુંદરઃ ।
પટગુચ્છલસત્સ્વલ્પકરકંકણભૂષણઃ ॥૯॥

બંને ભુજાની મધ્યમાં રત્નજડિત બાજુબંધનાં રેશમી ફૂમતાં શોભે છે. નાના શ્રીહસ્તમાં કંકણનાં આભૂષણ છે. (૯)

દશાંગુલિલસદ્રત્નજટિતોત્તમમુદ્રિકઃ ।
કિંકિણીપટગુચ્છાતિવિરાજિતકટિસ્થલઃ ॥૧૦॥

દશે આંગળીઓ પર રત્નજડિત ઉત્તમ વીંટીઓ ધારણ કરી છે. રેશમી દોરામાં ગૂંથેલો કંદોરો કટિસ્થલ ઉપર શોભે છે. (૧૦)

સનૂપુરપદન્યાસધ્વનિમોહિતગોપિકઃ ।
દિગંબરો નખવિધુજ્યોત્સ્નાજિતનિશાપતિઃ ॥૧૧॥

નૂપુરયુક્ત ચરણારવિંદથી વ્રજભક્તોને મોહિત કરે છે. દશ નખરૂપી ચંદ્રમાનાં કિરણો ચંદ્રને ઝાંખો પાડે છે. આપ બાલભાવથી વસ્ત્રરહિત (દિગંબર) છે. (૧૧)

સ્વરૂપપ્રતિબિંબૈકદૃષ્ટિહાસ્યમુખાંબુજઃ ।
પંકાંગરાગરુચિરઃ સદામુગ્ધશિરોમણિઃ ॥૧૨॥

આપની દૃષ્ટિ આપના પ્રતિબિંબ પર લાગેલી છે; તેથી મુખારવિંદ હાસ્યયુક્ત છે. આપના શ્રીઅંગ પર પંક (કીચ)નો અંગરાગ શોભે છે. આપ હંમેશાં મુગ્ધ-શિરોમણિ છે. (૧૨)

લીલાન્યજ્ઞાનરહિતઃ સર્વલીલાવિચક્ષણઃ ।
કંદર્પકોટિલાવણ્યો માનિનીમાનદર્પહા ॥૧૩॥

આપનામાં બાલલીલા સિવાય અન્ય જ્ઞાનનાં દર્શન થતાં નથી, છતાં આપ સર્વ લીલાઓમાં વિચક્ષણ છે. કરોડો કામદેવ કરતાં આપનું લાવણ્ય અધિક છે. માનવંતીના ગર્વને હરનારા છે.

સ્વગોપિકાગૂઢચૌરઃ કૃતસંકેતગોપનઃ ।
પરમાનંદસંદોહઃ સદા દુઃખવિવર્જિતઃ ॥૧૪॥

પોતાનાં ગોપીજનોના ભાવને ગૂઢ રાખનારા અને ચોરનારા છે. વ્રજભક્તોના સંકેતને ગુપ્ત રાખે છે. ઉત્તમ એવા આનંદના સમૂહરૂપ છે. સદા દુઃખરહિત છે. (૧૪)

અસમક્ષો દુઃખિતાનાં પ્રપંચસુખિનામપિ ।
દયાનિધિર્મુગ્ધભાવઃ સ્વીયવાક્યૈકકારકઃ ॥૧૫॥

દુઃખયુક્ત અને લૌકિક પ્રપંચથી સુખીની સમક્ષ આપ પધારતા નથી. આપ દયાનિધિ છે. આપ મુગ્ધ ભાવ પ્રકટ કરે છે. આપ પોતાના ભક્તોનાં વચનને સિદ્ધ કરે છે. (૧૫)

પ્રપંચનાશનઃ સ્વીયનિરોધકૃતિતત્પરઃ ।
બાલભાવગ્રહપરઃ ક્ષણક્ષણવિલક્ષણઃ ॥૧૬॥

પોતાના ભક્તોની લૌકિક અહંતા-મમતાનો નાશ કરી તેમનો નિરોધ કરવામાં તત્પર છે. આપે બાલભાવ ગ્રહણ કર્યો છે. આપ પ્રત્યેક ક્ષણે વિલક્ષણ જણાય છે. (૧૬)

ક્ષણંક્રુદ્ધઃ ક્ષણંહૃષ્ટઃ સ્વલ્પવસ્તુષુ તોષિતઃ ।
સ્વકીયહૃદયાભિજ્ઞસ્તદન્યજ્ઞાનવર્જિતઃ ॥૧૭॥

આપ એક ક્ષણે ક્રોધયુક્ત અને બીજી ક્ષણે હર્ષયુક્ત થાય છે. ભક્તે આપેલી થોડીક સામગ્રીથી પણ આપ સંતુષ્ટ બને છે. ભક્તના મનોરથ સિવાય આપ બીજું કશું જાણતા નથી.

ગૂઢલીલાપરો ભક્તગૂઢભાવરસાત્મકઃ ।
સેવનીયઃ સાવધાનૈર્વિપરીતગતિક્રિયઃ ॥૧૮॥

આપ ગૂઢ લીલામાં તત્પર છે. ભક્તના ગૂઢ ભાવાત્મક અને રસાત્મક છે. આવી વિપરીત ગતિ અને ક્રિયાયુક્ત પ્રભુની સેવા સાવધાનીપૂર્વક કરવી.

શ્રીમદાચાર્યકૃપયા તિષ્ઠતિ સ્વગૃહે હરિઃ ।
એવંવિધઃ સદા હસ્તે યોગિનઃ પારદો યથા ॥૧૯॥

શ્રીમહાપ્રભુજીની કૃપાથી આવા શ્રીહરિ આપણા ઘરમાં બિરાજે છે. જેમ યોગીપુરુષોના હાથમાં પારો સાવધાનીપૂર્વક રહે તો કલ્પવૃક્ષ સમાન ફળ આપે છે. પરંતુ સાવધાની ન હોય તો હાથમાંથી સરી જાય છે. પરિણામે ફળ મળતું નથી. એવી રીતે આપણા હાથમાં હંમેશાં શ્રીકૃષ્ણ બિરાજમાન છે. તેમની સેવા સાવધાનીપૂર્વક કરવી.

ચિંતનીયોઽનવસરે સેવાયાઃ સર્વથા ધિયા ।
યતો નિરોધસંસિદ્ધિઃ સેવયા હાર્દયાભવેત્ ॥૨૦॥

સેવાના અનવસરના સમયમાં બુદ્ધિપૂર્વક આ સ્વરૂપનું હંમેશાં ચિંતન કરવું, તેથી નિરોધ સિદ્ધિરૂપી માનસી સેવા સિદ્ધ થાય છે.

શિક્ષાપત્ર બીજું

શ્રીહરિરાયચરણ દ્વિતીય શિક્ષાપત્રનો પ્રારંભ કરે છે. પ્રથમ શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગીય જીવોનું નિરૂપણ કર્યું, અને આજ્ઞા કરી કે પુષ્ટિમાર્ગીય જીવનું મુખ્ય કર્તવ્ય ભગવત્સ્મરણ અને સેવા છે. આ સ્મરણ અને સેવા કોનાં કરવાં? જો કેવળ ક્રિયા ન કરવાની હોય તો તો આ પ્રશ્ન કરવાનો રહે જ નહીં. રસોઇ કરવાની એટલે કરી નાંખીએ, પણ વાત એ છે કે અમારે આ રસોઇ પ્રેમપૂર્વક જમાડવાની છે, માટે આપણે પ્રશ્ન કરીએ છીએ કે રસોઇ કોના માટે કરવાની છે? નાના ચાર વર્ષના દીકરા માટે કરવાની છે? માતા વિચાર કરશે કે એ તીખું ખાઇ શકતો નથી, માટે એને પ્રેમથી પેટ ભરીને ખવડાવવું છે. તેથી એ દીકરાના સુખ માટે તત્પર બને છે. ગૃહિણી વિચાર કરે છે કે પતિ માટે રસોઇ કરવાની છે. તો પતિને જે પ્રકારનું ભોજન અનુકૂળ આવે છે એવી રસોઈ બનાવું અને એમને પ્રેમપૂર્વક માતા સ્વરૂપે ભોજન કરાવું. ગૃહિણી વિચાર કરશે કે વૃદ્ધ સાસુ-સસરા માટે રસોઇ કરવાની છે? જેમની બત્રીસી પડી ગઇ છે એમના માટે જો રસોઇ બનાવવાની હોય તો એમને પ્રસન્નતા થાય, ચાવવું ન પડે એવું પ્રવાહી ભોજન એમના માટે તૈયાર કરવું જોઇએ. આમ કરવાની એક રસોઇ, ક્રિયા રસોઇની છે, પણ કોના માટે કરવાની છે? તેનો વિચાર કરે છે ત્યારે એ વ્યક્તિ પ્રત્યેના એના પ્રેમને અનુરૂપ રસોઇની સર્વ પ્રકારની વ્યવસ્થા ગોઠવે છે.

અહીં પણ આપણા માટે અલૌકિકમાં આ જ પ્રશ્ન છે. સેવા કરવી છે, સ્મરણ કરવું છે, પણ કોનું કરવાનું છે, એ તો અમને બતાવો ! શ્રીહરિરાયચરણ કૃપા કરીને બીજા શિક્ષાપત્રમાં જેમની સેવા અને જેમનું સ્મરણ આપણે કરવાનાં છે એમનું સ્વરૂપ, એમના શૃંગાર, આભૂષણ, એમની લીલાઓ, એમનો સ્વભાવ એ બધાંનો આપણને પરિચય કરાવે છે. અમેરિકાની ભાષામાં વાત કરું તો જીવરૂપી દાસીનું શ્રીઠાકોરજીરૂપી સ્વામી સાથેનું આ પહેલું ડેટિંગ (Dating) છે. પ્રભુ સાથે પ્રેમ કરવો છે. જેને પ્રેમ કરવો છે, એને જાણવો જરૂરી છે અને પછી એને માણવો જરૂરી છે. માણવાનો એક વાર પ્રારંભ થયો, પછી એને જાણવાની જરૂર રહેતી નથી. માણવાની પ્રક્રિયા શરૂ થઇ, એટલે જ્ઞાન ભુલાઇ જાય છે અને પ્રેમ રહે છે. શ્રીહરિરાયચરણ દ્વિતીય શિક્ષાપત્રમાં શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપનું વર્ણન કરે છે, લીલાનું વર્ણન કરે છે, સ્વભાવનું વર્ણન

કરે છે. આ શિક્ષાપત્રમાં કુલ વીસ શ્લોક છે. પહેલા બાર શ્લોકમાં શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપનું, શૃંગાર સહિત વર્ણન કર્યું છે. બાર શ્લોક દ્વારા શ્રીહરિરાયજી નવમા શિક્ષાપત્રમાં પણ શ્રીનંદનંદનના કિશોર સ્વરૂપનું વર્ણન કરવાના છે.

શા માટે ભગવત્-સ્વરૂપના વર્ણન માટે બાર શ્લોક? શ્રીમદ્ભાગવતના બાર સ્કંધ દ્વારા અલૌકિક દ્વાદશ અંગધારી શ્રીગોવર્ધનધરની લીલાઓનું ગાન છે. એમ પ્રભુના એ દ્વાદશ અંગનું નિરૂપણ શ્રીહરિરાયચરણ અહીં બાર શ્લોક દ્વારા કરે છે.

તેરમા શ્લોકથી પ્રારંભ કરીને અઢારમા શ્લોક સુધી પ્રભુના અલૌકિક ગુણ અને અલૌકિક લીલાઓનું વર્ણન કરે છે. છ શ્લોકમાં એ વર્ણન છે. એના દ્વારા પ્રભુના અલૌકિક છ ધર્મો - ઐશ્વર્ય, વીર્ય, યશ શ્રી, જ્ઞાન અને વૈરાગ્યનું શ્રીહરિરાયચરણ નિરૂપણ કરી રહ્યા છે. માટે છ શ્લોકમાં ગુણ લીલાનું વર્ણન છે. અને છેલ્લા બે શ્લોક-ઓગણીસમા શ્લોકમાં સ્મરણ અને વીસમા શ્લોકમાં સેવા એ બંને, સાધન અને ફળ ઉભય-સ્વરૂપે અહીં નિરૂપિત થયાં છે, જેના ફળ સ્વરૂપે નિરોધપ્રાપ્તિ થવાની છે. એટલા માટે અહીં વીસ શ્લોકમાં આ દ્વિતીય શિક્ષાપત્રનું શ્રીહરિરાયચરણે નિરૂપણ કર્યું છે. શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે તે પ્રમાણે દ્વિતીય શિક્ષાપત્રનો હેતુ નિરોધની સિદ્ધિ અને પ્રાપ્તિનો છે. શ્રીમહાપ્રભુજીએ નિરોધનું સ્વરૂપ સમજાવતાં ષોડશગ્રંથમાં 'નિરોધ લક્ષણ' ગ્રંથ રચ્યો. એમાં વીસ શ્લોકમાં નિરોધના સ્વરૂપનું વર્ણન કર્યું છે. માટે અહીં એ જ નિરોધ જેના દ્વારા પ્રાપ્ત થવાનો છે, એનું નિરૂપણ કરવા શ્રીહરિરાયચરણે પણ વીસ શ્લોકો આપણને આપ્યા છે.

અઢાર શ્લોકમાં પ્રભુનું જે વર્ણન છે, એનું પણ થોડું પૃથક્કરણ કરી લઈએ, તો પ્રભુએ ધારણ કરેલા શૃંગારોનું વર્ણન કરતી અઢાર પદાવલીઓ છે. અઢાર શૃંગારોનું શ્રીહરિરાયચરણ નિરૂપણ કરે છે. તમને પ્રશ્ન થશે કે આજ સુધી ષોડશ શૃંગારનું નિરૂપણ સાંભળતા આવ્યા છીએ. જ્યારે અહીં અષ્ટાદશ શૃંગારનું નિરૂપણ કેમ? શૃંગાર વર્ણન ભગવત્કૃપાથી આગળ આપણે જોઈશું ત્યારે વિચારીશું કે પ્રભુએ હૃદય-પ્રવેશ ઉપર ધરેલી માળાઓનું જે વર્ણન છે, એમાં ત્રણ પ્રકારની ત્રણ માળાઓનું વર્ણન કર્યું છે. એને જો એક જ શૃંગાર ગણી લઈએ તો ષોડશ શૃંગાર થઈ રહે છે. તેર પદાવલીઓ દ્વારા પ્રભુના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે, અને વીસ પદાવલીઓ દ્વારા પ્રભુના સ્વભાવ અને એમની લીલાઓના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. આમ અઢાર શ્લોકમાં એકાવન પદાવલીઓ દ્વારા શ્રીયશોદોત્સંગલાલિત શ્રીબાલકૃષ્ણલાલજીના અલૌકિક સ્વરૂપનું શ્રીહરિરાયચરણ વર્ણન કરે છે.

શ્રીહરિરાયચરણે આ શિક્ષાપત્રમાં ક્યાંય પ્રભુનો નામનિર્દેશ પ્રત્યક્ષ રીતે કર્યો નથી. શ્રીયશોદાજીની ગોદમાં ખેલનારા, શ્રીયશોદાજીએ એમનું લાલન-પાલન કર્યું છે, એવા એ યશોદાજી મૈયાના દુલારાનું આપણે સેવાસ્મરણ કરવાનું છે. અહીં પ્રશ્ન થશે કે સેવા શ્રીયશોદાજીના લાલની કેમ કરવાની? ગોવર્ધન ધારણ કર્યો એ પણ યશોદાજીના લાલ, રાસલીલા કરી એ પણ એ જ યશોદાજીના લાલ. આપણે કયા લીલા-સ્વરૂપની સેવા કરવાની? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીયશોદાજીની ગોદમાં ખેલનારા પ્રભુની આપણે સેવા કરવાની છે. એ પ્રભુનું વય કેટલા દિવસનું છે? છઠ્ઠીના દિવસે છ દિવસનું વય ધારણ કરીને પૂતનાનું પયપાન કર્યું એ શ્રીબાલકૃષ્ણલાલનું આપણે સેવા-સ્મરણ કરવાનું છે.

શ્રીગુસાંઇજીએ પણ એ જ આજ્ઞા કરી છે કે શ્રીયશોદાજીની ગોદમાં ખેલતા પ્રભુને આપણું પરમ તત્ત્વ જાણવું. એમનાથી વિશેષ આપણા માટે કોઇ નથી. તેઓ છ દિવસના લાલ છે. ઘનશ્યામ સ્વરૂપ છે, મંદ-મંદ સ્મિત કરી રહ્યા છે, અલૌકિક પ્રકાશિત સ્વરૂપ છે. એ સ્વરૂપ યશોદામા ગોદમાં પધરાવીને શૃંગાર કરી રહ્યા છે. ''આઓ ગોપાલ શૃંગાર બનાઉં.'' યશોદામા લાલને વીનવી રહ્યાં છે, આપ પધારો, હું આપના શૃંગાર કરું.

સહસ્રીભાવનામાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુ વ્રજમાં અનેક રીતે શૃંગાર ધરે છે. એક તો નંદાલયમાં શ્રીયશોદામાની ગોદમાં બિરાજીને માતા એમને શૃંગાર કરાવી રહ્યાં છે. ગોપીજનો નંદાલયમાં આવ્યા છે. શ્રીસ્વામિનીજી સહિત, યશોદા માને વીનવીને તેઓ પ્રભુને ખેલવા માટે પધરાવી ગયાં છે અને ત્યાં શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીના શૃંગાર કરે છે. કયારેક શૃંગાર માટે પધારેલાં શ્રીવૃષભાનદુલારી માટે હઠ કરીને પ્રભુ આજ્ઞા કરે છે કે મૈયા, પહેલાં તમે વૃષભાનદુલારીના શૃંગાર કરો, પછી મારા શૃંગાર કરો. આમ, વિવિધ રીતે શૃંગારની લીલા વ્રજમાં થઇ રહી છે. શ્રીયશોદામૈયા પોતાના છ દિવસના લાલને પોતાની ગોદમાં પધરાવીને શૃંગાર કરવાનો પ્રારંભ કરે છે.

શ્રીહરિરાયચરણ સેવાના પ્રકારમાં આજ્ઞા કરે છે કે શૃંગાર કરવાની બે પદ્ધતિ છે : એક રીતિના શૃંગાર અને બીજા વિપરીતિના શૃંગાર. ચરણારવિંદથી માંડીને શૃંગાર થતાં-થતાં મસ્તક સુધીના શૃંગાર થાય એ રીતિના શૃંગાર છે, જ્યારે શ્રીમસ્તકથી પ્રારંભ કરીને ચરણારવિંદ સુધી શૃંગાર થાય એ વિપરીતિના શૃંગાર છે. માટે આપણે શૃંગાર કરીએ ત્યારે ચરણારવિંદનો શૃંગાર પ્રથમ થાય છે. પરંતુ અહીં શૃંગાર યશોદામાએ કર્યા છે. યશોદામાના શ્રીહસ્તથી શૃંગારિત થઇને પ્રભુ

નંદાલયના આંગણામાં ખેલી રહ્યા છે, ત્યારે આપણે એમનાં દર્શન કરીએ છીએ. જ્યારે દર્શન કરીએ છીએ ત્યારે નજર શ્રીમસ્તકનાં દર્શનથી, દર્શન કરવાનો પ્રારંભ કરે છે. માટે અહીં શ્રીહરિરાયચરણ પ્રભુના શ્રીમસ્તકના શૃંગારથી વર્ણનનો પ્રારંભ કરે છે.

છ દિવસના એ અલૌકિક શ્યામસુંદરની છોટી છોટી વેણી છે, વાળ છે. મૈયાનો લાંબો પહોળો ચોટલો જોઇને શ્યામસુંદર રોજ હઠ કરીને પૂછે છે, ''મૈયા કબહું બઢેગી બેની.'' આ વેણી, આ વાળ કયારે વધશે? મા રોજ એમને પ્યારથી સમજાવીને આજ્ઞા કરે છે, લાલા, આ ધોળી ગાયનું દૂધ જો સાત ઘૂંટ ભરીને તું પી લે તો ઝટ તારી વેણી વધવા માંડે અને લાલો માના શ્રીહસ્તથી સુંદર નાની કટોરીમાં ભરેલું સુંદર પય સાત ઘૂંટ ભરીને પીએ છે અને પાછો પ્રશ્ન કરે છે કે ''અજહુ ન બઢી ચોટી'' - મૈયા, આટલું બધું દૂધ પી ગયો, પઠૈયો થઇ ગયો, તોય મારી ચોટી તો વધી નહીં. એવા છોટા-છોટા શ્યામ વાંકડિયા વાળ, માતાએ સુંદર રીતે ગૂંથ્યા છે. એની વેણી ગૂંથીને વાળ સજાવ્યા છે. માએ વેણી તો ગૂંથી દીધી. પણ વાંકડિયા વાળ, ગુચ્છાદાર વાળ અને નાના-નાના બધા વાળ વેણીમાં ગૂંથાય કેમ કરીને? બંને બાજુએ, ગુચ્છાદાર વાળના ગુચ્છા લલાટે રહી ગયા છે. વાંકડિયા ગુચ્છેદાર વાળના ગુચ્છા, સુંદર લલાટની બે બાજુએ ભ્રમરોનાં ઝૂંડ હોય એમ શોભી રહ્યા છે અને એમાં માતાએ મોતી પરોવ્યાં છે. માતાએ પ્રભુના વાળની આ લટોમાં મોતીની અલકાવલીનો શૃંગાર ધર્યો છે. મસ્તકની બે બાજુએ મોતીની અલકાવલી શ્રીપ્રભુના લલાટમાં બિરાજે છે. શ્યામ વેણીમાં, શ્યામ કેશમાં, મોતીની અલકાવલી છે, તે જાણે શ્યામઘનની અંદર શ્વેત વીજળી ન ચમકતી હોય, એવી પ્રભુના મેઘશ્યામ લલાટ ઉપર શોભી રહી છે. એ મુક્તાવલી કેશના મધ્યના ભાગમાંથી પ્રારંભ થઇને પ્રભુના કર્ણપ્રાંત સુધી ઝૂલી રહી છે. શ્રીહરિરાયચરણ મુક્તાવલીને સુંદર રીતે નિરૂપે છે, ત્યારે એનું સ્મરણ કરતાં શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે જાણે નીલ ગગનમાં બગલાની આખી હારમાળા ન ઊડતી હોય, એવું સુંદર દર્શન થઇ રહ્યું છે.

આવી અલકાવલીથી શોભતા, વાંકડિયા કેશ જેના ઉપર ઢળેલા છે, એવા વિશાળ લલાટ ઉપર શ્રીહરિરાયજીનાં નેત્રો સ્થિર થયાં છે. આપણને ત્યાં પ્રભુના એ વિશાળ લલાટમાં કસ્તૂરીનાં દર્શન થાય છે. સુંદર લલાટમાં પ્રભુ અનેક પ્રકારનાં વિવિધરંગી તિલક ધારણ કરે છે. ગૌચારણ કરવા પધાર્યા ત્યારે ગોરોચન તિલક કર્યું હતું, પરંતુ જ્યારે પોતાના નિજધામ ગોલોકમાંથી ભૂતળ ઉપર પધાર્યા, ત્યારે કસ્તુરીનું તિલક કરીને પધાર્યા. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે

શ્યામસુંદરલાલ શ્રીબાલકૃષ્ણલાલ શૃંગાર રસનું સ્વરૂપ છે. તેથી આપનાં સ્વામિની-સ્વરૂપ શ્રીચંદ્રાવલીજી પોતાના હૃદયનો અલૌકિક રસ પ્રગટ કરવા માટે પ્રભુના લલાટમાં કસ્તૂરીનું તિલક કરે છે અને પ્રભુને ભૂતળ ઉપર પધરાવવા માટે વિજય-તિલક કરે છે. કસ્તૂરીનો સ્વભાવ છે કે એની સુગંધથી એની પાછળ હરણીઓ દોડે. હરણ એ શુદ્ધ પ્રેમનું રૂપક છે. હરણ જેવો જેનો હૃદયનો શુદ્ધ પ્રેમ છે, એવાં એ વ્રજભક્તોનાં હૃદયના અલૌકિક પ્રેમનું સ્વરૂપ એ કસ્તૂરીનું તિલક છે. માટે પ્રભુને શ્રીસ્વામિનીજી-સ્વરૂપ શ્રીચંદ્રાવલીજીએ કસ્તૂરીનું તિલક કર્યું છે, એનાથી આપનું લલાટ શોભી રહ્યું છે.

કસ્તૂરી શ્યામવર્ણની હોય, મેઘશ્યામ લલાટ ઉપર શ્યામ રંગનું તિલક છે. એની શોભા તો 'દેખત હી બનિ આવે, કહત નહીં બનિ આવે.'

શ્રીહરિરાયચરણ લલાટ-પ્રદેશ ઉપર બિરાજતા એ કસ્તૂરી તિલકનાં દર્શન કરીને હવે પ્રભુના કપોલ-પ્રદેશનાં દર્શન કરે છે. પ્રભુનાં બંને કપોલ ખંજનયુક્ત છે. એના ઉપર કમળપત્ર ચીતરવામાં આવેલાં છે. જન્માષ્ટમી આદિ પ્રસંગોએ પ્રભુના કપોલ ઉપર કમળપત્રનું ચિત્રણ કેમ થાય છે? 'કાશ્મીર રાગ' એટલે કેસર. કેસરના ઘોળેલા જળથી, કેસરથી, શ્રીસ્વામિનીજી પ્રભુના કપોલ ઉપર કમળપત્રનું ચિત્રણ કેમ કરે છે? હઠ કરીને પ્રભુ બાળસ્વરૂપે શ્રીસ્વામિનીજીની પાસે કમળપત્ર ચિતરાવે છે. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે લગ્નપ્રસંગે કમળપત્ર ચીતરવામાં આવે છે. લગ્નનું એ પ્રતીક છે. એ કમળપત્રના ચિત્રાંકનથી ''દિન દુલ્હે મેરો કુંવર કનૈયા'' એવા શ્યામસુંદરલાલ શ્રીસ્વામિનીજીની સાથેના પોતાના નિત્ય લગ્નની લીલાનું સ્મરણ કરાવે છે. માટે શ્રીસ્વામિનીજીની પાસે હઠ કરીને પ્રભુએ કમળપત્રો ચિતરાવ્યાં છે. સુંદર રીતે કમળપત્રોથી આપના કપોલ શોભી રહ્યા છે. મેઘશ્યામ કપોલ ઉપર કેસરી કમળપત્ર અને એના ઉપર અલૌકિક પ્રકાશનાં કિરણો પડે છે.

શ્રીહરિરાયચરણનું ધ્યાન એ અલૌકિક પ્રકાશનાં કિરણો જ્યાંથી આવી રહ્યાં છે, એ પ્રભુના કર્ણપ્રદેશ તરફ જાય છે. પ્રભુએ પોતાના કર્ણમાં કુંડળ ધારણ કર્યાં છે. હીરાનાં સુંદર કુંડળોમાંથી પ્રકાશિત કિરણોનું પરાવર્તન પ્રભુના કપોલ-પ્રદેશ ઉપર થાય છે. આપશ્રીના એ કર્ણપ્રદેશમાં સુંદર હીરાજડિત કુંડળ શોભી રહ્યાં છે. એનું અદ્‌ભુત દર્શન થઇ રહ્યું છે. કુંડળ સાંખ્ય અને યોગનું સ્વરૂપ છે.

શ્રીહરિરાયચરણનું ચિત્ત અને આપનાં નેત્રો હવે પ્રભુની હડપચી ઉપર સ્થિર થાય છે. ''હડપચીએ હીરલો ઝગમગે, તેના તેજ તણો નહીં પાર,'' હડપચી ઉપર સુવર્ણજડિત હીરો ઝગમગી રહ્યો છે. શ્રીહરિરાયજી ભાવભાવનામાં આજ્ઞા કરે છે

કે ચિબુકનો હીરો એ શ્રીહરિરાયજીનું સ્વરૂપ છે. પ્રભુના રસાધરામૃતનો સ્વાદ જ્યારે શ્રીસ્વામિનીજી કરે છે ત્યારે અધર પરથી થોડુંક અધરામૃત હડપચી તરફ વહી રહ્યું છે. એનું પાન ચિબુક સ્વરૂપે શ્રીચંદ્રાવલીજી કરે છે.

પ્રભુનાં શ્યામ અણિયાળાં નેત્રોમાં માતાએ અંજન આંજ્યું છે. એનાથી એ નેત્રોની દ્યુતિ, એ નેત્રોની સુંદરતા, એ નેત્રોની ચંચળતા અનેક ગણી વધારે સુંદર લાગી રહી છે. આવી રીતે પ્રભુનાં 'સાંજન લોચન'નું વર્ણન કરીને એ નેત્રોનાં દર્શન કરતાં-કરતાં નેત્રોના ઉપરના પ્રદેશમાં લલાટના ખૂણાનું શ્રીહરિરાયજી દર્શન કરે છે.

માતાએ શ્યામસુંદરના લલાટના એ ખૂણા ઉપર મશીબિંદુ કર્યું છે. મારા લાલને કોઇની નજર ન લાગી જાય, માટે મશીબિંદુ ત્યાં શોભી રહ્યું છે. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે પ્રભુ પોતાના ચંચળ નેત્રોથી પોતાની દશે દિશામાં રહેલાં પક્ષીને એકી સમયે, એકી સાથે રસપાન કરાવી રહ્યા છે. એવા 'સાંજન લોચન' અને 'મશીબિંદુશોભનઃ' શ્રીબાલકૃષ્ણલાલજીના મુખારવિંદને નીરખતાં-નીરખતાં શ્રીહરિરાયચરણ એ સ્વરૂપમાં આસક્ત, તન્મય બનીને સ્વરૂપનું આગળ વર્ણન કરે છે.

મુખારવિંદનું વર્ણન કર્યા પછી હવે હૃદયપ્રદેશ ઉપર બિરાજતા શૃંગારનું વર્ણન કરે છે. પ્રભુએ પોતાના શ્રીકંઠમાં કંઠેશ્રી ધારણ કરી છે. મંગળાનાં દર્શનમાં પ્રભુના શ્રીકંઠમાં ઝીણાં મોતીની માળા હોય છે, એ કંઠેશ્રી કહેવાય. પ્રભુ સદાય પોતાના કંઠમાં તે ધારણ કરે છે. એ કંઠેશ્રી પછી યશોદામાએ પ્રભુને એક બીજી બે સેરની દુગદુગી ધરાવી છે. આ દુગદુગીમાં સુવર્ણના મણકા પણ છે અને મણિ, માણેક વગેરે રત્નો પણ છે. સુવર્ણની રત્નજડિત આ દુગદુગી પ્રભુના મેઘશ્યામ હૃદય ઉપર શોભી રહી છે. શ્રીહરિરાયચરણ ભાવભાવનામાં આજ્ઞા કરે છે કે સુવર્ણ શ્રીસ્વામિનીજીના ભાવનું સ્વરૂપ છે. મોતી એ શ્રીચંદ્રાવલીજીના ભાવનું સ્વરૂપ છે. યશોદાજીમાએ પોતાના છ દિવસના આ લાલને કોઇની નજર ન લાગી જાય, રખે ને પેલી પૂતના જેવી બીજી કોઇ રાક્ષસી માયાઓ લાલને પરેશાન ન કરી દે, એટલા માટે શ્રીકંઠમાં વાઘનખ ધારણ કર્યો છે, જે પ્રભુને માટે મહાદેવજી આપી ગયા હતા. ત્યાર પછી એક મોટી મણિમાળા યશોદામાએ લાલનના કંઠમાં ધરાવી છે. મોતી અને સોનાના મણકાની બનેલી આ માળા છે, તે એટલી લાંબી છે કે પ્રભુના ઉરપ્રદેશ સુધી એ માળા ઝૂલી રહી છે. આમ, શ્રીકંઠમાં ત્રણ માળાઓ ધારણ કરી છે. કંઠેશ્રી છે, દુગદુગી છે અને ઉરપ્રદેશ સુધી ઝૂલતી મોતી અને સુવર્ણ મણકાની માળા છે. ચોથો વાઘનખ ધારણ કર્યો છે.

હવે માતા પ્રભુના શ્રીહસ્તમાં શૃંગાર ધરાવે છે. પ્રભુએ પોતાના શ્રીહસ્ત પર

કડાં ધારણ કર્યાં છે. શ્રીહસ્તમાં બાજુબંધ અને કડાં બિરાજે છે. દશ આંગળીઓમાં ઉત્તમ રત્નજડિત વીંટીઓ ધરી છે.

શ્રીહસ્તના શૃંગારનું વર્ણન કર્યા પછી શ્રીહરિરાયચરણ કટિપ્રદેશના શૃંગારનું વર્ણન કરે છે. કટિસ્થળ ઉપર ક્ષુદ્રઘંટિકા-કંદોરો બિરાજે છે. પ્રભુ જ્યારે ભાખોડિયાં ભરે છે ત્યારે એની નાની નાની કિંકિણીઓ મંજુલ રવ કરી રહી છે.

કટિપ્રદેશનું વર્ણન કરીને ચરણારવિન્દની અનેરી શોભાનું વર્ણન શ્રીહરિરાય-ચરણ કરે છે. પ્રભુએ ચરણારવિંદમાં નૂપુર ધર્યા છે. રૂમઝૂમ ચંદ્રની શોભાનું વર્ણન કરે છે. પ્રભુએ નખચંદ્ર એવા સુંદર ધર્યા છે કે એની પાસે નિશાપતિ ચંદ્રની જ્યોત્સ્ના પણ ફીકી પડી જાય છે.

આમ, પ્રભુના સર્વ શૃંગારનું શ્રીહરિરાયચરણ નિરૂપણ કરે છે, ત્યારે આપણને પૂછવાનું મન થાય છે કે ''કૃપાનાથ, શ્રીપ્રભુએ વસ્ત્ર કયાં ધારણ કર્યાં છે?'' શૃંગારનું વર્ણન કર્યું, પણ વસ્ત્રનું શું? આપે એક પદાવલીમાં એનું પણ નિરૂપણ કરી દીધુંઃ 'દિગમ્બર' - શ્રીપ્રભુએ દિશાઓરૂપી વસ્ત્ર ધારણ કર્યાં છે. આપ નિવારણ છે. કોઇ વસ્ત્ર ધારણ કર્યું નથી. આપ સર્વાંગનાં દર્શન કરાવી રહ્યા છે.

ભૂતળ ઉપર ચોર્યાસી-બસો બાવન ભગવદીયો પૈકી બે વૈષ્ણવોને એમના મનોરથની પૂર્તિરૂપે પ્રભુએ પોતાનાં નિરાવરણ દ્વાદશ અંગનાં દર્શન કરાવ્યાં છે. એક તો ગોકુળમાં શ્રીસૂરદાસજીને શ્રીનવનીતલાલજીએ. ત્યારે સૂરદાસજીએ ગાયું, ''દેખો રી હરિ નંગમનંગા.'' બીજું દર્શન કરાવ્યુ કિશોર-સ્વરૂપે શ્રીકુંભનદાસજીને. જ્યારે પોતે માખણ-ચોરી કરવા પધાર્યા છે, ત્યારે કટિ ઉપર ધારણ કરેલું રેશમી પીતામ્બર સરકાવી દઇને એક ક્ષણે ચતુર્ભુજ સ્વરૂપે નિરાવરણ શ્રીઅંગનાં દર્શન કુંભનદાસજીને કરાવી એમનો મનોરથ પૂર્ણ કર્યો છે. શ્રીહરિરાયચરણ એ જ સ્વરૂપનું દર્શન કરીને આપણને સંભળાવી રહ્યા છે, ''દિગમ્બરઃ'' છ દિવસના પ્રભુ બાલભાવથી આવો શૃંગાર ધારણ કરીને બિરાજ્યા છે.

હવે અહીં પ્રશ્નોની હારમાળા ઊભી થાય છે. પ્રભુ કયાં બિરાજ્યા છે? શ્રીહરિરાયચરણ એનો સ્પષ્ટ નિર્દેશ કરતા નથી, એ ગૂઢ રાખે છે. એનો અર્થ એટલો જ કે પ્રભુ સર્વત્ર બિરાજે છે, યશોદામાની ગોદમાંયે બિરાજે છે અને પલનામાંયે બિરાજે છે. શ્રીસ્વામિનીજી આદિ વ્રજભક્તોની ગોદમાં પણ બિરાજે છે અને સર્વ ભગવદીયોના હૃદયમાં ધર્મી સ્વરૂપે પણ બિરાજે છે. જ્યાં જેને જે પ્રકારની પ્રભુની કૃપા થાય છે, ત્યાં એ દેશમાં, એ કાળમાં એને આ અલૌકિક સ્વરૂપની ઝાંખી થાય છે. અહીં પણ થાય, આજેય થાય અને આ સમયે પણ થાય. માટે શ્રીહરિરાયચરણ

સ્થળનો નિર્દેશ કરતા નથી.

બીજો પ્રશ્ન એ થાય કે આ શૃંગાર વર્ષોત્સવના કયા દિવસનો છે? સેવા-પ્રણાલિકા મુજબ જન્માષ્ટમી પછીના બાલલીલાના શૃંગારમાં પ્રભુને વાઘનખ ધરાવવામાં આવે છે. એટલે જન્માષ્ટમી પછીના છ દિવસનું આ સ્વરૂપ-વર્ણન છે. શ્રીપ્રભુએ શ્રીમસ્તક પર કયો શૃંગાર ધારણ કર્યો છે? શ્રીહરિરાયચરણ એનો પ્રકાશ આપતા નથી. એનો અર્થ આપણે વિચારી શકીએ કે વિવિધ વ્રજભક્તોના ભાવથી જેનો જે ભાવ છે, એ પ્રકારનો શૃંગાર પ્રભુએ મસ્તક પર ધરી એ પ્રકારનાં દર્શન કરાવ્યાં છે. પરંતુ અહીં એક ગૂઢ સૂચન મળી આવે છે કે કર્ણ પ્રદેશમાં કુંડળ ધર્યાં છે. એટલે એ ભારે શૃંગાર હોવો જોઈએ. માટે શ્રીમસ્તક ઉપર કુલેહ ધરી હોય. શ્રીબાલકૃષ્ણલાલજીએ કુલેહ ધરીને ભક્તોને દર્શન આપ્યાં છે. આવા સ્વરૂપનું શ્રીહરિરાયચરણ આપણને દર્શન કરાવે છે.

આમ શૃંગારનું વર્ણન કર્યા પછી શ્રીહરિરાયચરણ હવે સ્વરૂપનું વર્ણન કરે છે. સ્વરૂપ કેવું છે? 'દિગમ્બર'-નિરાવરણ દ્વારા અંગથી પ્રભુ અલૌકિક રસનું દાન કરી રહ્યા છે, ત્યારે આપ નંદાલયના આંગણામાં ખેલે છે. વ્રજરજ શ્રીઅંગે લાગી છે. મેઘશ્યામ શ્રીઅંગ ઉપરધોળી વ્રજરજ શોભી રહી છે. એમના છોટા મુખારવિંદમાંથી લાળ ઝરી રહી છે. વ્રજભક્તોને લાળના મિષે અધરામૃતનું દાન કરવા તત્પર બન્યા છે. પોતાના મુખારવિંદમાં પ્રભુ પોતાનો અંગૂઠો મૂકી ચૂસી રહ્યા છે. કયારેક શ્રીહસ્તનો અંગૂઠો ચૂસે છે, તો કયારેક ચરણારવિંદનો અંગૂઠો ચૂસે છે. પ્રભુ અંગૂઠો કેમ ચૂસે છે? શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે એક કારણ તો એ છે કે પ્રભુ વિચાર કરે છે કે મારા ચરણમાં રહેનારા, આ બધા વ્રજભક્તોને મારા ચરણમાં આટલો પ્રેમ અને આસક્તિ થઇ ગયાં એનું કારણ શું? આ ચરણમાં એવી તો કઇ વિશિષ્ટતા છે કે એનાથી આ બધા આસક્ત થઇને રહ્યા છે? એ ચરણની વિશિષ્ટતા શોધવા અને માનવા પ્રભુ પોતાના ચરણારવિંદનો અંગૂઠો પોતાના મુખમાં મૂકે છે. શ્રીહસ્તનો અંગૂઠો મુખમાં ધરે છે ત્યારે અંતર્ગૃહ જતાં ગોપીજનોને પોતાના અલૌકિક રસનું સુખદાન કરાવવા હૃદયમાંથી બહાર પધરાવ્યાં છે. એમને ફરી પાછાં હૃદયમાં પધરાવવાં છે. તેથી નિજહસ્તનો અંગૂઠો પોતાના મુખારવિંદમાં ધરી રહ્યા છે.

આવા લાલન ખેલતા-ખેલતા નંદાલયની રત્નજડિત ભીંતો ઉપર અને અરીસાઓમાં પોતાના મુખારવિંદનું દર્શન કરે છે, ત્યારે પોતાના જ જેવા સ્વરૂપનાંદર્શન કરીને તે ખડખડાટ હસે છે; કારણ કે તે સદા મુગ્ધ-શિરોમણિ છે.

તેઓ કરોડો કામદેવ કરતાં પણ વધારે સુંદર, સાક્ષાત્ મન્મથ છે. એમનું શ્રીઅંગ આપણા જેવું મજ્જા, રુધિર, ચર્મનું બનેલું નથી. એતો સાક્ષાત્ પરમાનંદ ઘનીભૂત રસસ્વરૂપ છે. આવા પ્રભુ વ્રજભક્તોને રસબોધન કરવામાં તત્પર છે જ. બાલભાવનું ભાવન કરીને બિરાજેલા છે અને "ક્ષણે ક્ષણે વિલક્ષણઃ" પ્રત્યેક ક્ષણે એમના અદ્ભુત સ્વરૂપનાં દર્શન આપે છે. એનું વર્ણન ચતુર્ભુજદાસજીએ "આજ ઔર કાલ્હ ઔર દિન પ્રતિ ઓર દેખિયે રસિક શ્રીગિરિરાજધરન" એવા શબ્દોમાં કર્યું છે. પ્રભુનું સ્વરૂપ "ક્ષણે ક્ષણે વિલક્ષણઃ" છે. ક્ષણે ક્ષણે એમાંથી નવી આભા પ્રગટે છે, આપણું મન સદાયે ત્યાં જકડાઇ રહે છે.

ક્ષણે ક્ષણે વિલક્ષણનો બીજો અર્થ લઇએ તો ધર્મી વિપ્રયોગ સ્વરૂપ હૃદયમાં બિરાજી પ્રતિક્ષણે દર્શન કરાવે છે. એવું એ સ્વરૂપ શ્રીહરિરાયચરણ આપણને બતાવે છે.

હવે આપ પ્રભુના અદ્ભુત, અલૌકિક સ્વભાવ અને લીલઓનું નિરૂપણ કરે છે. પ્રભુ ભક્તોને પોતાના તરફ ખેંચે છે, ભક્તોનો નિરોધ પોતાનામાં કરી રહ્યા છે. બાલભાવથી બિરાજીને, જાણે પોતે લીલાના જ્ઞાનથી રહિત હોય એવો મુગ્ધભાવ બતાવી રહ્યા છે અને સાથે-સાથે લીલા કરવામાં વિચક્ષણ છે. એક બાજુ પલને ઝૂલી રહ્યા છે, બીજી બાજું માનિનીઓના માનનો દર્પ પ્રભુ ઉતારી રહ્યા છે. એક કાળમાં અનેક લીલાનાં દર્શન કરાવે છે. ઘરનાં માખણ-મિસરી-દહીંની ચોરીના મિષે ગોપીજનોનાં હૃદયના ભાવ પણ ગૂઢ રીતે ચોરી રહ્યા છે, તો બીજી બીજું ડાહ્યાડમરા બનીને માતાની ગોદમાં બિરાજ્યા છે અને દર્શને આવેલાં વ્રજભક્તોને આજે રાતે એમના મનોરથ પૂરવા પોતે કયાં પધારશે એનો સંકેત કરી રહ્યા છે. ગોપીજનો પણ સંકેતસ્થાન બતાવે છે. મંગળાનાં દર્શન કરવા આવેલ એક ગ્વાલિની યશોદામાની ગોદમાં પોઢેલા પ્રભુનાં દર્શન કરતાં નેત્ર-પલ્લવીથી સંકેત કરીને ચાલ્યા જાય છે. આવા પ્રભુ ભક્તોનાં દુઃખ સદા દૂર કરે છે. ઘડીકમાં પોતે અસક્ષમ હોય, માએ કલેઉ આપવામાં વિલંબ કર્યો હોય ત્યારે પોતે દુઃખી થઇ ગયા હોય, એવું પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે; તો બીજી બાજુ દયાનિધિ છે. મુગ્ધ ભાવ ધારણ કરનારા છે. પોતાના ભક્તોનાં વચન અને મનોરથ પૂર્ણ કરનારા છે. ભક્તોના પ્રપંચનો નાશ કરીને નિરોધ કરનારા છે. એક ક્ષણમાં રિસાઇ જાય છે. ગોરસનાં મટકાં ફોડે છે. બીજી જ ક્ષણે પાછા ખડખડાટ હસી રહ્યા છે. મૈયાએ શ્રીહસ્તમાં પેંડો આપ્યો છે, મૈયા શૃંગાર કરીને કહે છે કે હે લાલા, માખણ ભાવે છે ને! આરોગો. પ્રભુએ સામે દર્પણમાં પ્રતિબિંબ જોયું. ચારે બાજુ દર્પણમાં પ્રતિબિંબ જોયું. લાલો વિચાર કરે છે.

આ બંધ ઓરડામાં બધાંથી છુપાઇને એકલો આવીને માખણ ખાવા બેઠો છું, ત્યાં બધા સખા આવીને કહે છે કે માખણ જોઇએ. પછી હું શું કરું? તેઓ એક ક્ષણમાં ગુસ્સે થઇ ગયા. પેલા પ્રતિબિંબને પોતાનો સખો માનીને કહે છે કે લે તું માખણ લેવા આવ્યો છે? તું પણ લે, તું પણ લે, તું પણ લે. બધા ઉપર ગુસ્સે થઇને માખણના લોંદા ફેંકે છે અને પછી પોતે આરોગે છે. સૌ સખાઓ માખણ આરોગે છે, એમ માનીને પોતે ખિલખિલાટ હસે છે.

આવું સ્વરૂપ જેમનું સ્વકીય નિજધન છે, એમના હૃદયમાં સદાયને માટે આપ બિરાજમાન છે. પોતાની રસમય લીલા સિવાય પોતે બીજી કોઇ બાબતોનું સ્મરણ કરતા નથી. આપ ધર્મી વિપ્રયોગ સ્વરૂપ છે. એમની ગતિ, એમની ક્રિયાઓ, લૌકિક બાળકો કરતાં વિપરીત છે, અલૌકિક છે. એવા સ્વરૂપના સ્વભાવનું નિરૂપણ શ્રીહરિરાયચરણ ૧૮ શ્લોક દ્વારા કરે છે. ૧૮ શ્લોકની પદાવલીમાં આપ આજ્ઞા કરે છે, આ સ્વરૂપ સેવા કરવાલાયક છે. એવું સ્વરૂપ જો આપણને મળી જાય તો એને વહાલ કરવાનું, એને પ્યાર કરવાનું, એને હૃદયનો સર્વ પ્રેમ ન્યોછાવર કરવાનું મન થાય; માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, એમનું સેવન કરવું, એમની સેવા કરવી.

સેવા કેવી રીતે કરવી, એની આજ્ઞા કરે છે, ૧૯ મા શ્લોકમાં. જેને યશોદામા એક ક્ષણ પણ પોતાનાથી દૂર નથી કરતાં એવા, શ્રી સ્વામિનીજીના પ્રાણ, જેમનો શ્રીસ્વામિનીજી પોતાને વિયોગ નથી થતા દેતાં એવી એ દુર્લભ નિધિ શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને 'સ્વગૃહે'-આપણા ઘરે પધરાવી આપી છે. તેઓ આપણા સ્વામી છે અને આપણે એમના દાસ છીએ. એ આપણા પ્રિયતમ છે અને આપણે એમની પ્રિયા થવા તત્પર છીએ. લૌકિકમાં કન્યા પરણીને સાસરે જઇ, સાસરવાસ કરે છે. જમાઇ આવીને કન્યાના ઘરે રહેતા નથી, અને જો રહે તો એમનો અપયશ થાય, ઘર-જમાઇ કહેવાય. એમનું માન રહેતું નથી. પરંતુ પ્રભુએ એવી કૃપા કરી, શ્રીમહાપ્રભુજીએ કરી કે આપણને સાસરવાસ આપવાને બદલે પ્રભુને જ આપણે ત્યાં પધરાવી આપ્યા. પ્રભુ આપણે ત્યાં ઘર-જમાઇ બનીને રહ્યા છે. પ્રભુને આપણે ન સમજી શક્યા, એટલે આપણા માથે પધરાવી આપેલા એ કોમળ પૂર્ણાનંદ શ્રીયશોદાજીના લાલની સ્થિતિ આપણા ઘર-જમાઇ જેવી આપણે કરી દીધી. એક વૈષ્ણવનું સ્મરણ થાય છે. એમને ત્યાં બપોરે બાર વાગ્યા પછી જવાનું થયેલ, ત્યારે ખબર પડી કે હવે એમને ત્યાં શ્રીઠાકોરજીને જાગવાનો સમય થયો છે. મેં પૂછ્યું કે આમ કેમ થયું? આજે આટલું બધું મોડું કેમ? એટલે કહે કે શું થાય? સવારમાં મારાથી વહેલું ઉઠાતું નથી અને ઊઠ્યા પછી બરાબર ભોજન ન કરું ત્યાં સુધી કોઇ કામ કરવાનો મૂડ આવતો નથી. એટલે

બધું પરવારીને નિરાંતે સેવા કરું છું. આપણને નિરાંત હોય તો નિરાંતથી સેવા કરીએ અને જો ઉતાવળ હોય તો બે મિનિટમાં તાળામંગળ કરી નાખીએ છીએ. આપણા ઘરમાં ઘર-જમાઇ જેવી સ્થિતિ પ્રભુની છે. છતાંયે પ્રભુને શ્રીમહાપ્રભુજીની કાનીથી આપણે જે અંગીકાર કરાવીએ એ પ્રસન્નતાપૂર્વક અંગીકાર કરે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવી અલૌકિક નિધિ આપણને પ્રાપ્ત થઇ છે. તેમને કેવી રીતે સાચવશો? આપે ઉપમા આપી છે : તમે પારો જોયો જ હશે. અનાજ વગેરે સાચવવામાં વપરાતા આ પારાને હાથમાં લઇ એને સ્થિર રાખવાનો પ્રયત્ન કરો. સ્થિર રહેશે નહીં અને એ સરી જશે. જે યોગી છે, જેની ઇંદ્રિયો સંયમી છે, એ પોતાના હાથમાં પારાને સ્થિર કરી શકે છે. એવી રીતે પ્રભુમાં સર્વે ઇંદ્રિયો સહિત દેહ અને આત્માને એકાગ્ર કરીને પ્રભુની સેવા કરવી જોઇએ. મંગળાથી રાજભોગ પર્યન્તની સેવા અને ઉત્થાપનથી શયનપર્યન્તની સેવા.

સેવાના અનોસરમાં શું કરવાનું? સેવાના અનોસરના સમયમાં બુદ્ધિપૂર્વક પ્રભુની લીલાનું ચિંતન કરવાનું. બુદ્ધિ શબ્દ અહીં બહુ મહત્ત્વનો છે. કેવળ પોપટની જેમ રટણ કરી જઇએ; ધોળ, પદ, કીર્તન, પાઠ, વગેરે બોલી જઇએ એમ નહીં. અર્થના અનુસંધાનપૂર્વક વેણુગીત, યુગલગીત આદિ જે ગીતો વ્રજભક્તોએ પ્રભુ ગૌચારણ માટે પધાર્યા છે ત્યારે અનોસરમાં ગાયાં છે; એનું રટણ, ચિંતન, મનન, તત્પરતાપૂર્વક કરવું જોઇએ.

એક પોપટને એવું શીખવેલું કે બિલાડી આવે એટલે ઊડી જવું. પોપટ રોજ બોલે કે બિલાડી આવે એટલે ઊડી જવું. પણ તેણે બિલાડી જોઇ નથી અને બિલાડી આવે એટલે કેવી રીતે ઊડી જવું એની એને ખબર નથી. એક દિવસ પાંજરું ખુલ્લું રહ્યું અને બિલાડી આવી. પેલો પોપટ બોલ્યો, 'બિલાડી આવે એટલે ઊડી જવું' પણ એ પોપટ ઊડયો નહીં. બિલાડી એ પોપટને ગ્રસી ગઇ. આપણું કીર્તન, આપણું સ્મરણ, આપણું ચિંતન, આપણા જપપાઠ એ આ 'બિલાડી આવે એટલે ઊડી જવું' એવા પોપટના રટણ જેવા છે. જેમ પોપટ બિલાડીને જાણતો નહોતો કે ઊડવાનું જાણતો નહોતો, તેમ આપણે પણ ભગવત્-સ્વરૂપને, ભગવલ્લીલાને ખરેખર જાણ્યા વિના કેવળ એનો પાઠ કરી જઇએ છીએ. શ્રીઆચાર્યચરણ આપણી આ રીતને 'જપે મર્યાદા' કહે છે અને જે અર્થના અનુસંધાનપૂર્વક કીર્તન કરવામાં આવે, એનું ચિંતન કરવામાં આવે, તેને ''ધ્યાને પુષ્ટિઃ'' કહે છે. શ્રીહરિરાયચરણ 'ક્રિયા' શબ્દ દ્વારા બુદ્ધિપૂર્વક ચિંતન કરવું એવી આજ્ઞા કરીને આપણને આ જ વાત સમજાવે છે કે નિરોધસિદ્ધિ પ્રાપ્ત કરવાની જો ઇચ્છા હોય, માનસી સેવાનું દાન પ્રભુ કરે એવો

મનોરથ હોય તો અનોસરના સમયમાં પ્રભુની આ લીલાઓનું સ્મરણ-કીર્તન સમજપૂર્વક, અર્થના અનુસંધાનપૂર્વક, આનંદપૂર્વક, વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરવું જોઇએ.

''નંદનંદન સખી સુંદર વહાલો, ચિંતન તેનું કરીએ જી'' આ ધોળ આપણે સૌ ગાઇએ છીએ. આ ધોળ ગવાય છે, પણ એનું ચિંતન થતું નથી. એનું કેવળ મુખથી રટણ થાય છે અને પરિણામે એ સ્વરૂપ આપણા હૃદયની અંદર બિરાજતું નથી. શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરીએ છીએ, મુખથી એનું રટણ થાય છે, પણ હૃદયથી એનું ચિંતન થતું નથી. માટે શ્રીવલ્લભનું એ અલૌકિક સ્વરૂપ આપણા હૃદયમાં આવિર્ભૂત થતું નથી આવું જ શ્રીયમુનાષ્ટક માટે થાય છે. આવું જ અષ્ટાક્ષર અને પંચાક્ષર માટે થાય છે. માટે અહીં શ્રીહરિરાયચરણે અર્થના અનુસંધાનપૂર્વક સ્મરણ-કીર્તનની આજ્ઞા કરી છે.

છેવટે આ શિક્ષાપત્રનું ફળ અંતિમ પંક્તિમાં આપ બતાવે છે. જો સેવા અને સ્મરણ બુદ્ધિપૂર્વક, હૃદયપૂર્વક કરવામાં આવે તો નિરોધરૂપી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. પ્રભુમાં સદાય આપણું મન નિરુદ્ધ બને છે. પ્રભુ સદાય આપણા હૃદયમાં પધારે છે. શ્રીમહાપ્રભુજીએ જે માગ્યું છે, એ અલૌકિક વિપ્રયોગની અવશ્ય આપને પ્રાપ્તિ થાય છે. એ પ્રભુ આપણા હૃદયમાં બિરાજીને આપણો મનોરથ પૂર્ણ કરવાની કૃપા કરે જે. આમ, આ દ્વિતીય શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આપણને વચન આપે છે કે જો તમે હૃદયપૂર્વક, પ્રેમપૂર્વક પ્રભુને લાડ લડાવશો, સેવા કરશો, સર્વથા બુદ્ધિપૂર્વક સમજપૂર્વક, અર્થપૂર્વક, અનુસંધાનપૂર્વક જો એનું ચિંતન કરશો તો જ આ નિરોધસિદ્ધિ થશે. તો જ અલૌકિક પ્રભુની પ્રાપ્તિ થશે. આ પળમાં, આ જ સમયમાં તે સાક્ષાત્ પ્રભુ આપણને સ્વાનુભવ જતાવે, એમાં કોઇ આશ્ચર્યનું કારણ નથી પણ એને માટે પુષ્ટિજીવે શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં દૃઢ આશ્રય રાખીને પ્રેમપૂર્વક, દીનભાવે, હૃદયથી ભગવત્સેવા કરતાં-કરતાં પોતાની સર્વ સુખસંપત્તિ પ્રભુની સેવા માટે વિનિયોજવી પડશે. પ્રભુ મારા છે, એવો કામભાવ ન રાખતાં, હું પ્રભુનો છું, એવો સર્વાત્મભાવ રાખીને એમની સેવા કરવી પડશે અને સેવાના અનોસરમાં એને બુદ્ધિપૂર્વક, અર્થ વિચારી-વિચારીને લીલાઓનું ગુણગાન, કીર્તન, ચિંતન અને સ્મરણ પણ કરવું પડશે. દ્વિતીય શિક્ષાપત્રમાં આપણને બતાવ્યું, યશોદાત્સંગલાલિતનાં સેવા અને સ્મરણ પ્રેમપૂર્વક અર્થના અનુસંધાનપૂર્વક, સ્વરૂપ-ભાવના, ભાવભાવના અને લીલાભાવના સહિત કરીએ તો નિરોધનું જે ફળ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં આપણને બતાવવામાં આવ્યું, શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ'માં બતાવ્યું, એ જરૂર શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણને પ્રાપ્ત થાય.

શિક્ષાપત્ર-૨ : સારાંશ

શ્લોક સંખ્યા : ૨૦

વિષય : **સેવા અને સ્વરૂપ વર્ણન**

પ્રથમ બાર શ્લોકમાં શ્રીયશોદાત્સંગલાલિતના બાળસ્વરૂપનું ષોડશ શૃંગાર સહિત વર્ણન છે.

વાંકડિયા ગુચ્છાદાર કેશની વેણી ગૂંથી છે. તેમાંથી વાળનાં ઝુલ્ફાં આમતેમ ઊડી રહ્યાં છે. કેશમાં મોતીની અલકાવલીઓ શોભે છે. લલાટમાં કસ્તૂરીનું તિલક અને તિલકની મોતીની લર શોભે છે. કપોલ પર કમળપત્ર છે. કર્ણમાં ધરેલાં કુંડળનો પ્રકાશ કપોલ પર પડે છે. હડપચીએ હીરલો ઝગમગે છે. નેત્રમાં અંજન છે. નેત્રની બાજુમાં મશીબિંદુ શોભે છે. અધરોષ્ઠમાંથી લાળ સ્રવે છે. મુખારવિંદમાં અંગૂઠો ધર્યો છે. હૃદયપ્રદેશ પર મોતી અને સુવર્ણની માળાઓ તથા વાઘનખ શોભે છે.

ભરાવદાર ઉદર છે. શ્રીહસ્ત પર રત્નજડિત બાજુબંધ અને કંકણ છે. દશે આંગળીઓમાં રત્નજડિત વીંટીઓ છે. કટિ પર કંદોરો છે. ચરણારવિંદમાં નૂપુર છે. દશ નખચંદ્ર પ્રકાશે છે. આપ દિગંબર છે.

પછી છ શ્લોકમાં આપના સ્વભાવ અને લીલાનું વર્ણન છે:

પોતાના પ્રતિબિંબને જોઇને હસે છે. શ્રીઅંગ પર પંક-અંગરાગ લાગ્યો છે. મુગ્ધશિરોમણિની જેમ કેવળ બાળલીલા કરાવામાં તત્પર છે. કોટિકંદર્પલાણ્ય રૂપ છે. વ્રજભક્તોના માનને હરનારા છે. પરમાનંદ આપનારા છે. સર્વ દુઃખ દૂર કરનારા છે. દયાનિધિ છે. ભક્તનાં વચન સિદ્ધ કરનારા છે. ભક્તની અહંતા-મમતાનો નાશ કરી પોતાનામાં નિરોધ કરાવનારા છે. ભક્તના ગૂઢ ભાવપૂર્ણ રસાત્મક છે. ક્ષણે ક્ષણે વિલક્ષણ સ્વરૂપે દર્શન આપનારા છે.

છેલ્લા બે શ્લોકમાં આવા પ્રભુની સેવા કરવાની શિખામણ આપવામાં આવી છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી આવા પ્રભુ આપણે ઘેર પધાર્યા છે. તેમની સેવા સાવધાનતાથી કરવી. અપરાધનો ડર રાખીને સેવામાં સાવધાન રહેવું. સેવા સિવાયના સમયમાં બુદ્ધિપૂર્વક શુદ્ધ ભાવથી પ્રભુનાં આ સ્વરૂપ, સ્વભાવ અને લીલાઓનું ચિંતન કરવુ, તેથી નિરોધ સિદ્ધ થતાં માનસી સેવા સિદ્ધ થશે.

●

શિક્ષાપત્ર ત્રીજું

નિધિઃ પ્રાપ્તઃ સુસંરક્ષ્યો દુઃસંગાદિક્તઃ સદા ।
ત્યક્ત્વાऽપિ લોકસંકોચં યથા વહ્નિર્જલાદપિ ॥૧॥

ભગવદ્‌ભાવરૂપી જે નિધિ આપણને પ્રાપ્ત થઈ છે તેનું આપણે સદા દુઃસંગથી રક્ષણ કરવું જોઈએ. જેમ જળથી અગ્નિની રક્ષા કરીએ, તેમ લોકલાજ તજી દઈ આપણે તેની રક્ષા કરવી જોઈએ. (૧)

વહ્નિવત્ ભગવદ્‌ભાવઃ સત્સંગવ્યવધાનતઃ ।
નાશયેત્ સંસૃતિં યદ્વત્પાત્રવ્યવહિતં જલમ્ ॥૨॥

ભગવદ્‌ભાવ અગ્નિ જેવો છે. તેને સત્સંગરૂપી પાત્રમાં ધારણ કરી રાખવો. જો દુઃસંગને સત્સંગરૂપી પાત્રમાં રાખવામાં આવે તો ભગવદ્‌ભાવરૂપી અગ્નિ તેને જળની પેઠે બાળી નાખશે. (૨)

જલવલ્લૌકિકં પ્રોક્તં સાક્ષાત્તન્મેલનેન ચ ।
મૂલતઃ નાશયેદ્‌ભાવં યથા વૈશ્વાનરં જલમ્ ॥૩॥

અહીં લૌકિકને જળ જેવો કહ્યો છે. તેનો સંબંધ સાક્ષાત્‌ભાવ સાથે થવાથી, જેમ જળ અગ્નિનો નાશ કરે છે, તેમ તે ભગવદ્‌ભાવનો નાશ કરે છે. (૩)

અતઃ સદૈવ ભેત્તવ્યં લૌકિકાસક્તિતો જનૈઃ ।
સત્સંગમગ્રતઃ કૃત્વા નાશનીયા ન ચાન્યથા ॥૪॥

માટે ભગવદીયોએ સદા લૌકિક આસક્તિથી ડરતા રહેવું. સત્સંગ કરી પ્રથમ તેનો નાશ કરવો. બીજી કોઈ રીતે તેનો નાશ શક્ય નથી. (૪)

સતાં પરોક્ષે સત્સંગજાતભાવો વિભાવ્યતામ્ ।
તદ્વિરુદ્ધવચો નૈવ માનનીયં સતાં કવચિત્ ॥૫॥

સત્પુરુષોના સંગથી જે ભાવ ઉત્પન્ન થયો હોય તેની ભાવના પરોક્ષમાં કરવી. જે વચનો સત્પુરુષનાં વચનોથી વિરુદ્ધ હોય તેને કદી પણ માનવાં નહીં. (૫)

ભરતસ્યાપિ દુઃસંગે જાતા હરિણજાતિતા ।
કેવલં કલિદોષાભિભૂતા અપિ જનાઃ સ્વતઃ ॥૬॥

દુઃસંગથી જડભરતને પણ હરિણીની જાતિમાં જન્મવું પડયું. સ્વાભાવિક રીતે જ લોકો કેવળ કલિના દોષથી જિતાયેલા છે. (૬)

તત્સંગનિરતૈર્નૈવ ભવિતવ્યં વિશેષતઃ ।
અથવા સર્વતો મૌનં તદભાવે વિધીયતામ્ ॥૭॥

તેથી તેમનો સંગ વિશેષ ભાવથી સેવવો નહિ.. જો તેમ ન જ બને તો મૌન સેવવું. (૭)

યો વદત્યન્યથા વાક્યમાચાર્યવચનાજ્જનઃ ।
સંસૃતિપ્રેરકો વાપિ તત્સંગો દુષ્ટસંગમઃ ॥૮॥

જો કોઇ માણસ શ્રીમહાપ્રભુજીનાં વચનથી અવળાં વચન બોલે અથવા તો તે વચન એવાં હોય, જે સંસાર પ્રત્યેની આસક્તિમાં વૃદ્ધિ કરે, તો તેવા માણસનો કદી સંગ કરવો નહિ. તેવા સંગને દુષ્ટ સંગ જાણવો. (૮)

યશ્ચ કૃષ્ણે રતિં નિત્યં બોધયત્યપ્રયોજનામ્ ।
નિરપેક્ષઃ સાત્ત્વિકશ્ચ તત્સંગઃ સાધુસંગમઃ ॥૯॥

જે સાધુપુરુષ હમેશાં શ્રીકૃષ્ણમાં નિષ્કામ પ્રીતિનો બોધ કરે, જે નિરપેક્ષ અને સાત્ત્વિક હોય, એવા પુરુષનો સમાગમ સત્સંગ જાણવો.

એવં નિશ્ચત્ય સર્વેષુ સ્વીયેષ્વન્યેષુ વા પુનઃ ।
મહત્કુલપ્રસૂતેષુ કર્તવ્યઃ સંગનિર્ણયઃ ॥૧૦॥

આવી રીતે પોતાના ને પરાયા કોણ કોણ કહેવાય અને તે સર્વમાં સંગ કોનો કરવો એનો નિશ્ચય કરીને, જેનો જન્મ ઉત્તમ કુળમાં હોય તેનો સંગ કરવો. (૧૦)

શ્રીમદાચાર્યચરણે મતિઃ સ્થાપ્યા સદા સ્વતઃ ।
તત એવ સ્વકીયાનાં સિદ્ધિઃ કાર્યસ્ય સર્વથા ॥૧૧॥

આપણે આપણી બુદ્ધિ સદા શ્રીમદાચાર્યજીનાં ચરણકમળમાં ધારણ કરવી. જેઓએ તેમ કર્યું છે તેઓ આપણા સ્વકીય છે. તેવા ભગવદીયોના કાર્યની સિદ્ધિ સર્વદા થાય છે. (૧૧)

અવૈષ્ણવત્વં મંતવ્યં તદ્વિરુદ્ધજનેષ્વપિ ।
જીવેષુ દોષવત્સ્વેવં તથા તત્સામ્યવસ્તુષુ ॥૧૨॥

જેઓ તેનાથી વિરુદ્ધ હોય, જે જીવો દોષબુદ્ધિવાળા હોય, અથવા તો કોઇ વસ્તુ તેવા પ્રકારની હોય, તો તેમાં પણ વૈષ્ણવત્વ નથી એમ જાણવું. (૧૨)

શ્રીકૃષ્ણઃ શ્રીમદાચાર્યસ્તથા શ્રીવિઠ્ઠલેશ્વરઃ ।
તથા લીલાસ્થસામંગ્રીર્નૈતત્સામ્યં કદાચન ॥૧૩॥

આ જગતમાં શ્રીકૃષ્ણ, શ્રીમદાચાર્યજી, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ તથા સર્વ લીલાસામગ્રીની બરાબરી કરી શકે એવું બીજું કશું જ નથી. (૧૩)

યદસ્માભિઃ પુરા પ્રોક્તં તચ્ચિત્તે સ્થાપ્યતાં સદા ।
ન કુત્રાપિ ચ વક્તવ્યં સાંપ્રતં વિમુખા જનાઃ ॥૧૪॥

અમે આગળ જે કહ્યું છે તે હંમેશાં ચિત્તમાં સ્થાપન કરવું અને બીજા કોઈની આગળ કહેવું નહીં. આજકાલ મનુષ્યો બહિર્મુખ થઈ ગયા છે. (૧૪)

સાંમુખ્યબોધનં નૈવ જાયતે બાહ્યધર્મતઃ ।
એકોઽપિ દોષઃ સુદઢઃ સર્વં નાશયતિ ધ્રુવમ્ ॥૧૫॥

જેઓ બહારના ધર્મમાં સન્મુખ હોય તેમને કદાપિ જ્ઞાન થતું નથી. જો એક દોષ પણ અત્યંત દઢ જામી ગયો હોય, તો નિશ્ચયપૂર્વક તે સર્વનો નાશ કરે છે. (૧૫)

અસ્માભિરેવ લિખિતં નિરપેક્ષૈઃ સ્વભાવતઃ ।
સ્નેહેન સર્વથા ચિત્તે ધીયતાં યદિ રોચતે ॥૧૬॥

આ બધું અમે અહીં નિરપેક્ષપણે અને સ્વાભાવિક રીતે લખ્યું છે. જો ગમે તો સર્વથા ચિત્તમાં સ્નેહપૂર્વક ધારણ કરવું. (૧૬)

શિક્ષાપત્ર ત્રીજું

દ્વિતીય શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે યશોદાત્સંગલાલિત શ્રીબાલકૃષ્ણ પ્રભુના ષોડશ શૃંગાર સહિતનાં સ્વરૂપ, અલૌકિક ગુણ અને અલૌકિક લીલાઓનું અઢાર શ્લોક દ્વારા નિરૂપણ કર્યું હતું અને અંતિમ બે શ્લોકમાં આવા અલૌકિક પૂર્ણ પુરુષોત્તમ, પૂર્ણાનંદ રસઘન સ્વરૂપને હાર્દિક સેવા દ્વારા પ્રસન્ન કરવા અને અનોસરના સમયમાં અર્થના અનુસંધાનપૂર્વક એમની લીલાઓનું સ્મરણ કરવાની આજ્ઞા કરી હતી. શ્રીહરિરાયચરણે આ દ્વિતીય શિક્ષાપત્રનું ફળ બતાવતાં આજ્ઞા કરી કે આવી રીતે ચિત્તની એકાગ્રતાપૂર્વક સેવા કરવામાં આવે અને અર્થાનુસંધાનપૂર્વક સાથે સાથે સ્મરણ કરવામાં આવે તો નિરોધસંસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

દ્વિતીય શિક્ષાપત્રની આજ્ઞાનો વિચાર કરતાં આપણને પ્રશ્ન થાય કે આવી રીતે સેવા-સ્મરણ કરવાનું અમને મન થાય છે; પરંતુ સમજણ નથી પડતી, કોણ જાણે કેમ ચિત્ત સેવાસ્મરણમાં લાગતું નથી, અમારી ઈન્દ્રિયો સેવાસ્મરણમાં પ્રયુક્ત થતી નથી અને છતાંયે સેવાસ્મરણ કરીએ છીએ તો એનો જે અલૌકિક આનંદ આવવો જોઇએ તે આવતો નથી. એ બધું યંત્રવત્ ચાલ્યા કરતું હોય, એમ લાગે છે. આવું થવાનું કારણ શું? સેવાસ્મરણમાં અલૌકિક આનંદ આવે એ માટે આપણે શું કરવું જોઇએ?

શ્રીઆચાર્યચરણે આપણા આ પ્રશ્નનો ઉત્તર 'ભક્તિવર્ધિની' ગ્રંથના પ્રથમ શ્લોકમાં આપ્યો અને એનું જ ભાષ્ય શ્રીહરિરાયચરણ તૃતીય શિક્ષાપત્રમાં કરે છે. તૃતીય શિક્ષાપત્રનો વિષય છે દુ:સંગ અને સત્સંગ.

શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી આપણને જ્યારે બ્રહ્મસંબંધનું દાન કર્યું ત્યારે પ્રભુ પ્રત્યેના સ્નેહનું અલૌકિક બીજ આપણા હૃદયક્ષેત્રમાં વાવ્યું. પ્રભુ પ્રત્યેનો સ્નેહ, જેને 'ભાવ' શબ્દથી શ્રીઆચાર્યચરણ સમજાવે છે. એ બીજ-ભાવસ્નેહનું જે એ બીજ-શ્રીઆચાર્યચરણે આપણા હૃદયમાં વાવ્યું તો છે, પણ એ બીજમાંથી અંકુર ફૂટે, એનું વિશાળવૃક્ષ બને, એના પર ફળ આવતાં પૂર્વ પુષ્પો આવે એ બધું કેવી રીતે બને? પ્રભુમાં આપણા સ્નેહનો વિકાસ અને એનું વર્ધન કેવી રીતે થાય, એની પાયાની વાત શ્રીઆચાર્યચરણે કરી. જે ભક્તિનું, સ્નેહનું બીજ, બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા રોપાયું એ બીજને ઉછેરવા માટે ત્રણ વસ્તુઓ જોઇશે. ખેડૂત ખેતરમાં ચોમાસુ આવતાં બીજ

રોપે ત્યારે સારો પાક લેવા માટે એને ખાતર નાખવું પડશે, બીજનું રક્ષણ કરવા વાડ બનાવવી પડશે અને બીજના ઉછેર માટે એમાં જળનું સિંચન કરવું પડશે. ખેડ, ખાતર અને પાણી આ ત્રણે જો બરાબર મળે તો પેલું બીજ સુંદર રીતે અંકુરિત થાય. શ્રીઆચાર્યચરણે બ્રહ્મસંબંધ મંત્રથી ભગવત્સ્નેહનું બીજ આપણા હૃદયમાં કેવી રીતે રોપ્યું? આજ સુધી જગતના જે-જે પદાર્થોને આપણા પોતાના માનતા હતા, તે દેહાદિ સર્વ પદાર્થોને સાચી સમજપૂર્વક આપણે પ્રભુને સમર્પી દીધા. આપણે આપણું જીવનસ્વરૂપ જાણી લીધું. આ પદાર્થોના આપણે સ્વામી નથી, એના ટ્રસ્ટી છીએ, રખેવાળ છીએ. એના સ્વામી તો પ્રભુ છે, આપણે પ્રભુના દાસ છીએ. પ્રભુની ઈચ્છા અને આજ્ઞા પ્રમાણે જ આપણે સર્વ કાર્યો કરીએ છીએ, એટલે જગતમાં જે કંઈ કાર્ય આપણે કરીએ છીએ એ કરાવનાર પ્રભુ છે. સર્વ પદાર્થો પ્રભુના છે, આપણે પ્રભુના છીએ, એ ભાવપૂર્વક આપણે આપણા હૃદયનો સ્નેહ પ્રભુ પ્રત્યે વહેવડાવવાનો પ્રારંભ કરીએ છીએ. સ્નેહનું બીજ કરવા માટે ખેડ, ખાતર અને પાણીનો વિચાર કરવો પડશે. 'ભક્તિવર્ધિની'માં શ્રીઆચાર્યચરણે ખેડ-ખાતર અને પાણી એ ત્રણ બાબતોનું નિરૂપણ કર્યું છે.

સૌથી પહેલો આગ્રહ આપે કર્યો કે પ્રભુમાં જો સ્નેહ કરવો હોય, તો દુનિયાના સર્વ પદાર્થોમાંથી આપણો કહેવાતો પ્રેમ - એ પદાર્થો પ્રત્યેનો આપણા મનનો રાગ, આપણે પાછો ખેંચી લેવો પડશે. કોઈ પણ વ્યક્તિ એકી સાથે બે વ્યક્તિઓ કે પદાર્થોને સ્નેહ કરી શક્તી નથી. સ્નેહનો ધર્મ છે કે એક કાળમાં એક જ વ્યક્તિને કે પદાર્થને સ્નેહ થઈ શકે. માટે તો બાઈબલે પણ એમ કહ્યું કે તમે જો ઈશ્વરને ચાહવા માગતા હો, તો દુનિયા પ્રત્યેનો તમારો અનુરાગ પાછો ખેંચી લો. દુનિયામાં તમારે સ્નેહ શોધવો હોય તો ઈશ્વરને ભૂલી જાઓ. જગત અને જગદીશને એકી સાથે સ્નેહ કરી શકાતો નથી. આ ત્યાગ માટે ઈન્દ્રિયોના ભોગવિલાસનો જીવ ત્યાગ કરી શકે તો એ ત્યાગરૂપી ખાતર પ્રભુ પ્રત્યેના સ્નેહના બીજને અંકુરિત કરવા બહુ જ ઉપયોગી બને.

ખાતર ગમે તેટલું નાખીએ, પણ જો એમાં જળનુ સિંચન ન થાય તો એ બીજ કદી અંકુરિત થતુ નથી. ખાતર ગરમ છે, એની ગરમી પેલા બીજને દઝાડી દેનારી છે. માટે જળસિંચન બહુ જરૂરી છે. લૌકિક બાબતો, અહંતા-ત્યાગનું ખાતર એકલુ હોય, એ પૂરતું નથી, એની સાથે સત્સંગરૂપી જળસિંચન કરવું જરૂરી છે. જેટલુ પ્રભુની લીલાનું, પ્રભુના ધર્મોનું, પ્રભુના સ્વરૂપનું જ્ઞાન ભગવદીયો પાસેથી પ્રાપ્ત થાય તેટલો પ્રભુ પ્રત્યેનો સ્નેહ જલદી અંકુરિત થાય. માટે જળસિંચન તરીકે

શ્રીઆચાર્યચરણે શ્રવણ-કીર્તન-સત્સંગને સ્થાપ્યું. સત્સંગ જીવનના ચોવીસ કલાક બનતો નથી. ઘડી-બે ઘડીનો થયેલ સત્સંગ પૂરતો હોતો નથી. એ સત્સંગ ત્યારે જ ફલિત થાય કે જયારે જે સાંભળ્યું છે તે હૃદયમાં ઘુંટાય, એના રક્ષણ માટેની વાડ બનાવવી પડે. જેનું શ્રવણ કર્યું છે એનું કીર્તન કરવું, એનું સ્મરણ કરવું, એનું ચિંતન કરવું, આમ શ્રવણ, સ્મરણ, કીર્તન પ્રથમ ત્રણ ભક્તિ દ્વારા, અહંતા અને મમતાના ત્યાગ દ્વારા આપણા હૃદયમાં શ્રીઆચાર્યચરણે જે સ્નેહભક્તિનું બીજારોપણ કર્યું છે, એ અંકુરિત થાય છે. આ બીજનું રોપણ અને એને અંકુરિત થવાની પ્રક્રિયા શ્રીહરિરાયચરણ આ તૃતીય શિક્ષાપત્રમાં આપણને સમજાવે છે.

એકતાલીસ શિક્ષાપત્રોમાં શ્રીહરિરાયચરણે વૈષ્ણવોને ચેતવ્યા છે કે આપણી ચારે બાજુએ ચાર ભયંકર રાક્ષસો આપણને ગળી જવા માટે મોં ફાડીને ઊભા છે. એમાંનો સૌથી ભયંકર અને સામે આવીને ઊભેલો રાક્ષસ છે દુઃસંગ. જો એના પંજામાં ફસાઇ ગયા તો શ્રીઆચાર્યચરણના આ કૃપામાર્ગમાં આપણે એક ડગલું પણ આગળ વધી શકીશું નહીં. અહીં પ્રશ્ન થશે કે દુઃસંગ કોને કહેવો? એનું સ્વરૂપ શું? એ કેમ આટલો બધો ભયંકર છે? એનાથી બચવા અને એનો સામનો કરવા આપણે શું કરવું જોઇએ.? દુઃસંગથી જાતને બચાવવા માટે કેવા પ્રકારનો સત્સંગ, કેવી રીતે કરવો જોઇએ? એનું નિરૂપણ આ તૃતીય શિક્ષાપત્રમાં છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, આપણને ભગવદ્ભાવરૂપી નિધિ પ્રાપ્ત થઇ છે. શ્રીબાલકૃષ્ણલાલજીનાં સેવાસ્મરણ કરતાં આપણો પ્રભુ પ્રત્યેનો ભગવદ્ભાવ, નિર્વ્યાજ સ્નેહ આપણને પ્રાપ્ત થયો છે, એનું મૂલ્ય ઓછું નથી. એ અણમોલ નિધિ છે. આપણને સામાન્ય માણસને કયાંકથી કિંમતી રત્ન, હીરો મળી આવે તો એ ભૌતિક નિધિને આપણે ખૂબ જાળવીને એવા સ્થાને રાખીએ છીએ કે જ્યાંથી ચોર ચોરી શકે નહીં, ખોવાય નહીં, લુંટાય નહીં. આપણે એનું સંરક્ષણ કરીએ છીએ. ભગવદ્ભાવરૂપી નિધિને કોઇને પદાર્થ સ્વરૂપે બતાવી શકાતી નથી, એને આપણે આપણી સામે પદાર્થ સ્વરૂપે જોઇ શકતા નથી, પણ અને હૃદયમાં અનુભવી શકીએ છીએ. એ ભગવદ્ભાવ શ્રીઆચાર્યચરણની કૃપાથી આપણા હૃદયમાં પ્રસ્થાપિત થયો છે, અંકુરિત થયો છે. એને આપણે જાળવવો છે, એનું સંરક્ષણ કરવું છે, તો એ કેવી રીતે કરવું જોઇએ? આપણા ભગવદ્ભાવને લૂંટી જવા માટે કોણ આવ્યું છે? કિંમતી સંપત્તિને લૂંટવા માટે કોઇ ચોર આવે, માટે એનાથી આપણે રક્ષણ કરીએ છીએ, તો આ અલૌકિક ભગવદ્ભાવનું રક્ષણ કોનાથી કરવાનું છે? શ્રીહરિરાયચરણે આ પ્રશ્નના ઉત્તરમાં આજ્ઞા કરી, ''દુઃસંગ વગેરેથી રક્ષણ કરવાનું છે.'' જે આ

ભગવદ્ભાવને લૂંટી જનારાં દુષ્ટ તત્ત્વ છે, એમાં દુઃસંગ સૌથી અગ્રણી છે અને એ દુઃસંગથી આપણે ભગવદ્ભાવનું રક્ષણ કરવું છે. લૌકિક ધનને તિજોરીમાં મૂકીને રક્ષણ કરીએ છીએ, ઘરમાં ન સચવાય તો બેંકના સેફ ડિપોઝિટ વોલ્ટમાં મૂકીને કરીએ છીએ, એમાંય જો આપણને વિશ્વાસ ન હોય તો એના ચોકીદાર રોકીને કરીએ છીએ; પરંતુ અલૌકિક ભગવદ્ભાવનું રક્ષણ કેવી રીતે કરવું? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ ભગવદ્ભાવનું સંરક્ષણ કરવા માટે દુઃસંગથી આપણો ભગવદ્ભાવ ઘટે નહીં, એ માટે સોપ્રથમ લોકસંકોચનો લોકલાજ-કુળકાનનો ત્યાગ કરવો પડશે. આપણે એમ કહેતા ફરીએ છીએ કે અમને દુનિયાની શરમ આવે છે. અમે દુનિયામાં રહીએ છીએ એટલે અમે જો મંદિરે દર્શન કરવા જઇએ, તો લોકો મશ્કરી કરે છે, ટીકા કરે છે અને જો ઘરમાં પ્રભુનું નામ લઇએ તો ઘણાને ગમતું નથી. એમ આમ કરીએ તો દુનિયામાં અમારું આમ થાય છે. જ્યાં સુધી લોકલાજનો આવો ભય છે, ત્યાં સુધી આ ભગવદ્ભાવનું સંરક્ષણ થવાનું નથી; કારણ કે

‘હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને”

જે જાતને બચાવવા મથે છે, જાતને સાચવવા મથે છે, દુનિયાના લોકોથી ડરીને ચાલે છે; જેને પોતાની જાતના સુખમાં જ સુખ છે, એવો માણસ ભગવદ્ભાવનું કદી સંરક્ષણ કરી શકતો નથી; કારણ કે આ બધામાં ભગવદ્ભાવના સંરક્ષણમાં સૌથી આવશ્યક વાત હોય તો તે મનના આગ્રહની છે. આપણું મન કોઇ પણ બાબત માટે જ્યાં સુધી આગ્રહશીલ બનતું નથી, ત્યાં સુધી એ કાર્ય કરવા આપણે કદી પ્રયુક્ત થતા નથી. આપણા જીવનમાં આપણે અનુભવીએ છીએ કે આપણે જ્યારે ગામમાં કે બહારગામમાં જઇએ અને કોઇ એમ કહે કે આપણા અમુક સંબંધી અહીં હોય, તો આપણે કહીશું કે હા જવું તો જોઇએ; પણ હમણાં સમયની અનુકૂળતા નથી, જવા દો ને, પછી વાત. બહાનું કાઢીએ સમયની અનુકૂળતાનું, પણ એ ખોટું બહાનું છે. સાચી હકીકત એ છે કે વ્યક્તિને મળવા જવા માટે આપણા મનની અનુકૂળતા નથી. મન અનુકૂળ નથી માટે સમય અનુકૂળ નથી. જેને મળવા માટે મન અનુકૂળ થાય છે, એને મળવા માટેનો સમય માણસને મળી રહે છે. પછી એ વ્યક્તિ દુનિયાની કોઇ બાબતથી ડરતી નથી, સંકોચ રાખતી નથી. માટે શ્રીહરિરાયચરણે સૌથી પહેલી આજ્ઞા કરી કે તમારે જો શ્રીહરિના માર્ગે આગળ વધવું છે, ‘એક વર્યો શ્રીગોપીજનવલ્લભ’ એવી દૃઢ આસક્તિનાં બીજ

તમારે હૃદયમાં પ્રગટાવવાં છે, તો તમારે લોકલાજનો ત્યાગ કરવો પડશે. લોકલાજ-કુલકાન જ્યાં સુધી છૂટતાં નથી, ત્યાં હૃદયમાં પ્રભુ પ્રત્યેનો સ્નેહ અંકુરિત થતો નથી.

શ્રીદામોરદાસ સંભરવાળાની વાર્તા એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. કનોજના દિવાન અને નગરશેઠ, કરોડો રૂપિયાની-સંપત્તિનો વ્યવહાર કરનાર શેઠ દામોદરદાસજીના ઘરમાં દાયજામાં બસો-બસો દાસીઓ આવી છે. એમના ઘરના નોકર-ચાકરની સંખ્યાની તો આપણને ખબર નથી. એવા શેઠ દામોદરદાસ પોતાના સેવ્ય પ્રભુ શ્રીદ્વારકાધીશ માટે જળ ભરવા માટે જાતે ખભા ઉપર ગાગર લઇને કનોજના શહેરના રાજમાર્ગ ઉપરથી જાય છે. શું એમને કોઇ સંકોચ થયો નહીં હોય કે હું આ રાજ્યનો દિવાન, હું આ કનોજ શહેરનો નગરશેઠ. હું આમ રસ્તા ઉપર ખભે ગાગર લઇને જઇશ તો કેવું લાગશે? લોકો શું કહેશે? સગાં-વહાલાં શું કહેશે? મારા નોકરો શું માનશે? પણ ના, મારા પ્રભુની પ્રસન્નતા તો ત્યારે જ થાય કે આ દેહ પ્રભુના સુખ માટે કામમાં આવે. હું જાતે મીઠું જળ લાવું. બીજા દિવસે તેમણે પોતાનાં પત્નીને કહ્યું કે ચાલો, જળ ભરવા જઇએ. એમનાં પત્ની પ્રેમથી તરત જ ગાગર લઇને આગળ થયાં છે. ક્ષત્રિય કુટુંબની એ દીકરી છે, ક્ષત્રિય કુટુંબની એ કુળવધૂ છે. નગરશેઠનાં પત્ની છે. દિવાનનાં પત્ની છે. સદાય પડદામાં રહેનારાં છે. એ માથે ગાગર લઇને રાજમાર્ગ ઉપર જળ ભરવા નીકળ્યાં છે - પ્રભુના સ્નેહ માટે, પ્રભુની પ્રસન્નતા માટે! જે આવી રીતે લોકલાજનો ત્યાગ કરે છે, એ જ પોતાના ભગવદ્‌ભાવરૂપી નિધિનું રક્ષણ કરી શકે છે.

કાશીના શેઠ પુરુષોત્તદાસ છે. એમની પાસે કાશીનો રાજા સામે ચાલીને આવે. રાજાને દ્રવ્યની જરૂર પડે ત્યારે શેઠ પુરુષોત્તમદાસ તેમને મદદ કરે. એવા એ છપ્પન કરોડ રૂપિયાના આસામી જાતે સવારમાં પરદની પહેરીને ગાયોની સેવા કરે છે, ગોબરથી હાથ ખરડાયેલા છે. ત્યાં નોકર આવીને સમાચાર આપે છે કે કાશીના રાજા આવ્યા છે. આપ વસ્ત્રો બદલીને દિવાનખંડમાં આવો. શેઠે કહ્યું, 'રાજાને અહીં મોકલ.' નોકર કહે છે, 'અરે, પણ આપનાં આ વસ્ત્રો જુઓ, આપનું આ શરીર જુઓ. આવા સ્વરૂપમાં રાજા આપને જુએ એ બરાબર છે?'' શેઠ કહે છે, 'રાજા મને ઓળખે છે. મારે રાજાનું કામ નથી. રાજાને મારું કામ હોય તો અહીં આવે.' તેમણે લોકલાજનો ત્યાગ કર્યો છે, કુળ-કાનનો ત્યાગ કર્યો છે.

આ તો ચોર્યાસી ભગવદીયો પૈકીના વીરલા છે, પણ વર્ષો પહેલાંનો એક પ્રસંગ મને યાદ આવે છે. થોડાંક વર્ષો પહેલાં શ્રીગુસાંઇજીની કૃપાથી ખંભાતનાં બેઠકજીએ જવાનું થયું. સાથે અમારા કાકા હતા. તેઓ સિનિયર ડિવિઝન જજ હતા.

સેવામાં બહુ માને નહીં, સ્મરણનો એમને વિશેષ આગ્રહ નહીં, પણ ત્યાં આવ્યા અને શ્રીગુસાંઇજીએ એમનું મન એવું ફેરવ્યું કે એ પણ અમારી સાથે અપરસમાં જોડાયા. સન્મુખ થયા પછી મહાપ્રસાદ લઇને એમણે આગ્રહ રાખ્યો કે મારી પાતળ હું જાતે પધરાવી આવું, કોઇને આપું નહીં. લાલ અંગુછો વીંટીને પ્રસાદ લીધો હતો એ સ્વરૂપે પોતે પાતળ પધરાવવા ગયા. બેઠકના દ્વારમાં ત્યાંના નવાબના અધિકારીએ આવીને પૂછયું, ''અહીં પરીખ સાહેબ આવ્યા છે? નવાબ સાહેબ એમને મળવા માગે છે, એ કયાં છે?'' ત્યારે તેમણે કહ્યું. ''હું પોતે છું. તમારા નવાબ સાહેબને કહેજો કે એક કલાક પછી આવે. અમારે પાઠ કરવાના બાકી છે.'' પેલો વિચાર કરે છે કે આવી લાલ પોતડી પહેરીને ખુલ્લા શરીરે સિનિયર ડિવિઝન જજ હોય? એમનાં નેત્રોમાં કોઇ ક્ષોભ નહોતો. મેં તેમને પૂછયું, 'કાકા, તમને શરમ ન આવી આ વેશમાં?' મને કહે, શાની શરમ? હું અહીં સિનિયર ડિવિઝન જજ નથી. હું તો અહીં તમારા જેવો એક સામાન્ય વૈષ્ણવ છું, મને તો તમારા જેટલુંય નથી આવડતું, મને શાની શરમ હોય?' જો શ્રીગુસાંઈજીની કૃપાથી એક સામાન્ય વૈષ્ણવને આવી લોકલાજ છૂટી જતી હોય તો ભગવત્સેવામાં પ્રયુક્ત થનારને લોકલાજ કેવી રીતે બાધા કરે?

શ્રીહરિરાયચરણ સત્સંગ અને દુઃસંગનું સ્વરૂપ હવે એક રૂપક આપીને સમજાવે છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : દુઃસંગ બહુ પ્રબળ છે. આપ દુઃસંગની સરખામણી જળ સાથે કરે છે. પાણી હોય, એ જ્યાં રેડો ત્યાં આગળ વધતું જ જાય. પાણીનો એક ગુણધર્મ છે કે સદાય વહેતું રહે. માટે કહેવામાં આવ્યું છે કે : ''જીવન બહતા પાની.'' સંસ્કૃતમાં 'જીવન' શબ્દ પાણીના અર્થમાં પણ વપરાય છે. માટે આપણું આગળ ને આગળ વહેતું જીવન એ પાણી જેવું છે. દુઃસંગની પણ એ ખાસિયત છે કે જ્યાં પોચું ભાળે, જ્યાં ઢોળાવ જાુએ, ત્યાં એ તરત જ મૂઠીઓ વાળીને દોડવા માંડે. આમ દુઃસંગ એ પાણી જેવો છે.

આપણા હૃદયમાં જે ભગવદ્ભાવ છે એ અગ્નિ જેવો છે. આપણે ઘેર સગડી સળગાવીએ, અને એના ઉપર પાણીની ધાર કરીએ તો શું થાય? અગ્નિ ઓલવાઇ જાય. એમ જે હૃદયમાં ભાવરૂપી અગ્નિનો તણખો શ્રીઆચાર્યચરણે પ્રગટાવ્યો છે, હૃદયની સગડી હજાુ બરાબર સળગી નથી, સળગવાની માંડ-માંડ શરૂઆત છે, ત્યાં એની ઉપર દુઃસંગરૂપી પાણીની ધાર પડે એટલે એ જ ક્ષણે પેલો ભગવદ્ભાવ બુઝાઇ જાય, હૃદયમાંથી ચાલ્યો જાય. ભગવદ્ભાવને સળગતો રાખવો હોય, એનું સંરક્ષણ કરવું હોય, એ અગ્નિને પાણીથી બચાવવો હોય તો કેવી રીતે બચાવી

શકાય? વરસાદ તો વરસે જ છે, એને રોકી શકવાના નથી, અને અગ્નિને પ્રગટાવવો છે, એ પણ એટલું જ જરૂરી છે, તો શું કરવું? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે એ સળગતી સગડી ઉપર એક વાસણ મૂકી દો, સત્સંગરૂપી પાત્ર મૂકી દો, એટલે ઉપરથી જે જળધારા પડે છે, એ જળધારા પેલા પાત્રમાં પડશે, અગ્નિને લાગશે નહીં; પરિણામે અગ્નિ બુઝાશે નહીં. અગ્નિ પ્રજવલિત થયો છે, એટલે એ વાસણોમાં રહેલું જળ ધીમે-ધીમે વરાળ બનીને ચાલ્યું જશે, એ આપણને નુકસાન કરશે નહીં. આમ, શ્રીહરિરાયચરણે આ રૂપક આપ્યું કે હૃદયમાં જે ભગવદ્‌ભાવ છે એ અગ્નિ જેવો છે, જ્યારે સત્સંગ પાત્ર-વાસણ જેવો છે અને દુ:સંગ એ જળની ધારા છે દુ:સંગરૂપી જળની ધારાથી ભગવદ્‌ભાવરૂપી અગ્નિને ઓલવાતો બચાવવા માટે સત્સંગરૂપી વાસણની જરૂર છે. જો સત્સંગરૂપી વાસણ મળી જાય, તો એનાથી આપણો સંસારનો અહંતા-મમતાત્મક દુ:સંગ નાશ પામશે.

આ બહુ વિચાર કરવા જેવી બાબત છે, મનોવૈજ્ઞાનિક ઘટના છે. માણસ જે વાતાવરણમાં રહે છે, એની સૌથી પહેલી અસર એના અજ્ઞાત મન ઉપર થાય છે, પણ એની આપણને ખબર પડતી નથી. એ ઊધઇ જેવું છે. ઊધઇનાં જંતુ જમીનના ખૂબ ઊંડાણમાં થાય. ધીમે-ધીમે જમીન ફોલીને ઉપર આવતાં જાય. આપણું ધ્યાન ન જાય અને જો એ મકાન અવાવર રહી ગયું, તો ઉપરથી એ સુંદર લાગતા મકાનને ઊધઇનાં જંતુ ફોલીને સાવ પોલું બનાવી દે-નકામું બનાવી દે. આપણે ઘણી વાર કહીએ છીએ કે અમારું મન બહુ મક્કમ છે, અમે પ્રભુ સિવાય બીજા કોઇનો વિચાર કરતા જ નથી, અમારા હૃદયમાં જ પ્રભુ બિરાજે છે, એટલે અમારે સત્સંગ વગેરે કશાની જરૂર નથી. ભલે આમ કહીએ, પણ એ વાત સાચી નથી; કારણ કે કોલસાની ઓરડીમાં રહેનાર, જો કોઇ એવો દાવો કરે કે હું સફેદ વસ્ત્ર પહેરીને અંદર જઉં અને મારા વસ્ત્રને કદી ડાઘ ન પડે તો એવું બને જ નહીં. છાણ-માટીમાં કામ કરનાર જો એમ કહે કે મારી ધોતી-બંડી ઉજ્જવળ રહેશે. છાણ-મૂત્રનો કોઇ ડાઘ એને નહીં પડે, તો એ શક્ય જ નથી. એવી રીતે આપણી ચારે બાજુ અનેક પ્રકારનો દુ:સંગ છે એની વચ્ચે ફરીએ, બેસીએ, ખાઇએ, સૂઇએ, ઊઠીએ, વાતો કરીએ, વિચાર કરીએ અને એ વાતાવરણની અસર આપણા મન ઉપર થાય જ નહીં, એ બનવું અશક્ય છે. મનનો એક ગુણધર્મ છે-ચંચળતા. પહેલી નજરે બહુ સરળ, સારી દેખાતી, લલચાવનારી બાબતો તરફ હંમેશ મન લપસી પડે છે. પડોશીના ઘરમાં ચાલતો ઝઘડો સાંભળવા માટે કાન માંડવા એ આપણા હૃદયનો દુર્ગુણ છે, પરંતુ બીજા પડોશીના ઘરમાં ભગવન્નામ લેવાતું હોય, ત્યારે એના તરફ કાન માંડવા મન

ક્યારેય તત્પર બનતું નથી. સિનેમા જોવા માટે મનને જેટલી ઇચ્છા અને તીવ્રતા હોય છે, એટલી ઇચ્છા અને તીવ્રતા ભગવદ્ધામમાં જવા માટે હોતી નથી. મન ઉપર આજુબાજુના ભૌતિક વાતાવરણની બહુ ઝડપી અસર થાય છે.

એ અસરથી મનને બચાવવા માટેનો એક માત્ર ઉપાય શ્રીહરિરાયચરણ બતાવે છે, અને એ છે સત્સંગ. હમણાં પરદેશોમાં મનોવિજ્ઞાનના સંશોધન દ્વારા આ વાત સિદ્ધ થઈ છે. પરદેશોમાં એવા પ્રયોગ ચાલે છે કે વ્યક્તિ રાત્રે સૂઇ જાય, ત્યારે એને જે બાબતોને પોતાના મનમાં સંઘરવી છે, એ બાબતોની કેસેટ ટેપરેકર્ડર પર વાગ્યા કરે. એનું અજાગૃત મન પેલા ટેપરેકર્ડરની વાણીને અજ્ઞાત રીતે ઝીલ્યા કરે. એણે જે વાણી ઝીલી છે; જે જાગતાં એણે સાંભળી નથી, એના સંસ્કાર એ વ્યક્તિના મન ઉપર ધીમે ધીમે અંક્તિ થતાં દૃઢ બને છે. ઊંઘમાં આપણી આજુબાજુ વગાડવામાં આવતી વાણી અને અવાજ જો આપણા મનનો કબજો લઇ શકતાં હોય, તો આપણે રસપૂર્વક જાગતાં જે લૌકિક વાતોમાં આસક્ત બનીએ, એ આપણા મનનો કબજો કેમ ન લે? માટે મનને જીતવું, સંયમમાં રાખવું એ બહુ અઘરું કામ છે.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે આ મનને સંયમમાં રાખવા, પ્રભુમાં એને આસક્ત રાખવા માટે સત્સંગ બહુ જરૂરી છે. શ્રીઆચાર્યચરણ 'તત્ત્વાર્થદીપનિબંધ'માં એટલે સુધી આજ્ઞા કરે છે કે ભગવદ્ભાવનું સંરક્ષણ કરવા માટે ઇન્દ્રિયોનો સંગ પણ કરવો નહીં. ઇન્દ્રિયોને વિષયવાસનામાં લોલુપ ન રાખવી, ઇન્દ્રિયરૂપી અશ્વોનો વિનિગ્રહ કરવો, અને એમને સંયમમાં લેવી. જો આપણી ઇન્દ્રિયો સંયમમાં આવી જાય, તો એ ઇન્દ્રિયો ઉપર સવાર થઇને બેઠેલુ આપણું મન આપોઆપ સંયમી બની, ભગવચ્ચરણાનુરાગી બનશે; પરંતુ આપણી જાતે આપણી ઇન્દ્રિયો ઉપર સંયમ લાવવાનું જ્યારે દોહ્યલું બને છે ત્યારે એને માટેનો માર્ગ અહીં શ્રીહરિરાયચરણ બતાવે છે કે ભગવદીયોનો સંગ કરવો.

કેવી રીતે સંગ કરવો, એનો વિચાર કરતાં પૂર્વે કયા કયા દુઃસંગ આપણને લાગે છે, કયાં-કયાંથી લાગે છે એનો પણ વિચાર કરવા જેવો છે. સૌથી પહેલો દુઃસંગ માણસને જો કોઇનોય લાગતો હોય તો લૌકિક પદાર્થોમાં જેની આસક્તિ છે, એનો લાગે છે, દ્રવ્યનો લાગે છે. માણસ દ્રવ્ય કમાવામાં પડે, દ્રવ્યની આસક્તિ થાય એટલે પ્રભુને વીસરી જાય. અરે, પોતાની જાતનોય દુઃસંગ લાગે. માણસને પોતાની યુવાની, પોતાનું રૂપ, દેહની ટાપ-ટીપ એ બધામાં જો આસક્તિ રહે, તો પણ એ ભગવદ્ભાવને વીસરી જશે. માણસ પોતે જ પોતાનો દુશ્મન બની બેસશે. પોતાના

ચર્મ-લોહીથી ભરેલા શરીરમાં જો અનુરાગ કરે તો તે એની સુખશોભા માટે વિચારશીલ રહે, એના હૃદયની ભગવદ્‌ભાવની સુંદરતાને વીસરી જાય. આમ, એને પોતાના દેહનો લૌકિક દુ:સંગ લાગે છે. દુનિયાના જે જે પદાર્થોમાં એની આસક્તિ હોય, તે બધાનો તેને દુ:સંગ લાગે છે.

શ્રીમદ્ ભાગવતમાં ભરતજીનો પ્રસંગ આવે છે. રાજગાદીનો આસક્ત ભાવ છોડીને વૈરાગ્યમય જીવન જીવવા માટે સંચરેલા ભરતજી ખૂબ તીવ્ર તપશ્ચર્યા કરે છે. મહર્ષિ પદને પામવા માટે એમની સાધના ચાલે છે. ત્યાં નદીમાં ડૂબતા એક હરણાના બચ્ચાને તેઓ બચાવે છે. કરવા ગયા છે નિ:સ્વાર્થ ભાવે એક પરોપકાર, પણ એ હરણબાળમાં એમનું મન આસક્ત થયું, પ્રભુના ચરણમાંથી મન છૂટી ગયું. પરિણામે ભરતજીને બીજો જન્મ હરણનો લેવો પડયો. એમની સેંકડો વર્ષોની તપશ્ચર્યા એક હરણબાળ પ્રત્યેના તીવ્ર અનુરાગે નાશ પામી. ભગવત્પ્રાપ્તિમાં એમને અંતરાય થયો.

આમ, દુ:સંગ મીઠા ઝેર જેવો છે. લઈએ ત્યારે બહુ મીઠું લાગે. ડાયાબીટીસના દર્દીને ખાંડ મીઠી નથી. શક્તિદાયક નથી, એના માટે ઝેર છે. એવી રીતે આપણા વૈષ્ણવી જીવનમાં ઘડી-બે ઘડી ગલગલિયાં કરીને આપણી ઇન્દ્રિયોને ઉશ્કેરનાર લૌકિક પદાર્થોમાંથી આપણી આસક્તિ પહેલી નજરે બહુ આનંદમય લાગતી હોવા છતાં, એ સાચો આનંદ નથી, એ ઝેર છે. માણસ મિષ્ટાન્ન ખાય ત્યારે ઘડીભર રાજી થાય, પણ જ્યારે ઉનાળાની બપોરે એને અકળામણ છૂટે ત્યારે એ મિષ્ટાન્ન એને આનંદ આપનારું રહેતું નથી, એના માટે દુ:ખપ્રદ બની જાય છે. એક નાનું બાળક સગડીમાં સળગતા અંગારાને જોઈને એને તેજસ્વી લાલ દડો માનીને પકડવા ઘૂંટણિયાં તાણે છે. એને ખબર નથી કે એ અગ્નિ દડો નથી, એ રમકડું નથી. એ એના આનંદને દઝાડનાર વિનાશક તત્ત્વ છે. માતા એને જાણે છે. પરિણામે, બાળક રડે તોયે અગ્નિને પકડવા દેતી નથી. એમ આપણને આ જગતની ભૌતિક સમૃદ્ધિ અને સંપત્તિમાં જે કંઇ આનંદ દેખાય છે, એ સાચો આનંદ નથી. એ તો ઝાંઝવાનું પાણી છે. મૃગજળ છે. એની પાછળ દોડનારાએ કદી પોતાનો જીવ બચાવ્યો નથી, હમેશાં જીવ ખોયો છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણી લૌકિકમાં રહેલી આસક્તિ એ દુ:સંગનું પહેલું સ્થાન છે. જો મનમાંથી લૌકિક આસક્તિ છૂટી જાય, મન જળકમળવત્ બની જાય, પ્રભુએ આપણને જે કંઇ ફરજો સોંપી છે; એ ફરજો આપણે નિર્લેપ ભાવે-કાપટય ભાવથી બજાવીએ, પણ એમાં આસક્ત ન બનીએ, તો આ દુ:સંગ આપણા હૃદયરૂપી પ્રભુને બિરાજવાનું જે સુંદર ધામ છે, એને ઊધઈથી પોલું કરશે નહીં, એને બગાડશે નહીં. માટે શ્રીહરિરાયચરણે સૌથી પહેલું

દુ:સંગનું સ્થાન બતાવ્યું : લૌકિક આસક્તિ.

શ્રીહરિરાયચરણ બીજું પાત્ર બતાવે છે : શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધનાં જે વચનો છે તે દુ:સંગનું બીજું સ્થાન છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓ કરતાં જુદી આજ્ઞાઓ સાંભળવી, વિચારવી, એને અનુસરવું, એ પણ આપણા માટે દુ:સંગ છે; કારણ કે આપણે જે કંઇ સાંભળીએ છીએ, એની અસર આપણા મન ઉપર થયા વિના રહેતી જ નથી. નાનાં બાળકોને તમે જોજો. વડોદરા શહેરમાં જન્મેલું કોઇ બાળક, ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવીને જો મોટું થવા માંડે તો એ એ બાળક, કોઈ પણ શાળામાં એને શીખવ્યા વગર પણ, જે ભાષાના સંસ્કારો સાંભળીને ગ્રહણ કરશે, અને જે ભાષા બોલશે એ સાંભળીને વડોદરાવાસીઓ હસશે. જ્યારે-જ્યારે પૂજ્ય જીજી મહેસાણા પધારે છે અને અમારાં નાથીબેન સાથે એમની ભાષામાં 'ચ્યમ સો' કરીને વાત કરે છે, ત્યારે અમને સૌને એક પ્રકારનો આનંદ આવે છે. કીમ સો-ચ્યમ સો-હેંડને-પોંણી-લેંમડો-પેંપળો આ બધા ઉચ્ચારો પેલા બાળકને શીખવવા પડતા નથી, એને અનાયાસ આવડે છે. એટલે જે કંઇ સાંભળીએ છીએ એની અસર આપણા મન ઉપર તો થાય જ છે. માટે શું સાંભળવું અને શું ન સાંભળવું એનો વિવેક બહુ જરૂરી છે.

શ્રીહરિરાયચરણે અહીં એ વિવેક બતાવ્યો છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી ભિન્ન જે કંઈ બાબતો હોય, જે કોઇએ કહેલી હોય એ સાંભળવી તે દુ:સંગ છે. આજના સમયમાં એવું બને છે કે ઘણી વ્યકિતઓ શ્રીમહાપ્રભુજીના નામે અનેક વાતો કરતી થાય છે. અનેક કલ્પિત પ્રકારો ચાલતા થયા છે, અનેક વિકૃત ભાવનાઓ વહેવડાવવામાં આવે છે, અને તે બધું આખરે પેલા ભોળા જીવ માટે દુ:સંગ બને છે. કયારેક કયાંક કથામાં કથાકાર 'શ્રીમહાપ્રભુજી કહે છે કે જગત મિથ્યા છે' એમ કહેતો હોય. ત્યારે શ્રીમહાપ્રભુજીના નામે અન્ય મતનું પ્રચલન કરતી તેની વાણીનું આપણે શ્રવણ કરીએ અને પરિણામે આપણું મન પુષ્ટિમાર્ગના સાચા સિદ્ધાંત તરફ જવાને બદલે વિપથગામી બને છે. એટલે આ બીજા પ્રકારનો દુ:સંગ છે : શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી જુદી હોય, વિરુદ્ધ હોય, એવી વાણીનું શ્રવણ કરવું તે. તેનાથી આપણે બચવું જોઇએ.

દુ:સંગનું ત્રીજું ઘર છે : વૈષ્ણવ સાથેનો આપણો વ્યવહાર. અવૈષ્ણવ સાથે આપણે વાતો કરીએ તે પણ દુ:સંગને પ્રેરનારું છે; કારણ કે જે વૈષ્ણવ નથી, જે શ્રીમહાપ્રભુજીના સેવક નથી, એમની પાસેથી આપણા મનને શ્રીવલ્લભચરણમાં અનુરાગ થાય એવું કંઇ મળવાનું નથી, પણ શ્રીવલ્લભચરણનો અનુરાગ ઘટાડનારું

જ પ્રાપ્ત થવાનું છે. અષ્ટછાપ ભગવદીયો પૈકી શ્રીગોવિંદ સ્વામીનો તો એટલે સુધી આગ્રહ હતો કે ત્યાં સુધી આપણો અવૈષ્ણવો સાથેનો વ્યવહાર, વિના કારણની વાતો, વિના કારણનાં ટોળ-ટપ્પાં એ બધું પણ ઓછું કરી દેવું જોઈએ. જયાં-જયાં ભગવચ્ચરણમાં અનુરાગ વધે એવી વાર્તાઓ કહેવા, સાંભળવા, સ્મરણ કરવા મળે ત્યાં-ત્યાં રહેવાનો વિશેષ આગ્રહ રાખવો જોઇએ.

દુઃસંગ ચોથું ઘર છે : અન્ય સંબંધ આપણો જેની-જેની સાથે-પ્રભુ સિવાયનો સંબંધ થાય, એને ટકાવવા મથીએ ત્યારે એ બધામાં દુઃસંગ મળવાનો છે. માટે દુઃસંગથી આપણે બચવાનો પ્રયત્ન કરવાનો છે, અને બીજાઓને પણ આ દુઃસંગથી દૂર રાખવા માટે આપણે પ્રયત્નશીલ બનવાનું છે. શ્રીગોપેશ્વરજી અહીં આજ્ઞા કરે છે કે આપણી સાથે જે વૈષ્ણવો છે એમને છે એમને પણ સમજાવીને દુઃસંગ છોડાવવો જોઇએ. જો એ વૈષ્ણવોથી દુઃસંગ ન છૂટે તો આપણે બીજે જઇને રહવું, 'ઔર-ઠૌર નિબાસ' કરીએ. જેમનો દુઃસંગ છૂટયો નથી, એમની સાથે રહેવું નહી અને છતાંયે રહેવું પડે તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : મૌન ધારણ કરવું. બોલવું નહીં.

દુઃસંગ ત્રણ રીતે થાય : મનથી, વાણીથી અને ક્રિયાથી. બીજાની વાતોમાં રસ લઇએ, ભલે બોલીએ નહીં, પણ સાંભળીએ; મનમાં વિચાર કરીએ, તો એનાથી પણ દુઃસંગ લાગે. પ્રભુના સ્મરણ સિવાય, પ્રભુના ગુણગાન સિવાય જે કંઇ લૌકિક વાતો કરીએ એ વાણીનો દુઃસંગ છે, જેને શ્રીહરિરાયચરણ 'અસદાલાપ' એવું નામ આપે છે. આજે આપણે વિચાર કરીશું તો જીવનમાં ભગવન્નામ કેટલી ક્ષણો લઇએ છીએ? નોંધવું હોય તો કોઇક દિવસ નોંધી જોજો. બીજી વાણી કેટલો સમય બોલીએ છીએ અને એમાંયે જરૂર ન હોય એવી બિનજરૂરી લવરી કેટલો સમય કરીએ છીએ? આપણો મોટાભાગનો સમય બિનજરૂરી લવરી કરવામાં, દુઃસંગમય વાતો કરવામાં જ જાય છે. માટે મૌન ધારણ કરવું. વાણીનો નિગ્રહ કરવો. લૌકિક વાતો કરવા માટે વાણીનો ઉપયોગ કરવો નહીં. જુદી જુદી ક્રિયાઓ કરવાથી પણ દુઃસંગ લાગે છે. કોઇક માણસ પૈસા કમાવામાં વિશેષ રચ્યોપચ્યો બને તો એને પૈસાનો, દ્રવ્યનો દુઃસંગ થશે. કોઇ માણસ ભગવદ્સેવા સિવાયની બીજી પ્રવૃત્તિઓમાં રચ્યોપચ્યો બને તો એને એનો દુઃસંગ થશે. એટલે મન, વાણી અને ક્રિયા આ ત્રણેનો દુઃસંગ આપણને લાગે છે.

શ્રીહરિરાયચરણ દુઃસંગની વ્યાખ્યા કરે છે. કોને દુષ્ટ સંગ કહેવો? વ્યકિતનું મહત્ત્વ નથી, પણ એ વ્યકિત શું બોલે છે એ મહત્ત્વનું છે. શ્રીઆચાર્યચરણના સિદ્ધાંતોથી જે જુદી વાત કરીને આપણા મનને લૌકિકમાં, અહંતા-મમતામાં આસક્ત

કરે, એવી વાણીને દુઃસંગ જાણવો. જો આવી વાણી કોઇ વૈષ્ણવ બોલતો હોય, તો એ વૈષ્ણવની વાણી પણ દુઃસંગ છે.

એક ઉદાહરણ લઇને આપણે સમજીએ. એક સામાન્ય યુવાનને એક અનુભવી વૈષ્ણવ પાસે જવાનો સમય આવ્યો. કામ હતું એ ગામની અંદર સ્લાઇડ મશીન દ્વારા સ્વરૂપદર્શન અને સિદ્ધાંતોનો પ્રચાર કરવાનું. નાનકડું ગામ. ત્યાં મંદિર હતું, આગળ ચોક હતો. મંદિરની દીવાલ ઉપર પડદો લટકાવવાનો હતો. અધિકારીજીની રજા લેવી જોઇએ. અધિકારીજીની રજા લેવા માટે ગામના આગેવાન સાથે એમના ત્યાં જવાનું થયું. અધિકારીજી પાકા મરજાદી વૈષ્ણવ. ઘેર શ્રીદ્વારકાધીશ પ્રભુની સ્વરૂપ-સેવા બિરાજે. ત્યાં એ ગયા, ત્યારે તેઓ ઠાકોરજીને શૃંગાર કરી રહ્યા હતા. વાત સાંભળીને એમણે કહ્યું: 'ભાઇ, એક પ્રશ્ન કરું ? કોણ જોવા ગયું છે કે તમે આ મહાપ્રભુજીની વાતો કરો છો તે મહાપ્રભુજી થયા કે નહીં?' આવી વાત કરવી તે દુઃસંગ.

શ્રીહરિરાયચરણ અહીં એ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી જો જુદી વાત કરતું હોય, તો જેના દ્વારા એ જીવ ભગવદ્ભાવથી વિમુખ થઇને લૌકિકમાં આસક્ત બનવાનો હોય, જેના સ્મરણથી એની અહંતા-મમતા વધવાની હોય, તો એ વાણીને દુષ્ટ સંગ જાણવો. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો સિવાયની જીવન જીવવા માટેની બીજી કોઇ પણ વાત આપણા માટે દુઃસંગ છે. આપણે તરત જ પ્રશ્ન કરીશું કે તો પછી સત્સંગ શું છે? ભૂમિતિમાં એક પ્રમેય પુરવાર કર્યા પછી એની કોલોરરી કરીએ છીએ. અહીં શ્રીહરિરાયચરણે દુઃસંગની વિરુદ્ધનું સત્સંગ સ્વરૂપ બતાવ્યું.

શ્રીહરિરાયચરણે સત્સંગના ત્રણ લક્ષણો બતાવ્યાં: પહેલું લક્ષણ, જે વૈષ્ણવને શ્રીઠાકોરજીમાં નિષ્કામ પ્રીતિ છે, નિર્હેતુક ભક્તિ છે, કેવળ પ્રભુની પ્રસન્નતા માટે જ જેનું જીવન છે. જે લૌકિક બાબતોમાં નિરપેક્ષ છે, અને જે વૈરાગ્યપૂર્ણ સાત્ત્વિક જીવન જીવે છે, એવા ભગવદીયોનો સંગ, શ્રીકૃષ્ણનાં ચરણારવિંદમાં આપણી ભકિત વધારવા માટે શ્રીમહાપ્રભુજીએ ભગવદ્ભાવનું જે ઉત્તમ બીજ આપણા હૃદયમાં પધરાવ્યું છે, એનું પોષણ અને સંવર્ધન કરવા માટે આપણે સત્સંગ કરવાનો છે. એનું સંવર્ધન અને પોષણ કરવું હોય તો એ જ પ્રકારની ભવગદ્વાર્તાઓનું આપણે સદાય એવા ભગવદીય અધિકારીઓ પાસેથી શ્રવણ, સ્મરણ, કીર્તન કરવું જોઇએ. આવા ભગવદીયને જોઇને, જાણીને, નાણીને એમનો સંગ કરવો જોઇએ.

પછીના શ્લોકમાં શ્રીહરિરાયચરણ આ ભગવદીયોનું એક બીજું લક્ષણ આપે છે કે શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં જેને દૃઢ આશ્રય છે, શ્રીઆચાર્યચરણના

ભરોસા સિવાય જેને બીજી કોઇ વાતનું અન્યથા જ્ઞાન નથી, એવા ભગવદ્ ભક્ત સાથે મળીને ભગવદ્-વાર્તાનું શ્રવણ કરવું જોઇએ.

શ્રીહરિરાયચરણ એમ પણ બતાવે છે કે ભલે વૈષ્ણવ હોય, વૈષ્ણવી વેશ ધારણ કરતો હોય, પરંતુ એનામાં જો દોષબુદ્ધિ હોય, એ કંઇક ઊલટું વિચારતો કે માનતો હોય, તો એનો સંગ કરવો નહીં. એનો સંગ આપણા માટે દુ:સંગ બને છે.

સત્સંગ દ્વારા આપણા મનને આખરે કેવું બનાવવાનું છે? બીજભાવનું રોપણ થયેલું હૃદયરૂપી ક્ષેત્ર, સત્સંગ જળના સિંચનથી કેવું બનશે? આપશ્રીએ સુંદર વાત બતાવી છે. સત્સંગ દ્વારા આપણા બીજભાવની દૃઢતા કરવાની છે. બહુ ખેદની વાત છે કે આજે આ વાતમાં આપણને બહુ દૃઢતા રહી નથી અને એનું પરિણામ આપણે સૌ ભોગવીએ છીએ. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ માર્ગમાં ચાર તત્ત્વો સર્વોપરી છે : શ્રીકૃષ્ણ-શ્રીઠાકોરજી-શ્રીયશોદાનંદન, શ્રીમદાચાર્ય-શ્રીમહાપ્રભુજી, શ્રીવિઠ્ઠલેશ્વર-શ્રીગુસાંઇજી અને લીલાસામગ્રી-સર્વ વ્રજભક્તો સહિત સમગ્ર લીલાપરિકર. આ ચાર પુષ્ટિમાર્ગનાં પ્રાણતત્ત્વો છે. એમના સમાન પુષ્ટિમાર્ગમાં બીજું કોઇ નથી. આ ચાર ભગવત્સ્વરૂપો ભિન્ન-ભિન્ન નથી, એક જ છે. શ્રીઠાકોરજી એ જ શ્રીમહાપ્રભુજી છે. એટલે શ્રીઠાકોરજીમાં અને શ્રીગુસાંઇજીમાં, શ્રીગુસાંઇજીમાં અને શ્રીમહાપ્રભુજીમાં કોઇ કાળે ભિન્નતાનો સંદેહ ન કરવો; કારણ કે એમનામાં કોઇ જ જુદાપણું નથી, કોઇ સ્વરૂપમાં વધઘટ નથી. સર્વત્ર એક જ સ્વરૂપ લીલા માટે વિવિધ સ્વરૂપો ધારણ કરીને વિલસી રહ્યું છે, એ પાયાનો સિદ્ધાંત જો આપણા હૃદયમાં ભગવત્કૃપાથી દૃઢ બની જાય, સત્સંગ દ્વારા આટલું આપણે જો જાણી લઇએ કે ''પ્રભુ નંદકુમારો મે સ્વામિની વૃષભાનુજા, કૃતાર્થોઽહં કૃતાર્થોઽહં કૃતાર્થોઽહં ન સંશય:'' શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. કે આ વાતમાં કદી અવિશ્વાસ કરશો નહીં. એમાં કદી દુર્બુદ્ધિ કરશો નહીં.

શ્રદ્ધાપૂર્વક, વિશુદ્ધ હૃદયમાં ધારણ કરવા માટેના આ લૌકિક સિદ્ધાંતો છે. હવે આપ એક લાલબત્તી બતાવે છે. જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો નથી, અરે, જે વૈષ્ણવ છે; પણ જેના હૃદયમાં ભગવદ્ભાવનું બીજ જ અંકુરિત થયું નથી. એમની આગળ પણ આ ભાવભાવના, લીલાભાવના અને સ્વરૂપ - ભાવનાની વાતો ન કરશો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે: સત્સંગ કરતી વખતે એ વિચાર કરવો જોઇએ કે આપણે કોની સાથે સત્સંગ કરવા બેઠા છીએ. જે લૌકિક બુદ્ધિથી આસક્ત મનુષ્યો છે, જે વિમુખ છે, એમની આગળ અલૌકિક ભાવો કદી પ્રકટ કરવા જોઇએ નહીં. એક વખત એક વૈષ્ણવે પ્રશ્ન કર્યો કે સેવા કયા ભાવથી કરવી? વાસ્તવમાં, એ વૈષ્ણવ સેવા

કરતા જ નહોતા અને સેવા કરવા માટે એમના મનની તત્પરતા પણ ન હતી, પણ પૂછવા ખાતર એમણે આ પ્રશ્ન કર્યો, ત્યારે એનો જવાબ આપવામાં આવેલો કે કોઇ ભાવથી નહીં. મેં પૂછયું કે આપે આવો જવાબ કેમ આપ્યો? ત્યારે આજ્ઞા થઇ કે જેને સેવા કરવી નથી, કરતા નથી એને માટે ભાવની વાત જ કયાં? એક ગામમાં એક વૈષ્ણવે મને પ્રશ્ન કરેલોઃ રમેશભાઇ, ઠોર-બુંદી-મોહનથાળનો શો ભાવ છે? મેં તેમને હસતાં હસતાં કહ્યું, 'તમારા શહેરના મંદિરમાં શો ભાવ ચાલે છે તેની મને શી ખબર પડે? મહેસાણાના મંદિરનો ભાવ પૂછો તો હું કહું.' એમણે કહ્યું, 'રૂપિયાનો ભાવ નહીં, હું તો ભાવભાવના પૂછું છું.' મેં કહ્યું : 'તમે શો ભોગ ધરીને લ્યો છો? અનસખડી ધરો છો?' તો કહે, ના હું તો મિસરી પણ નથી ધરતો. મેં કહ્યું, તો પછી તમારે આ ભાવ જાણવાની કોઇ જરૂર નથી. મહાપ્રસાદની મીઠાશ માણો એ પૂરતું છે. જેને ભગવત્સેવા કરવી નથી, જેનું મન ભગવદ્ભાવમાં આસક્ત નથી, એની સામે અલૌકિક ભાવો પ્રગટ ન કરવા એવી શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે.

અંતમાં, શ્રીહરિરાયચરણ સોળમા શ્લોકમાં બહુ સુંદર આજ્ઞા કરીને આ તૃતીય શિક્ષાપત્રનો ઉપસંહાર કરે છે. આપ આજ્ઞા કરે છે કે આ જે શિખામણ અમે લખી એમાં અમારો કોઇ સ્વાર્થ નથી, પણ અમારો સ્વભાવ થઇ ગયો છે કે જીવ શ્રીવલ્લભના શરણે આવીને વિપથગામી થતો હોય તો એને સાચો માર્ગ બતાવવો. અંગુલિનિર્દેશ કરવો એ અમારી ફરજ છે, માટે આ શિખામણ આપી છે. છતાંયે જો તમને એમ થતું હોય કે ના, ના, આ તો બધું અમારે માટે આવશ્યક નથી, તો આપ આજ્ઞા કરે છે કે મારો આગ્રહ નથી કે તમે એ ધારણ કરો જ. જો તમને આ પસંદ પડે, જો પ્રભુકૃપાથી તમારા હૃદયમાં આ સિદ્ધાંતનો પ્રકાશ થાય, જો સત્સંગમાં તમારી તત્પરતા બની આવે, તો 'ચિત્તે ધીયતામ્' હૃદયમાં એને ધારણ કરજો. એનો વિચાર કરજો. 'સર્વથા' એને સંપૂર્ણ સ્વરૂપમાં વિચારજો અને 'સ્નેહેન' પ્રેમપૂર્વક એનો વિચાર કરજો. દુનિયામાંયે કોઇ વ્યક્તિ આપણને 'આમ કરો' એવું સૂચન કરે છે, ત્યારે આપણે ત્રણ રીતે એનો અમલ કરીએ છીએ. એક તો આંખ આગળ કાન કરીએ કે કાન આગળ આંખ કરીએ, પણ એ વાતને ઉડાવી દઇએ છીએ. એને આપણે હૃદયમાં ધારણ કરતા જ નથી. કયાંક આપણને એમ લાગે કે અહીં હવે આપણો છૂટકો નથી. ધારણ કરવું જ પડશે, જીવનમાં કરી બતાવવું પડશે, ત્યારે મોઢું કડવું કરીને એનું આચરણ કરીએ છીએ. તમે નાના બાળકને જોજો. એને અભ્યાસ કરવાનું કહેશો, એટલે પહેલાં તો તે ગલ્લાં-તલ્લાં કરીને નાસી જવાનો પ્રયત્ન કરશે. એમ લાગશે કે હવે અહીં મમ્મીની ચુંગાલમાંથી ખસી શકાશે નહીં, એટલે મોઢું કડવું

કરીને બેસશે; પરંતુ જે સમજુ છે, જેને એમાં રસ જાગ્યો છે, એ તો 'સ્નેહેન' પ્રેમપૂર્વક એ વાતને ઝીલી લેશે અને તત્કાળ પ્રેમપૂર્વક એનો અમલ કરશે.

મનોવિજ્ઞાન બહુ સ્પષ્ટ રીતે બતાવે છે કે, માનવીએ સૌથી પહેલાં પોતાને ઉપયોગી, પથ્યકારી, જે સારી બાબતો છે એનું શ્રવણ કરી, ગાય અને ભેંસ જેમ વાગોળે તેમ ચર્વણ કરી, એના પોષક પદાર્થને-બરાબર હૃદયમાં ઘૂંટવો જોઇએ. મેંદીને પથ્થર ઉપર જેટલી લસોટીએ એટલો રંગ પાકો થાય. ભગવત્સિદ્ધાંત રૂપી આ મેંદીને હૃદયના ઓરસિયા ઉપર લસોટવી પડશે. તો જ હૃદયને એનો રંગ લાગવાનો છે. એ કામ જેટલું પ્રેમપૂર્વક કરીશું, આદરપૂર્વક કરીશું, શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરીશું, આગ્રહપૂર્વક કરીશું એટલો ભગવદીયોની કૃપાથી આપણા હૃદયમાં ભગવદ્‌ભાવ સત્સંગ દ્વારા સુદૃઢ થશે; અંકુરિત થશે અને એમાંથી પ્રેમ, આસક્તિ અને વ્યસનરૂપી પત્ર, પુષ્પ અને ફળ પણ પ્રાપ્ત થશે.

સત્સંગ માટે ભગવદીયોનાં જે લક્ષણો અહીં બતાવ્યાં એવા ભગવદીયો ન મળે તો શું કરવું? એ વાત આગળના શિક્ષપત્રોમાં શ્રીહરિરાયચરણ આપણને બતાવવાના છે; એટલે શ્રીહરિરાયચરણે આ શિક્ષાપત્રમાં એક જ વાત-સત્સંગરૂપી સિદ્ધાંતને સમજાવવા માટે અહીં સોળ શ્લોક યોજ્યા છે. માટે વૈષ્ણવના ષોડશ શૃંગારરૂપી આ સત્સંગ છે. સત્સંગ દ્વારા સેવા, સ્મરણ અને લીલા-સ્વરૂપ-ભાવન, ભાવભાવન શકય બનવાનું છે. સત્સંગના અભાવમાં આપણાં વૈષ્ણવ - જન્મ અને વૈષ્ણવ-જીવન નિરર્થક જવાનાં છે. માટે પેલા ભગવદીયોએ ૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં બતાવ્યું છે કે અનાયાસે રસ્તામાં બે ઘડી મળ્યા છે, તોય એમણે ભગવદ્‌વાર્તા કરી છે, લૌકિક વાતો કરી નથી. એથી 'બે ઘડી જીવ્યા' એમ લખ્યું છે. પેલો પ્રેત સામે આવ્યો તોય વૈષ્ણવે મને ખાઇ જવો હોય તો ખાઇ જજે. સત્સંગ કર્યો છે, શ્રીમહાપ્રભુજીના સેવક શેઠ શ્રીદિનકરદાસે. વરસતા વરસાદમાં કાચી અંગાખરી ખાઇને ભગવદ્‌વાર્તાનું સ્મરણ કર્યું છે, અલીખાન અને પીરજાદીએ. શ્રીગુસાંઇજીએ જયારે આજ્ઞા કરી ત્યારે વિનંતી કરી કે, ''કૃપાનાથ, આજ્ઞા કરો તો ગઇકાલનો પ્રસંગ કહીએ, અને નહીં તો જયારથી અમે ભગવદ્‌વાર્તા સાંભળવા આવ્યાં ત્યારથી માંડીને દરરોજની ભગવદ્‌વાર્તા કરીએ.'' સત્સંગ કર્યો છે પેલા વક્તા-શ્રોતા વૈષ્ણવોએ, જેમને ભગવદ્‌વાર્તા કરતાં દેશકાળનું પણ ધ્યાન રહ્યું નથી. સત્સંગ કર્યો છે ૨૫૨ પૈકીના પેલા વૈષ્ણવ ભગવદીયોએ, કે જેમના ગામમાં સત્સંગનો અભાવ હતો, તો જે વૃક્ષ નીચે શ્રીગુસાંઇજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું, એ વૃક્ષને પોતાનો ગુરુબંધુ માની, રોજ સાંજે એમની નીચે બેસીને એમની સાથે ભગવદ્‌વાર્તા કરીને

સત્સંગ કર્યો છે.

પ્રિય વૈષ્ણવો ! આપણને તો સત્સંગ કરવા માટે સાંપ્રત સમયમાં સવિશેષ અનુકૂળતાઓ છે. સત્સંગ-મંડળો ચાલે છે, ભગવદ્‌વાર્તાઓ થાય છે, ભગવદ્‌વાર્તાના પ્રસંગો સામયિક દ્વારા પણ આપણને પ્રાપ્ત થાય છે. એ સૌનો આપણે બરાબર લાભ લઇએ અને એમાંથી ગ્રહણ કરવાનું કરીએ, તો એ સત્સંગ આપણા માટે ફળરૂપ બને. આજે તો આપણા ઉપર પ્રભુની વિશેષ કૃપા છે કે આપણને વાંચતાં આવડે છે. સ્વમાર્ગીય ગ્રંથોને યત્કિંચિત્ સ્વરૂપમાં પણ સમજવાની પ્રભુએ શકિત આપી છે. જયાં ભગવદ્‌વાર્તા થતી હોય, ત્યાં નિત્યનિયમ અને આગ્રહપૂર્વક ન જઈ શકાય અને જઇ શકાતું હોય, તો પણ આપણે પ્રત્યેક વૈષ્ણવે એવો નિયમ લેવો જોઇએ કે રોજ રાત્રે ભલે ગમે તેટલું મોડું થાય, પણ ઓછામાં ઓછી દશ મિનિટ, પંદર મિનિટ ભગવદ્‌વાર્તાનું વાચન, સ્મરણ કર્યા વિના સૂઇ જવું નહીં. વધુ ન બને તો એક શ્લોક શિત્રાપત્રનો, ભગવદીય વાર્તા પૈકીની એક વાર્તા અને એનો એક પ્રસંગ એટલું વાંચીને જ સૂઇ જવું. શકય હોય તો કુટુંબના સૌ સભ્યોને સાથે બેસાડીને વાંચ્યા પછી જ સૂઇ જવાનો વ્યવહાર આપણે બનાવી દઇએ તો ઘેર-ઘેર ભગવદ્‌વાર્તા અને સત્સંગ થવાથી દુઃસંગરૂપી જળ દ્વારા જે ભગવદ્‌ભાવ રૂપી અગ્નિ ઓલવાઇ રહ્યો છે એ ભગવદ્‌ભાવ રૂપી અગ્નિનું આપણે પ્રભુકૃપાથી જરૂર રક્ષણ કરી શકીએ.

આજે આપણી સ્થિતિ બહુ વિચિત્ર બનતી જાય છે. સત્સંગના અભાવે સંપ્રદાયના સિદ્ધાંતોનું જ્ઞાન આપણામાંથી લુપ્ત થતું જાય છે, જે માતા પોતે કશું જાણતી નથી એ માતા એના દીકરાને એણે કરેલા પ્રશ્નના જવાબમાં શું કહેવાની છે? દીકરો પૂછે છે, 'મમ્મી' તું અમને દર્શન કરવા લઇ જાય છે. શ્રીજીબાવાનાં અમે દર્શન કર્યાં, આ શ્રીજીબાવાએ એમનો જમણો હસ્ત કટિ ઉપર અને વામ હસ્ત ઊર્ધ્વ ધારણ કેમ કર્યો હશે?' પેલી મા, દીકરાને આંખ કાઢીને, અવાજમાં ગરમી લાવી કહેશે, 'છાનોમાનો દર્શન કર. દર્શન કરતાં બહુ નહીં બોલવાનું.' પેલું બાળક છાનું થશે ખરું, પણ એ હમંશ માટે ચૂપ થઇ જશે. એ બાળક જાણી જશે કે માતાને જ ખબર નથી કે શ્રીહસ્ત આમ કેમ ધારણ કર્યા છે? એ બાળકની જિજ્ઞાસા નહીં સંતોષાય એટલે જયાં કોઇ એને એના મનની જિજ્ઞાસા સંતોષનાર મળશે એ માર્ગે તે બાળક આગળ વધશે. સ્વમાર્ગના સિદ્ધાંતો જાણવાની એની જિજ્ઞાસાનો જે અગ્નિ પ્રગટયો હતો, એના ઉપર આ દુઃસંગનું ઠંડું જળ રેડાઇ ગયું. અનેક જૈન કુટુંબોના પરિચયથી મેં જોયું છે કે માતા એના બાળકને આગ્રહપૂર્વક કહે છે કે તારે

પાઠશાળાએ જવું પડશે. તારે દરરોજ નવી ગાથા શીખવી પડશે, એ શીખીને નહીં આવે ત્યાં સુધી સાંજે ભોજન નહીં મળે. આપણે તો કહીએ છીએ, હજુ તારે મંદિરે આવવાની વાર છે, હમણાં ભણ. મોટો થાય પછી મંદિરે જજે. આપણે આપણાં બાળકોમાં દુ:સંગ પ્રેરીએ છીએ, સત્સંગ પ્રેરતા નથી. માટે આપણે પોતે સહુથી પહેલાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી રોજ સત્સંગ કરવાનો નિયમ બનાવવો પડશે.

શ્રીહરિરાયચરણ અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી સત્સંગનું સ્વરૂપ, એના થોડાક સિદ્ધાંત તૃતીય શિક્ષાપત્ર દ્વારા આપણે જોયા.

શિક્ષાપત્ર-૩ : સારાંશ

(૧) **શ્લોક સંખ્યા :** ૧૬

(૨) **વિષય :** દુ:સંગ અને સત્સંગનું નિરૂપણ.

શ્રીહરિરાયજી ભગવદ્‌ભાવને અગ્નિ સાથે સરખાવે છે. દુ:સંગને જળ સાથે સરખાવે છે, સત્સંગને અગ્નિ પર મૂકેલા પાત્ર સાથે અને બળતણ સાથે સરખાવે છે.

અગ્નિ સાથે જળનો સાક્ષાત્ સંબંધ થતાં અગ્નિ બુઝાઇ જાય છે, અગ્નિ સાથે લાકડાનો સંબંધ થાય તો અગ્નિ વધુ પ્રજવલિત બને છે.

આવી રીતે, ભગવદ્‌ભાવરૂપી અગ્નિમાં સત્સંગરૂપી બળતણ ઉમેરવાથી ભગવદ્‌ભાવરૂપી અગ્નિ વધુ પ્રજ્વલિત થાય છે.

અગ્નિ પર મૂકેલા પાત્રમાં જળ ભરવાથી પાત્રનું જળ વરાળ થઇ ઊડી જાય છે અને અગ્નિ ઓલવાતો નથી.

આમ, સત્સંગ પાત્ર જ એવું છે કે તેના વ્યવધાનથી દુ:સંગરૂપી જળ ભાવરૂપી અગ્નિને બુઝાવી શકતું નથી.

દુ:સંગરૂપી જળથી ભગવદ્‌ભાવરૂપી અગ્નિની સુરક્ષા કરવા શ્રીદામોદરદાસ સંભરવાળાની જેમ લોકસંકોચનો ત્યાગ કરવો જોઇએ.

દુ:સંગ કયારે- કયારે લાગે?

(૧) અન્ય સંબંધવાળા લોકોનો સંગ એટલે દુ:સંગ.

(૨) લૌકિકમાં આસક્ત લોકોનો સંગ એટલે દુ:સંગ.

(૩) શ્રીમહાપ્રભુજીથી વિરુદ્ધ વચનો બોલનાર મનુષ્યોનો સંગ એટલે દુ:સંગ.

(૪) અવૈષ્ણવોનો (જે પુષ્ટિમાર્ગથી વિમુખ છે અને ભગવદીયોમાં દોષબુદ્ધિવાળા છે તેમને અવૈષ્ણવ જાણવા) સંગ એટલે દુ:સંગ.

(૫) લૌકિક વિષયોનો સંગ એટલે દુઃસંગ.
(૬) વ્યાવહારિક કાર્યોમાં આસક્તિ એટલે દુઃસંગ.

સત્સંગ કોનો કરવો?

(૧) શ્રીકૃષ્ણમાં નિત્ય સ્નેહ રાખનાર.
(૨) નિરપેક્ષ.
(૩) સાત્ત્વિક.
(૪) શ્રીકૃષ્ણ, શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને લીલાપરિકરમાં એકત્વ રાખી, નિત્યલીલાનું અનુસંધાન કરનાર.
(૫) શ્રીવલ્લભના તદીયજનો.
(૬) મહત્કુળમાં પ્રકટેલા, અર્થાત્ શ્રીવલ્લભવંશજ ગોસ્વામી બાળકો.

સત્સંગ કેવી રીતે કરવો?

(૧) દુઃસંગ ભગવદ્ભાવને દુષ્ટ કરે તે પહેલાંથી જ થોડો-થોડો સત્સંગ કરવાની શરૂઆત કરવી.
(૨) સત્સંગ કર્યા પછી વારંવાર એનું ચિંતન કરવું.
(૩) તદીય વૈષ્ણવોના વચનથી વિરુદ્ધ વચન સ્વીકારવાં નહિં.
(૪) સત્સંગમાં હંમેશાં તત્પર રહેવું.
(૫) સત્સંગ ન બને તો હમેશાં મૌન ધારણ કરી, શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું.

શિક્ષાપત્ર ચોથું

પ્રભોર્ધર્માઃ શ્રુતૌ પ્રોક્તાસ્તથા ભાગવતેઽપિચ ।
અપ્રાકૃતાઃ સ્વરૂપૈકનિષ્ઠા ભિન્ના ન રૂપતઃ ॥૧॥

પ્રભુનાં ધર્મો અપ્રાકૃત છે, તે એક સ્વરૂપમાં જ સ્થિત છે અને સ્વરૂપથી અભિન્ન છે; એવું શ્રુતિમાં તેમજ શ્રીમદ્ ભાગવતમાં નિરૂપણ કરવામાં આવેલું છે. (૧)

કર્તૃત્વસર્વરૂપત્વ-સર્વાધારત્વમુખ્યકાઃ ।
વ્યાપકત્વવિરુદ્ધાત્મધર્માદ્યાઃ શ્રુતિરૂપિતાઃ ॥૨॥

કર્તાપણું, સર્વરૂપપણું, સર્વાધારપણુ - એ તેના મુખ્ય ધર્મો છે. વળી, વ્યાપકપણું તથા વિરુદ્ધ ધર્માશ્રયપણું વગેરે ધર્મો પણ શ્રુતિમાં નિરૂપિત કરવામાં આવેલા છે. (૨)

ઐશ્વર્યાદ્યા અંતરંગધર્મા ભાગવતે તથા ।
તેઽપિ સ્વરૂપભેદેન મર્યાદાપુષ્ટિભેદતઃ ॥૩॥

ઐશ્વર્ય વગેરે અંતરંગ ધર્મો શ્રીમદ્ ભાગવતમાં આપેલા છે. તે પણ સ્વરૂપભેદને લઈને મર્યાદા અને પુષ્ટિ એવા બે ભેદોથી જુદા પડે છે.

સર્વેઽપિ ચ વિભિદ્યન્ત ઈતિ શ્રીમત્પ્રભોર્વચઃ ।
અતોઽત્ર પુષ્ટિમાર્ગીયમંતરંગં વિશેષતઃ ॥૪॥

આમ, સર્વ ધર્મમાં પણ ભેદ પડે છે એવું આપશ્રીનું વચન છે; માટે અહીં તો વિશેષ કરીને અંતરંગ પુષ્ટિમાર્ગીય ધર્મ છે. (૪)

વિરુદ્ધધર્માશ્રયત્વં સ્વસુખાય વિચારયેત્ ।
પ્રભુઃ કુમાર એવાસ્તિ વ્રજે માતૃપદાંકગઃ ॥૫॥

પ્રભુએ વિરુદ્ધ ધર્માશ્રયત્વનો અંગીકાર પોતાના સુખ માટે જ કર્યો છે, એવું વિચારવું. વ્રજમાં પ્રભુ કુમાર-અવસ્થા રાખે છે, શ્રીયશોદોત્સંગલાલિત પ્રભુ કુમાર જ છે. (૫)

શ્રીભાગવતવાકયેન કૌમારં જહતુર્વ્રજે ।
વ્યાખ્યાતં ચ તથૈવાઽસ્મદાચાર્યૈર્વિવૃતાવપિ ॥૬॥

શ્રીમદાચાર્યજીએ શ્રીસુબોધિનીજીમાં 'કૌમારં જહતુર્વ્રજે' એવા શ્રીમદ્ ભાગવત-વાકયની ટીકામાં એવું વર્ણન કર્યું છે કે કુમાર-લીલા વ્રજમાં રાખીને, બાલસહજ કિશોર વયની લીલા કરી. (આમ, નિત્યલીલા ઠેરઠેર સંપાદન કરી.)

વ્રજ એવ કુમારશ્ચ કુમારીભાવવિદ્ધરિઃ ।
એકાદશ સમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોડવસત્ ॥૭॥

કુમારિકાના ભાવોને જાણનાર હરિ વ્રજમાં જ કુમાર છે. ગૂઢ પ્રભાવવાળા ૧૧ વર્ષના તે શ્રીબળદેવજી સહિત ત્યાં વ્રજમાં વસ્યા. (૭)

એતદ્વાકયં મિશ્રરૂપં કુમારઃ કેવલો હરિઃ ।
સામગ્રયડપિ તથૈવાસ્તિ યતો ગોપ્યઃ કુમારિકાઃ ॥૮॥

આ વાકય મિશ્ર ભાવવાળું છે. (સ્મૃતિમાં વ્યાપકરૂપ તથા ઐશ્વર્ય જ્ઞાનાદિ ધર્મસહિત રૂપનું વર્ણન છે. દશમ સ્કંધમાં 'કૌમારં જહતુર્વ્રજે'- વ્રજમાં કુમાર-અવસ્થા રાખી, એવું નિરૂપણ છે. ત્રીજા સ્કંધમાં 'એકાદશ સમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોડવસત્'- એવું વર્ણન છે. આમ, વ્યાપક, કૌમાર અને પૌગંડ-બાલ્યરૂપ કિશોર અવસ્થારૂપ પ્રતિપાદક વાકય છે); પરંતુ વસ્તુતઃ કેવળ કુમાર જ હરિ છે; કારણ કે વ્રજભક્ત (ઋષિરૂપા) કુમારિકા છે ને બીજી લીલાસામગ્રી પણ તેવી જ છે. (૮)

એવં સતીદશે રૂપે રાસલીલાદિરૂપણમ્ ।
વિરુદ્ધધર્માશ્રયત્વબોધાયૈવ હિ યુજ્યતે ॥૯॥

પ્રભુનું આવું મિશ્રરૂપે વર્ણન છે. તેવી સ્થિતિમાં રાસલીલાદિ કર્યાનું નિરૂપણ છે. આ વિરુદ્ધ ધર્માશ્રયત્વ જણાવવા માટે જ છે. (૯)

ઈદં હિ પુષ્ટિમાર્ગીયં તદેવ જ્ઞાયતે બુધૈઃ ।
ગીતગોવિંદાદ્યપદ્યેડપ્યેતદેવ નિરૂપ્યતે ॥૧૦॥

આ પુષ્ટિમાર્ગનું તત્ત્વ છે. પંડિતો તેને તે પ્રકારે જ જાણે છે. 'ગીતગોવિન્દ'ના પહેલા શ્લોકમાં પણ એવું જ (કુમાર અવસ્થા-સૂચક શ્રીનંદરાયજીનું વચન તથા શ્રીસ્વામિનીજી સાથે ક્રીડા કર્યાનું વર્ણન છે) નિરૂપણ કરવામાં આવ્યું છે. (૧૦)

અન્યથા નન્દવચનં તાદશે યુજયતે કથમ્ ।
અતસ્તુ પુષ્ટિમાર્ગીયવિરુદ્ધગુણસંશ્રયઃ ॥૧૧॥

જો પ્રભુનું વિરુદ્ધ ધર્માશ્રયત્વ સ્વીકારવામાં ન આવે, તો આ શી રીતે બની શકે? માટે પુષ્ટિમાર્ગીય પ્રભુ વિરુદ્ધ ધર્માશ્રયી છે. (૧૧)

રસમાર્ગીયધર્માસ્તુ તે બોદ્ધવ્યા વિચક્ષણૈઃ ।
બાલો રસિકમૂર્ધન્યઃ સ્વવશોડન્યવશઃ સદા ॥૧૨॥

જેઓ ચતુર પુરુષો છે, તેઓ જ રસમાર્ગના આ ધર્મને સમજે છે. શ્રીઠાકોરજી બાળક છે, છતાં રસિકોના શિરોમણિ છે. પોતે સ્વતંત્ર છે, છતાં સદા ભક્તને વશ છે. (૧૨)

અભીતઃ સર્વથા ભીતઃ સાપેક્ષો નિરપેક્ષકઃ ।
ચતુરોઽપિ મહામુગ્ધઃ સર્વજ્ઞોપ્યજ્ઞ એવ ચ ॥૧૩॥

પોતે સર્વથા ભયરહિત છે, છતાં ભયયુક્ત હોય; નિરપેક્ષ હોવા છતાં ઈચ્છાયુક્ત હોય; ચતુર હોવા છતાં મહામુગ્ધ હોય; સર્વજ્ઞ હોવા છતાં જાણે અજ્ઞ હોય એવા જણાય છે. (૧૩)

આત્મારામોઽપિ ગોપીનાં સર્વદા રતિવર્ધનઃ ।
પૂર્ણકામોઽપિ કામાર્તો હ્યદીનો દીનભાષણઃ ॥૧૪॥

આત્મામાં રમણ કરનાર હોવા છતાં ગોપીજનોની રતિ સદા વધારે છે, પૂર્ણકામ હોવા છતાં કામાર્ત બને છે, દીન ન હોવા છતાંય તે દીનની માફક બોલે છે. (૧૪)

સ્વપ્રકાશોઽપ્યપ્રકાશો બહિષ્ઠોન્તઃ સ્થિતઃ સદા ।
અસ્વતંત્રઃ સ્વતંત્રોઽપિ સમર્થો ન તથાપિ ચ ॥૧૫॥

પોતાના તેજથી પ્રકાશિત હોવા છતાં (ભક્તો સમક્ષ) પ્રકાશ વગરના-નિસ્તેજ હોય તેવા જણાય છે. બહાર બિરાજતા હોવા છતાં ભક્તોના અંતઃકરણમાં બિરાજે છે. સ્વતંત્ર છતાં પરતંત્ર છે. સર્વ સામર્થ્યયુક્ત હોવા છતાં અસમર્થ છે. (૧૫)

એવં હિ પુષ્ટિમાર્ગીયં વિરુદ્ધ સ્વગુણાલયમ્ ।
કૃષ્ણં કૃપાલું સતતં શરણં ભાવયેદ્ હૃદિ ॥૧૬॥

કૃપાળુ પુષ્ટિમાર્ગીય કૃષ્ણ એવા પોતાના વિરુદ્ધ ગુણોના સ્થાનરૂપ છે. હંમેશાં તેવા કૃષ્ણની ભાવના હૃદયમાં કરવી. (૧૬)

અસાધનઃ સાધનવાનસાધુઃ સાધુરેવ વા ।
શરણાદેવ નિખિલં ફલં પ્રાપ્નોત્યસંશયમ્ ॥૧૭॥

જીવ સાધન-રહિત હોય કે સાધન કરનાર હોય, અસાધુ હોય કે સાધુ હોય; તે ગમે તેવો હોવા છતાં જો તે ભગવાનને શરણે જાય તો નિશ્ચિતપણે સર્વ પ્રકારે ફળની પ્રાપ્તિ કરે છે. (૧૭)

ભક્તિમાર્ગે સાધનં ચ ફલં શરણમેવ હિ ।
સર્વધર્મપરિત્યાગઃ સ્વતંત્રં ચેત્ફલં હિ તત્ ॥૧૮॥

ભક્તિમાર્ગમાં શરણ જ સાધન છે અને શરણ જ ફળ છે. માટે સર્વધર્મનો પરિત્યાગ કરવામાં આવે, તો સ્વતંત્ર ફળરૂપ એવા શરણની પ્રાપ્તિ થાય. (૧૮)

પરોક્ષે શરણં તાદૃઙ્ મહાપુરુષયોગતઃ ।
કૃપાચેત્તાદૃશાનાં હિ તદા તદ્દ્વારકં ભવેત્ ॥૧૯॥

જયારે ભગવાનની અનવતાર દશા હોય ત્યારે મહાપુરુષના સંબંધથી તેવું શરણ સિદ્ધ થાય છે. જો તાદૃશીજનની કૃપા થાય, તો તેની દ્વારા તે સિદ્ધ થાય. (૧૯)

તેષામપિ તુ પારોક્ષ્યે તદુક્તૈર્વચનૈઃ સ્વતઃ ।
તત્પ્રકાશિતમાર્ગૈકસ્થિતૌ ભવતિ સર્વથા ॥૨૦॥

કદાચ એવા મહાપુરુષોનો પણ સાક્ષાત્ સંબંધ ન થાય, તો તેમની પરોક્ષમાં, તેમનાં કહેલાં વચનામૃતથી પણ તેમણે પ્રકટ કરેલા માર્ગમાં જો મુખ્ય સ્થિતિ થાય, તો તેનાથી પણ સર્વદા શરણ સિદ્ધ થાય. (૨૦)

સંસારિણાં સદા દુષ્ટસંગિનામન્નદોષતઃ ।
બહિર્મુખાનાં મત્તાનાં કુતો માર્ગસ્થિતિર્ભવેત્ ॥૨૧॥

જે સંસારીઓ દુષ્ટ સંગવાળા છે, અન્નદોષથી જેઓ બહિર્મુખ અને ઉન્મત્ત બન્યા છે, તેવાઓની સ્થિતિ પુષ્ટિમાર્ગમાં કયાંથી થાય?

તદર્થં શ્રીમદાચાર્યચરણાંબુરુહાશ્રયઃ ।
અદાવિધેયસ્તેનૈવ સકલં સિદ્ધિમેષ્યતિ ॥૨૨॥

તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાને શ્રીમદાચાર્યજીના ચરણારવિંદનો સદા આશ્રય રાખવો. તેમ કરવાથી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. (૨૨)

તદાશ્રયોડપિ મનસઃ સંગાભાવેન ચેત્સતામ્ ।
તોષાભાવેન શિથિલો યદિ દૈવાદ્ભવિષ્યતિ ॥૨૩॥
તદાસ્માકં ગતિઃ કા વેત્યેવં ચિંતાસ્તિ મે હૃદિ ।
લૌકિકક્લેશસંબંધો હ્યંગીકૃતસ્ય લક્ષણમ્ ॥૨૪॥

સત્પુરુષોના સંગના અભાવથી મન પ્રસન્ન ન રહે અને તેને લીધે જો કદાચ તેમનો આશ્રય શિથિલ થાય, તો શી ગતિ થાય, એવી ચિંતા મારા હૃદયમાં રહ્યા

કરે છે. લૌકિક સંબંધ પણ હરિના અંગીકારનું લક્ષણ છે, એવું સમજવું (૨૩-૨૪)

લોકે સ્વાસ્થ્યમિતિ શ્રીમદાચાર્યવચનામૃતાત્ ।
તદીયૈઃ સ્વામિહાર્દજ્ઞૈસ્તોષઃ કાર્યસ્તુ તેન હિ ॥૨૫॥

શ્રીમદાચાર્યજીનું વચનામૃત છે કે પ્રભુ લોકમાં સ્વાસ્થ્ય નહિ કરે. જેઓ તેઓશ્રીના જીવો છે તેમણે સ્વામીના હૃદયનું આવું હાર્દ જાણી તેનાથી સંતોષ રાખવો. (૨૫)

અતો હિ લૌકિકઃ કલેશોનાંતરઃ ક્રિયતાં ક્વચિત્ ।
બાહ્યતસ્તુ પ્રકર્તવ્યો હ્યૌદાસીન્યપ્રસાધનાત્ ॥૨૬॥

અંતરમાં લૌકિક કલેશ કદીયે કરવો નહિ. તેમને ઉદાસીનતાની સિદ્ધિની અર્થે બહારથી તેવો કલેશ કરવો પડે, તો તેવો કલેશ તેઓ ભલે કરે. (૨૬)

દુઃખં દુઃસંગજં ચાન્યત્ લૌકિકાભિનિવેશજમ ।
સત્સંગાભાવજં ચાપિ તથા માર્ગસ્થિતેરપિ ॥૨૭॥

એવું પણ બને કે દુઃસંગથી ઉત્પન્ન થતું દુઃખ હોય, બીજું લૌકિક આવેશજન્ય દુઃખ હોય, ત્રીજું સત્સંગના અભાવનું દુઃખ હોય અને ચોથું માર્ગની સ્થિતિનું પણ દુઃખ હોય. (૨૭)

તત્તુ મત્પ્રભુપાદાબ્જકૃપયા સર્વથા મમ ।
તદીયાનાં ચ સંગેન ક્ષણાદ્ દૂરીભવિષ્યતિ ॥૨૮॥

શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદની કૃપાથી તથા તદીયના સંગથી અમારું દુઃખ તો ક્ષણમાં દૂર થઇ જશે એ નિશ્ચય છે. (૨૮)

તે દુર્લભા ઈતિ મનઃ ખિન્નં ભવતિ નિત્યદા ।
યદા પ્રભુઃ કૃપાપૂર્ણઃ કૃપયિષ્યતિ દૈન્યતઃ ॥૨૯॥
તદાચાર્યપદાસક્તાંસ્તાનુપસ્થાપયિષ્યતિ ।
અસ્માકં તુ ગતિર્નાન્યા શ્રીકૃષ્ણઃ શરણં મમઃ ॥૩૦॥

પરંતુ એવા ભગવદીયો દુર્લભ છે, એથી મન નિરંતર ખિન્ન રહે છે જયારે કૃપાપૂર્ણ પ્રભુ દીનતાને લઈને કૃપા કરશે ત્યારે શ્રીઆચાર્યચરણમાં આસક્તિવાળા ભગવદીયોનો સત્સંગ થશે. અમારી તો બીજી ગતિ જ નથી. એકમાત્ર શ્રીકૃષ્ણ જ અમારું શરણ છે. (૨૯-૩૦)

શિક્ષાપત્ર ચોથું

પ્રાચીન ભગવદીયો આજ્ઞા કરે છે તે પ્રમાણે શિક્ષાપત્ર સાહિત્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું કલ્પવૃક્ષ છે. જેમ કલ્પવૃક્ષ નીચે બેસનાર પોતાના મનવાંછિત સર્વ મનોરથોને વગર પ્રયત્ને તત્કાળ પામે છે એમ શિક્ષાપત્ર દ્વારા વૈષ્ણવી જીવન માટેની આપણી સર્વ ગૂંચો, આપણી સર્વ મૂંઝવણોનું આપણને તત્કાળ નિરાકરણ સાંપડે છે.

તૃતીય શિક્ષાપત્ર દ્વારા શું કરવું અને શું ન કરવું એ મહત્ત્વની વાત વિચારી. જે વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી દ્વારા બ્રહ્મસંબંધ થયું છે, જે વૈષ્ણવ શ્રીઠાકોરજીનાં સેવા અને સ્મરણ કરવા મનથી, વાણીથી અને ક્રિયાથી તત્પર થયા છે, એ વૈષ્ણવનું મન સદાકાળ ભગવત્-સ્મરણમાં લાગ્યું રહે એ માટે તેણે પોતાની આજુબાજુ ભયંકર રીતે વ્યાપેલા દુ:સંગનો ત્યાગ કરીને, ભગવદીયો સાથે સત્સંગ કરવો જોઇએ. હવે ચતુર્થ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ પ્રભુના દિવ્ય ધર્મોનું નિરૂપણ કરીને દ્વિતીય શિક્ષાપત્રમાં જે ભગવત્સ્વરૂપનું આપણને જ્ઞાન કરાવ્યું હતું એ પ્રભુનું શરણ સ્વીકારવા માટે આપણને શરણાગતિનો ઉપદેશ આપે છે. આમ, ચતુર્થ શિક્ષાપત્રનો વિષય પ્રભુના વિરુદ્ધધર્માશ્રયોના જ્ઞાન દ્વારા શરણાગતિનો છે. શ્રીહરિરાયચરણ વેદની શ્રુતિઓ અને ભાગવત દ્વારા આપણને ભગવત્સ્વરૂપ સમજાવીને આજ્ઞા કરે છે કે જે વૈષ્ણવને ભગવત્સેવા અને સ્મરણ કરવાં છે, એણે ભગવદીયોના સત્સંગ દ્વારા પ્રભુના ધર્મોને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. સંસારમાં લગ્ન કરવા ઇચ્છતી કન્યા જેની સાથે લગ્ન કરવા માગે છે; એના ગુણને, રૂપને અને સ્વભાવને સૌથી પહેલાં જાણવાનો, નાણવાનો પ્રયત્ન કરે છે. પ્રાચીન સમયમાં ભલે 'કન્યા વરયતે રૂપમ્' કહેવાયું; પણ આજના સમયમાં એ કન્યા કેવળ રૂપને જ વરતી નથી, થનાર પતિના ગુણોને અને એની શક્તિઓને જાણીને પછી જ પરણવાની સંમતિ આપે છે. એ કન્યા પતિના માહાત્મ્યને જાણીને એને સ્નેહ કરે છે. એમ જેમની સાથે આપણું બ્રહ્મસંબંધ થયું, એવા આપણા અલૌકિક પતિ શ્રીયશોદોત્સંગલાલિત નંદનંદનને; એમના ગુણોને, ધર્મોને, સ્વભાવને આપણે જાણી લેવા જોઇએ. તો જ એમનાં ચરણમાં, એમના સ્વરૂપમાં, આપણો પ્રેમ દૃઢ બને અને સર્વથી અધિક બને.

શ્રીહરિરાયચરણ અહીં પ્રભુના ધર્મોનું નિરૂપણ કરે છે. આ નિરૂપણનો વિચાર કરીએ એટલે 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'ના પ્રારંભમાં શ્રીમત્પ્રભુચરણે કરેલ પ્રભુના સ્વરૂપનું

નિરૂપણ યાદ આવી જાય છે. એનું જ ભાષ્ય ચોથા શિક્ષાપત્રના ત્રીસ શ્લોક પૈકી શરૂઆતના પૂર્વાર્ધમાં કરવામાં આવ્યું છે. 'પ્રાકૃતધર્માનાશ્રય' પ્રભુ જયારે ભૂતળ ઉપર પ્રગટે છે ત્યારે જગતની નજરે પ્રાકૃત ધર્મથી અલંકૃત, વપુ ધારણ કરીને પધારે છે; પરંતુ વાસ્તવમાં એ પ્રભુનું સ્વરૂપ નથી. એમનું સ્વરૂપ, એમનો સ્વભાવ અને એમનો ધર્મ અપ્રાકૃત છે. તો પ્રાકૃત સ્વરૂપ એટલે શું અને અપ્રાકૃત સ્વરૂપ એટલે શું એને આપણે જાણી લેવું જોઈએ. આપણા સૌનાં જે શરીર છે એ પ્રાકૃત છે, પ્રકૃતિ દ્વારા બનેલાં છે. એ સ્વરૂપમાં લોહી, માંસ, ચામ છે. એ શરીરની અંદર માયાએ રચેલા કેટલાક દુર્ગુણો છે. એમાં કોમ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આદિ છે. આ શરીરની બીજી એ મર્યાદા છે. એ સમય સાથે ઘસાતું જાય છે. રોગગ્રસ્ત બને છે અને એક દિવસ એનો નાશ પણ થાય છે. આવું પ્રાકૃત શરીર-આપણા જેવો દેહ પ્રભુનો ન હોય. શ્રુતિઓમાં પ્રભુના સ્વરૂપનું નિરૂપણ છે. 'આનંદકર-પાદમુખોદરાદિ'. પ્રભુનું સમગ્ર શ્રીઅંગ કેવળ આનંદમય છે. સ્વરૂપને સમજાવવા માટે સાકરની પૂતળીનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. સાકરની જો કોઈ પૂતળી બનાવીએ તો એનાં સર્વ અંગોમાં સાકર રહેલી છે, સર્વ અંગમાંથી સાકરનો સ્વાદ આવે છે, એમ પ્રભુનાં સર્વ અંગ, દ્વાદશ અંગ આનંદમય છે. કેવળ અલૌકિક આનંદ સિવાય ત્યાં બીજું કશું જ નથી. એ આનંદ એવો છે, જે કદી ઘટતો નથી. સદાય પૂર્ણાનંદ રસઘન સ્વરૂપ હોવાને કારણે શ્રીહરિરાયચરણ પ્રભુના એ સ્વરૂપને અપ્રાકૃત કહે છે. પ્રભુનું સ્વરૂપ અપ્રાકૃત હોવાને કારણે પ્રભુના ધર્મ-પ્રભુની અંદર જે સામર્થ્ય રહેલું છે એ પણ મનુષ્યોના જેવું નથી, પણ અપ્રાકૃત છે. મનુષ્યનું સામર્થ્ય તો કયારેક વધે છે, કયારેક ઘટે છે. કયારેક ઉપયોગમાં આવે છે, કયારેક ઉપયોગમાં નથી આવતું. પ્રભુનું સામર્થ્ય સદાય ભક્તોના ઉપયોગ માટે છે. પ્રભુના ધર્મો પ્રભુના સ્વરૂપથી જુદા નથી. પ્રભુના સ્વરૂપમાં અને ધર્મોમાં કોઈ ભેદભાવ નથી. એવા કેવળ આનંદમય, અખંડ, જે કયારેક નાશ ન પામે, જેમાં કયારેય કોઈ વિકૃતિ ન આવે, એવા પ્રભુના અપ્રાકૃત ધર્મોનું શ્રીહરિરાયચરણ આ ચતુર્થ શિક્ષાપત્રમાં નિરૂપણ કરે છે.

શ્રીહરિરાયચરણ આપણને સમજાવે છે : પ્રભુના ધર્મોને સમજવા માટે તેમને બે વિભાગમાં વહેંચી શકીએ, એક બહારથી દેખાતા ધર્મો, બહિરંગ ધર્મો; અને બીજા કેવળ ભક્તોને જ દર્શનીય બનતા, આસ્વાદનીય બનતા અંતરંગ ધર્મો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે બહિરંગ ધર્મોમાં પાંચ ધર્મોનું, પ્રભુના પાંચ પ્રકારના સામર્થ્યનું સંમિલન છે. પ્રભુનો પહેલો બહિરંગ ધર્મ છે કર્તૃત્વ - કર્તાપણું.

આ આખાય જગતના કર્તા-રચયિતા પ્રભુ પોતે છે. પ્રભુએ સ્વેચ્છાએ, નિજાનન્દ માટે આ જગતની રચના કરી છે. પરિણામે, જગત એ પ્રભુનું આધિભૌતિક-સ્વરૂપ છે. જગતના સર્વ જડ -ચેતન સ્વરૂપમાં ભગવત્સ્વરૂપનો અંશ છે. પ્રભુની કર્તૃત્વ-શક્તિનો વિચાર કરીએ ત્યારે આપણને ભારે આશ્ચર્ય થાય છે. તમે જગતનો કોઇ એક પદાર્થ લો. બીજા પદાર્થોને શોધવા જવાને બદલે આપણા મનુષ્યોની જ વાત કરીએ. જગતમાં કરોડો મનુષ્યો આજે જીવે છે અને અબજો મનુષ્યો આજ સુધીમાં થઇ ગયા. દુનિયામાં દીવો લઇને શોધવા નીકળીશું તોય બરાબર એકસરખા મનુષ્યો આપણને જોવા મળશે નહીં. બે સગા ભાઇઓ, અરે બે જોડિયા ભાઇઓ પણ એકસરખા દેખાતા હોવા છતાં, એમને ઓળખવા માટેની કોઇક નિશાની તો પ્રભુએ મૂકી હશે. આમ તો મનુષ્ય કહીએ એટલે આંખ-કાન-મોં-પગ-નાક બધાંને એકસરખાં, અને છતાંયે બે મનુષ્યો એકસરખા નહીં જોઇએ અને તરત જ કહીએ કે આ તો હું જેને મળવા માગું છું તે નથી. એને બનાવનાર કેટલો અદ્ભુત કલાકાર હશે તેનો વિચાર કરો. સવારે ઊઠીને બગીચામાં જુદાં-જુદાં પુષ્પોને જુઓ. અરે, જુદાં-જુદાં શા માટે? એક જ ગુલાબના છોડ ઉપર ગુલાબનાં ફૂલ ખીલ્યાં હોય એને જ જુઓ. આપણે કહીશું એક ફૂલનો જેવો રંગ છે, જેવું રૂપ છે, જેવો આકાર છે, એના કરતાં બીજાં ફૂલોમાં કંઇક વિલક્ષણતા છે. આમ, જગતમાં બધુંય એક આકારનું હોવા છતાંયે એના આકારમાં, રૂપમાં, ગુણમાં સ્વભાવમાં, સુગંધમાં ભિન્નતા છે. આવા અદ્ભુત પરમ કલાકાર પ્રભુની કર્તૃત્વ-શક્તિ એ એમનો મુખ્ય ગુણ છે. પ્રભુને ભલે ન જોયા હોય, છતાંયે એ કલાકારની શક્તિઓનો પરિચય થાય એવા ગુણનાં દર્શન આ જગતના પદાર્થોમાં થાય છે.

પ્રભુનો બીજો ગુણ છે : 'સ્વરૂપત્વ'. પ્રભુ પોતે જ સર્વ જડ-ચેતન પદાર્થોનું રૂપ લઇને જગતમાં વિલસી રહ્યા છે. જગતમાં જે કંઇ પદાર્થો છે, એ સર્વ ભગવદ્રૂપ છે અને એને કારણે શ્રીમહાપ્રભુજીએ પ્રભુના એ સર્વરૂપત્વનું વર્ણન કરતાં આજ્ઞા કરી : ''રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યોયતઃ'' રૂપ અને નામના ભેદથી આ જગતમાં ક્રિયા કરનાર પ્રભુ જ છે. નરસિંહ મહેતાએ પ્રભુના સર્વવ્યાપક રૂપને ગાતાં કહ્યું કે, જેમ સોનામાંથી ઘરેણાંના જાુદા જાુદા ઘાટ ઘડાય, પણ આખરે તો એ સોનું છે - 'ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.' એમ જગતના સર્વ પદાર્થો વિલક્ષણ અને વિશિષ્ટ હોવા છતાં આખરે ભગવદ્અંશ છે.

પ્રભુનો ત્રીજો બહિરંગ ધર્મ 'સર્વાધારત્વ' છે. જગતમાં સૌનું પાલન-પોષણ કરનાર, સૌના આધાર પ્રભુ પોતે છે. આપણા એક નાનકડા કુટુંબના વડીલ તરીકે

આપણે કયારેક અકળાઇ જઇએ છીએ; કારણ કે સૌનાં મન આપણે પ્રસન્ન રાખી શકતા નથી. આપણને મૂંઝવણ થાય છે કે, આ સૌનું પાલન, સૌનું મનોરંજન કેવી રીતે કરવું? ત્યારે જગતની આ જીવસૃષ્ટિનો વિચાર કરો. અબજો મનુષ્યો સાથે, નરી આંખે દેખાય એવાં એક અનેક પશુ-પક્ષી-જીવ-જંતુઓની સાથે; આંખો દ્વારા ન જોઇ શકાય, પણ બહુ શક્તિશાળી માઇક્રોસ્કોપથી જેને જોઇ શકાય, એવાં સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુઓ સાથે જીવસૃષ્ટિની ગણતરી કરવા જઇએ તો કદાચ થઇ શકે નહીં. એ સર્વ જીવસૃષ્ટિનું પ્રભુ પોતે પાલન કરે છે, એનું રક્ષણ કરે છે, એની જરૂરિયાતને સંતોષે છે. આ કાર્ય સહજ નથી. પ્રભુનો એ ત્રીજો ધર્મ છે 'સર્વાધારત્વ'.

પ્રભુનો ચોથો ધર્મ બતાવ્યો 'ન્યાયત્વ.' આટલા મોટા જગતમાં બધા જીવોનું પાલન કરવું અને સાથે સાથે એમના પર અંકુશ રાખવો. ઘરના વડીલો સહુનું પાલન તો કરે, પણ એ પાલન ન્યાયી હોય, સૌને એની યોગ્યતા પ્રમાણેનું ફળ મળે. ઉદ્ધતને દંડ પણ મળે, ભૂલ કરનારને એની સજા આપવામાં આવે, સારું કમાનારની કદર થાય, એ પ્રકારનો તટસ્થ ન્યાય કરવો અને તે બે-પાંચ-દશ મનુષ્યોનો નહીં, જગતના અગણિત જીવોનાં સારાં-ખોટાં કાર્યોને મૂલવીને ન્યાય આપવો એ કામ કેટલું બધું વિકટ હોય ! એ કાર્ય, એ ધર્મ પ્રભુ સહજ રીતે બજાવે છે.

પ્રભુનો પાંચમો ધર્મ છે 'વિરુદ્ધધર્માશ્રય.' અણુ કરતાંયે અણુ બનીને જીવમાત્રના હૃદયમાં અંતર્યામી સ્વરૂપે રહેતા પ્રભુ વિરાટમાં વિરાટ સ્વરૂપ ધારણ કરી શકે છે. પ્રભુના માટે બધું સહજ-શકય છે. આમ, પ્રભુના આ પાંચ ધર્મો-કર્તૃત્વ, સર્વરૂપત્વ, ન્યાયત્વ અને વિરુદ્ધધર્માશ્રય એ બહિરંગ ધર્મો છે; જેનો જગતમાં રહેતો પ્રત્યેક જીવ, ભલે પછી તે પ્રભુના શરણનો દાસ બન્યો હોય કે ન બન્યો હોય, પણ અનુભવ કરી શકે છે.

હવે, શ્રીહરિરાયચરણ આવા સર્વભાવેનસામર્થ્યયુકત કર્તું અકર્તું અન્યથા કર્તું, સર્વતંત્ર એવા, પ્રભુના કેવળ ભક્તો દ્વારા અનુભવી શકાતા અંતરંગ ધર્મોનું નિરૂપણ કરે છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છ કે જેમ પ્રભુના બહિરંગ ધર્મ પાંચ છે, એમ અંતરંગ ધર્મ બે છે. પહેલો અંતરંગ ધર્મ છે ઐશ્વર્ય. પ્રભુ પોતાના ઐશ્વર્ય દ્વારા, પોતાના સામર્થ્ય દ્વારા પોતાના કેટલાક ભક્તોને પોતાના ચરણમાં ખેંચે છે. પ્રભુના વિવિધ ચમત્કારો અનુભવીને, એ ચમત્કારો દ્વારા પ્રભુનાં સામર્થ્યનાં દર્શન કરીને કેટલાક જીવો પ્રભુના શરણે આવે છે. પ્રભુનો આ ઐશ્વર્ય ધર્મ, પ્રભુના પોતાના મર્યાદા ભક્તોને શરણમાં લેવા માટે પ્રગટ કરેલો ધર્મ છે. જે મર્યાદા ભક્તો છે, એ ભક્તો પ્રભુના આવા ચમત્કારોથી, એમના સામર્થ્યથી અંજાઇને શરણે આવે છે. શ્રીમહાપ્રભુજીના ચરિત્રમાં

આપણને જોવા મળે છે કે આવા અનેક ભક્તો હતા, જેમને શરણે લેવા શ્રીમહાપ્રભુજીએ પોતાના વિશિષ્ટ સામર્થ્યનું, અલૌકિક ચમત્કારોનું દર્શન કરાવ્યું છે અને એ દ્વારા એ જીવોને શરણે લીધા છે. પ્રભુના એ સામર્થ્યને જાણીને આપણે કહીએ છીએ કે અહીં પ્રભુ ગરુડગામી છે. એક નાનકડા સાપનું આગમન થતાં આપણે ગભરાઇ જતાં હોઇએ, ત્યાં એ આદિ નારાયણ સ્વરૂપે સહસ્ર ફેણયુક્ત શેષનાગ ઉપર પોઢેલા છે. એમના નાભિકમળમાંથી બ્રહ્માજી પ્રકટ થયેલા છે. લક્ષ્મીજી જેવાં એમનાં પત્ની છે. ગરુડજી જેવું વાહન છે. આ સર્વ પ્રભુના ઐશ્વર્ય ધર્મોનું જ્યારે નિરૂપણ થાય ત્યારે જીવ સહજ રીતે એ સર્વસામર્થ્યયુક્ત એવા પ્રભુના ચરણનું શરણ લેવા માટે તત્પર બને છે. મર્યાદા ભક્તોને આકર્ષવા માટે પ્રભુ પોતાના આ ઐશ્વર્ય ધર્મોને પ્રકટ કરે છે.

પદ્મનાભદાસજીના મનમાં એવો મનોરથ હતો કે પ્રભુની અદ્‌ભુત લીલાનાં દર્શન થાય, તો એ સ્વરૂપની સેવા કરવાનો વિલક્ષણ આનંદ આવે. ભક્તમનોરથપૂરક શ્રીમહાપ્રભુજીએ મહાવનથી થોડે દૂર શ્રીયમુનાજીના કિનારે કર્ણાવલ નામના પ્રદેશમાં પદ્મનાભદાસજીનો એ મનોરથ પૂર્ણ કરેલો. શ્રીયમુનાજીના કિનારાની ભેખડ ધસતાં એમાંથી એક વિરાટ ભગવત્‌સ્વરૂપ પ્રગટ થયું છે. તાડનું એક વૃક્ષ હોય એવાં સાત વૃક્ષોની ઊંચાઇ જેટલી ઊંચાઇનું ભગવત્‌સ્વરૂપ પ્રગટ થયું છે. વિચાર કરો, કેટલું ઊંચુ એ ભગવત્‌સ્વરૂપ પ્રગટ થયું હશે? અરે, એ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની પાસે પધારે છે. પદ્મનાભદાસજી તો અહોભાવથી નીરખી રહ્યા છે કે આ શું છે? શ્રીમહાપ્રભુજી વિનંતી કરે છે : "મહારાજ, આ કલિયુગમાં આપને સેવા કરાવવાની ઇચ્છા હોય તો કોઇ જીવની તાકાત નથી કે આપની સેવા કરી શકે. આપ મારી ગોદમાં બિરાજી જાઓ, તો આપની સેવા થશે." દોઢસો-બસો ફૂટ ઊંચું એ સ્વરૂપ અઠ્ઠાવીસ આંગળીની ઊંચાઇનું બનીને શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજી ગયું. એનાં દર્શન પણ શ્રીપદ્મનાભદાસજીને થયાં. આ ઐશ્વર્યનાં દર્શન થતાં શ્રીપદ્મનાભદાસજીએ વિનંતી કરી કે મને આ સ્વરૂપ હવે આપ પધરાવી આપો. એ સ્વરૂપ એટલે આપણા પ્રથમ નિધિ શ્રીમથુરેશજી. આમ, ઐશ્વર્ય ધર્મના પ્રાગટયથી પ્રભુ પોતાના મર્યાદા ભક્તોનું વરણ કરે છે, આકર્ષણ કરે છે.

પરંતુ, સારસ્વતકલ્પમાં વ્રજમાં પ્રગટેલા શ્રીનંદનંદને 'માધુર્ય' ભાવ દ્વારા પોતાનો એ અંતરંગ ધર્મ પ્રગટ કરી, પુષ્ટિભક્તોને પોતાના ચરણમાં ખેંચ્યા. માધુર્ય એટલે મધુરતા, સ્નેહ. કિશોરલીલામાં માધુર્ય ભાવ છે. બાળલીલામાં વાત્સલ્યભાવ છે. આ બંને ભાવ દ્વારા પોતાનો માધુર્ય ધર્મ પ્રભુએ પ્રકટ કર્યો અને વ્રજભક્તો,

યશોદાજી આદિ શુદ્ધ પુષ્ટિભક્તોને પોતાની નજીકમાં રાખીને સ્વરૂપાનંદનું દાન કરાવ્યું.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : આમ પાંચ બહિરંગ અને બે અંતરંગ એમ કુલ સાત ધર્મો દ્વારા પ્રભુના દિવ્ય ધર્મોને જાણીને આપણે હૃદયમાં ધારણ કરવા જોઇએ. અહીં આપણે શ્રીહરિરાયચરણને દીનભાવે એક પ્રશ્ન કરીશું : ''કૃપાનાથ, પ્રભુને પોતાના વિરુદ્ધ ધર્મો પ્રગટ કરવાની ઇચ્છા કેમ થઇ ? પ્રભુના વિરુદ્ધધર્માશ્રયત્વની આવશ્યકતા શી હતી?''

વિરુદ્ધધર્માશ્રય પ્રભુનો અલૌકિક ધર્મ છે. એને જાણવાનું જીવો માટે બહુ આવશ્યક છે; કારણ કે જીવ સ્વભાવથી સંકુચિત મનનો છે. આપણે જેટલું જોયું હોય, જેટલું જાણતા હોઇએ, એના આધારે જ દુનિયાની સર્વ બાબતોને વિચારીએ અને મૂલવીએ. મનની સ્થિતિ કૂવામાંના દેડકા જેવી હોય છે. કૂવાનું દેડકું કૂવાની દુનિયા સિવાય બીજું કંઇ જાણતું નથી. પ્રભુનો ભક્તો પણ કયારેક ભગવત્‌સ્વરૂપ વિશે શંકા કરતા થાય છે. આપણને પ્રભુની દામોદરલીલાનું સ્મરણ થાય, એટલે પ્રશ્ન ઊભો થાય કે એવું કેવી રીતે બને કે ગમે તેટલાં દોરડાં જોડીએ તોય બે જ આંગળ ટૂંકા પડે? આવું તે કંઇ થતું હશે? એવી તો કેટલી મોટી કેડ હશે કે બે આંગળ જ ઘટ પડે! ત્રણ આંગળ નહીં કે એક આંગળ નહીં! આવો વિચાર જીવને આવે; કારણ કે એ લીલાનાં સાક્ષાત્‌ દર્શન આપણને થયાં નથી. આવો વિચાર કરવો એને શ્રીહરિરાયચરણ અસંભાવનાનો દોષ કહે છે. સંભાવના એટલે બનવું, સંભવિત હોવું. જે વસ્તુ આપણને સંભવિત ન લાગે, જે અશક્ય લાગે, જેમાં આપણને શંકા પડે. એનું નામ અસંભાવના. આવી અસંભાવના શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીયોને પણ થઇ છે. ખેરાળુના સાચોરા બ્રાહ્મણ શ્રીનરહરિ જોષી અને શ્રીજગન્નાથ જોષી- શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર વૈષ્ણવ અને છતાંયે ચુસ્ત બ્રાહ્મણ છે, વૈદિક ધર્મનું પાલન કરનારા. રાજભોગ આરોગાવતાં એક દિવસે એમને મૂંઝવણ થઇ કે ઠાકોરજી કેમ આવું કરે? આપણે તો ઘરમાં આવીએ, અને ભોજન કરવાનું હોય ત્યારે બધાં વસ્ત્રો ઉતારી અબોટિયું પહેરીને ભોજન કરવા બેસીએ છીએ; જ્યારે અહીં તો પ્રભુ શૃંગાર ધરી, ગૌચારણ વગેરેમાં ભ્રમણ કરી, પાછા પધારી એનાં એ વસ્ત્રોથી ચરણારવિંદ કે શ્રીહસ્ત ધોયા વિના અને પાછા પોતાના ગાદી-તકિયે બિરાજીને જ ભોજન કરે! આ કંઇ ઠીક કહેવાય? આનું નામ અસંભાવના. આવી અસંભાવના કરી એટલે પ્રભુએ રાજભોગના થાળને લાત મારી અને રાજભોગની સામગ્રી વેરાઇ ગઇ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુના વિરુદ્ધ ધર્મોનું જો જ્ઞાન હોય, તો આવી શંકા પ્રભુના સ્વરૂપમાં અને એમની લીલાઓમાં થાય નહીં. આવી એક બીજી ખોટી વિચારસરણી પ્રભુ અંગે ક્યારેક આપણા હૃદયમાં જાગે છે. શ્રીહરિરાયચરણ એને વિપરીત ભાવનાનું નામ આપે છે. પ્રભુને માટે જે વિચારવું યોગ્ય ન હોય, એનું નામ વિપરીત ભાવના. આપણને એવો વિચાર આવે કે અહીં, જેને ત્યાં નવ લાખ ગાયો છે, આટલું દૂધ-દહીં માખણ છે, રાજાનો દીકરો છે, સંસ્કારનું સિંચન કરવામાં નંદબાવાએ અને યશોદામાએ કોઈ ઊણપ કાખી નથી તે એક સામાન્ય મામૂલી રખડતા બાળકની જેમ ઘેર-ઘેર માખણની ચોરી કરવા જાય? શું કરવા જતો હશે? એને શી જરૂર પડતી હશે માખણ ચોરવાની? અરે, જે આખા જગતને નચાવે એ પેલી ગોપિકાના ઘરે જઇ, ગરીબડું મુખ કરી, હાથમાં નાનું પવાલું લઇને એમ કહે કે, અલી ગોપી, તારી મીઠી છાશ મને ન પાય? અને ગોપી કહે કે લાલા મોરની જેમ નાચે તો તને છાશ આપું. ત્યારે દીનતા ધારણ કરીને એ નાચવા લાગી જાય. આવો સર્વતંત્ર સ્વતંત્ર પરમાત્મા. એ ગોપી પાસે આવી દીનતાથી શું કરવા નાચતો હશે? ક્યારેક આપણા જેવા પ્રાકૃત જીવોને અન્નકૂટ કે છપ્પનભોગનાં દર્શન કરતાં વિચાર થાય છે કે શ્રીઠાકોરજી આટલું બધું કેવી રીતે આરોગતા હશે? છે તો આટલા અંગુષ્ઠ જેટલા! અને આટલો મોટો અન્નકૂટ અને આટલો મોટો છપ્પનભોગ! એક વૈષ્ણવે એમને ત્યાં પ્રભુને અન્નકૂટ ધરેલા. ભોગ સરાવીને બીડી આરોગાવતી વખતે સાથે પ્રભુને પેટમાં ન દુઃખે એટલા માટે ઔષધ પણ આરોગાવ્યું કે આટલું બધું આરોગ્યા પછી રખે ન એમના પેટમાં જો કંઇક તકલીફ થઇ જાય તો ! આવું વિચારવું એનું નામ વિપરીત ભાવના. જો આવું વિચારાય તો પ્રભુ એનાથી અપ્રસન્ન થાય. શેઠ દામોદરદાસ સંભરવાળાનો પ્રસંગ જાણીતો છે. શય્યા સમારવા ગયેલા શેઠે બિલાડીનો બગાડ જોયો. જે શેઠ જાતે જળની ગાગર ઉપાડીને જળ ભરવાની સેવા દીનતાથી કરે છે, એમના મનમાં ક્ષણિક વિપરીત ભાવના આવી ગઇ કે આવા સામર્થ્યયુક્ત પ્રભુ, આખા જગતનું ધ્યાન રાખનારા, એમની શય્યાનું જ ધ્યાન રાખતા નથી અને બિલાડી બગાડી ગઇ! વિપરીત ભાવના થઇ. પ્રભુએ પોતાની આરોગવાની સામગ્રીને લાત મારી. દામોદરદાસજીને ત્યારે ભાન આવ્યું કે મેં ભારે અપરાધ કર્યો. જઇને ક્ષમા માગી. પ્રભુ પૂછે છે, ''દામોદરદાસ, મને જવાબ આપ. તારો દાસનો ધર્મ છે, એ ચૂકીને તું મારી ભૂલ કાઢવા નીકળ્યો છે?'' દાસ તરીકે પ્રભુના ધર્મમાં, પ્રભુની શક્તિમાં ઊણપ જોવી, એનું નામ વિપરીત ભાવના. આ અસંભાવના અને વિપરીત ભાવનાનો દોષ જીવ ડગલે ને પગલે કરે છે. આમાંથી

બચવા માટે જીવને પ્રભુના સાચા સામર્થ્યનું જ્ઞાન કરાવવા પ્રભુએ વિરુદ્ધ ધર્મો પ્રગટ કર્યા છે.

ચતુર્થ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ પ્રભુના બાર વિરુદ્ધ ધર્મોનું નિરૂપણ કરે છે. પ્રભુ એક બાજુ બાળસ્વરૂપે શ્રીયશોદામાની ગોદમાં અને પલનામાં ઝૂલે છે-ખેલે છે. એ બાળસ્વરૂપે ખેલતાં શ્રીસ્વામિનીજી આદિ વ્રજાંગનાઓને રસિકમૂર્ધન્ય સ્વરૂપે અનેક મનોરથો માટે સંકેત કરે છે. શ્રીગુસાંઇજીએ એનું સુંદર નિરૂપણ 'પ્રેંખપર્યન્ક શયનમ્, ચિર વિરહતાપહરણમ્' એ પલનાના પદમાં કર્યું છે.

પ્રભુનો બીજો વિરુદ્ધ ધર્મ છે કે, પ્રભુ આમ તો પોતાને જ વશ છે. એટલે પોતે જે ધારે તે જ કરે છે. પ્રભુ પાસે બીજા કોઇ કદી એમનું ધાર્યું કરાવી શકતા નથી એવા પ્રભુ જયારે ગોપીજનોના મંડળમાં પધારે છે. ત્યારે 'સદાઅન્યવશ' બનીને પધારે છે. એ ગોપીજનોને-પોતાના ભક્તોને વશ વર્તીને ચાલે છે. જો ગોપીજનો આજ્ઞા કરે કે 'લાલા, નાચ!' તો નાચવા લાગે છે. લાલા, ગૌદોહન કરવું છે, પેલી દોહિની લઇ આવ. તેઓ બે હસ્તથી દોહિની ઊંચકી લાવે છે. વ્રજભકતો આજ્ઞા કરે છે. કે, મારું આ બાળક સૂઇ ગયું છે, એનું પલનું જરા ઝૂલાવો; તો એનું પલનું પણ ઝૂલાવે છે. અંબરીષ જેવા ભક્તને વશ બનેલા પ્રભુએ દુર્વાસા મુનિ પાસે પોતાની લાચારી વ્યક્ત કરી છે.

પ્રભુનો ત્રીજો ગુણ તે નિર્ભયતા. પ્રભુ અભીત છે. એમને કોનો ડર હોય? એવા પ્રભુ વ્રજમાં બાળસ્વરૂપે બિરાજે છે ત્યારે હંમેશાં ડરતા હોય છે. - 'સર્વદા ભીતઃ' અરે બીક તો એમને એમના પ્રતિબિંબની પણ લાગે છે કે આ બીજો કોણ મારો હરીફ આ નંદાલયમાં આવી ચઢયો? યશોદામાથી ડરે છે અને ગોપીઓ પણ એ પ્રભુને ડરાવે છે.

પ્રભુ સાપેક્ષ છે. ગોપીજનો પાસે તે અપેક્ષા રાખે છે કે મને અમુક સામગ્રી આરોગાવો. શ્રીગુસાંઇજીના સેવક થઇ ગયા શ્રીમુકુંદ દાસજી. શેઠ નારાયણદાસ દિવાનને ત્યાં નોકરી કરે. રાજભોગ કરી, ઘર વાસી નોકરી કરવા જાય, ત્યારે પ્રભુ આજ્ઞા કરે : મુકુંદદાસ, આજ મારા માટે અમુક લીલો મેવો લઇ આવજે. એ લઇને આવે તો જ પ્રભુ સાંજે અંદરથી કમાડ ખોલે. પ્રભુ આમ પોતાના ભકતો પાસે માગી માગીને આરોગે છે. એ દેવદમન રોજ સવારે સદુ પાંડેજીના ઘરે પધારે છે. સદુ પાંડેજીનાં વૃદ્ધ અને જેમનાં નેત્રોનું તેજ ઝાખું થયેલું છે, એવાં એમનાં માતા પરિવારનાં બધાં બાળકોને માખણ-રોટીનું કલેવું આપે, ત્યારે એમની લાઇનમાં દેવદમન પણ ઊભા રહી જાય છે. એમનો વારો આવે એની રાહ જુએ છે અને

મા હાથ પકડીને માખણ-રોટી આપીને પૂછે છે, લાલા, તેરો કહા નામ હૈ? ત્યારે કહે છે : 'મૈયા, મૈં દેવદમન હૂં.' ''અરે, વાહ રે દેવદમન! મેરે ઘર નિત્ય આઈયો ઔર મેરી માખણ-રોટી ખાઈયો.'' આમ, પ્રભુ ભક્ત પાસે અપેક્ષા રાખે છે. માટે તો શ્રીગોકુલનાથજીએ વચનામૃતમાં આજ્ઞા કરી કે શ્રીઠાકોરજીના ઉત્સવો વૈષ્ણવોએ સદાય યાદ રાખીને મનાવવા. ઉત્સવનું વિસ્મરણ ન થાય, એની કાળજી રાખવી; કારણ કે જેમ દિવાળી વગેરે દિવસો આવવાના હોય, એ પહેલાં નાનાં બાળકો એની રાહ જોતાં આનંદિત હોય છે એમ પ્રભુ પણ આવનાર ઉત્સવોનો આનંદ માણવા તત્પર હોય છે. પ્રભુ સાપેક્ષ છે અને છતાંયે નિરપક્ષે છે. એને તો કાંઈ જોઈતું નથી. એને કશાની ખોટ નથી. એને કશાની ઊણપ નથી.

આખાયે જગતના રચયિતા પ્રભુ મહાન ચતુર છે. પણ મા યશોદા પાસે મહામુગ્ધ છે. મૈયા પૂછે છે : ''લાલા, તેં માટી ખાધી?'' 'ના મા, હું માટી ખાઉં? જોઈ લે મારું મોં' મહામુગ્ધ બની, ડાહ્યાડમરા બનીને, મુખારવિંદ ખોલીને બતાવે છે. એ પ્રભુ ગૌચારણ કરીને પાછા આવીને ફરિયાદ કરે છે કે મા, મારી કામળ કોઈ લઈ ગયું છે. ચોરાઈ ગઈ છે, 'મૈયા મેરી કામર કૌન લૈ?' એ ફરિયાદ કરે છે, ''મૈયા, બલદાઉ મને બહુ ખીજવે છે. મૈયા, આ મનસુખો આજે મારી છાશ પી ગયો.'' આવા એ મહામુગ્ધ પ્રભુ છે. મધુર લીલાઓ દ્વારા પોતાના ભક્તોમાં સર્વદા રતિવર્ધન કરે છે.

પૂર્ણકામ હોવા છતાંયે તેઓ કામાર્ત છે. પ્રભુ અદીન છે અને છતાંયે આપ વ્રજભક્તો સાથે બહુ જ દૈન્યપૂર્ણ વાણીમાં મધુર વાર્તાલાપ કરે છે. પ્રભુ સ્વપ્રકાશિત હોવા છતાંયે કયારેક અપ્રકાશિત સ્વરૂપ ધારણ કરે છે. બહાર બિરાજતા પ્રભુ વ્રજભક્તોના અંતઃકરણમાં પણ બિરાજે છે, અંતઃસ્થિત છે. પ્રભુ સર્વતંત્ર સ્વતંત્ર હોવા છતાંયે પોતાના નિજભક્તો પાસે પરતંત્ર છે. સર્વ સામર્થ્યયુક્ત હોવા છતાં પોતે અસમર્થ છે, એવી લીલા કરે છે.

આમ, શ્રીહરિરાયચરણ પ્રભુના બાર વિરુદ્ધ ધર્માશ્રયત્વ ધર્મોનાં દર્શન કયાં થાય છે એ આપણને બતાવે છે. પ્રભુ વ્રજમાં બાળલીલા કરે છે, ત્યારે પણ પોતાના સ્વકીય નિજભક્તોને બાળસ્વરૂપે કિશોરલીલા અનુભવ કરાવે અને કિશોરલીલાનું અલૌકિક રમણ કરતાં વાત્સલ્યભાવથી ભાવિત એવા વ્રજભક્તોને પોતાની બાળલીલાનો અનુભવ કરાવે છે. શ્રીહરિરાયચરણ વ્રજમાં બિરાજતા પ્રભુના વિરુદ્ધધર્મી સ્વરૂપનું નિરૂપણ કરે છે. ત્યારે એની ટીકામાં શ્રીગોપેશ્વરજી શ્રીહરિરાયચરણના ભાવને વિશેષ અભિવ્યકત કરતા જયદેવજીના 'ગીતગોવિંદ'ના

પ્રથમ શ્લોકનું નિરૂપણ કરે છે. 'ગીતગોવિંદ'માં જયદેવ પ્રભુજીની લીલા વર્ણવતાં કહે છે કે : એક વાર બાલકૃષ્ણલાલ પ્રભુને પધરાવીને નંદબાવા વનમાંથી ઘર તરફ પધારી રહ્યા છે. આકાશમાં ઘનઘોર વાદળ છવાયાં છે, વીજળીઓ થઇ રહી છે. પ્રભુ પોતે ડરતા હોય એવી ચેષ્ટા કરે છે; ત્યાં શ્રીસ્વામિનીજી સામે પધારે છે. નંદબાવા શ્રીરાધિકાજીને આજ્ઞા કરે છે કે આપ નંદનંદનને એમનાં માતા પાસે પધરાવો. શ્રીસ્વામિનીજી નંદનંદનને નંદાલય તરફ પધરાવવા માટે જઇ રહ્યા છે, પણ પધરાવી જાય છે વૃંદાવનની સઘન નિકુંજમાં અને ત્યાં શ્રીસ્વામિનીજી સાથે પ્રભુ અલૌકિક વિહાર કરીને પોતાના સ્વરૂપાનંદનું દાન કરે છે, આમ, એક કાલાવચ્છિન્ન અનેક સમયની લીલાઓ કરીને પ્રભુ પોતાના વિરુદ્ધ ધર્માશ્રયને પ્રગટ કરે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : વ્રજલીલામાં સ્નહેભાવથી, માધુર્ય ભાવથી પ્રભુ કુમારિકા વ્રજભક્તોને વશ છે, એમની સમીપ છે; જ્યારે ઐશ્વર્ય ભાવથી પ્રભુ સકળ વિશ્વમાં વ્યાપક છે. પ્રભુનાં બે સ્વરૂપોનું અહીં નિરૂપણ થયું. ઐશ્વર્ય ધર્મયુકત પ્રભુનું સર્વોદ્ધારક સ્વરૂપ છે; જયારે માધુર્ય ભાવભાવિત એ પ્રભુનું ભક્તોદ્ધારક સ્વરૂપ છે. ઐશ્વર્યભાવયુકત સ્વરૂપથી પ્રભુ મર્યાદા-ભક્તોની શરણાગતિ સ્વીકારીને એમને એમના યોગ્ય ફળનું દાન કરે છે. માધુર્ય ભાવભાવિત સ્વરૂપે વ્રજભકતોને અલૌકિક ફળનું દાન કરે છે. આમ, સોળ શ્લોક દ્વારા શ્રીહરિરાયચરણે પ્રભુના વિરુદ્ધ ધર્માશ્રર્યત્વનું નિરૂપણ કર્યું છે, એમાં શ્રીહરિરાયચરણે આપણા પુષ્ટિ પુરુષોત્તમ માટે ત્રણ વિશેષણો વાપર્યાં : 'પુષ્ટિમાર્ગીયમ્', 'વિરુદ્ધ સ્વગુણાલયમ્' અને 'કૃપાલયમ્.'

કયા શ્રીહરિના શરણે જવું? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જે યશોદાત્સંગલાલિત નંદનંદન છે, એ પ્રભુ પુષ્ટિમાર્ગમાં સુસેવ્ય છે; કારણ કે એ પ્રભુનો સ્વભાવ પોતાની કૃપા દ્વારા દૈવી જીવોનું વરણ કરીને શરણ પ્રાપ્ત કરાવવાનો છે. માટે આ પ્રભુ પુષ્ટિમાર્ગીય છે. કૃપા દ્વારા જીવોને સનાથ કરે છે. એ પ્રભુના ધર્મોનું નિરૂપણ સોળ શ્લોકોમાં કર્યું. એ વિરુદ્ધ સ્વગુણાલયમ્ છે, જેમનામાં એક સમયે વિરુદ્ધ અપ્રાકૃત ધર્મો બિરાજે છે. આવા પ્રભુ કૃપાળુ પણ છે. જીવના દોષો સામે જોતા નથી. શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી છે કે તમે જે જીવને બ્રહ્મસંબંધ મંત્ર આપીને મને સોંપશો એ જીવ ચાહે ગમે તેવો હશે તો પણ હું એનો કદાપિ ત્યાગ નહીં કરું. સ્વભાવથી જ જે સદાયે દુષ્ટ છે એવા જીવોને પોતે પોતાની કૃપાથી પુષ્ટ કર્યા છે. આ પ્રભુ કૃપાળુ છે એવા પ્રભુના શરણની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ હૃદયપૂર્વક ભાવના કરવાની છે. શરણાગતિનું ચિંતન કરવાનું છે.

શ્રીહરિરાયચરણ આપણને વિશ્વાસ આપે છે કે હે વૈષ્ણવો! તમારાથી કેટલાં સેવા-સ્મરણ બને છે? તમારી સંપત્તિનો પ્રભુમાં કેટલો વિનિયોગ થાય છે? એ બધી બાબતોનો તમે ઝાઝો વિચાર કરવા થોભશો નહીં. પુષ્ટિમાર્ગીય જીવ નિ:સાધન હોય, સુસાધન હોય કે દુષ્ટસાધન હોય; એણે ભગવચ્છરણ સ્વીકાર્યું હોય કે એનાથી થોડો વિમુખ હોય, પણ નિશ્ચિત રીતે શ્રીવલ્લભની કૃપાથી પ્રભુએ એનું વરણ કર્યું છે; માટે એની ફળપ્રાપ્તિ પણ નિશ્ચિત છે. એટલે ફળપ્રાપ્તિની ચિંતા પુષ્ટિભક્તે કરવાની જરૂર નથી. એ ચિંતા કરવામાં એને પ્રાપ્ત થયેલો ભગવત્સેવા-સ્મરણ માટેનો આ સોનેરી સમય વેડફી દેવાની જરૂર નથી. એણે તો કેવળ 'કૃષ્ણ એવ ગતિર્મમ'-કૃષ્ણ એ જ મારું શરણ હો, એ જ મારી ગતિ હો, એ જ મારી ભકિત હો, એ જ મારી રતિ હો- એવો સત્યસંકલ્પ કરીને સદાય શરણસ્થ રહેવાનું છે. શ્રીઆચાર્યચરણે બતાવેલો પુષ્ટિમાર્ગ જગતમાં પ્રગટ થયેલા બીજા માર્ગો કરતાં વિલક્ષણ છે, માટે 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનું એક નામ આપવામાં આવ્યું 'પૃથક્‌શરણમાર્ગોપદેષ્ટા.' શ્રીઆચાર્યચરણના આ ભકિતમાર્ગમાં પ્રભુની શરણાગતિ સ્વીકારવી અને એ સ્વીકાર્યા પછી એમના શરણમાં રહેવું એ જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માટે સાધન છે અને એ જ ફળ પણ છે.

સાધન અને ફળનો આપણે જો શરણાગતિ તરીકે વિચાર કરીએ, તો આ જીવ પોતાનાં કોઇ કાર્યોથી, પોતાની કોઇ શકિતથી, પોતાના કોઇ સામર્થ્યથી કદાપિ પ્રભુને મેળવી શકવાનો નથી એ નિશ્ચિત છે. અકબરને પ્રશ્ન થયેલો કે 'સાહેબ કૈસે મિલે?' સાહેબ એટલે ભગવાન. જયારે બિરબલ મારફત શ્રીગુસાંઇજીને વિનંતી થઇ ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે અકબરને જવાબ જોઇતો હોય તો મારી પાસે આવે. સિક્રીથી અકબર ગોકુળ આવે છે. શ્રીઠકરાણી ઘાટ ઉપર શ્રીગુસાંઇજી એમને જવાબ આપે છે, ''જૈસે તુમ હમસોં મિલે''-જેવી રીતે તમે અમને મળ્યા. એવી રીતે જીવને પ્રભુ મળે છે. અકબરની બુદ્ધિ કામ કરી શકી નહીં. આપે ખુલાસો કર્યો, ''બાદશાહ, તમારી પ્રજામાંનો હું પણ એક નગરજન છું. મારી ઇચ્છા તમને મળવાની હોત અને કદાચ હું આગ્રા આવીને પડાવ નાખીને પડયો હોત, તોય તમને મન થાત ત્યારે મને મુલાકાત આપત. પ્રજાજનને રાજાની મુલાકાત કરવી એ કામ અઘરું છે; પણ રાજાને ઇચ્છા થાય કે મારે ભગવત્પ્રાપ્તિ કરવી છે તો એ ઘણું દોહ્યલું છે; પણ પ્રભુ જો ઇચ્છે કે મારે આ જીવને મળવું છે, તો 'અપનો કરી ગોકુલપતિ ભરત તાહિ બાથે.' પ્રભુને માટે એ જરાયે મુશ્કેલ નથી. પ્રભુ કૃપા કરી તરત જ એને પ્રાપ્ત થાય છે. આમ, પ્રભુને પ્રાપ્ત કરવા માટે બીજું કોઇ સાધન

કામમાં આવે એમ તેમ નથી. માટે ગોવિંદ સ્વામીએ ગાયું કે, 'પ્રીતમ પ્રીત હિ તે જાય પૈયે' કેવળ ભકતના હૃદયના શુદ્ધ નિષ્કામ પ્રેમ દ્વારા જ પ્રભુ પ્રાપ્ત થાય, બીજી કોઇ રીતે નહીં. યદ્યપિ એ જીવ ઉત્તમ કુટુંબમાં જન્મ્યો હોય, શુભ સમયમાં જન્મ્યો હોય, વેદવિદ્યાપારંગત હોય, તોપણ પ્રભુ ન ઇચ્છે તો એ જીવને પ્રાપ્ત થઇ શકતા નથી.

પ્રભુ જીવના ગુણો જોઇને વરણ કરતા નથી, કેવળ પોતાની ઇચ્છાથી જ વરણ કરે છે. શ્રીહરિરાયચરણ એ જ વાત અહીં સમજાવી રહ્યા છે કે જીવ પોતાનાં સાધનોનું બળ ભૂલી જાય, સાધનોનું અભિમાન છોડી દે, દેહ-કુટુંબ-ધર્મ-ઘર-ઇન્દ્રિયો આદિના અહંકાર ઓગાળી નાખે, અને દીનભાવે કેવળ 'હું પ્રભુનો છું' એવા સર્વાત્મ ભાવે એ પ્રભુના ચરણનો દાસ બનીને શરણાગતિનું જ સાધન સ્વીકારે કે 'હું જેવો છું એવો કેવળ તમારો છું, તમારા શરણે છું, તમારો દાસ છું' તો પ્રભુની પ્રસન્નતા પામે. દાસ શબ્દને ઉલટાવીએ એટલે 'સદા' થશે. હમેશાં હું તમારો છું. સ્વામી બનવા નથી આવ્યો. હું આપનો દાસ બનીને રહેવા આવ્યો છું. આ શરણાગતિનું, નિઃસાધનતાનું એકમાત્ર શરણ લઇને જીવ પ્રભુનાં ચરણમાં રહે, ત્યારે પ્રભુ એના ઉપર કૃપા કરે છે. જીવની દીનતા અને જીવનો પ્રેમ પ્રભુને પ્રસન્ન કરે છે અને એથી પ્રસન્ન થયેલા પ્રભુ જીવને પોતાના સ્વરૂપનાંદનું દાન કરે ત્યારે એ જ શરણાગતિ ફળરૂપ બને છે. આમ, શરણાગતિ એ સાધન છે અને ફળ પણ છે, એમ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે.

હવે આપણને પ્રશ્ન થશે કે પ્રભુના ચરણારવિંદમાં શરણાગતિ કરવાની હોય, તો એ કેવી રીતે થાય? શ્રીહરિરાયચરણ એનો માર્ગ બતાવે છેઃ પ્રભુ જયારે પ્રગટ સ્વરૂપે ભૂતળ ઉપર બિરાજે છે ત્યારે અવતાર-દશામાં પ્રસિદ્ધ (પ્રત્યક્ષ) રીતે સરળતાથી પ્રાપ્ત થાય છે. જેમ વ્રજભકતોને શરણાગતિનું દાન પ્રભુએ ચીરહરણ લીલા દ્વારા કર્યું. પ્રભુ જયારે ભૂતળ ઉપર પ્રગટ સ્વરૂપે નથી બિરાજતા, ત્યારે અનવતાર દશામાં પરોક્ષ રીતે પોતાના દૈવી જીવોને, નિજજનોને ભગવદ્શરણાગતિનું દાન પોતાના મુખારવિંદ-સ્વરૂપ શ્રીમહાપ્રભુજી દ્વારા કરે છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણને અષ્ટાક્ષર મંત્ર દ્વારા અને બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા એ શરણાગતિનું દાન કરે છે. 'શ્રીકૃષ્ણઃ- શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્ર દ્વારા આપણે શરણાગતિ સ્વીકારી. જેમ કન્યા જેની સાથે પતિનો સંબંધ બાંધવા તત્પર થઇ હોય એવા યુવાન સાથે વાગ્દાન કરે છે ત્યારે એનું સગપણ થાય છે. એમ અષ્ટાક્ષર મંત્ર દ્વારા જીવનું સગપણ -અલૌકિક વાગ્દાન-પ્રભુ સાથે શ્રીમહાપ્રભુજીએ કરાવી આપ્યું

છે. જીવે પ્રભુનું શરણ સ્વીકાર્યું છે, 'હે શ્રીકૃષ્ણ! મારે તમારું શરણ છે. બીજા કોઇનું હવે શરણ નથી.' શરણાગતિનો આ પાયો થયો, પ્રારંભ થયો. જેમ વિવાહિતા કન્યાનાં લગ્ન થાય અને સાસરવાસ કરીને તે પોતાના પતિની સેવા કરે, પતિને પ્રસન્ન કરે એમ બ્રહ્મસંબંધરૂપી અલૌકિક લગ્ન દ્વારા જીવની શરણાગતિ દૃઢ થાય. પ્રભુ સાથે આપણો અલૌકિક લગ્નસંબંધ સ્થાપિત થયો. હવે આપણી ફરજ બની રહે છે કે એ પ્રભુનાં ચરણનું શરણ સ્વીકાર્યું છે, તો એમને ઘેર પધરાવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે જાતે સેવા કરી લાડ લડાવવાં; કારણ કે, 'ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્' આ વૈષ્ણવ સમાજ, આ દૈવી સૃષ્ટિ કેવળ ભગવત્સ્વરૂપની સેવા માટે જ પ્રગટ થઇ છે. એનાથી ચઢિયાતો એ સૃષ્ટિના પ્રાગટયનો બીજો કોઇ હેતુ કોઇ કાળે નથી. આમ, અનવતાર દશામાં શ્રીઆચાર્યચરણ દ્વારા ભગવચ્ચરણમાં જીવના શરણની સિદ્ધિ થાય છે.

અહીં આપણને આપણી અલ્પમતિને કારણે, આપણી અણસમજને કારણે પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી જયારે પ્રત્યક્ષ સ્વરૂપે અત્યારે ભૂતળ ઉપર નથી બિરાજતા ત્યારે પ્રભુનાં ચરણમાં આપણી શરણાગતિ કેવી રીતે દૃઢ બને? શ્રીહરિરાયચરણ એનો પણ ખુલાસો આપે છે કે શ્રીઆચાર્યચરણની પરોક્ષ સ્થિતિમાં આપશ્રીના રચિત ગ્રંથોમાં-ષોડશ ગ્રંથો, શ્રીસુબોધિનીજી, તત્ત્વાર્થદીપનિબંધ, અણુભાષ્ય આદિ ગ્રંથોમાં જે વચનામૃતનો પ્રવાહ આપે વહેવડાવ્યો છે, એ વચનસુધામૃતનું આપણે પાન કરીને એને અનુસરીએ, તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભગવચ્ચરણમાં શરણાગતિ પ્રાપ્ત થાય. તમે પૂછશો કે એવા કોઇ ભગવદીયનું ઉદાહરણ છે - જેમને ભગવચ્ચરણમાં આ રીતે પ્રાપ્ત થઇ હોય? હા, ચોર્યાસી ભગવદીયોમાં એવા એક ભગવદીય થઇ ગયા, શ્રીપદ્મનાભદાસજીનાં જયેષ્ઠ સુતા તુલસાં. તુલસાં ઉપર તેમના સેવ્ય સ્વરૂપ શ્રીમથુરેશજીની ખૂબ કૃપા છે. એક વાર શ્રીગુસાંઇજીએ તુલસાંને પૂછયું, "તુલસાં, તમે તમારો જીવનનિર્વાહ કેવી રીતે કરો છો કે પ્રભુ તમારા ઉપર આટલા બધા પ્રસન્ન છે?" ત્યારે દીનભાવે તુલસાં વિનંતી કરે છે, "મહારાજ, મારાથી તો કાંઇ બનતું નથી. હું તો પેટ ભરીને ખાઉં છું, રાત્રે નિરાંતે ઘસઘસાટ ઊંઘું છું અને આ બંને કરતાં જે કંઇ ફુરસદનો સમય મળે તેમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ કરું છું."

શ્રીહરિરાયચરણ આ વાર્તાના ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે તુલસાંને શ્રીમથુરાધીશજીએ સાનુભવ જતાવીને સાક્ષાત્ દર્શન આપી, જે સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો એની પાછળ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના પાઠનું અલૌકિક ફળ છે.

શ્રીહરિરાયચરણ ત્યાં બહુ જ સ્પષ્ટ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો, શ્રીમહાપ્રભુજીની અલૌકિક વાણીનો જે વૈષ્ણવ અર્થના અનુસંધાનપૂર્વક, શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક પાઠ કરે છે, એના ઉપર શ્રીઠાકરોજી તુલસાંના જેવી જ કૃપા કરે છે અને એને સાનુભવ જતાવે છે; પરંતુ જે વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીની દુર્બોધ વાણીમાં પ્રવેશ થયો નથી, એવો વૈષ્ણવ અર્થ જ જાણવા છતાંયે શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતનો - ષોડશ ગ્રંથ ઇત્યાદિનો પાઠ શ્રદ્ધાપૂર્વક, વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરે, તોય એ શ્રીમહાપ્રભુજીની અલૌકિક વાણી એને અલૌકિક ફળદાન કરાવે છે. એ જીવ ઉપર પ્રભુ હમેશાં કૃપા કરીને સાનુભવ જતાવે છે. માટે આપણે ષોડશ ગ્રંથાદિની શ્રીવલ્લભની અલૌકિક વાણીમાં કદાચ પૂર્ણ પ્રવેશ ન થયો હોય, તો પણ વૈષ્ણવોએ નિયમપૂર્વક, આગ્રહપૂર્વક, આદરપૂર્વક શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો દિવસ-રાત જયારે સમય મળે, ત્યારે ત્યારે પાઠ કરવો જોઇએ. સદા મુદા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક જે વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો શકય હોય ત્યાં સુધી અર્થના અનુસંધાનપૂર્વક અને તે શકય ન હોય તો કેવળ આપની વાણીનો પાઠ કરે છે, એવા વૈષ્ણવો ઉપર શ્રીમહાપ્રભુજી અવશ્ય કૃપા કરીને ભગવચ્ચરણમાં તેમની શરણાગતિને દૃઢ કરે છે, એ નિર્વિવાદ વાત છે. આમ, શ્રીહરિરાયચરણે સાંપ્રત સમયમાં ભગવચ્છરણ સ્વીકારવાનો માર્ગ બતાવ્યો : શ્રીમહાપ્રભુજીની વાણીનો પાઠ કરવો અને છતાંયે ભગવદ્દઇચ્છા કંઈક જાુદી હોય અને સ્મરણ સિદ્ધ ન થાય, પાઠ કરવા છતાંયે શરણાગતિ દૃઢ ન થાય, તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર (જેમનાં લક્ષણો પ્રથમ શિક્ષાપ્રત્રમાં બતાવ્યાં) એવા ભગવદીય દ્વારા એમનો સત્સંગ કરવો. એ ભગવદીયની કૃપા દ્વારા ભગવચ્ચરણમાં અવશ્ય અનુરાગ અને શરણાગતિ સિદ્ધ થશે.

શ્રીહરિરાયચરણે શરણાગતિની પ્રાપ્તિ માટેની આ જે શૃંખલા આપી, એમાં અવતાર દશામાં પ્રભુ સાક્ષાત્ પોતે શરણાગતિ સિદ્ધ કરે, પ્રભુની અનવતાર દશામાં શ્રીમહાપ્રભુજી શરણાગતિ સિદ્ધ કરે, શ્રીમહાપ્રભુજીની પરોક્ષ સ્થિતિમાં આપશ્રીના ગ્રંથો દ્વારા શરણાગતિ થાય; કારણ કે ગ્રંથો એ શ્રીઆચાર્યચરણનું જ નામસ્વરૂપ છે અને એનાથીય શકય ન બને ત્યારે એવા જીવ ઉપર જો ભગવદીય કૃપા કરી દે તો એને ભગવચ્ચરણની શરણાગતિ પ્રાપ્ત થાય.

આ રીતે, શ્રીહરિરાયચરણે ભગવદીયોની ઉત્તમતા પણ બતાવી. જેનો હાથ ભગવદીય પકડે, એ જીવ ગમે તેવો દુષ્ટ હોય, તો પણ પ્રભુ એના પર કૃપા કરે છે. રસખાનજીના પ્રસંગમાં આપણને એનાં દર્શન થાય છે. દિલ્હી શહેરના

વૈષ્ણવોએ ટકોર કરી કે 'અરે યુવાન, પૂર્ણ પુરુષોત્તમ રસઘન સ્વરૂપના અલૌકિક સૌન્દર્યને છોડીને આ લોહીમાંસના દેહમાં શું આસકત થઇને ભમે છે? જો, રસઘન સૌંદર્ય કોટીકંદર્પ લાવણ્યસ્વરૂપ તો આ ચિત્રજીમાં બિરાજે છે.' ભગવદીયોની કૃપા થઇ અને રસખાનજીનું મન બદલાઇ ગયું. લૌકિક આસકિત તત્કાળ છૂટી ગઇ અને ભગવચ્ચરણમાં ગતિ અને રતિ થઇ ગઇ.

પ્રયાગમાં કથાશ્રવણ માટે ઘર છોડીને આવેલા અંબાલાના દિનકરદાસ ઉપર કૃષ્ણદાસ મેઘનની કૃપા થઇ. કૃષ્ણદાસજી કહે છે : ભગવદ્વાર્તાનું પાન કરવું હોય તો ચાલો મારી સાથે. એક વાર પાન કરશો, પછી ન્યાંથી હટવાનું મન નહીં થાય, એવા વાક્પતિનાં ચરણારવિંદમાં તમને લઇ જાઉં અને દિનકરદાસ શેઠ શ્રીમહાપ્રભુજીનાં ચરણનો દૃઢ આશ્રય કરીને જીવનભર આપના મુખારવિંદથી પ્રકટિત 'વેણુગીત પુનિ યુગલ ગીતકી રસ બરખા બરખાઇ,' એનું પાન કર્યા કરતાં. આમ, ભગવદીયોની કૃપાથી ભગવચ્ચરણમાં શરણ બહુ સરળતાથી પ્રાપ્ત થાય છે.

શરણાગતિ પ્રાપ્ત કરવાનો આ રાજમાર્ગ બતાવ્યા પછી શ્રીહરિરાયચરણ શરણના બે પ્રકાર બતાવે છે : પ્રત્યક્ષ શરણ અને પરોક્ષ શરણ. શ્રીહરિરાયચરણ આપણને સમજાવે છે કે જયારે આપણે શ્રીઠાકોરજીની સેવામાં હાથ પવિત્ર કરવા નાહીએ અને પ્રભુની સેવા 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા' પ્રમાણે કરતાં કરતાં સેવાના અવસરમાં તુલસી સમર્પીને, ગદ્યમંત્રનું ઉચ્ચારણ કરીને, જયારે પ્રભુના ચરણસ્પર્શ કરીએ છીએ ત્યારે એના દ્વારા પ્રત્યક્ષ શરણ સિદ્ધ થાય છે. એટલા માટે આપણા ત્યાં એ પ્રકાર છે કે ચરણસ્પર્શ કર્યા પછી પ્રભુનાં ચરણારવિંદની અલૌકિક રજ આપણા હૃદયમાં પધારીને, એ રજમાં બિરાજતું પ્રભુનું એ અલૌકિક સ્વરૂપ, હૃદયમાં સદાકાળ બિરાજે, એ માટે વૈષ્ણવો પ્રસાદી-જળ-મિસરી આદિ લઇને એની સાથે ચરણસ્પર્શનો સંસર્ગ કરાવી, એને મુખમાં મૂકીને હૃદયમાં પધરાવે છે. આમ, ચરણસ્પર્શ દ્વારા પ્રત્યક્ષ શરણાગતિ સિદ્ધ થતી હોવાના કારણે શ્રીઆચાર્યચરણે પુષ્ટિમાર્ગમાં કેવળ નામસંકીર્તનને સ્થાન આપ્યું નથી. શ્રીઆચાર્યચરણે પુષ્ટિમાર્ગમાં સેવાને પ્રાધાન્ય આપ્યું છે, અને સેવાનો અનુકલ્પ બતાવ્યો છે સ્મરણ. આપે સ્મરણને પ્રાધાન્ય આપ્યું નથી. આપણે શ્રીવલ્લભના ષોડશ ગ્રંથને વાંચીએ, તો સમજાશે કે એવો એક પણ ગ્રંથ નથી કે જેમાં પોતે સેવા માટેની આજ્ઞા કરી ન હોય. આમ, સેવા દ્વારા પ્રત્યક્ષ શરણ સિદ્ધ થાય છે.

બીજો પ્રકાર છે પરોક્ષ શરણનો. વિપ્રયોગની ભાવના દ્વારા પ્રભુનાં ચરણારવિંદને હૃદયમાં સ્થિર કરવાં જોઇએ. ભગવદીયો સાથે મળીને શરણાગતિની

ભાવના, બ્રહ્મસંબંધ મંત્રનું રહસ્ય સમજવું જોઇએ. માટે પરોક્ષ શરણ સિદ્ધ કરવા શ્રીઆચાર્યચરણે આપણને માર્ગ બતાવ્યો : 'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈ:' તાદશી ભગવદીયોની સાથે મળીને નિવેદન મંત્રનું અર્થાનુસંધાન વિચારવું જોઇએ. આ પ્રમાણે સેવામાં અને અનોસરમાં કેવળ પ્રભુનું સ્મરણ-ભાવન કરવાની હરિરાયચરણ આજ્ઞા કરે છે. સેવાકાલીન સમયમાં પંચાક્ષર મંત્ર દ્વારા અને અનોસર સમયમાં અષ્ટાક્ષર મંત્ર દ્વારા શરણાગતિનું ચિંતન અને ભાવન કરવું જોઇએ.

અહીં એક પ્રશ્ન થાય છે કે આપણે જે બને તે સેવા કરીએ છીએ, અલ્પ પ્રમાણમાં સ્મરણ પણ કરીએ છીએ અને છતાંય કેમ શ્રીપ્રભુનાં ચરણારવિંદમાં શરણની દઢતા થતી નથી? મન વારે વારે લૌકિક બાબતો મેળવવા માટે પ્રભુનો દઢ આશ્રય છોડીને અન્યાશ્રય કરવા દોડે છે. પ્રભુમાં, શ્રીમહાપ્રભુજીમાં આપણા વિશ્વાસની દઢતા કેમ રહેતી નથી? શ્રીહરિરાયચરણ એનું એક જ કારણ આપે છે: દુ:સંગ. દુ:સંગ એવો ભયંકર છે કે આપણા શરીરની દંઢતાને તે હચમચાવી મૂકે છે. દુ:સંગ થવાનાં ત્રણ કારણો આપ બતાવે છે : આપણી આજુબાજુ રહેતા લોકો સંસારાસકત બન્યા છે. સંસારાસક્ત બનવાના પરિણામે આપણે અંતર્મુખ નથી, પ્રભુની સન્મુખ નથી. આપણે બહિર્મુખ થયા છીએ. બહિર્મુખનો સાદોસીધો અર્થ એટલો જ કે પ્રભુનાં સેવાસ્મરણ છોડી દુન્યવી આનંદ લેવા દોડવું, ભગવત્સેવાના સમયમાં સેવા છોડી લૌકિક તુચ્છ વાસનામાં સમય નિર્ગમન કરવો, પ્રભુનાં શ્રવણકીર્તનસ્મરણ છોડી લૌકિક વાતોમાં મન પરોવીને રાચવું, આ બધાં બહિર્મુખતાનાં લક્ષણો છે. આવી બહિર્મુખતા થવાનું કારણ અન્નદોષ છે. અન્ન જેવું હોય એવો આપણા મનનો, વિચારોનો અને પ્રાણનો પિંડ બને છે. અશુદ્ધ અન્ન અશુદ્ધ વિચારોને જન્મ આપે છે. આપણામાં કહેવત છે, ''અન્ન એવો ઓડકાર.'' શ્રીપ્રભુજીને ભોગ ધર્યા વિનાનું, કૃષ્ણાધરામૃત વિનાનું જે કંઇ લેવામાં ઓવે, એનો અન્નદોષ આપણને લાગે છે. શાસ્ત્રોએ આવા અસમર્પિત અન્નને ખૂબ 'હીન' ઉપમા આપીને સમજાવ્યું છે.

અસમર્પિત અન્નનો દોષ કેટલો પ્રબળ હશે એનું એક માર્મિક ઉદાહરણ ૨૫૨ ભગવદીયોની વાર્તામાં જોવા મળે છે. શ્રીનાથજીના કૃપાપાત્ર સેવક છે રૂપા પોળિયા. સિંહપોળની ચોકીની સેવા કરનારા, જે કીર્તન ન ગાય તો શ્રીનાથજીને નિંદ પણ ના આવે, એવી જેમના ઉપર કૃપા. એ રૂપા પોળિયાને એક વાર ભંડારીજીએ સામગ્રી માટે ઘી કાઢી આપવાનું કહ્યું. ઘી કાઢયા પછી બહુ સાવધાનીથી તેમણે હાથ ધોઇ નાખ્યા. રાજભોગ પછી પોતાના મુકામે જઇ રસોઇ કરી, શ્રીનાથજીનાં

ધજાજીને ભોગ ધરી પ્રસાદ લેવા બેઠા. દાળના પાત્રમાં આંગળીઓ બોળી. જમણા નખના અંગૂઠાની બાજુમાં શ્રીનાથજીને આરોગવાના અસમર્પિત ઘીનો એક સૂક્ષ્મ કણ ચોંટી રહ્યો હતો, જેમનું એમને ધ્યાન નથી. ગરમ દાળમાં હાથ બોળતાં ઘીનો કણ એમાં વીઘરી ગયો. બિલકુલ બેધ્યાન સ્થિતિમાં એ કણ તેમના મુખમાં મુકાઇ ગયો, એ ઘી પેટમાં ગયું. એનું પરિણામ એમના માટે એટલું બધું તો દુઃખદ આવ્યું કે જ્યારે એમનો દેહ છૂટી ગયો ત્યારે એમનો જન્મ શ્વાન યોનિમાં થયો. અપ્રસાદ, અસમર્પિત ઘીનો એક સૂક્ષ્મ કણ અજાણતાં પેટમાં જતાં જો આવા મહાનુભાવ ભગવદીયને પણ શ્વાસ યોનિમાં જન્મ લેવડાવે; તો અસમર્પિત ન લેવું જોઇએ એ જાણીને, એ સમજીને, એની વાતો કરતાં-કરતાં, બીજાઓને ઉપદેશ આપતાં-આપતાં હોંશથી બજારમાં લારી ઉપર ઊભા રહીને, લબકારા મારતી જીભના સંતોષ ખાતર ગમે તેવા મલિન-ભ્રષ્ટ પદાર્થો હોંશે હોંશે આપણા પેટમાં પધરાવીએ, તો આપણા હવે પછીનાં જન્મો કેવા હશે, એનો ઘડીભાર વિચાર કરજો. અનેક ભગવદીયો અને વૈષ્ણવોના સ્વાનુભાવની વાત છે કે જયારે આવું અસમર્પિત ભક્ષણ છોડીને પ્રભુને ભોગ ધરેલું લેવા લાગે છે, ત્યારે એમની બુદ્ધિ આપોઆપ ભગવચ્ચરણમાં અનુરાગી બને છે. જયારે આવું સમર્પિત છૂટી જાય છે અને અસમર્પિત લેવા લલચાય છે ત્યારે એ બુદ્ધિ ભ્રષ્ટ થઇને બહિર્મુખ બને છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સંસારાસકત, બહિર્મુખ અને અન્ન દોષવાળા જે દુઃસંગીઓ આપણી આજુબાજુ છે, એ બધાનો સંગ કરીને, એમના જેવા બનીને રહીએ છીએ ત્યારે આપણી શરણાગતિ સિદ્ધ થતી નથી. માટે શરણાગતિને દઢ કરવા કલિયુગમાં એક જ ઉપાય છે અને તે ભગવદ્ભક્તનો સત્સંગ કરવો. સત્સંગ વિના શરણાગતિ કયારેય દઢ થવાની નથી, એ નિશ્ચિત માનજો.

શરણાગતિને દઢ કરવા માટે શ્રીહરિરાયચરણે બીજું સાધન આપ્યું- શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય રાખવો. શરણાગત ભક્ત આમ ભગવદીયોનો સત્સંગ કરી, શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય રાખે, તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી એને અવશ્ય શરણાગતિ પ્રાપ્ત થશે. આમ, શ્રીહરિરાયચરણે પ્રભુનાં ચરણારવિંદમાં આપણે કેવી રીતે શરણાગતિ સ્વીકારવી અને દઢ કરવી એ આપણને બતાવ્યું.

શ્રીહરિરાયચરણ હવે એક બીજો પ્રશ્ન આપણી સમક્ષ રજૂ કરે છે. આપણે પ્રશ્ન કરીએ છીએ કે જે પ્રભુના કૃપાપાત્ર જીવો છે, શરણાગત છે જેમને શરણસિદ્ધિ થઇ છે એવા સેવાસ્મરણમાં રત રહેતા ભક્તો, વૈષ્ણવો, ભગવદીયોને લૌકિકમાં - સંસારમાં બહુ જ દુઃખ જોવા મળે છે. એ શરીરથી રોગી હોય છે, તેમને કુટુંબનો

કલેશ હોય છે, તેઓ આર્થિક રીતે મુશ્કેલીમાં હોય છે, તેમને કોઇ રીતે દુનિયામાં સ્વસ્થતા હોતી નથી, અનું કારણ શું? પ્રભુના કૃપાપાત્ર કહેવાય, એની ઉપર જ નહીં પ્રભુની કૃપાનાં દર્શન થતાં નથી, જે પ્રભુને કદી માનતા નથી, અને મંદિરે કદી આવતા નથી, જે કદી પ્રભુની સન્મુખ ઊભા રહીને પાઠ કરતા નથી, જે કેવળ અસમર્પિત જ ખાય છે, જે લૌકિકમાં રચ્યાપચ્યા રહે છે એ બધા બહુ સુખમાં મહાલે છે. આમ કેમ? અણસમજથી વૈષ્ણવો ઘણી વાર એમ કહે છેઃ આપણી પડોશમાં મોહનકાકા હતા, પેલાં મેના માસી હતાં, આ બધાંએ આખી જિંદગી સેવા-સ્મરણ બહુ કર્યાં, પણ છેવટે બિચારાં દુઃખી-દુઃખી થઇને પહોંચી ગયાં. સેવા કરીને જો આવું દુઃખ જ પડવાનું જ હોય, તો એના કરતાં સેવાથી વિમુકત થઇ જવું. એમને પ્રશ્ન થાય છે કે આવી સેવા કરનારને લૌકિકમાં આટલો બધો કલેશ પ્રભુ કેમ આપે? શ્રીહરિરાયચરણ એનો ખુલાસો કરે છે, કે પ્રભુનાં ચરણારવિંદથી આપણે દૂર ભાગી ન જઇએ, શરણાગતિ સ્વીકારવામાં આપણે ઢીલા ન પડી જઇએ એટલા માટે એનો ખુલાસો આપે છે - શ્રીઆચાર્યચરણના શબ્દોમાં જ. 'નવરત્ન'માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ' એ એનો ખુલાસો. એ જ આજ્ઞા પોતાના શબ્દોમાં શ્રીહરિરાયચરણ નિરૂપે છે. ''લૌકિક-કલેશ-સંબંધો હ્યંગીકૃતલક્ષણમ્'' જેને પ્રભુ પોતાના કૃપાપાત્ર બનાવે છે, જેનાં સેવાસ્મરણ અંગીકાર કરે છે, જેને હવે પુનર્જન્મ આપવા માગતા નથી, અને પોતાની નિજલીલામાં પાછા બોલાવવા માગે છે, એવા પોતાના કૃપાપાત્ર સ્વકીય જીવને પ્રભુ લૌકિક અને વૈદિકમાં સ્વસ્થતાપૂર્વક કદી રહેવા દેતા નથી. જયારે આપણા ઉપર આધિ, વ્યાધિ કે ઉપાધિ આવે; શરીરને દુઃખ આવે, આથિક અને કૌટુંબિક ઝંઝાવાતો આવે, કે બીજી કોઇ પણ ઉપાધિઓ આવે ત્યારે દુઃખના એ દિવસમાં મંગલ-મહોત્સવ મનાવવો. પ્રભુની કૃપાનાં દ્વાર આપણા માટે ખૂલી ગયાં છે, એની વધાઇ બેસાડવી. લૌકિક દુઃખ વૈષ્ણવના જીવનમાં આવે એ તો વૈષ્ણવ માટે અલૌકિક મહોત્સવ છે. એ આંખમાંથી આંસુ પાડવાનું, હૃદયની દુર્બળતા અને કાયરતા વ્યકત કરવાનું ટાણું નથી. ત્યારે માનવું કે પ્રભુએ હવે આપણો હાથ બરાબર પકડયો છે અને હવે એમની કૃપાથી આપણે પુનર્જન્મ લેવો નહીં પડે.

આપણને પ્રશ્ન થશે કે આમ દુઃખી કરીએ ચરણમાં લેવાની શી જરૂર? અહીંથી હસતાં-હસતાં અમને લઇ જાય તો શું ખોટું? કેમ હસતાં-હસાવતાં પોતાનાં ચરણમાં નથી લઇ જતા? શ્રીમહાપ્રભુજી એનો વિસ્તૃત ખુલાસો દશમ સ્કંધમાં અંતઃગૃહતા ગોપીજનોના પ્રસંગમાં કરે છે. આપ આજ્ઞા કરે છે કે, ભગવદ્વિરહથી જયારે

વ્રજભકતોના પ્રાણ છૂટી ગયા, ત્યારે એમને એટલો ઉત્કટ વિરહ થયો હતો કે વિરહના અગ્નિમાં એ વ્રજભક્તોનાં પૂર્વજન્મનાં અને આ જન્મનાં જે કંઇ પાપો હતાં, તે બળીને ભસ્મ થઇ ગયાં. પાપ બળી જતાં હૃદય વિશુદ્ધ થયું. વિશુદ્ધ હૃદયમાં પધારી પ્રભુએ દર્શન આપ્યાં. પરિણામે, પૂર્વ જન્મનાં અને આ જન્મનાં સર્વ પુણ્યો પણ વપરાઇ ગયાં. હવે વ્રજભકતોના જીવનના ચોપડામાં જમા પક્ષે કોઇ પુણ્ય નથી, ઉધાર પક્ષે કોઇ પાપ નથી. પુરાંત શૂન્ય છે. પાપ અને પુણ્ય સર્વ ભોગવાઇ ગયાં, ત્યારે પ્રભુએ એમને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું, સાગુજય મોક્ષની પ્રાપ્તિ કરાવી. ત્યાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે, કે જયાં સુધી જીવનાં પાપ અને પુણ્ય પૂરેપૂરાં ભોગવાઇ રહેતાં નથી, ત્યાં સુધી ભગવત્પ્રાપ્તિમાં એને વિલંબ રહે છે, અંતરાય રહે છે. પાપ અને પુણ્ય સર્વ ભોગવાઇ ગયા પછી જ ભગવત્પ્રાપ્તિ થાય છે. માટે પુષ્ટિમાર્ગીય જીવે પાપ ન કરવાં. પાપ કરવાથી ડરતાં રહેવું, અને સાથે-સાથે પુણ્ય કરવા તરફ પણ મમતા અને આસકિત ન સેવવી. તીર્થયાત્રા, અકાદશી વ્રત, દાન વગેરે જે કંઇ કરવામાં આવે, એ પુણ્યની ભાવનાથી ન કરતાં કેવળ એને ફરજ સમજીને કાપટ્ય ભાવથી કરતાં રહીએ તો પુણ્યનું જમા પાસુંયે વધે નહીં, પાપનું ઉધાર પાસુંયે વધે નહીં. એને પરિણામે ભગવત્પ્રાપ્તિમાં વિલંબ ઘટે છે. જે ભગવદીયો ઉપર પ્રભુએ કૃપા કરી છે એમને એ પુનર્જન્મ આપવા નથી માગતા. એવા ભગવદીયોનાં પૂર્વજન્મ અને આ જન્મનાં સર્વ પાપ પ્રભુ આવી રીતે દુઃખ આપીને ભોગવાવે છે.

દુઃખમાં ધીરજ ધારણ કરવાની શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. 'અશકયે વા સુશકયે સર્વથા શરણમ્ હરિઃ' જીવનમાં બહુ જ અશકય, જીવની બુદ્ધિથી ઉકેલી ન શકાય એવી પરિસ્થિતિ આવે કે બહુ સુખદ પરિસ્થિતિ આવે, પણ પ્રભુનું શરણ કદી છોડવું નહીં. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જીવનું પ્રભુ વરણ કરવાની કૃપા કરે એ જીવને પ્રભુ કયારેક લૌકિક કલેશ આપીને એના પૂર્વ જન્મના સર્વ અપરાધો નિવૃત્ત કરાવે છે. લૌકિક કલેશ દેહનો છે, એને આત્મા સાથે કોઇ સંબંધ નથી, એને હૃદય સાથે કોઇ સ્નાનસૂતક નથી, માટે સેવાસ્મરણ કરતાં સેવાસ્મરણના આંતરવ્યાપારમાં લૌકિક કલેશને બાધક કરવો નહીં, વચમાં લાવવો નહીં.

પ્રાચીન ભગવદીયો એવી પણ આજ્ઞા કરતા કે સેવામાં અપરસમાં લૌકિક કલેશથી જો રડી જવાય તો અપરસ છોવાય છે; કારણ કે પરમાનંદ પ્રભુ જીવના કલેશને સહન કરી શકતા નથી, માટે પ્રભુની સન્મુખ લૌકિક કલેશ કદી કરવો નહીં. વૈદિક આજ્ઞા તો છે જ કે સૂતકમાં અને પીંડરુમાં જયારે લૌકિક આનંદથી અથવા

લૌકિક કલેશથી હૃદય ગ્રસ્ત હોય છે ત્યારે ભગવત્સેવા થતી નથી. આમ લૌકિક કલેશ એ તો વૈષ્ણવો માટે કેવળ બાહ્ય દેખાવ છે, એ એમનાં હૃદયને જરાયે ઢીલું પાડી શકતો નથી. માટે અલૌકિક કલેશથી વૈષ્ણવોએ ડરવું નહીં.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવો લૌકિક કલેશ ચાર પ્રકારે આપણા જીવનમાં જોવા મળે છે : (૧) દુઃસંગને કારણે (૨) સંસારમાં રચ્યાપચ્યા રહીએ ત્યારે, (૩) વૈષ્ણવોને સત્સંગ નથી મળતો ત્યારે, અને (૪) સ્વમાર્ગની સ્થિતિમાં શોચનીય બાબતો જોવામાં આવે છે ત્યારે પણ કલેશ થાય છે. પહેલા બે પ્રકારનો કલેશ વૈષ્ણવને ભગવદ્‌ભાવમાંથી મન ખસેડાવનારો બને છે, બીજા બે પ્રકારો-સત્સંગના ભાવનો અને સ્વમાર્ગની રક્ષાનો - સૌને પ્રભુનાં ચરણમાં આસક્તિ કરાવનારો બને છે. માટે એને વિવેકપૂર્વક દૂર રાખીને, હૃદયને એમાં ખરડાવ્યા વિના સેવા દ્વારા પ્રત્યક્ષ શરણાગતિ અને સ્મરણ દ્વારા પરોક્ષ શરણાગતિ માટે વૈષ્ણવોએ સતત નિઃસધાન ભાવે, દીનભાવે પ્રસન્ન રહીને તત્પર રહેવું જોઇએ.

શ્રીહરિરાયચરણ ચતુર્થ શિક્ષાપત્રના અંતે ૩૦ મા શ્લોકમાં આજ્ઞા કરે છે કે આવી રીતે આ શરણાગતિ માટે પ્રયત્નશીલ રહેનાર વૈષ્ણવોએ જો કોઇ રીતે શરણાગતિમાં મન ન ચોંટતું હોય, તો છેલ્લો ઉપાય એ છે કે દીનભાવે અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું. આપણી ગતિ એક જ છેઃ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'-શ્રીકૃષ્ણ એ જ મારું શરણ એ શરણાગતિને સ્વીકારી દીનભાવે રહેવું. શ્રીમહાપ્રભુજી જીવના સર્વ લૌકિક અને અલૌકિક મનોરથો સિદ્ધ કરે જ છે, તેવો દૃઢ વિશ્વાસ રાખી અષ્ટાક્ષર મંત્રનું નિત્ય સદા-સર્વદા રટણ કરવું, એવી શ્રીહરિરાયચરણની આજ્ઞાનું સ્મરણ-ચિંતન કરતાં આ ચતુર્થ શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ થાય છે.

શિક્ષાપત્ર-૪ : સારાંશ

શ્લોક સંખ્યા : ૩૦

વિષય : પ્રભુનું વિરુદ્ધ ધર્માશ્રય સ્વરૂપ અને પ્રભુની શરણાગતિ.

પ્રભુના ધર્મો :

(૧) અપ્રાકૃત-સદા એકરસ અને અખંડ, કેવળ આનંદમય.

(૨) પ્રભુના ધર્મો સ્વરૂપથી ભિન્ન નથી. આ ધર્મો બે પ્રકારના છે : (૧) બહિરંગ અને (૨) અંતરંગ. બહિરંગ ધર્મોમાં પાંચ ધર્મોનો સમાવેશ થાય છે : (૧) કર્તૃત્વ, (૨) સર્વરૂપત્વ, (૩) સર્વાધારત્વ, (૪) ન્યાયત્વ, (૫) વિરુદ્ધ ધર્માશ્રયત્વ. અંતરંગ ધર્મોમાં બે ધર્મોનો સમાવેશ થાય છે : (૧) ઐશ્વર્ય (૨) માધુર્ય : મર્યાદા ભક્તોને ઐશ્વર્ય ધર્મનો અનુભવ થાય છે, પુષ્ટિભકતોને માધુર્ય ધર્મનો અનુભવ થાય છે.

પ્રભુનું વિરુદ્ધ ધર્માશ્રય સ્વરૂપ :

પ્રભુમાં વિરુદ્ધ ધર્મો રહ્યા છે, જેમ કેઃ

(૧) બાળક છે, છતાં રસિકશિરોમણિ છે.
(૨) પોતાને વશ છે, છતાં પરવશ છે.
(૩) નિર્ભય છે, છતાં હંમેશાં ભયભીત છે.
(૪) સાપેક્ષ છે, છતાં નિરપેક્ષ છે.
(૫) ચતુર છે, છતાં મહામુગ્ધ છે.
(૬) આત્મારામ છે, છતાં સૌનો સ્નેહ વધારનાર છે.
(૭) પૂર્ણકામ છે, છતાં કામાર્ત છે.
(૮) દીન ન હોવા છતાં દીન છે.
(૯) સ્વયં પ્રકાશિત છે, છતાં અપ્રકાશિત છે.
(૧૦) બહાર બિરાજમાન છે, છતાં અંતઃસ્થિત છે.
(૧૧) અસ્વતંત્ર છે, છતાં સ્વતંત્ર છે.
(૧૨) અસમર્થ છે, છતાં સમર્થ છે.

વ્રજમાં પ્રભુ કુમાર-અવસ્થાના હોવા છતાં કિશોરલીલાનાં દર્શન કરાવે છે. બાળલીલામાં કિશોરલીલાનાં દર્શન અને કિશોરલીલામાં બાળલીલાનાં દર્શન થાય છે.

સ્નેહભાવથી પ્રભુ કુમારિકાઓ પાસે છે, ઐશ્વર્ય ભાવથી તેઓ સકળ વિશ્વમાં

વ્યાપક છે. પ્રભુને વિરુદ્ધ ધર્માશ્રયી જાણવાથી અસંભાવના અને વિપરીત ભાવનાનો નાશ થાય છે. આ બે ભાવના નષ્ટ ન થાય તો ભક્તિ બીજનો નાશ થાય છે.

પ્રભુની શરણાગતિ :

વિરુદ્ધ ધર્માશ્રયી પ્રભુના શરણનું જીવે સતત સ્મરણ કરવું. શરણ દ્વારા નિશ્ચિત બધાં ફળ પ્રાપ્ત થાય છે.

ભક્તિમાર્ગમાં શરણાગતિ જ સાધન અને ફળ પણ છે. અવતાર દશામાં પ્રસિદ્ધ(પ્રત્યક્ષ) શરણ છે, અનવતાર દશામાં પરોક્ષ શરણ છે. શ્રીકૃષ્ણના પરોક્ષમાં શ્રીઆચાર્યચરણ દ્વારા શરણની સિદ્ધિ થાય છે. શ્રીઆચાર્યચરણના પરોક્ષમાં તેમના ગ્રંથ, વચનામૃતો દ્વારા શરણની સિદ્ધિ થાય છે. ગ્રંથ, વચનામૃતોના પરોક્ષમાં ભગવદીય દ્વારા શરણની સિદ્ધિ થાય છે.

પ્રત્યક્ષ શરણ એટલે સેવાના અવસરમાં પ્રભુને ચરણસ્પર્શ કરવાથી અને તુલસીજી સમર્પવાથી સિદ્ધ થતું શરણ. તે સાક્ષાત્ સંયોગાત્મક સ્વરૂપનું છે. પરોક્ષ શરણ એટલે સેવાના અનવસરમાં ભગવદીયો સાથે મળી વિપ્રયોગનો અનુભવ કરવો તે. શરણભાવને સિદ્ધ કરવા સંસારીઓ, બહિર્મુખો અન્નદોષવાળા લોકોનો દુ:સંગ છોડી ભગવદીયનો સંગ કરવો, શ્રીવલ્લભનો આશ્રય રાખવો. શરણાગત ભક્ત લૌકિક કલેશથી કંટાળતો નથી. તે દ્વારા 'પ્રભુએ મારો અંગીકાર કર્યો છે' એવો ભાવ વિચારવો.

કલેશ દુ:સંગથી થાય છે. લૌકિકના આવેશથી થાય છે. સત્સંગના અભાવથી થાય છે, માર્ગમાં સ્થિતિ ન હોવાના અભાવથી થાય છે. આવી પરિસ્થિતિમાં દૈન્યભાવ રાખવો અને અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું.

●

શિક્ષાપત્ર પાંચમું

સદા વિરહભાવેન ભાવાત્મા ભાવ્યતાં હરિઃ ।
કૃષ્ણો હૃદયદેશસ્થઃ સ્વામિનીનાં કૃપાનિધિઃ ॥૧॥

હરિ ભાવાત્મા છે, તેવી ભાવના સદા વિરહભાવથી કરવી. તે કૃષ્ણ શ્રીસ્વામિનીજીની કૃપાના નિધિરૂપ છે અને તે તેમના હૃદયમાં વાસ કરી રહેલા છે. (૧)

અસ્માકમતિભાગ્યેન તદાસ્યં વહ્નિરુદ્ગતઃ ।
અતઃ શીતલભાવોઽસ્મિન્માર્ગેનૈવોપયુજ્યતે ॥૨॥

એ આપણું મહદ્ ભાગ્ય છે કે ભાવાત્મક પ્રભુનું મુખારવિન્દ અગ્નિરૂપે(શ્રીઆચાર્યજીરૂપે) પ્રગટ થયું છે. માટે આ માર્ગમાં શીતળ ભાવ ઉપયોગમાં આવતો નથી.(૨)

તાપભાવઃ પરં દૈન્યં પ્રકાશયતિ સર્વથા ।
દૈન્યેન દયયા દીનબન્ધુઃ પ્રાદુર્ભવત્યસૌ ॥૩॥

પરમ દૈન્યભાવ દ્વારા સર્વથા પ્રકાશ પામે છે. દૈન્ય વડે જ દીનબંધુ દયાળ એવા ભગવાન દયા કરીને પ્રગટ થાય છે. (૩)

તદ્દૈન્યં સ્યાત્ સ્વામિનીનાં તાપભાવવિભાવનાત્ ।
તદ્ભાવનં ભવેદેવ તાપાત્મચરણાશ્રયાત્ ॥૪॥

શ્રીસ્વામિનીજીના તાપરૂપી ભાવનું અનુસંધાન કરવાથી દીનતા થાય છે. વિરહાત્મક શ્રીઆચાર્યજીનાં ચરણારવિન્દનો આશ્રય કરવાથી તાપભાવનું ભાવન થાય છે. (૪)

તદાશ્રયસ્ય સિદ્ધિસ્તુ તદ્વાકયપરિનિષ્ઠયા ।
તન્નિષ્ઠા સતતં તાદૃક્ તદીયજનસેવયા ॥૫॥

શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિન્દની સિદ્ધિ તેમનાં વાકયોમાં (શ્રીસુબોધિનીજી આદિ ગ્રંથોમાં) શ્રદ્ધા સ્થિર થવાથી થઇ શકે છે. તેઓશ્રીના વચનામૃતમાં નિષ્ઠા તો નિરંતર તાદશીજનની સેવાથી જ થઇ શકે છે. (૫)

તદીયા દુર્લભાશ્ચેત્સ્યુઃ શ્રીભાગવતસેવનમ્ ।
અથવા દૈન્યભાવેન સ્મર્તવ્યઃ સતતં હરિઃ ॥૬॥

આવા તાદશીજનો કદાપિ દુર્લભ હોય, તો શ્રીમદ્ ભાગવતનું સેવન કરવું; અથવા દીનતાપૂર્વક નિરંતર હરિનું સ્મરણ કરવું. (૬)

અષ્ટાક્ષરમહામંત્રો વક્તવ્ય ઈતિ નિશ્ચય: ।
સર્વદા સર્વભાવેન તેન સર્વં ભવિષ્યતિ ॥૭॥

સર્વદા સર્વ ભાવ વડે અષ્ટાક્ષર મહામંત્રનું રટણ કર્યા કરવું. તેનાથી સર્વ સિદ્ધ થશે. (૭)

અસ્માકં ન્યૂનતૈવાસીનૂમિલનં યદભૂન્નહિ ।
એતાવતી હરિ: કૃષ્ણ: પૂરયિષ્યતિ તામપિ ॥૮॥

આપણામાં એટલી બધી ન્યૂનતા છે કે ભગવદીયોનો સત્સંગ થતો નથી. તે ન્યૂનતા પણ હરિ શ્રીકૃષ્ણ પૂર્ણ કરશે. (૮)

ભવદ્ભિર્નૈવ કર્તવ્ય: ક્ષોભો મનસિ સર્વથા ।
અસ્મિન્માર્ગે યથૈવાર્તિસ્તથૈવ ફલસન્નિધિ: ॥૯॥

તમારે મનમાં જરી પણ ક્ષોભ કરવો નહિ. આ માર્ગમાં તો જેટલી આરત હશે એટલું ફળ નજીક આવશે. (૯)

યથાકંચિત્ કર્તવ્યો વ્યવહારો હિ લૌકિક: ।
અપકીર્તિભયાત્તેન બુદ્ધિશૈથિલ્યસંભવાત્ ॥૧૦॥

અપકીર્તિના ભયથી થોડોઘણો લૌકિક વ્યવહાર કરવો પડે તો કરવો; કારણ કે અપકીર્તિના ભયથી બુદ્ધિ શિથિલ થઇ જવાનો સંભવ છે. (૧૦)

શિક્ષાપત્ર પાંચમું

ચતુર્થ શિક્ષાપત્રમાં હરિરાયચરણે સ્વમાર્ગીય બે સિદ્ધાંતોને ત્રીસ શ્લોક દ્વારા આપણને સમજાવ્યા હતા. પ્રભુના વિરુદ્ધ ધર્મોનું નિરૂપણ કરીને એવા અલૌકિક, ભાવાત્મા, સદાનંદ પ્રભુના શરણે જવા માટેની શરણાગતિ કેવી રીતે પ્રાપ્ત થાય, એનું નિરૂપણ કર્યું. પ્રભુકૃપાથી જે જીવ પુષ્ટિમાર્ગમાં શરણે આવ્યો, 'હું તમારો દાસ છું, હે કૃષ્ણ, હું તમારો છું.' એવી બ્રહ્મસંબંધની પ્રતિજ્ઞા કરીને પ્રભુનાં ચરણનું શરણ સ્વીકાર્યું છે, એ જીવે હવે પ્રભુને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ બનવું પડે. માટે પંચમ શિક્ષાપત્રમાં દશ શ્લોક દ્વારા શ્રીહરિરાયચરણ પ્રભુને પ્રાપ્ત કરવા માટે કેવી રીતે વિરહતાપ કરવો જોઈએ, એની ભાવના અને સ્વરૂપ આપણને બતાવે છે.

દીનતાપૂર્વક, વિરહતાપૂર્વક વિરહાત્મક, ભાવાત્મક ભગવાનનું જે સ્વરૂપ છે, એમનું હૃદયમાં ભાવન કરવું આપણે જાણીએ છીએ કે લૌકિકમાં જે આપણને અતિપ્રિય હોય છે, એમને મળવા માટે, એમને પ્રાપ્ત કરવા માટે આપણે ઘણો તરફડાટ અનુભવીએ છીએ. એ ન મળે ત્યાં સુધી એના વિરહનું આપણને દુઃખ રહે છે. એ કયારે પ્રાપ્ત થશે, એવો સતત વિરહનો ભાવ આપણા હૃદયમાં રહ્યા જ કરે છે. એવી રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બન્યા પછી, આપણે જેમના થઈને રહેવાનું છે, એવા પ્રભુ આપણને કયારે મળે, એનો સતત વિરહ જો આપણે ન કરીએ; હજારો વર્ષોથી જેમનાથી છૂટા પડયા હતા, એ પ્રભુને મેળવવા માટેના તાપકલેશનો માર્ગ શ્રીવલ્લભે બતાવ્યો. એને આપણે જો ન અનુસરીએ તો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકે આપણને જન્મ મળ્યો છે, તે વૃથા જાય, નિરર્થક જાય. માટે શ્રીહરિરાયચરણે ''જન્મવૈફલ્યનિરૂપણાષ્ટક''માં આજ્ઞા કરી.

નાશ્રિતો વલ્લભાધીશો ન ચ દૃષ્ટા સુબોધિની ।
નારાધિ રાધિકાનાથો વૃથા તજ્જન્મ ભૂતલે ॥

જેણે શ્રીવલ્લભના ચરણનો આશ્રય કર્યો નથી, શ્રીસુબોધિનીજીનું રસપાન કર્યું નથી, શ્રીરાધિકાનાથની આરાધના કરી નથી, એનો જન્મ આ પૃથ્વી ઉપર નકામો ગયો છે. તો પ્રભુને પ્રાપ્ત કરવા માટેનો વિરહ કેવી રીતે કરવો, એનો માર્ગ આ નાનકડા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આપણને બતાવે છે.

વિરહ કેવી રીતે કરવો, એ કેવો સાહજિક હોય, કેવો ઉત્કટ હોય, એને

સમજવા માટે એક લૌકિક ઉદાહરણ યાદ આવે છે. આજથી હજારેક વર્ષ પહેલાં ગુજરાતી ભાષાના એક અજ્ઞાત કવિએ લૌકિક વિરહનું વર્ણન બે નાનકડી પંકિતઓમાં બહુ સુંદર રીતે કર્યું છે. બે પંકિતઓમાં એમણે મજાની વાત મૂકી કે દરિયા-કિનારાના એક ગામમા એક નવોઢા સ્ત્રી, વહાણ લઇને પરદેશ વેપાર કરવા ગયેલા પોતાના યુવાન પતિના પાછા આવવાની રાહ જોઇ રહી છે. ગામમાંથી સાગર ખેડવા ગયેલા બધા યુવાનો પાછા આવી ગયા છે; કારણ કે હવે ચોમાસુ બેસવાનું છે. પણ હજુ એનો પતિ નથી આવ્યો. આવનારાઓને પતિના સમાચાર પૂછે છે, પણ કોઇ પાસે એના પતિના સમાચાર પણ નથી. પતિના વિયોગમાં એ સ્ત્રી સુકાઇને હાડકાંના માળા જેવી થઇ ગઇ છે. રોજ ઘરના બારણે આવીને, ટોડલે હાથ ટેકવીને પતિના આવવાની પ્રતીક્ષા કરે છે. એક દિવસ વહેલી સવારે પતિની પ્રતીક્ષા કરતી ઊભી છે, ત્યાં એના ઘરના ટોડલા ઉપર એક કાગડો આવીને બેઠો છે. વહેલી સવારે ઘરના ટોડલો કાગડો આવીને બેઠો છે. વહેલી સવારે ઘરના ટોડલે કાગડો બેસીને કાગવાણી ઉચ્ચારે તો આપણી લોકમાન્યતા છે કે મહેમાન આવે. કાગડોને કા-કા કરતો જોઇ પેલી સ્ત્રી ખિજાઇ ગઇ. 'હે કાગડા! તું મને બળેલીને શું કરવા વધારે બાળે છે? તું શીદને મારી મશ્કરી કરે છે? મને લાગે છે કે હવે મારો પતિ કદી પાછો નહીં આવે. એ તો સાગરના તળિયે પોઢી ગયો હશે.' તોય પેલો કાગડો ઊડતો નથી. પેલી સ્ત્રી કાગડાને ઉડાડવા માટે જમીન પરથી કાંકરો લેવા નીચી નમે છે. એનો હાથ ભૂમિ તરફ લંબાયો છે, એની નજર સામેના રસ્તા ઉપર છે. પ્રભુને કરવું તે સામેથી એનો પતિ જ આવી રહ્યો છે. વિરહાતુર બનેલી એ સ્ત્રી પતિને જોઇને ખૂબ પ્રસન્ન થાય છે, એની પ્રસન્નતાનું વર્ણન કવિ કરે છે:

"વાયસુ ઉડ્ડાવન્તિ દીઠ પિયુ સહસત્તિ,
અદ્ધ વલય મહિહિ ગય, અદ્ધ ફુટ્ટ તડત્તિ."

એ સ્ત્રી કાગડાને ઉડાડવા માટે પ્રયત્નશીલ બની છે, ત્યારે એકાએક પતિને આવતો જોયો. એણે એના હાથમાં સૌભાગ્ય-કંકણરૂપે કાચની બંગડીઓ ધારણ કરેલી. પતિના વિરહમાં એનું શરીર સુકાઇ ગયું છે. હાથ નીચો કર્યો એટલે અડધી બંગડીઓ તો જમીન ઉપર પડીને નંદવાઇ ગઇ. પણ જ્યાં પતિને આવતો જોયો, એટલે હાથના કાંડામાં જે થોડી બંગડીઓ અટકી રહી હતી તે, પતિદર્શનથી એકાએક હૃષ્ટપુષ્ટ થઇ ગયેલા હાથના કાંડામાં રહેલી બંગડીઓ તડાક કરતીક તૂટી ગઇ. કવિએ બહુ ચમત્કૃતિપૂર્ણ વર્ણન કર્યું છે.

આ વર્ણન આપણને અહીં એટલા માટે લાગુ પડે છે કે પ્રોષિતભર્તૃકા નારીની જેમ પ્રભુ પણ આપણાથી દૂર છે. અથવા એમ કહો કે આપણે પ્રભુથી ઘણા દૂર છીએ. પ્રભુનો આપણને વિરહ છે. એમને પ્રાપ્ત કરવા હોય તો એમને પ્રાપ્ત કરવા માટેનો વિરહ કેવી રીતે કરવો, એ અહીં શ્રીહરિરાયચરણ બતાવે છે. 'સદાવિરહભાવેન' હમેશાં વિરહના ભાવપૂર્વક 'ભાવ્યતામ્ હરિઃ' શ્રીહરિનું ભાવન કરવું, સ્મરણ કરવું.

શ્રીહરિ કેવા છે, એમના માટે પાંચ વિશેષણો અહીં આપવામાં આવ્યાં છે : એક તો હરિ શબ્દ 'સ્વયં' પ્રભુના સ્વરૂપને સમજાવનાર છે 'હરતિ ઈતિ હરિઃ'- ભકતોનાં દુઃખને જે દૂર કરે, એ શ્રીહરિ. પ્રભુની પ્રાપ્તિ માટેનું અલૌકિક દુઃખ દૂર કરીને ભગવાન પોતાનાં દર્શન આપે, માટે તેઓ શ્રીહરિ કહેવાયા. એવા શ્રીહરિ ભગવાન 'કૃષ્ણઃ'-શ્રીકૃષ્ણ-સ્વરૂપે આપણી સામે પધાર્યા છે. 'હૃદયદેશસ્થ સ્વામિનીનામ્' શ્રીસ્વામિનીજીના હૃદયમાં સદાય બિરાજનારા છે. 'કૃપાનિધિઃ' કૃપાના સાગર છે, અને 'ભાવાત્મા' ભાવસ્નેહ દ્વારા આપણને પ્રાપ્ત થનારા છે.

આવા પ્રભુને વિરહભાવના દ્વારા આપણા હૃદયમાં પધરાવવાના છે. જીવનમાં જેની ઉપર સવિશેષ પ્રેમ હોય છે એ વ્યકિત જયારે આપણાથી ઘણી દૂર હોય, ત્યારે સદૈવ હૃદયમાં એનું સ્મરણ કરીએ છીએ. અનાયાસે આપણને એ યાદ આવી જાય છે. એની આકૃતિ, એના ગુણો, એનાં કાર્યો, એની શક્તિઓ, એનો આપણા પ્રત્યેનો અને આપણો એના પ્રત્યેનો પ્રેમ વગેરે યાદ આવે. દીકરો અમેરિકા ગયો હોય, ત્યારે માતાને દીકરાની સતત યાદ આવે છે. એકાંતમાં કયારેક દીકરાને યાદ કરીને બે છાનાં અશ્રુઓ પાડી દે છે. દીકરાને યાદ કરવા માતાને તો કોઇ પ્રયત્ન કરવો પડતો નથી, પણ આપોઆપ યાદ આવે છે, એને આપણે વિરહ કહીએ છીએ.

શૃંગાર રસનાં બે પાસાં છે : સંયોગ અને વિપ્રયોગ. જયારે પ્રભુ આપણી સન્મુખ બિરાજતા હોય, એમનાં દર્શનાદિ થતાં હોય, એના દ્વારા પ્રભુમાં પ્રેમ જોડાય અને મન પ્લાવિત થાય, ત્યારે સંયોગ શૃંગાર છે. શ્રીઠાકોરજીની સેવામાં, દર્શનમાં સંયોગ શૃંગારનો અનુભવ થાય છે; પણ જયારે પ્રભુનાં દર્શન ન થાય, અનોસરનો સમય હોય, પ્રભુની પરોક્ષ સ્થિતિ હોય, ત્યારે એમનાં દર્શન કયારે થશે, એવી વિપ્રયોગની ભાવના થાય છે, એ વિરહ શૃંગાર છે. વ્યકિત જયારે નજર સામે હોય છે, ઠીક-ઠીક લાંબો સમય પાસે હોય છે, ત્યારે એની બહુ ખેવના રહેતી નથી, અના પ્રત્યે વિશેષ પ્રેમ રહેતો નથી; પરંતુ બહુ પ્રિય વ્યક્તિ જયારે બહુ લાંબો સમય ન મળે ત્યારે આપણને એની વધારે યાદ આવે અને આપણું હૃદય એની યાદથી

ભરાયેલું રહે છે. એને યાદ કરવામાં પણ એક પ્રકારનો આનંદ આવે છે. આપણે એનામય બનીએ છીએ. સર્વત્ર એની યાદમાં જાણે એનાં દર્શન થતાં હોય છે અને માટે તો આપણા ગુજરાતી કવિ કલાપી ઈશ્વરને આખાયે જગતમાં જોતા હોય એમ ગાય છે : 'જયાં જયાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.' હું જયાં જયાં જોઉં છું ત્યાં ત્યાં તમારી જ યાદ આવે છે. અમેરિકા ગયેલો દીકરો પ્રત્યક્ષ સામે ન હોવા છતાંયે ઘરના જે જે ખૂણામાં માતા જાય છે, ત્યાં એને એના દીકરાની યાદ આવે છે. એમ લાગે છે કે એ જીવતો જાગતો અહીં મારી સામે જ છે. આવી વિરહભાવના, આવી અલૌકિક યાદની પ્રબળતા જયારે પ્રભુ પ્રત્યે થાય ત્યારે વિરહભાવના કહેવાય.

ગોપીજનો સવાર-સાંજ નંદાલયમાં, યમુનાજીના ઘાટે, વનની વાટે, કુંજ-નિકુંજમાં પ્રભુમાં દર્શન કરીને સંયોગનું સુખ પામે છે, પણ પ્રભુ બપોરે ગૌચારણ કરવા પધાર્યા છે, ત્યારે એ ગોપાંગનાઓ સખીઓ સાથે મળીને વેણુગીત, યુગલગીત દ્વારા પ્રભુની વિરહભાવના કરે છે. પ્રભુની લીલાઓ, એમનાં સ્વરૂપો, એમના ધર્મોને યાદ કરે છે. પ્રભુ કયારે ફરીથી દર્શન આપશે, એનો તાપ કરે છે. પ્રભુ રાસલીલા દરમ્યાન અંતર્ધાન થયા ત્યારે ગોપીજનો એમને શોધવા માટે વિરહઅવસ્થામાં ભટકયાં છે અને અનેક પ્રાર્થનાઓ કરી છે : 'હા નાથ! રમણપ્રેષ્ઠ કવાસિ-કવાસિ મહાભુજ' કહીને વનમાં શોધ્યા છે. પ્રભુના વિરહમાં પ્રભુની લીલાઓનું અનુકરણ કર્યું, એમના સ્વરૂપનું ગોપીગીત દ્વારા ગાન કર્યું. આટઆટલાં વિરહનાં સાધન કરવા છતાંયે પ્રભુ મળ્યા નથી, ત્યારે એ નિઃસાધન બનેલાં વ્રજાંગનાઓએ સુસ્વર રુદન કર્યું છે! જયારે આવું રુદન થયું. હૈયું હાથ ન રહ્યું, કેવળ શ્યામસુંદરમય હૈયું બની ગયું, વાણી ખોવાઇ ગઇ, નેત્રમાં અશ્રુબિંદુ સિવાય બીજું કંઇ જ ન રહ્યું ત્યારે એ ભાવાત્મા, વ્રજભકતોના હૃદયાધીશ એમના હૃદયમાંથી પ્રગટ થઇ ફરીને દર્શન આપે છે.

માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે સેવાના અનોસર સમયમાં જયારે આપણાથી સેવા બનતી નથી ત્યારે આવા ભાવાત્મા સદાનંદ શ્રીયશોદોત્સંગલાલિતનું વિરહભાવનાથી ભાવન કરવું જોઇએ. અનેક ભગવદીયોએ પ્રભુને પ્રાપ્ત કરવા માટે કેવી ભાવના કરી છે, એનું નિરૂપણ અષ્ટસખાની અલૌકિક વાણીમાં આપણને પ્રાપ્ત થાય છે.

પરણીને પહેલવહેલી સાસરે આવેલી એક ગોપી ગોકુળથી દૂર એનું પિયર આવેલું હોવાના કારણે શ્રીકૃષ્ણને નીરખી શકી નથી, માત્ર 'કૃષ્ણ' નામનું શ્રવણ જ કરેલું છે. કૃષ્ણ નામના શ્રવણથી એની કેવી સ્થિતિ થઇ એ પોતાની સખીને

બતાવતાં કહે છે, "કૃષ્ણ નામ જબ તે શ્રવણ સુન્યો રી આલી, ભૂલી રી ભવન હૌં તો ભઇ બાવરી રી"- હે સખી, જયારથી મેં કૃષ્ણનું નામ સાંભળ્યું છે ત્યારથી હું મારા ઘરને ભૂલી ગઇ છું. હવે મને મારા ઘરમાં આસકિત રહી નથી. મારા મનની સ્થિતિ બાવરી થઇ ગઇ છે. દેહની સ્થિતિનું વર્ણન કરતાં આગળ કહે છે, 'ભરિ ભરિ આવે નૈન, ચિત્ત હૂ ન પડે ચૈના' વારંવાર વગર કારણે મારાં નેત્રોમાં આંસુ આવી જાય છે. મારા ચિત્તને ચેન પડતું નથી. 'મુખહૂ ન આવે બૈન, તનકી દસા કછુ ઔરેં ભઇ રી' શરીરની સ્થિતિનું તો કાંઇ પૂછીશ જ નહીં. એ સખી કહે છે -'હે સખી, હું તને શું કહું! એનું નામ સાંભળતાં જ જો મારી આવી વિહ્વળ સ્થિતિ થઇ જતી હોય તો 'માધુરી મુરત કૈંધોં કૈસી દઇ રી' તો એની માધુરી મૂર્તિનાં દર્શન થઇ જાય તો તો મારી શી હાલત થાય!

બીજી એક સખી યમુનાઘાટે બેબાકળી બનીને ફરતાં ફરતાં બાવરી સ્થિતિમાં સૌને પૂછી રહી છે, 'કો માઇ મિલાદે નંદકિશોર?' મને એનાં દર્શન કરાવશો? 'એકબાર હૌં નૈન દિખાવે, મેરે મનકે ચોર' મારા મનને ચોરી જનાર એ કાનકુંવર એક વાર મને એનાં નેત્રકમળનાં જો દર્શન કરાવી દે, તો મારે સોનું નથી જોઇતું, રૂપું નથી જેળતું, સંપત્તિ નથી જોઇતી. મારે તો કેવળ એક વાર એ કમળ શાં અણિયાળાં, સુંદર કમળલોચનનાં દર્શન કરવાં છે. સખીઓની ભીડમાં હું એને કેવી રીતે પામી શકીશ? હવે સવાર પડી ગયું, શ્યામસુંદરને મળવાની કોઇ આશા નથી. હે સખી, સાંભળ, હું હવે કેમ કરીને જીવી શકીશ?

બીજી એક સખી, પ્રભુને સીધું સંબોધન કરતાં વિનંતી કરે છે, 'હરિ તેરી લીલાકી સુધિ આવે' - તમારી લીલાઓનું મને સ્મરણ થઇ આવે છે. 'કમલનયન મનમોહન મૂર્તિ મનમન ચિત્ર બનાવે'- હું મનોમન તમારા સ્વરૂપનું ચિંતન કર્યા કરું છું. જેણે એક વાર મારા જેવી દાસી ઉપર દયા કરીને એની સાંવરી સુરતનાં દર્શન કરાવ્યાં, એને હવે હું કેમ વીસરી શકું? એમના મુખારવિંદનું મંદમંદ હાસ્ય, એમનાં નેત્રકમળની બંકિમ દષ્ટિ, એમની મનોહર ગજગતિ, એ બધાંને હું કેમ ભૂલી શકું? 'હરિ તેરી લીલાકી સુધિ આવે': પરમાનંદદાસજીએ આ પદ ગાયું ત્યારે એમના ઘરમાં બિરાજતા શ્રીવલ્લભ ત્રણ દિવસ સુધી વિરહાવસ્થામાં બિરાજયાં છે.

આમ, આવા મહાનુભાવ ભગવદીયોનાં વિરહનો પદો દ્વારા પ્રભુની લીલાઓનું ભાવભાવન કરતાં કરતાં વૈષ્ણવોએ સદાય વિરહભાવના કરવી જોઇએ. વિરહભાવના દ્વારા જ હૃદયમાં ભગવાનનું ભાવન કરી શકાય છે, એનામાં આપણું ચિત્ત પરોવી શકાય છે, ચિત્તની પ્રવણતા, એકાગ્રતા થઇ શકે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવી વિરહભાવના કરવા માટે કયું સાધન જરૂરી છે? આપ આજ્ઞા કરે છે કે દીનતા દ્વારા જ વિરહની ભાવના કરી શકાય. માતાને એના લાડીલા દીકરાની યાદ કયારે આવે છે? એ દીકરાનાં વિરહમાં દીન થાય છે ત્યારે. પતિવ્રતા નારીને પોતાના પતિની યાદ કયારે આવે છે ? પતિની યાદંમાં દીન બનીને ખોવાઇ જાય છે ત્યારે. જો લૌકિકમાં પણ પ્રેમાસ્પદ વ્યકિતને યાદ કરવા માટે દીનતા જરૂરી હોય, તો અલૌકિકમાં તો દીનતા વિના વિરહભાવના કદી થઇ શકે જ નહીં; કારણ કે એક નિર્જીવ, જડ વીજળીનું બટન પણ જયાં સુધી એનું માથું, એની ટોચ ઊંચી રાખે છે, અહંકાર વ્યકત કરે છે ત્યાં સુધી એ ઓરડામાં પ્રકાશ પાથરી શકતું નથી. પરંતુ એ ઓરડામાં પ્રકાશ પથરાઇ જાય છે. એક જડ વસ્તુ મસ્તક નમાવતાં પ્રકાશ પાથરી શકતી હોય, તો આપણે તો ચૈતન્યમય છીએ. લાગણી અને સમજથી યુકત છીએ. આપણા હૃદયમાં 'હું જ કંઇક છું, મારે કોઇનો ખપ નથી, હું કહું એમ જ બધા કરે', એવો અહંકાર ભરેલો હોય તો એ હૃદયમાં કોઇના પ્રત્યે પ્રેમની સરવાણીઓ પ્રગટે નહીં. એવા હૃદયમાં કોઇને મળવાની આતુરતા કદી જન્મે નહીં. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે વિરહભાવના સેવવા માટે પુષ્ટિજીવે દીનતા અંગીકાર કરવી પડશે. પોતાની સર્વ શક્તિ અને સામર્થ્ય પ્રભુનાં છે, પોતાનાં નથી; એવો દીનભાવ મન, વાણી અને ક્રિયામાં પ્રકટ કરવો પડશે. જે પ્રભુને નમે છે એ પ્રભુને ગમે છે. પ્રભુ એના ઉપર પ્રસન્ન થાય છે અને પોતાનું સ્મરણ કરાવે છે. બે વ્યકિતઓ પરસ્પર લડતી હોય, દુશ્મન હોય, તો એ વ્યકિત બીજાના પ્રેમનું સ્મરણ અનાયાસે કદી કરવાની નથી.

આવી દીનતા જીવ પોતાની બુદ્ધિથી પામી શકતો નથી. આપણે એવો વિચાર કરીએ કે ચાલો, હવે આજથી દીનતા ધારણ કરી લઇશું, તો એ પણ શકય બનતું નથી. એમ વાત કરવાથી, વિચાર કરવાથી દીનતા આવી જતી નથી. એવી દીનતા જયાં સુધી સામે કોઇ લડનારું ન મળે ત્યાં સુધી જ ટકે છે. અહીં શ્રીહરિરાયચરણ પ્રભુ માટેની દીનતા રાખવા આજ્ઞા કરે છે. આવી દીનતા આપણા જીવનવ્યવહારની નબળાઇ, કાયરતા, બાયલાપણું કે નામર્દાઇ નથી. એમાં તો શ્રીમહાપ્રભુજીને પોતાને સેવક અડીખમ રહીને સાંસારિક સંઘર્ષનો સામનો કરે એ અભિપ્રેત છે; પોતાનો સેવક નમાલો, રોતલ, માંદલો, કાયર હોય એ અભિપ્રેત નથી. માટે આપે આજ્ઞા કરી છે, "ત્રિદુઃખસહનં ધૈર્યમ્" ધીરજપૂર્વક ત્રણે પ્રકારનાં દુઃખો સહન કરવાં. લૌકિક દુઃખ જોઇને ઘડીભર દીનતાનું મહોરું ધરીને બેસે એવી દીનતા શ્રીહરિરાયચરણ અહીં

બતાવતા નથી, પણ પ્રભુ પ્રત્યેના પ્રેમના કારણે એનું હૃદય આપોઆપ પીગળેલું છે, ભગવત્પ્રાપ્તિ માટે જે વિનમ્ર બનેલો છે, એવી દીનતા અહીં અભિપ્રેત છે.

આવી દીનતા આપણામાં કયારે આવે? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે એના માટે હૃદયમાં તાપ-ભાવ બહુ જરૂરી છે. ઉનાળામાં ગરમી ન પડે, તો કદી વરસાદ વરસે નહીં. વરસાદ લાવવા માટે આ તાપ બહુ આવશ્યક છે. એમ પ્રભુ માટે વિરહરૂપી અશ્રુ સારવા આ તાપ-ભાવ આવશ્યક છે. હૃદયમાં સદાય આપણને તાપ થવો જોઇએ. આપણે આપણ મનને એકાંતમાં પૂછવા જેવું છે કે તને હૃદયમાં ભગવદ્દર્શનનો તાપ છે ખરો? જે દિવસે તું મંદિરે દર્શન કરવા ગયો, અને પાંચ ડગલાં દૂર હોય અને એમ ખબર પડે કે હવે દર્શન થઇ ગયાં ત્યારે તું શું કરે છે? આપણે એટલું જ કહીએ છીએ કે દર્શન થઇ ગયાં? ચાલો, ભગવદ્ ઇચ્છા! કાલે દર્શન કરીશું. પ્રભુનાં દર્શન ન થયાં, એવો તાપ-ભાવ હૃદયમાં પ્રગટતો નથી, ત્યારે ભગવદ્દર્શનનો જે આનંદ મળવો જોઇએ તે આનંદ મળતો નથી.

કોઇ વસ્તુ મેળવવા માટે બહુ જ તાપ કરીએ અને વસ્તુ મળે ત્યારે એનું મૂલ્ય બહુ વધી જાય છે, એ મળ્યાનો બહુ આનંદ થાય છે; પરંતુ અનાયાસે મળી આવે તો તેનો બહુ આનંદ થતો નથી. મંદિરમાં પ્રભુનાં દર્શન કરવા ગયા છીએ. મનોરથ છે, દર્શનને વાર છે, ત્યારે હૃદયને પૂછજો કે આપણા હૃદયમાં કયારે દર્શન થશે એનો તાપ-ભાવ છે ખરો? ના, આપણે તો નિરાંતે મંદિરમાં આપણા સંબંધીને શોધીને ચોકો જમાવીને બેસીએ છીએ. બીજા બે-ચાર જણને બોલાવીએ છીએ અને પછી આપણી મંડળીમાં દુનિયાભરની વાતોના તડાકા મારીએ છીએ. હું હસતાં-હસતાં કહું છું કે હવે તો છાપાના ભાવ પણ વધ્યા છે. છાપું ખરીદવાની કોઇ જરૂર નથી. સાંજે અડધો કલાક મંદિરે જઇને બેસીએ, એટલે દુનિયાભરના તાજા સમાચાર મળી જશે! બીજું બધું જાણવાની આપણને આતુરતા થાય છે, કેવળ પ્રભુનાં દર્શન કયારે થશે, એનો તાપ-ભાવ થતો નથી. ''દયિત દશ્યતાં દિક્ષુતાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે.'' એ ગોપી જનોએ ગાયું ''દયિત દશ્યતાં'' હે દયિત, હે કૃપાળુ, દશ્યતામ્-પ્રત્યક્ષ ભૂયતામ્ -તમે અમને દર્શન આપો. આપણે મંદિરમાં જઇને કોઇ દિવસ આવી વિનંતી કરી? ના, આપણે તો એમ કહીએ છીએ કે હજુ થોડાં મોડાં દર્શન થાય તો સારું, જેથી વાતો થઇ રહે. હૃદયમાં દર્શન કયારે થશે, એનો તાપ-ભાવ નથી.

બીજી એક પરિસ્થિતિ એ જોવા મળે છે કે, દર્શન ખૂલ્યાં છે, પ્રભુની સન્મુખ જઇને ઊભા છીએ, પણ હૃદયમાં પ્રભુના અંગેઅંગની મધુરતાને માણવાનો તાપભાવ

છે ખરો? ના, આપણું ભૌતિક શરીર પ્રભુ સન્મુખ ઊભું છે, પણ મન પ્રભુમાં નથી. નેત્રો પ્રભુને નીરખતાં નથી, એ તો આજુબાજુ જુએ છે. શરીર ધક્કા-મુક્કી કરે છે. પરસ્પરને ઠપકો અપાય છે. ધક્કા-મુક્કીમાં મન ચોંટેલું રહે છે; પણ ભગવદ્દર્શનમાં ચોટતું નથી. જે પ્રભુનાં દર્શન કરવા અડધો કલાક રાહ જોઈ છે, અડધા માઈલ છેટે આવેલા ઘેરથી ચાલીને આવ્યા છીએ અને ચાલીને પાછા જવાના છીએ. એ દોઢ-બે કલાક આપણે દર્શન માટે આવ્યા, પણ દર્શન કરવા પાંચ મિનિટ માટે મનની એકાગ્રતા અને તાપ-ભાવ છે ખરાં? હૃદયમાં જ્યાં સુધી તાપ-ભાવ ન જાગે ત્યાં સુધી દીનતા આવતી નથી. માતા એના અમેરિકા રહેલા દીકરા માટે હૃદયમાં ઉત્કંઠિત બને નહીં અને એનો તાપભાવ જાગે નહીં ત્યાં સુધી તેનાં નેત્રોમાં પુત્રવિયોગનાં અશ્રુ ચમકતાં નથી. એટલે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને પ્રભુનાં દર્શન અને મિલન માટે તાપ-ભાવ થવો જોઈએ.

આ તાપ-ભાવ ક્યારે જાગે? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ મન-વચન અને કર્મથી શ્રીમહાપ્રભુજીનાં ચરણમાં જો દૃઢ આસકિત રાખીએ તો શ્રીમહાપ્રભુજી કૃપા કરીને આપણા હૃદયમાં તાપ-ભાવ પ્રગટ કરે. સગડી સળગાવવા માટે તો અગ્નિ જોઈશે. જળ લઈને સળગાવવા બેસીશું તો સગડી સળગશે નહીં. અગ્નિનો તાપ કાપડની કાકડીને લાગશે તો સગડીના કોલસા સળગશે. જેમ સગડી પ્રગટાવવા માટે અગ્નિ જોઈએ, એમ હૃદયમાં વિરહતાપ પ્રગટાવવા માટે શ્રીવલ્લભની કૃપા જોઈએ. શ્રીવલ્લભ આપણી ઉપર ક્યારે કૃપા કરે? એમનો દૃઢ આશ્રય કરીને રહીએ ત્યારે. એમની કૃપાથી તાપભાવનો અગ્નિ પ્રગટે છે, અને એનાથી જ દીનતા આવે છે. દીનતા આવતાં અનોસરના સમયમાં પ્રભુની વિરહભાવના બની આવે છે. આમ, શ્રીમહાપ્રભુજીનાં ચરણના શરણ દ્વારા તાપભાવના, એના દ્વારા દીનતા અને તેમાંથી વિરહભાવનાનું પ્રાગટ્ય થાય છે. આ ક્રમ શ્રીહરિરાયચરણ બતાવે છે.

આપ આજ્ઞા કરે છે કે શ્રીકૃષ્ણચંદ્ર બે સ્વરૂપે પ્રગટ થયા છે : (૧) ભૂમિનો ભાર હરવા, દૈત્યોનો નાશ કરવા ક્રિયાત્મક સ્વરૂપે મથુરામાં પ્રગટ થયા, અને (૨) વ્રજભક્તોને સ્વરૂપાનંદનું દાન કરવા ભાવાત્મક સ્વરૂપે યશોદાજીને ત્યાં પ્રગટ થયા. આ બીજા ભાવાત્મક સ્વરૂપની સેવા આપણે બાલભાવથી કરવાની છે અને અનવસરમાં એમનું સ્મરણ કિશોરભાવથી શ્રીવૃંદાવનવિહારી સ્વરૂપે કરવાનું છે. જે જીવને આસકિત અને વ્યસન અવસ્થા પ્રાપ્ત થઈ નથી, એવા જીવે સેવામાં કિશોરભાવ લાવવો નહીં. માધુર્ય ભાવથી સેવા ન કરવી, પણ વાત્સલ્ય ભાવથી સેવા કરવી; કારણ કે આપણું હૃદય નિષ્કામ એવા માધુર્ય ભાવને ગ્રહણ કરવા હજુ યોગ્ય

નથી બન્યું. એમાં કામવાસના ભરેલી છે. પ્રભુમાં કામવાસનાનો વિચાર કરવો એ પણ ભારે અપરાધ છે, જયારે વાત્સલ્ય ભાવ હંમેશ નિષ્કામ હોય છે. લૌકિકમાં આપણે બાળક પાસે કદી કોઇ વસ્તુ માગતા નથી, ઊલટું એને કંઇક આપીને રાજી થઇએ છીએ. એમ સેવા કરીને પ્રભુ પાસે કંઇજ માંગવું નહીં, પણ પ્રભુએ આપણને જે કંઇ સમૃદ્ધિ આપી હોય, એનો પ્રભુમાં વિનિયોગ કરાવવો. જો કિશોરભાવથી ભાવન કરશો તો કયાંક માગવાનું મન થઇ જશે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, કોની પાસે માગવું પડે? જે અજાણ્યો હોય, જે આપણી જરૂરિયાત જાણતો ન હોય અને જે આપણી જરૂરિયાતનું આપશે જ, એવો આપણને પૂરો વિશ્વાસ ન હોય, એની પાસે હાથ લંબાવીને માગવું પડે; પણ બાળક કદી એની માતા કે પિતા પાસે માગતું નથી. વગર માગ્યે માતા એને ભોજન અને વસ્ત્રો આપે છે, એની સર્વ સુવિધાઓનું ધ્યાન રાખે છે. બાળકને શ્રદ્ધા છે કે મને જોઇતું સર્વ મળવાનું છે. આખાયે જગતના કર્તા પ્રભુ જો જગતના સર્વ જીવોને એમની સર્વ જરૂરિયાતો પૂરી પાડતા હોય, તો આપણે તો એમનાં ચરણના દાસ છીએ. નિજજન છીએ. શું પ્રભુ આપણી જરૂરિયાતો આપણને પ્રેમથી નહીં આપે? શું આપણને પ્રભુમાં અવિશ્વાસ છે કે આપણે પ્રભુ પાસે માગવું પડે? શું આપણને શંકા છે? માટે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે બાલભાવથી જ પ્રભુને લાડ લડાવવાં. એમની પાસે કંઇ પણ માગવું નહીં.

એક માતા પોતાના નાના બાળક સામે જયારે જાય છે, ત્યારે એ માતાના હૃદયમાં ગમે તેવું દુ:ખ હોય, કદાચ ધ્રુસકે-ધ્રુસકે રડતી હોય; છતાં બાળકની સામે આંખો લૂછી નાખે છે, મોં ઉપર કૃત્રિમ હાસ્ય લાવે છે. બાળકને કળવા દેતી નથી કે એને ભારે દુ:ખ છે; કારણ કે એનું બાળક માતાની આંખમાં આંસુ જોઇને વ્યથિત જ થઇ જાય, એ જોવાનું કર્તવ્ય માતાનું છે. એમ વાત્સલ્ય ભાવની સેવામાં પણ આપણાં લૌકિક દુ:ખોને ગણકારવાં ન જોઇએ, આંસુ સારવાં ન જોઇએ; કારણ કે પ્રભુ પૂર્ણાનંદ છે. રસમય લીલાઓ સિવાય બીજું કાંઇ એમને આવ્યું નથી. એવા પ્રભુના આનંદમાં આપણો લૌકિક કલેશ બાધક બને છે, તેથી હસતા મુખે પ્રભુનું આનંદપૂર્વક ચિંતન કરતાં કરતાં વાત્સલ્ય ભાવથી સેવામાં પ્રયુકત થવું જોઇએ.

પ્રભુની જે રસમય લીલાઓ છે તે બહુધા કિશોરભાવની છે. નંદકુમાર સ્વામી બને એવો આપણા હૃદયનો ભાવ છે, માટે કુમારિકા આદિ વ્રજભકતોના ભાવથી એ કિશોરલીલાનું ભાવન અને ચિંતન કરવું જોઇએ. એ બધાં પદો ગાવાં જોઇએ અને એમાં પ્રગટ થતી લીલાઓનો આસ્વાદ માણવો જોઇએ. મન એમાં રમમાણ બનાવવું જોઇએ. વ્રજભક્તો સાથે પ્રભુએ કેવી કેવી લીલાઓ કરી, એનું ભાવન

આપણાથી કેવી રીતે થાય તેનું ચિંતન એક પદ દ્વારા કરીએ:

મહા સુદ ચોથના દિવસથી વાત છે. બીજા દિવસે વસંતપંચમી છે. પાનખર ઋતુની વિદાયનો સંધ્યાકાળ છે હવે વૃક્ષો ઉપર નવી કૂંપળો ફૂટવાની છે એ સાંજે ગૌચારણ કરી પાછા પધારતાં નટખટ નટવરલાલે એક ગોપિકાને સંકેતથી આજ્ઞા કરી, આજ રાતે તારા મનોરથ પૂર્ણ કરવા હું તારી નિકુંજમાં પધારીશ. એ ગોપિકા બહુ પ્રસન્ન બનીને નિકુંજના દ્વારે રાહ જોઇ રહી છે. સુદ ચતુર્થીનું બહુ ઝાંખું ચંદ્રતેજ આકાશમાં છે. શ્યામસુંદરે વિચાર કર્યો કે એને મેં વચન આપ્યું છે, પણ આજે તો એક બીજી ગોપીનો મનોરથ પૂર્ણ કરવો છે, આને વિરહનો અનુભવ કરાવવો છે. એટલે શ્યામસુંદર આ ગોપિકાની નિકુંજને બદલે બીજી ગોપિકાની નિકુંજ તરફ પધારી રહ્યા છે. રસ્તામાં આ ગોપીની નિકુંજ હોઇ, શ્યામસુંદરે પોતાના શ્રીઅંગ પર સુંદર લાલ જરીનો ચાકદાર વાઘો અને ષોડશ શૃંગાર ધર્યા છે. પોતાનું સ્વરૂપ છુપાવવા કાળી કામળ ઓઢી, છે. આપે દૂરથી જોયું કે જે ગોપીને મજાકમાં સંકેત કરેલો તે નિકુંજદ્વારે રાહ જોતી ઊભી છે. હવે કેમ કરવું? પોતે જાણે જાણતા જ ન હોય એમ આડું મુખ કરી, ત્યાંથી ઝડપથી પસાર થવા માંડયાં. પ્રભુની આ ચેષ્ટા પેલી ગોપી જોઇ ગઇ. તેને લાગ્યું કે આજે મને વચન આપીને ફરી ગયા છે. 'સાંજે કે સાંચે બોલ તિહારે' એવા સત્યવાદી મારે ત્યાં ન પધારવા માટે આડું જોઇને જાય છે. એટલે 'બનઠન કહાં ચલે?' - હે શ્યામસુંદર! તમે આજ આમ બનીઠનીને કયાં ઊપડયા છો?

'બનઠન કહાં ચલે?' - ગોપી ઊંચા અવાજે ગાઇ રહી છે. શ્યમાસુંદરે આટલું સાંભળ્યું એટલે થયું કે હવે આ છોડશે નહીં, ચાલ જરા ઉતાવળ કરવા દે. ઉતાવળી ચાલે, પાછું વાળીને જોયા વગર શ્યામને સરકતા જોઇ, અકળાયેલી ગોપી પ્રભુને મેણું મારે છે: 'ઐસી કો મન ભાયી સાંવરે કુંવર કન્હાઇ'- તમારા મનમાં બીજી કઇ ગોપી વધારે મનભાવતી થઇ ગઇ છે કે તમે આમ મારાથી છુપાઇને, આપેલું વચન તોડીને જઈ રહ્યા છો? 'બનઠન કહાં ચલે, ઐસી કો મન ભાયી, સાંવરે કુંવર કન્હાઇ.' તોય પ્રભુ બોલતા નથી. માથે ઓઢેલી કામળ છેક લલાટ સુધી નીચે ખેંચી લે છે, જેથી ગોપી મુખ ન જોઇ શકે. એવી રીતે ઘૂંઘટ કાઢયો છે કે બે નેત્રો જ દેખાય છે, મુખારવિંદનાં દર્શન થતાં નથી; પણ ગોપીને તો એ નેત્રોની ઓળખ છે. એ ઠગાય એમ નથી. 'મુખ તો સોહે દૂજકો ચંદા'- તમારું મુખારવિંદ આ ઘૂંઘટમાંથી બીજના ચંદ્ર જેવું શોભી રહ્યું છે. નેત્રોની જે બંકિમા છે તે બીજના ચંદ્ર જેવી લાગે છે. ગોપી મેણું મારે છે કે છો તો કાળા કા'ન, બસ આ બે નેત્રો જ થોડાં ચંદ્ર જેવાં સુંદર છે, એમાં તો બહુ ફુલાઇ ગયા તે આમ છુપાઇ ને ઘૂંઘટ કાઢીને ચાલવા

માંડયા? 'મુખ તો સોહે દૂજકો ચંદા, છીપ છીપ દેત દિખાઇ!' અરે ભલેને તમે લાખ છુપાવો, પણ તમારાં નેત્રો છૂપાં રહે ખરાં? કેમ કે એ નેત્રોમાં તો અમે વસેલાં છીએ અને અમારાં નેત્રોમાં તમે વસેલા છો! પ્રભુ કહે, ભોગ લાગ્યા. આ ચીકણી ગોપી પાછળ પડી, કેડો છોડતી જ નથી. એ દોડતી દોડતી પાછળ આવીને બૂમો પાડે છે. અત્યારે બીજાં ગોપીજનો નિકુંજમાંથી બહાર પધારશે અને આ જોશે તો? મારી આબરૂના કાંકરા કરવા માંડી છે આ તો! પ્રભુ હવે મૂઠીઓ વાળીને દોડવા માંડયા. પેલી ગોપી મોટેથી બૂમો પાડે છે, 'ચલે હી જાઓ', શું આમ ચાલ્યા જશો? દોડ્યા જ કરશો? 'નેક ઠાડે રહો' અરે, જરાક તો ઊભા રહો, હું નહીં ખાઇ જાઉં તમને. તમારે જવું હશે તો નહીં પકડી રાખું, પણ જરાક તો ઊભા રહોઃ 'નેક ઠાડે રહો, કૌન ઐસી સીખ સિખાઇ.' બીજું મેણું માર્યું. આવું વળી તમને કોણે શિખવાડયું છે? આમ તો રોજ કહો છો કે 'હું નંદરાજાનો કુંવર, હું વ્રજનો રાજા.' રાજા અને રાજકુંવરો આવા હોય? કોઇ વિવેક નહીં. અરે, કોઇ ગરીબ પ્રજા રાજાને પ્રેમથી બોલાવે તો આમ ચોરની જેમ મુઠ્ઠીઓ વાળીને દોડયા જતા હશે રાજાના કુંવર! 'નેક ઠાડે રહો, કૌન ઐસી સીખ સિખાઇ?'

વહુ જો બરાબર રસોઇ ન કરે તો સાસુમા ગાળ એની માને આપે કે તારી માએ તને શું શીખવ્યું? છોકરો બરાબર ભણ્યો ન હોય, તો શિક્ષક તેના આગળના શિક્ષકને ગાળ આપે છે કે તારા માસ્તરે તને શું શિખવાડયું? એમ આ ગોપીજન ભોળાં યશોદામા અને નંદબાવાને ગાળ આપે છેઃ 'કૌન ઐસી સિખાઇ?' તમને આવું કોણે શિખવાડયું છે કે કોઇને જોઇ આમ શરમાઇને, છુપાઇને ચોરની જેમ દોડયા જવું! ઠાકોરજી કહે, તારે જે કહેવું હોય તે કહે, સાંભળે એ જ બીજા! સાંભળીને જવાબ આપવા ઊભો રહું તો તું મને પકડે ને! આજ તારા હાથમાં જ નથી આવવું. પ્રભુ તો દોડયા ગયા. પેલી ગોપીએ જોયું કે હવે મારો અવાજ પણ ન પહોંચે એટલા દૂર પહોંચ્યા છે, ત્યારે છેવટે દુઃખી થયેલી, વિરહાતુરા ગોપી પોતાનો ગુસ્સો વ્યકત કરતાં કહે છે : 'નંદદાસ પ્રભુ અબ ન બનેગી'- હવે આપણે નહીં બને.

પ્રભુ દૂર દૂર ઊભા રહીને ઊંચા અવાજે પૂછે છે, 'અરી ગોપી, અબ ન બનેગી?' 'હા બાબા, અબ ન બનેગી.' 'અરે ગોપી કહા કરેગી?'- નહીં બને તો તું શું કરીશ? મને ખબર છે તું શું કરવાની છે! અત્યાર સુધી તું મને ઘણી વાર કહેતી હતી કે 'આપણે નહીં બને' અને પછી તું રોતી. 'બાલાનામ્ રોદનમ્ બલમ્' - કશું ન ચાલે તો છેવટે આંખમાંથી આંસુ પાડીને રડયા કરવાની. આજે રડીશ અને કાલે તો પાછી આવવાની જ છે. તું રડયા સિવાય બીજો કોઇ તરીકો શીખી છે લડવા

માટેનો? ત્યારે ગોપી કહે છે : 'સુન લો મહારાજ, નિકસ જાય ઠકુરાઇ' - તમારી ઠકુરાઇ જો હું કાઢી ના નાખું, તો આ જમુનાજળ પીને તમારા પ્રેમમાં મદમસ્ત બનેલી હું વ્રજાંગના નહિ! 'નિકસ જાય ઠકુરાઇ', 'અરે ગોપી, તું શું ઠકુરાઇ કાઢવાની હતી? રોજ ઠકુરાઇ કાઢવાની બડાશો મારતી હતી તે યાદ છે?' હા મહારાજ! બધું યાદ છે. તમારા જેવા નંદકુંવર અમને પ્રાપ્ત થાય; એટલા માટે તો ત્રીસ-ત્રીસ દિવસ સુધી કડકડતી ઠંડીમાં કાત્યાયની દેવીનું વ્રત કરીને અમે તમને રીઝવવાનો પ્રયત્ન કર્યો અને તમે અમને બદલો આપ્યો અમારાં વસ્ત્રોનું હરણ કરીને. ઉપરથી દાઝયા ઉપર ડામ દેતાં કહ્યું, 'તમારાં વસ્ત્રો પાછાં લેવા હોય તો નિરાવરણ બનીને સામે આવો.' મહારાજ, ત્યારેય અમે ધૂંઆંપૂંઆં તો ઘણાં થયાં હતાં, પણ અમારું કંઇ ચાલ્યું નહીં અને છેવટે અમે કહ્યું, 'હૌં હારિ તુમ જીતે'- અમે હારી ગયાં. લાવો વસ્ત્રો. હવે અમે સામે આવ્યાં છીએ. તમે અમને ઓછાં નહોતાં રડાવ્યાં ત્યારે. મહારાજ, ત્યાર પછી પનઘટના દિવસો આવ્યા. પેલી કજિયાળી સાસુનો ઘોર ત્રાસ વેઠાય નહીં. જળ ભરવા જઇએ અને તમે કાંકરી મારીમારીને ગાગરો ફોડી નાખી, અમારાં ચીર ભીંજવી નાખ્યાં. ઘેર સાસુઓનો ત્રાસ અને અહીં અમને તમારો ત્રાસ. છેવટે અમારે રડવું જ પડેલું.... અને તમારાં ચરણ અમારા અશ્રુજળથી ભીંજવવાં પડેલાં!

દાનના દિવસોમાં તમે મીઠાં મીઠાં વચન કહેતાઃ કૃપા 'અવલોકન કરી દીજૈ મહાદાન!' પણ તમે કેવી રીતે મહાદાન દીધાં છે, તે અમારું મન જાણે છે! અરે, અમારા ઘરનાં વાછરડાંને છૂટાં મૂકી તમે ધવરાવી દીધાં છે, અમારાં બાળકોને ચૂંટલીઓ ભરી છે, અમારાં ગોરસ લૂંટયાં છે, અમારી મટકીઓ ફોડી છે..... તમે અમને અમારાં ગોરસ લૂંટયા છે, અમારી મટકીઓ ફોડી છે..... તમે અમને રડાવ્યા સિવાય આજ સુધી બીજું કર્યું છે શું? પણ મહારાજ, વર્ષના બધા દિવસો એકસરખા નથી આવતા. ૩૬૫ દિવસ પૂરા થઇ ગયા છે અને આવતી કાલથી બીજા ચાલીસ દિવસની શરૂઆત થવાની છે. કાલે વસંતપંચમીનો પ્રારંભ છે, હોળીખેલનો પ્રારંભ. મહારાજ! હોળીખેલના એ ચાલીસ દિવસોમાં હવે અમે વ્રજની ભોળી અબળા રહેવાની નથી, તમારી કૃપાશક્તિને ઝીલીને અમે સબળા બન્યાં છીએ. આ ચાલીસ દિવસમાં, મહારાજ, યાદ રાખજો. વ્રજજનોનાં ગોપીમંડળની વચ્ચે એક બાજુ નંદબાવા અને યશોદામૈયા ઉપનંદ આદિ વૃદ્ધ વ્રજભક્તો સાથે હશે, બીજી બાજુ તમારા સ્વસુર વૃષભાનજી કીર્તિજી અને સ્વામિનીજી સહિત ઊભા હશે. તમારા બલદાઉ ભૈયા તે જ રેવતીજી સાથે ઠાડા હશે. સદાય તમારી મશ્કરી કરનાર તમારો

મનસુખો ઊભો હશે, ત્યારે મહારાજ, એ સર્વજનોની હાજરીમાં, તમારાં સર્વ વ્રજભકતોના સાન્નિધ્યમાં તમારી કટિ ઉપરથી પીળું પીતાંબર ખેંચી ન લઉં, તમને નિરાવરણ કરી ચૂંદડી ઓઢાડી લલાટનું આ તિલક પોંછીને કુમકુમની બિંદી કરી, નેત્રમાં અંજન આંજી, શ્રીહસ્તમાં ચૂડીઓ પહેરાવી, હાથમાંથી મોરલી ઝૂંટવી લઇ તમને નવેલી નાર બનાવીને નાચ ન નચાવું તો મારું નામ વ્રજની ગોપી નહીં!

'નંદદાસ પ્રભુ અબ ન બનેગી નિકસ જાય ઠકુરાઇ'- તમારી ઠકુરાઇ અમે કાઢી નાખીશું અને ખરેખર ભગવદ્ભાવથી સબલિત બનેલાં વ્રજભક્તોએ પ્રભુની ઠકુરાઇ એ ચાળીસ દિવસમાં કાઢી નાખી. આવી લીલાઓનું ચિંતન આવા પદ દ્વારા કરતાં કરતાં એવા પ્રભુ આપણને કયારે દર્શન આપે એની વિરહભાવના કરવી જોઇએ. આ રીતે, બાળલીલામાં શ્રીનવનીતલાલના સ્વરૂપે લીલાઓનું ભાવન કરવું. સેવામાં, અનોસરમાં રાસાદિ લીલામાં નિકુંજનાયક શ્રીગોવર્ધનધરણના સ્વરૂપનું ભાવન કરવું. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુનું ધર્મી વિપ્રયોગ સ્વરૂપ-કેવળ આનંદમય સ્વરૂપ- શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજે છે.

જેના પ્રત્યે આપણને બહુ પ્રેમ હોય, એ સદાય આપણા હૃદયમાં યાદ આવ્યા કરે છે, એમ પ્રભુ સ્વામિનીજીના હૃદયમાં સદાકાળ બિરાજે છે. માટે જેમ શ્રીસ્વામિનીજીએ પ્રભુની ૧૦૦૮ લીલાનું સ્મરણ કરીને એમના નામનું ગાન કર્યું અને ભાવન કર્યું, એમ શ્રીસ્વામિનીજીના હૃદયાત્મા સ્વરૂપનું ચિંતન-ભાવન કરવું જોઇએ. શ્રીસ્વામિનીજીની કૃપાથી જ એમનું સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજી આપણા મસ્તકે બિરાજે છે. માટે વિરહભાવની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ભાવભાવના કરવી. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ધ્યાન કરવું. 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' આદિનો અને શ્રીમહાપ્રભુજીની વાણી એવા ષોડશ ગ્રંથ આદિનો પાઠ કરવો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શીતળ પ્રકૃતિના માણસોનું પુષ્ટિમાર્ગમાં કામ નથી. જેમનું હૃદય ઠંડું છે, હૃદયમાં હિમ પડેલું છે, પરિણામે જેમનું હૃદયકમળ ભગવત્સ્વરૂપરૂપી સૂર્યકિરણોથી વિકસવા માટે તત્પર નથી, એ શીતળ ભાવ છે. થશે, કરીશું, જિંદગી હજુ ઘણી લાંબી છે, આટલું બધું કરીએ છીએ ને વળી કેટલું કરવાનું હોય? તમે માનશો નહિ, બહુ જવાબદારી છે મારે માથે, તોય હું એક કલાક સેવા કરું છું. રોજ મંદિરે દર્શન કરવા જાઉં છું. આ બધો શીતળભાવ છે. અહીં તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે તમે ગમે તેટલું કરો, છતાં હૃદયમાં એમ થાય કે મારાથી કંઇ બનતું નથી. હું કેમ વધારે લાડ લડાવું? હૃદયમાં પ્રભુના સુખ માટેની જ્વાળાઓ સદાય પ્રગટતી રહેવી જોઇએ. શ્રીગુસાંઇજીના એક સેવક થઇ ગયા. બહુ

નિષ્કિંચન વૈષ્ણવ હતા. દક્ષિણમાં જયાં રહે ત્યાં ગરમી ખૂબ પડે. એક નાનકડી ઝૂંપડીમાં પ્રભુ બિરાજે. ગરમીમાં પ્રભુના શીતલોપચાર માટે કોઇ સાધન નથી. ગુલાબજળ નથી, પુષ્પો નથી, શીતળ સામ્રગી નથી. ભારે તાપ છે. મારા પ્રભુને કેટલો પરિશ્રમ પડે? એક દિવસ અનાયાસે એક ગુલાબનું પુષ્પ એમને મળી આવ્યું. બહુ પ્રસન્નતાથી ઘરે લઇ આવ્યા અને માટીના કોરા પાત્રમાં જળ ભરીને એમાં એ પધરાવી પ્રભુ સમક્ષ રાખ્યું. ભાવથી એ જળ એમણે પ્રભુને પુષ્પથી અંગીકાર કરાવ્યું, ત્યારે ગિરિરાજ ઉપર શ્રીજીબાવાએ શ્રીગુસાંઇજીને જતાવ્યું કે, ''કાકાજી, દક્ષિણમાં તમારા એક સેવકે મને ઉત્તમમાં ઉત્તમ એવું ગુલાબજળ ધર્યું છે, એવું તમારે ત્યાં મને કદી મળ્યું નથી. શ્રીગુસાંઇજીને આશ્ચર્ય થયું. વ્રજવાસી સાથે એ વૈષ્ણવને પત્ર મોકલ્યો કે તમે ગુલાબજળ કેવી રીતે બનાવો છો, એની રીત મને જણાવો. પેલા વૈષ્ણવ તો દીનતાથી રડી પડયા કે મારા ત્યાં ગુલાબજળ કેવું? પણ આપની કાનીથી પ્રભુએ અંગીકાર કર્યું છે. શ્રીહરિરાયજી ત્યાં ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે જળમાં ગુલાબજળ ધર્યું તો પ્રભુએ એને ઉત્તમ ગુલાબજળ કેમ માન્યું? શ્રીહરિરાયચરણ ખીમનોર-નિવાસી છે. ગુલાબની જયાં ખેતી થાય છે, જયાં ઉત્તમમાં ઉત્તમ ગુલાબજળ બને છે ત્યાં બિરાજનાર છે. એટલે આપે ગુલાબજળ બનાવવાની પદ્ધતિ બતાવી કે અગ્નિ ઉપર પાણીમાં ગુલાબનાં પુષ્પ નાખી ઉકાળવામાં આવે, અને એની વરાળ બીજા પાત્રમાં ઠંડી કરવામાં આવે ત્યારે ગુલાબજળ બને છે. અહીં પાત્ર હતું, જળ હતું અને એમાં ગુલાબ હતું. પ્રગટ અગ્નિ નહોતો, પણ હૃદયના વિરહતાપનો અગ્નિ હતો. માટે શ્રીઠાકોરજીએ એને ઉત્તમ ગુલાબજળ માની એનો અંગીકાર કર્યો.

માટે આ માર્ગમાં કદીયે શીતળભાવ લાવવો નહીં. મિસરીભોગ પ્રભુકૃપાથી ધરાતો હોય, તો પણ હૃદયમાં એવો તાપ રહેવો જોઇએ કે કયારે હું ઝારીજી ભરું? કયારે હું પ્રભુને અનેક સામગ્રીઓ કરીને આરોગાવું? કયારે હું તેમને વધારે લાડ લડાવું? અષ્ટ સમય સખડી ભોગ ધરાતો હોય અને સેવા થતી હોય તોપણ જીવે પોતાના કર્તવ્યની ઇતિશ્રી માનવાની જરૂર નથી. પણ કયારે હજી વધારે સુંદર રીતે હું મારા પ્રભુને ખુશ રાખું? એવા અનેક મનોરથોથી એના હૃદયની ભાવસમૃદ્ધિ છલકાવી જોઇએ.

અનેક મહાનુભાવોએ પ્રભુના સુખ માટે કેવા કેવા મનોરથો કર્યાં છે! પોરબંદરમાં શ્રીદ્વારકેશજી મહારાજ થઇ ગયા. આપ આજ્ઞા કરતા કે શ્રીમદનમોહનલાલજીને શ્રીગિરિરાજમાં પધરાવીને મારે એવો છપ્પનભોગ આરોગાવવો છે, એટલી બધી સામગ્રી અંગીકાર કરાવવી છે કે ટોપલાની ઉપર

ટોપલાનો આખો કોટ રચાઇ જાય, જેમાં શ્રીગિરિરાજજી ઢંકાઇ જાય અને નવ કોસ ફરતી સામગ્રીઓ સજાય. કનાત-ટેરા બાંધવાનો તો કોઇ પ્રશ્ન જ ન ઉદ્‌ભવે, કારણ પ્રભુ અંગીકાર કરે એ પછી એને સરાવવાની નહીં. વ્રજવાસીઓ લૂંટીને આનંદ કરે. મુંબઇના મોટા મંદિરમાં શ્રીગોકુલનાથજી મહારાજ થઇ ગયા. આપના પણ વિવિધ મનોરથ હતા કે મારા શ્રીબાલકૃષ્ણલાલજીને એટલું બધું માખણ આરોગાવું કે છેક મોટા મંદિરની ટોચ સુધી એ માખણનો ઢગલો થાય અને શ્રીબાલકૃષ્ણલાલજી આરોગે. તે રોજ કહે કે, 'મૈયા, મીઠી ખીર જો ભાવે'- પ્રેમથી મારા બાલકૃષ્ણલાલજીને ખીર એટલી બધી આરોગાવું કે મંદિરનો જે મોટો ચોક છે તે ચોક આખો ખીરથી ભરાઇ જાય. એટલે હૃદયના તાપભાવમાં પ્રભુના સુખ માટે કદી દુર્બળતા ન કરવી, કદી કંજૂસાઇ ન કરવી. હૃદયથી ભાવન કરવામાં કંજૂસાઇ કરીએ તો પ્રભુને સુહાતી નથી. માનસી સેવા કરવા બેઠેલા એક વૈષ્ણવના હાથે ખીરમાં ખાંડ વધારે પડી ગઇ. તે કાઢવા ગયા ત્યારે પ્રભુએ સાક્ષાત્ એમનો હાથ પકડયો કે આ ખાંડ તારા બાપની છે તે કાઢે છે? માટે મનોરથ કરવામાં કદી હૃદયની દુર્બળતા ન કરવી. શ્રીહરિરાયચરણ શીતળભાવ ન રાખવા માટે આજ્ઞા કરે છે.

તાપભાવ માટે દૈન્ય બહુ જરૂરી છે. દ્રૌપદીએ દીનતા વ્યકત કરી ત્યારે પ્રભુએ કૃપા કરી હતી. ગજેન્દ્રની વિનંતીથી એનો મોક્ષ કર્યો. ગોપીજનોએ જયારે સુસ્વર રુદન કર્યું ત્યારે પ્રભુ એમના હૃદયમાંથી પ્રગટ થઇ ગોપીજનોના મનોરથપૂરક બન્યા. આવી રીતે દીનતાપૂર્વક તાપભાવના કરવી.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જયારે શ્રીઠાકોરજીની સન્મુખ આપણે સેવા કરતા હોઇએ ત્યારે સેવા દરમ્યાન સંયોગ રસનું ચિંતન કરવું. તાપભાવના ન કરવી; કારણ કે પ્રભુ સામે બિરાજે છે. અનોસર સમયમાં તાપભાવના-વિરહભાવનું ભાવન કરવું જોઇએ.

આપણને એક પ્રશ્ન થાય કે સેવા કરીએ, અનોસરમાં ભગવન્નામ લઇએ, પણ હૃદયમાં વિરહતાપ જાગતો નથી, તો અમારે શું કરવું? શ્રીહરિરાયચરણે એ માટેના એક પછી એક માર્ગ બતાવ્યા. એક તો તાપભાવ હૃદયમાં જાગૃત થાય, એનું સેવન અને વર્ધન થાય એટલા માટે શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો આશ્રય કરવો. બીજું કર્તવ્ય, શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રંથોનું અર્થના અનુસંધાનપૂર્વક ચિંતન કરવું. ત્રીજું કર્તવ્ય, ભગવત્કૃપાથી જો ભગવદીયોનો સંગ મળે તો આગ્રહપૂર્વક, પ્રેમપૂર્વક એમનો સંગ કરવો. આ ત્રણે વસ્તુઓ ન બની શકે ત્યારે અષ્ટાક્ષર મહામંત્રનું રટણ કરવું અને એ રટણની સાથે પોતાના દોષોનો વિચાર કરવો કે મારામાં કયાં-કયાં

દોષ છે કે નથી મારાથી શ્રીમહાપ્રભુજીનાં ચરણનો આશ્રય થતો, નથી ગ્રંથોનું સેવન થતું, નથી ભગવદીયોનો સંગ મળતો!

એની સાથે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, હૃદયમાં એકી સાથે બે પ્રકારના વિચારો કદી રહી શકે નહીં. એક મ્યાનમાં બે તલવાર ન રહે. લૌકિકના વિચારો, લૌકિકમાં આસક્તિ અને પ્રભુને પ્રાપ્ત કરવાની વિરહભાવના બે સાથે કદી રહેશે નહીં. છતાંય આપ આજ્ઞા કરે છે કે તમારું મન જયાં સુધી પ્રભુમાં સુદૃઢ થયું નથી, લૌકિકની અપકીર્તિનો તમને ભય છે, અને તેમને લાગે છે કે અપકીર્તિ થવાથી અમે જે કંઇ થોડું મન રાખીએ છીએ એ પણ નહીં રહે તો તમે તમારો લૌકિક-વૈદિક વ્યવહાર જે ચલાવવો પડે તે ચલાવજો. ઘર છોડીને ચાલ્યા જવાનું નથી. કરવા ખાતર, દુનિયાને બતાવવા ખાતર કરજો, પણ એ કરતાં કરતાં મન સદાય પ્રભુમાં ચોંટેલુ રાખજો.

નારાયણદાસ જેમ રાજકાજ કરતાં 'ભૈયા, ગોકુલ કબ ચલેંગેં?' કહેતા. મનમાં સદાય એવી ભાવના રાખજો અને જે કંઇ લૌકિક કાર્યો કરો છો એ આસકિત રાખ્યા વિના, કરવા ખાતર કરજો. બહારથી લૌકિક કાર્યો થતાં હોય ત્યારે પણ હૃદયમાં તો કેવળ પ્રભુનું જ સ્મરણ ચાલ્યા કરે. 'મથન કરે મોહન જશ ગાવે'- એમ વ્રજભકતોએ આપણને આચરી બતાવ્યું છે કે ઘરકામ કરતાં, નોકરી કરતાં, ધંધો કરતાં આપણું ચિત્ત પ્રભુમાં રહેવું જોઇએ. એટલા માટે તો આપણે ત્યાં એવી પરિપાટી હતી કે ઘરના દરેક ખંડની ભીંત પર પ્રભુનાં ચિત્રો પધરાવવાં, જેથી ઘરમાં હરતાં-ફરતાં, કામ કરતાં, નજર જાય તો પ્રભુનું સ્મરણ ચાલુ રહે. કોઇક રીતે પ્રભુનું સ્મરણ ચાલુ રહે, એ માટેનો અનુકૂળ માર્ગ આપણે શોધવો પડશે અને એને આચરવો પડશે. આજે એવા અનેક ભગવદીયો જણાય છે કે જે બહારથી બહુ વ્યાવૃત્ત હોય, એમને ફુરસદ ન મળતી હોય; પણ એમના મનમાં પ્રભુનું ચિંતન-મનન સદાય થયા કરતું હોય, લૌકિક વિષય-વાતાવરણમાં જીવવા છતાં ભગવચ્ચરણના શરણે રહેવાનો ટેક છૂટયો ન હોય. આપણે પણ ભલે દુનિયાના પ્રવાહમાં હોઇએ, ગમે તે કાર્ય કરતા હોઇએ, પણ આપણું મન તો પ્રભુનાં જ કાર્યોમાં ચોંટેલું રહેવું જોઇએ. એ ત્યારે જ બને કે જયારે પ્રભુમાં આપણો દૃઢ વિશ્વાસ હોય.

એક ઉદાહરણ લઇને આ વાત સમજીએ. ભારે ધાંધલિયા માર્ગો ઉપર અનેક વાહનોના ઘરઘરાટ વચ્ચે અકસ્માતોની ઘણી વાતો સાંભળતા હોઇએ; ત્યારે નિશ્ચિંત રીતે એ વાહનમાં બેસીને, આંખો મીંચીને ભગવન્નામ કયારે લેવાય? શ્રદ્ધા અને વિશ્વાસ કયારે આવે? લૌકિક રીતે વિચાર કરીએ તો મોટર ચલાવનારની મોટર

ચલાવવાની કુશળતામાં શ્રદ્ધા હોય ત્યારે આપણે આંખો મીંચીને બેસીએ છીએ.

આમ, શ્રીવલ્લભનાં નેત્રો આપણા માટે ખુલ્લાં છે. શ્રીવલ્લભ પોતાના દાસના યોગક્ષેમની સર્વ વિચારણા કરી રહ્યા છે, ત્યારે આપણે કેમ એમનાં ચરણારવિંદમાં દૃઢ શ્રદ્ધા રાખીને લૌકિકની ચિંતાઓ કર્યા વિના, નિશ્ચિંત ભાવે ભગવત્સેવા અને સ્મરણમાં ન જોડાઈએ?

એક પ્રસંગ મને યાદ આવે છે. મોટરમાં અમે જતા હતા ત્યારે એ મોટર ચલાવનાર વૈષ્ણવે પૂજ્ય જીજીને પ્રશ્ન કર્યો કે ભગવન્નામ લઈએ છીએ, પણ ચિત્તની એકાગ્રતા થતી નથી તો એનો કોઈ રસ્તો બતાવો. આપનું વચનામૃત મને સદાય સ્મર્યા કરે છે. આપે એમને કહેલું કે નટુભાઈ, તમે આ મોટર ચલાવો છો, ત્યારે શું કરો છો? નટુભાઈએ કહેલું કે સામે મોત દેખાય એટલે આપોઆપ એકાગ્રતા થાય. આપે આજ્ઞા કરી, બસ એવી રીતે અહીં પણ પ્રભુમાં એકાગ્રતા આપોઆપ એમની કૃપાથી થાય. અન્ય જીવોને પ્રભુનાં ચરણમાં અનુરાગ હોય છે; કારણ પ્રભુમાં સાચો સ્નેહ છે. હૃદયનો સાચો સ્નેહ હોય તો એમને યાદ કરવા ન પડે. એ તો અનાયાસ યાદ આવી જાય. આપણા સાચા જે સ્નેહાળ કુટુંબીઓ છે, એમને કંઈ યાદ કરવા પડતા નથી. જો કોઈ કહે, એમને યાદ કરવાનો પ્રયત્ન કરું છું. તો માનજો કે સ્નેહ ઓછો છે. પ્રેમમાં પ્રયત્ન ન હોય, પ્રેમમાં સાહજિકતા હોય. આપોઆપ યાદ આવી જાય. કલાપી કહે છે એમ 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.'

મને યાદ છે વર્ષો પહેલાંનો પ્રસંગ. કોલેજમાં અભ્યાસ કરતો ત્યારે એક વાર પ્રવાસમાં હરદ્વાર જવાનું થયેલું. સાયંકાલીન સમયે મમતાદેવીની ટોચ ઉપર મંદિરના ઓટલે બેસીને ભગવદ્કૃપાથી પ્રભુનું સ્મરણ કરતો હતો. ત્યાં વૈષ્ણવ પરિવારની એક દીકરી પણ બહાર બેઠી બેઠી આકાશ સામે જોઈ રહેલી. મેં એમને પૂછયું કે તમે અંદર દર્શન કરવા નથી ગયાં? મને કહે રમેશભાઈ, આકાશ સામે જુઓ, પશ્ચિમ દિશામાં લાલ-લાલ સૂર્યના કોમળ અનુરાગયુકત કિરણોની વચ્ચે શ્રીમહાપ્રભુજીનાં દર્શન નથી થતાં? આ મેઘશ્યામ આકાશમાં શ્યામલ શ્રીનંદનંદનાં દર્શન નથી થતાં? આ સાંકડા મંદિરની અંદર એનાથી વધારે સારાં બીજા કોનાં દર્શન કરવા જવાનું ? મને પૂછો છો, પણ તમે ક્યાં દર્શન કરવા ગયા છો?

કહેવાનું તાત્પર્ય એ છે કે જગતમાં તમે જ્યાં જાઓ, જ્યાં જુઓ ત્યાં કેવળ પ્રભુનું દર્શન-સ્મરણ થવું જોઈએ. આવી વિરહભાવના દીનતા અને તાપપૂર્વક કરવાનો આ માર્ગ શ્રીહરિરાયચરણે આપણેને પંચમ શિક્ષાપત્રમાં બતાવ્યો. પંચમ શિક્ષાપત્રના દશ શ્લોકમાં આ તાપભાવયુકત વિરહભાવનું આપે નિરૂપણ કર્યું.

શિક્ષાપત્ર-૫ : સારાંશ

શ્લોક સંખ્યા : ૧૦

વિષય : વિરહના અનુભવ દ્વારા કૃપા અને દૈન્યની પ્રાપ્તિ.

વિરહભાવનાથી જ ભગવાન ભાવનીય છે. વિરહભાવના માટેનું સાધન દૈન્ય છે. દૈન્યનું સાધન તાપભાવ છે. જયારે મન, વચન, કર્મથી જીવ શ્રીવલ્લભનાં ચરણમાં સ્નેહ રાખે ત્યારે પ્રભુ શ્રીવલ્લભ કૃપા કરી દૈન્ય વગેરે સર્વ ધર્મ હૃદયમાં પ્રગટાવે છે.

શ્રીકૃષ્ણનાં બે રૂપ છે : ક્રિયાત્મકરૂપે શ્રીવસુદેવજીના ત્યાં પ્રાકટય છે, ભાવાત્મકરૂપે શ્રીનંદરાયજીના ત્યાં પ્રાકટય છે.

શ્રીકૃષ્ણની સેવા બાળભાવથી કરવી, બાળલીલામાં નવનીતલાલના સ્વરૂપે ભાવના કરવી, સ્મરણ કિશોરભાવનું કરવું. રાસાદિલીલા શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં વિચારવી.

પ્રભુનું વિપ્રયોગાત્મક સ્વરૂપ શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજે છે. શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજી સ્વરૂપ છે, માટે શ્રીમહાપ્રભુજીની ઉગ્ર ભાવે ભાવભાવના કરવી.

તાપભાવ દ્વારા દ્રૌપદી, ગજેન્દ્ર અને ગોપીજનોની જેમ પ્રભુ ઉત્તમ દૈન્યનું દાન કરે છે ત્યારે પ્રભુ પ્રસન્ન થઇ પ્રગટ થાય છે. સેવાસમયમાં તાપભાવના ન કરવી. તાપભાવના અનવસરમાં કરવી.

શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિન્દનો આશ્રય રાખવાથી તાપભાવના સિદ્ધ થાય છે. તાપભાવના ન થાય ત્યાં સુધી શ્રીમહાપ્રભુજીનાં ચરણમાં આશ્રય રાખવો, શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું સેવન કરવું, ભગવદીયોનો સંગ કરવો, પોતાના દોષો વિચારવા, લૌકિક વૈદિક કાર્યોમાં રચ્યા-પચ્યા રહેવું અને સતત શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું.

•

શિક્ષાપ્રત્ર છઠ્ઠું

ગૃહભંગસમાચારાઃ શ્રુતાઃ શ્રુતિવિષાયિતા ।
તદર્થં લિખ્યતે કિંચિત્સમાધાનાય ચેતસઃ ॥૧॥

કાનને વિષરૂપ લાગે એવા ગૃહભંગના સમાચાર સાંભળ્યા. ચિત્તનું સમાધાન થાય એ અર્થે અહીં કંઈક લખું છું. (૧)

સદા યશોદાતનુજો દ્વિભુજઃ સુદ્વિજદ્વયઃ ।
સરોજાસ્યસ્રવલ્લાલઃ સ્મર્યતામાર્યવંશજઃ ॥૨॥

આર્યવંશજ શ્રીયશોદાજીના પુત્ર, જે દ્વિભુજધારી છે અને જેમના શ્રીમુખની દંતકળી સુંદર છે તથા જેમના મુખકમળમાંથી લાળ ટપકી રહી છે, એવા શ્રીકૃષ્ણનું સદા સ્મરણ કરવું. (૨)

સર્વેશ્વરશ્ચ સર્વજ્ઞઃ કૃષ્ણઃ સકરુણઃ સદા ।
અસમર્થો જ્ઞાનશૂન્યો જીવ ઈત્યેવ નિશ્ચયઃ ॥૩॥

શ્રીકૃષ્ણ સર્વેશ્વર, સર્વજ્ઞ અને સદા દયાળુ છે, જયારે જીવ અસમર્થ અને જ્ઞાનશૂન્ય છે એ નિશ્ચિત છે. (૩)

તસ્યેચ્છા ત્રિવિધા પ્રોક્તા મૂલવેદસ્વભેદતઃ ।
મૂલેચ્છયા ગૃહીતાનાં નાડન્યથા કુરુતે ફલમ્ ॥૪॥

તે પ્રભુની ત્રણ પ્રકારની ઈચ્છા છે : મૂળ, વેદ અને સ્વ. તેમાં પ્રભુએ જેનો મૂળની ઈચ્છાથી અંગીકાર કર્યો છે તેને(પ્રભુસ્વરૂપ સિવાય) અન્યથા ફળ થતું નથી. (૪)

પ્રવાહ એવ નિયતસ્તેષુ કૃષ્ણવિચારિતઃ ।
મર્યાદયા ગૃહીતાંસ્તુ પ્રવર્તયતિ કર્મણિ ॥૫॥

તેમાં શ્રીકૃષ્ણે જેમને પ્રવાહ અને મર્યાદાથી ગ્રહણ કર્યા છે, તેવા જીવોને તે કર્મમાર્ગમાં પ્રવૃત્ત કરે છે. (૫)

સ્વરૂપેણ વૃતાનાં તુ સ્વતઃ સર્વં કરોતિ હિ ।
તચ્ચિંતયૈવ હિ વ્યાપ્તઃ કૃપાલું સર્વતો વિભુઃ ॥૫॥

પરંતુ જેઓને સ્વ-રૂપથી ગ્રહણ કર્યા છે તેમનું સર્વ કાર્ય પ્રભુ પોતે કરે છે. તે કૃપાળુ પ્રભુ તેમની ચિંતાથી વ્યાપ્ત છે; કારણ કે પ્રભુ સર્વ કરવાને સમર્થ છે. (૬)

નિવર્તયત્યનિષ્ટેભ્યઃ સ્વકીયાન્ કરુણાનિધિઃ ।
યદિ જીવાઃ સ્વભાવેન નિવર્તેરન્ન તે સ્વતઃ ॥૭॥

જો જીવ પોતાના સ્વભાવને લીધે અનિષ્ટને નિવૃત્ત ન કરી શકે તો તે કરુણાનિધિ પોતે પોતાના ભકતને અનિષ્ટથી દૂર કરે છે. (૭)

અનિષ્ટમેવ સર્વજ્ઞો બલાદ્દૂરીકરોતિ હિ ।
ઈષ્ટાનિષ્ટવિવેકો હિ જીવબુદ્ધયા ન જાયતે ॥૮॥

અમુક વસ્તુ સારી છે કે ખોટી તેનો નિર્ણય જીવ પોતે પોતાની જીવબુદ્ધિથી કરી શકતો નથી; તેથી (જીવની ઈચ્છા હોય કે ન હોય) સર્વજ્ઞ પ્રભુ પોતાના (પ્રમેય) બળથી અનિષ્ટને દૂર કરે છે. (૮)

અવિદ્યયા ગૃહીતાનામણૂનાં ભ્રમસંભવાત્ ।
અત એવ હિ સંસાર મન્યતે સુખરૂપિણમ્ ॥૯॥

જીવ અણુ છે. તે અવિદ્યાથી ઘેરાયેલો છે. તેને ભ્રમ થવાનો સંભવ હોવાથી તે સંસારને સુખરૂપ માને છે. (૯)

બાલા ઈવ કરપ્રાપ્તં સર્પમક્રીડનોચિતમ્ ।
પિતેવ સહજસ્નિગ્ધસ્તન્નિવર્તયતે બલાત્ ॥૧૦॥

એક બાળક ન રમવા યોગ્ય એવા સર્પને હાથમાં લઈ તેની સાથે રમવામાં સુખ માને છે; પરંતુ સાહજિક પ્રેમને ધારણ કરતો તેનો પિતા તે બાળકને તેનાથી નિવૃત્ત કરે છે. (૧૦)

યથા રુદંતિ તે બાલા ભ્રાન્તાઃ સંસારિણસ્તથા ।
અત એવ હિ સર્વજ્ઞઃ કૃષ્ણઃ સંસારમોચકઃ ॥૧૧॥

પરંતુ, આવું થતાં બાળક રડવા માંડે છે. તેવી જ રીતે સંસારી જીવ પણ ભ્રમયુક્ત હોય છે; તેથી (લૌકિક વસ્તુ જવાથી) ખેદયુકત બને છે; પણ શ્રીકૃષ્ણ તો સર્વજ્ઞ છે. તેથી જ તેવા જીવને અહંતા-મમતાંત્મક સંસારમાંથી છોડાવે છે. (અર્થાત્ લૌકિક વસ્તુની પ્રાપ્તિ થવા દેતા નથી અને જો તે પ્રાપ્ત થઈ હોય તો તેને દૂર કરે છે.) (૧૧)

ઈત્યેવ રૂપ્યતે નામ તથાવિધમતઃ પ્રભોઃ ।
સંસારવૈરી ધરણીં પ્રતિ શેષો ન્યરૂપયત્ ॥૧૨॥

પૃથ્વી અને શેષજી વચ્ચે થયેલા સંવાદમાં શેષજીએ પ્રભુને સંસારવૈરી કહ્યા છે;

તેથી પ્રભુનું નામ તેવું નિરૂપિત કરવામાં આવ્યું છે અને પ્રભુની મતિ પણ ભક્તનો સંસાર છોડાવવાની હોય છે. (૧૨)

મન્યામહે વયં ભ્રાન્તાઃ કૃષ્ણવિસ્મૃતિકારણમ્ ।
સંસારમુત્તમં કૃષ્ણસ્તં કથં સ્થાપયેત્ હરિઃ ॥૧૩॥

આપણે બધા ભ્રાન્ત બન્યા છીએ; તેથી જ શ્રીકૃષ્ણની વિસ્મૃતિ કરનાર સંસારને ઉત્તમ માનીએ છીએ. પ્રભુ આપણને તેવા સંસારમાં કેમ સ્થાપન કરે? (૧૩)

એવં તદીયૈર્મનસિ નિધેયઃ સ્વપ્રભોર્ગુણઃ ।
સ્વસ્મિન્નપિ વિનિશ્ચેયાઃ પ્રભોરંગીકૃતિર્ધ્રુવા ॥૧૪॥

તેથી જેઓ ભગવાનના જીવો છે, તેમણે પોતાના મનમાં પોતાના સ્વામી એવા શ્રીકૃષ્ણનો ગુણ વિચારવો અને મનમાં એવો દૃઢ નિશ્ચય રાખવો કે આપણે તેના અંગીકૃત જીવો છીએ. (૧૪)

અત એવાસ્મદાચાર્યૈરુક્તં વરણલક્ષણમ્ ।
લોકે સ્વાસ્થ્યં તદા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ॥૧૫॥

આપણા શ્રીમદાચાર્યજીએ વરણનું એવું લક્ષણ આપ્યું છે કે હરિના જે અંગીકૃત જીવ છે તેનું, તે લોકમાં કે વેદમાં સ્વાસ્થ્ય નહિ કરે. (૧૫)

શિક્ષાપત્ર છઠ્ઠું

છઠ્ઠા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી પહેલી વાર પોતાના પારિવારિક જીવનની અંગત વાતનું નિરૂપણ કરે છે. પંદર શ્લોકના આ શિક્ષાપત્રમાં બે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એક તો શ્રીહરિરાયજી દુ:ખની પરિસ્થિતિમાં ધીરજ રાખવા માટેની શિખામણ આપે છે, તે સાથે પ્રભુની ઇચ્છાથી પ્રભુએ પ્રગટ કરેલી ત્રણ પ્રકારની જીવસૃષ્ટિનું નિરૂપણ કરીને પુષ્ટિજીવનું કર્તવ્ય બતાવે છે.

આપણે જોયું કે અગાઉના પાંચ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે શ્રીગોપેશ્વરજીને ક્યાંય પોતાની પારિવારિક કે લૌકિક બાબતો અંગે અથવા અંગત હકીકતો અંગે કોઇ નિર્દેશ કર્યો નથી. તમે પ્રસન્ન હશો, કુશળ હશો એવો ઉલ્લેખ પણ ક્યાંય કર્યો નથી. જેમ આપણે કાગળમાં લખીએ છીએ કે અમે કહીં મજામાં છીએ, તમે પણ ત્યાં મજામાં હશો. ત્યારે વિચાર થાય છે કે શી મજા છે આ જીવનમાં? નથી પ્રભુનું નામ લેવાતું. નથી ભગવત્સ્મરણ થતું, નથી ભગવત્સેવા થતી અને કહીએ છીએ મજામાં છીએ. સૌરાષ્ટ્રની ભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે મજા નથી, એટલે કે તબિયત સારી નથી. કેમ સારી નથી? તો પ્રભુની સેવા નથી થતી. સૂતકીવત્ જીવન છે. બહિર્મુખ છીએ. સેવ્ય પ્રભુનાં દર્શન થતાં નથી. મુખારવિન્દ ભક્તિથી દૂર છીએ, ચરણારવિન્દની ભક્તિથી દૂર છીએ અને પછી ફૂલ્યા-ફાલ્યા કહીએ છીએ કે બહુ મજામાં છીએ. શ્રીહરિરાયચરણે આવી લૌકિક બાબતોનો નિર્દેશ આ અલૌકિક પત્રમાં કર્યો નથી.

ષષ્ઠમ્ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી બહુ જ ભાવપૂર્વક આપણને સમજાવે છે કે સર્વજ્ઞ અને કરુણાનિધિ એવા શ્રીપ્રભુ સદાય જીવનું કલ્યાણ કરવામાં તત્પર જ છે. એ કદીય જીવનું અનિષ્ટ કરતા નથી. જીવ માટે જે ઇષ્ટ છે, જે કલ્યાકારી છે, જે અંતિમ સુખપ્રદ છે, એ જ પ્રભુ એને દાન કરે છે. આપણું ઇષ્ટ શું અને અનિષ્ટ શું એનો વિવેક સદાયે વિચારવો જોઇએ. આ છઠ્ઠા શિક્ષાપત્રનો કેન્દ્રવર્તી વિચાર પણ એ જ છે.

કેટલાક ભગવદીયો એમ કહે છે કે શ્રીહરિરાયજીના પત્રોનો શ્રીગોપેશ્વરજી પહેલાં પાંચ પત્રો સુધી કશો જવાબ નથી આપતા; કારણ કે આપશ્રીનાં વહુજીનું સ્વાસ્થ્ય સારું નહીં હોવાથી એનો અવકાશ નથી મળ્યો, પણ છઠ્ઠા પત્રનો એટલે કે વહુજી મહારાજે લીલાપ્રવેશ કર્યો, એના સમાચાર શ્રીગોપુશ્વરજીએ પાઠવ્યા છે.

એના જવાબમાં આ છઠ્ઠો પત્ર લખાયો છે, એમ હમણાં એક વિદ્વાને શ્રીહરિરાયજી ઉપરના એમના શોધનિબંધમાં વાત કરી છે.

પણ, અહીં છઠ્ઠા શિક્ષાપત્રમાં શ્રીગોપેશ્વરજીનો પત્ર પ્રાપ્ત થયો છે એવો કોઇ ઉલ્લેખ શ્રીહરિરાયજી કરતા નથી. આપ એમ આજ્ઞા કરે છે કે દુઃખદ સમાચાર સાંભળ્યા છે, વાંચ્યા નથી. એ સમાચાર કેવા છે? કાનની અંદર ઝેર રેડાય અને કેટલું દુઃખ થાય, હૃદયને કલેશ થાય, એવો કલેશ કરાવનાર એ દુઃખદ સમાચાર છે. તો શ્રીહરિરાયજી એ સમાચારને દુઃખદ કેમ કહે છે? પોતે તો લૌકિક કલેશ સર્વથા હૃદયમાં ધારણ કરતા નથી. આપ તો સદા સર્વદા અલૌકિક ભાવાત્માનું ભાવન કરે છે. આપ આજ્ઞા કરે છે કે આ લૌકિક કલેશ નથી, પણ અલૌકિક કલેશ છે. ભગવદ્‌સેવામાં સહાયક એવાં વહુજીનો લીલાપ્રવેશ થવાથી શ્રીગોપેશ્વર હૃદયનું સ્વાસ્થ્ય ધારણ કરી શકે તેમ નથી. સેવામાં સહાયક વિના પ્રભુની પ્રસન્નતા નહીં થાય. એટલે પ્રભુના પરિશ્રમના વિચારે એનું દુઃખ અનુભવે છે. માટે આ સમાચાર 'શ્રુતિવિષાયિતા' છે. જે જીવ પ્રભુની સેવામાં આગ્રહપૂર્વક તત્પર હોય અને છતાંયે સેવામાં પ્રતિબંધ આવે ત્યારે એ જાણીને હૃદયમાં કલેશ થાય, એવો અલૌકિક કલેશ અહીં છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ શિક્ષાપત્રમાં હું જે કંઇ લખું છું એ 'તદર્થમ્' તમારા હૃદયનો કલેશ નિર્મૂળ કરવા માટે લખું છું. ચિત્તના સમાધાન માટે લખું છું. ગૃહભંગના સમાચાર સાંભળીને આપના ચિત્તમાં આજે અમાવાસ્યા થઇ છે. ચિત્તરૂપી ચંદ્રના કિરણોથી હૃદય પુલકિત થવું જોઇએ, એના બદલે તે અમાવાસ્યાના અંધકારની કાલિમાથી ગ્રસિત થયું છે. શરદપૂર્ણિમાના ચંદ્રની જેમ શ્રીગોપેશ્વરજીનું સમગ્ર ચિત્ત, એના અણુએ અણુ ફરી ભગવત્પ્રેમથી પ્લાવિત બનીને ભગવત્‌સેવાસ્મરણમાં તત્પર બને, એટલા માટે શ્રીહરિરાયજી શુકલ પક્ષના પંદર દિવસના ભાવથી અહીં શ્લોકો દ્વારા શ્રીગોપેશ્વરજીના ચિત્તરૂપી ચંદ્રનો ફરીથી પૂર્ણોદય કરવા માટે તત્પર બન્યા છે.

આપણે અગાઉ જોઇ ગયા હતા કે શ્રીગોપેશ્વરજીને છઠ્ઠા દિવસથી જે કલેશ થયો, તેના ત્રણ દિવસ સુધી પોતે જળપાન પણ નથી કર્યું. નવમા દિવસે પરમ ભગવદીય શ્રીહરજીવનદાસભાઇ દ્વારા શ્રીહરિરાયજીના પત્રોનું વાચન કરી, પછી ભોજન કરી ટીકા કરવાનો પ્રારંભ કર્યો છે, ત્યારે શ્રીહરિરાયચરણનો દશમો પત્ર આવ્યો છે; જેમાં પ્રેમ, વ્યસન અને આસક્તિનું નિરૂપણ છે. એ આવ્યા પછી ટીકાનો પ્રારંભ થયો છે. અને પોતે પોતાના જયેષ્ઠ ભ્રાતૃચરણને પોતાના મનની પ્રસન્નતાના સમાચાર મોકલે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણે યશોદોત્સંગલાલિત શ્રીઠાકોરજીની

સેવા કરીએ છીએ. એ સેવા કરતાં આપણા મનમાં જો કોઇ લૌકિક કલેશ હોય, તો એ જોઇને પ્રભુ અપ્રસન્ન થઇ જાય. દા.ત, પડોશીનું એક સુંદર નાનું બાળક કયારે આપણી પાસે રમવા આવે છે? જયારે આપણે હસીને એને પ્રેમથી બોલાવીએ. એ પ્રેમ જાુએ, આપણા મુખ ઉપર હાસ્ય જાુએ ત્યારે એ દોડતું આવે. પણ આપણું મોઢું ઉદાસ જાુએ એટલે બાળક દૂરથી ભાગી જાય, પાસે આવવાની હિંમત કરતું નથી. એમ સેવાસમયમાં આપણું મન જો લૌકિક કલેશથી ભરેલું હોય તો પ્રભુ પ્રસન્ન થતા નથી. માટે આપણા પુષ્ટિમાર્ગીય હૃદયનો ધર્મ એક જ છે કે પ્રભુ પ્રસન્ન થાય એટલા માટે કદી હૃદયમાં લૌકિક કલેશ કરવો નહીં. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીની કૃપા આપણા ઉપર થઇ, એમ કયારે જાણવું? જયારે લૌકિક દુઃખમાં પણ આપણા પુષ્ટિમાર્ગીય ધર્મ એટલે કે સેવા અને સ્મરણ ન છૂટે, સેવા કરતાં લૌકિક કલેશ આડો ન આવે, બહારથી દેખાતો લૌકિક કલેશ આપણા હૃદય ઉપર કોઇ અસર ન કરે અને મન પ્રસન્નચિત્તથી ભગવત્સેવા અને સ્મરણમાં લાગી રહે ત્યારે માનવું કે શ્રીમહાપ્રભુજીની કૃપા થઇ છે. માટે હૃદયમાં શ્રીપ્રભુના સ્મરણરૂપે જે પ્રભુ આપણઆ હૃદયમાં બિરાજમાન છે, તે સ્મરણ છૂટી જતાં હૃદયમાંથી બહાર પધારી ન જાય, માટે લૌકિક કલેશ છોડી દઇએ અને પ્રભુની ઇચ્છા માનીને ધીરજ ધારણ કરવી જોઇએ. પ્રભુ સર્વેશ્વર છે અને કરુણાસાગર છે. સર્વેશ્વર હોવાના કારણે પ્રભુ બધા લૌકિક જીવોની સર્વ ઇચ્છાની પૂર્તિ કરે છે, તો આપણી પણ કરશે. સર્વજ્ઞ છે, માટે આપણી મુશ્કેલીઓને જાણે છે, કરુણાસાગર છે માટે વગર માગ્યે આપવાના છે. જયારે જીવ કેવો છે? અસમર્થ છે. જ્ઞાનશૂન્ય છે. પ્રભુ અને જીવનું આ સ્વરૂપ આપણે વિચારીને લૌકિક કલેશથી દુઃખી થવાની જરૂર નથી.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુએ ત્રણે પ્રકારની ઇચ્છા જગતમાં ક્રીડા કરવા માટે કરી અને ત્રણે પ્રકારના જીવો પ્રગટ કર્યા. મૂળ ઇચ્છાથી આપે આસુરી જીવો એટલે પ્રવાહી જીવોને પ્રગટ કર્યા, જેઓ સંસારની ઘટમાળમાં પુનઃપુન જન્મલીલા કર્યા કરે છે, એવા આ આસુરી પ્રવાહી જીવો છે. પ્રભુની વાણીમાંથી જે જીવો પ્રગટ થયા તે મર્યાદા જીવો છે. આવા જીવોને દાન, તપ, યજ્ઞ, જપ, ધ્યાન, તીર્થ, યાત્રા આદિ કર્મમાર્ગમાં આસકિત છે. સ્વર્ગાદિ ફળોની પ્રાપ્તિ માટે એ ભારે તપશ્ચર્યાઓ કરે છે, ત્યાગમય જીવન જીવે છે. એમને મોક્ષપર્યંતની પ્રાપ્તિ થાય છે, પણ ભગવત્સ્વરૂપના અનુભવની પ્રાપ્તિ ભજનાનંદથી થતી નથી. જયારે પ્રભુના 'સ્વ' એટલે શ્રીઅંગમાંથી પ્રગટ થયેલા જીવો, પુષ્ટિ જીવો છે, જેમને પ્રભુ કૃપા

કરીને પોતાનાં ચરણમાં ખેંચીને એમની પાસે પ્રેમથી સેવાસ્મરણ કરાવી, તે કોઇ પણ પ્રકારનાં એમનાં સાધનોની અપેક્ષા સખ્યા વિના એમનું વરણ કરી સ્વરૂપાનંદનો - પોતાના અલૌકિક સ્વરૂપનો - સાક્ષાત્ રસાનુભાવ કરાવે છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવા ત્રણ પ્રકારના જીવો પ્રભુએ પ્રગટ કર્યા છે.

એમાં આપણે પુષ્ટિ જીવો છીએ. પ્રભુએ પોતાની સ્વેચ્છાથી પોતાના શ્રીઅંગમાંથી પ્રગટ કરેલા હોઇ, પ્રભુના લાડીલા છીએ. પ્રભુના જ છીએ એવા આપણે લૌકિક અને વૈદિકનાં ક્ષુદ્ર કાર્યોનાં ફળ અથવા પરિણામ માટે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. અનિષ્ટને દૂર કરવા માટે હંમેશાં પ્રભુ સામર્થ્યવાન છે, માટે જીવે પોતાની બુદ્ધિમાંથી ઇષ્ટ અને અનિષ્ટનો વિવેક છોડવો નહીં. પ્રભુ પાસે લૌકિક સુખ કદી માગવું નહીં.

આપણા ઇષ્ટાનિષ્ટને આપણે જાણવા નથી, પરિણામે આપણે ન માગવા જેવું માગી બેસીએ છીએ. એક મનુષ્ય ઉપર પ્રભુ પ્રસન્ન થયા અને કહ્યું 'માગ, માગે તે આપું.' ત્યારે એણે બહુ વિચાર કર્યો. શું માગું? છેવટે બહુ વિચાર કરી-કરીને એવો દુઃખી થયો કે એણે માગ્યું : 'મહારાજ, આ દુનિયામાં એટલું બધું દુઃખ છે કે મારાથી જોવાતું નથી. મને આંધળો કરી દો.' જુઓ, માગી-માગીને શું માગ્યું! મને આંધળો કરી દો.

પ્રભુ જયારે પ્રસન્ન થઇને જીવને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે છે ત્યારે જીવ પેલા નાના બાળકની જેમ સાપને રમકડું માનીને પકડવા જાય. ન પકડવા દે એટલે રડવા બેસે. આપણે પણ જેનાથી આખરે આપણું અકલ્યાણ થવાનું છે, દુઃખ આવવાનું છે, એને જાણતા નથી; એટલે લૌકિકમાં સુખ નથી મળતું ત્યારે રડીએ છીએ. કિશોરીબાઇનું સ્મરણ સદાય કરવા જેવું છે. દુઃખ આવવામાં કંઇ બાકી નથી રહ્યું તોયે શ્રીયમુનાજીનું સ્મરણ નથી છોડયું. શ્રીયમુનાષ્ટકની સ્મૃતિ ભુલાઇ ગઇ છે. માત્ર બે પંક્તિઓ યાદ રહી ગઇ છે, એનું સ્મરણ ચાલુ રાખ્યું છે. શ્રીયમુનાજી સ્વયં લૌકિક સ્વરૂપ ધારણ કરીને પધારે છે અને કિશોરીબાઇથી શુશ્રૂષા કરે છે. તોયે કિશોરીબાઇ એમાં કોઇ રીતે આસક્ત થયા વિના મનથી શ્રીયમુનાજીનું સ્મરણ કર્યા કરે છે.

આમ, દુઃખ આવે એ તો પ્રભુની દયારૂપી શ્રેષ્ઠ દાન છે. દુઃખ તો જેનાં ભાગ્ય મોટાં હોય એને આવે, બધાંને જ આવે. ઉનાળાની ઋતુમાં વહેલી સવારે મોટું તપેલું ભરીને કેરીનો રસ કાઢી, તૈયાર કરી તમે કથામાં આવો કે ચાલો, બપોરે ઘરે જઇને એ રસ ખાઇશું. આ ગરમીમાં ત્રણ કલાક એ રસને સાચવી રાખવા માટે શું કરો

છો? ફ્રીજ ના હોય તો, એમાં કેરીનો ગોટલો નાખી દો છો, જેથી રસ બગડે નહીં. ગોટલામાં રસ નથી, તે કર્કશ છે, તેને છાંડાં છે અને ચૂસવા જઈએ તો દાંતના પોલાણમાં એનાં છોતરાં ભરાઈ રહેવાનાં છે, છતાંય એવો કર્કશ ગોટલો આનંદ આપનાર રસ સાચવે છે. એમ રસરૂપી સુખને સાચવવા માટે ગોટલારૂપી દુઃખની આવશ્યકતા છે. જેણે જીવનમાં દુઃખ જોયું નથી, એને સુખની કિંમત કદી સમજાતી નથી. માટે દુઃખથી ડરી ન જવું. ઈષ્ટ અને અનિષ્ટનો વિવેક શ્રીમહાપ્રભુજીની કૃપાથી વિચારતા રહેવું. ''પ્રભુ જો કરે સો ભલી કરે'' એ ભાવનાનું સદાય હૃદયમાં ચિંતન કરવું.

એક રાજાના દીવાન છે. વૈષ્ણવ છે. રાજાને એમના ઉપર બહુ પ્રેમ અને શ્રદ્ધા. એમની દરેક વાત સ્વીકારે. મૃત્યુપથારીએ સૂતેલા રાજા એમના દીકરાને શિખામણ આપે છે કે દીવાનજી કહે તેમ કરજો. રાજાએ પ્રાણ છોડી દીધા પછી એમનો દીકરો રાજા બન્યો. એક વાર નવા રાજાના દીકરાએ હઠ કરી કે તમે મને શેરડી છોલી આપો. રાજાએ કદી શેરડી છોલેલી નહીં. તે ચપ્પુથી છોલતાં જતાં અંગુઠો છોલાઈ ગયો. લોહીની ધારા વહી. બધા રાજા પાસે શોક વ્યકત કરવા આવે છે કે બહુ ખરાબ થયું. ત્યારે દીવાનજી આવીને કહે છે : 'રાજા, પ્રભુ જો કરે સો ભલી કરે.' રાજા મનમાં તો ધૂંધવાઈ ગયો કે અંગૂઠો કપાઈ ગયો, એમાં મારું શું ભલું થયું? થોડાક દિવસો પછી એમનાં યુવાન પત્ની હરિશરણ થઈ ગયાં. આખું રાજય ખરખરો કરવા આવ્યું. દીવાનજી કહે, 'રાજન્, પ્રભુ જો કરે સો ભલી કરે.' રાજા મનમાં વધારે ધૂંધવાઈ ઊઠયા કે આ શું? પત્ની જેવી પત્ની ગઈ તોયે કહે છે કે બહુ સારું થયું. જરૂર આ મારો હિતશત્રુ છે. ત્રીજા એક પ્રસંગે, રાજા શિકાર કરવા નીકળેલા. બીજા પડોશી રાજાના સૈનિકોએ એને પકડી લીધો. યજ્ઞ થતો હતો. તળાવમાં પાણી નહોતું આવતું . બત્રીસલક્ષણો માણસ જોઈતો હતો. પંડિતોએ આ રાજાને જોઈને કહ્યું કે આમ તો એનાં બત્રીસ લક્ષણ ખરાં, પણ બે ખૂટે છે : અંગૂઠો કપાયો છે અને વિધુર છે. એનો નરમેધ ન અપાય. પેલા રાજાનો જીવ બચી ગયો; એટલે એણે વિચાર કર્યો કે દીવાનજી કહેતા હતા એ વાત સાચી. ''પ્રભુ જો કરે સો ભલી કરે. જો અંગૂઠો આખો હોત અને પત્ની જીવતી હોત, તો આજે હું ભૂતળ પર ન હોત.''

આપણે જીવનમાં સુખી થવું હોય, ચિંતાઓનાં જાળાંમાં જે કાંટા વાગતાં દુઃખી થઈએ છીએ, એમાંથી બહાર આવવું હોય; નિરાંતે સૂઈ જવું હોય, તો આ એક સૂત્ર જીવનમાં અપનાવી લેવા જેવું છે કે ''પ્રભુ જો કરે સો ભલી કરે.'' પરંતુ કહેવું જેટલું

સરળ છે, એટલું પ્રસંગ આવ્યે માનવું અઘરું છે. બીજાને ત્યાં પ્રસંગ આવે ત્યારે કુટુંબમાં એક નાનો દીકરો મોટે ગામતરે પહોંચી ગયો, ત્યારે પડોશીએ આવીને કહ્યું કે, 'ભગવાનને ગમ્યું તે ખરું. નકામા શું રડો છો?' બે વર્ષ પછી એ પડોશીને ત્યાં જ એવો પ્રસંગ આવ્યો ત્યારે એ પણ પાછો રડવા માંડેલો. પેલો પડોશી કહે, 'ભાઇ, તમે તો મને શિખામણ આપવા આવ્યા હતા, પણ તમે શું કરો છો?' આપણા સંસારમાં આવું છે. ડાહી સાસરે જતી નથી, અને ઘેલીને શિખામણ આપવા બેસી જાય છે. પેલી બિચારી ઘેલી, ભક્તિભાવથી શિખામણ સાંભળે છે અને ભોળી છે માટે અનુસરે છે. પરિણામે ઘેલી સુખી થાય છે અને ડાહી હંમેશાં દુ:ખી થાય છે. આ શિખામણ આપવાનો વિષય નથી. આ જીવનમાં જેટલો બને એટલો ઉતારવાનો વિષય છે.

આપણા અનુભવ કહે છે કે, વિચાર કરવો તે એક બાબત છે, પરંતુ પ્રસંગ આવ્યે એને અમલમાં મૂકવાનું તો ભગવત્કૃપા વિના બનતું નથી. 'પ્રભુ જો કરે સો ભલી કરે' એમ માનીએ, તો પછી દુનિયામાં કોઇની ખટપટ નહીં રહે. કોઇનું મન મનાાવવાની જરૂર નહીં પડે. શું નહીં થાય, એની વ્યર્થ ઉપાધિ નહીં રહે. સદાયે મસ્ત આનંદમાં રહીને ડોલતા ફરતા રહીશું અને જે થશે એમાં કહીશું, 'પ્રભુ જો કરે સો ભલી કરે. મને તો આનંદ છે. જે છે તે આ દેહને છે, આત્માને શું? મારું મન તો પ્રભુ સાથે એકાકાર થઇ ગયું છે.'

શ્રીહરિરાયચરણે ષષ્ઠમ્ શિક્ષાપત્રના અંતમાં આજ્ઞા કરી કે આપણા પુષ્ટિ પ્રભુ પોતાના શરણે આવેલા જીવોનું અલૌકિક અનિષ્ટ ક્યારેય થવા દેવાના નથી અને અલૌકિક ઈષ્ટ પ્રાપ્તિમાં જે અલૌકિક અનિષ્ટો આવતાં હશે, તે પહેલી નજરે ભલે મીઠાં મધ જેવાં લાગતાં હોય, પણ જેનુ પરિણામ દુ:ખદ-વિષમય હશે, એવા જે લૌકિકને ઇષ્ટ માનીએ છીએ, એની સર્વથા પ્રાપ્તિ થવા દેવાના નથી. પ્રભુ જેમ રાખે તેમ રહેવું. માટે ભગવદીયોએ ગાયું કે, ''કૃપા એક લાલનજાુકી ચહિયે'' જો લાલનની કૃપાનું એક બિંદુ પ્રાપ્ત થઇ જાય, તો પછી બીજાું કંઇ જરૂરી નથી. દયારામભાઇ કહે છે કે, એક વખત પ્રભુ કૃપા કરીને એમ કહી દે કે 'તું મારો છે' તો મારે બીજાું કંઇ જોઇતું નથી. એક વાર પ્રસન્નમુખથી કહી દે કે દયા તું મારો છે, એટલે પછી આ જીવનમાં ગમે તેવા પ્રતિબંધો આવશે તો પણ આપના કૃપાબળથી એ ઝંઝાવાતો જીરવી જઇશ, એને પાર કરી જઇશ.

પુષ્ટિમાર્ગીય ભગવદીયો જે કંઇ બાહ્ય પ્રવૃત્તિ કરે છે, લૌકિકમાં જે રત દેખાય છે, એ બીજાઓને બતાવવા માટેની એક આડ છે. એ સાચી પ્રવૃત્તિ છે એમ માનશો

નહીં. તેઓ હૃદયમાં કદીયે પ્રભુ કરે છે એમાં મારું ઈષ્ટ નથી, એવું માનતા જ નથી, માટે કાપટય ભાવથી લૌકિક-વૈદિક કાર્યો જે કંઇ કરવાં પડે, તે ભલે કરીએ; પણ દરેક કાર્યના પરિણામમાં અહંકાર ન લાવતાં, દુઃખ ન કરતાં, 'પ્રભુ જો કરે સો ભલી કરે' એ જ ભાવના સેવવી.

આમ, ષષ્ઠમ્ શિક્ષાપત્રના પંદર શ્લોકમાં શ્રીહરિરાયજી પોતાના ભ્રાતૃચરણ શ્રીગોપેશ્વરજીને એમનાં વહુજી મહારાજના લીલાપ્રવેશના વિષાયિત સમાચાર સાંભળીને એમના દ્વારા આપણા સૌ પુષ્ટિસ્થ જીવોને જીવનમાં આવતા લૌકિક કે અલૌકિક પ્રસંગ કેવી રીતે ભગવદ્ ઈચ્છા અને કૃપા માનીને ધૈર્ય ધારણ કરી ટકવું, જીવવું, હૃદયને એ કલેશમાં ન ખેંચતાં અલૌકિક પ્રભુના સ્વરૂપના ભાવનમાં આરક્ત અને આસક્ત રાખવું, એનો સુંદર અલૌકિક પ્રકાર બતાવ્યો. એમની કૃપાથી આપશ્રીની આ આજ્ઞા જો આપણા હૃદયમાં સદાય ધારણ થઈ જાય, તો મને લાગે છે કે જીવનના આ બાહ્ય સંઘર્ષોની વચ્ચે પણ આસકરણજીની જેમ યુદ્ધના મેદાન વચ્ચે પણ પ્રભુનાં સેવા-ભાવન અને સ્મરણભાવન આપણે સ્વસ્થ અને પ્રસન્નચિત્તે શ્રીમહાપ્રભુજીના દૃઢાશ્રયથી, એમની કૃપાથી કરી શકીશું એ નિર્વિવાદ છે.

શિક્ષાપત્ર-૬ : સારાંશ

શ્લોક સંખ્યા : ૧૫

વિષય : ધૈર્યનું રક્ષણ અને જીવોના ભેદ.

પ્રભુની ત્રણ પ્રકારની ઈચ્છા છે : (૧) મૂળ (૨) વેદ (૩) સ્વ. તેમાંથી ત્રણ પ્રકારના જીવો પ્રગટ થયા (૧) પુષ્ટિ (૨) મર્યાદા (૩) પ્રવાહી.

પ્રભુ ભક્તના અનિષ્ટને દૂર કરવા સદા તત્પર છે. ભક્ત સ્વભાવે બાળક જેવો છે. તે પોતાનું હિત સમજતો નથી, પરંતુ પ્રભુ ભકતના હિતને જાણે છે, તેથી પ્રભુ ભકતને લૌકિક અને વૈદિક કાર્યોમાં કદી સ્વસ્થતા આપતા નથી.

●

શિક્ષાપત્ર સાતમું

સદા શ્રીગોકુલાધીશઃ સ્મર્ત્તવ્યઃ સર્વથા જનૈઃ ।
તદીયૈર્મિલિતૈઃ સર્વદોષચિંતાવિવર્જિતૈઃ ॥૧॥

દોષ અને ચિંતારહિત હોય તેવા ભગવદીયોની સાથે મળવું અને સદા શ્રીગોકુળનાથજીનું સ્મરણ કરવું. (૧)

ન લૌકિક મતિઃ કાર્યા ભગવદ્‌ભાવબાધિકા ।
લૌકિકં વૈદિકં ચાપિ સ્વયં સાધયિતા પ્રભુઃ ॥૨॥

તેવા ભગવદીયોમાં ભગવદ્‌ભાવને બાધ કરે તેવી લૌકિક મતિ કરવી નહિ. ભગવદીયોનું લૌકિક અને વૈદિક તો પ્રભુ પોતે જ સિદ્ધ કરે છે. (૨)

ઈદાનીમીદશઃ કાલઃ પ્રતિકૂલઃ સમાગતઃ ।
યથાકથંચિત્ સ્વમનઃ સ્થાપનીયં પદાબ્જયોઃ ॥૩॥

હાલમાં, વિપરીત કાળ આવ્યો છે. આપણે આપણા મનને જેમ તેમ કરી શ્રીઠાકોરજીનાં ચરણકમળમાં સ્થાપન કરવું જોઇએ. (૩)

સેવાયાં ચ મનઃ સ્થાપ્યં તત્સાધકતયૈવ હિ ।
ગાર્હસ્થ્યાર્થં વિવાહેઽપિ પ્રયત્નઃ ક્રિયતાં દ્રુતમ્ ॥૪॥

મનને સેવામાં સ્થાપવું. ગૃહસ્થાશ્રમને સેવાની સાધકતા માટે સ્વીકારવાનો હોવાથી વિવાહ વાસ્તે પણ જલદી પ્રયત્ન કરવો. (૪)

ન ભવેત્ પ્રાયશો ભોગે તદીયાનાં કવચિન્મનઃ ।
તથાપિ ચેદ્‌ભવેદ્‌ભોગો નિવાર્યઃ સર્વથૈવ હિ ॥૫॥

જેઓ ભગવદીય છે, તેમનું મને મોટે ભાગે ભોગમાં હોતું નથી; આમ છતાં, કદાપિ જો ભોગેચ્છા થાય તો સર્વથા તેનું નિવારણ કરવું. (૫)

ભાવોઽત્ર સાધનં માર્ગે પ્રમેયં ભગવાન્ હિ સઃ ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ સ એવ ચ ફલં પુનઃ ॥૬॥

આ માર્ગમાં ભાવ જ સાધન છે; પ્રમેય ભગવાન છે. શરૂઆતમાં શ્રીકૃષ્ણની સેવા સાધનરૂપ છે, પછી તે જે કૃષ્ણ ફળરૂપ થાય છે. (૬)

તસ્માત્ સ એવ સંરક્ષ્યો નિધિરૂપસ્તુ સર્વથા ।
એતદ્વિરુદ્ધં તત્સર્વં જ્ઞાત્વા જ્ઞાત્વા નિવર્ત્તયેત્ ॥૭॥

આ ભગવદ્‌ભાવ જ નિધિરૂપ છે, માટે સર્વથા તેનું રક્ષણ કરવું. જે કાંઇ તેની વિરુદ્ધ હોય તેનો ત્યાગ કરવો. (૭)

શિક્ષાપત્ર સાતમું

શ્રીહરિરાયપ્રભુ વિરચિત સાતમા શિક્ષાપત્રનું હવે આપણે ભાવન કરવાનું છે. છઠ્ઠા શિક્ષાપત્રમાં આપણે જોઇ ગયા કે શ્રીહરિરાયચરણે આપણને જીવનમાં આવતાં દુઃખોના પ્રસંગે મન મક્કમ રાખી, દુઃખને પણ પ્રભુનો અનુગ્રહ માની, હૃદયને દુઃખનો સ્પર્શ કરાવ્યા વિના સેવા સ્મરણમાં મનને જોડેલું રાખવાની ખૂબ સુંદર આજ્ઞા કરી હતી.

એના જ અનુસંધાનમાં આ સાતમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આપણને એક નવી વાત શીખવે છે. જીવનમાં જો આનંદ અને મંગલ જોઇતાં હોય, પૂર્ણ શાંતિ અને સ્વસ્થતા જોઇતાં હોય, તો જેમ સરોવરમાં કમળ રહે એમ આપણે આપણા ગૃહસ્થાશ્રમમાં પણ રહેવું જોઇએ. સરોવરમાં કમળ કેવી રીતે રહે છે? વિશાળ જળની છાલકો એને લાગતી હોય, તોય કમળની એક પણ પાંખડી એનાથી ભીંજાય નહીં. કમળ કોરું અને સૂકું રહે. સરોવરના સુંદર જળની જે શોભા છે, એની પણ એના ઉપર કોઇ અસર ન થાય. સરોવરના પાણીની છાલકો વાગવાનો જે દુઃખનો પ્રસંગ છે, એનીય કોઇ અસર ન થાય અને કમળ તો પોતાના હૃદયની શોભાને સૂર્યનાં કિરણોનો સામે પ્રગટાવીને નાચતું-કૂદતું સરોવરમાં રહે.

શ્રીહરિરાયચરણ આપણને આજ્ઞા કરે છે કે આપણું વૈષ્ણવી જીવન પણ આ કમળ જેવું કોમળ હોવું જોઇએ. એને માટે આપે ઉપાય બતાવ્યો છે કે લૌકિકાસકિતનો ત્યાગ કરો. ઘરબાર છોડીને ચાલ્યા જવું અથવા ઘરમાં રહેવા છતાં કુટુંબીજનો સાથે અબોલા લેવા કે કોઇક ઠેકાણે એકલા રહેવું એટલે લૌકિકાસકિતનો ત્યાગ થાય એવું નથી. આપણી લૌકિકમાં જે આસકિત છે, કુટુંબમાં તથા ધનસંપત્તિમાં; અરે, ઘરમાં અને આપણી જાતમાં પણ જે આસકિત છે, એનું કારણ આપણી ભૂલભરેલી માન્યતા છે. માણસ જયારે એમ માને છે કે આ વસ્તુ મારી છે, ત્યારે એમાં એને આસકિત જાગે છે. જો આ ઘડિયાળને હું મારી માનું તો એ ઘડિયાળમાં આસક્તિ થાય. એને હું સાચવવાનો પ્રયત્નો કરું. 'મારી છે, મારી છે' એમ કરીને હું રાખું અને તે ખોવાઇ જાય તો દુઃખી થાઉં. પણ છાપામાં સમાચાર આવે કે કાલે બજારમાં કોઇકની ઘડિયાળ ખોવાઇ ગઇ. તો તે સમાચાર સાંભળીને કોઇ જ ભાવ જન્મે નહીં; કારણ કે એ ઘડિયાળ મારી નહોતી, માટે આસકિત જન્મી નહીં.

શ્રીમહાપ્રભુજીએ આપણને સાચો રસ્તો બતાવ્યો કે દુનિયામાં જેને તું તારું માને છે, એમાંનું કશું જ તારું નથી. તું પોતે પણ તારો નથી, તારી જાતનો માલિક નથી; કારણ કે આખું જગત પ્રભુએ પ્રગટ કર્યું છે. જગતના સર્વે પદાર્થોના માલિક પ્રભુ છે. આપણે તો આપણને સોંપવામાં આવેલા પદાર્થોના ટ્રસ્ટી છીએ. અને જે હેતુ માટે ટ્રસ્ટ બનાવવામાં આવ્યું હોય, એ જ હેતુ માટે એ ટ્રસ્ટની રકમ ખર્ચાય એ જોવાની ટ્રસ્ટીની પવિત્ર ફરજ છે. દા.ત., ગૌશાળા બનાવવી હોય, તો એના ટ્રસ્ટની રકમ ગૌશાળાના ઉપયોગ માટે જ ખર્ચાવી જોઈએ. એ રકમ હોસ્પિટલ માટે કે ભણતા વિદ્યાર્થીઓ માટે ખર્ચાય તો તે વાજબી કહેવાય નહીં. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ શરીર, એની આ તાકાતવાળી ઈન્દ્રિયો, આ ઘર, આ શરીર, આ પૈસો, આ કુટુંબ આ બધી જે મિલકત છે એ પ્રભુની છે. એનું આપણે ટ્રસ્ટ બનાવ્યું છે. પ્રભુએ આપણને અપાર વિશ્વાસથી આ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે મૂકયા છે, માટે સઘળી સંપત્તિ પ્રભુ માટે વાપરવી જોઈએ. આપણા મોજશોખ માટે, આપણા જીવનના તુચ્છ વિષયાનંદ માટે એ પદાર્થો આપણાથી વાપરી શકાય નહીં; કારણ કે, એની માલિકી પ્રભુની છે. પ્રભુના સુખ માટે, પ્રભુની સેવા માટે જો સર્વ પદાર્થો વપરાય તો માનવું કે આપણી લૌકિક આસકિત છૂટી ગઇ છે. આવી લૌકિક આસકિત છોડી પ્રભુની સેવામાં આસક્તિ વધારવી એ આ સપ્તમ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આપણને બતાવે છે. અત્યાર સુધી આપણે મોટાં શિક્ષાપત્રો જોયાં; પણ આ બહુ નાનકડું શિક્ષાપત્ર છે. એમાં માત્ર સાત શ્લોક છે.

પ્રશ્ન થશે કે સાત શ્લોકનું શિક્ષાપત્ર કેમ હશે? આપણે જોઇ ગયા કે શ્રીગોપેશ્વરજીનાં પત્નીએ લીલાપ્રવેશ કર્યો, એના સમાચાર શ્રીહરિરાયચરણને પ્રાપ્ત થયા છે. આપ જાણે. છે કે શ્રીગોપેશ્વરજીનું મન લાંબા પત્રો વાંચવા માટે તત્પર ન હોય, માટે જ બહુ આવશ્યક છે, એમના મનને અત્યારે જે સાંત્વન આપી શકે તેમ છે, એવી બહુ મહત્ત્વની વાત ટૂંકાણમાં આ શિક્ષાપત્રમાં સમજાવે છે.

શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રનો પ્રારંભ પ્રભુસ્મરણથી કરે છે:

સદા શ્રીગોકુલાધીશઃ સ્મર્તવ્યઃ સર્વથા જનૈઃ ।
તદીયૈ ર્મિલિતૈઃ સર્વદોષચિંતા વિવર્જિતૈઃ ॥

- વૈષ્ણજનોએ હમેશાં શ્રીગોકુળના અધિપતિ એવા શ્રીગોપીજનવલ્લભનું સ્મરણ કરવું. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે અહીં શ્રીગોકુલાધીશ-શ્રીગોકુલનાથજી-શ્રીગોકુલેશ્વર એવું પદ કેમ વાપર્યું? 'ગોકુળ' શબ્દના ઘણા અર્થ થાય છે. 'ગો' નો સીધો અર્થ આપણે જાણીએ છીએ તે પ્રમાણે ગાય થાય. જયાં

ગાયોનો સમૂહ વિશેષ હોય, એ ગોકુળ કહેવાય. 'ગો' શબ્દનો બીજો અર્થ છે 'ઇન્દ્રિયો.' જયાં ઇન્દ્રિયોનો સમૂહ હોય, એકાદશ ઇન્દ્રિયો જયાં રહેતી હોય, એવો આપણો દેહ પણ ગોકુળ છે. જેમ ગોકુળમાં પ્રભુ બિરાજે છે, એમ જેની એકાદશ ઇન્દ્રિયો શુદ્ધ છે, પ્રભુ માટે પ્રેમવાળી છે, પ્રભુનાં સેવાસ્મરણમાં પરોવાયેલી છે, એવા ભક્તના દેહરૂપી ગોકુળમાં પ્રભુનાં સેવાસ્મરણમાં પરોવાયેલી છે, એવા ભકતના દેહરૂપી ગોકુળમાં પ્રભુ બિરાજે છે. ગાયો નિસ્સાધન જીવો છે. એ પ્રભુને મેળવવા માટે કોઇ સાધન કરી શકતી નથી, છતાં ગાયો ઉપર પ્રભુને પ્રેમ છે. પ્રભુએ ગાયો ઉપરનો પ્રેમ બતાવીને આપણને એમ સમજાવ્યું કે ગાયોની જેમ જીવ શુદ્ધ, પવિત્ર, પ્રભુની સેવામાં તત્પર અને નિર્દોષ બને, નિસ્સાધન બને ત્યારે પ્રભુ જરૂર એવા જીવ ઉપર કૃપા કરે છે અને નિસ્સાધન ભકતને પ્રાપ્ત થાય છે. માટે આપણું મન ગાયોના જેવું બનવું જોઇએ. પ્રભુના સુખનો વિચાર આપણે કરવો જોઇએ, પ્રભુનું સ્મરણ કરવું જોઇએ.

આપણે કહીએ કે અમે એકાન્તમાં એકલા બેસીને સ્મરણ કરીએ, તો ચાલે કે નહીં? શ્રીહરિરાયચરણ કહે છે કે ના. ભગવદીયો સાથે મળીને સ્મરણ કરો. અહીં ભગવદીયોનું બીજું લક્ષણ આપ્યું. આખાય શિક્ષાપત્રમાંથી ભગવદીયોનાં લક્ષણો એકત્ર કરી એની યાદી બનાવીએ તો બત્રીસ લક્ષણો થાય છે. શ્રીમહાપ્રભુજીના સેવક બત્રીસ લક્ષણા છે. અહીં એક લક્ષણ આપ્યું છે કે જેમને પ્રભુમાં દૃઢ શ્રદ્ધા છે, ''પ્રભુ જો કરે સો ભલી કરે.'' એવી દૃઢ ભક્તિ હોવાના કારણે જેમના હૃદયમાં કોઇ પણ જાતની ચિંતા નથી અને પરિણામે જેમના હૃદયમાં કોઇ પણ પ્રકારના દોષ પણ નથી; હૃદય શુદ્ધ, શાંત અને સ્વસ્થ તથા પ્રેમભાવથી પૂરિત છે, એવા અતિ શુદ્ધ હૃદયમાં હરહંમેશ ભગવલ્લીલાઓનું જે સ્મરણ કરે છે, એવા ભગવદીયો સાથે મળીને પ્રભુનું સદાકાળ સ્મરણ કરવું.

આપણને પ્રશ્ન થશે કે ભગવદીયો સાથે મળવાની શી જરૂર છે? પુસ્તકોમાં ઘણું બધું આપ્યું છે. અમને પણ ઘણી બધી ખબર છે. અમે એકાંતમાં સ્મરણ કરીએ તો? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ભગવદીયોની કૃપા વિના, ભગવદીયોના મુખેથી જે વાણી સાંભળવા મળી નથી, એવી વાણી જીવ પોતાના હૃદયમાં ધારણ કરી શકતો નથી. સાંભળેલી ભગવદ્વાણી પણ ભગવદીય અને ભગવાનની કૃપા થાય તો જ હૃદયમાં સચવાય છે. બાકી આપણે સાંભળીએ છીએ તો ઘણું. જેમના બધા વાળ ધોળા થયા છે, તેવાં વૃદ્ધ માતાઓને પૂછો કે કેટલાં વર્ષો સુધી એમણે ભગવદ્વાર્તા સાંભળી? એમાંથી કેટલું યાદ છે? તો મોટાભાગની માતાઓ કહેશે કે અમને કાંઇ જ

યાદ રહ્યું નથી. એક વાર કેટલાક વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીને ફરિયાદ કરી, મહારાજ, આપના કૃપાપાત્ર સેવક કૃષ્ણદાસ મેઘન સામાન્ય વૈષ્ણવો આગળ રહસ્યવાર્તાઓ પ્રગટ કરી દે છે. ઘણી અલૌકિક ભાવભાવનાઓ કહી દે છે. શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસને બોલાવીને પૂછ્યું, 'કૃષ્ણદાસ, શું આ સાચું છે? જે જીવો અધિકારી નથી, એમની આગળ તું રહસ્યવાર્તા કરે છે ?' કૃષ્ણદાસજીએ હાથ જોડી વિનંતી કરી, 'મહારાજ, મેં કઇ વાર્તાઓ કહી એ તો એ વૈષ્ણવને જ પૂછો. એમને યાદ છે?' ત્યારે યાદ રાખવા માટે પણ ભગવદીયો અને ભગવાનની કૃપાની જરૂર છે.

વિચાર કરજો કે વ્યવહારમાં પણ આપણને કઇ વાતો યાદ રહે છે અને કઇ વાતો ભૂલી જવાય છે? જે વાતોમાં બહુ પ્રેમ-આસક્તિ હોય એ યાદ રહે છે અને જેમાં કંટાળો આવતો હોય, એ ભૂલી જવાય છે. સ્ત્રીઓને પૂછીએ તો સામાન્ય રીતે દાગીના-કપડાંની વાતો તેમને બહુ યાદ રહે છે. પુરુષોને વેપાર અંગેની વાતો બહુ યાદ રહે છે. જેને જેમાં આસક્તિ છે એ યાદ રહે છે અને બાકીનું ભુલાઇ જવાય છે. માટે અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેમને પ્રભુમાં આસક્તિ થઇ છે, જેમના હૃદયમાં પ્રભુ બિરાજે છે, એવા ભગવદીયોના મુખેથી, એમની કૃપાથી ભગવદ્વાર્તા આપણે સાંભળવી જોઇએ. સાંભળવી એ પૂરતું નથી, પણ સાંભળ્યા પછી જેમ પશુઓ ચાવેલું અનાજ કે ઘાસ એકાંતમાં બેસી વાગોળે છે, એનું ચર્વણ કરે છે, એમ આપણે પણ જે ભગવત્કથાનો રસ પીધો છે એનું સ્મરણ-ચિંતન કરવું જોઇએ, એને વાગોળવું જોઇએ. એક વૈષ્ણવને બીજા એક ભગવદીયે કહ્યું કે તમે ભગવદ્વાર્તામાં કેમ નથી આવતા? ત્યાં તો અદ્ભુતરસની લહાણી થાય છે. પેલા સામાન્ય વૈષ્ણવ હતા. એમણે વિચાર કર્યો કે આ ઉનાળાની ઋતુમાં રસ પીરસાતો હોય, તો આપણે શું કરવા કેરી ખરીદવાની તકલીફમાં પડવું? ભગવદ્વાર્તામાં-મંડળીમાં જઇએ, ત્યાં રસ મળવાનો જ છે ને? એ તો ગયા. સૌથી છેવટે દરવાજા પાસે બેઠેલા. મનમાં એમ કે અત્યારે આમાં આપણે બહુ ધ્યાન આપવાની જરૂર નથી, છેવટે જયારે રસ આવશે ત્યારે બરાબર તૈયાર થઇ જઇશું. ભગવદ્વાર્તામાં એમને રસ ન પડયો, તેથી ઘડીક વારમાં બગાસાં આવે અને આંખ મીંચાઇ જાય. ઊંઘમાં એમનું મોં સહેજ ખુલ્લું રહી ગયેલું. ત્યાં એક ચારપગું આવ્યું ને એમના મુખમાં લઘુશંકા કરી ગયું. એ ઝબકીને જાગ્યા. તે વખતે ભગવદ્વાર્તા પૂરી થઇ હતી. સૌ ઊઠવાની તૈયારીમાં હતાં. એમને થયું કે રસ કંઇક બગડી ગયો લાગે છે. રસ પીરસાયો તો ખરો, પણ તે ખારો ખારો આવ્યો, મીઠો ન આવ્યો. આપણે ભગવદ્વાર્તામાં જઇએ છીએ ત્યારે આપણને રસ આવો ખારો લાગે છે; કારણ કે

પ્રેમપૂર્વક, હૃદયના ભાવપૂર્વક, આનંદપૂર્વક આપણે વાર્તાનું શ્રવણ કરતા નથી. માટે શ્રીપ્રભુનું સ્મરણ ભગવદીયો સાથે મળીને પ્રેમપૂર્વક કરવું જોઇએ. શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે ભગવદીયોનો સંગ થાય ત્યાં સુધી જીવના દોષ છૂટતા નથી. ભગવદીયોની કૃપાથી જ જીવ ભગવત્સેવા અને સ્મરણને લાયક બને છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સેવા અને સ્મરણનું ચિંતન જયારે ભગવદીયો સાથે મળીને કરીએ ત્યારે એમાં લૌકિક ભાવ વિચારવો નહીં. ભગવત્સ્વરૂપમાં, ભગવલ્લીલાઓમાં, અને પ્રભુના દિવ્ય ધર્મોમાં કદીયે લૌકિક ભાવનો વિચાર કરવો જોઇએ નહીં. પ્રભુમાં જો લૌકિક ભાવ લાવીએ તો બહુ મોટો અપરાધ લાગે. અલૌકિક વસ્તુઓ અને ભગવત્સેવોપયોગી સર્વ પદાર્થોને ભગવત્સ્વરૂપાત્મક જાણવા. એ સર્વ પદાર્થોરૂપે ચારેય સ્વામિનીજી પોતાના યૂથનાં વ્રજભક્તો સહિત પ્રભુના સુખ માટે તત્પર છે, એટલો ભાવ વિચારીને એ સર્વ પદાર્થોમાં ભગવદ્ભાવના કરવી જોઇએ. શ્રીહરિરાયજી પોતાના એક બીજા ગ્રંથમાં ભાવનાવનાનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરે છે કે અલૌકિક પદાર્થોમાં લૌકિક ભાવના ન કરવી, પણ લૌકિક પદાર્થોમાં અલૌકિક ભાવના કરી શકાય. દા.ત., આપણે કયાંક ગયા છીએ અને સુંદર નદીનાં દર્શન થતાં શ્રીયમુનાજીનું સ્મરણ થઇ આવે, તો લૌકિક નદીમાં અલૌકિક સ્વરૂપનું સ્મરણ થયું, પણ શ્રીયમુનાજીનાં દર્શન કરતાં આપણા ગામના પાદરે વહેતી નદીનું સ્મરણ થાય, તો એ અલૌકિકમાં લૌકિક ભાવના થઇ એમ કહેવાય.

આજકાલ વૈષ્ણવો મંદિરમાં એમ કહે છે કે, ભાઇ અમે આ રકમ સામગ્રીમાં આપીએ છીએ, એમાંથી અમુક સામગ્રી ઠાકોરજીને આરોગાવજો અને પછી એ અમારે ત્યાં મોકલજો; કારણ કે તે અમને બહુ ભાવે છે. અલૌકિક પ્રભુને સામગ્રી આરોગવવામાં પોતાની વાસના કરવી એ મહાન અપરાધ છે. આપણે ત્યાં પ્રભુના સુખનો વિચાર તત્સુખની ભાવના એ જ કર્તવ્ય છે. માટે તો શ્રીકૃષ્ણ ભટ્ટજીએ શ્રીનાથજીની સેવા કરતાં, ચરણસ્પર્શનોય આગ્રહ નથી રાખ્યો; કારણ કે એમાં મારું સુખ છે; શ્રીજીબાવાને શું સુખ? એમ શ્રીકૃષ્ણભટ્ટજી કહે છે. અલૌકિક વસ્તુમાં કદીયે લૌકિક ભાવ ન લાવવો અને જો એ લાવવામાં આવે તો હૃદયમાં કદી ભગવદ્ભાવ પ્રગટ થતો નથી. વ્રજમાં જઇને શ્રીગિરિરાજજીનાં દર્શન કરીએ, અને મનમાં જો લૌકિક ભાવ આવે કે દુનિયામાં બીજા પર્વતો છે, એમ આ પણ એક પર્વત છે, તો શ્રીગિરિરાજજીનાં દર્શનનું જે અલૌકિક ફળ પ્રાપ્ત થવાનું છે એ તો નથી જ થતું, પણ ભગવત્સ્વરૂપમાં લૌકિક ભાવના કર્યાનો અપરાધ પણ લાગે છે. અરે,

શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઇજીએ વાસુદેવદાસ છકડાને ત્યાં સુધીની આજ્ઞા કરી હતી કે સોનામહોરો લઇ જવા માટે ભલે શાલિગ્રામજીના આકારનો લાખનો ગોળો બનાવ્યો, અને લોકો એને શાલિગ્રામજી માને એટલે ટીલાંટપકાં કર્યા, પણ રૂપ તો ભગવત્‌સ્વરૂપનું આપ્યું ને ? બીજાના દેખાવ માટે પણ ભાવના તો ભગવત્‌સ્વરૂપની કરી ને? પછી એનું ખંડન કરવું એ બરાબર નથી.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, આપણાં લૌકિક-વૈદિક કાર્યો પ્રભુ કરવાના છે એવો પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખીને જીવવાની જરૂર છે. અત્યારે જે સમયમાં આપણે બધા જીવીએ છીએ એ સમય ભગવત્‌સેવા અને સ્મરણ કરવા માટે બહુ પ્રતિકૂળ સમય છે. માટે આપણે જોઇએ છીએ કે બધા વૈષ્ણવો શ્રીઠાકોરજીની સુંદર રીતે, ઉત્તમોત્તમ રીતે સેવા-સ્મરણ કરી શકતા નથી. એટલે જો કાળદોષ નડતો હોય તો શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળમાં જે કોઇ રીતે બની આવે તે રીતે આપણું મન લગાડી દેવું. શ્રીમહાપ્રભુજી સિવાય આપણું બીજું કોઇ નથી, કેવળ શ્રીમહાપ્રભુજી જ આપણા છે અને એ દાનદક્ષ છે. જે કોઇ ભકત દીનતા અને પ્રેમથી શ્રીમહાપ્રભુજીનું કીર્તન અને સ્મરણ કરે છે, એ ભકતોના પોતાના મુખે ગવાતા યશોગાનનું શ્રવણ કરીને શ્રીમહાપ્રભુજીના હૃદયરૂપી કમળ વિકસિત થાય છે, એવા શ્રીવલ્લભનાં ચરણારવિંદમાં આપણે આપણું મન સ્થાપી દેવા જેવું છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીવલ્લભનાં ચરણારવિંદમાં મન સ્થપાય, એના માટે સુયોગ્ય સત્સંગ બહુ જરૂરી છે.

પ્રાચીન ભગવદીયો આજ્ઞા કરતા કે મહાપ્રસાદ લેવડાવતી વખતે એ વૈષ્ણવ છે કે નહીં એનો વિચાર ન કરીએ તો ચાલે. પ્રાણીમાત્રને મહાપ્રસાદ લેવડાવવાનો આનંદ લેવો, પણ સત્સંગ કરવાનો હોય ત્યારે એ વૈષ્ણવની પૂરીપૂરી કસોટી થવી જોઇએ. આજે સત્સંગ માટે આપણને પ્રાપ્ત થતા કહેવાતા ભગવદીયો કેવા છે? કેમ એમનો સત્સંગ આપણાં હૃદય ભીંજવતો નથી? કારણ કે ઉપરથી બહુ સુંદર ભગવદ્‌વાર્તા લાગતી હોવા છતાં વાર્તા કરનાર વૈષ્ણવના હૃદયમાં પોતાનું પેટ ભરવાના સ્વાર્થનો વિચાર હોય છે. તે પોતાના સુખની કામનાઓ લઇને આવ્યો હોય છે; પરિણામે લૌકિક વાસનાઓથી સભર એવા વૈષ્ણવ હૃદયથી નહીં, કેવળ વાણીથી બોલે છે. આવી વાણી આપણને સત્સંગ નહિ, દુઃસંગ કરાવે છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે એનાથી ફળસિદ્ધિ થતી નથી. શ્રીહરિરાયજી એમને ‘વંચક’ કહે છે. ભોળા વૈષ્ણવો પોતાના સ્વાર્થ માટે સિદ્ધાંતોને બદલે અસિદ્ધાંતોનું સમર્થન કરતા હોય છે, શ્રીમહાપ્રભુજીની વાણીને વિકૃત બનાવતા હોય છે. કયારેક તો એમ કહેવામાં આવે કે શ્રીગુસાંઇજી, શ્રીહરિરાયજીએ કહેલું જાણવાની આપણે

કંઇ જરૂર નથી. મારા હૃદયમાં શ્રીમહાપ્રભુજી બિરાજયા છે અને હું જે કહું તે શ્રીમહાપ્રભુજી કહે છે એમ માની લેવું. આવા વૈષ્ણવોનો સંગ એ સદાકાળ દુઃસંગ બને છે, આપણા હૃદયભાવને બાધક બને છે.

માટે શ્રીહરિરાયજીએ કોનો સત્સંગ કરવો એની વ્યાખ્યા કરી છેઃ જેને પ્રભુમાં એટલો બધો પ્રેમ છે કે કોઇ પણ લૌકિક સ્વાર્થ વિના કેવળ ભગવદ્‌ગુણગાનનો આનંદ લેવા 'સ્વાન્તઃ સુખાય' જે લીલાગાન ગાય છે; જેના હૃદયમાં વૈરાગ્ય છે, પરિતોષ છે, જેને કોઇ લૌકિક વિષયવાસના નથી, નિરપેક્ષ રીતે જે વાર્તા કરે છે, એના મુખથી ભગવદ્‌વાર્તા સાંભળવી. પદ્મનાભદાસજીને શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે કર્તવ્ય પછી પૂછ, પહેલાં તારું અકર્તવ્ય શું છે તેનો વિચાર કર. ઉદરનિર્વાહ અર્થે શ્રીમદ્‌ ભાગવતનું સેવન કરવું એ મોટામાં મોટો અપરાધ છે. ભગવન્નામ-સ્વરૂપને વેચવું એ ભગવાનને વેચવા બરાબર છે. પ્રાણ કંઠે આવી ગયા હોય તોપણ ભલે બીજું ગમે તે કરો, શ્રીમદ્‌ ભાગવતની વૃત્તિથી પેટ ભરશો નહીં. જે વાત શ્રીમદ્‌ ભાગવત માટે કહી છે, એ વાત શ્રીમહાપ્રભુજીની વાણી માટે પણ સાચી છે. આ નાનકડા પેટનો ખાડો ન પુરાય તો એને કોશ મારીને ફોડી નાખવું બહેતર છે, પણ પેટ ભરવા ખાતર ભગવદ્‌વાર્તાનો વેપાર તો ન જ કરવો. એના જેવો અપરાધ બીજો કોઇ નથી. માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે બહુ સમજપૂર્વક ભગવદીયો સાથે મળી તમારું મન તમે સત્સંગમાં, પ્રભુના સ્મરણમાં લગાડો.

જેનું સ્મરણ કરવાનો એક વાર આનંદ આવ્યો, જેના દર્શનથી મન પ્રફુલ્લિત થાય, તેની સેવામાં પણ સવિશેષ આનંદ આવે. પરંતુ આજે આપણી સ્થિતિ ઊલટી થઇ છે. સગપણ થયેલી કન્યાને આજથી થોડા વર્ષો પહેલાં શ્વસુરગૃહ જઇને પતિની સેવા કરવાનો અધિકાર ન હતો, શ્રીહરિરાયચરણના સમયની આ વાત છે. ત્યારે એ કન્યા કયાંક અલપઝલપ પોતાના થનાર પતિના મુખની ઝાંખી કરી લે કે બીજાઓ પાસેથી થનાર પતિની વાતો સાંભળી, એનું સ્મરણ કરવાનો આનંદ મેળવે. પતિની સેવાનો અધિકાર હજુ તેને મળ્યો નથી. પણ અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ થયેલ લગ્ન બાદ શ્વસુરવાસ સ્વીકાર્યો એટલે હવે એ કન્યાની પહેલી ફરજ બને છે પતિની સેવા કરવાની, પતિ ઘરમાં ન હોય ત્યારે એનું સ્મરણ કરવાની. આજે સ્થિતિ બદલાઇ ગઇ.

એક યુવતી પરણીને સાસરે આવી. પતિ સાથે એકલી એ ઘરમાં રહે છે. એણે પરણ્યાની પહેલી રાતે જ પતિદેવને કહી દીધું કે તમને જોયા ત્યારથી તમારા ઉપર એટલો બધો પ્રેમ છે કે હું મારા બાપાને ત્યાં પણ તમારા નામની ૧૦૮ માળા

ફેરવ્યા પછી જ ચા પીતી. એમાં મને બહુ આનંદ આવે છે, એટલે હું આવતી કાલે મારા શયનખંડમાં તમારો ફોટો મૂકી, સવારે ઊઠીને નાહ્યા પછી તમારા ફોટાને ફૂલનો હાર પહેરાવી, સામે બેસીને તમારા નામની માળા જપ્યા કરીશ. તમારે ઊઠવું હોય ત્યારે ઊઠજો, જેમ કરવું હોય તેમ કરજો, રસોઇ પણ આવડતી હોય તો બનાવી લેજો, નહીંતર બહાર જમી લેજો. તમારી સેવા કરવામાં મને કંઇ રસ નથી પડવાનો, મને તો તમારા નામનું સ્મરણ કરવામાં જ આનંદ આવે છે. કહો તો તમારા નામની સેવા કરું, પણ તમારી સેવા કરવામાં મને જરાયે રસ નથી. પતિ સાંભળી રહ્યો. સાંભળ્યા પછી એણે શું કર્યું હશે એની આપણને ખબર નથી. એને ઘરમાં રાખી હશે કે રાત્રે બાર વાગ્યે ઘરમાંથી કાઢી મૂકી હશે એ પણ આપણે જાણતા નથી.

પણ પ્રભુ સાથે આપણો વ્યવહાર આવો જ છે. ભગવદ્દ્રૂપની સેવા માટે ભૂતળ ઉપર શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ કરાવી પ્રભુ સાથે આપણો અંગીકાર કરાવી આપ્યો. જો પ્રભુનું નામસ્મરણ જ કરવું છે તો અષ્ટાઅક્ષર મંત્રની દીક્ષા પૂરતી છે. જેને સેવા કરવી છે એને માટે બ્રહ્મસંબંધની આવશ્યકતા છે. પણ બ્રહ્મસંબંધ લીધા પછી આપણે રોજ માળાઓ ફેરવ્યા કરીશ. તેમ હવે નિરાંતે શ્રીમહાપ્રભુજીને ત્યાં જજો કે જ્યાં ફાવે ત્યાં જજો. આ ઘરમાં તમારે માટે સ્થાન નથી. હા, તમારા નામ માટે જરૂર સ્થાન છે. કહો તો તમારા નામની એક તકતી કોતરીને લગાવું અને રોજ એનો પાઠ કરું, પણ તમારું સ્થાન નથી. જેમના ઘરમાં પ્રભુને માટે સ્થાન નથી, જેમના હૃદયમાં પ્રભુની સેવા અને પ્રભુના પ્રેમનો કોઇ આગ્રહ નથી, તેઓ કેવળ નામસ્મરણ દ્વારા શું મેળવશે?

ગયા વરસે મુંબઇમાં 'ઇસ્કોન' જોવા જવાનો અવસર મળેલો. ત્યાંના મુખ્ય સ્વામીજી સાથે થોડીક વાત થતા મેં એક પ્રશ્ન કરેલો કે તમે નામસંકીર્તન કરો છો. એ માટે તમારી અમેરિકાની સમૃદ્ધિ, તમારું કુટુંબજીવન એ બધું મૂકીને તમે સંન્યાસી બનીને આવ્યા છો. માનસિક શાંતિની શોધમાં, સાચું સુખ મેળવવા માટે આવ્યા છો, તે આ નામસંકીર્તનથી તમને તે પ્રાપ્ત થાય છે ખરું? મારી સામે એક મિનિટ જોઇ રહ્યા પછી મને કહે, 'મારે તમને સાચું કહેવું પડશે?' મેં કહ્યું, 'તમે પ્રભુની સામે, મંદિરમાં ઊભા છો. તમારાથી અસત્ય કેમ બોલાય?' એમણે કહ્યું, 'સાચી વાત એ છે કે પ્રભુનું નામસંકીર્તન કરીએ એટલી વાર આનંદ આવે છે, પણ નામસંકીર્તન પૂરું થાય, એટલે પાછું હૃદય કલેશમય બને છે.' એમની આ વાત સાંભળી ત્યારે શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત આપની કૃપાથી મને તરત સમજાયો કે એકલું નામ-સ્મરણ અધૂરું છે. જયારે એની સાથે ભગવત્સેવા જોડાય છે, ત્યારે જ હૃદયને સદાકાળ માટે

ટકી શકે એવો અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે, અને પછી તે કયારેક જતો નથી; કારણ કે એ ભક્તનું આખું જીવન સેવામય બની જતું હોય છે. પરિણામે, પ્રભુનો આનંદ એના હૃદયને ભરી દે છે.

એક બીજો યે શબ્દ હજી મને નથી સમજાતો. નામનું સ્મરણ થાય, પણ નામની સેવા કેવી રીતે થાય? સેવા તો રૂપની થાય, સ્વરૂપની થાય. નામસેવા જેવો શબ્દપ્રયોગ શ્રીપુરુષોત્તમજી સુધી કોઇએ કર્યો હોય, એવું મારા ખ્યાલમાં નથી. નામસેવા તો છેલ્લાં દશ-પંદર વર્ષમાં પ્રચલિત થયેલો શબ્દ છે. તે આપણી વણિકવૃત્તિનું કારણ છે. માટે તો તો ચોર્યાશી વૈષ્ણવોમાં એક પણ મુખ્ય વૈષ્ણવ વણિક નથી. શોધવું હોય તો શોધી લેજો. એક સહાયક વૈષ્ણવ માત્ર વણિક છે, શ્રીકલ્યાણરાયજી જેમના માથે બિરાજતા એ બાબા વેણુનો ખવાસ જાદવદાસ વણિક છે.

મારી અલ્પબુદ્ધિથી એમ લાગે છે કે ભક્તિ અને પ્રેમ એ તો આપણા હૃદયની ત્યાગભાવનાની કસોટી કરે છે. જે પોતાનું બધું જ આપી દે અને સામે કંઇ લેવા ઇચ્છે નહીં, તે જ સાચો પ્રેમ કરી શકે. પ્રેમનો લાડુ વાતો કરવાના પોચટ પાણીથી કદી બંધાતો નથી. રોજ આપણે દર્શન કરીએ અને કહીએ કે ''હે પ્રભુ! મને તમારા ઉપર ખૂબ પ્રેમ છે. તમે મારા હૈયાના હાર છો, તમે મારા હૃદયમાં બિરાજો છો, તમારા સિવાય મારું કોઇ નથી.'' મંદિરમાં તમે સાંભળતા હશો, ઘણા વૈષ્ણવો આમ બોલતા હોય છે. ઘેર પણ આપણે મિસરીભોગ ધરીને આમ બોલતા હોઇએ છીએ. એ મિસરીભોગ ધરતાં ધરતાં ઘરમાં વહુને કહીએ છીએ કે આજ મહેમાન આવવાના છે, શ્રીખંડ-પૂરી બનાવજો. મનમાં વિચારીએ પણ ખરા કે આજ મહેમાન સાથે આપણને પણ શ્રીખંડ-પૂરીનું ભોજન કરવાનો આનંદ આવશે અને તે વખતે પેલા 'હૈયાના હાર'ને ભૂલી ગયા! એમને મિસરીની બે ટૂક ધરીને કહી દીધું: તમે મારા હૈયાના હાર છો. દીકરાનું લગ્ન આવ્યું હોય ત્યારે આપણે સોનાનો નવો સેટ બનાવીએ. મનમાં કહીએ કે મારા વહાલાને તો કાંઇ જોઇતું નથી, એ તો ભાવનાનો ભૂખ્યો છે. એક ગુંજાની માળા ધરીએ એટલે આખો શૃંગાર થઇ જાય.

આપણને આવું બોલવાનું બહુ ફાવી ગયું છે. પ્રભુ માટે કશું નહીં, અમારા માટે સર્વ કંઇ. જયાં સુધી આ વૃત્તિ હોય, ત્યાં સુધી વાતો કરવાનું પોચટ પાણી છે, પ્રેમ નથી. પ્રેમમાં તો જોઇએ છે ખપી જવાની પાકી તાવણનું ઘી. જે આપણા પ્રેમાસ્પદ છે, જેને માટે આપણું સર્વસ્વ ન્યોછાવર કરી દઇએ, તેને માટે એ કરી બતાવ્યું કુંભનદાસજીના પુત્ર કૃષ્ણદાસજીએ. ગાયોની સેવા કરતાં શ્રીનાથજીની

ગાયને બચાવવા સિંહના મુખમાં પોતાનું મોઢું મૂકી દીધું. પ્રાણ ગુમાવી દીધા! આપણે તો કહીએ કે ના બા, જાત સાચવો. જાત હશે તો સેવા થશે. જયાં સુધી સારું-સસ્તું-નમતું અને ઉધાર શોધવાની આવી વૃત્તિ હશે ત્યાં સુધી ભલે બીજાું બધું થશે, પણ હૃદયના સર્વોચ્ચ પ્રેમપૂર્વક, ભાવપૂર્વક સેવા તો નહીં જ થાય. ભગવત્સેવા તો ત્યારે જ થાય કે જીવ જયારે પોતાનાં દેહ-પ્રાણ-ઈન્દ્રિય કે કુટુંબ એમ કશાનો વિચાર કર્યા વિના કેવળ પોતાના લાડીલાને કેમ વધુ ને વધુ સુખ પહોંચે એને માટે જ સદા તત્પર હોય! આપણે સૌ બુદ્ધિથી વિચારીએ છીએ. પ્રેમથી આચરતા નથી. પરિણામે પ્રેમ જોવા મળતો નથી.

એક વૈષ્ણવને ત્યાં જવાનું થયેલું. એમનું મકાન જાણે આરસપહાણનો મહેલ હોય એવું ઘેર ભારે જાહોજલાલી. એમના ત્યાં ઠાકોરજી કયાં બિરાજતા હતા, તે જાણો છો? સીડી ચડીએ એની નીચે જે ભંડકિયું બને એમાં પ્રભુ બિરાજતા હતા. એવા અંધારામાં, જયાં હવા કે પ્રકાશ આવે નહિ, ઘરનો નોકર પણ જયાં ન રહે ત્યાં. નવો બંગલો બનાવીએ ત્યારે મોટી મૂંઝવણ થાય કે આ ડ્રોઈગ રૂમમાં ઠાકોરજીને ન રખાય. બેડરૂમમાં તો રખાય જ નહીં. ત્યાં તો પ્રાઈવસી (ગુપ્ત એકાંત) જોઈએ. રસોડામાં ફાવે નહીં. ઘરમાં બીજી કોઈ જગ્યા નથી. કયાં રાખીશું? તો રાખો સ્ટોર રૂમમાં, એક લગેજ વધારે! એક વાર વૈષ્ણવો સાથે નાથદ્વારા જવાનું થયું. વહેલી સવારે બસ ઊભી રહી મોતીમહેલ પાસે. સૌ ઊતરવા માંડયાં. મંગળાનાં દર્શનની ખબર પડી એટલે એક મરજાદી બહેન સાથે હતાં તે ઠાકોરજી પધરાવીને આવેલાં; એમણે પહેલાં પેટી બહાર ફેંકી, એના ઉપર બિસ્તરો ફેંકયો અને ઝટ કરતાં ઝાંપીજી પધરાવીને ભાગ્યાં દર્શન કરવા. આવીને કહેવા લાગ્યાં, 'શું શ્રીજીબાવાનાં અદ્‌ભુત દર્શન હતાં!' તમે શ્રીજીનાં દર્શન કર્યાં પણ તમારા લાડીલા લાલાનું શું થયું, તેની તમને ખબર છે? એને આમ રખડતો, રઝળતો મૂકીને નાઠાં હતાં! ત્યાં શું વધારે લાડવો હતો? આમ, વાતો કરવાના પોચટ પાણીનો આપણો પ્રેમ છે. પ્રભુ માટે ખપી જવાનું પાકી તાવણનું ઘી નથી.

મુંબઈ જેવા મોટા શહેરમાં એક સમૃદ્ધ વૈષ્ણવને ત્યાં જવાનું થયું. ત્યાં દર્શન કર્યાં, તો એમના ત્યાં જગ્યાનો કોઈ સંકોચ નથી. ધારે તો નાનકડા એરકંડીશન્ડ રૂમમાં પણ પ્રભુને પધરાવી શકે; પણ એમના ત્યાંય પ્રભુ બિરાજતા હતા એક નાનકડી બાથરૂમની ખોલીમાં! આવી હાલત જયાં સુધી આપણી હોય, ત્યાં સુધી સેવામાં મન કેમ સ્થિર થાય? આપણી સેવા બીજાને દેખાડવા માટેની પ્રદર્શનની વસ્તુ છે. હમણાં જ જાણવા મળ્યું કે એક નાનકડા ગામમાં એક વૈષ્ણવને ત્યાં પ્રભુની સેવા બહુ સુંદર

રીતે બિરાજે છે. મંદિરમાં હોય એટલી સમૃદ્ધિ હતી. એમણે એ ઠાકોરજી પોતાના ગામમાંથી સર્વ સમૃદ્ધિ સાથે પધરાવી દીધા શહેરમાં નવા થતાં મંદિરમાં, જયાં એમને નાહીને ચરણસ્પર્શ કરવાનોયે અધિકાર નથી રહ્યો. એમના એક સંબંધીને મેં પૂછયું કે આ ભાઈને આવી જરૂર કેમ પડી? ત્યારે કહે કે ગામમાં કોઈ વૈષ્ણવનાં ઘર રહ્યાં નહોતાં. કોઈ દર્શન કરવા આવતું નહોતું. એટલે એમણે મોટા શહેરમાં પધરાવી દીધા. તો શું ઠાકોરજી પ્રદર્શનમાં મૂકવાની ઢીંગલી છે કે બીજાં દર્શન કરવા આવે તો જ આપણે સેવા કરીએ? આપણા માથે બિરાજતા પ્રભુનાં દર્શન અવૈષ્ણવોને કરાવીએ તો એક વર્ષની સેવાનું ફળ જાય છે. આપણી સેવા એ ડ્રોઈંગ રૂમની બાબત નથી, શયનખંડની વાત છે. એમાં શયનખંડનો ભાવ છે. ત્યાં પતિ-પત્ની સિવાય બીજા કોઈનેય ડોકિયું કરવાનો અધિકાર નથી. સેવાનું સામૂહિક સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને કદીયે અભિપ્રેત નહોતું. એકાકી-એકાંત-સેવાની જ આપે આજ્ઞા કરી છે અને એકાંતમાં સેવા થાય તો જ સેવામાં આપણું મન ચોંટે. ''સા તુ એકાન્તિકા, ન તે સાર્વજનિકા.'' આ સેવા માટે જરૂર પડે લગ્નાદિ કાર્યો કરવાં, પણ ભાવના એ રાખીને કે પત્ની આવશે તો સેવામાં સહાયક થશે. પુત્રો હશે તો સેવામાં સહાયક થશે, વિષયવાસના ભોગવવા માટે લગ્નાદિ કાર્યો નહીં, પણ પ્રભુના સુખ માટે વિચારીને લગ્નાદિ કાર્ય કરવું, એમ શ્રી હરિરાયચરણ આજ્ઞા કરે છે.

આપ શ્રીગોપેશ્વરજીને આજ્ઞા કરે છે : હવે ફરીથી લગ્ન કરવા માટે જલદી મનને તૈયાર કરો; કારણ કે પ્રભુની સેવામાં સહાયક વિના, પ્રભુનું સુખ સંપૂર્ણ રીતે બની આવવાનું નથી. પણ સાથે સાથે આજ્ઞા કરી દીધી કે તમારા મનને ભોગમાં આસકત કરશો નહીં. માણસને પ્રસાદ અને પ્રમોદ એ બંનેમાં બહુ રુચિ છે, પણ એના મનને પ્રબુદ્ધ કરવામાં, ભગવત્‌સેવા માટે તત્પર બનાવવામાં રુચિ નથી. જે ઉત્તમ વંશપરંપરામાં ભગવદીયો જન્મ્યા તે કુળમાં આપણો જન્મ છે. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને બ્રહ્મસંબંધનું દાન કર્યું છે. સેવા-સ્મરણનો અધિકાર આપ્યો છે. અનુકૂળ વાતાવરણ આપ્યું છે, અનુકૂળ કુટુંબ આપ્યું છે, સાધન-સંપત્તિ આપી છે અને છતાંયે એ બધાનો ઉપયોગ પ્રભુનાં સેવાસ્મરણ જેવા ઉચ્ચમાં ઉચ્ચ અલૌકિક આનંદમાં ન થાય અને આ વિષયવાસનાના ગંદકીના ખાડામાં-પ્રમોદ અને પ્રમાદમાં આળોટવાનું મન થાય, ત્યારે આપણે કેવા દુષ્ટ લાગીએ!

એવો વિચાર વારંવાર થઈ આવે છે કે હું કેવો દુષ્ટ છું? નથી પ્રભુની સેવા થતી, નથી સ્મરણ થતું. નથી ભગવદ્‌વાર્તા થતી, નથી ભગવદીયોનો સંગ થતો, નથી શ્રીગુરુદેવનું સાન્નિધ્ય પ્રાપ્ત થતું. આખો દિવસ લૌકિકમાં, સિનેમા જોવામાં, હરવા-

ફરવામાં, લારી ઉપરના અનેક મલિન પદાર્થો પ્રેમથી ખાવામાં અને એથીયે કંઇ બાકી રહી જતું હોય તો વિષયવાસનામાં રગદોળાવામાં-તેને જીવનનું ઉચ્ચ ફળ માનીને પેલાં ભૂંડ જેવું મારું જીવન મેં બનાવી દીધું છે. આવું વિલાસી જીવન ભૂંડનું જીવન છે. ભૂંડને ગમે તેવી સુંદરતા આપો, પણ એને તો ગંદકીમાં આળોટવાનો અને ગંદા પદાર્થો ખાવામાં જ આનંદ આવે છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ જીવો બે બાબતમાં પરાયણ છે : એક જીભ ચલાવવામાં, ગમે તે ખાવામાં અને બીજું વિષયવાસના ભોગવવામાં. એને ભગવત્‌સેવામાં કે સ્મરણમાં તત્પરતા નથી. માટે શ્રીહરિરાયચરણ છેવટે આજ્ઞા કરે છે : મેં તમને સેવાસ્મરણનો સિદ્ધાંત બતાવ્યો, એ સિવાય બીજું કશું શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત નથી. આ સિવાયનું બીજું બધું શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત વિરુદ્ધનું છે. એને બરાબર જાણીને, ભગવદીયો સાથે મળીને બરાબર સમજી લેજો, વિચાર કરી લેજો અને છોડી દેજો.

આપણો અનુભવ છે કે દેખાદેખી એટલે કે વંશપરંપરાગત જે વૈષ્ણવ થાય છે અને સેવાસ્મરણ કરે છે, એ મોટાભાગે યંત્રવત્ કરે છે. જેમ બાપા કરતા એમ દીકરાએ કરવાનું. બાપાનું શરીર ભારે સ્થૂળ હતું અને નવવારિયું ધોતિયું લાવે તોય કાછડી નહોતી ખોસી શકાતી. દીકરાએ જોયું કે બાપા જયારે સેવા કરવા બેસતા, ત્યારે કાછડી ખોસેલી નહોતી રાખતા. એટલે પોતે સેવા કરવા બેસે ત્યારે કાછડી કાઢી નાખે, પેલાં માજીએ દાતણ ધર્યા; કારણ કે શ્રીગુસાંઇજી પધાર્યા છે અને શ્રીગુરુદેવ પાસે જવું છે. પ્રભુને ધરવા માટે ચમચો નથી. ગરમ સામગ્રી છે, એટલે દુઃખ સાથે દાતણ ધરીને ગયાં. પાછાં આવ્યાં ત્યારે જોડે એક વૈષ્ણવ આવ્યા, એમણે ભોગ ધરાવ્યા. વૈષ્ણવે ઠાકોરજીનાં દર્શન કર્યાં કે નહીં એનો વાર્તામાં કોઇ ઉલ્લેખ નથી, પણ મહાપ્રસાદના દર્શન કર્યાં કે એમાં દાતણ છે. પેલા વૈષ્ણવે એની બુદ્ધિ વાપરી. હવે સમજણ પડી કે આ માજીને ઠાકોરજી સાનુભવ જતાવે છે એનું કારણ શું? અત્યાર સુધી બોલતાં નહિ અને વાત ઉડાડી મૂકતાં. માજી ભારે પાક્કાં, પણ આજે પકડાઇ ગયું કે દાતણ ધરવાથી ઠાકોરજી એમને સાનુભવ જતાવે છે. આપણને સાનુભવ નથી જતાવતા; કારણ કે આપણે દાતણ ધર્યું નથી. પેલા કહે છે કે માજી એક દાતણ ધરે છે તો આપણે બે ધરીએ, જો પ્રભુ સાનુભવ જતાવતા હોય તો એણે બે દાતણ ધર્યાં. એના ત્યાં બીજા વૈષ્ણવ આવ્યા. એમણે આ જોયું એટલે એ વળી ચાર દાતણ ધરવા માંડયા અને પછી તો વૈષ્ણવોએ દાતણની ઝૂડીઓ ધરવા માંડી. આવું આપણું દેખાદેખી સેવાનું આચરણ છે. પરંતુ જે સમજપૂર્વક સેવક થયા છે. અને જેમણે સેવામાં મન લગાડયું છે, એ બહુ

ઝડપથી પ્રેમપૂર્વક સેવામાં આગળ આવે છે. માટે સેવા સમજપૂર્વક, ભાવપૂર્વક, દીનતાપૂર્વક અને પ્રેમપૂર્વક કરવી. સેવામાં જ્યાં સમજણ ન પડે. ત્યાં જેને સમજણ પડતી હોય એવા ભગવદીયોને પૂછીને જાણી લેવું. શ્રીગુરુદેવ પાસેથી આજ્ઞા મેળવી લેવી. આપણી સેવામાં તો એટલી ક્ષમતા છે કે મંગળભોગ કે રાજભોગમાં અમુક સામગ્રી ધરવાની હોય તો એ કઇ બાજુ ધરાય અથવા આગળ કઇ, પાછળ કઇ, ક્યાં કઇ કોની સાથે સામગ્રી ધરાય, એ બધાનું એક નિશ્ચિત બંધારણ છે. એ જાણવું જોઇએ અને સામગ્રી કેમ ધરાય એ પણ જાણવું જોઇએ.

મને મારા જીવનનો એક પ્રસંગ બરાબર યાદ રહી ગયો છે. મારાં દાદીમાની કૃપાથી, નાનપણથી એમની સેવામાં હાથ પવિત્ર કરવાનો લાભ મળતો. અમારાં એ બા ઠાકોરજીને રાજભોગ ધરે, ત્યારે આજ્ઞા કરે : આ ટોકરીનો કટોરો અહીં ધર. આ ખીરનો કટોરો અહીં ધર. ત્યારે હું પૂછું કે બા, એવું કેમ કે અમુક જ અહીં ધરાય? ત્યારે એ તો સહેજ ચિડાઇને બોલતાં કે જો આવી બધી ચાંપલાશો નહીં કરવાની. તારે કરવું હોય તો કર; નહીંતર જતો રહે બહાર. બહુ પ્રેમાળ અને છતાંય અમારાં દાદીમાનો પુણ્યપ્રકોપ જ્યારે ઠલવાય ત્યારે એ જીરવવો અઘરો હતો. હું હસતાં હસતાં કહું, બા, આવું કહો છો એના કરતાં સાચું બોલી જાઓ ને કે ભાઇ, કેમ ધરાય એની મને ખબર નથી. પણ એ ધરાય એટલી ખબર છે. મને કહે, હા હા, મને ખબર નથી. અનેક ભગવદીયોને પૂછ્યા કરું, પણ થોડાં વર્ષોથી જાણવાનું ભાગ્ય પ્રાપ્ત થયું કે કઇ સામગ્રી ક્યા ઠેકાણે શા માટે ધરાય? કહેવાનું તાત્પર્ય એ છે કે સેવા બહુ સમજપૂર્વક અને પ્રેમપૂર્વક કરવી જોઇએ.

આમ, સપ્તમ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ લૌકિક આસક્તિ છોડી દઇ, પ્રેમ અને આગ્રહપૂર્વક સેવાસ્મરણમાં ચિત્ત રાખવા માટેની આજ્ઞા કરી.

શિક્ષાપત્ર-૭ : સારાંશ

શ્લોક સંખ્યા : ૭

વિષય : લોક-વેદના ત્યાગ દ્વારા સેવામાં ચિત્તની એકાગ્રતા.

વૈષ્ણવે લૌકિક ભોગ ભોગવવાની ઇચ્છાઓનો ત્યાગ કરવો. ગૃહસ્થાશ્રમ લૌકિક મોજશોખ ભોગવવા માટે નથી; પરંતુ ભગવત્સેવા માટે જ છે. સેવામાં ભાવ જ સાધન છે અને તે ફળરૂપ છે માટે ભગવદ્ભાવ નિધિરૂપ છે. તેનું રક્ષણ કરવાથી જ સેવામાં ચિત્તની એકાગ્રતા ટકી રહે છે. ચિત્તને સેવામાં એકાગ્ર કરવા માટે લૌકિક-વૈદિક કાર્યોમાંથી આસક્તિ દૂર કરવી જોઇએ; કારણ કે મન લૌકિક અને અલૌકિક બન્નેમાં એકી સાથે રહી શકતું નથી. ●

શિક્ષાપત્ર આઠમું

ઐહિકે પારલોકે ચ સર્વસામર્થ્યસંયુતઃ ।
સ એવ ગોકુલાધીશશ્ચિંતનીયઃ સદા હૃદિ ॥૧॥

આ લોકમાં તેમજ પરલોકમાં શ્રીગોકુલાધીશ જ સર્વસમર્થ છે, માટે હૃદયમાં સદા તેમનું જ ચિંતન કરવું.(૧)

વિશ્વાસસ્તત્ર કર્તવ્યો ભદ્રમેવ વિધાસ્યતિ ।
સ્વદોષાદેવ તત્રાપિ દોષસ્ફૂર્તિર્યતો ભવેત્ ॥૨॥

પ્રભુ મારું કલ્યાણ જ કરશે, એવો વિશ્વાસ રાખવો. તેમાં જો દોષની સ્ફૂર્તિ થાય તો તેવું પોતાના દોષથી જ થાય છે, એમ સમજવું. (૨)

આર્તિઃ ફલં સાધનં ચ વ્રજાધિપતિસંગમે ।
અતઃ સદા તદાર્ત્યૈવ સ્થીયતાં તત્કૃપાયુતૈઃ ॥૩॥

વ્રજાધિપતિના સંગમ માટે આર્તિ એ જ સાધન અને ફળરૂપ છે; માટે પ્રભુની કૃપાને પાત્ર બનવું અને સદાય તેની આર્તિમાં સ્થિતિ કરીને રહેવું. (૩)

અન્યાશ્રયો મહાનેવ બાધકો ભીયતાં તતઃ ।
તત્ક્ષણેનૈવ સચ્ચેતો વિમુખં વૈ વિધાસ્યતિ ॥૪॥

અન્યાશ્રય બહુજ બાધક છે, માટે તેનાથી બીતા રહેવું. જે પળે અન્યાશ્રય થયો, તે જ પળે ચિત્ત બહિર્મુખ થયું એમ સમજવું. (૪)

તદીયેષુ સદા સ્થેયં સદ્‌ભાવેનૈવ સર્વથા ।
ત એવ ભકિતમાર્ગસ્ય સહાયત્વે નિરૂપિતાઃ ॥૫॥

સદા ભગવદીયમાં સદ્‌ભાવ રાખી રહેવું. ભક્તિમાર્ગમાં તેમની સહાય મુખ્ય ગણવામાં આવી છે. (૫)

અસ્માંક તુ તદીયાનાં પ્રસંગોડપિ સુદુર્લભઃ ।
ચેતોડપિ સાધનાભાવાત્ વિમુખં તિષ્ઠતિ સ્વતઃ ॥૬॥

અમને તો એવા ભગવદીયોનો સંગ જ મહાદુર્લભ છે. ચિત્ત પણ સાધનના અભાવથી સ્વતઃ રહે છે. (૬)

ગતો હિ ભગવદ્ દાસઃ સ્વકાર્યાય વિદેશકે ।
વ્રજપાલોઽપિ ચલિતસ્તેન મે દુઃખિતં મનઃ ॥૭॥

ભગવદ્-દાસ પોતાના કાર્ય અર્થે વિદેશ ગયો છે; વ્રજપાલ પણ ગયો છે. આથી મારું મન દુઃખી થાય છે. (૭)

મયિ યદ્યપિ નાસ્ત્યેવ કિંચિત્તત્કૃપયા પુનઃ ।
યદસ્તિ તદપિ સ્વીય સાધનાભાવતો ગતમ્ ॥૮॥

મારામાં કંઇ નથી. પ્રભુની કૃપાથી મારામાં જે કાંઇ છે, તે પણ સાધનના અભાવે જતું રહ્યું છે. (૮)

એતાદશેઽર્થે સંપ્રાપ્તે સ હરિઃ શરણં મમ ।
ઐહિકે પારલોકે ચ નૈશ્ચિત્યં તત એવ નઃ ॥૯॥

મારી સ્થિતિ આવી થયેલી છે. તેમાં 'હરિ એ જ મારુ શરણ છે.' એવા વિચારથી જ અમને આ લોકમાં તેમજ પરલોકમાં નિશ્ચિતતા છે. (૯)

કદાચિન્મિલનં ચેત્સ્યાત્ સદ્ભાગ્યેન ભવાદશામ્ ।
તદા કો વેદ ચિત્તસ્ય પરાવૃત્તિઃ પુનર્ભવેત્ ॥૧૦॥

સદ્ભાગ્યે જો તમારા જેવાનો મેળાપ થશે, તો ચિત્ત પાછું હતું તેવું જ પરાવૃત્ત થશે. પણ એની કોને ખબર? (૧૦)

કિયલ્લેખ્યં મહાચિંતા-સમુદ્રો હૃદિ વર્તતે ।
સ્થિતેઽપિ શિરસિ પ્રાણનાથે ચિત્તવિભેદતઃ ॥૧૧॥

હું કેટલુંક લખું? મારે માથે પ્રાણનાથ બિરાજે છે; છતાં ચિત્તના વિક્ષેપને લીધે મારા હૃદયમાં મહાચિંતારૂપી સમુદ્ર ખળભળી રહ્યો છે. (૧૧)

શિક્ષાપત્ર આઠમું

આઠમાં શિક્ષાપત્રમાં કેવળ આઠ શ્લોક છે. શ્રીહરિરાયચરણ આ આઠ શ્લોક દ્વારા શું સૂચવે છે એવો આપણે પહેલાં વિચાર કરી લઈશું. આ શિક્ષાપત્રનો મુખ્ય વિષય છે - અન્યાશ્રયનો ત્યાગ. જે વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા પછી ત્યાગ કરવા સક્ષમ બન્યા, એને આ માર્ગની અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ. માટે અહીં આઠ શ્લોકમાં નિરૂપણ છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીહરિરાયજી આદિની અલૌકિક વાણીમાં એવાં કેટલાંય કિંમતી રત્નો છે, જેને આપણે ઘરની મોટી દીવાલ ઉપર મોટા અક્ષરે લખાવી રાખવા જેવાં છે. આવું એક કિંમતી રત્ન અહીં છે: ''અન્યાશ્રયો મહાનેવ બાધકો ભીયતામ્ તતઃ'' અન્યાશ્રય મહાન બાધક છે, માટે એનાથી ડરીને ચાલજો. એના પંજામાં ફસાઈ જશો નહિ. પુષ્ટિમાર્ગમાં આપણું મન પ્રભુસેવા અને સ્મરણમાં નથી લાગતું, એનું આ બીજું કારણ છે. હજી આપણો અન્યાશ્રય છૂટયો નથી.

અન્યાશ્રય એટલે શું? દુર્ભાગ્યની વાત છે કે અન્યાશ્રયનું સાચું સ્વરૂપ બહુ ઓછા વૈષ્ણવો જાણે છે, પણ આનંદની વાત એ છે કે જયાં જયાં જવાનું થાય છે, ત્યાં યુવાન ભાઈ-બહેનો મને સૌથી વધારે આ જ પ્રશ્ન કરે છે કે અમને અન્યાશ્રય સમજાવો. સમજ્યા પછી એમનાં મન પ્રભુના ચરણમાં ખૂબ જ આસક્ત બનતાં પણ જોયાં અને જાણ્યાં છે. અમારાં દાદીમા વાત કરતાં કે અમે બહુ નાનાં હતાં, ત્યારે અમને એવું શીખવવામાં આવેલું કે દરજીને ત્યાં કપડું સિવડાવવા જવું હોય તો દરજીને 'સીવ' કે 'સીવી આપ', એમ નહીં કહેવાનું; પણ સાંધી આપ, બનાવી આપ, તૈયાર કરી આપ-આવું કંઈક બોલવાનું. મેં કહ્યું, કેમ બા, 'સીવ' બોલીએ એટલે મહાદેવજીનું નામ આવે, એથી અન્યાશ્રય થઈ જાય. અમને નાનપણમાં આવું શીખવવામાં આવેલું. મોટાં થયા પછી સમજાયું કે એ વાત સાચી નથી.

આજે પણ અન્યાશ્રય વિશેની આવી ઘણી ગેરસમજ આપણામાં છે, તો ભગવત્કૃપાથી આ શિક્ષાપત્ર દ્વારા અન્યાશ્રયનું થોડુંક સૂક્ષ્મ સ્વરૂપ આપણે વિચારીશું.

'અન્યાશ્રય' શબ્દમાં બે શબ્દો રહેલા છે : 'અન્ય' અને 'આશ્રય' અન્યનો અર્થ થાય બીજા. તમે પ્રશ્ન કરશો કે બીજા કોણ? કોને બીજા કહેવાય? સાદી-સીધી

વ્યાખ્યા એ છે કે આપણા ત્યાં બે-ચાર છોકરાં રમતાં હોય અને કોઇ અને કોઇ મહેમાન આવે. તે પૂછે કે આ તમારાં બાળકો છે? તો આપણે કહીએ કે એક બાળક મારું છે અને બે બીજાનાં છે. તો જે પોતાનાં નથી એ બીજાનાં. આ એનો સીધો સાદો અર્થ. આપણું પોતાનું જે ન હોય એ બીજું. હવે બીજો શબ્દ આવ્યો 'આશ્રય.' આ મૂળ સંસ્કૃત શબ્દ 'શ્રિ' ધાતુ પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે 'ટેકો કરીને રહેવું.' એમાં 'આ' ઉપસર્ગ લાગ્યો છે, જેનો અર્થ છે પૂરેપૂરો. જેમાં કોઇના પૂરેપૂરા ટેકાથી આપણે જીવીએ, એનું નામ આશ્રય. આપણે આપણી જાતે ન રહી શકીએ. જીવવા માટે કે અન્ય કાર્ય કરવા માટે બીજાના ઉપર આધાર રાખવો પડે; એટલું જ નહિ, પણ મન વાણીથી એમ માનીએ કે આ છે તો હું જીવું છું, એનું નામ આશ્રય. લૌકિક દાખલો લઇએ તો નાનું બાળક એનાં માતા-પિતાનો આશ્રય રાખે છે. એ જાણે છે કે આ મા-બાળક એનાં માતા-પિતાનો આશ્રય રાખે છે. એ જાણે છે કે આ મા-બાપ છે, તો હું સારી રીતે સુખેથી જીવું છું. બાળકને કંઇક જોઇતું હોય ત્યારે એ જાણે છે કે પિતા આવશે અને તોફાન કરીને એમને ખીજવીશું તો મળશે નહીં, પણ હસીને એમનું કામ કરીશું તો આપણું કામ થઇ જશે. પત્ની પતિનો આશ્રય કરે છે. ગૃહસ્થ જીવન જીવવામાં પતિ પત્નીનો આશ્રય કે છે. ઘણીવાર પત્ની પૂછે છે કે અમે કંઇ શુભ કાર્ય કરીએ. સેવાસ્મરણ કરીએ તો એમાંથી અડધું ફળ અમારા ઘરનાને મળે કે નહીં? જો ભોજન એક જણ કરે અને બીજાનું પેટ ભરાતું હોય તો અહીં પણ એક જણ સેવા કરે તો એનું ફળ બીજાને મળે. આ બધી વાણિયાવૃત્તિ છે. મફતનું મેળવવાની દાનત છે. પ્રભુને તે સુહાતું નથી. પણ પત્ની પતિનો અને પતિ પત્નીનો આશ્રય દુનિયામાં અવશ્ય કરે છે. આપણે નોકરી કરતા હોઇએ તો એ શેઠનો આશ્રય આપણે કરીને છીએ. આવી રીતે એકબીજાના આશ્રયથી સૌ જીવે છે

હવે પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ જયારે અન્યાશ્રયનો વિચાર કરીએ છીએ ત્યારે સૌથી પહેલું એ વિચારવાનું છે કે શ્રીહરિરાયચરણે આ અન્યાશ્રયને બાધક કેમ કહ્યો? તે બાધક કોને? જે સેવા કરે છે એને બાધક છે, જે કશું નથી કરતો એને માટે તો અન્યાશ્રયનો વિચાર કરવાની જરૂર જ નથી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માટે અન્ય કોણ? પોતાનું કોણ અને પારકું કોણ? શ્રીહરિરાયચરણ લૌકિક ઉદાહરણથી આ વાત સમજાવે છે. જેમ એક કન્યાને માટે એનો પતિ એનો પોતાનો છે, અને પતિ સિવાયના બીજા પુરુષો અન્ય છે. પતિ ગમે તેવો હોય પણ એ જ મારું સર્વસ્વ એવો આર્ય સ્ત્રીનો પતિવ્રતા ધર્મ છે અને આર્ય સ્ત્રી એ પતિવ્રતા ધર્મનું પાલન કરે, ત્યારે આપણે એની પ્રશંસા કરીએ છીએ, એને માનની નજરે જોઇએ છીએ. પણ

કોઇક સ્ત્રી દુર્ભાગ્યવશ પોતાના પતિને પોતાનું બધું સોંપવાને બદલે જગતના સર્વ પુરુષોમાં ભટકતી વૃત્તિ રાખે, તો આપણે એને વ્યભિચાર કહીએ છીએ, એની નિંદા કરીએ છીએ, એની સાથેનો સંબંધ રાખતા નથી. લૌકિકમાં જે વાત સાચી છે કે સૌભાગ્યવતી સ્ત્રી માટે પતિ એ જ એનું સર્વસ્વ, એ વાત અલૌકિકમાં પણ સાચી છે કે બ્રહ્મસંબંધી જીવ માટે એના પતિ શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ એ જ એનું સર્વસ્વ. એમના સિવાય બીજે કયાંય જો મન ભટકે, તો પતિવ્રતા ધર્મનું ખંડન થાય, એ વ્યભિચાર કહેવાય. શ્રીશ્યામસુંદર-શ્રીકૃષ્ણ સિવાય દુનિયામાં બીજુ જે કાંઇ હોય, એ બધું અન્ય. હવે જુઓ અન્યની યાદી કેટલી મોટી થાય? આપણી જાત પણ કયારેક અન્ય બને. કુટુંબ અન્ય બને, જગતના સર્વ પદાર્થો અન્ય બને, દેવીદેવીઓ સૌ અન્ય બને. શ્યામસુંદર સિવાયનું બધું જ અન્ય.

તમે પૂછશો કે શ્યામસુંદર સાથે શ્રીમહાપ્રભુજીએ અમારાં લગ્ન કેમ કર્યાં? લો, અમને એ નથી ગમતો તોય અમારે એની સાથે પનારું પાડવુ? આજના જમાનામાં તો કહેવામાં આવે કે નથી ગમતો એટલે છૂટાછેડા લઇએ. આ શ્યામસુંદર કહે છે કે હું તો પ્રાચીન જમાનાનો છું. લગ્ન કરુ છું, પછી કોઇને છૂટાછેડા આપતો નથી. ગમું કે નગમું, પણ તમારે પનારે પડેલો છું, તમારો છૂટકો જ નથી મને ગમાડયા સિવાય. આ જન્મે નહીં ગમાડો તો આવતા જન્મે ગમાડવો પડશે. પણ હું તમને છોડવાનો નથી.

લૌકિકમાં પહેલાંના જમાનામાં દાદાના કાનમાં દીકરી જઇને કહી આવતી, ‘એવો વર ના જોજો રે....’ દાદાજી, મારે લાયક વર શોધજો, નહીંતર લોકો કહેશે કે ‘કાગડો દહીંથરું લઇ ગયો.’ બીજા કોઇને જ ન કહી શકતી એ દીકરી એના દાદાને મનથી વાત કરે છે. આપણે આપણા દાદાજી એવા શ્રીમહાપ્રભુજીને પૂછીએ, ‘કૃપાનાથ, આ દુનિયાના તેત્રીસ કરોડ દેવતામાં તમને કોઇ મૂરતિયો પસંદ ન પડયો, તે આ શામળિયા સાથે અમારાં લગ્ન કર્યાં?’ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે મેં જે કર્યું છે તે તારા સુખ માટે કર્યું છે. ‘આવા શ્યમાસુદર સાથે પરણવામાં મારું સુખ?’ ‘હા, એ જ સાચું સુખ.’

આ જગતમાં આવ્યા પછી તું જે કંઇ પ્રવૃત્તિઓ કરે છે તે શા માટે કરે છે? આપણે બેધડક કહી દઇશું, અમારી બધી પ્રવૃત્તિઓ કેવળ આનંદ મેળવવા માટે છે. અમારી પાસે બીજું બધું છે, પણ આનંદ નથી. એ ખૂટે છે એટલે અમે દુનિયામાં આનંદ શોધીએ છીએ. સવારે ઊઠીને ચા પીએ છીએ, પાનાં રમીએ છીએ અથવા સિનેમા જોવા જઇએ છીએ તે બધું આનંદ માટે જ.

પરંતુ પ્રભુના લાડીલા મહાનુભાવો પોતાનાં અંગત કાર્યો પોતાના અંગત આનંદ માટે નથી કરતા. અમારા કાંકરોલીના ઘરમાં શ્રીગિરિધરલાલજી મહારાજ થઇ ગયા-ભવાઇવાળા. કાંકરોલીમાં રોજ સાંજે શયન પછી ભવાઇ થાય. પોતાનું સર્વસ્વ ભવૈયાઓને ન્યોછાવર કરી દે. વૈષ્ણવોને થયું કે અમે આટલું બધું પ્રેમથી અંગીકાર કરાવીએ અને મહારાજ બધું ભવૈયાઓને આપી દે! તિલકાયત મહારાજને વિનંતી કરી. આપ પધાર્યા. ભવાઇનો ખેલ ચાલતો હતો, ત્યાં એક નાનકડા બાળકનો ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. આજુબાજુ જોયું તો કોઇ બાળક નથી, પરંતુ શ્રીગિરિધરજીની ગોદમાં સાક્ષાત્ શ્રીદ્વારકાધીશ પ્રભુ બિરાજેલા. ભવાઇ જોઇ તે ખડખડાટ હસી રહ્યા છે. આપ બહુ પ્રસન્ન થયા. શ્રીહસ્તમાંનાં રત્નજડિત કડાં ઉતારી શ્રીદ્વારકાધીશને ન્યોછાવર કરી, ભવૈયાઓને આપી, આપ ચાલવા માંડયા. પેલા વૈષ્ણવો પાછળ દોડયા. મહારાજ, આવ્યા હતા સલાહ આપવા અને તમે પણ એમના જેવા થઇ ગયા! તમે આ કડાં આપીને જાઓ છો? આપે આજ્ઞા કરી, વૈષ્ણવો, તમને ખબર નહીં પડે. અમારા પ્રભુની પ્રસન્નતા થતી હોય, તો આ કડાં શું, આખું નાથદ્વારા ગામ ન્યોછાવર કરી દઇએ. મહાનુભાવોની કોઇ પણ ક્રિયા લૌકિક દૃષ્ટિથી નથી સમજાતી. તેઓ કયા ભાવથી કરે છે, એ આપણે સમજતા નથી. જયારે આપણે તો બધું કેવળ લૌકિક ભાવથી, આપણા સુખ માટે જ કરીએ છીએ, જેમાં ભગવત્સુખ હોતું નથી.

માણસ જીવનમાં બધાં કામ આનંદ મેળવવા માટે કરે છે, પણ સાચું કહેજો, આપણે જે કરીએ છીએ એનાથી હંમેશ માટે ટકી રહે એવો આનંદ મળે છે ખરો? તમે આ ઉનાળામાં લગ્નસમારંભમાં જાઓ, બહુ જ આગ્રહપૂર્વક ભોજન કરો. અડધો કલાક બહુ આનંદ થયો અને પછી એમ પૂછવામાં આવે કે અહીં કોઇ વાહન નથી? તમારું ઘર બહુ દૂર નથી, અડધા કલાકનો જ રસ્તો છે. બપોરે બહુ મોડું થયું નથી, પણ તમારે ઘેર ચાલતાં જાઓ. શી હાલત થશે? તમારું ઘર બહુ દૂર નથી, અડધા કલાકનો જ રસ્તો છે. બપોરે બહુ મોડું થયું નથી. પણ તમારે ઘેર ચાલતાં જાઓ. શી હાલત થશે? ભોજનનો આનંદ ચાલ્યો જશે. ઉનાળામાં લગ્નપ્રસંગ છે, ભારે કપડાં પહેરીને તમે લગ્નમાં ગયાં છો, ત્યાં વીજળીના બધા પંખા બંધ થઇ ગયા, શી હાલત થશે? શેલું પહેરવાનો આનંદ નષ્ટ થશે. હીરાના દાગીના પહેરીને નીકળ્યાં છો, અને કોઇકે કહ્યું, અહીં ચોરીનો ભારે ભય છે. શું થશે?

શ્રીમહાપ્રભુજી પૂછે છે, તારે સાચો આનંદ જોઇતો હતો ને? જો વેદમાં આનંદની ગણતરી કરી છે તે જોવા જેવી છે. જેમ આપણે દૂધ માપવું હોય તો

લિટરમાં માપીએ, અનાજ માપવું હોય તો કિલોમાં માપીએ, તેમ આનંદને માપવો હોય તો શામાં માપીએ? કિલોનું માપ કે લિટરનું માપિયું ત્યાં કામ નહીં આવે. વેદમાં ગણતરી કરવા માટે એમ કહ્યું કે ઘડીભર માની લો કે આખી દુનિયાનો કોઈ એક જ રાજા છે. એના જેટલી સમૃદ્ધિ અને સુખ દુનિયામાં બીજા કોઈ નથી. તો એનો આનંદ એ એક આનંદ. એવા સો રાજાઓ ભેગા થઈ જાય અને સો આનંદ થાય, તો એના બરાબર વિદ્યાધરનો એક આનંદ. એવા સો આનંદ બરાબર એક અપ્સરાનો આનંદ. આમ ગણતરી કરતાં કરતાં અક્ષરબ્રહ્મ-શ્રીઠાકોરજીને બિરાજવાનું સ્થાન ત્યાં સુધી આનંદની ગણતરી કરવામાં આવી અને ત્યારે પછી આનંદની ગણતરી થઈ નહીં, એટલે અટકી ગયા.

શિક્ષાપત્ર-૮ : સારાંશ

શ્લોક સંખ્યા: ૧૧

વિષય : પ્રભુમાં દૃઢ વિશ્વાસ અને અન્યાશ્રયનો ત્યાગ.

પ્રભુ સિવાય બીજાનો આશ્રય કરવો તેનું નામ અન્યાશ્રય. તે મહાન બાધક છે. માટે અન્યાશ્રયથી હંમેશાં દૂર રહેવું. પ્રભુ મારું સર્વ રીતે કલ્યાણ કરશે, એવો દૃઢ વિશ્વાસ રાખવો. ચાતકની જેમ વિશ્વાસની દૃઢતા માટે હંમેશાં ભગવદીયોનો સંગ કરવો.

●

શિક્ષાપત્ર નવમું

કદા નિજપતિઃ કૃષ્ણઃ સ્વબિંબં દર્શયિષ્યતિ ।
બદ્ધબર્હશિખં નીલકુંતલાવરણાનનમ્ ॥૧॥

માથે મયૂરપિચ્છ ધારણ કર્યું હોય અને વદન ઉપર શ્યામ કેશ ઊડી રહ્યા હોય, તેવા સુંદર સ્વરૂપનું દર્શન મારા સ્વામી શ્રીકૃષ્ણ કયારે કરાવંશે (૧)

ભ્રૂધનુઃ સંધિતશરં કસ્તૂરીચિત્રકાંકિતમ્ ।
ઈંદીવરદલાદ્દૈર્ધ્યં વિશાલનયનદ્વયમ્ ॥૨॥

જેમણે ભ્રકુટિરૂપ ધનુષમાં શર (બાણ) સાંધ્યું હોય, જેમના લલાટ ઉપર કસ્તૂરીનું તિલક અંકિત કરવામાં આવ્યું હોય, અને જેમણે પોયણાંનાં પાંદડાં જેવાં બે વિશાળ નેત્રો ધારણ કર્યાં હોય, એવા શ્રીકૃષ્ણ મને કયારે દર્શન આપશે? (૨)

મૌક્તિકાભરણાલંબિસુનાસં સરસાધરમ્ ।
ત્રિરેખકંઠવિલસત્ કંઠાભરણભૂષિંતમ્ ॥૩॥

જેમની નાસિકા મોતીનાં આભૂષણથી શોભી રહી હોય. જેમના અધરપુટમાંથી સુધારસ ઝરી રહ્યો હોય, ત્રણ રેખાવાળો જેમનો કંઠ કંઠાભરણથી ભૂષિત થયેલો હોય; (૩)

પ્રફુલ્લગલ્લયુગલં ચિબુકાભરણાન્વિતમ્ ।
સુવર્ણસૂક્ષ્મમણિયુગ્વનમાલાવિરાજિતમ્ ॥૪॥

જેમનાં બેઉ ગંડસ્થિળ પ્રફુલ્લિત હોય, જેમનું ચિબુક આભૂષણથી યુકત હોય અને જેમના ગળામાં સુવર્ણના ઝીણાઝીણા મણકાઓથી બનેલી વનમાળા બિરાજી રહી હોય; (૪)

ઉર:સ્થલલસત્સ્વચ્છવક્રવૈયાઘ્રબાહુજમ્ ।
રત્નવ્યવહિતસ્થૂલમુકતામાલાંચિતોદરમ્ ॥૫॥

જેમના ઉરસ્થલમાં સ્વચ્છ વાંકો વાઘનખ શોભી રહ્યો હોય, અને જેમનું ઉદર રત્નની પરોવેલી મોટા મોતીની માળાથી પૂજાયેલું હોય; (૫)

સુવર્ણકૃત્રિમમણિસ્થૂલમાલાતિસુંદરમ્ ।
ગુંજાફલમહન્માલાલસદ્દૂરુયુગાંતરમ્ ॥૬॥

જેમની બંને જંઘાઓના મધ્ય ભાગમાં સોનાના કૃત્રિમ મણકાની બનેલી સ્થૂલ અતિસુંદર માળા તથા ગુંજાફળની મોટી માળા શોભી રહી હોય;(૬)

અનેકરત્નજટિતકરકંકણભૂષણમ્ ।
બાહુમધ્યલસત્સ્વર્ણનિર્મિતપ્રથિતાંગદમ્ ॥૭॥

જેમણે શ્રીહસ્તમાં અનેક રત્નોથી જટિત એવાં કંકણ પહેરેલાં હોય, અને જેમના વિશાળ બાહુની મધ્યમાં સોનાના બાજુબંધ ઝળકી રહ્યા હોય; (૭)

અનેકપુષ્પતુલસીવનમાલાતિલાલિતમ્ ।
વિચિત્રવર્ણવિલસત્કટિવાસોવિરાજિતમ્ ॥૮॥

અનેક પુષ્પ અને તુલસીદળની વનમાળાથી જે અતિ સુંદર દેખાતા હોય અને જેમની કટિ ઉપર ચિત્રવિચિત્ર વર્ણવાળું વસ્ત્ર બિરાજી રહ્યું હોય; (૮)

કટિભાવજ્ઞાપિકાતિકિંકિણીરવશોભિતમ્ ।
પદદ્વયગતસ્વર્ણમણિનૂપરમંડિતમ્ ॥૯॥

કટિભાવને જ્ઞાપન કરનાર ઘુઘરીઓના ધ્વનિથી જેમની કટિ શોભી રહી હોય, અને જેમનાં બેઉ ચરણોમાં સુવર્ણથી જટિત મણિયુકત નૂપુર શોભી રહ્યાં હોય; (૯)

નખચન્દ્રપ્રકાશૈકપ્રકાશિતજગત્ત્રયમ્ ।
પીતાંબરોત્તરીયેષત્ચલદંચલસુન્દરમ્ ॥૧૦॥

જેમના નખરૂપી ચંદ્રના પ્રકાશથી ત્રણે લોક પ્રકાશી રહ્યા હોય અને ઉત્તરીય વસ્ત્ર તરીકે પહેરેલું જેમનુ પીતામ્બર ફરફર ઊડવાથી જેઓ સુંદર દેખાતા હોય; (૧૦)

પ્રદર્શિતશિરોભેદં ચલન્મકરકુંડલમ્ ।
નૃત્યંતં નયનાનંદં નિતાંતરતિસંપ્રદમ્ ॥૧૧॥

જેમનો શિરોભાગ નૃત્યની ક્રિયામાં ચલાયમાન થઇ રહ્યો હોય અને જેમનાં મકરાકૃતિ કુંડળ હાલી રહ્યાં હોય; તથા નૃત્ય કરતાં કરતાં જેમનાં નયનોમાંથી આનંદ ઊભરાઇ જતો હોય અને જે નિરંતર રતિનું દાન કરી રહ્યા હોય; (૧૧)

નિતંબિનીવૃન્દવર્તિરસાનુભવલોલુપમ્ ।
વિહરંતં વિશેષેણ રાસલીલાપરાયણમ્ ॥૧૨॥

વ્રજસુંદરીઓના વૃન્દ મધ્યે બિરાજમાન થઇ જે રસાનુભવમાં લુબ્ધ બન્યા હોય અને વિશેષે કરીને વિહાર-નિમગ્ન થઇ રાસલીલા પરાયણ બન્યા હોય; (૧૨)

ત્રિભંગલલિતં વેણુકલિતં ભુજયોરપિ ।
વૃન્દાવનૈકફલિતં વલિતં સ્વજનૈઃ સહ ॥૧૩॥

સ્વભકતોથી વીંટળાયેલા અને બન્ને હાથે વેણુ વગાડતાં જેમણે વૃંદાવનના મુખ્ય ફળરૂપ એવું ત્રિભંગી સ્વરૂપ ધારણ કર્યું હોય; (૧૩)

વાદયંતં મુરલિકાં મોહયંતં મનઃ સતામ્ ।
જગજ્જડં પ્રકુર્વંતં રોધયન્તં ચ ભક્ષણમ્ ॥૧૪॥

જે મુરલીના નાદ વડે સત્પુરુષોના ચિત્તને મોહ પમાડી રહ્યા હોય; એટલું જ નહિ, પણ જેનાથી તે જંગમને જડ અને જડને જંગમ કરી રહ્યા હોય; (૧૪)

પશૂનાં પક્ષિણાં ચૈવ મૌનસમ્પાદકં તદા ।
તરુણામંતરનન્દમધુધારૈકવાર્ષુકમ્ ॥૧૫॥

જે પ્રભુનો વેણુનાદ સાંભળી સર્વ પશુપક્ષીઓ મૌન ધારણ કરી રહ્યાં હોય, અને વૃક્ષો પોતાની અંદરથી ઊભરાતી મધુધારાને વર્ષાવી રહ્યાં હોય; (૧૫)

હરંતં વ્રજભૂતાપં પદસ્થાપનતસ્તથા ।
યમુનાતીરમાત્રૈકજધક્રીડાકૃતિપ્રિયમ્ ॥૧૬॥

જે પોતાનાં ચરણારવિંદને વ્રજભૂમિ ઉપર સ્થાપન કરી, તેના તાપને હરી રહ્યા હોય અને જે કેવળ શ્રીયમુનાજીના તટ ઉપર જ જળક્રીડા આનંદ લઇ રહ્યા હોય; (૧૬)

રસાત્મકરસાત્મસ્વભક્તવૃન્દસમન્વિતમ્ ।
નિજાનુભવસંવેદ્યં પ્રકટંતં ક્ષણે ક્ષણે ॥૧૭॥

પોતે રસાત્મક હોઇ, રસાત્મક ભક્તોથી જે વીંટળાયેલા હોય અને ભક્તોના રસાનુભવ અર્થે જ પ્રતિક્ષણ સેવાયજ્ઞ પ્રગટ કરી રહ્યા હોય; (૧૭)

વિરહે યુગપત્સર્વનિજલીલાનુભાવકમ્ ।
સાકારાનન્દરૂપેણ વ્રજભક્તહૃદિ સ્થિતમ્ ॥૧૮॥

જે વિરહદશામાં પોતાથી સર્વલીલાનો અનુભવ એકી સાથે કરાવતા સાકાર આનંદરૂપથી વ્રજભક્તોનાં હૃદયમાં બિરાજી રહ્યા હોય; (૧૮)

એવં દિદક્ષા સતતં સ્થાપનીયા નિજે હૃદિ ।
સૈવાસ્માકં પ્રેમભાવોઽન્યરાગવિનિવર્તકઃ ॥૧૯॥

આવા સ્વરૂપનાં દર્શન કરવાની ઈચ્છા દરેક ભક્તે પોતાના હૃદયમાં સ્થાપન કરવી. આને જ આપણે પ્રેમભાવ કહીએ છીએ. આવો પ્રેમભાવ જ અન્ય વસ્તુમાંથી આપણી પ્રીતિનો નાશ કરે છે. (૧૯)

તતઃ સ્યાદાર્તિરધિકા ગેહદૈહિકબાધિકા ।
આસક્તિઃ સૈવ માર્ગેડસ્મિન્ ગૃહસ્થાસ્વાસ્થ્યકારિકા ॥૨૦॥

આવો પ્રેમભાવ થયેથી પ્રભુ માટે અધિક આર્તિ (ઉત્કટ ઈચ્છા) થાય છે; પણ આવી ઉત્કંઠા (આર્તિ) જ દેહ અને ઘરનાં કાર્યોને બાધ કરનારી છે. આ માર્ગમાં જો આવી આસક્તિ થાય, તો ગૃહસ્થને (પોતાના ગૃહકાર્યમાં) અસ્વસ્થ બનાવે છે.(૨૦)

પરિતાપોદયસ્તસ્માત્ સર્વવિસ્મૃતિકારકઃ ।
સ એવ વ્યસનં યત્ર પ્રપંચસ્ફૂર્તિનાશનમ્ ॥૨૧॥

આવી આસકિત થાય, તો સર્વ પ્રપંચની વિસ્મૃતિ કરાવે તેવા પરિતાપનો ઉદય થાય છે. જેમાં પ્રપંચની સ્ફૂર્તિનો નાશ થાય તે જ વ્યસન. (૨૧)

એવં વિધસ્તુ ત્રિવિધો ભાવો નિઃસાધનો મતઃ।
અતસ્તુ દુર્લભા લોકે તત્પ્રાપ્તિર્ભજતાં નૃણામ્ ॥૨૨॥

એવી રીતે (પ્રેમ, આસકિત અને વ્યસન) ત્રણ પ્રકારનો ભાવ નિઃસાધન કહેવાય છે. ભજન કરનારા ભકતોના આવા ભાવની પ્રીતિ દુર્લભ છે.(૨૨)

ચક્રે કરુણયા કૃષ્ણો ભાવાત્માડસ્યં તથાવિધમ્।
મૂર્તિમદ્ભાવસંબંધાત્તત્પ્રાપ્તિરિતિ વેદ યઃ ॥૨૩॥

કરુણા કરી શ્રીકૃષ્ણે પોતાના ભાવાત્મક મુખારવિંદરૂપ શ્રીઆચાર્યજીને પ્રગટ કર્યા. અર્થાત્ આવો ભાવ શ્રીમહાપ્રભુજીરૂપે મૂર્તિમંત થયો છે; તેથી તેમની સાથેના સંબંધથી ઉપરોકત ત્રણ ભાવથી પ્રાપ્તિ થાય છે, અને આવું જાણનારને તેવા ભાવની પ્રાપ્તિ થાય છે. (૨૩)

પ્રમેયબલતો નાન્યત્ સાધનં તત્ર ભાવ્યતામ્ ।
અતઃ સર્વૈઃ પ્રકર્તવ્યો નિજાચાર્યપદાશ્રયઃ ॥૨૪॥

તે પ્રાપ્ત થવામાં પ્રમેયબળ વગર અન્ય સાધન નથી. માટે સર્વેએ આપણા શ્રીઆચાર્યજીનાં ચરણારવિંદનો આશ્રય કરવો. (૨૪)

તદભાવે ન વૈ ભાવિ ફલમેતન્ન સંશયઃ ।
અત એવાસ્મદીશૈસ્તુ ગ્રન્થે શ્રીવલ્લભાષ્ટકે ॥૨૫॥

સ્વામિન્! શ્રીવલ્લભેત્યેતત્પદ્યેડખિલમુદીરિતમ્ ।
તદાશ્રયો ન વચનૈઃ કિં તુ તન્માર્ગનિષ્ઠયા ॥૨૬॥

તેના અભાવમાં ફળની સિદ્ધિ નથી એ નિઃસંશય છે. શ્રીગુસાંઇજીએ શ્રીવલ્લભાષ્ટકમાં એ જ પ્રમાણે નિરૂપણ કર્યું છે. 'સ્વામિન્ શ્રીવલ્લભ' વગેરે પદમાં આ સર્વ દર્શાવેલું કર્યું છે; એટલે તેઓશ્રીનો આશ્રય કેવળ વચનથી સિદ્ધ થઇ શકે નહિ, તે માટે આપણને તેઓશ્રીથી પ્રગટ થયેલા માર્ગમાં નિષ્ઠા હોવી જોઇએ. (૨૫-૨૬)

માર્ગનિષ્ઠા ન સ્વબોધૈઃ કિં તુ તાદૃગ્ગુરૂદીતૈઃ ।
ગુરૂદીતાનિ વાકયાનિ ન સ્વતો હ્યનુવાદતઃ ॥૨૭॥

માર્ગમાં નિષ્ઠા જ્ઞાનથી થતી નથી, પણ શ્રીગુરુદેવનાં વચનામૃતથી થાય છે. આવાં વચનામૃતો ગુરુ દ્વારા પ્રગટ થયેલાં, સ્વકલ્પિત નહીં; પરંતુ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતના અનુવાદરૂપ હોવાં જોઇએ. (૨૭)

અનુવાદો ન સ્વબુદ્ધયા કિં તુ મૂલક્રમાગતઃ ।
અથાપિ તત્ર ચાપેક્ષ્યો દૃઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ॥૨૮॥

અનુવાદ પોતાની બુદ્ધિ અનુસાર ન કરવો. તેનો અર્થ મૂળ ક્રમ પ્રમાણે કરવો, એમાં પણ શ્રીઆચાર્યજીનો દૃઢ આશ્રય અપેક્ષિત છે.(૨૮)

એતાદૃશેન ગુરુણાવગત્ય નિખિલં જનઃ ।
આશ્રિત્ય ચ નિજાચાર્યાન્ સદાનન્દં સદા ભજેત્ ॥૨૯॥

ગુરુશ્રીથી સર્વ જાણીને, તેઓશ્રીનો આશ્રય કરી, સદાનંદ એવા શ્રીકૃષ્ણને હંમેશાં ભજવા. (૨૯)

ભજનં ભાવરૂપસ્ય ભાવેનૈવોપપદ્યતે ।
ચેતસ્તત્પ્રવણં સેવા હ્યત એવ નિરૂપિતા ॥૩૦॥

શ્રીકૃષ્ણ ભાવરૂપ છે. તેમનુ ભજન ભાવ વડે જ પ્રાપ્ત થાય છે. તેથી જ એવું નિરૂપણ કરવામાં આવ્યુ છે કે પ્રભુમાં ચિત્ત પ્રવણ (અભિમુખ, આસક્ત) થાય, એનું નામ સેવા. (૩૦)

તસ્યાં તુ વિસ્મૃતિર્ભાવ્યા જગતઃ સર્વથા ધ્રુવમ્ ।
તદભાવે માનસી તુ સેવાનાનૈવ સિદ્ધયતિ ॥૩૧॥

પરંતુ આવી સેવામાં સર્વથા જગતની ખાસ વિસ્મૃતિ હોવી જોઈએ. જો તે ન થાય, તો માનસી સેવા સિદ્ધ થતી નથી. (૩૧)

તદ્‌બાધકાનીંદ્રિયાણિ વિષયા લૌકિકી મતિઃ ।
પ્રતિબંધસ્તથોદ્વેગો ભોગોડપ્યત્રૈવ લૌકિકઃ ॥૩૨॥

ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો, લૌકિક બુદ્ધિ, પ્રતિબંધ (અંતરાય), ઉદ્વેગ અને લૌકિક ભોગ એ સર્વ તેમાં બાધક છે. (૩૨)

દુષ્ટાન્નભક્ષણં ચાપિ હ્યસમર્પિતભક્ષણમ્ ।
અસત્સંગઃ સર્વથા હિ ભાવબાધક ઈષ્યતે ॥૩૩॥

દુષ્ટ જનના અન્નનું, અપવિત્ર અન્નનું કે અસમર્પિત અન્નનું ભક્ષણ કરવું તથા અસત્સંગ કરવો એ ભાવબાધક છે. (૩૩)

તસ્માત્ત્યકત્વા દુષ્ટસંગં કૃત્વા સ્વાચાર્યસંશ્રયમ્ ।
તદીયજનસંસર્ગે સ્થિત્વા માર્ગે તથા ગુરૌ ॥૩૪॥
કૃત્વા વિષયવૈરાગ્યં પરિતોષં વિધાય ચ ।
સદાનન્દં સદાનન્દં ફલપ્રાપ્ત્યૈ સદા ભજેત્ ॥૩૫॥

માટે દુષ્ટ જનનો ત્યાગ કરવો, આચાર્યજી શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવો અને ગુરુ તથા ગુરુના જનોનો સંસર્ગ કરવો; (૩૪)

તથા વિષયમાં વૈરાગ્ય રાખવો અને સંતોષમાં રહેવું, વળી, હંમેશાં આનંદમાં રહી, સદાનંદરૂપ શ્રીકૃષ્ણને ભજવા, જેથી ફળની પ્રાપ્તિ થાય. (૩૫)

શિક્ષાપત્ર નવમું

અષ્ટમ શિક્ષાપત્ર દ્વારા અન્યાશ્રયનો જે સિદ્ધાંત બતાવ્યો એનો આપણે વિચાર કર્યો. જીવ પોતાની સર્વ વૃત્તિઓ, સર્વ ઇચ્છાઓ, સર્વ વાસનાઓ સંતોષવા માટે દુનિયાભરમાં ફાંફાં મારવાને બદલે, દુનિયાભરમાં રખડવાને બદલે, કેવળ શ્રીઠાકોરજીનો બનીને એમનાં ચરણારવિંદમાં દૃઢ વિશ્વાસ રાખીને જો એમનાં સેવાસ્મરણ કરે, તો શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવના આલોક અને પરલોકના સર્વ મનોરથો, સર્વ ઇચ્છાઓ-પછી તે લૌકિક હોય કે પારલૌકિક હોય તે પ્રભુ કૃપા કરીને પૂર્ણ કરે છે. શ્રીમહાપ્રભુજી પોતાના સેવકને સર્વ પ્રકારનું સુખ આપે છે. માટે 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનાં બે નામ આપવામાં આવ્યાં : 'અદેયદાન દક્ષશ્ચ મહોદારચત્રરિવાન્' અદેય - જે બીજા કોઇને ન આપી શકાય એવી અતિ દુર્લભ વસ્તુ પણ શ્રીમહાપ્રભુજી કૃપા કરીને પોતાના નિસ્સાધન સેવકોને આપે છે. એ આપવામાં દક્ષ એટલે ચતુર છે અને અદેય વસ્તુ આપનાર હોવાથી મહોદાર છે. એમની ઉદારતાની સરખામણી થઇ શકે નહીં. આવા શ્રીમહાપ્રભુજીના માર્ગમાં આવેલા જીવે પ્રભુનાં ચરણારવિંદનો દૃઢ આશ્રય કરી, પ્રભુ મારા સર્વ મનોરથ પૂર્ણ કરશે જ એવો વિશ્વાસ રાખવો જોઇએ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુમાં કદી અવિશ્વાસ કરશો નહીં. પ્રભુએ જેને આપણા જેવી ઝાઝી બુદ્ધિ નથી આપી એવા એક ચાતક પક્ષીને જો પ્રભુની લીલામાં, પ્રભુની વચનસિદ્ધિ આપવાની બાબતમાં પૂરો વિશ્વાસ હોય કે તે મને સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું જળ આપીને મારી બાર મહિનાની તૃષા સંતોષશે, અને એ શ્રદ્ધાના બળે તે બારબાર માસ સુધી સ્વાતિ નક્ષત્રની રાહ જોતું રહે છે. પ્રભુ એના વિશ્વાસને કદી નકામો જવા દેતા નથી. જો એની ઇચ્છા પૂરી થાય છે તો શું પ્રભુ આપણા મનોરથો પૂર્ણ નહીં કરે? માટે હવે નવમ શિક્ષાપત્રમાં જેણે પ્રભુમાં અનન્ય વિશ્વાસ રાખ્યો છે, એવા અનન્ય ભકતનું કર્તવ્ય શ્રીહરિરાયચરણ બતાવે છે.

મર્યાદા ભક્તોના પોતાના પ્રભુના સ્વરૂપમાં આવી અનન્યતા હતી. તુલસીદાસજીએ પણ એમ કહ્યું કે, 'તુલસી મસ્તક તબ નમે, ધનુષ્ય ધરૌ જબ હાથ' અને શ્રીજીબાવાને તુલસીદાસજીનો ટેક પૂર્ણ કરવો પડયો. મીરાંબાઇને આવી અનન્યતા હતી, 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઇ' અને પ્રભુએ એમની

અનન્ય ટેકને નિભાવી. આજે આપણે ધર્મીઓનો વિચાર કરીશું, તો જેને પોતાના ઇષ્ટ માને છે, એમના માટે એમનાં હૃદયમાં આવી અનન્ય ભાવના હોય છે. જોકે એ સંકુચિતતાનો વિચાર નથી. એમાં સ્નેહનો વિચાર છે. ઘણી વાર જ્યારે કોઈ યુવાન મિત્ર એમ કહે છે કે અન્યાશ્રય કહેવો એ વિચારવાની સંકુચિતતા છે; ત્યારે એમને પૂછવાનું મન થાય કે તમે એવી ઉદારતામાં માનો છો કે તમારાં પત્ની તમારા ઉપરાંત દુનિયાના અન્ય પુરુષો સાથે પણ દામ્પત્ય-જીવનનો સંબંધ રાખે? એ જરૂર કહેશે કે એ તો કેમ ચાલે? દામ્પત્ય-જીવનનો સંબંધ તો અમારા બન્ને વચ્ચેનો જ છે.

પુષ્ટિમાર્ગમાં પણ પ્રભુ અને પુષ્ટિ જીવ વચ્ચે આ અલૌકિક દામ્પત્ય-જીવનનો સંબંધ છે, સ્નેહનો સંબંધ છે. એ તો એકની સાથે જ હોય. જુદા-જુદા પ્રકારના લોકો સાથે એક જ પ્રકારનો સંબંધ કદાપિ હોઈ શકે નહીં. જેની એમાં દૃઢતા છે, એના જ હૃદયમાં પ્રભુ બિરાજે છે. જે પત્નીની એના પતિની સેવામાં દૃઢતા હોય, એ જ એના પતિ બહારગામ ગયા હોય ત્યારે પતિની ગેરહાજરીમાં સતત એમનું ચિન્તન કર્યા કરે છે. એના હૃદયમાં વગર પ્રયત્ને સ્મરણ થયા કરે. જ્યાં સ્નેહ નથી, કંઈક મેળવવાની વૃત્તિ છે, કેવળ ઔપચારિકતા છે. જ્યાં સન્માન મેળવવાની વાત છે, ત્યાં એ વ્યક્તિઓનું આપણા હૃદયમાં સાહજિક રીતે સ્મરણ થતું નથી. એમનું સ્મરણ કરતાં પ્રેમ જન્મતો નથી, પ્રસન્નતાનો રોમાંચ થતો નથી. રોમાંચની અનુભૂતિ તો ત્યારે જ થાય કે જ્યારે આપણને આપણા અંતરંગ એવા સ્વજનનું અનાયાસે સ્મરણ થઈ આવે, એની છબી આપણાં નેત્રો સામે સતત રમ્યા કરતી હોય, ત્યારે જ એ સ્મરણ આપણને પ્રસન્નચિત્ત બનાવે છે. પતિની હાજરીમાં પત્નીને પતિનું સ્મરણ કરવાની જરૂર પડતી નથી, કારણ કે તે સાક્ષાત્ છે, પણ એના પરોક્ષમાં એનું અનાયાસ સ્મરણ થઈ આવે છે. એ ઘરકામ કરતી જાય, ઘરના ખૂણેખૂણે ફરતી જાય અને ઘરના પ્રત્યેક ભાગ સાથે જોડાયેલ પતિનું સ્મરણ આપોઆપ એના હૃદયપ્રદેશમાં સિનેમાનાં ચિત્રોની હારમાળાની જેમ નજર સામે ખડું થાય. એવી જ રીતે જે પુષ્ટિજીવ અનન્યભાવથી, હૃદયના શુદ્ધ સ્નેહથી, કેવળ શ્યામસુંદરના સુખ માટે સદાય સેવામાં પ્રયત્નશીલ બને છે અથવા જેને સેવા કરવાની અનુકૂળતા નથી મળી, એવો એ જીવ હરતાંફરતાં કામ કરતાં પણ શ્યામસુંદરના સ્મરણમાં પરોવાય છે. એવા એ જીવને ભગવત્સ્વરૂપનું સ્મરણ કરતાં, એમના ગુણોને યાદ કરતાં એક પ્રકારનો અત્યંત અલૌકિક આનંદ થાય છે.

પુષ્ટિજીવ પ્રભુનાં દર્શન માટે તરફડે છે, કારણ કે પ્રભુએ વચન આપ્યું છે.

કે 'આજથી તું હવે મારો છે. હું તારો છું. હું તને જરૂર પ્રાપ્ત થઈશ. હું તને કદી છોડીશ નહીં.' પ્રભુનાં આ આશ્વાસનનાં વચનો સાંભળીને શ્રદ્ધાયુકત બનેલો જીવ રોજ પ્રભુના પધારવાની રાહ જોઇ રહ્યો છે : 'આવન કહે ગયે અજહુ ન આયે પિય' - આવવાનું કહી ગયા હતા, પણ મારા પ્રિયતમ હજુયે ન આવ્યા! 'બીતી સબ નિસ મોહે ગીનતહિ તારે' - આખી રાત તારા ગણતાં-ગણતાં વિતાવી દીધી. મારાં અપલક નેત્રો મારા શ્યામસુંદરના આગમન માટે તલસાટ અનુભવી રહ્યાં છે. પણ મને એમનાં દર્શન થયાં નથી. અરે, પરોઢ ફૂટયું છેઃ 'દીપજયોતિ મલિન ભઇ હૈ કિન દૂતિયન બિરમાયે પ્યારે' - કયાં ગોપીજન મારા ભોળા સ્વામીને ભરમાવીને મારી નિકુંજમાં આવતાં રોકી બીજે લઇ ગયાં હશે? 'તમચર બોલે અગર સબ ખોલે ફૂલે કમલમેં ધૂપ ગુંજારે.' સવાર પડી ગયું, પુષ્પો ઊગ્યાં, ભ્રમરોએ એનો ગણગણાટ શરૂ કરી દીધો. 'તાનસેન કે પ્રભુ તુમ બહુનાયક, તોહુ મેરે નયનનકે તારે' -ભકત કહે છે, તમારે અનેક સ્વામિનીઓ છે, તમે બહુનાયક છો; છતાંય મારે માટે તો તમે એક જ છો. મારી આંખોના તારા સમાન છો, મારી આંખની કીકી સમાન છો. આમ, ગોપીજનોએ શ્યામસુંદરના ઉત્કટ મિલન માટે તલસાટ અનુભવ્યો છે.

રાસમાંથી પ્રભુ અંતર્ધાન થયા, ત્યારે પણ 'દયિત્ દશ્યતામ્' હે દયિત! તમે અમને પ્રત્યક્ષ દર્શન આપો. અમારે એ સિવાય બીજો કોઇ મનોરથ નથી, એમ ગોપીજનોએ વિનંતી કરી હતી. અહીં શ્રીહરિરાયચરણ એ જ પ્રભુને દર્શન આપવા વિનંતી કરતાં કરતાં અનોસર સમયમાં પ્રભુનું સ્મરણ કેવી રીતે કરવું જોઇએ, એ આપણને કૃપા કરીને બતાવે છે. શ્રીહરિરાયચરણે આ જ રીતે આઠમા શિક્ષાપત્રના એક શ્લોકમાં પ્રભુનું સ્મરણ કરવાની આજ્ઞા કરી હતી, એનું જ ભાષ્ય અહીં, નવમા શિક્ષાપત્રના દ્વિતીય શ્લોકમાં પ્રાપ્ત થાય છે. પ્રભુ માટે અહીં બે શ્લોકો રજૂ કર્યા. એની વિશિષ્ટતા એ છે કે એમાં પ્રભુનું સીધું નામ શ્રીહરિરાયચરણ આપતા નથી.

પ્રાચીન સમયમાં જયારે સંસ્કૃત ભાષા અહીં ઘરઘરમાં બોલાતી ત્યારે પત્ની પોતાના પતિને નામ દઇને બોલાવતી નહીં. આપણાં ધર્મશાસ્ત્રો કહે છે કે પત્નીને, શ્રીગુરુદેવને, જયેષ્ઠ પુત્રોને એ બધાંને નામ લઇને ન બોલાવાય. આજે આપણે તો ધર્મશાસ્ત્રના માર્ગે ચાલવામાં માનતાં નથી, એટલે આપણી વાત જાુદી છે; પરંતુ પ્રાચીન સમયની ભારતીય પત્નીઓ પોતાના પતિને નામ દઇને નહોતી બોલાવતી, ત્યારે શું કહીને બોલાવતી હશે? એ તો સંસ્કૃત ભાષામાં વિદુષી નારીઓ હતી માટે પતિને આર્યપુત્ર કહેવામાં આવતા. આપણને કોઇ આર્યપુત્ર કહે તો વિચાર કરવો હોં, આર્યપુત્રનો અર્થ થાય પતિ. પતિ માટે અહીંયાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ

મારા પતિ એવા યશોદાતનુજનું હંમેશાં સ્મરણ કરવું. આપની મધુર ભક્તિ છે અને મધુર ભકિત હોવાને કારણે શ્રીહરિરાયચરણ પોતાના અલૌકિક સ્વામીનું સ્મરણ કરતાં નામનિર્દેશ કરતા નથી. આપણે ત્યાં થોડાં વર્ષો પહેલાં પોતાના પતિ વિશે વાત કરવી હોય, તો એવી રીતે નિર્દેશ કરવાનો પ્રકાર હતો કે મારી સાસુના દીકરાએ આમ કહેવડાવ્યું છે. માટે અહીં પ્રભુ માટે હરિરાયચરણ 'નંદનંદન' શબ્દપ્રયોગ કરતા નથી, પણ અલૌકિક ભાવથી પોતાનાં અલૌકિક માતા એવા યશોદાજીના પુત્ર તરીકે યાદ કરે છે. શ્રીહરિરાયચરણ અષ્ટમ શિક્ષાપત્રના પ્રારંભમાં શ્રીપ્રભુનાં સ્મરણ માટે સ્પષ્ટ રીતે 'મારા પોતાના પતિ' એવો શબ્દપ્રયોગ કરે છે અને સાથે સાથે અલૌકિક ભાવની ભરતીના સાગરમાં અભિભૂત બનેલા શ્રીહરિરાયચરણ પોતાના સ્વામીનો નામનિર્દેશ પણ કરે છે. ધર્મશાસ્ત્રની મર્યાદાઓ અહીં એ તોડી નાખે છે.

શ્રીહરિરાયચરણ પોતાના મનને પૂછે છે; કારણ કે આપની સમક્ષ જવાબ આપનાર બીજાું કોઇ નથી. પ્રભુના વિપ્રયોગનો અનુભવ કરે છે; કારણ કે આપના સેવ્ય શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુથી દૂર દૂર બિરાજી રહ્યા છે. શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કર્યે ઘણો વખત ગઇ ગયો છે. શ્રીહરિરાયચરણ પૂછે છે, મારા સેવ્ય, મારા નિજનાથ, કયારે પોતાના સ્વરૂપનું મને દર્શન કરાવશે? મારા નિજ અલૌકિક સ્વામી એવા પરમાનંદ-સ્વરૂપ મને કયારે દર્શન આપશે?

આપ હવે પ્રભુના સ્વરૂપનું વર્ણન કરે છે. કયું સ્વરૂપ એમના હૃદયમાં બિરાજયું છે? શ્રીહરિરાયચરણ પ્રભુનું સ્મરણ કરતાં મસ્તકના શૃંગારથી પ્રારંભ કરે છે. આપનું મુખારવિંદ નીલ, મેઘશ્યામ છે. એવું નવઘનશ્યામ આપનું સ્વરૂપ છે. એ મુખારવિંદનાં મારે દર્શન કરવાં છે. એ મુખારવિંદ પર વાંકડિયા કેશની અલકાવલી છે, જેની શોભાનો કોઇ પાર નથી. પ્રભુએ મોરપીંછની ચન્દ્રિકાનો માથે મુકુટ ધર્યો છે. એવા મુકુટધારી પીતામ્બરધારી શ્રીપ્રભુનાં દર્શન કરવા શ્રીહરિરાયચરણ આતુર છે. એટલા માટે આપ હૃદયમાં વિરહભાવનું ભાવન કરી રહ્યા છે.

શ્રીગોપેશ્વરજી પ્રશ્ન કરે છે કે અન્ય પક્ષીઓનાં પીછાંને ધારણ કરવાને બદલે મયૂરપિચ્છનો મુગટ કેમ ધારણ કર્યો છે? મોર સાત્ત્વિક પક્ષી છે. નિષ્કામ પ્રેમનું પ્રતીક છે. કવિ તો કહે છે કે મોર જયારે આનંદથી નાચી ઊઠે છે, ત્યારે એની આંખમાંથી પ્રેમનાં આંસુ સરે છે. ઢેલ એ અશ્રુબિંદુઓને પોતાની ચાંચમાં ઝીલી લે છે, જેને પરિણામે ગર્ભ ધારણ કરે છે. અન્ય પ્રાણીઓની જેમ ઢેલ અને મોર દેહથી

ગર્ભધારણ કરતાં નથી. પરિણામે, એમનો પ્રેમ નિષ્કામ છે, શુદ્ધ છે, કોઇ લૌકિક અપેક્ષા વિનાનો છે. પ્રભુ મુકુટને ધારણ કરીને સૂચવે છે કે મારો અને ભકતોનો પ્રેમ લૌકિક વાસનારહિત અલૌકિક સ્વરૂપ છે. પરિણામે, મારા ભકત વ્રજાંગનાઓ મને અતિપ્રિય છે. હું એમનો બનીને રહું છું. નરસિંહ જેવા ભકતે પણ ગાયું, ''પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ ભાસે.'' હે મોરના પીંછધર, તમે મને પ્રેમરસનો પ્યાલો પાઓ, મારે તમારી પાસેથી બીજું કંઇ જોઇતું નથી. ત્યાં પણ તેઓને 'મોરપીંછધર' તરીકે સંબોધીને નિષ્કામ પ્રેમની માગણી કરી છે. આવી રીતે આ નવમ શિક્ષાપત્રમાં પ્રથમ શ્લોકથી પ્રારંભ કરીને અઢાર શ્લોક પર્યંત શ્રીહરિરાયજી પ્રભુની લીલા અને પ્રભુના રૂપનું સ્મરણ કરે છે. આપ કિશોરવયનું સ્વરૂપ વર્ણવે છે.

દ્વિતીય શિક્ષાપત્રમાં પ્રભુના બાળસ્વરૂપનું નિરૂપણ હતું. કોની સેવા કરવી તેના પ્રશ્નમાં ત્યાં બાળસ્વરૂપનું નિરૂપણ કર્યું. કોનું સ્મરણ કરવું એના જવાબમાં અહીં કિશોરસ્વરૂપનું નિરૂપણ કર્યું. દ્વિતીય શિક્ષાપત્રના નિરૂપણમાં પણ અઢાર શ્લોકનો ઉપયોગ શ્રીહરિરાયચરણે કર્યો હતો. અહીં પણ અઢાર શ્લોક છે. ત્યાં બાર શ્લોકમાં ભગવત્સ્વરૂપનું વર્ણન હતું. છ શ્લોકમાં એમના ધર્મોનું અને લીલાનું નિરૂપણ હતું. અહીં પણ બાર શ્લોકમાં ભગવત્સ્વરૂપનું વર્ણન છે. છ શ્લોકમાં કિશોરવયના ધર્મ અને લીલાનું વર્ણન છે. ત્યાં બાળસ્વરૂપે પ્રભુ દિગંબર હતા. અહીં કિશોરસ્વરૂપે પ્રભુ પીતાંબરધારી છે. પ્રભુનાં નેત્રો ઉપરની ભ્રૂકુટિ જાણે ધનુષ્યબાણ હોય, એવી અણિયાળી છે. વિશાળ લલાટમાં કસ્તૂરીનું તિલક છે. ઇન્દીવરદલ એવાં કમળ જેવાં દીર્ઘ અણિયાળાં નેત્રો છે. સુંદર પોપટના જેવી તીવ્ર નાસિકામાં વેસરનું મોતી ઝૂમી રહ્યું છે. શ્રીસ્વામિનીજીને રસપાન કરાવવા આતુર એવા મોહક અધર બિરાજે છે. શ્રીકંઠ પર ત્રિરેખાનાં ચિહ્ન છે એના ઉપર મોતીના માળા બિરાજે છે. આપના કપોલ શોભી રહ્યા છે. ચિબુક પર હીરલો ઝગમગી રહ્યો છે અને હૃદય ઉપર સુવર્ણના ઝીણા મણકાની માળા બિરાજે છે. બાળસ્વરૂપે આપે વાઘનખ ધારણ કર્યા છે, એ ભાવથી કે મારા લાલને કોઇની નજર ન લાગે. અહીં કિશોર-સ્વરૂપે પણ આપે વાઘનખ ધારણ કર્યા છે, એ ભાવથી કે જેને પ્રભુની કિશોરલીલામાં નિષ્કામ ભાવના નથી, એવા વિષયવાસનામાં રચ્યા-પચ્યા જીવોને એ લીલાનો અનુભવ કરવાનો અધિકાર નથી. એવા જીવોને આ લીલાથી દૂર રાખવા માટે આપે વાઘનખ ધારણ કરેલો છે.રત્નો સાથે જડેલી મોતીની માળા આપના ઉરપ્રદેશ પર સુંદર રીતે ઝૂલી રહી છે. સુવર્ણ અને મોતીની માળા બિરાજે છે અને છેલ્લે ગુંજામાળા બિરાજે છે.

આપણે ત્યાં એવી ભાવના છે કે બીજા શૃંગાર ન થાય અને કેવળ ગુંજાની

માળા પણ જો પ્રેમપૂર્વક ધરવામાં આવે, તો પ્રભુ ગુંજામાળા દ્વારા સર્વ શૃંગારની ભાવનાને અંગીકાર કરી લે છે; પણ ગમે તેટલા કિમતી શૃંગાર ધર્યા હોય અને ગુંજામાળા ન ધરી હોય, તો એ શૃંગાર અધૂરો છે. ગુંજામાળાની ભાવના શ્રીગોકુલેશ પ્રભુએ બતાવી છે. ગુંજામાળામાં ચાર વર્ણ છે : લાલ, સફેદ, પીળો અને શ્યામ. આ ચારે વર્ણ ચાર સ્વામિનીજીના વર્ણ છે. લાલ વર્ણ રાધા સહચરીજીનો ભાવ છે. શ્વેત વર્ણ ચંદ્રાવલીજીનો ભાવ છે. પીત વર્ણ શ્રીસ્વામિનીજીનો ભાવ છે અને શ્યામવર્ણ શ્રીયમુનાજીનો ભાવ છે. ગુંજામાળા સ્વરૂપે જેમનાથી પ્રભુ એક ક્ષણ પણ વિખૂટા નથી રહેતા એવાં અતિપ્રિય ચારે સ્વામિનીજીઓ પ્રભુના શ્રીઅંગને આલિંગન આપીને સર્વાભોગ્યસુધારસનો અનુભવ કરે છે અને પ્રભુને કરાવે છે. એ ભાવથી પ્રભુ ગુંજામાળા બહુ પ્રેમથી અંગીકાર કરે છે.

ગુંજાફળ એ નિઃસાધનતાનું પ્રતીક છે. કાંટાળા વૃક્ષ ઉપર ગુંજાફળ (ચણોઠી) થાય છે, જેનો ઉપયોગ સાધનસંપન્ન જીવો પોતાના અલંકારો તરીકે કરતા નથી, પણ ભૌતિક રીતે નિઃસાધન વ્રજવાસીઓ કરે છે. માટે પ્રભુ એમ સૂચવે છે કે ''હું તો નિઃસાધન ભકતોનો પ્રભુ છું, મને ધનસંપત્તિનો શોખ નથી, મોહ નથી. મને તો તીવ્ર અભિલાષા છે, કેવળ મારા પ્રિય ભકતોનાં હૃદયની દીનતા અને પ્રીતિને માણવાની.'' એનાથી પ્રભુ રાજી રહે છે. ગુંજામાળા અને મોરપિચ્છનો મુકુટ એ પ્રભુના નિઃસાધન ભકત તરફના વિશિષ્ટ મમત્વનું સ્વરૂપ છે.

પ્રભુએ શ્રીહસ્તમાં રત્નજડિત કંકણ અને બાજુબંધ ધારણ કર્યા છે. પુષ્પ અને તુલસીની બનાવેલી માળા ધારણ કરી છે. શ્રીકંઠમાં વનમાળા બિરાજે છે. કટિ પર ક્ષુદ્રઘંટિકા બિરાજે છે. બંને ચરણારવિંદમાં સુવર્ણયુકત નૂપુર છે. પીતાંબર અને ઉપવસ્ત્ર ધારણ કર્યું છે. પીતાંબરનો ઉપરનો છેડો હવામાં ઊડી રહ્યો છે. કર્ણમાં મગરના આકારનાં કુંડળ શોભે છે. પ્રભુ જયારે નૃત્ય કરે છે ત્યારે એ કુંડળ ઝૂલી રહ્યાં છે. આવા પ્રભુ વ્રજભકતોનાં વૃંદમાં વેણુનાદ કરતાં લલિત ત્રિભંગ સ્વરૂપે વિહાર કરે છે. સૌને પોતાના વેણુનાદ દ્વારા અધર-સુધારસનું પાન કરાવે છે. વ્રજભકતો સાથે યમુનાજીના કિનારે જળ અને સ્થળમાં સુંદર માધુર્યયુક્ત લીલાઓ કરી રહ્યા છે. એવા રસાત્મક પ્રભુ સ્વભકત સાથે સમન્વિત થઇ ક્ષણે ક્ષણે નૌતમ લીલાઓનાં દર્શન કરાવે છે.

વિરહની પ્રત્યેક ક્ષણ જયારે યુગયુગ જેટલી લાંબી લાગે છે, ત્યારે વિરહની એ ક્ષણમાં પ્રભુ ભકતનાં હૃદયમાં લીલાપરિકર સહિત બિરાજી એક જ સમયે અનેક લીલાઓનાં દર્શન કરાવે છે. આવા સાકાર આનંદસ્વરૂપ વ્રજભકતના હૃદયમાં સદાય બિરાજેલા છે. જયારે મથુરાથી પધારેલા વ્યૂહાત્મક પુરુષોત્તમ સ્વરૂપને અક્રૂરજી

મથુરા પાછા પધરાવી ગયા, ત્યારે અગિયાર વર્ષ અને બાવન દિવસના વપુને ધારણ કરનાર રાસરસિક ઇન્દ્રશેખર પૂર્ણપુરુષોત્તમ પુષ્ટિસ્વરૂપ આ વ્રજભકતોનાં હૃદયમાં સદાય માટે બિરાજીને વ્રજભકતોના દેહ અને પ્રાણને ધારણ કરાવે છે અને એમને લીલાના રસાનંદનો આસ્વાદ કરાવે છે. આમ, અઢાર શ્લોક દ્વારા પ્રભુના કિશોર, મધુર અલૌકિક ભાવનાસ્વરૂપનું શ્રીહરિરાયચરણ બહુ સુંદર વર્ણન કરે છે; અને આજ્ઞા કરે છે કે આ સ્વરૂપનું વૈષ્ણવોએ જયારે પ્રભુનાં દર્શન ન થતાં હોય ત્યારે અનોસરમાં ભાવન કરવું અને ચિંતન કરવું.

ભગવદીયોએ ભગવત્સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં કહ્યું: "શ્રીનાથજીકો ધ્યાન મોહે નિશદિનારી માઇ, લાલ પાલ તિલક ભાલ, ચિબુક વેસર માલ કંઠ કર્ણફૂલ મંદ હાસ, લોચન અતિ સુખદાયી!" પ્રભુના આવા સ્વરૂપનુ સદાકાળ આપણે ચિંતન કરતા રહેવું જોઇએ. દયારામભાઇ પણ સુંદર રીતે ભગવત્સ્વરૂપનું સ્મરણ કરવાનું સમજાવે છે "નટવરછબી નંદલાલની, એનું ચિંતન કરે ચિતમાંય, મોર મુકુટ શિર તિલક કુંડલ નકવેસર શ્રીમુખ સુહાય." શ્રીહરિરાયચરણે વર્ણન કર્યું એ જ શ્રીદયારામભાઇ પણ કહી ગયા. એવા પ્રભુનું ચિંતન કરવા માટે શ્રીદયારામભાઇએ બહુ સુંદર રસ્તો બતાવ્યો. દોરડા ઉપર ચાલનારો નટ આજુબાજુ ઘણો શોરબકોર થતો હોય, તોય એની દૃષ્ટિ પેલા દોરડા ઉપરથી હટાવતો નથી. પરિણામે, આ પાતળા દોરડા ઉપર સહેલાઈથી ચાલી નાખે છે. પહેલાંના જમાનામાં જયારે દૂરથી જળ ભરીને પનિહારી આવે, ત્રણત્રણ બેડાંની હેલ માથા ઉપર મૂકી હોય, જે જળથી ભરેલી વજનદાર હોય; સાથેની પનિહારીઓ સાથે ટોળટપ્પાં કરતી અને તાળીઓ આપતી એ ચાલી આવતી હોય, ત્યારે એને બેડાં પકડવાં પડતાં નથી. એ ગમે તે વાતો કરતી હોય, પણ એનું ધ્યાન તો પેલા બેડાની સમતુલા સાચવી રાખવામાં હોય છે. જેમ બે પ્રેમી ગમે ત્યાં હોય, ગમે તેવું કાર્ય કરતાં હોય, પણ એ પરસ્પરનુ અનાયાસ ચિંતન કરતાં રહે છે. આ ત્રણ ઉદાહરણો આપીને શ્રીદયારામભાઇ આપણને શિખવાડે છે કે એવી રીતે આપણે પણ આપણું મન પ્રભુમાં લગાડવું. સંસારમાં સાક્ષીવત્ થઇ રહેવું, 'જગત જાણે છે એ જંજાળી, રાખે હૃદે ત્રિકમજીશું તાળી.'

આમ, પ્રભુનું સદાકાળ જયારે બની આવે ત્યારે સ્મરણ કરવું. પેલાં ગોપીજનોને યાદ કરી કરીને સ્મરણ કરવું. નીકળ્યાં હતાં મહી વેચવા, પણ મહીનું વિસ્મરણ થયું અને એમના મુખમાંથી 'મહી લ્યો, મહી લ્યો'ના બદલે 'માધવ લ્યો કોઇ, માધવ લ્યો' એવા શબ્દો નીકળ્યા. આમ લૌકિક કાર્યો કરવા છતાંય ચિત્ત પ્રભુમાં લાગી જવું જોઇએ. મનથી પ્રભુનું સ્મરણ થઇ આવવું જોઇએ. પ્રભુના જે

સ્વરૂપનાં, ગુરુદેવના જે સ્વરૂપનાં દર્શન કર્યાં હોય, એનું સદાસર્વદા સ્મરણ કરવાની ટેવ પાડવી જોઇએ. એ ટેવ અત્યારથી પડી હશે તો અંતકાળે એનું સ્મરણ થઇ આવશે. ટેવ નહીં પડી હોય તો અંતકાળે સ્મરણ થવાનું નથી. પ્રભુનાં દર્શન કરીને ઘેર આવીએ તે પછી પ્રભુએ કયા શૃંગાર ધર્યા હતા, પ્રભુએ કયાં વસ્ત્રો ધર્યાં હતાં, કેવી સુંદરતા શ્રીહરિએ ધરી હતી, એનું સદા સ્મરણ કરવું જોઇએ.

ઘણા વૈષ્ણવો શ્રીનાથજીનાં ચિત્રજીને પધરાવીને સેવા કરતા હોય છે. એવા વૈષ્ણવોને હું પૂછું કે 'તમારા માથે શ્રીનાથજી બિરાજે છે. એ સ્વરૂપે કેટલી અને કઇ કઇ માળા ધારણ કરેલી છે?' એ કહેશે કે દશેક વર્ષથી તો સેવા કરીએ છીએ, પણ હજી માળાઓ તરફ એવું કાંઇ ધ્યાન ગયું નથી. માળાઓ ગણી પણ નથી. આવું આપણું સેવા અને સ્મરણનું કાર્ય છે.

માટે અહીં શ્રીહરિરાયચરણે અઢાર શ્લોકથી શ્રીઅંગનું સ્વરૂપવર્ણન કરીને ઓગણીસમા શ્લોકમાં આજ્ઞા કરી 'દિદક્ષા' એટલે પ્રભુનાં દર્શન કરવાની ઇચ્છા, ભગવદ્દર્શનની આવી અભીપ્સા પોતાના હૃદયમાં રાખવી. 'સતતમ્' સતત, હમેશાં રાખવી. કોઇ દિવસ ભગવદ્-દર્શનથી ધરાઇ જઇએ તો માનવું કે હજુ પ્રભુમાં આપણો પ્રેમ થયો નથી. પણ દર્શન કરતાં 'રૂપ દેખત નયના પલક લગે નહીં' એ કુંભનદાસજીનાં નેત્રો જેવો આપણો ભાવ બની આવે, ત્યારે માનવું કે દર્શન માટે 'દિદક્ષા' અર્થાત્ તાલાવેલી સાચી છે.

આપણે શું કરીએ છીએ, તેનો વિચાર કરજો. મંદિરમાં જઇએ છીએ, દર્શનમાં ધક્કામુકકી કરીએ છીએ. કહીએ છીએ કે 'હશે, આપણે પ્રભુને ન નીરખ્યા તો કાંઇ નહીં, પણ ઠાકોરજીએ અમારી હાજરીની નોંધ લઇ લીધી.' બસ આપણે હાજરી પુરાવી. આજના કોલેજના વિધાર્થીઓ હાજરી પુરાવીને જેમ બીજા બારણેથી ચાલ્યા જાય, એમ આપણે પણ બીજા બારણેથી ચાલ્યા જઇએ છીએ. પ્રભુ કહે છે કે, 'ભલે, મેં તારી હાજરી પૂરી છે, પણ મારા દર્શનનો આનંદ કંઇ તારા હૃદયમાં રહેવાનો નથી.' એ આનંદ ત્યારે જ થાય કે જયારે ચારે આંખો એક થાય. ત્યાં સુધી પરસ્પરનાં ઝલકતાં નેત્રોના પ્રેમને આપણે પી શકતા નથી, માણી શકતા નથી. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, દર્શનની 'દિદક્ષા'-ઉત્કટ તાલાવેલી-આપણા હૃદયમાં હોવી જોઇએ. મંગળાનાં દર્શન કર્યાં અને ત્યાં જ રહેવાનું છે, પછી શૃંગારનાં દર્શન ખૂલ્યાં છે, તો તરત પાછા પગ દોડે. એમ નહીં કે મંગળાનાં દર્શન કર્યાં છે એટલે શૃગારનાં નહીં કરીએ તો ચાલશે. કેટલાક વૈષ્ણવો કહે છે કે અમે દર એકાદશીએ દર્શન કરવા જઇએ, દર પૂનમે જઇએ. એક વાર દર્શન કર્યાં એની આ ઢોલ-

પખવાજ દશ પંદર દિવસ સુધી વગાડીએ. અમે દર એકાદશીએ દર્શન કરીએ છીએ અરે ભાઇ, એક દિવસ કરો છો તે તો આનંદથી વાત છે, પણ બાકીના પંદર દિવસ નથી કરતા અને એનું શું? એનો તો જવાબ આપો. માટે આ દિદક્ષા નથી. સાચી દિદક્ષા તો એ છે કે દર્શન થઇ જાય અને ટેરો આવી જાય તો મનને ચેન ન પડે. જિયદાસજી નામે કૃપાપાત્ર ભગવદીય થઇ ગયા. શ્રીમહાપ્રભુજીએ એમને ઠાકોરજી પધરાવી આપ્યા. મંગળાથી સેવા કરવાનો પ્રારંભ કર્યો, રાજભોગની સેવા સુધી પહોંચ્યા. રાજભોગ પછી પ્રભુને અનોસર કરવા પડે. અનોસર કરીને બહાર આવ્યા. હવે પ્રભુનાં દર્શન નથી થતાં, તેથી હૃદયમાં એવો વિરહ થયો કે તરત પ્રાણ છૂટી ગયા. એમણે માત્ર મંગળાથી રાજભોગની સેવા કરી હતી અને અનોસરમાં જેવાં દર્શન છૂટયાં કે પ્રાણ છૂટી ગયા. આનું નામ દર્શન કરવાની તાલાવેલી. આવી જ રીતે ગજન ધાવનને શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન થયાં નથી, પાન લેવા જવાની આજ્ઞા થઇ છે. મંદિરના દરવાજાની બહાર આવતાં જ બોહોશ થઇ ગયા. જેવી ભકતને ભગવાનનાં દર્શનની દિદક્ષા છે, એવી ભગવાનને ભક્તનાં દર્શનની ઇચ્છા છે. માટે શ્રીનવનીતલાલે આજ્ઞા કરી કે મારો ગજન ધાવન આવશે ત્યારે રાજભોગ આરોગીશ. આવી દર્શનની તાલાવેલી આપણા હૃદયમાં હોવી જોઇએ.

દર્શન કરવા કેવી રીતે જવું તે કીર્તનોમાં બહુ સુંદર રીતે બતાવ્યું છે. આપણે શું કરીએ છીએ? આડોશી-પાડોશી સૌને બોલાવીને, સંઘ લઇને દર્શન કરવા નીકળીએ છીએ. પણ એક વ્રજભકત તો સવારના પહોરમાં યશોદાજીને ત્યાં જઇને કહે છે, 'આઇ હૌં ધાય, થંભાય સાથકો પ્યારે મોહન દૈહો જગાઇ' હું તો એકલી દોડતી આવી છું. સૈયરોને રોકી છે, અને એની રાહ જોવા હું ઊભી નથી. 'પ્યારે મોહન દૈહો જગાઇ'- તમારા પ્યારા મોહનના મને દર્શન કરાવો. પ્રભુનાં દર્શન કરવા જઇએ ત્યારે કોઇની વાટ જોવી નહીં. દર્શન ન થાય ત્યાં સુધી મોંથી ભગવન્નામ લીધા સિવાય કોઇ લૌકિક વાત કરવી નહીં, મંદિરમાં બેસીને કોઇ લૌકિક વાત કરીએ તો એનો ભારે અપરાધ લાગે છે. પ્રભુ એનાથી અપ્રસન્ન થાય છે.

હમણાં એક ગામમાં વાર્તા માટે જવાનું થયું. ખૂબ સારી વૈષ્ણવસૃષ્ટિ છે, ભાવપ્રધાન છે; પણ મંદિરમાં એટલી બધી વાતો ચાલે કે મંદિરમાં કીર્તનિયા કીર્તનની કઇ પંકિત ગાય છે, તે પણ સંભળાતી નહીં. ત્યાંના કેટલાક વૈષ્ણવોને પણ એનું ભારે દુઃખ હતું. છેવટે એક દિવસ ત્યાંના સૌ વૈષ્ણવોને હાથ જોડીને વિનંતી કરી અને એમને ઠાકોરજીની સન્મુખ પ્રતિજ્ઞા લેવડાવી કે અમે મંદિરમાં ઓટલો

ચડયા પછી લૌકિક વાત કરીશું નહીં. અલૌકિક ભગવન્નામ લઇશું અને મૌન રાખીશું. એમને મેં કહેલું કે હજુ ત્રણ દિવસ છું, ત્રણ દિવસમાં જો લૌકિક વાત થતી સંભળાશે તો હું નિર્જળ ઉપવાસ કરીશ. એ ત્રણ દિવસ સુધી તો એ વૈષ્ણવોએ ભગવન્નામમાં ચિત્ત પરોવ્યું. ભગવદીયોના વચનમાં મને શ્રદ્ધા છે એટલે આજે પણ એ ગામના વૈષ્ણવો પ્રભુની સન્મુખ લૌકિક વાતો કરતા અટકી ગયા હશે.

ભગવદ્-મંદિરમાં જયાં જઇને બેસીએ ત્યાં કૃપા કરીને કંઇ ન આવડે તો અષ્ટાક્ષરમંત્રનું મનમાં રટણ કરો, પણ લૌકિક વાતમાં ચિત્ત લાવશો નહીં. આપણે જો બીજાની કોઇ વાત સાંભળવામાં રસ ન લઇએ તો પછી બાજુનો માણસ આપણી આગળ કઇ વાત કરશે? વાતોમાં રસ લેનાર મળે છે, ત્યારે મારા જેવા વાતો કરનાર મળી આવે છે. એમને લીલાલહેર થઇ જાય છે. મંદિરમાં લૌકિક વાતો થતી આગ્રહપૂર્વક રોકવી જોઇએ અને જો લૌકિક વાત મંદિરમાં થઇ જાય તો એના પ્રાયશ્ચિત રૂપે, ઉપવાસ કરીને પ્રભુ પાસે ક્ષમા માગવી જોઇએ. આ ભાવ જો આપણે લાવીશું તો આપણાં મંદિરો પ્રભુનાં દર્શન ન થતાં હોય એ સમયમાં ભગવન્નામ લેવાનું આદર્શ સ્થાન બની રહેશે.

સેવા કરતાં લૌકિક વાત કરવી એ મહાન અપરાધ છે, કારણ મોંના છાંટા ઊડે છે, તો અપરાધ થાય છે. લૌકિક વાતોથી વૈષ્ણવોએ એવા ડરી જવું જોઇએ. તો જ હૃદયમાં દર્શન માટેનો તાપ ઝળકશે. આપ આજ્ઞા કરે છે કે જયારે લૌકિક પદાર્થોમાંથી, લૌકિક વ્યકિતઓ, વાતો અને વિષયોમાંથી મોહ છૂટી જઇ પ્રભુમાં લાગી જાય, ત્યારે માનવું કે પ્રભુમાં આપણો સાચો પ્રેમ પ્રગટ થયો છે. લૌકિકમાં આપણે જેને પ્રેમ કહીએ છીએ એ લોહી-ચામડીના રૂપનો મોહ છે. સાચો પ્રેમ વિષયવાસનાને ઉત્તેજતો નથી, પણ હૃદયમાં અલૌકિક પ્રસન્નતા પ્રગટાવે છે. દેહના ભોગ ભોગવવા એ સાચો પ્રેમ નહિ, પણ વિષયાનંદ છે. પ્રભુના સ્વરૂપનો આનંદ માણવો એ સ્વરૂપાનંદ છે, સાચો પ્રેમ છે. લૌકિકમાંથી આપણી રુચિ જતી રહે, ઇચ્છાઓ નાશ પામે, જળકમળવત્ જીવન જીવાય અને પ્રભુના સ્મરણમાં મન વધુ ને વધુ અનુરાગી બને એ સાચો પ્રેમ.

શ્રીદયારામભાઇ ‘ભકિતપોષણ’માં પ્રેમનું લક્ષણ બતાવે છેઃ પ્રભુમાં આપણને પ્રેમ થયો છે કે નહિ એની પરીક્ષા કેવી રીતે કરવી? પ્રભુ પ્રત્યેનાં ચાર લક્ષણો જણાય તો માનવું કે પ્રભુ ઉપર હૃદયનો સાચો પ્રેમ છે. પહેલું લક્ષણ છે દૃગ્રુચિ. પ્રભુનાં વારંવાર દર્શન કરવાની આંખોને રુચિ થાય, દર્શન કરવામાં અલૌકિક આનંદ આવે, લૌકિકમાં સંસારની તકલીફો વેઠીને દર્શન કરવા જવાનું સદાયે મન થાય,

એનું નામ દગ્રુચિ. પેલા ગોપીજન દીવો પ્રગટાવવાને બહાને નંદાલયમાં દર્શન કરવા ગયાં. ત્યાં દીવો પ્રગટાવવા લાગ્યાં,પણ ધ્યાન નંદનંદનના સ્વરૂપમાં છે. દીવો પ્રગટયો પણ સાથે હાથે દાઝયો તેનું ભાન નથી, એનું નામ દગ્રુચિ. ગમે તેટલા ધક્કા વાગતા હોય, પણ શ્યામસુંદરનાં નેત્રો અને ચરણમાં મન લાગેલું હોય, આજુબાજુનાઓની સાથે ઝઘડવામાં ધ્યાન ન રહે ત્યારે માનવું કે પ્રભુના દર્શનમાં પ્રેમ થયો છે. દગ્રુચિ સાથે જોડાયેલું બીજું લક્ષણ છે રુચિ. દર્શન ન થાય ત્યારે વારંવાર યાદ આવ્યા કરે કે દર્શન કયારે થશે? દર્શન કયારે થશે?

ત્રીજું લક્ષણ છે અભિલાષા. મનમાં સતત દર્શનની-અભિલાષા-ઈચ્છા થયા કરે. અને ચોથું લક્ષણ છે ઉદ્‌વેગ. દર્શનનો વિરહ થતાં મનમાં ઉદ્‌વેગ થાય, દુઃખ થાય, તાપ જન્મે. દગ્રુચિ, અભિલાષા અને ઉદ્વેગ-પ્રેમનાં આ ચાર લક્ષણો છે.

શ્રીદયારામભાઇ કહે છે કે પ્રેમ થવાનાં દુનિયામાં જે ત્રણ કારણો છે એ જ પ્રભુમાં પણ ઘટાવી શકાય. એક તો રૂપ જોઈને પ્રેમ થાય, 'કન્યા વરયતે રૂપમ્.' બીજું, એના ગુણ જોઈને પ્રેમ થાય અને ત્રીજું, જેની પાસે ત્રણ 'એફ' હોયઃ ફલેટ, ફિયાટ અને ફ્રિઝ-એને પ્રેમ થાય, અર્થાત્ જેની પાસે ધનવૈભવ હોય તેને આપણે પ્રેમ કરીએ છીએ; કારણ કે આપણે સ્વાર્થી મનુષ્યો છીએ. પણ પ્રભુનું રૂપ અલૌકિક છે. પ્રભુના ગુણ માનવીય ગુણ કરતાં અનેક ગણા અલૌકિક છે અને પ્રભુ સર્વથી વિશેષ સાધનસંપન્ન ત્રિભુવનનાયક છે. એમનામાં વિકાર રહિત સહજ પ્યાર કરવો એ જીવનું કર્તવ્ય છે.

શ્રીહરિરાયજી પ્રેમનું લક્ષણ બતાવ્યા પછી એ ભકિતના વૃક્ષનાં પુષ્પ બતાવે છે. આસકિત એ ભકિતરૂપી વૃક્ષનું પુષ્પ છે, જયારે વસંત ઋતુ આવે છે ત્યારે વૃક્ષને નવી કૂંપળો ફૂટે છે. હૃદય પ્રભુના સ્નેહથી ભીંજાય એટલે એમાં પ્રેમ જન્મે. પછી એના ઉપર આસકિતનાં પુષ્પ આવે. પ્રભુને પ્રાપ્ત કરવાની-પ્રભુને મળવાની અધિક ને અધિક આર્તિ જન્મે. કયારે મળું? એમ થયા કરે, એનું નામ આસકિત. લોક અને વેદમાં, દેહ અને ગેહમાં આપણને તત્પર રાખવાને બદલે એનાથી આપણું મન છોડાવી દે. ઘરમાં રહેવા છતાં ઘરમાં આપણી આસકિત ન રહે, કુટુંબની સર્વ જવાબદારીઓ વહન કરવા છતાં કુટુંબમાં આપણી આસકિત ન હોય, લૌકિક કાર્યો પણ આપણે કાપટયથી કરતા હોઈએ. કેવળ આપણું મન પ્રભુની લીલામાં લાગેલું રહે એ સિવાય ચિત્તને ચેન પડે નહિ. હવે ''ભર ભર આવે નૈના, ચિત્ત ન પડે ચૈના.'' એવી શરીર અને મનની સ્થિતિ થઇ આવે, એનું નામ આસકિત. ઘર હવે સોહાતું નથી. ઘરનાં બંધન હવે ધીરે ધીરે તૂટી રહ્યાં છે.

શ્રીદયારામભાઇ આસકિતનું લક્ષણ બતાવે છે. આખા દિવસમાં એક વાર પણ દર્શન ન થાય તો વિકળ થવાય, એ આસકિત કહેવાય. લૌકિકમાં જોઇએ છીએ કે ઘણી વ્યકિતઓ જો દિવસમાં એકાદ વાર એમના સ્નેહી જનને ન મળે તો એમને ચેન ન પડે. કદાચ ન મળાય તો છેવટે ફોન કર્યા સિવાય એમને નિદ્રા ન આવે. દુનિયાની સર્વ જવાબદારીનાં કાર્યો ઉપાડવા છતાં પણ એમનું ચિત્ત પેલા સ્નેહીજનમાં લાગેલું રહે.

આસકિતનાં ત્રણ લક્ષણ દયારામભાઇ બતાવે છેઃ વ્યાધિ, પ્રલાપ અને ઉન્માદ. વ્યાધિ એટલે રોગ. કેટલાંક અનન્ય ભકતોનાં શરીર રોગી જણાય છે. કેટલીક વાર ડોકટર એમ કહે કે તમારા શરીરમાં રોગ દેખાતો હોવા છતાં એનું કારણ અમને દેખાતું નથી. તમારો રોગ કંઇક વિચિત્ર છે. એની કોઇ દવા અમારી પાસે નથી. અહીં પ્રભુ કયારે મળે એના ઉત્કટ ભાવની શરીર પર અસર થયેલી છે, માટે એ રોગ આસકિતનું એક ચિહ્ન છે. ભગવદીયો કદી રોગથી ડરતા નથી, વિહ્વળ બનતા નથી. રોગના શરણે જતા નથી, રોગથી મોહિત અને ભ્રમિત પણ થતા નથી. દેહના દંડ ભલે દેહ ભોગવે, ભગવદીયોને એની પરવા નથી. એમને તો એમનાં હૃદય, મન અને ચિત્તની પરવા છે કે એ રોગિષ્ઠ ન બને. એ લૌકિક આસકિતમાં ફસાયેલું ન રહે. એ કેવળ પ્રભુના અનુરાગના વિચારમાં મસ્ત રહે, પછી ભલે ને દુનિયામાં જેટલા રોગ હોય એટલા શરીર ઉપર કબજો જમાવે. અનેક મહાનુભાવો-ભગવદીયોનાં ભગવત્કૃપાથી દર્શન થયાં છે. કે અસાધ્ય રોગે જેમનું શરીર ગ્રસી લીધું હોય, પણ એમનું હૃદય દુર્બળ બન્યું ન હોય. ભગવત્સેવામાં પ્રભુને લાડ લડાવવામાં એ રોગનો ઉપદ્રવ કયાંય આડે આવતો ન હોય. આમ, વ્યાધિ એ આસકિતનું એક લક્ષણ છે.

પ્રભુમાં મન આસકત થઇ ગયું છે, એવા ભકતો દુનિયાનું સાન ભાન ગુમાવીને કયારેક પ્રલાપ કરતા આપણને જણાય છે. પ્રલાપ પ્રભુને પામવા માટેની આસકિતનું બીજું પ્રગટ સ્વરૂપ છે.

ત્રીજું છે ઉન્માદ. ભકતો કયારેક ગાંડા જેવા જણાય છે, ઉન્માદી હોય છે. કયારેક જગતની પ્રતિષ્ઠા અને વ્યવહારને ભૂલીને નાચવા લાગી જાય, કયારેક ભગવત્કૃપામાં મસ્ત બનીને ગાવા લાગી જાય, કયારેક રડવા લાગી જાય. એમની આંખોમાં ભગવત્પ્રેમની ઝલક સિવાય બીજું કંઇ હોય નહીં, દેહ-ગેહનું ભાન ભૂલી ગયા હોય, એવો ઉન્માદ ભગવદ્ભકતમાં ઘણી વાર અનુભવવા મળે છે.

આમ વ્યાધિ, પ્રલાપ અને ઉન્માદ એ ત્રણેય ભગવદ્-આસકિતનાં લક્ષણો છે.

ભગવદ્‌આસકિતરૂપી પુષ્પ ખીલ્યું છે. હવે જરૂર એના ઉપર ફળ આવવાનાં છે. શ્રીહરિરાયચરણ હવે ભકિતરૂપી વૃક્ષના લૌકિક ફળનું નિરૂપણ કરે છે.

આપ આજ્ઞા કરે છે, પરિતાપ થાય એટલે પ્રભુને મેળવવાની ઉત્કટ અભિલાષા જાગે. જે પરિતાપ ભગવદ્‌ભકતને પોતાના શરીરનુંયે ભાન ભુલાવે, સ્નેહ-પ્રેમ સ્મૃતિ કરાવે, અહંકાર અને ગર્વનો નાશ કરે, જગતના સર્વ પદાર્થોમાં કેવળ શ્રીકૃષ્ણનું જ સ્મરણ કરાવે; પરિતાપમાં ભૂખ, તરસ આદિ દેહના સર્વ ધર્મને ભૂલી જઈને કેવળ ભગવત્‌સ્વરૂપમાં છકયો રહે, નેત્રોનાં આંસુ પણ ખૂટી ગયાં હોય, વાણીના શબ્દો વિરમી ગયા હોય ત્યારે એના હૃદયની પ્રત્યેક તંત્રી ગાતી હોય, ‘શ્રીગોવર્ધનવાસી સાંવરેલાલ, તુમ બિન રહ્યો ન જાય, વ્રજરાજ લડેતે લાડિલે’ કેવો ઉત્કટ વિરહ છે ચતુર્ભુજદાસજીનો! મહા વદ સાતમને દિવસે શ્રીનાથજી-શ્રીકૃષ્ણ વ્રજ છોડીને જયારે મથુરા પધારી ગયા, મંદિરમાં સર્વોદ્ધારક પ્રભુનાં દર્શન ન થયાં, ત્યારે ગોવિંદકુંડની પાસે વૃક્ષ નીચે બેઠેલા ચતુર્ભુજદાસજી નેત્રોમાં અશ્રુઓ વહેવડાવે છે. શ્રીનાથજીનાં ધજાજી સામે ઘડીક નીરખે છે, તો ઘડીક મથુરાના માર્ગે જાુએ છે. એક દિવસ થયો, બે દિવસ થયા, ત્રણ દિવસ થયા, ત્રણ-ત્રણ મહિના અને ઉપર દિવસો વીતી ગયા. ભૂખતરસ વીસરાઈ ગયાં, ઘરબાર ભુલાઈ ગયાં, નેત્રોનાં અશ્રુયે સુકાઈ ગયાં. આક્રંદ કરતાં રોમ-રોમ ‘વ્રજરાજ લડતે લાડિલે’ને પોકારી રહ્યાં છે. આવો પરિતાપ ઉદય પામે છે, ત્યારે પ્રભુ વિના દેહ ટકી શકતો નથી. શ્રીગોકુલેશ પ્રભુના અનેક ભગવદીયોએ જાણ્યું કે શ્રીગોકુલેશ પ્રભુએ આસુરવ્યામોહ લીલા કરી, ત્યારે એમના પ્રાણ અનાયાસે છૂટી ગયા! આવો છે ઉત્કટ વિરહતાપ! જેની એકાદ ક્ષણ લૌકિક આવેશમાં દુર્લધ છે, માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી ‘વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ’ વિષયવાસનામાં ખરડાયેલા, ડુકકરની જેમ રાચતા મનમાં કદી અલૌકિક ભગવત્‌સ્વરૂપ પધારતું નથી, અનુભૂતિ થતી નથી. આવા સ્વરૂપનું વિરહતાપથી ભાવન કરવું. સદાય એના ભાવનમાં છકયા રહેવું. જગતનાં સર્વ સ્થળ-કાળમાં એમનું જ ચિંતન અને દર્શન થવું, દેહ-ગેહની વિસ્મૃતિ થવી, અહંતા-મમતાના પ્રપંચ સદાયને માટે નાશ પામવા. એનું બીજાું નામ છે વ્યસન.

દયારામભાઈએ આ વ્યસનનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે વ્યસનનું લક્ષણ છે બહુ નાનું, પણ હૃદયસોંસરું ઊતરી જાય એવું. સામાસામી હૃદય વીંધાય. ભકત પ્રભુનાં દર્શન માટે વિરહભાવથી પ્રભાવિત થાય, એમ પ્રભુ પણ ભકતના વિરહી બને. વ્યસનનું આ સ્વરૂપ છે.

લૌકિક ભાષામાં આપણે એમ કહીએ છીએ કે જે પદાર્થ વિના આપણે રહી ન શકીએ, ચિત્ત અસ્વસ્થ બની જાય, વ્યગ્ર બની જાય તો એનું આપણને વ્યસન છે. કોઇકને છીંકણીનું વ્યસન હોય, કોઇકને ચાનું વ્યસન હોય. એમ અલૌકિકમાં જીવ જયારે પ્રભુ વિના રહી ન શકે અને જીવ વિના પ્રભુ પણ રહી ન શકે. એવી અવસ્થા જયારે ભગવત્કૃપાથી પ્રાપ્ત થાય, ત્યારે તે વ્યસન અવસ્થા છે, શુદ્ધ પ્રેમની એ અવસ્થા છે, જે અવસ્થા ગજન ધાવનને પ્રાપ્ત થઇ હતી શ્રીનવનીતલાલજીનાં પાન લાવવાની સેવાની આજ્ઞા થઇ. રાજભોગ આવ્યા છે અને ગજન ધાવનજી પાન લેવા માટે ગયા છે. મંદિરની બહાર પગ મૂકતાંમાં તો પ્રભુ વિના બેહોશ થઇ ગયા અને અંદર શ્રીનવનીતલાલજીએ આજ્ઞા કરી કે મારો ગજન નહીં આવે ત્યાં સુધી હું રાજભોગ નહીં આરોગું. આવી ઉભયની- પ્રભુની અને જીવની પરસ્પર માટેની ઉગ્ર પ્રીતિ એ વ્યસનનું સ્વરૂપ છે એમ શ્રીદયારામભાઇ આજ્ઞા કરે છે - સામાસામી હૃદય વીંધાય. એમણે વ્યસનના બે પ્રકાર બતાવ્યા છે, અનેક લક્ષણો બતાવ્યાં છે : 'પ્રકાર વ્યસન તણા બે કહિયે, જડતા ને વળી મૂર્છના.' એ ભગવદ્‌ભકત વ્યસન-અવસ્થામાં જડ બની ગયો હોય; બાહ્ય રીતે, લૌકિક રીતે પોતાનાં સાન-ભાન ગુમાવી બેઠો હોય, અવું આપણને લાગે. બહાવરો બની ગયેલો લાગે અને કોઇ લૌકિક વાતનું ભાન ન જણાય.

આસકરણજીને જયારે આવી વ્યસન અવસ્થા સિદ્ધ થયેલી, ત્યારે પોતાના ઉદરની ક્ષુધા અને તૃષાનો એમને ખ્યાલ નહોતો રહેતો. એમને જે કાળે જે કંઇ પીરસવામાં આવે તે લઇ લેતા. શ્રીગુસાંઇજીએ પણ આજ્ઞા કરેલી કે આસકરણજીનું ધ્યાન રાખવું. ભગવલ્લીલામાં છકયું રહેતું એમનું મન તમારી પાસે મહાપ્રસાદ કે જળ માગશે નહીં, માટે એમનું ધ્યાન રાખજો, માટે તો શ્રીશોભાબેટીજીએ શ્રીનવનીતલાલજીના રાજભોગનો થાળ એમને ધરી દીધો હતો અને શ્રીનવનીતલાલે આજ્ઞા કરી કે કાકાજી, હું આજે બે વખત રાજભોગ આરોગ્યો છું.

વ્યસનનું બીજું લક્ષણ છે દેહ બેહોશ થઇ જાય, દુનિયાનું કંઇ ભાન રહે નહીં. આવી વ્યસન-અવસ્થાનું વર્ણ શ્રીહરિરાયચરણે કર્યું. ભકિતરૂપી વૃક્ષનું આ અલૌકિક ફળ છે.

શ્રીદયારામભાઇ વ્યસન પછીની પણ એક મૂર્ધન્ય અવસ્થા બતાવે છે, તેનું નામ આપે છે તન્મયતા. તનમન અંતઃકરણપૂર્વક પ્રભુમાં એવાં તન્મય બની જાય કે આપણને તો એમ લાગે આ વ્યકિતનું જાણે મૃત્યુ થઇ ગયું છે. દયારામભાઇ કહે છે, એનું એક જ લક્ષણ-મૃત્યુ જેવું-ઘડીભર આપણને લાગે ખરું, પણ 'મરણ નહિ છેક.' વાસ્તવમાં એ મૃત્યુ હોતું નથી. એના હૃદયમાં પ્રભુની લીલાની તન્મયતા છે.

એ આપણે લૌકિક જીવો જાણી શકતા નથી. આવી તન્મયતાનો અનુભવ શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુંસાંઇજીએ પોતાના અનેક ભગવદીયોને કરાવ્યો છે. એ ભગવદીયોને જયારે ફરીથી શુદ્ધિમાં લાવવામાં આવ્યા ત્યારે એમણે વિનંતી કરી કે કૃપાનાથ, અમને બહુ આનંદ હતો. એમાંથી અમારું મન પાછું કેમ ખેંચી લીધું? આવી તન્મયતાની ઉત્કટ અવસ્થા, ભાવની ચરમ સિદ્ધિ છે. પ્રભુમાં એવી તન્મયતા થઇ જાય કે પ્રભુ સિવાય બીજું કયાંય હવે કાંઇ નથી.

શ્રીહરિરાયચરણે આમ કિશોરલીલાના સ્વરૂપ દ્વારા વૃંદાવનચંદ્ર વિહારીનું સ્મરણ કરવાની અને ભાવપૂર્વક એ સ્વરૂપનાં દર્શન બની આવે એની દિદક્ષા રાખવાની આજ્ઞા કરતાં પ્રેમ આસકિત અને વ્યસન કેવી રીતે ભગવત્‌કૃપાથી થાય, એનું સ્વરૂપ બતાવ્યું.

આપણને પૂછવાનું મન થાય કે શું આ પ્રેમ, આસકિત અને વ્યસન એ જીવસાધ્ય છે? જવાબ છે ના. જીવ પોતાની કૃતિથી કે પોતાના પ્રયત્નોથી અલૌકિક પ્રેમ, આસકિત અને વ્યસનોનાં સોપાનો સર કરી શકતો નથી. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે એ તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ સુપ્રાપ્ય છે. માટે સર્વે પુષ્ટિજીવોએ શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો દ્દઢ આશ્રય કરવો જોઇએ.

પ્રેમ, આસકિત અને વ્યસન અવસ્થાને પ્રાપ્ત કરનારા જીવો આટલા બધા સુદુર્લભ છે એનું કારણ શું? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે તે આજના સમયમાં આપણે સૌએ એકચિત્તે શ્રવણ કરીને શ્રીમહાપ્રભુજીનું ચિંતન કરી, સદાય હ્રદયમાં ધારણ કરવા જેવી છે. શ્રીહરિરાયચરણે એનું કારણ આપ્યું છે, સ્વમાર્ગમાં નિષ્ઠાનો આપણો અભાવ ભગવત્પ્રાપ્તિ ન થવાનું જો કોઇ મુખ્ય કારણ હોય, તો તે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને આપણા જીવોના ઉદ્ધાર માટે જે પુષ્ટિમાર્ગ બતાવ્યો એ માર્ગે ચાલવાની શ્રીવલ્લભની આજ્ઞાઓને શબ્દશઃ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી પાળવાની આપણી નિષ્ઠાનો અભાવ છે. પરિણામે, આપણે ભગવત્પ્રાપ્તિથી યોજનો દૂર છીએ.

લૌકિકમાં પણ જે કાર્ય કરવું હોય, તે સાચા હ્રદયથી કરવામાં ન આવે તો એમાં કશી બરકત આવતી નથી. એનું ઉત્તમ પરિણામ મળતું નથી. અત્યારે વિદ્યાર્થીઓનો દાખલો આપણી સામે છે. પરીક્ષા માટે, અભ્યાસ માટે પ્રયત્નશીલ બનવામાં એમની અભ્યાસનિષ્ઠા રહી નથી. અભ્યાસનિષ્ઠાના અભાવે, એજે કંઇ કરે છે એનું ભલે બીજું ગમે તે પરિણામ આવતું હોય; પણ એમના જ્ઞાનની વૃદ્ધિ અને દ્દઢતા તો નથી જ નથી. જેમ આપણે કોઇ કાર્ય સંભાળીએ, વ્યવસાય કે નોકરી

કરીએ, એમાં આપણી પૂરેપૂરી નિષ્ઠા ન હોય તો એ કાર્ય કદી સારી રીતે થઇ શકતું નથી. 'મન વિના માળવે ન જવાય' એ કહેવતની આ નિષ્ઠા સાથે બહુ સંગતિ છે. નાચવું નથી એને હંમેશાં આંગણું વાંકું લાગે છે.

શ્રીવલ્લભનાં ચરણોમાં દૃઢ આશ્રય રાખીને, એમના સિદ્ધાંતોનું શબ્દશઃ પાલન કરવું નથી, એના હૃદયમાં અનેક અસંભાવનાઓ અને વિપરીત ભાવનાઓ વિચારાય છે અને પરિણામે શ્રીવલ્લભના કૃપામાર્ગના અનુયાયી આપણે બની શકતા નથી. શ્રીહરિરાયચરણે આ માર્ગનિષ્ઠા કેવી રીતે આપણને પ્રાપ્ત થાય એ માટેનું સુંદર સ્વરૂપ આ નવમા શિક્ષાપત્રના અંતે આપણને બતાવ્યું કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કેવળ શબ્દો અને વાણીથી થતો નથી. આપણે બોલ્યા કરીએ કે "દઢ ઇન ચરનન કેરો ભરોસો" એટલે એ ચરનનમાં દઢ ભરોસો થઇ જતો નથી. ભગવદ્વાર્તામાં અંતે તો રોજ ગાઇએ છીએ, "દઢ ઇન ચરનન કેરો ભરોસો;" પરંતુ બહાર નીકળીને કોઇક બીજાનો ભરોસો કરતાં રાત ખેંચીએ છીએ અને નિરાંતે નિંદ માણીએ છીએ. કેવળ વાણીથી જો ભરોસો દઢ થતો હોત, તો તો અનેક વાચાળોને શ્રીવલ્લભનો દઢ ભરોસો થઇ ગયો હોત. એક ગુજરાતી લેખકે કહ્યું એમ : પ્રેમનો લાડુ વાતો કરવાના પોચટ પાણીથી બંધાતો નથી, એમાં તો જોઇએ છે ખપી જવાની તાકાતનું પાકી તાવણનું ઘી. શ્રીવલ્લભ માટે મન, વચન અને કર્મથી એમનાં સેવાસ્મરણ માટે અને આજ્ઞાપાલન માટે આપણે તત્પર છીએ ખરાં? જો એ આજ્ઞાપાલનમાં તત્પર બનીએ, આસકત બનીએ તો જ એમનો આશ્રય સિદ્ધ થાય છે અને આશ્રય સિદ્ધ થતાં અનુરાગસિદ્ધિ થાય છે.

શ્રીહરિરાયચરણ અહીંયાં બહુ સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય દઢ થયો કયારે જાણવો? જયારે પુષ્ટિમાર્ગમાં આપણી નિષ્ઠા થાય. પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને કેવળ વાતોનાં વડાં કરીને ન મમળાવીએ, પણ એના ભગવદીયો સાથેના ચિંતનના પરિપાક સ્વરૂપે એને જીવનમાં મન, વચન અને ક્રિયાથી ઉતારીએ તો આશ્રય દઢ થાય. જીવ વિચાર કરે કે હું મારી બુદ્ધિથી, જ્ઞાનથી માર્ગની નિષ્ઠા મેળવી લઇશ; સંસ્કૃતનો હું ઉત્તમ પંડિત છું, વિદ્વાન છું. એમ. એ. થયેલો છું. આચાર્યપદવી પ્રાપ્ત કરેલી છે, સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ છે, હું શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રંથ, નિબંધ, સુબોધિનીજી ભાષ્ય આદિ સર્વેને સમજી લઇશ; તો જીવ પોતાની બુદ્ધિથી શ્રીવલ્લભના સિદ્ધાંતોને સમજી શકતો નથી. 'જો લૌં હરિ આપુન પે ન જનાવે, તો લૌં યહ માર્ગકો સિદ્ધાંત પઢે સુને નહીં આવે' શ્રીવલ્લભના સિદ્ધાંતોને સમજવા માટે શ્રીગુરુદેવની કૃપા જોઇએ. જેમના દ્વારા

આપણને બ્રહ્મસંબંધ પ્રાપ્ત થયું એવા શ્રીગુરુદેવ, એવા શ્રીવલ્લભકુળ, જેમના હૃદયમાં 'સ્વવંશે સ્થાપિતઃ અશેષસ્વમાહાત્મ્યઃ' સ્વરૂપે શ્રીવલ્લભ સદાકાળ બિરાજે છે. પોતે જ પોતાની આજ્ઞાઓને વધારે સ્પષ્ટ સ્વરૂપે સમજાવે છે, એવા આપણા આ મહાનુભવોનાં વચનામૃતોનું દીનતાથી, શ્રદ્ધાથી, વિશુદ્ધ બુદ્ધિથી શ્રવણ અને ચિંતન કરીને આપણી બુદ્ધિને જો એમાં જોડીએ તો એ માર્ગમાં નિષ્ઠા થાય. શ્રીગોપેશ્વરજી ટીકામાં સ્પષ્ટ આજ્ઞા કરે છેઃ આપણી બુદ્ધિ આ વચનામૃતોને સમજવા માટે જ વાપરવી, આપણી પોતાની બુદ્ધિથી એ વચનામૃતનો અનુવાદ ન કરવો.

એક વૈષ્ણવ કહેતા હતા, 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથનો જે અર્થ કરવામાં આવ્યો છે, તે સાચો નથી. એનો સાચો અર્થ શ્રીદામોદરદાસ હરસાનીજીને શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો અને શ્રીદામોદરદાસ હરસાનીજીની સિદ્ધાંતરહસ્ય ગ્રંથની કોઇ ટીકા આપણી પાસે પ્રમાણિત સ્વરૂપે છે? તેમણે કહ્યું ના, પણ મારા હૃદયમાં બિરાજીને શ્રીદામોદરદાસ હરસાનીજીએ મને જે અર્થ સમજાવ્યો, એ જ સાચો અર્થ. મારે એમને દીનતાથી અને વિવેકથી કહેવું પડયું કે જો તમારા હૃદયમાં દામોદરદાસજી બિરાજતા હોય તો શું શ્રીદામોદરદાસજી અને શ્રીવલ્લભ, શ્રીગુસાંઇજી, શ્રીગોકુળનાથજી આદિ શ્રીવલ્લભકુળના હૃદયમાં નથી બિરાજતા? એમની જે ટીકાઓમાં એમણે જે વચનામૃતો કર્યાં એ શું ખોટાં અને તમે કહો તે જ સાચાં? આ પરિકલ્પિત બુદ્ધિ છે. આવી બુદ્ધિથી શ્રીવલ્લભનાં વચનામૃતોનો અનુવાદ ન કરવો જોઇએ એમ શ્રીહરિરાયચરણ સ્પષ્ટ આજ્ઞા કરે છે. આપણે પોતે શ્રીવલ્લભની વાણીનો કદી અનુવાદ ન કરવો; કારણ કે એ આપણા હૃદયનું સામર્થ્ય નથી. આપણી બુદ્ધિની શકિત કેટલી? લૌકિકમાં રચ્યુંપચ્યું આપણું હૃદય અને આપણી બુદ્ધિ શ્રીવલ્લભના આ અલૌકિક સિદ્ધાંતોને શું જાણી અને સમજી શકે? માટે સ્વબુદ્ધિથી નહીં, પરંતુ શ્રીગુસાંઇજી આદિ આપણા મહાનુભાવોએ આપણને શ્રીવલ્લભની વાણીનો જે પ્રકાશ બતાવ્યો છે, એનું જ કેવળ ભાવન અને ચિંતન કરીને શ્રીવલ્લભના સિદ્ધાંતોનો અનુવાદ કરવો. આપણી ભાવના અને મન કલ્પિત અર્થમાં લગાડવાં નહીં. શ્રીહરિરાયચરણ ફરીથી એના ઉપર ભાર મૂકે છે. માની લો કે શ્રીવલ્લભની વાણીમાં સમજ નથી પડતી. એમ લાગે કે નહીં શ્રીવલ્લભ કંઇક જુદી જ વાણી કહી રહ્યા છે, તો એ વાણીના અર્થાનુસંધાન માટે આપશ્રીના અન્ય ગ્રંથોના સ્વારસ્યને જાણીને, મૂળના ક્રમને વિચારીને શ્રીવલ્લભની આજ્ઞાને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. આમ, આપણે શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતથી, એ વચનામૃત શ્રીગુસાંઇજી આદિ આપણા પરમ પૂજ્ય મહાનુભાવોથી અલૌકિક વાણીના પ્રકાશથી સમજીએ. સ્વબુદ્ધિથી એનો અર્થ ન કરતાં માર્ગના સિદ્ધાંત અનુસાર એના અર્થને

વિચારીને શ્રીમહાપ્રભુજી આદિ આપણા શ્રીપ્રભુચરણોની મન-વચન-કર્મની એકાગ્રતા કરવામાં આવે તો જરૂર શ્રીવલ્લભની સ્વરૂપાત્મક વાણી આપણી ઉપર કૃપાદાયિની બનશે અને સ્વમાર્ગનો પ્રકાશ આપણાં હૃદયમાં કરાવશે. એ પ્રકાશના અનુસંધાનમાં સ્વમાર્ગમાં આગળ વધવાની નિષ્ઠા આપણામાં આવશે. એ માર્ગે આગળ વધવાની ગતિ, શકિત અને રતિ પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણને પ્રાપ્ત થશે અને એમ થતાં શ્રીમહાપ્રભુજીનો આપણને દૃઢ આશ્રય થશે. આવો આશ્રય અંધશ્રદ્ધાયુકત ન હોય. આપણો આશ્રય સાચી શ્રદ્ધા અને સિદ્ધાંતોના જ્ઞાન અને આચરણ દ્વારા પુષ્ટ થયેલ હોય, તો એ શ્રીવલ્લભના સ્વરૂપમાં અનુરાગ પ્રગટાવનારો બનશે.

અંતે, શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીવલ્લભના સ્વરૂપમાં ભાવ-ભાવનમાં આપણને ઘણી બાધકતાઓ નડે છે, કારણ કે એમાં આપણો ભાવ પ્રસ્થાપિત થતો નથી, દૃઢ થતો નથી. તેનાં આપે બે કારણ બતાવ્યાં છે. એક અસમર્પિત પદાર્થોનું ભોજન. અસમપિત પદાર્થો જે લે છે એના હૃદયમાં કદી ભગવત્સ્વરૂપ સ્ફુરાયમાન થતું નથી. અન્નનો દોષ એના પ્રાણ-કોષોને બાંધનારો બને છે, અને દૂષિત કોષો એના હૃદયને શુદ્ધ બનાવતા નથી. અસમર્પિત એ મહાન દોષ છે, એ દોષથી વૈષ્ણવોએ સદાય દૂર રહેવું જોઇએ. પોતાનાથી જે બને તે 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા' સિદ્ધાંત પ્રમાણે પ્રભુને સ્વમાર્ગની રીતે અંગીકાર કરાવીને પોતાનો જીવનનિર્વાહ કરવો જોઇએ.

બીજું કારણ છે, જીવ ભગવત્સિદ્ધાંત ને લીલાઓના સત્સંગમાં તત્પર બનવાને બદલે લૌકિક વૃત્તિઓ, લૌકિક વિચારો, લૌકિક વાતોના સંગમાં રચ્યો પચ્યો રહે છે. એ બેના પરિણામે ભાવનું સ્વરૂપ તેના હૃદયમાં પ્રગટ થતું નથી. અને તેથી જ શ્રીહરિરાયચરણ નવમા શિક્ષાપત્રના અંતે આજ્ઞા કરે છે કે : દુઃસંગને છોડી દો. શ્રીઆચાર્યચરણના આશ્રયને દૃઢ કરો. શ્રીગુરુદેવ અને તદીય ભગવદીયોના સંગમાં રહીને સ્વમાર્ગે વિચરો. વિષયવાસનામાંથી મુકત બનો. જીવનમાં યથાલાભ સંતોષ માની, એ ભાવનાથી જીવન વ્યતીત કરો અને એમ કરતાં કરતાં સદાનંદ એવા પ્રભુની ફળપ્રાપ્તિ માટે સદાનંદ એવા પ્રભુનું સદાય સેવાસ્મરણ અને ભાવન કરો, તો ભગવદ્પ્રાપ્તિ થાય. ભગવત્પ્રાપ્તિનો ઉત્તમમાં ઉત્તમ આ રાજમાર્ગ છે.

અંકશાસ્ત્રની દૃષ્ટિએ પરિપૂર્ણ ગણાતા નવ અંકવાળા આ નવમ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે પાંત્રીસ શ્લોકો દ્વારા ભગવદ્ભાવની દૃઢતાનું નિરૂપણ કર્યું છે. જેમ શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં પાંત્રસ શ્લોકો છે, એમ નવમ શિક્ષાપત્રમાં પણ પાંત્રીસ શ્લોકોમાં ભગવત્સિદ્ધાંતરૂપે શ્રીમહાપ્રભુજી જ બિરાજમાન છે. વિરહભાવાત્મા એવા

શ્રીવલ્લભનું સ્વરૂપ-ધર્મીવિપ્રયોગ સ્વરૂપ-અહીં નિરૂપિત કરવામાં આવ્યું છે. આપણે સૌ શ્રીહરિરાયચરણની આ આજ્ઞાને એમની કૃપાથી યથાશકિત અને યથામતિ ચિત્તમાં ધારણ કરીએ, સ્નેહપૂર્વક ધારણ કરીએ, સદાય એનું ચિંતન કરીએ, ચર્વણ કરીએ, એનો સ્વાધ્યાય કરીએ અને એમ કરતાં કરતાં શ્રીહરિરાયચરણ દ્વારા શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણા સૌની માર્ગનિષ્ઠા થાય એવી અભિલાષા સહ આ શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ થાય છે.

શિક્ષાપત્ર-૯ : સારાંશ

શ્લોક સંખ્યા : ૩૫

વિષય : અઢાર શ્લોક દ્વારા કિશોરસ્વરૂપનું નિરૂપણ; પ્રેમ, આસકિત અને વ્યસનનું સ્વરૂપ, માર્ગનિષ્ઠા અને આશ્રય.

પ્રભુ કયારે મને દર્શન આપશે? એવો વિરહતાપ હંમેશાં હૃદયમાં રાખીને પ્રભુના કિશોરભાવનું ચિંતન કરવું.

આવા વિરહતાપથી ધીમે ધીમે પ્રેમ, આસકિત અને વ્યસન અવસ્થા ભગવત્કૃપાએ પ્રાપ્ત થાય છે. બીજામાંથી રાગ નિવૃત્ત થવો અને પ્રભુમાં લાગવો તેનું નામ પ્રેમ. દેહ અને ઘર વગેરેમાંથી આસકિત ઘટવી અને પ્રભુમાં આસકિત વધવી તેનું નામ આસકિત. અહંતા-મમતાનું વિસ્મરણ થતાં જગતનું વિસ્મરણ થવું અને કેવળ પ્રભુનું સ્મરણ રહેવું તેનું નામ વ્યસન.

શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદના દૃઢ આશ્રયથી આવી ભાવસ્થિતિ પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજીનો આશ્રય કેવળ શબ્દોથી થતો નથી, તે માટે માર્ગનિષ્ઠા જરૂરી છે. માર્ગનિષ્ઠા આપણી બુદ્ધિથી નહીં, પરંતુ શ્રીમહાપ્રભુજીના વચનામૃતને સાચા અર્થમાં સમજવાથી અને આચરવાથી થાય છે. તેમાં બે પરિબળો બાધક છે (૧) અસમર્પિત (૨) દુઃસંગ.

●

શિક્ષાપત્ર દશમું

કો વેદ કીદૃશઃ કૃષ્ણાભિપ્રાયઃ સ્વજને મતઃ ।
સ્વાનન્દસિદ્ધયે રાતિ નિજાર્તિં દર્શનાદિષુ ॥૧॥

પોતાનો સ્વજન (તદીય) કેવો હોય એ વિશે શ્રીકૃષ્ણનો અભિપ્રાય શો છે એ કોણ જાણે? પરંતુ (એ સત્ય છે કે) જો શ્રીકૃષ્ણ પોતાના સેવકને આનંદનું દાન કરવાનો વિચાર કરે તો જરૂર તે પ્રથમ તેના હૃદયમાં દર્શન માટે તાપ ઉત્પન્ન કરે છે. (૧)

સંસારરાગાભાવાય લૌકિકાર્તિં તથા પુનઃ ।
મદાભાવાય ચ સ્વાર્તિં શરીરાર્તિં પ્રયચ્છતિ ॥૨॥

એટલું જ નહીં, પણ સંસારમાંથી તેનો સ્નેહ નાશ પામે એ માટે લૌકિક આર્તિ (દુ:ખ, પીડા) આપે છે. જો તેના મદનો નાશ કરવો હોય, તો સંબંધી જનો કે દેહસંબંધી પીડા આપે છે. (૨)

સંગાભાવાય બંધ્વાર્તિં દેશાર્તિં દૈન્યસિદ્ધયે ।
મોહાભાવાય ભગવાન્ સાધનાર્તિં દદાતિ હિ ॥૩॥

જો ભગવદીયનો સંગ ન હોય, તો બંધુઓની સાથે કલેશ કરાવે કે તેમનો વિયોગ થાય; દીનતાની સિદ્ધિ કરાવવી હોય તો પરદેશગમન કરાવે, મોહ નિવૃત્ત કરવો હોય તો સાધનની આર્તિ આપે. (૩)

પ્રારબ્ધંભોજનાર્થં વા પરીક્ષાર્થં વિલંબનાત્ ।
નિર્વાહાર્થં તથા વેદસાધ્યાર્થાર્તિં પ્રયચ્છતિ ॥૪॥

જો ભગવાન ફળપ્રાપ્તિમાં વિલંબ કરે, તો તે કાં તો પ્રારબ્ધ ભોગવવા માટે અથવા તો પરીક્ષા કરવા માટે હોય. તેમ કરવા તે તેના નિર્વાહ માટે કે વેદસાધ્ય અર્થે પીડા પણ કરે (લોકવેદની અસિદ્ધિ આપે). (૪)

એવમાર્તિપ્રદોનેઽપિ પરમાનન્દદાયિનઃ ।
સમાશ્રયો ન મોક્તવ્યો દૃઢઃ સ્વાચાર્યસંશ્રયૈઃ ॥૫॥

આવી રીતે લૌકિક આર્તિ આપવામાં આવે; છતાં પરમાનંદસ્વરૂપ ભગવાનો સુંદર આશ્રય છોડવો નહીં; એટલું જ નહીં, પણ શ્રીઆચાર્યજી દૃઢ આશ્રયને વળગી રહેવું (૫)

સ્વતઃ કૃષ્ણઃ સદાનન્દો નિજાનન્દં પ્રદાસ્યતિ ।
તદાશયૈવ સ્થાતવ્યં સર્વૈશ્ચાતકપક્ષિવત્ ॥૬॥

શ્રીકૃષ્ણ સદા પોતે જ આનંદરૂપ છે. તે પોતાના ભકતને નિજાનંદનું દાન કરશે જ. માટે ચાતક પક્ષીની માફક સર્વ વૈષ્ણવોએ આશા રાખીને રહેવું (૬)

લૌકિકાર્તેરગણનં પરમાનન્દચિંતનાત્ ।
યથા ન ગણયેદ્રોગી તિકતભેષજભક્ષણમ્ ॥૭॥

જેમ રોગી કડવી દવા ખાય છે અને તેને કશા લેખામાં લેતો નથી, તેમ તેમણે પરમાનંદનું ચિંતન કરવું ને લૌકિક દુઃખ-આર્તિની અણગણના કરવી. (૭)

અહિતં નિજભકતાનાં વિદધાતિ હરિર્ન હિ ।
સમસ્તાનાં સખા સ્વીયભકતાનાં ન કથં ભવેત્ ॥૮॥

હરિ પોતાના ભકતનું કદી અહિત કરે જ નહિ. જે પ્રભુ આખા જગતના સખા છે તે પોતાના ભકતના સખા કેમ ન હોય? (૮)

શિક્ષાપત્ર દશમું

નવમ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે ત્રણ મુખ્ય સિદ્ધાંતો આપણને સમજાવ્યા કે વૈષ્ણવોએ સેવાના અનવસરના સમયમાં કિશોરસ્વરૂપ શ્રીવૃન્દાવનચંદ્રનું સ્મરણ-ચિંતન કરવું. જેના સ્મરણમાં ચિત્ત એકાગ્ર થઇને પરોવાય એને ચિંતન કહે છે. જેમાં ચિત્ત ન પરોવાય અને કેવળ હોઠ ફફડે એને આપણે ચિંતન કહેતા નથી. પ્રભુની લીલા અને સ્વરૂપનું ચિત્તથી ચિંતન અને સ્મરણ કરતાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણા હૃદયમાં રહેલા ભકિતરૂપી બીજનું પોષણ થાય છે, અંકુર ફૂટે છે, પ્રેમરૂપી પાન આવે છે, આસકિતરૂપી ફૂલ ખીલે છે, વ્યસનરૂપી ફળ આવે છે અને આખરે સર્વ જગતમાં ભગવદ્દર્શન થતાં તન્મયતા થાય છે. પરંતુ બધાંને આવું બનતું નથી. કેમ નથી બનતું, એનું આપે કારણ આપ્યું કે આ માર્ગમાં જીવની નિષ્ઠા નથી, માટે શ્રીમહાપ્રભુજીની કૃપા થતી નથી. નિષ્ઠાનો માર્ગ બતાવીને, નિષ્ઠા સિદ્ધ કરવામાં જે બાબતો બાધક છે, એ અસમર્પિત અને દુઃસંગનો આપે નિર્દેશ કર્યો.

હવે દશમ શિક્ષાપત્રનો શ્રીહરિરાયચરણ પ્રારંભ કરે છે. દશમા શિક્ષાપત્રના દશ શ્લોકમાં શ્રીહરિરાયચરણે આજના સમયમાં આપણા મનને મૂંઝવતી બાબતોનો ખૂબ સુંદર, સચોટ અને સરળ ઉપાય બતાવ્યો છે.

આજે દુનિયામાં આપણે સૌ અનેક રીતે દુઃખી છીએ. તમે કોઇને પણ જઇને પૂછો કે તું સંપૂર્ણ સુખી છે? તો કદાચ ‘મને સંપૂર્ણ સુખ છે.’ એવું કહેનાર કોઇ નહીં નીકળે. દરેકને કંઇકનું કંઇક દુઃખ છે, અને દરેકને પોતાનું દુઃખ ભારેમાં ભારે, સૌથી વધારે ત્રાસરૂપ લાગે છે. માણસને પોતાનું દુઃખ મોટું લાગે છે અને બીજાનાં દુઃખ એની નજરમાં વસતાં નથી, એની એ પરવા કરતો નથી. આજના સમયમાં આપણા સૌનાં મન એવાં આળાં થઇ ગયાં છે કે વાતવાતમાં આપણે દુઃખી થઇએ છીએ અને કયારેક તો વિના કારણે માનવી દુઃખનો બોજો ઊંચકીને ફર્યા કરે છે.

દુઃખમાં જ જાણે માણસને જીવવું ગમે છે. બે વ્યકિત ભેગી થઇને વાત કરતી હોય ત્યારે જરાક દૂર રહીને સાંભળશો તો એક જ વાત થશે, “હું બહુ દુઃખી છું.” માણસ બીજાઓની પાસે પોતાનું દુઃખ શું કામ વ્યકત કરતો હશે? મહાપુરુષો કહે કે, ‘વિપત પડે નવ વલખીએ, વલખે વિપત ન જાય.’ ભાઇ! દુઃખ આવે એટલે રડવું નહીં. રડવાથી દુઃખ દૂર થતું નથી. જો રડવાથી તે જતું રહેતું હોય તો તો બહુ સારુ

છે, એકાંતમાં કે જાહેરમાં બેસીને માણસે ડોલ ભરીને આંસુ પાડી દેવાં. પણ રડવાથી કોઇનું દુઃખ ગયું નથી. ત્યારે દુઃખ કેમ દૂર થાય? આ એક મોટો પ્રશ્ન સૌને મૂંઝવતો હોય છે. માણસ દુઃખનો વિચાર કરે છે, એટલે બીજો પ્રશ્ન પૂછે છે કે ભગવાનને તમે દયાળુ કહો છો, કરુણાસાગર કહો છો, પ્રાણીમાત્રના પિતા કહો છો, તો એવા બાપ થઇને અમને શું કરવા તે દુઃખ આપતા હશે? દીકરો કદાચ કપૂત થાય, પણ માવતર કમાવતર કેમ થતાં હશે? દુનિયામાં બહુ થોડા માણસો દુઃખ વિષે વિચાર કરે છે. મોટાભાગના તો દુઃખ વિષે વિચાર કરવાને બદલે દુઃખ આવતા પહેલાંથી જ રડવાની શરૂઆત કરી દે છે. દુઃખના ભયથી જ માણસ અડધો ભાંગી જતો હોય છે. સામાન્ય મનુષ્યો દુઃખને જીરવી શકતા નથી અને પરિણામે તેઓ પ્રભુના ઉપર આક્ષેપ કરે છે કે ભગવાન નિર્દય થઇ ગયો છે, નઠોર થઇ ગયો છે. અમારા પ્રત્યે એના હૃદયમાં કરુણા જ રહી નથી. કેટલાક લોકો તો એનાથીયે આગળ વધીને કહે છે, 'હવે દુનિયામાં ભગવાન જ રહ્યો નથી. એ હોય તો દુઃખ શાનું પડે?' આવું બધું માનવું અને વિચારવું એ આપણી જીવ-બુદ્ધિની મર્યાદા છે. જીવ દુઃખને નહિ સમજી શકવાને કારણે એને નાનકડું દુઃખ પણ મોટા ડુંગર જેવું લાગે છે.

અહીં દશમ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી જીવોને દુનિયામાં પડતાં અને અનુભવાતાં નવ પ્રકારનાં દુઃખોનું નિરૂપણ કરે છે. એ દુઃખોનું સ્વરૂપ, એનું કારણ તથા એનું પરિણામ-એનું ફળ આપણને શું મળે છે, એનું બહુ અદ્‌ભુત નિરૂપણ શ્રીહરિરાયચરણે કર્યું છે. જો આ દશમ શિક્ષાપત્ર હૃદયમાં બરાબર ઊતરી જાય, તો જીવનમાં ગમે તેવી વિપત્તિઓ આવે, આધિ-વ્યાધિ અને ઉપાધિ આવે, છતાંયે આપણા મન ઉપર તેની જરાયે અસર ન થાય. આ માટે આ શિક્ષાપત્રનું બહુ જ સાવધાનીપૂર્વક, એકાગ્રતાથી મનન કરવાની જરૂર છે.

દુનિયામાં લૌકિક બાબતો માટે જે દુઃખ પડે છે, એને શ્રીહરિરાયચરણ 'કલેશ' શબ્દથી ઓળખાવે છે. માનવીને જયારે કલેશ થાય, ત્યારે એ હૃદયથી અને બુદ્ધિથી કોઇ બાબતોનો વિચાર કરી શકતો નથી. એની બુદ્ધિ કામ કરતી અટકી જાય છે. એના મનના વિચારોનો પ્રવાહ અટકી જાય છે. એ કલેશ કરનાર વ્યકિત પોતાના કલેશને દૂર કરવાની કોઇ પ્રવૃત્તિ પણ કરી શકતો નથી; ઊલટાનો રઘવાયો થઇ જાય છે. પરિણામે જીવનમાં એ વિશેષ દુઃખી બને છે. આવી સ્થિતિમાં નથી એનો સંસાર સુધરતો, કે નથી એ પ્રભુનું સ્મરણ કરી શકતો. જેમ વરસતા વરસાદમાં થોડે દૂરનું કશું દેખાય નહીં એમ આંખમાંથી નીકળતાં આંસુથી એક એવો પડદો રચાઇ જાય છે કે સાચી પરિસ્થિતિ આપણને સમજાતી નથી.

બીજી રીતે વિચાર કરીએ તો આ કલેશ અને દુઃખ શરીરના આરોગ્યને નુકસાન કરે છે. એનાથી શારીરિક અને માનસિક રોગો થાય છે. આજના સમયના બહુ વકરેલા રોગો જ દુઃખને જીરવી ન શકવાની આપણી અશકિતનું કારણ છે. માણસને સહેજ વધારે મેન્ટલ ટેન્શન પહોંચે એટલે એની સીધી અસર એના હૃદય ઉપર થઇ જાય, પરિણામે બ્લડપ્રેસર વધી જાય. મન ઉપર પણ અસર થવાથી ચીડિયો બની જાય. વાતવાતમાં ગુસ્સે થઇ જાય અને બીજાઓનું અપમાન કરી બેસે, દીવેલ પીધા જેવું મોઢું રાખીને ફર્યા કરે, ખોરાક પચે નહીં. માનવી દુઃખોને જીરવી નથી શકતો, એનું આ બધું પરિણામ છે. માટે શ્રીહરિરાયચરણ એને કલેશ શબ્દથી ઓળખાવે છે. જે કલુષિત કણે સુંદર, ઉજ્જવળ, કોમળ હૃદયને કાળું મેંશ જેવું બનાવી દીધું એ કલેશ. જે હૃદયમાં સાચું જ્ઞાન ન પ્રગટવા દે, અજ્ઞાનની મેંશ ચોપડેલી રાખે, એનું નામ કલેશ. જેના કારણે હૃદયમાં પ્રસન્નતા અને સ્નેહ ન પ્રગટે, એનું નામ કલેશ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સામાન્ય માનવીઓની આ એક લાગણી છે, એક વૃત્તિ છે જે લૌકિક છે. એને શરીર સાથે સંબંધ છે. આવી લાગણીને, કલેશના આવા વર્તનને આપણે એકદમ અટકાવી શકવાના નથી. જે લોકો કૃત્રિમ રીતે અટકાવે છે, એમનું માનસ પણ વિકૃત બની જાય છે. કોઇ માણસને બહુ દુઃખ પડે તો છેવટે એ નઠોર બની જશે. એના હૃદયની બધી લાગણીઓ બુઠ્ઠી થઇ જશે. બીજાનું દુઃખ જોઇને એના મનમાં કશી જ અરેરાટી થશે નહીં. એક દીકરાને એનાં માતા-પિતા જો બહુ મારતાં હોય તો થોડા દિવસ પછી એ દીકરો એવો નઠોર થઇ જશે કે એને મારની કોઇ બીક રહેશે નહીં. એને એનું દુઃખ પણ નહીં થાય. ભવિષ્યમાં જયારે એનાં માતા-પિતા દુઃખી થયાં હશે ત્યારે પેલો છોકરો રાજી થશે. મને બહુ હેરાન કરતાં હતાં, જુઓ હવે તમારી દશા! આમ, વિકૃત વૃત્તિનો જન્મ થાય!

માટે જ મહાપુરુષોએ બતાવ્યું કે હૃદયની કોઇ લાગણીઓને દબાવી દેવી ન જોઇએ. મનોવૈજ્ઞાનિકો કહે છે કે હૃદયની જે લાગણીઓ ક્ષુલ્લક બાબતોમાં રચીપચી રહે છે, જેનાથી આપણું જીવન ઊંચું આવતું નથી, એવી લાગણીઓને ઉત્તમ માર્ગે, સારા માર્ગે, ભકિતના માર્ગે, પ્રભુના માર્ગે વાળવી જોઇએ. એનું માર્ગાન્તીકરણ કરવું જોઇએ. માર્ગાન્તીકરણ કરીને ધીમેધીમે એનું ઊર્ધ્વીકરણ (સબ્લીમેશન) થવું જોઇએ. કોઇ વ્યકિતને વાંચવાનો બહુ રસ છે. જેમાંથી જીવન સુધરે એવો કોઇ બોધ ન મળે, એવું આજનું હલકું સાહિત્ય એ વાંચે છે. પરિણામે એનાં મન-બુદ્ધિ-હૃદય બગડે છે. એને જો ઉત્તમ સાહિત્ય મહાભારત-રામાયણ-શ્રીમદ્ભાગવત આપવામાં આવે અને

એ વાંચતાંવાંચતાં, એની રુચિ બદલાતી જાય તો એનું માર્ગાન્તીકરણ થયું કહેવાય. એમ કરતાં કરતાં એક દિવસે એને એમ સમજાય કે શ્રીમહાપ્રભુજીનું સાહિત્ય એ જ મારે માટે સર્વસ્વ છે, અને ત્યારથી તે કેવળ શ્રીમહાપ્રભુજી આદિ સ્વસંપ્રદાયના મહાનુભાવોના સાહિત્યમાં જ રચ્યોપચ્યો રહે, તો એ એનું ઊર્ધ્વીકરણ થયું એમ કહેવાય. એની વાંચવાની વૃત્તિને પ્રભુપ્રાપ્તિ માટે જરૂરી સાહિત્ય તરફ વાળવી જોઇએ.

આવું જ દુઃખનું-કલેશનું છે. જીવને લૌકિક બાબતો માટે થતું દુઃખ કલેશ કહેવાય. પણ આવું દુઃખ જયારે પ્રભુ માટે થાય, ત્યારે દુનિયા પ્રત્યેનો એનો મોહ છૂટી જાય. હવે દુનિયામાં મારું પોતાનું કોઇ નથી, પ્રભુ જ મારું આ દુઃખ દૂર કરી શકશે, એવો સદ્‌વિચાર એના હૃદયમાં જાગે, અને પરિણામે દુઃખમાં પ્રભુનું સ્મરણ કરીને એ દુઃખને સહન કરે. એને એવો તાપ કલેશ થાય કે પ્રભુ હવે મને કયારે મળે! ત્યારે શ્રીહરિરાયચરણ એને માટે 'દુઃખ' શબ્દ નથી વાપરતા, પણ એ પરિસ્થિતિને 'આર્તિ' શબ્દથી ઓળખાવે છે.

આર્તિ એટલે પ્રભુનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા. માટે મંગળા રાજભોગ-સંધ્યા અને શયન આર્તિ શ્રીયશોદાજી અને શ્રીવૃષભાનદુલારીજી કરે છે. આર્તિ કરતાં કરતાં પ્રભુના મુખારવિંદને અપલક નેત્રે નીરખે છે, ત્યારે એમની દર્શન કરવાની ઇચ્છા પરિપૂર્ણ થાય છે. દુનિયાની વિષમ પરિસ્થિતિને કારણે ઊપજેલું દુઃખ માર્ગ બદલીને જયારે માણસને પ્રભુનો વિચાર કરતો કરે ત્યારે આર્તિ બને છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે, આર્તિના બે પ્રકાર છેઃ સાધનાર્તિ અને ફળાર્તિ. સાધન દ્વારા પ્રભુનાં દર્શન કરવાની આપણી ઇચ્છા પ્રબળ બને, એ સાધનો દ્વારા પ્રભુના ચરણમાં આપણું ચિત્ત લાગેલું રહે, દુઃખમાં પણ સતત પ્રભુનું સ્મરણ થાય કરે, એને સાધન આર્તિ કહેવામાં આવે છે. કારણ કે સ્મરણ એ ભગવત્પ્રાપ્તિ માટેનું એક ઉત્તમ સાધન છે. જે જીવ અત્યાર સુધી પ્રભુનું સ્મરણ નહોતો કરતો એ જીવને આવી આર્તિ દ્વારા શ્રીમહાપ્રભુજીનું-પ્રભુનું સ્મરણ કરતો કરાવે છે. પ્રભુના સ્મરણરૂપી સાધન કરતો એ જીવ સાધન આર્તિના પરિણામે પ્રભુની ઇચ્છા થાય, ત્યારે એમનાં દર્શનરૂપી ફળને પ્રાપ્ત કરે છે. માટે એને 'સાધનઆર્તિ કહેવામાં આવે છે.

પરંતુ જયારે પ્રભુની કૃપાથી જીવના હૃદયમાં એક જ આર્તિ થાય, કે હું મારાં ચર્મ-ચક્ષુઓ દ્વારા સાક્ષાત્ પ્રભુનાં કયારે દર્શન કરું? દર્શન સિવાય એને બીજું કાંઇ સૂઝે નહીં, સ્મરણ પણ ઘડીભર વીસરી જાય, કેવળ દર્શન માટેની ઝંખના વધી જાય,

ત્યારે એને 'ફળાર્તિ' કહેવામાં આવે છે. કારણ કે આ આર્તિનું ફળ છે ભગવત્‌સ્વરૂપ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ફળાર્તિ મુખ્ય છે. સાધનાર્તિ ગૌણ છે સામાન્ય ક્રમ એવો છે કે સાધન દ્વારા ફળ પ્રાપ્ત થાય, પણ એ મર્યાદાનો માર્ગ છે; જયાં વિવિધ કર્મ કરવાથી એને અનુરૂપ ફળ મળે છે. પરંતુ સાધન કર્યા વિના નિસ્સાધન અવસ્થામાં કેવળ ભગવચ્છરણાગતિ સ્વીકારવાથી પ્રભુના અનુગ્રહથી જયારે સીધું ફળ મળે, ત્યારે તે ફળ ઉત્તમ છે. સાધન ગૌણ છે. હંમેશાં વિવિધ વસ્તુઓનું વર્ણન કરવું હોય ત્યારે ઉત્તમ વસ્તુને સૌથી પહેલી યાદ કરવામાં આવે. સારા માણસોને યાદ કરવામાં આવે, ભોજન કરવા બેસીએ ત્યારે જે ઉત્તમ ખાદ્યપદાર્થ આપણા ભાણામાં પીરસાય એને આપણે સૌથી પહેલો ગ્રહણ કરીએ છીએ, માટે આપણા વૈષ્ણવો મહાપ્રસાદ લે છે ત્યારે સખડી સૌથી પહેલા લે છે. કારણ કે ૨૫૨ ભગવદીયોની વાર્તાના ભાવપ્રકાશમાં નાગજી ભટ્ટની વાર્તામાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે નાગજી ભટ્ટને શ્રીગુસાંઇજીએ આગ્રહપૂર્વક આજ્ઞા કરી કે ડોકરીને ત્યાં સખડી જ લેવાની છે, અનસખડી લીધી એ પૂરતું નથી. કારણ કે સખડી એ સ્નેહનું સ્વરૂપ છે, માટે સખડીની તોલે બીજો કોઇ મહાપ્રસાદ આવતો નથી. તેથી જયારે પ્રભુને રાજભોગ આવે છે ત્યારે સખડીનો કોર છીણાય છે. અનસખડીનો કોર કદી છીણાતો નથી. સખડીનો મહાપ્રસાદ કેવી રીતે લેવો, એ ગોસ્વામી શ્રીરણછોડરાયજી મહારાજના વચનામૃતમાંથી જાણવા મળે છે.

આપ આજ્ઞા કરે છે કે, મહાપ્રસાદ એ ભગવત્‌સ્વરૂપ છે અને ભગવત્‌સ્વરૂપ તો ચવાય નહીં, અપરાધ થઇ જાય. જો ચવાય નહીં તો પ્રસાદ લેવાય કેવી રીતે? માટે આપ આજ્ઞા કરે છે કે સખડીનો કોર જયારે આપણે લઇએ ત્યારે સીધો મોંમાં ન મૂકી દેતાં, નાક પાસે લઇ, એમાં રહેલ ભગવત્‌સુગંધીને નાસિકા દ્વારા ગ્રહણ કરી, હૃદયમાં પધરાવી. એના દ્વારા ભગવત્‌સ્વરૂપ હૃદયમાં બિરાજી જાય. એ કોર એટલો નાનો લેવો કે આમ સૂંઘ્યા પછી જયારે મોંમાં મૂકીએ ત્યારે ચાવ્યા વિના ગળે ઊતરી જાય. પહેલો કોર એ 'મહાપ્રસાદ' પ્રસાદનો અર્થ થાય છે 'કૃપા' પ્રભુની મહાન કૃપા એ પહેલો કોર. ફરીથી એ જ પ્રકારે બીજો કોર લેવામાં આવે એ પ્રસાદ; કારણ કે તે ભગવત્‌સ્વરૂપ એના હૃદયમાં ઊતરી ગયું, બિરાજી ગયું. ત્રીજા કોળિયાથી માંડીને તમે જે કંઇ લો, એ બધું પેટ ભરવા માટેનું પ્રસાદી અન્ન. માટે આપ આજ્ઞા કરે છે, દેહના પોષણ માટે ઓછામાં ઓછો જરૂરી હોય, એટલો જ મહાપ્રસાદ લેવો. જે મહાપ્રસાદ શરીરને આળસ આપે, ભગવત્‌સેવા કરવાની વૃત્તિને

મંદ પાડી દે, શરીરને એટલું બધું ફુલાવી દે કે જેના કારણે સેવામાં તત્પરતા અને ચંચળતા ન રહે, એવા પ્રકારનો મહાપ્રસાદ કદી લેવાનો આગ્રહ રાખવો નહીં. આ સંદર્ભમાં સૂરદાસજીએ મહાપ્રસાદ 'તનક-તનક લીજે' એવી આજ્ઞા કરી છે.

શ્રીહરિરાયચરણ આપણને સૌથી પહેલાં ભગવદ્પ્રાપ્તિની સીડીનું સૌથી ઉપરનું પગથિયું બતાવી દે છે. એ છે ફળઆર્તિ. એ સીડી ઊંચી છે. મુંબઇના કોઇ બહુમાળી મકાનની લિફ્ટ બંધ છે અને એ સીડીનાં પગથિયાં ચઢતાં-ચઢતાં 'ઓબેરોય' હોટલના બત્રીસ માળ જેટલે ઊંચે પહોંચવાનું છે. એટલે સૌથી પહેલાં કહે છે કે, ઊંચું પગથિયું તમે જોઇ લો, જેથી ચડતાં ચડતાં અધવચ્ચે એમ ન થાય કે આવી ખબર હોત તો અહીં આવત નહીં. હવે એવા ફસાયા કે ન નીચે જવાય કે ન ઉપર જવાય. એટલે જેનામાં ગિરનારનાં દસ હજાર પગથિયાં ચઢવાની ક્ષમતા હોય, ઓબેરોય હોટલના બત્રીસમા માળ જેટલે ઊંચે ચઢવાની તૈયારી હોય, એનાથી પણ ઊંચી એવી ભકિતના મહાલયની અગાસીએ પહોંચવા માટે જેનું મન તત્પર હોય, એણે આ આર્તિ હૃદયમાં ધારણ કરવી. એમ હરિરાયચરણ બહુ ગર્ભિત રીતે આજ્ઞા કરે છે. માટે સૌ પ્રથમ શ્લોકમાં જ આપે આર્તિની વાત કરતાં આજ્ઞા કરી કે કુલ નવ આર્તિ પૈકી સૌથી પ્રથમ અને સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ ફળરૂપ આર્તિ છે. એ ફળરૂપા આર્તિનું નિરૂપણ હવે આપ કરે છે શ્રીહરિરાયચરણ આ ફળરૂપા આર્તિને 'નિજાર્તિ' એવું નામ આપે છે, એ નિજાર્તિનું વર્ણન કરતાં શ્રીહરિરાયચરણ પહેલાં તો પ્રશ્ન કરે છે કે, પ્રભુની લીલા આપણે જીવો શું સમજીએ? પ્રભુ પોતાના ભકતોને કેવી રીતે રાખવા માંગે છે? કેવી રીતે સુખ આપવા માગે છે એની આપણને શી ખબર પડે? પણ દુનિયાના સામાન્ય જીવો પ્રભુની લીલાને સમજી શકતા નથી, માટે હંમેશાં દુઃખી થાય છે. કોઇ સ્ત્રીના બાળકને ટાઇફોઇડ થયો છે. ડોક્ટરે નિદાન કરીને એને કહ્યું કે હવે તમારે એકવીસ દિવસ અનાજનો દાણો આપવાનો નથી અને જો આપશો તો એનું ઝેર થશે. બાળકની મા સમજુ છે. એણે મનને મક્કમ કર્યું કે છોકરો ગમે તેમ રડે, તો પણ પ્રવાહી સિવાય બીજું કશું જ આપીશ નહીં. પણ છોકરો ભારે જક્કી. નથી પીવો તારો મોસંબીનો રસ. નથી પીવી તારી ચા, મારે તો ભાત ખાવો છે, રોટલી ખાવી છે, કેરી ખાવી છે. મા પણ જાણે હઠ લઇને બેઠી છે કે નહીં આપું. જો રડીશ અને હઠ કરીશ તો માંદો પડીશ. તું માગીશ એ તો હમણાં નહીં મળે. નહીં મળે ને નહીં જ મળે. છોકરો રડે છે એનું માને દુઃખ છે; પણ મા છોકરાના લાંબા ગાળાના સુખનો વિચાર કરે છે કે જો આજે ખાશે તો ઘડી બે ઘડી રાજી થશે, પણ જીવનભર પસ્તાશે. માટે બાળક જીવનભર પસ્તાય એમ કરવા એની મા તૈયાર નથી. ભલે એને ઘડીભર રડવું હોય તો રડી લે.

એવી રીતે પ્રભુની પાસે જીવ બાળક જેવો છે, અજ્ઞાની છે. બાળકને જો પોતાના સારા-નરસાનું ભાન નથી, એમ આપણને પણ નથી. પરંતુ પ્રભુ જાણે છે કે આ જીવનું કલ્યાણ શામાં છે? શું કરવાથી જીવનું ઇષ્ટ થશે, શું કરવાથી અનિષ્ટ થશે. માટે જીવ અહીં રડે, વિલાપ કરે, માથાં પટકે પણ જે લાંબા સમયનું હિત કરનાર છે, એ જ પ્રભુ એને આપે છે, ક્ષણિક મોજશોખનું સુખ પ્રભુ એને આપતા નથી. જીવ પ્રભુનો આ અભિપ્રાય સમજતો નથી.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુની મારા ઉપર થોડીક કૃપા થઇ હોઇ પ્રભુના પ્રમેયબળને સમજવાને કારણે હું તમને પ્રભુનો અભિપ્રાય સમજાવું છું. પુષ્ટિમાર્ગીય જીવનું કલ્યાણ શામાં છે એ હું તમને સમજાવું છું. પુષ્ટિજીવના શ્રેય માટે પ્રભુ તેને નિજાર્તિનું દાન કરે છે નિજાર્તિ શબ્દમાં નિજ શબ્દ વપરાયો છે. નિજ શબ્દનો અર્થ થાય છે પોતાના જે નિજજનો છે, લીલાના જીવો છે, જે કોઇ અપરાધવશ આ ભૂતળ ઉપર આવ્યા છે, અને જેમને હજારો વર્ષોથી પ્રભુનો તાપકલેશ છે, જેમને પ્રભુનાં દર્શન થયાં નથી, શરણે આવ્યા પછી જે જીવોને સમજણ આવી છે, પ્રભુનાં દર્શન કયારે થાય એવો તાપભાવ છે, એવા નિજજનોની સાક્ષાત્ ભગવદ્દર્શન માટેની આતુરતા એનું નામ નિજાર્તિ.

આપણને જયારે પ્રભુનાં દર્શન માટેની ઉત્કટતા થાય, તડપન થાય, દર્શન વિના ધીરજ રહે નહીં એનું નામ નિજાર્તિ. આવી આતુરતા, દર્શન માટેનું આવું દુઃખ અલૌકિક છે.એ દુઃખને જ શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય કામ કહ્યો છે. પુષ્ટિમાર્ગીય કામ એક જ, આ નેત્રોથી સાક્ષાત્ પ્રભુનાં દર્શન કરવાં. ‘‘અક્ષણ્વતાં ઇદમ્ ફલમ્’’ વેણુગીતમાં કહેવામાં આવ્યું છે કે નેત્રધારીઓના નેત્રનું એ જ ફળ કે સાક્ષાત્ શ્રીબાલકૃષ્ણલાલજીનાં દર્શન થાય. આવી નિજાર્તિ જીવને ત્યારે થવા માંડે, જયારે એને એમ લાગે કે હવે હું દર્શન વિના રહી શકતો નથી, જયારે એ દર્શન માટે તરફડતો હોય.

રસખાનજી એક વાર પ્રભુની શોધમાં નીકળ્યા છે. વ્રજનાં ગોપગોપીજનોને પૂછે છે કે તમે શ્યામસુંદરને જોયા? કોઇ જવાબ આપતું નથી. વેદમાં શોધે છે, ઉપનિષદમાં શોધે છે, કયાંય પ્રભુનાં દર્શન થતાં નથી. છેવટે થાકી-હારીને નિસ્સાધન બનીને પ્રભુનાં દર્શનનો ભાવતાપ કરતા વ્રજના એકાંતમાં એક વૃક્ષ નીચે બેઠા છે, ખરા મધ્યાહ્ને. ત્યારે થોડે દૂરની નિકુંજમાં દષ્ટિ પડી અને પ્રસન્ન થઇ ગયા. અરે, એ તો અહીં બિરાજયા છે! અને મારો વ્હાલો શ્યામસુંદર પાછો શું કરી રહ્યો છે? સ્વામિનીજી કોમળ પુષ્પોની શય્યા ઉપર પોઢયાં છે અને પાસે બિરાજેલા શ્યામસુંદર

શ્રીસ્વામિનીજીની ચરણસેવા કરી રહ્યા છે. ''બેઠયો પલોટત પાયન રાધા કે.'' રસખાનજીને આ દર્શન થયાં, કારણ કે દર્શન કરવાની નિજાર્તિ એમના હૃદયમાં બરાબર ભડભડતી હતી.

અગ્નિનો તાપ જેમ વધે, સગડીની આંચ જેટલી વધારે ગરમી આપે, એટલું એના ઉપર મૂકેલ જળ જલદી ઊકળવા માંડે. ભગવદ્દર્શન માટેનો હૃદયમાં આપણો તાપભાવ સદાય ઊકળતો રહેવો જોઇએ. એમાં શીતળ પાણી રેડવામાં આવે એ બરાબર નથી. તાપભાવ ઉપર શીતળ પાણી કોણ રેડે ? એક તો જેનું મન લૌકિકમાં વધારે આસકત છે, લૌકિક છોડવું જેને ગમતું નથી તે અને બીજું જે અજાણ્યો છે, જેને અનુભવ નથી, જેને હજુ ભગવદ્દર્શન માટેનો પૂરો તાપભાવ પ્રગટયો નથી તે.

શ્રીહરિરાયચરણ આગળ ઓગણીસમા શિક્ષાપત્રમાં બતાવવાના છે કે ભકિતનાં બે સ્વરૂપ, એક મુખારવિંદની ઉગ્ર ભકિત અને બીજી ચરણારવિંદની શીતળ ભકિત. અત્યારે આપણે એની વાત કરવી નથી; પરંતુ અહીં જે આ દેહથી પોતાના ઘરમાં પોતાના પ્રભુને પધરાવવા માગે છે, સેવામાં તત્પર બને છે, અનોસરમાં પ્રભુના સ્મરણ માટે તત્પર બને છે એના હૃદયમાં સાક્ષાત્ તાપભાવ ઊકળવા માંડે છે. એની એ નિજાર્તિ જયારે પ્રભુ સહન કરી શકતા નથી ત્યારે એને પોતાના સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન કરાવે છે જીવને આ જગતમાં આ દેહથી અને આ નેત્રોથી જયારે સાક્ષાત્ અલૌકિક રસઘનસ્વરૂપનાં દર્શન થાય, ત્યારે તેને સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય, અલૌકિક આનંદરસની પ્રાપ્તિ થાય આવા અલૌકિક ભગવદ્રસની પ્રાપ્તિ થયા પછી એ જીવનું શરીર બહારથી ભૌતિક તત્ત્વોનું બનેલું દેખાવા છતાં હૃદયથી અલૌકિક બની જાય છે. પછી 'તને કાળ કર્મ નવ બાધે રે'- આવું તનુનવત્વ એ જીવને પ્રાપ્ત થાય છે. નિજાર્તિનું આ ફળ છે. પ્રભુ પોતાનો અલૌકિક આનંદ એ જીવને આપે છે. આટલું હોય તો પણ એને પૂર્ણ પુષ્ટિ ન કહેવાય. હજુયે પૂર્ણ પુષ્ટિમાં કયાંક ઊપણ રહી, કારણ કે આપણા પ્રભુ કેવળ પોતાના આનંદનું દાન કરીને પરિતૃપ્ત થતા નથી.

પ્રભુને એમ થાય છે કે આ જીવો બીજું કશું તો મારી પાસે માગતા નથી. ધન, સંપત્તિ, પ્રતિષ્ઠા, દુનિયાના મોજશોખ કશું નથી માગતા. એ તો કહે છે 'અક્ષણવતાં ઈદં ફલમ્' અમારાં નેત્રોને તો તમારાં દર્શન જ જોઇએ, બીજું કાંઇ ખપે નહીં. ભકતો જો એવો આનંદ માગ્યા કરે છે તો એ આનંદમાં કેવી મીઠાશ હશે કે તેઓ એ માણે છે. પ્રભુને પોતાને પોતાના અલૌકિક સ્વરૂપાનંદનો ઉપભોગ કરવો છે, અનુભવ કરવો છે. માણસ જેમ અરીસાની મદદ લીધા વિના પોતાનું મોં જોઇ

શકતો નથી, એવી રીતે પ્રભુ પોતે પોતાના સ્વરૂપાનંદને કેવી રીતે માણે? તો એ માણવા માટે શ્રીહરિરાયચરણ આપણને નિજાર્તિના ઉત્તરદલનું ફળ સમજાવે છે. શૃંગારરસનું આ વિપ્રયોગાત્મક ઉત્તરદલ છે. કે જયારે પ્રભુ એક વાર સંયોગરસનો સ્વાદ-અલૌકિક સ્વરૂપાનંદ એ જીવને ચખાડી પોતાની અલૌકિક અધરસુધાથી સંવલિત કરી, પોતાના અલૌકિક સુધારસને પોતે માણે છે ત્યારે ભગવદ્‌ભોગ્યા સુધા બને છે. આવી ભગવદ્‌ભોગ્યા સુધાનું પાન પ્રભુને પોતાને કરવાનું છે, માટે પ્રભુ પોતાના ભકતને પોતાના સ્વરૂપાનંદનું પહેલાં દાન કરે છે અને એ ભકત દ્વારા પ્રભુ પોતે પોતાના સ્વરૂપાનંદનું પાન કરે, તે પુષ્ટિમાર્ગનું ઉત્તમમાં ઉત્તમ ફળ આ નિજાર્તિ.

પુષ્ટિમાર્ગમાં આનાથી બીજું ઉત્તમ ફળ હોઇ શકે નહીં. માટે શ્રીહરિરાયચરણે સૌથી પહેલાં આ ફળરૂપા નિજાર્તિનું નિરૂપણ કર્યું કે અહીં આપણે પહોંચવાનું છે. આપણું નિશાન આ છે, ત્યાં સુધી સંતોષ માનતા નહીં. જો આ દુનિયાના ચક્કરમાં સંતોષ માની લીધો કે સારું છે, પ્રભુ ઘરમાં બિરાજયા છે, સામગ્રી આરોગે છે. આપણે પ્રભુની પાછળ ઠોર મઠડી ખાઇએ છીએ અને લીલાલહેર કરીએ છીએ, તો એ ઠોર મઠડીનું ભોજન આપણી નિજાર્તિ નથી. એ તો ગૌણ છે. આપણે તો સાક્ષાત્ કૃષ્ણાધરામૃતાસ્વાદ જોઇએ છે, અને એ પણ એવો કે જેનો આસ્વાદ કરવા પ્રભુ પોતે આપણા હૃદયમાં બિરાજે અને અનેક લીલાઓ એક જ કાળમાં કરીને આપણને એમના સ્વરૂપાનંદનું દાન કરે. આ છે અલૌકિક સામર્થ્ય. શ્રીમહાપ્રભુજીએ સેવાફળમાં સેવાનાં જે ત્રણ ફળ બતાવ્યાં એમાં સૌથી ઉત્તમ ફળ અલૌકિક સામર્થ્ય. આવું અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરવું, એ નિજજનોની આર્તિ છે, જે ગોપીજનોને હતી. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગદીયોએ આ જ આર્તિનું સેવન કર્યું છે. કુંભનદાસજીને પણ ઠાકોરજીએ જયારે પ્રસન્ન થઇને કહ્યું, ત્યારે એમણે એ જ માગ્યું કે માખણ ચોરી કરવા જાઓ ત્યારે સાથે તો જ આવું, કે જો આપના નિરાવરણ સર્વાંગ રસઘન સ્વરૂપનું દર્શન કરાવો. બાકી દુનિયાનાં દૂધ-દહીં-માખણમાં મને રસ નથી. એટલે ભગવદીયોએ માગ્યું છે, 'બસો મેરે નૈનનમે' - બીજું કાંઇ નથી જોઇતું, આપ મારાં નેત્રોમાં આવીને બિરાજો.

શ્રીહરિરાયચરણ ઉત્તમમાં ઉત્તમ ભગવદીયોને પહેલાં સંતોષી, પુષ્ટિમાર્ગનો આર્તિનો ઉચ્ચમાં ઉચ્ચ આદેશ બતાવી, ગિરનાર જેટલા ઊંચા આદર્શને પામવા માટે હવે એક પછી એક પગથિયાં આપણને બતાવે છે. ફળરૂપા આર્તિ એક જ. બે થાય ત્યારે એકનું મહત્ત્વ ઘટી જાય. એકનો એક દીકરો જે લાડમાં ઊછરે, તે બે દીકરા થાય ત્યારે પહેલા દીકરાનો ભાવ થોડો ઓછો થાય. એમ એક જ ફળ હોય, તો

એને સમગ્રરૂપે પ્રાપ્ત કરવામાં સવિશેષ આનંદ આવે. માટે શ્રીહરિરાયચરણે ફળરૂપા આર્તિ એક જ આપી. પણ એને પહોંચવા માટે સાધનરૂપા આર્તિના આપ આઠ પ્રકાર બતાવે છે.

સૌથી પહેલી છે લૌકિક આર્તિ. લૌકિક શબ્દનો અર્થ ટીકામાં શ્રીગોપેશ્વરજી અહંતા અને મમતા એવો કરે છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને આપણે સમજીએ ત્યારે ભૂલશો નહીં કે દુનિયામાં સામાન્ય બોલચાલમાં સંસાર અને જગતનો ભેદ જોતા નથી. આપણે એમ કહીએ છીએ કે જગતમાં રહીએ છીએ અને એમ પણ કહીએ છીએ કે સંસારમાં રહીએ છીએ. હિન્દી ભાષામાં 'જગત' અને 'સંસાર' પર્યાયવાચી શબ્દ છે. શ્રીઆચાર્યચરણના મતે જગત અને સંસાર એ બે જુદી બાબતો છે. એમને એકબીજા સાથે સંબંધ નથી. 'સત્' અને 'ચિત્' માંથી બનેલું જડ અને ચેતનયુકત જગત પ્રભુએ નિર્મેલું હોઈ પ્રભુનું જ સ્વરૂપ છે, માટે જગત સત્ય છે. જો કોઈ એમ કહે કે જગત સત્ય નથી, મિથ્યા છે; તો માનજો કે એ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત નથી. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે 'જગત સત્યમ્, સંસાર મિથ્યા.' ત્યારે શ્રીઆચાર્યચરણ કોને સંસાર કહે છે? જેમાં હું અને મારું એવી મનની અદૃષ્ટ વૃત્તિઓ છે, જે મનુષ્યની વાણી અને ક્રિયાઓમાં આપણને દેખાય છે, તે અહંત્વ-મમત્વની ભાવનાનું નામ સંસાર. આ સંસાર મિથ્યા હોવા છતાંય એને છોડવો બહુ અઘરો છે. શ્રીહરિરાયચરણ અહીં તેનું માર્ગાન્તીકરણ (ચેનલાઇ ઝેશન) અને ઊર્ધ્વીકરણ (સબ્લીમેશન) કરે છે કે જે વસ્તુ દુનિયામાંથી ન છૂટે એને પ્રભુના માર્ગે વાળી દેવી જોઇએ. પછી એ વસ્તુઓ તમને કયારેક બાધા નહીં કરે.

ત્રણ મનુષ્યો શ્રીગુસાંઇજી પાસે આવીને કહે, 'મહારાજ, અમને વૈષ્ણવ કરો.' શ્રીગુસાંઇજીએ પહેલાને પૂછયું, 'તને કંઇ શોખ છે?' 'હા, મહારાજ, અત્તરનો શોખ છે.' બીજો કહે, 'મને વસ્ત્રનો શોખ છે.' ત્રીજો કહે, 'મને કશો શોખ નથી.' ત્રીજાને કહ્યું તું જતો રહે, તારું અહીં કામ નથી. અમારા ઠાકોરજીને તારા જેવા બાવા બનાવવાના નથી. લૌકિકમાં જે જે વસ્તુમાં આસક્તિ છે, એને પ્રભુ કૃપા કરીને પોતાનાં ચરણમાં વાળી લે છે. ચોર્યાસી અને બસો બાવન વૈષ્ણવો તથા આજે પણ ભૂતળ ઉપરના વૈષ્ણવો પૈકી જેના ઉપર પ્રભુને કૃપા કરવી છે, એને લૌકિકમાં જે બાબતમાં આસકિત હોય, એનો આધાર ખેંચી લઇને પ્રભુ તેને પોતાનાં ચરણમાં લાવે છે. જનસેવામાં આસકિત હોય તો જનસેવા દ્વારા, સંગીતમાં હોય તો કીર્તન દ્વારા એમને પોતાના શરણમાં લાવે છે. આજે પણ આવા ભગવદીયો છે કે જેઓ આ માર્ગમાં કયારેક નહોતા, એમની આસકિત પ્રભુએ કૃપા કરીને ફેરવી નાખી અને

એમને આ માર્ગમાં લાવ્યા છે. લૌકિક આર્તિ એટલે હું અને મારું માનવાની વૃત્તિ. આજ સુધી હું એમ કહેતો હતો કે હું એટલે આ દેહ. હવે એમ કહું છું. 'હું' એટલે કૃષ્ણનો દાસ. હું પણ કોણ? મને સૌભાગ્યમદ છે કે હવે હું કૃષ્ણનો દાસ છું. 'હું' ને જયારે કૃષ્ણનો દાસ બનાવી દીધો, ત્યારે 'હું' નો અહંકાર ઓગળીને દીનતા પ્રગટ થાય છે. આપણા ગદ્યમંત્રમાં 'અહમ્' શબ્દ બે વાર આવે છે, શરૂઆતમાં જયારે જીવ ગદ્યમંત્ર બોલતાં 'અહ' શબ્દ બોલે છે ત્યારે ફૂંફાડો મારે છે. હું આવો! પણ થોડી જ વાર પછી એ બિચારો ઢીલો જઇને પોતાનો એ 'અહમ્' શ્રીઠાકોરજીનાં ચરણમાં સમર્પી દે છે. અત્યાર સુધી 'આ બધું મારું છે' કહેનાર હવે 'પ્રભુ મારા છે, હું પ્રભુનો છું.' બોલે છે. એ અહંતા અને મમતા પુષ્ટિમાર્ગીય બને છે. અહંતા-મમતા છૂટે નહિ ત્યારે એને પ્રભુના માર્ગે વાળી દેવી જોઇએ.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે અહંતા-મમતારૂપી જે આપણો સંસાર છે, એમાં જીવને ભારે આસકિત છે. એ આસકિતને વધારનાર છે લોકોનો સંપર્ક. માણસ ઘરમાં એકલો બેસી રહે, ત્યાં અહંતા-મમતા એને બહુ પજવતાં નથી; કારણ કે કોને કહેવા જાય કે હું આ બધું કરું છું; આ બધું મારું છે. ત્યાં કોઇક સાંભળનાર તો જોઇએ ને? એટલે ઘરમાંથી બહાર નીકળે કે તરત જે પહેલો મળે એને કહેવા માંડે: 'ખબર પડી, આ બધું હું કરું છું. સાંભળી લે, આ ઘર મારું છે!' દુનિયામાં જેટલો લોકસંપર્ક વધે એટલી સંસારમાં, અહંતા-મમતામાં આસકિત વધે. તેથી સંગ ઓછામાં ઓછો કરવો; એમ જયારે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે ત્યારે એનું કારણ આ છે. દુનિયામાં વગર કારણે લોકોને મળવાનું બંધ કરી દો. ખાલી કોઇના ઘરના ઓટલા ઘસશો નહીં. એનાથી સંસારમાં આસકિત વધે, અહંતા-મમતા વધે. એમાંયે તમે જયારે લોકોનો સંપર્ક કરો અને સાંભળનાર જરા પ્રેમાળ હોય, ઢીલો હોય અને પ્રેમથી એ વાત સાંભળી લે, એને ટેકો આપે તો આપણને મીઠો અનુભવ થયો કે આ લોકો બધા સારા છે. મારું કહ્યુ બધુ સાંભળે છે. લોકોના મીઠાશના સંપર્કથી એમાં ઘી હોમાય, ત્યારે અહંતા-મમતા રૂપી અગ્નિ વધારે પ્રજવલિત થાય. પણ કોઇ કડવો માણસ આવીને કહે,'ચાલ આપણે બંને જણા કુસ્તી કરીએ, જોઇએ કોણ વધારે કરે છે?' તો આપણે કહીએ કે આ માણસ મારા કામનો નહીં. એની જોડે કોણ વાત કરે? કડવો અનુભવ થવા માંડે એટલે માણસનું હું અને મારું ઘટવા માંડે. મીઠા અનુભવોથી અહંતા-મમતા વધે અને કડવા અનુભવોથી ઘટે.

સંસારની આસકિત ઘટાડવા માટે પ્રભુ બે પ્રકારના માર્ગ અપનાવે છે. પ્રભુને એમ લાગે કે આ જીવ જયારે પ્રવાહી નથી, જન્મમરણના ફેરામાં ભટકવા માટે મેં

એને મોકલ્યો નથી; તો એની વાત સાંભળે એવા માણસોનો કદી ભેટો જ ન કરાવે. એનો લોકસંપર્ક કપાતો જાય. કેવી રીતે કપાય? તો એવા ઠેકાણે નોકરી કરવી પડે કે જયાં એની સાથે કોઇ વાત કરનાર ન હોય. એવી કંઇક કામગીરી આવી પડે કે જયાં એને વાત કરવાની ફુરસદ ન મળે. કોઇક ને કોઇક રીતે એની વાત સાંભળનારને પ્રભુ છીનવી લે અને એવા લોકોનો ભેટો કરાવે છે કે જે એની વાત સાંભળતાં કડવાશ લાવે, ઝઘડો કરે. જીવનમાં એને સતત કડવા જ અનુભવો થયા કરે અને પરિણામે એને એમ થાય કે આ લોકો જોડે શી વાત કરવી? એના ઊભા થયેલા સંબંધો ઝઘડો કરાવીને પ્રભુ કાપી નાખે.

દુનિયામાં ઘણી વાર આપણે દુઃખી થઇએ છીએ. કોઇ સાથે આપણો સંબંધ કપાઇ જાય, કુટુંબમાં ભાઇઓની અંદર મનદુઃખ થાય ત્યારે આપણે દુઃખી થઇએ છીએ, પણ એની પાછળ પ્રભુની ઉત્તમ ઇચ્છા રહી છે, તે આપણે જાણતા નથી. આ સંપર્ક જયારે તૂટી જશે ત્યારે જ પ્રભુનું સ્મરણ અને શરણ થશે. ત્યાં સુધી તો હું કહીશ કે દુનિયામાં મારે કોની જરૂર છે? પણ દુનિયાના લોકો જયારે આપણા નથી થતા, ત્યારે પ્રભુ યાદ આવે છે. 'બીજા સગા સૌ મુખથી કહેવાના, દુઃખમાં નહીં આવે કોઇ સાથજી.' અને ત્યારે યાદ આવે છે કે 'સાચા સગા શ્રીનાથજી.' એટલે આ લૌકિક આર્તિ, અહંતા અને મમતાનો નાશ એ સૌથી પહેલી જરૂરિયાત હોવાથી શ્રીહરિરાયચરણે એને પહેલાં પગથિયે મૂકી. આર્તિને કારણે માણસનો એવો રસ્તો બદલાઇ જાય કે 'હું પ્રભુનો છું અને પ્રભુ મારા છે' એવી ભાવના જાગે. પછી તે પોતાનાં વખાણ કરતો નથી, પણ પ્રભુનાં ગુણગાન કરે છે.

અહંતા-મમતામાં ફૂલ્યા ફરતા જીવને બીજાં કેટલાંક વળગણો વળગે છે. શ્રીહરિરાયચરણ એને 'સ્વાર્તિ' એવું નામ આપે છે. સ્વ એટલે પોતે અને આર્તિ એટલે દુઃખ. માણસને જયારે પોતાને કેટલાંક આવાં વળગણો વળગે ત્યારે એનું દુઃખ આવે. પોતાનું દ્રવ્ય એ સ્વ. એનાથી માણસનો 'સ્વ' વધે છે, અભિમાન વધે છે. ધન પછી જ્ઞાતિ, પછી એનું અંતઃકરણ, મન-બુદ્ધિ વગેરે અને ચોથું એના આત્મીયજનો, સગાં-સંબંધીઓ. આ ચારનો સમાવેશ શ્રીહરિરાયચરણ 'સ્વ'માં કરે છે. એ ચારેયનું દુઃખ પ્રભુ એને આપે છે. જેને ધનમાં મમત્વ વધતાં પ્રભુનો વિચાર આવતો નથી, એનું દ્રવ્ય લઇ લે છે, અને ત્યારે પેલો અજ્ઞાની જીવ નાના બાળકની જેમ ધમપછાડા કરે છે. પણ એને માટે ભગવત્પ્રાપ્તિનો માર્ગ ખુલ્લો થાય છે. એવી જ રીતે માણસને પોતાની જ્ઞાતિનું અભિમાન હોય કે હું બ્રાહ્મણ છું. ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ! હું વણિક છું, એમાયે પાછા દશા અને વિશાના ભેદ. પ્રભુ એને હીન

જાતિમાં જન્મ આપીને જ્ઞાતિનું અભિમાન તોડાવે છે.

માણસને પોતાના અંતઃકરણનું પણ ભારે અભિમાન હોય છેઃ મારું મન એટલે મારા બરાબર કાબૂમાં. એને કોઈ બદલી ન શકે, મારા જેવી બુદ્ધિ તો દુનિયામાં કોઈની નહિ. આવું તે હંમેશ વિચાર્યા કરતો હોય છે. જેને પોતાનાં મન અને બુદ્ધિ માટે અભિમાન હોય છે, એવા માણસને ઘણી વાર પોતાના કામ અંગેનો અસંતોષ થાય છે. વેપારીને લાગે કે બરાબર વેપાર થયો નથી. આ વર્ષે લાખ રૂપિયાનો જ નફો થયો; મારે તો પાંચ લાખ રૂપિયાનો નફો કરવો હતો. બરાબર કામ થતું નથી, એનો પોતાને અસંતોષ છે. પરિણામે અસ્થિરતા કે ઉદ્વેગ આવે અને એના અંતઃકરણનું વળગણ તૂટી જાય. સગાં-સંબંધીઓ જયારે મોં ફેરવી લે, રોજ ઝઘડો કરવા આવે, દુઃખમાં આપણને મદદરૂપ ન થાય, ત્યારે માનવું કે પ્રભુની કૃપા થઈ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ ચાર વસ્તુઓમાં દુઃખ આવે ત્યારે માનવું કે પ્રભુએ સ્વાર્તિનું દાન કર્યું. એના દ્વારા આપણે પ્રભુનાં ચરણમાં મન લગાવીશું. ધન જતું રહે ત્યારે ભગવત્કૃપા માનવી. લક્ષ્મી તો ચંચળ છે-આવે ને જાય. આપણને ખરી જરૂર છે લક્ષ્ણીનારાયણ એવા શ્યામસુંદરની. લક્ષ્મી અને લક્ષ્મીનારાયણ એ બે કદી સાથે બિરાજવાનાં નથી; કારણ કે ગોલોકધામમાં લક્ષ્મીજીને બહુ અધિકાર મળ્યા નથી. ગોપીજનો પાસે લક્ષ્મીજીની કોઈ કિંમત નથી. એટલે ધન જતું રહે, એ દિવસે મહોત્સવ મનાવજો. જ્ઞાતિજનો કનડે, પીડે ત્યારે પણ એનો આનંદ માનવો કે પ્રભુની કૃપા થઈ અને આ બીજું વળગણ પણ ગયું! અંતઃકરણ સંબંધી ઉદ્વેગ થાય, આપણું ધાર્યું ન થાય, ત્યારે પણ માનજો કે પ્રભુએ બહુ કૃપા કરી.

સગાંસંબંધીઓ જયારે વાંકાં થાય, મોં મચકોડે, આઘાં જાય ત્યારે પણ નરસિંહ મહેતાની જેમ કહેવું કે ''ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ'' આમ, બીજી આર્તિ-સ્વાર્તિનું નિરૂપણ શ્રીહરિરાયચરણે કર્યું.

હવે ત્રીજી આર્તિનું નિરૂપણ કરે છે. તે છે શરીરાર્તિ. માણસને કેટકેટલાં વળગણ વળગ્યાં છે! પછી માણસને દુઃખ ન થાય તો બીજું શું થાય? ધનનું, જ્ઞાતિનું, અંતઃકરણનું, કુટુંબીઓનું વળગણ! અને હવે એના પોતાના શરીરનું જ વળગણ. એ બહુ ભારે હોય છે. ગમે તેવું શરીર હોય, પણ કોઈ માણસ એમ નહીં કહે કે હું જરા દેખાવમાં ઓછો છું. સૌ પોતાને કામદેવના બીજા અવતાર જેવા જ લાગે છે. સુંદર શરીરનો ભારે મોહ! તંદુરસ્ત શરીરનો ભારે મોહ. કેટલાક લોકોને તમે સાંભળશો કે આપણને તો જિંદગીમાં ક્યારેય રોગ થતો નથી. નખમાંય રોગ નહીં, લોઢાના ચણાયે આપણે ચાવી જઈએ અને પથરા પણ પચી જાય. લોહી-

ચામના બનેલા આ શરીરનો, એના રૂપનો મોહ હોવાને કારણે માણસ એની ટાપટીપમાંથી ઊંચો જ ન આવે. એક અંગ્રેજી કવિએ બહુ સરસ કહ્યું છે કે માણસ જેટલો સમય અરીસા સામે ઊભો રહે છે એનાથી અડધો સમય પણ ભગવાન સામે ઊભો રહે તો એનું કલ્યાણ થાય. વિચાર કરવા જેવો છે. અરીસા સામે ઊભા રહીને જો ભગવત્સ્વરૂપનાં દર્શન થવાનાં હોય તો તો લેખે લાગે, પણ ભગવત્સ્વરૂપનાં દર્શનમાં સમય અપાતો નથી.

અહીંથી ઘણા પ્રયત્નો પછી શ્રીનાથદ્વારા જઇએ. શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થાય, પણ ત્યાં હાથ જોડ્યા ન જોડ્યા ત્યાં ચાલો બહાર. ફરીથી રાજભોગનાં દર્શન માટે આવવું હોય તો દશ મિનિટ સુધી ડ્રેસિંગ રૂમમાં અરીસા સામે ઊભા રહેવું પડે. શ્રીજીબાવાનાં દર્શન આખા દિવસમાં દશ મિનિટ કરીએ, પણ અરીસામાં આપણા મુખારવિંદનાં દર્શન સો મિનિટ કરીએ! આવો શરીરનો આપણને મોહ. એવો જ તંદુરસ્તીનો મોહ. પ્રભુને એ પણ સોહાતો નથી. પ્રભુ વિચારે છે કે મને મૂકીને તું તારી જાતને આટલી બધી જુએ છે?

એમાં શું જોવાનું છે? માટે પ્રભુ શરીરનો મોહ છોડાવવા માટે રોગ આપે છે, નિર્બળતા આપે છે. હીન જાતિમાં જન્મ આપી દે છે, એમ કરીને એના શરીરનો મોહ છોડાવે છે. માટે રોગ આવે, ત્યારે દુઃખી થવું નહીં.

અમારા પરમ પૂજ્ય ગોલોકવાસી નાગરદાસ કાકા હંમેશાં એમ કહેતા કે રોગ એ તો પ્રભુની ભગવત્કૃપા છે. એ માગ્યો ન મળે. માગવા જેવો છે, પણ બધાને મળતો નથી. સતત ભગવન્નામસ્મરણ કરનારા નાગરદાસ કાકા એમ કહે કે દુનિયાની અનેક જવાબદારીઓમાં પૂરું ભગવન્નામ નથી લેવાતું, એટલે થોડા દિવસનો ખાટલો આવે તો નિરાંતે એકાગ્રતાથી ભગવન્નામ લેવાય. માટે રોગ એ તો પ્રભુની પ્રસાદી છે. રોગમાં મન પરોવવાની કે એથી દુઃખી થવાની જરૂર નથી. એને પ્રભુની કૃપા માનજો કે રોગ દ્વારા આપણાં લૌકિક અને વૈદિક છોડાવ્યાં છે. લૌકિક એટલે આ સંસારની બાબતો. વૈદિક એટલે કર્મની બાબતો. તપ-તીર્થ-યાત્રા-દાન-ઉપવાસ-વ્રત- એ બધાં કર્મ છોડાવે છે. લૌકિક અને વૈદિકની આસકિત છૂટે ત્યારે એ પ્રભુમાં જોડાય છે. એક મ્યાનમાં બે તલવારો કદીયે રહી શકતી નથી.

બાળકે સાપને રમકડું માનીને પકડવા માટે દોટ મૂકી. એના પિતા જાણે છે કે આનું શું પરિણામ આવશે; એટલે દોડતા જઇને બાળકને જોરથી જકડી રાખે છે. એ કજિયો કરે તો કરવા દે છે. સમજતો નથી તો બે થપ્પડ પણ મારે છે. બાળકને સમજાવવાની બે રીત છે : કોઇ સંસ્કારી શહેરમાં નીકળો, અને ત્યાં કોઇ ખાનદાન

કુટુંબની માતા એના બાળકને લઈને બજારમાં નીકળી હોય, ત્યારે બાળક કશુંક માગતો હોય તો માતા એને પ્રેમથી સમજાવશે કે ભાઈ, તું જેટલું માગે એટલું મળે નહીં અને તારાથી મંગાય પણ નહીં. તારે યોગ્ય હશે એ હું તને અપાવું છું અને અપાવીશ. બાળક સમજી જશે, પ્રસન્ન થશે અને માતાના કહ્યા પ્રમાણે કરશે. પરંતુ કોઈક અબુધ-અસંસ્કારી માતા બાળકને લઈને નીકળી હશે ત્યારે બાળક રસ્તામાં કંઈ જુએ, માગે અને હઠ કરે ત્યારે મા ઘાંટો કાઢે, છતાં બાળક માને નહીં તો બાળકને પડતું મૂકીને તે આગળ ચાલે, પેલું બાળક રડતું રડતું પાછળ દોડે એટલે મા બે થપ્પડ ચોડી દે. તરત બાળક ચૂપ થશે. સમજુ બાળકને પ્રેમથી, મીઠાશથી સમજાવીને એના કલ્યાણના માર્ગે લઈ જવાય. અજડ-અણસમજુ-હઠીલા બાળકને ગાલ ઉપર પ્રસાદી આપીને સીધો કરાય.

જે જીવો સમજુ છે, દુઃખમાં પોતાનું અંતિમ કલ્યાણ સમજે છે એવા જીવોને શ્રીઆચાર્યચરણ આવાં વચનો દ્વારા સમજાવે છે કે ભાઈ, તમારું અંતિમ શ્રેય આમાં છે, માટે આ દુનિયાના લૌકિક મોહને વશ થઈને ઘડીભર દેખાતા દુઃખને દુઃખ માની ગાંડા થશો નહીં. પરંતુ જે નથી સમજતા, સાંભળવા છતાંય આંખ આડા કાન કરે છે એવા અજડ જીવોને પ્રભુ બે થપ્પડ વધારે મારે છે. થોડુંક ધન દૂર કરીને પ્રભુ ધનલાલસા છોડાવવા માગતો હોય અને પેલો ન છોડે તો એનું બધું ઝૂંટવી લે છે. જા, હવે રળવાનો હોય તો પૂરું રળી લે. માટે શ્રીમહાપ્રભુજીના માર્ગમાં આવેલા આપણે દુઃખને દયાનું દાન માનવું જોઈએ.

ચોથી આર્તિ છે 'બંધ્વાર્તિ' બંધુ એટલે સ્વજન. સ્વજનોના સંગથી પણ માણસને દુઃખ થાય છે. ચાર શબ્દો અહીં સમજી લેવાના છે. જયારે સંગની વાત કરીએ ત્યારે, વિના કારણે કંઈ કામ ન હોવા છતાંયે કોઈને મળીએ એનું નામ સંગ. એમ થાય કે ચાલો, ઘણા વખતથી અમુકને મળ્યાં નથી તો મળી આવીએ. એ સંગ. સંગમાં કોઈ હેતુ ન હોય, પણ કોઈક ખાસ પ્રયોજન લઈને કોઈને મળવા જઈએ તો એ પ્રસંગ. લગ્નનો પ્રસંગ કહેવાય, મૃત્યુનો પણ પ્રસંગ કહેવાય; કારણ કે લગ્ન અથવા મૃત્યુના ખાસ કારણે આપણે ત્યાં ગયા છીએ. દુષ્ટ માણસોને મળવાનું થાય, એનું નામ દુઃસંગ અને ભગવદ્ભક્તોને મળવાનું થાય, એનું નામ સત્સંગ.

સંગ-પ્રસંગ-દુઃસંગ અને સત્સંગ આ ચારમાંથી આપણે ઉપયોગી હોય તે પકડી લેવાનું છે. આપણે પકડવો જોઈએ સત્સંગ. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે: સ્વજનોનો વિના કારણે સંગ થયા કરે અને ઘરમાં રહીએ એટલે સ્વજનોનો સંગ તો થાય; એમાં કંઈ ચોક્કસ પ્રયોજનની જરૂર હોતી નથી. છતાં ઘણી વાર એવું

બને કે સ્વજનોનો સંગ તૂટી જાય. એકનો એક દીકરો અમેરિકા જાય, ત્યારે મા-બાપથી એનો સંગ છૂટી ગયો. પરિણામે, એકલતા લાગવા માંડશે. દીકરી બહુ વહાલી છે, એકની એક છે. પરણીને સાસરે ગઈ. એનો સંગ છૂટી ગયો. શું થશે? ઘરમાં એકલતા લાગવા માંડશે. આમ, સ્વજનોનો સંગ છૂટે છે ત્યારે જીવને એકલવાયાપણું લાગે છે.

જીવ એકલવાયો બને ત્યારે એનું હૃદય કૂણું બને. દીકરાને પરણાવ્યો. ઘરમાં વહુ આવી. વહુ સાથે રહે અને સાસુજી જરા આકરા સ્વભાવનાં હોય ત્યારે રોજ વાસણો ખખડે છે. સસરાજીએ દીકરાને કહ્યું કે લે ભાઇ, આ એક બંગલો. તું જુદો જઈને રહે એટલે અમનેય શાંતિ અને તમને પણ શાંતિ. દીકરો ને વહુ જુદાં ગયાં. છ-બાર મહિના થયા, ત્યાં સાસુજીનું હૃદય કૂણું પડયું. એકલતા થઈ અને બધું જાતે કરવાનું આવ્યું. હવે એ વહુ સારી લાગવા માંગી. કયારેક વહુ આ ઘેર આવે છે, સાસુજી ક્યારેક ત્યાં જાય છે. વર્તનમાં મીઠાશ આવી. માણસ એકલવાયો થાય એટલે હૃદય નરમ પડે, દીનતા આવે. આ બધું માનસિક છે. શ્રીહરિરાયચરણ કેટલા મોટા મહાવૈજ્ઞાનિક છે? એ વિચારતાં એમનાં ચરણારવિંદમાં ભક્તિભાવથી મસ્તક ઝૂકી પડે છે.

હવે આપ દીનતાના ત્રણ પ્રકાર બતાવે છેઃ પ્રવાહી દીનતા, મર્યાદા દીનતા અને પુષ્ટિ દીનતા. દુનિયાના વહેવારમાં માણસ ગરીબડો, બાપડો, રાંક બનીને જીવે એ પ્રવાહી દીનતા. કોઈ માથાભારે સામો આવે એટલે આપણે કહીએ કે સારું ભાઈ, તું કહે એમ કરીશું બસ. આ પ્રવાહી દીનતા. 'જવા દોને, કોણ ઝઘડો કરે! તેમાં ગરીબડાપણું, બાયલાપણું, બાપડાપણું, બિચારાપણું છે. એ હૃદયની નહિ, વ્યવહારની દીનતા છે. મર્યાદામાં જીવ અનેક પ્રકારનાં કર્મ-અનુષ્ઠાન કરતી વેળા વિચારે કે આ બધું કરવાથી મને મોક્ષ મળશે કે નહીં? મોક્ષપ્રાપ્તિનું લક્ષણ દેખાય નહીં ત્યારે એ દીન બને છે. એ થઈ મર્યાદા દીનતા. પુષ્ટિજીવને એના જીવનવ્યવહારમાં હીનતા મળે એવી દીનતા ખપતી નથી. મોક્ષનો તો એને વિચાર જ નથી. પુષ્ટિજીવની દીનતા એના હૃદયમાં રહેલી છે, જે બહાર પ્રગટ થતી નથી. એ છે પ્રભુને મેળવવાના તાપભાવની દીનતા. ''પ્રભુ મને ક્યારે મળે? હું પ્રભુને લાયક તો નથી છતાંય પ્રભુની કૃપા મારા ઉપર ક્યારે થાય?'' પ્રભુ માટે આવો વિરહતાપ એ પુષ્ટિમાર્ગીય દીનતાનું સ્વરૂપ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સ્વજનોનો સંગ છૂટી જાય ત્યારે 'ભલું થયું ભાંગી જંજાળ' એવી લાગણી થાય તો હૃદયમાં પ્રભુનો વિરહતાપ થાય. દુનિયાના

સંગનો રંગ ગાઢ હોય, ત્યારે પ્રભુના સંગનો રંગ લાગતો નથી. માટે તો મીરાંબાઈએ કહ્યું કે "ચૂંદડી ઓઢું તો રંગ ચૂએ રંગબેરંગી હોય, ઓઢું હું કાળો કામળો દૂજો ડાઘ ન લાગે કોય; ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે." આમ, જગત જયારે ખારું લાગે ત્યારે ગોવિંદો મીઠો લાગે અને જગત મીઠું લાગે ત્યાં સુધી ગોવિંદાની મીઠાશ કદીયે સમજાય નહીં. એટલે આવી રીતે પ્રભુ કૃપા કરવા માટે સગાં-વહાલાંનો સંગ પણ છોડાવે છે. આપણે એવું તો ન કહીએ કે ગયાં તો સારું થયું, પરંતુ 'પ્રભુ જો કરે સો ભલી કરે.' કુટુંબીજનોના વિયોગના દુઃખમાંયે આપણું લાંબા ગાળાનું કંઈક હિત હશે. કલ્યાણ હશે એવું માનવું.

પાંચમી આર્તિ છે 'દેશાર્તિ' દેશ એટલે જ્યાં આપણે રહેતા હોઈએ એ સ્થળ એ ભારત જેવો દેશ હોય, વડોદરા જેવું શહેર હોય, એનો કોઈ લત્તો હોય કે આપણું પોતાનું ઘર હોય; પણ કયારેક કેટલાક જીવો પાસે એ દેશ પણ છોડાવીને દેશાર્તિ આપે છે. પહેલાંના જમાનામાં બહુ રોગચાળો ફાટી નીકળતો. ખાસ કરીને મરકી વખતે લોકો ગામ છોડીને ચાલ્યાં જતાં. પૂર આવે, દુકાળ પડે ત્યારે પણ લોકોને ઘરબાર છોડીને ચાલ્યાં જવું પડે. આ બધી દેશાર્તિ કહેવાય, જેમાં લોકોને કંઈક વિષમ પરિસ્થિતિમાં પોતાનો દેશ છોડવો પડે. શ્રીહરિરાયચરણ દેશાર્તિનું નિરૂપણ કરતાં કહે છે કે કોઈ કુદરતી સંકટો આવે અથવા ઘણી વાર માનવસર્જિત સંકટો આવે અને વ્યકિતને દેશ છોડવો પડે તે દેશાર્તિ. દા.ત., પરદેશનો ભય આવે. પહેલાંના જમાનામાં બીજા રાજ્યનો રાજા ચઢી આવે કે મુસલમાન આદિનાં આક્રમણો થાય ત્યારે સૌને દેશ છોડીને ભાગવું પડતું. શ્રીમહાપ્રભુજીના પિતૃચરણ શ્રીલક્ષ્મણ ભટ્ટજીને પણ કોંકરવાડ છોડવું પડેલું. શ્રીદામોદરદાસ હરસાનીજીના પિતા કપૂરચંદજીને શ્રીરંગપટ્ટમ્ છોડવું પડેલું.

કેટલીક વાર ધંધારોજગાર માટે ગામડું છોડીને મોટા શહેરમાં જઈ વસીએ. આમ, જુદા જુદા સંજોગામાં માણસ દેશ છોડી પરદેશ જાય છે. શ્રીહરિરાયચરણનો જમાનો એવો હતો, જ્યારે સામાન્ય મનુષ્યોને પરદેશ જવું ગમતું નહીં. બાપદાદાનું ગામ કે ઘર છોડવું એ હીણ ગણાતું. હવે તો આપણને પરદેશ જવાનો મોહ વિશેષ છે. પરદેશમાં દેશ લાગે છે અને દેશમાં પરદેશ લાગે છે; પરંતુ શ્રીહરિરાયચરણ પોતાના સમયની પરિસ્થિતિની વાત કરે છે કે જે ઘર, જે ગામ આપણું આશ્રયસ્થાન હોય એને છોડવું એ ભારે દુઃખનું કારણ ગણાય.

એક લૌકિક કવિએ પોતાનું ઘર છોડયું એનું બહુ સુંદર નિરૂપણ એક કાવ્યમાં કર્યું છે. ભાડાના ઘરમાં રહેતો કવિ ટૂંકા પગારમાંથી થોડું થોડું બચાવીને પોતાનું

નાનુંસરખું મકાન બનાવી એમાં રહેવા જાય છે, ત્યારે ભાડુતી ઘરને છોડતી વેળા કહે છેઃ ઉપાડેલા ડગ લોહ કેરા મણિકા, ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા'. પગ જાણે લોઢાના મણિકા સરખા ભારેખમ હોય અને અશ્રુસભર આંખમાં કાચની કણિ ખૂંચી હોય એવું એને ઘર છોડતાં દુઃખ થાય છે. બાપદાદાનું ઘર છોડીએ કે વેચીએ ત્યારે પણ મનમાં ભારે દુઃખ થતું હોય છે. એટલે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે દેશ અર્થાત્ આપણું આશ્રયસ્થાન છોડતાં, ઘડીભર આપણે નિરાધાર થયા હોઈએ એવો અનુભવ થાય છે. આપણી આ નિરાધારતા આપણા દુઃખનું કારણ બને છે.

કેટલીક વાર બીજા પ્રકારની દેશાર્તિનો ભક્તોને અનુભવ થાય છે. વડોદરામાં રહેનાર વૈષ્ણવોને વ્રજમાં જવાનું મન થાય ત્યારે વ્રજદેશ માટેની આર્તિ થાય છે. 'ભૈયા, ગોકુલ કબ ચલેંગે?' ઘણી વાર એને માટેની બધી તૈયારીઓ થઈ ગઈ હોય અને છેલ્લી ઘડીએ એવું કંઈક બને કે જઇ ન શકાય. પેલા દક્ષિણમાં રહેતા વૈષ્ણવની જેમ અડધે જઇએ અને કંઈક એવી વિપત્તિ આવે કે પાછા ફરવું પડે. ત્યાં જઈએ અને માંદા પડી જવાથી પાછા ફરવું પડે. આ સ્થિતિમાં પ્રભુના લીલાધામમાં નજ જવાયું એ આપણા દુઃખનું કારણ બને છે.

આમ, દેશાર્તિના બે પ્રકારઃ એક લૌકિક દેશાર્તિ; બીજી અલૌકિક દેશાર્તિ, જે પ્રભુની લીલાભૂમિ સાથે સંબંધ ધરાવે છે. શ્રીહરિરાયચરણ અહીં-આજ્ઞા કરે છે કે જીવનમાં માણસને નાનાં મોટાં ઘણાં કારણો કે કામો આવે છે, જેને સિદ્ધ કરવા માટે માણસ મોહવશ બનીને ઘણી વાર બહુ મોટું કામ ઉપાડે છે, ત્યારે આપણને દયા આવે કે ભાઈ, એક નાનકડો પથ્થર ઊંચકવા માટે તું આટલો મોટો ઊંટડો (ક્રેઇનઃ મંગાવે છે? હાથે ઊંચકી લે ને! અરે, અહીંથી પાંચ ડગલાં જવાનું છે, જરા ચાલતો જા ને! એના માટે મોટર કે સ્કૂટરની શી જરૂર છે? અમારા પરિવારના ભાઈઓને હું મશ્કરીમાં કહેતો કે પાછલા બારણેથી આગલા બારણે જવા માટે તમારે સ્કૂટર વિના ચાલતું નથી. આમ, એક નાના કારણ માટે મોટું કામ ઉપાડવું એ મોહ છે, મૂર્ખાઇ છે.

શ્રીહરિરાયચરણ સમજાવે છે કે સંસારનું સુખ એ તો નાનકડું કારણ છે. ક્ષણિક સુખ માટે જીવનભર પ્રવૃત્તિ કરવી, ચોર્યાસી લાખ યોનિની ઘટમાળ પછી મળેલો આ દુર્લભ મનુષ્ય દેહ અને એમાંયે અલભ્ય એવા વૈષ્ણવત્વની પ્રાપ્તિને ગુમાવી દેવી એ નરી મૂર્ખતા છે. આ મનુષ્ય-જીવન ક્ષણિક સુખભોગ માટે નથી. એ કામ તો પેલા ભૂંડનું છે. આપણા જીવનનું સૌથી મોટું કાર્ય એટલે આ દેહથી અલૌકિક ભગવત્સ્વરૂપના આનંદની પ્રાપ્તિ. આવું મોટું કાર્ય આપણી સામે હોય,

એ માટે બ્રહ્મસંબંધ દ્વારા શ્રીઆચાર્યચરણની કૃપા થઈ હોય અને છતાંયે જીવન પોતાની વૃત્તિઓને છોડે નહીં, ત્યારે પ્રભુ એમને આવી દેશાર્તિનો પણ અનુભવ કરાવે છે કે આ ગામમાં તું રચ્યોપચ્યો છે, ગામનો દાદો થઈને ફરે છે અને ગામની ચૌદશ કૂટવામાંથી ઊંચો નથી આવતો; પરિણામે તું મારાં સેવાસ્મરણ નથી કરી શકતો, માટે જા, તને આ ગામ છોડાવું છું તું તારી નોકરીમાં રચ્યોપચ્યો છે તો તારી નોકરી છોડાવું છું. મારો પોતાનો અનુભવ છે. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતાં રાતદિવસ ટયૂશનમાં એટલો બધો રચ્યોપચ્યો રહેતો કે ભગવદ્દર્શનનો પણ સમય નહોતો મળતો એમ કહું તો ખોટું નથી. એ અલૌકિક મોહને છોડાવવા માટે પ્રભુએ ગામ છોડાવ્યું-દેશાર્તિનું દાન કર્યું. આમ કયારેક લૌકિક રીતે જીવ ભલે દુઃખી થાય, છતાં પ્રભુ એનું ગામ કે ઘર છોડાવે છે.

ત્યારે પછી છઠ્ઠી આર્તિ છે. ‘સાધનાર્તિ’. જુદાંજુદાં સાધનો પ્રભુએ આપણને આપ્યાં છે, એ સાધનોનો ઉપયોગ કરવામાં આપણે મદમસ્ત છીએ. આ સાધનોનો ઉપયોગ કરતાં કરતાં ત્રણ પ્રકારે દુઃખ આવે છેઃ એક તો, એક વાર સાધન વાપરવા મળે અને પછી જતું રહે; ત્યારે દુઃખ થાય. રોજ મોટરમાં બેસવાને ટેવાયેલાને રીક્ષામાં ફરવાનું થાય ત્યારે સાધનનું દુઃખ થાય. રીક્ષામાં ફરવા ટેવાયેલાઓને ચાલવાનો દિવસ આવે ત્યારે ભારે દુઃખ થાય. ગેસનો બાટલો જે દિવસે ખાલી થઇ જાય તે દિવસે ઘરમાં ગૃહિણીઓનાં મુખ અને એમના વર્તનમાં પ્રત્યાઘાત જોવા જેવા હોય છે. સાધનના અભાવનું ભારે દુઃખ. બીજું દુઃખ, પ્રભુએ સાધન આપ્યું, પણ ઉપયોગ કરવાની પ્રતિકૂળતા કરી આપે. સાધન જોયા જ કરવાનું, વપરાય નહીં. સરસ મજાના પંખા ઘરમાં હોય, એરકન્ડીશનર હોય, પણ જો વીજળીનો પ્રવાહ જ બંધ હોય તો એરકન્ડીશન મશીન સામે જોવાનું ને રોવાનું. અને ત્રીજું દુઃખ છે, સાધન વાપરવા છતાંયે નિષ્ફળતા મળે. કોઈક કાર્ય માટે મશીન લાવ્યા, મશીન વાપર્યું; પણ જેવું થવું જોઈએ એવું કામ થયું નહીં, પરિણામ આવ્યું નહીં; ત્યારે પણ આપણને દુઃખ થાય છે. આ ત્રણે પ્રકારનાં દુઃખ, સાધનમાં આપણો મોહ ન થાય એ માટે સાધનાર્તિ દ્વારા પ્રભુ છોડાવે છે. એક સાધનના સ્વરૂપમાંથી આપણો મોહ છોડાવે છે. મોટર મળી તોય શું અને ન મળી તોય શું? બીજું એની માલિકીનો મોહ છોડાવે છે અને ત્રીજું આપણી સાધન વાપરવાની શકિત દૂર કરે, કંઈક અકસ્માત થાય કે આપણે મોટર ચલાવી ન શકીએ, વાપરી ન શકીએ સાધનમાં આવો મોહ જ્યારે ભગવત્પ્રાપ્તિમાં વિક્ષેપરૂપ બનતો હોય છે ત્યારે પ્રભુ કોઈક માર્ગે આવા મોહને છોડાવે છે.

સાતમી આર્તિનો પ્રકાર શ્રીહરિરાયચરણે બતાવ્યો ‘નિર્વાહાર્તિ’. નિર્વાહ

માટેની આર્તિ. નિર્વાહ શબ્દને બે અર્થમાં સમજવાનો છે. નિર્વાહનો અલૌકિક અર્થ છે નિત્યપ્રાપ્તિ. અલૌકિક પદાર્થોની નિત્યપ્રાપ્તિ ન થાય ત્યારે જે દુઃખ થાય, એ નિર્વાહ-આર્તિ. બીજો અર્થ થાય છેઃ લૌકિક જીવન જીવવાનો નિર્વાહઉદ્યમ. એમાં જ્યારે વિઘ્ન આવે, આપણી રીતે આપણું જીવન જીવી ન શકીએ, ત્યારે પણ નિર્વાહાર્તિ કહેવાય છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ નિર્વાહ આર્તિ પ્રભુ બે હેતુસર આપે છે. એક પ્રારબ્ધનો ભોગ ભોગવવાનો. જીવ જેવાં કર્મ કરે એવું ફળ એને ભોગવવું જ પડે છે મનુષ્યને દુઃખ આવે કે સુખ આવે ત્યારે સાદી ભાષામાં કહેવાય છે કે કરેલાં કર્મનો આ બદલો મળ્યો. શાસ્ત્રો એને નસીબ-પ્રારબ્ધનો ભોગ કહે છે. સારાં કર્મ કરીએ તો પુણ્ય થાય, એનો સારો ભોગ મળે; દુષ્કર્મોથી પાપ થાય. તો એનાથી દુઃખરૂપી ભોગ મળે. આ તો ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ પ્રભુએ બાંધેલું બંધારણ છે; પરંતુ પોતાના નિજજીવો ઉપર પ્રભુ જ્યારે કૃપા કરે છે ત્યારે એમનાં કર્મોના ભારે પ્રારબ્ધભોગને પ્રભુ બહુ ભોગવાવી દે છે. શૂળીનો ઘા સોયથી સરે છે.

આપણે ત્યાં એવા કેટલાય અલૌકિક પ્રસંગો છે. ૨૫૨ વૈષ્ણવો એવા ભગવદીયો હતા કે જેમની ભાગ્યરેખા જોઈને એમને ત્યાં મહેમાન બનીને આવેલા જ્યોતિષીએ માનેલું કે આજે બપોરના બાર વાગે રાજાના માણસો આ વૈષ્ણવને લઈ જઈને શૂળીએ ચઢાવશે. બાર વાગવા છતાં કોઈ આવ્યું નહિ; ત્યારે પેલા જ્યોતિષીને નવાઈ લાગી. વૈષ્ણવે સ્પષ્ટતા કરી કે ભોગ ધરીને પાઠ કરતી વખતે મને ઝોકુ આવી ગયું અને ઊંઘમાં તમે કહો છો તે અનુભવ પણ થઈ ગયો. હું શૂળીએ ચઢીને લટકયો, ત્યાં મારું સ્વપ્ન ચાલ્યું ગયું. મૃત્યુનો સ્વપ્નમાં અનુભવ થવાથી, મારી અપરસ છોવાઈ. માટે હું ગંગાજીમાં સ્નાન કરવા જાઉં છું.

પોતાના નિજભક્તોને પ્રારબ્ધભોગ પણ પ્રભુ ભોગવાવે છે, એનું ઉદાહરણ ૨૫૨ વૈષ્ણવમાં, કપડવંજના રેડા ઉદુમ્બર બ્રાહ્મણની વાર્તામાં છે. રેડા વિરક્ત વૈષ્ણવ, જેમને રમણ રેતીમાં પ્રભુની અલૌકિક લીલાઓનાં દર્શન થયાં છે. ત્રણ દિવસ એમાં એ તન્મય છે. શ્રીગુસાંઈજી જળ છાંટીને એને ફરીથી જાગૃત કરે છે. રેડા વિનંતી કરે છેઃ કૃપાનાથ, શું કરવા મને અલૌકિક આનંદમાંથી છોડાવો છો? આપ આજ્ઞા કરે છે કે હજુ તારે તારા ગામ જવાનું છે. ત્યાં તારે લગ્ન કરવાનું છે, ગૃહસ્થાશ્રમ માંડવાનો છે, તારે એક પુત્ર થવાનો છે. તારે ત્યાં ભગવત્સેવા કરવાની છે અને પછી તને નિત્યલીલાની પ્રાપ્તિ થશે. તો આ નિર્વાહઆર્તિ. પ્રભુ પ્રારબ્ધના ભોગ પોતાના ભક્તોને બહુ સરળતાથી ભોગવાવી લે છે.

આપણે છઠ્ઠા શિક્ષાપત્રમાં એ વાત જોઈ ગયા છીએ કે પ્રભુ પોતાના જીવોને

લોક અને વેદમાં કદી સ્વસ્થતાથી રહેવા દેતા નથી; કારણ કે આ જન્મમાં જીવ પોતાના પૂર્વજન્મોનાં અને આ જન્મનાં કર્મોનું પરિણામ ન ભોગવી લે તો એને ભગવત્પ્રાપ્તિમાં વિલંબ થાય, એ ભોગવવા બીજો જન્મ લેવો પડે. માટે પ્રભુ કૃપા કરીને આ જન્મમાં જીવને એના પ્રારબ્ધના ભોગ ભોગવાવી લે છે. આપણામાંથી ઘણાંને એવો અનુભવ હશે કે બીજા દિવસે બહાર ગામ જવું હોય તો આગલા દિવસે આપણે વધારે મહેનત કરી, બધું કામ પૂરું કરી લઈએ, જેથી બીજા દિવસે નિવૃત્તિ મળે. એમ આ જન્મમાં ભોગ ભોગવી લીધા પછી જન્મ માટે જીવ નિવૃત્ત. આપણે કહીએ છીએ કે આજે ભલે કષ્ટ પડે, પણ બધું કામ પરવારી લઈએ તો નિરાંતે કાલે લગ્નમાં મહાલી શકાય. એમ જીવ પણ માને કે આજે ભગવત્કૃપા થઈ છે. આ જીવનમાં બધું ભોગવવાનું હોય, તે ભોગવી લઈએ, તો આ દેહ છૂટ્યા પછી નિત્યલીલામાં, પ્રભુના અલૌકિક લગ્નમાં રોજ મહાલી શકાશે. એટલે દુઃખ એ પ્રભુની કૃપાનું દાન છે, પ્રભુના આપણા ઉપર ઊતરેલા આશીર્વાદ છે. દુઃખ એ શાપ નથી.

શ્રીમહાપ્રભુજી બહુ સુંદર રીતે સમજાવે છે કે જે વ્યક્તિ આપણી પોતાની હોય એને ઠપકો અપાય કે શિક્ષા કરવી હોય તો કરાય. મારા દીકરાને થપ્પડ મારવી હોય તો હું મારું. પડોશીના દીકરા ઉપર એ ગમે તેવું તોફાન કરે તોય હું હાથ ન ઉપાડું. પોતાના છે એવા જીવોના કલ્યાણ માટે પ્રભુ દંડ આપે છે.

અંગ્રેજીમાં એક સરસ મજાની કવિતા છે. એક નાના બાળકની માતા મૃત્યુ પામી. બાળક બહુ લાડમાં ઊછરેલો. તોફાન મસ્તીમાં પાવરધો. પિતાથી આ સહન થતું નથી. એક દિવસે બાળકે હઠ કરી. પિતાએ એને તમાચો મારી દીધો. કદી તમાચો સહન ન કરનાર એ બાળક રડતું રડતું એના રૂમમાં જઈને ઊંઘી ગયું ઊંઘમાંયે એના ગાલ ઉપર આંસુ છે. એનું હૃદય જાણે હિબકાં લઈ રહ્યું છે. તમાચો મારતાં તો માર્યો, પણ પિતાનું હૃદય કરુણાથી ભરેલું છે. તે ઊંઘેલા બાળકની પથારીમાં જઈને બેસે છે, ગાલ પરનાં આંસુ લૂછે છે. એને ચૂમે છે. એના વાળમાં હાથ ફેરવે છે અને મનોમન કહે છેઃ 'બેટા' તુ એવો ડાહ્યો થઈ જા ને કે મારે તને મારવો ન પડે.' બસ, આ જ વાત આપણા જીવ માટે છે.

પ્રભુ જીવના કલ્યાણ માટે ક્યારેક એને દંડ આપે છે, પણ એમ કહે છેઃ હું તારા ઉપર કૃપા કરું છું, તું થોડો સુધરી જા ને; જેથી મારે તને ફરી દંડ આપવાની જરૂર ન પડે. જે બીજા છે, પરાયા છે એની પ્રભુ ઉપેક્ષા કરે છે એટલે આપણે આપણી અલ્પબુદ્ધિથી ક્યારેય એવી ફરિયાદ ન કરવી કે પ્રભુની ભક્તિ નથી કરતા એ સૌ સુખી છે; જ્યારે ભક્તિ કરનારા દુઃખી છે. તાવ આવ્યો હોય ત્યારે ગમે તે

ખા-ખા કરનાર બાળકને ઘડીક સુખ લાગે અને કડવું સુદર્શન ચૂર્ણ ફાકનાર બાળક ઘડીભર દુઃખી લાગે; પરંતુ થોડાક સમય પછી સુદર્શન ફાકનાર બાળક સુખી થવાનો છે અને ખાંડ ખાનાર હંમેશ માટે માંદો રહી દુઃખી થવાનો છે. એમ દુઃખરૂપી સુદર્શન આપણા હવે પછીના નિત્યલીલાપ્રાપ્તિ માટેના મધુર ફળને અપાવનારું છે, એ સાચેસાચ દુઃખ નથી, પણ અનુગ્રહ છે, કૃપા છે. આમ પ્રારબ્ધ ભોગવવા માટે પ્રભુ નિર્વાહની આર્તિ આપે છે. ક્યારેક આ જીવને મારામાં કેટલી દઢતા છે એની કસોટી કરવા, પરીક્ષા કરવા માટે પણ દુઃખ આપે છે. કાલીયદમનના પ્રસંગમાં દેખાડેલ છે કે પ્રભુ કાલીનાગની સહસ્ર ફણાઓમાં આખા લપટાઈ ગયા; કારણ કે ગોકુળ અને ગોકુળવાસીઓને પોતાના પ્રત્યે પ્રેમની કેટલી દઢતા છે એની પ્રભુને કસોટી કરવી હતી. એ કસોટી થઈ ગઈ એટલે તરત આપ છલાંગ મારી કાલીયની ફણા ઉપર પધારી એનું દમન કરે છે. આમ, પ્રભુ ક્યારેક જીવની કસોટી કરે છે કે દુઃખમાં પણ મારું સ્મરણ છોડી બીજે ભટકવા તો નહીં જાય ને? સ્મરણ અને સેવા છોડશે તો નહીં ને? માનવીની કસોટી એના સુખમાં નહિ, દુઃખમાં થાય છે.

જીવની પ્રભુનાં ચરણમાં દઢતા વધારવા અને કસોટી કરવા પણ પ્રભુ દુઃખ આપે છે. ભક્તિમાર્ગમાં પ્રભુની પ્રાપ્તિ માટે વિલંબ થવો. ફળપ્રાપ્તિમાં વિલંબ થવો એ મોટામાં મોટી સજા એ મોટામાં મોટું દુઃખ. લૌકિકમાં પણ કોઈ ફળ મળવામાં મોડું થાય, એને આપણે દુઃખ માનીએ છીએ. પૈસા મળવામાં મોડું થયું એનું દુઃખ, દીકરો પ્રાપ્ત થવામાં બહુ મોડું થયું એનું દુઃખ, શરીરને તંદુરસ્તી જોઈતી હતી પણ હજુ મળી નહીં, એનું દુઃખ થાય. ભકિતમાર્ગમાં વિલંબ થાય એનું દુઃખ જીવને જેનું ખરેખર દુઃખ થવું જોઈએ તે આપણને થતું નથી. આપણે તો કહીએ કે 'ભલું થયું ભાંગી જંજાળ' એવી આપણી હાલત છે.

મહેસાણામાં એક વૈષ્ણવની દીકરીનું લગ્ન. બહુ આગ્રહપૂર્વક કહેવા આવ્યા કે તમારે લગ્નમાં આવવું જ પડશે. અમે અમદાવાદમાં લગ્ન રાખ્યું છે. અમારાં બાએ એમને પૂછયું કે શ્રીઠાકોરજીને પણ જોડે પધરાવીને જશો ને? એટલે કહે, ભૈસાબ, આટલી બધી ધમાલમાં ઠાકોરજી ક્યાં સચવાય? અમારી સોસાયટીમાં એક વૈષ્ણવને ત્યાં પધરાવીને અમે જવાનાં છીએ. એટલા દિવસ આ લગ્નના કામમાં અમને થોડી નિરાંત રહેશે. ઠાકોરજી બીજે પધાર્યા એટલે એમને નિરાંત થઈ. ભલું થયું ભાંગી જંજાળ આવી આપણી નિર્વાહ આર્તિ છે. પ્રભુ પરીક્ષા કરે છે કે તારે ઘરે લગ્ન છે; આગ્રહ કરી કરીને તારાં લૌકિક સગાંવહાલાંને બોલાવ્યાં, પણ મારું કોઈ સ્થાન ત્યાં છે ખરું? માટે પ્રારબ્ધ ભોગવવા સારુ પ્રભુ જીવનમાં મુશ્કેલીઓ આપે છે, પરીક્ષા

માટે પણ આર્તિ કરાવે છે.

હવે, છેલ્લો આઠમો પ્રકાર બતાવે છે વેદસાધ્યાર્થ આર્તિ. વેદમાં ચાર પુરુષાર્થ બતાવ્યા છે. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ. પાંચમો પુરુષાર્થ છે ભક્તિ. આ પુરુષાર્થ માટે આપણે બહુ પ્રયત્ન કરીએ, પણ વેદાદિ શાસ્ત્રોએ પુરુષાર્થનું જે ફળ બતાવ્યું છે, એ આપણને ન મળે અથવા મળવામાં મોડું થાય કે ઇચ્છયું હોય એવું ફળ ન મળે, ત્યારે આપણને દુઃખ થાય છે. વેદે બતાવેલા પુરુષાર્થ સિદ્ધ ન થવાનું દુઃખ, એનું નામ વેદસાધ્યાર્થ આર્તિ. આ મનોદુઃખ માનવીને દુઃખી કરે છે. ક્યારેક એનો વિશ્વાસ ડગાવી દે છે; પરંતુ ભગવદ્‌ભક્તો ઉપર ભગવાન કૃપા કરીને આવું દુઃખ આપીને ચિત્ત પ્રભુમાં લગાડે છે. અશક્ય પરિસ્થિતિમાં તો પ્રભુનું શરણ લેવું એ સહજ છે. સરળ છે. દુઃખ પડે એટલે પ્રભુ યાદ આવે એ સ્વાભાવિક છે, પણ સુશકય, સુખદ સ્થિતિમાં, આનંદની પરિસ્થિતિમાં પણ પ્રભુની એ જ કૃપાનું સ્મરણ થયા કરવું કે આજે આનંદનો મંગળ પ્રસંગ આવ્યો, આજે સુખની અનુભૂતિ કરાવી, આજે સુંદર મંગળ પરિસ્થિતિ પ્રભુએ આપી, એ પણ એની કૃપાનું પરિણામ છે. આવો વિચાર સતત થયા કરે એ બહુ જરૂરી છે. આવા વિચાર-ચિંતનને અભાવે આપણને દુઃખ થાય છે. મદ અને મદ્ય-અભિમાન અને મદિરા એ બંને સરખું પરિણામ લાવનારાં છે. મદમાંયે માણસ અંધ બને, સાન-ભાન ગુમાવે. મદિરાના નશામાં પણ માણસ સાન-ભાન ગુમાવે. એટલે આ બધી પુરુષાર્થની પ્રાપ્તિના પ્રયત્નોની જે મદિરા છે. એ આપણામાં અભિમાન લાવનારી બને છે. હમણાં એક વૈષ્ણવે મને કહ્યું કે મેં અગિયાર વર્ષ સુધી સતત એકાદશી કરી છે અને હવે એકાદશી ઊજવવાનો છું. અભિમાન આવ્યું અગિયાર વર્ષ સુધી સતત એકાદશી કર્યાનું. વેદ માર્ગના આ સર્વ પ્રયત્નો જ્યારે અભિમાન લાવનારા બને, અને એનું દુષ્પરિણામ આપણે અનુભવીએ ત્યારે એ જીવને પોતાના મદનું દુઃખ થતું હોય છે.

આમ, શ્રીહરિરાયચરણે નવ આર્તિનું સ્વરૂપ બહુ સુંદર રીતે સમજાવ્યું. આ આર્તિ આપણને કેમ આપી? આપણા પ્રભુ પુષ્ટિ પુરુષોત્તમ, પરમાનંદદાતા છે. વૈષ્ણવોને પરમાનંદદાતા શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ બની રહે એટલા માટે આર્તિનું દાન કરવામાં આવ્યું છે. માટે આર્તિ આપણા લાભ માટે છે એમ બતાવીને, હવે આપ આપણને ધીરજ આપે છે કે શ્રીકૃષ્ણ પોતે આનંદ-સ્વરૂપ છે. 'કૃષ્ણ' શબ્દ જ આનંદવાચી હોવા છતાં આપણા હૃદયમાં એ સ્વરૂપની દૃઢતા કરવા માટે સદાનંદ એવું બીજું પદ પણ વાપર્યું કે સદાનંદ શ્રીકૃષ્ણ. સ્વઃ – પોતે જ, એમના કોઈ વ્યૂહ, કલા, અવતાર દ્વારા નહીં; દેવ-દેવી દ્વારા નહીં, પણ સ્વયં નિજાનંદનું આપણને દાન

કરે છે; એ વિશ્વાસને હૃદયમાં ધારણ કરીને રહેવું. ચાતક પક્ષી જેમ સ્વાતિ નક્ષત્રમાં મેઘ જરૂર જળવર્ષા કરીને મારી તરત છિપાવશે એવો દઢ વિશ્વાસ રાખે છે, તેમ આપણે પણ શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરીને રહેવું જોઈએ કે પ્રભુ પોતે શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણને નિજાનંદનું જરૂર અલભ્ય દાન કરશે.

શ્રીહરિરાયચરણ આપણને નિષેધ કરે છે કે પરમાનંદ-સ્વરૂપ એવા પ્રભુનાં જ્યારે સેવાસ્મરણ કરીએ, ત્યારે લૌકિક દુઃખોને ગણતરીમાં લેવાં નહીં, એનો વિચાર કરવો નહીં. ભલે બહારથી લૌકિક દુઃખ દેખાતું હોય, પણ હૃદયમાં તો તેનો પડછાયોયે પડવા દેવો જોઈએ નહીં. વાત બહુ અઘરી છે; પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી સુસાધ્ય છે કે ભગવદીયો કેવી રીતે આનો નિર્વાહ કરે છે. ખેરાળુમાં જગન્નાથ જોષીના પરિવારમાં આજથી પચાસેક વર્ષ પહેલાં, એમના સીધા વંશજ પરમ ભગવદીય કાળીદાસભાઈ કરીને થઈ ગયા. એમનો એકનો એક પચીસ વર્ષનો દીકરો જન્માષ્ટમીના દિવસે વહેલી સવારે પહોંચી ગયો. આખા ગામમાં સોપો પડી ગયો. એની અંત્યેષ્ટિ વિધિ કરીને સૌ પાછા આવ્યા, ત્યારે કાળીદાસભાઈએ જોયું કે એમના ઘરમાં શ્રીમહાપ્રભુજી બિરાજે, નિધિસ્વરૂપ શ્રીબાળકૃષ્ણલાલજી બિરાજે. જન્માષ્ટમીનો મોટો ઉત્સવ છે, પણ તોરણો બંધાયાં નથી, ચોઘડિયાં બેઠાં નથી, કલેશનું વાતાવરણ જણાય છે. એમનાં ઘરનાંઓને અને બીજા વૈષ્ણવોને ઠપકો આપ્યો કે કેમ આવો સૂનકાર છે? શોકનું વાતાવરણ છે! આજ તો મારા પ્રભુનો જન્મદિવસ છે. બધા કહે છે કે 'અરે, કાળીદાસભાઇ! તમારી બુદ્ધિ ફરી ગઈ છે? એકનો એક પચીસ વર્ષનો દીકરો ગયો, અને તમે કહો છો આનંદમંગળ કરો!' એ કોઈનું સાંભળવા ઊભા રહ્યા નહીં. જાતે જઈને ચોઘડિયાંવાળાને બોલાવી લાવ્યા. વૈષ્ણવોને આગ્રહપૂર્વક કહ્યું કે 'તોરણો બાંધો. પ્રભુના માટે આનંદમંગળ કરો. ધોળ-કીર્તન ગાઓ. દીકરો ગયો તે પ્રભુએ આપેલો ને પ્રભુએ લઈ લીધો, એનો શોક શાનો કરો છો?' પરમાનંદ સ્વરૂપના ચિંતનમાં, એની સેવામાં આવી રીતે લૌકિક આર્તિનો વિક્ષેપ કરવા દેવો નહીં. સેવામાં હોઈએ ત્યારે લૌકિક દુઃખનો વિચાર પણ કરવો નહીં. એને બહાર હટાવી દેવું અને હૃદય પૂર્ણ આનંદપ્લાવિત કરીને સેવાસ્મરણમાં લાગી જવું જોઈએ.

આમ, દશમા શિક્ષપાત્રમાં શ્રીહરિરાયચરણે ફળ આર્તિ અને નવ સાધનઆર્તિ દ્વારા આપણને સમજાવ્યું કે જીવનમાં આવતાં દુઃખ પણ પ્રભુની દયારૂપી દાન જ છે; ''ત્રિદુઃખસહનં ધૈર્યમ્.''

અહીં દશમ શિક્ષપાત્ર પરિપૂર્ણ થયું. ઇત્યલમ્.

શિક્ષાપત્ર-૧૦ : સારાંશ

શ્લોક સંખ્યા : ૮

વિષય : ભગવત્-સ્વરૂપની ફળપ્રાપ્તિ માટે વિવિધ પ્રકારની આર્તિ.

આર્તિના મુખ્ય પ્રકાર નીચે પ્રમાણે છે :

(૧) લૌકિક આર્તિ (૨) જ્ઞાતિ, ધન, શરીર વગેરેની આર્તિ (૩) સગાં-સંબંધીની આર્તિ (૪) દેશ આર્તિ (૫) સાધન આર્તિ (૬) પ્રારબ્ધ ભોગવવાની આર્તિ (૭) વેદ-સાધ્યાર્થની આર્તિ.

ઉપરોક્ત પ્રકારની આર્તિ સદાનંદ પ્રભુ પોતાના નિજાનંદનું દાન કરવા પોતાના ભક્તોને આપે છે, માટે પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખી, ચાતક પક્ષીની જેમ વિવિધ પ્રકારનાં દુઃખ સહન કરવાં; કારણ કે શ્રીહરિ નિજભક્તોનું કદી પણ અહિત થવા દેતા નથી.

●

શિક્ષાપત્ર પારાયણ

શિક્ષાપત્રનું પારાયણ કેવી કેવી રીતે કરીશું?

(૧) શુદ્ધ જળથી સ્નાન કરી, ધોયેલાં શુદ્ધ વસ્ત્રો પહેરી, ચરણામૃત-તિલક કરવાં.

(૨) આસન બિછાવી, સામે પાટલા પર આસન બિછાવી, તે પર પોથીજી અને ચિત્રજી પધરાવવાં.

(૩) પોથીજીને તિલક કરી, ભોગ ધરી, આરતી કરવી.

(૪) શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોપેશ્વરજીનું સ્મરણ કરી, વંદન કરવાં.

(૫) એક જ આસને, સુખાસનની સ્થિતિમાં બેસવું, ઊભા થવું નહીં.

(૬) પારાયણ દરમ્યાન આજુબાજુ નજર ફેરવવી નહીં. વાતચીત કરવી નહીં. મનમાં પણ બીજા વિચાર કરવા નહિ.

(૭) પારાયણ પૂર્ણ થતાં દંડવત્ પ્રણામ કરવા.

(૮) બાકીના સમયમાં પણ લૌકિક વાતો ઓછામાં ઓછી કરવી. જે પત્રોનું પારાયણ કર્યું હોય તેનો ગુજરાતી અર્થ વાંચવો અને વિચારવો, વધુ ભગવન્નામ લેવું.

(૯) કોઈની પર ક્રોધ કરવો નહિ. સૌ સાથે દીનતા ને પ્રેમથી વર્તવું.

(૧૦) સાત્ત્વિક ભોજન શુદ્ધ રીતે બનાવી, ચિત્રજીને ભોગ ધરી, મિતાહાર કરવો.

(૧૧) વૈરાગ્યપૂર્ણ સાત્ત્વિક જીવન જીવવું.

(૧૨) રોજ છ શિક્ષાપત્રનો પાઠ કરવાથી એક સપ્તાહમાં પારાયણ પૂર્ણ થશે.

શિક્ષાપત્ર ૧ થી ૪૧ (મૂળ પાઠ)

શિક્ષાપત્ર પહેલું

સદોદ્વિગ્નમનાઃ કૃષ્ણદર્શન ક્લિષ્ટમાનસઃ ।
લૌકિકં વૈદિકં ચાપિ કાર્યં કુર્વન્નનાસ્થયા ॥૧॥
નિરુદ્ધવચનો વાક્યમાવશ્યકમુદાહરન્ ।
મનસા ભાવયેન્નિત્યં લીલાઃ સર્વાઃ ક્રમાગતાઃ ॥૨॥
સેવાપિ કાયિકી કાર્યા નિરુદ્ધેનૈવ ચેતસા ।
દૈહિકં કર્મ નિખિલં પ્રભુસેવોપયોગીનામ્ ॥૩॥
યથોપકરણાદિના રક્ષા તદ્વદ્વિધીયતામ્ ।
ભાર્યાદિષ્વનુરાગોઽપિ સેવાહેતુક એવ હિ ॥૪॥
પ્રાતિકૂલ્યે યથા ત્યાગઃ પ્રભ્વસંબંધિવસ્તુનઃ ।
ધનેષુ નિઃસ્પૃહ સેવોપયોગિત્વેન રક્ષણમ્ ॥૫॥
વિવાહાદિષુ કાર્યેષુ વધ્વાઃ સેવાર્થમાનસઃ ।
ભગવત્સંગિસંગોઽપિ સ્વપ્રાણપ્રેષ્ઠવાર્તયા ॥૬॥
વિયોગાનુભવં કુર્વન્ સેવાઽનવસરે પુનઃ ।
મૂર્તૌ ભગવતો દૃષ્ટિર્ભાવ્યા તત્તસ્ય દર્શનમ્ ॥૭॥
સ્પર્શસ્તત્રૈવ ભાવેન સર્વાસ્તત્રૈવ તત્ક્રિયા : ।
ભાવાત્મનો હ્યનુભવઃ સર્વો ભાવેન નાન્યથા ॥૮॥
હૃદયસ્યાત્યશુદ્ધત્વાન્ન તત્રાવેશસંભવઃ ।
સ્વમૂર્ત્તાવતિશુદ્ધયામાવિશ્યાનુભવં હરિઃ ॥૯॥
યાવત્સાધનસંપત્તિઃ કારયત્યખિલાન્નિજાન્ ।
શુદ્ધં વિધાય હૃદયં પશ્ચાત્તત્રાવિશેત્સ્વયમ્ ॥૧૦॥
દત્ત્વા દૈન્યેન સંતુષ્ટો નિત્યં દેહમલૌકિકમ્ ।
સ્વયં પ્રાવિશ્ય ભાવાત્માઽનુભવં કારયેત્સ્વકમ્ ॥૧૧॥

એવં વિધં ફલં નિત્યં ચિંતયન્ ચેતસા સદા ।
કુર્યાદત્યાદરં કૃષ્ણ - સેવાયામેવ સર્વથા ॥૧૨॥
સાક્ષાત્પરોક્ષરૂપત્વાત્ સેવા પૂર્વવિલક્ષણા ।
યથા ગાયંત્ય ઈત્યત્ર ભાવઃ શબલિતો મતઃ ॥૧૩॥
તદુત્તરં યથા ભાવઃ કેવલો વિરહાત્મકઃ ।
ફલં તથૈવ ચાત્રાપિ ફલતા કેવલસ્ય હિ ॥૧૪॥
ફલાશાયાં ફલં કૃષ્ણ-વદનં હૃદિ ચિંત્યતામ્ ।
ફલં કૃષ્ણઃ સદાનંદો ભક્તભાવાત્મકત્વતઃ ॥૧૫॥
ન તત્ર જ્ઞાનસંબંધો યતોડત્રાપિ ન વૈ ચિતિઃ ।
સચ્ચિદાનંદરૂપસ્તુ પ્રસિદ્ધઃ પુરુષોત્તમઃ ॥૧૬॥
પૂર્વાડવસ્થા ફલં કૃષ્ણઃ કેવલશ્ચોત્તરો મતઃ ।
તસ્યૈવાડસ્યં કૃપાપૂર્ણઃ પ્રભુઃ શ્રીવલ્લભાભિધઃ ॥૧૭॥
તદાશ્રયઃ સદા કાર્યો મનોવાક્કાયવૃત્તિભિઃ ।
સ્વકીયતા તદીયેષુ તદ્‌ભિન્ને ભિન્નતા મતા ॥૧૮॥
તદીયેષુ ચ તદ્‌બુદ્ધ્યા ભરઃ સ્થાપ્યો વિશેષતઃ ।
યથા દૂતીષુ ભવતિ વિષયિણાં મતિસ્તથા ॥૧૯॥
ધનં ગૃહં યથા કૃષ્ણે તથા ભકિતસ્થિતેડપિ ચ ।
વિનિયોક્તવ્યમેવં હિ પ્રભોર્ભાવો ભવિષ્યતિ ॥૨૦॥
તદીયાશ્ચેત્સ્વતસ્તુષ્ટાસ્તુષ્ટઃ કૃષ્ણો ન સંશયઃ ।
તદીયાસ્તુ નિજાચાર્યચરણૈકપરાયણાઃ ॥૨૧॥
અનન્યભજનાસ્તુષ્ટાઃ કામલોભવિવર્જિતાઃ ।
નિરપેક્ષા વિરક્તાશ્ચ સર્વભૂતહિતે રતાઃ ॥૨૨॥
નિર્મત્સરાઃ કૃષ્ણસેવા - કથાદિવિહિતાદરાઃ ।
એવંવિધાસ્તદીયાશ્ચેત્ - સંગાદપિ વિશેષતઃ ॥૨૩॥
સર્વથા શુદ્ધભાવાનાં સ્વીકૃતાનાં કૃપાલુના ।
સર્વં શ્રીવલ્લભાચાર્ય-પ્રસાદેન ભવિષ્યતિ ॥૨૪॥

શિક્ષાપત્ર બીજું

યશોદોત્સંગલાલિતઃ કચગ્રથિતવેણિકઃ ।
મુક્તાફલલસદ્‌ભાલશ્ચ્યત્કુટિલકુંતલઃ ॥૧॥
મુક્તાફલાવલિભાલપ્રાંતકર્ણવિભૂષિતઃ ।
કસ્તૂરિકાતિલક-યુગ્‌ભાલભૂષાતિસુંદરઃ ॥૨॥
કાશ્મીરરાગવિલસત્ કપોલદ્વયચિત્રિતઃ ।
સ્ફુરત્‌શ્રુતિયુગપ્રાપ્તકુંડલદ્યુતિમંડિતઃ ॥૩॥
ચિબુકાંતલસદ્વજ્રભૂષઃ સાંજનલોચનઃ ।
નયનપ્રાંતવિલસન્-મષીબિંદુસુશોભનઃ ॥૪॥
લાલામિષાધરરસ-સ્રાવણજ્ઞાનબોધકઃ ।
બાલ્યભાવાડતિસુલભરસબોધનતત્પરઃ ॥૫॥
મુખાંબુજનિજાંગુષ્ઠ-પ્રવેશન-પરાયણઃ ।
ભક્તિપ્રવિષ્ટસ્ય ગતિક્રિયાશક્તિવિબોધકઃ ॥૬॥
ગ્રીવાલગ્નલસન્મુક્તાફલમાલવિભૂષણઃ ।
તદુત્તરલસત્સ્વર્ણમણિમાલાતિમોહનઃ ॥૭॥
ઉરઃ સ્થલલસત્સ્વચ્છવક્રવૈયાઘ્રભૂષણઃ ।
મુક્તાફલસ્વર્ણમાલાયુતતુંદિલિતોદરઃ ॥૮॥
બાહુમધ્યલસદ્રત્નજટિતાંગદસુંદરઃ ।
પટગુચ્છલસત્સ્વલ્પકરકંકણભૂષણઃ ॥૯॥
દશાંગુલિલસદ્રત્નજટિતોત્તમમુદ્રિકઃ ।
કિંકિણીપટગુચ્છાતિવિરાજિતકટિસ્થલઃ ॥૧૦॥
સનૂપુરપદન્યાસધ્વનિમોહિતગોપિકઃ ।
દિગંબરો નખવિધુજ્યોત્સ્નાજિતનિશાપતિઃ ॥૧૧॥
સ્વરૂપપ્રતિબિંબૈકદષ્ટિહાસ્યમુખાંબુજઃ ।
પંકાંગરાગરુચિરઃ સદા મુગ્ધશિરોમણિઃ ॥૧૨॥

લીલાન્યજ્ઞાનરહિતઃ સર્વલીલાવિચક્ષણઃ ।
કંદર્પકોટિલાવણ્યો માનિનીમાનદર્પહા ॥૧૩॥
સ્વગોપિકાગૂઢચૌરઃ કૃતસંકેતગોપનઃ ।
પરમાનંદસંદોહઃ સદા દુઃખવિવર્જિતઃ ॥૧૪॥
અસમક્ષો દુઃખિતાનાં પ્રપંચસુખિનામપિ ।
દયાનિધિર્મુગ્ધભાવઃ સ્વીયવાક્યૈકકારકઃ ॥૧૫॥
પ્રપંચનાશનઃ સ્વીયનિરોધકૃતિતત્પરઃ ।
બાલભાવગ્રહપરઃ ક્ષણક્ષણવિલક્ષણઃ ॥૧૬॥
ક્ષણં ક્રુદ્ધઃ ક્ષણં હૃષ્ટઃ સ્વલ્પવસ્તુષુ તોષિતઃ ।
સ્વકીયહૃદયાભિજ્ઞસ્તદન્યજ્ઞાનવર્જિતઃ ॥૧૭॥
ગૂઢલીલાપરો ભક્તગૂઢભાવરસાત્મકઃ ।
સેવનીયઃ સાવધાનૈર્વિપરીતગતિક્રિયઃ ॥૧૮॥
શ્રીમદાચાર્યકૃપયા તિષ્ઠિતિ સ્વગૃહે હરિઃ ।
એવંવિધઃ સદા હસ્તે યોગિનઃ પારદો યથા ॥૧૯॥
ચિંતનીયોડનવસરે સેવાયાઃ સર્વથા ધિયા ।
યતો નિરોધસંસિદ્ધિઃ સેવયા હાર્દયા ભવેત્ ॥૨૦॥

શિક્ષાપત્ર ત્રીજું

નિધિઃ પ્રાપ્તઃ સુસંરક્ષ્યો દુઃસંગાદિકતઃ સદા ।
ત્યક્ત્વાડપિ લોકસંકોચ યથા વહ્નિર્જલાદિભિઃ ॥૧॥
વહ્નિવત્ ભગવદ્ભાવઃ સત્સંગવ્યવધાનતઃ ।
નાશયેત્ સંસૃતિં યદ્વત્ પાત્રવ્યવહિતં જલમ્ ॥૨॥
જલવલ્લૌકિકં પ્રોક્તં સાક્ષાત્તન્મેલનેન તુ ।
મૂલતઃ નાશયેદ્ભાવં યથા વૈશ્વાનરં જલમ્ ॥૩॥

અતઃ સદૈવ ભેત્તવ્યં લૌકિકાસક્તિતો જનૈઃ ।
સત્સંગમગ્રતઃ કૃત્વા નાશનીયા ન ચાન્યથા ॥૪॥
સતાં પરોક્ષે સત્સંગજાતભાવો વિભાવ્યતામ્ ।
તદ્વિરુદ્ધવચો નૈવ માનનીયં સતાં ક્વચિત્ ॥૫॥
ભરતસ્યાપિ દુઃસંગે જાતા હરિણજાતિતા ।
કેવલં કલિદોષાભિભૂતા અપિ જનાઃ સ્વતઃ ॥૬॥
તત્સંગનિરતૈર્નૈવ ભવિતવ્યં વિશેષતઃ ।
અથવા સર્વતો મૌનં તદભાવે વિધીયતામ્ ॥૭॥
યો વદત્યન્યથા વાક્યમાચાર્યવચનાજ્જનઃ ।
સંસૃતિપ્રેરકો વાપિ તત્સંગો દુષ્ટસંગમઃ ॥૮॥
યશ્ચ કૃષ્ણે રતિં નિત્યં બોધયત્યપ્રયોજનામ્ ।
નિરેપક્ષઃ સાત્ત્વિકશ્ચ તત્સંગઃ સાધુસંગમઃ ॥૯॥
એવં નિશ્ચિત્ય સર્વેષુ સ્વીયેષ્વન્યેષુ વા પુનઃ ।
મહત્કુલપ્રસૂતેષુ કર્તવ્યઃ સંગનિર્ણયઃ ॥૧૦॥
શ્રીમદાચાર્યચરણે મતિઃ સ્થાપ્યા સદા સ્વતઃ ।
તત એવ સ્વકીયાનાં સિદ્ધિઃ કાર્યસ્ય સર્વથા ॥૧૧॥
અવૈષ્ણવત્વં મંતવ્યં તદ્વિરુદ્ધજનેષ્વપિ ।
જીવેષુ દોષવત્સ્વેવં તથા તત્સામ્યવસ્તુષુ ॥૧૨॥
શ્રીકૃષ્ણઃ શ્રીમદાચાર્યસ્તથા શ્રીવિઠ્ઠલેશ્વરઃ ।
તથા લીલાસ્થસામગ્રીર્નૈતત્સામ્યં કદાચન ॥૧૩॥
યદસ્માભિઃ પુરા પ્રોક્તં તચ્ચિત્તે સ્થાપ્યતાં સદા ।
ન કુત્રાડપિ ચ વક્તવ્યં સાંપ્રતં વિમુખા જનાઃ ॥૧૪॥
સાંમુખ્યબોધનં નૈવ જાયતે બાહ્યધર્મતઃ ।
એકોડપિ દોષઃ સુદૃઢઃ સર્વં નાશયતિ ધ્રુવમ્ ॥૧૫॥
અસ્માભિરેવ લિખિતં નિરપેક્ષૈઃ સ્વભાવતઃ ।
સ્નેહેન સર્વથા ચિત્તે ધીયતાં યદિ રોચતે ॥૧૬॥

શિક્ષાપત્ર ચોથું

પ્રભોર્ધર્માઃ શ્રુતૌ પ્રોક્તાસ્તથા ભાગવતેઽપિ ચ ।
અપ્રાકૃતાઃ સ્વરૂપૈકનિષ્ઠા ભિન્ના ન રૂપતઃ ।।૧।।
કર્તૃત્વસર્વરૂપત્વ-સર્વાધારત્વમુખ્યકાઃ ।
વ્યાપકત્વવિરુદ્ધાત્મધર્માદ્યાઃ શ્રુતિરૂપિતાઃ ।।૨।।
ઐશ્વર્યાદ્યા અંતરંગધર્મા ભાગવતે તથા ।
તેઽપિ સ્વરૂપભેદેન મર્યાદાપુષ્ટિભેદતઃ ।।૩।।
સર્વેઽપિ ચ વિભિદ્યન્ત ઈતિ શ્રીમત્પ્રભોર્વચઃ ।
અતોઽત્ર પુષ્ટિમાર્ગીયમંતરંગં વિશેષતઃ ।।૪।।
વિરુદ્ધધર્માશ્રયત્વં સ્વસુખાય વિચારયેત્ ।
પ્રભુઃ કુમાર એવાસ્તિ વ્રજે માતૃપદાંકગઃ ।।૫।।
શ્રીભાગવતવાક્યેન કૌમારં જહતુર્વ્રજે ।
વ્યાખ્યાતં ચ તથૈવાઽસ્મદાચાર્યૈર્વિવૃતાવપિ ।।૬।।
વ્રજ એવ કુમારશ્ચ કુમારીભાવવિદ્ધરિઃ ।
એકાદશ સમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોઽવસત્ ।।૭।।
એતદ્વાક્યં મિશ્રરૂપં કુમારઃ કેવલો હરિઃ ।
સામગ્ર્યઽપિ તથૈવાસ્તિ યતો ગોપ્યઃ કુમારિકાઃ ।।૮।।
એવં સતીદશે રૂપે રાસલીલાદિરૂપણમ્ ।
વિરુદ્ધધર્માશ્રયત્વબોધાયૈવ હિ યુજ્યતે ।।૯।।
ઈદં હિ પુષ્ટિમાર્ગીયં તદેવ જ્ઞાયતે બુધૈઃ ।
ગીતાગોવિંદાઽદ્યપદ્યેઽપ્યેતદેવ નિરૂપ્યતે ।।૧૦।।
અન્યથા નન્દવચનં તાદશે યુજ્યતે કથમ્ ।
અતસ્તુ પુષ્ટિમાર્ગીયવિરુદ્ધગુણસંશ્રયઃ ।।૧૧।।
રસમાર્ગીયધર્માસ્તુ તે બોદ્ધવ્યા વિચક્ષણૈઃ ।
બાલો રસિકમૂર્દ્ધન્યઃ સ્વવશોઽન્યવશઃ સદા ।।૧૨।।

અભીતઃ સર્વથા ભીતઃ સાપેક્ષો નિરપેક્ષકઃ ।
ચતુરોઽપિ મહામુગ્ધઃ સર્વજ્ઞોપ્યજ્ઞ એવ ચ ॥૧૩॥
આત્મારામોઽપિ ગોપીનાં સર્વદા રતિવર્દ્ધનઃ ।
પૂર્ણકામોઽપિ કામાર્તો હ્યદીનો દીનભાષણઃ ॥૧૪॥
સ્વપ્રકાશોઽપ્યપ્રકાશો બહિષ્ઠોઽન્તઃ સ્થિતઃ સદા ।
અસ્વતંત્ર સ્વતંત્રોઽપિ સમર્થો ન તથાપિ ચ ॥૧૫॥
એવં હિ પુષ્ટિમાર્ગીયં વિરુદ્ધસ્વગુણાલયમ્ ।
કૃષ્ણં કૃપાલું સતતં શરણં ભાવયેદ્ હૃદિ ॥૧૬॥
અસાધનઃ સાધનવાનસાધુઃ સાધુરેવ વા ।
શરણાદેવ નિખિલં ફલં પ્રાપ્નોત્યસંશયમ્ ॥૧૭॥
ભકિતમાર્ગે સાધનં ચ ફલં શરણમેવ હિ ।
સર્વધર્મપરિત્યાગઃ સ્વતંત્ર ચેત્ફલં હિ તત્ ॥૧૮॥
પરોક્ષે શરણં તાદૃઙ્ મહાપુરુષયોગતઃ ।
કૃપા ચેત્ તાદૃશાનાં હિ તદા તદ્ દ્વારકં ભવેત્ ॥૧૯॥
તેષામપિ તુ પારોક્ષ્યે તદુર્ક્તૈવચનઃ સ્વતઃ ।
તત્પ્રકાશિતમાર્ગૈકસ્થિતૌ ભવતિ સર્વથા ॥૨૦॥
સંસારિણાં સદા દુષ્ટસંગિનામન્નદોષતઃ ।
બહિર્મુખાનાં મત્તાનાં કુતો માર્ગસ્થિતિર્ભવેત્ ॥૨૧॥
તદર્થં શ્રીમદાચાર્ય-ચરણાંબુરુહાશ્રયઃ ।
સદા વિધેયસ્તેનૈવ સકલં સિદ્ધિમેષ્યતિ ॥૨૨॥
તદાશ્રયોઽપિ મનસઃ સંગાભાવેન ચેત્સતામ્ ।
તોષાભાવેન શિથિલો યદિ દૈવાદ્ભવિષ્યતિ ॥૨૩॥
તદાસ્માકં ગતિઃ કા વેત્યેવં ચિંતાસ્તિ મે હૃદિ ।
લૌકિક-કલેશસંબંધો હ્યંગીકૃતલક્ષણમ્ ॥૨૪॥
લોકે સ્વાસ્થ્યમિતિ શ્રીમદાચાર્યવચનામૃતાત્ ।
તદીયૈઃ સ્વામિહાદર્જ્ઞૈસ્તોષઃ કાર્યસ્તુ તેન હિ ॥૨૫॥

અતો હિ લૌકિકઃ કલેશો નાંતરઃ ક્રિયતાં ક્વચિત્ ।
બાહ્યતસ્તુ પ્રકર્ત્તવ્યો હ્યૌદાસીન્યપ્રસાધનાત્ ॥૨૬॥
દુઃખં દુઃસંગજં ચાન્યત્ લૌકિકાભિનિવેશજમ્ ।
સત્સંગાભાવજં ચાપિ તથા માર્ગસ્થિતેરપિ ॥૨૭॥
તત્તુ મત્પ્રભુપાદાબ્જકૃપયા સર્વથા મમ ।
તદીયાનાં ચ સંગેન ક્ષણાદ્ દૂરિભવિષ્યતિ ॥૨૮॥
તે દુર્લભા ઈતિ મનઃ ખિન્નં ભવતિ નિત્યદા ।
યદા પ્રભુઃ કૃપાપૂર્ણઃ કૃપયિષ્યતિ દૈન્યતઃ ॥૨૯॥
તદાચાર્યપદાસકતાઁસ્તાનુ - પસ્થાપયિષ્યતિ ।
અસ્માકં તુ ગતિર્નાન્યા શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૩૦॥

શિક્ષાપત્ર પાંચમું

સદા વિરહભાવેન ભાવાત્મા ભાવ્યતાં હરિઃ ।
કૃષ્ણો હૃદયદેશસ્થઃ સ્વામિનીનાં કૃપાનિધિઃ ॥૧॥
અસ્માકમતિભાગ્યેન તદાસ્યં વહ્નિરુદ્ગતઃ ।
અતઃ શીતલભાવોડસ્મિન્ માર્ગે નૈવોપયુજ્યતે ॥૨॥
તાપભાવઃ પરં દૈન્યં પ્રકાશયતિ સર્વથા ।
દૈન્યેન દયયા દીનબંધુઃ પ્રાદુર્ભવત્યસૌ ॥૩॥
તદ્ દૈન્યં સ્યાત્ સ્વામિનીનાં તાપભાવવિભાવનાત્ ।
તદ્ભાવનં ભવેદેવ તાપાત્મચરણાશ્રયાત્ ॥૪॥
તદાશ્રયસ્ય સિદ્ધિસ્તુ તદ્વાક્યપરિનિષ્ઠયા ।
તન્નિષ્ઠા સતતં તાદક્ તદીયજનસેવયા ॥૫॥
તદીયા દુર્લભાશ્ચેત્સ્યુઃ શ્રીભાગવતસેવનમ્ ।
અથવા દૈન્યભાવેન સ્મર્ત્તવ્યઃ સતતં હરિઃ ॥૬॥

અષ્ટાક્ષરમહામંત્રો વક્તવ્ય ઈતિ નિશ્ચય: ।
સર્વદા સર્વભાવેન તેન સર્વં ભવિષ્યતિ ॥૭॥
અસ્માકં ન્યૂનતૈવાસીન્મિલનં યદભૂન્નહિ ।
એતાવતી હરિ: કૃષ્ણ: પૂરયિષ્યતિ તામપિ ॥૮॥
ભગવદ્‌ભિર્નૈવ કર્તવ્ય: ક્ષોભો મનસિ સર્વથા ।
અસ્મિન્ માર્ગે યથૈવાર્તિસ્તથૈવ ફલસન્નિધિ: ॥૯॥
યથાકથંચિત્ કર્ત્તવ્યો વ્યવહારો હિ લૌકિક: ।
અપકીર્તિભયાત્તેન બુદ્ધિશૈથિલ્યસંભવાત્ ॥૧૦॥

શિક્ષાપત્ર છઠ્ઠું

ગૃહભંગસમાચારા: શ્રુતા: શ્રુતિવિષાયિતા ।
તદર્થં લિખ્યતે કિંચિત્ સમાધાનાય ચેતસ: ॥૧॥
સદા યશોદાતનુજો દ્વિભુજ: સુદ્વિજદ્વય: ।
સરોજાસ્યસ્ત્રવલ્લાલ: સ્મર્યતામાર્યવંશજ: ॥૨॥
સર્વેશ્વરશ્ચ સર્વજ્ઞ: કૃષ્ણ: સકરુણ: સદા ।
અસમર્થો જ્ઞાનશૂન્યો જીવ ઈત્યેવ નિશ્ચય: ॥૩॥
તસ્યેચ્છા ત્રિવિધા પ્રોકતા મૂલવેદસ્વભેદત: ।
મૂલેચ્છયા ગૃહીતાનાં નાડન્યથા કુરુતે ફલમ્ ॥૪॥
પ્રવાહ એવ નિયતસ્તેષુ કૃષ્ણવિચારિત: ।
મર્યાદયા ગૃહીતાંસ્તુ પ્રવર્ત્તયતિ કર્મણિ ॥૫॥
સ્વરૂપેણ વૃતાનાં તુ સ્વત: સર્વં કરોતિ હિ ।
તચ્ચિંતયૈવ હિ વ્યાપ્ત: કૃપાલુ: સર્વતો વિભ: ॥૬॥
નિવર્ત્તયત્યનિષ્ટેભ્ય: સ્વકીયાન્ કરુણાનિધિ: ।
યદિ જીવા: સ્વભાવેન નિવર્ત્તેરન્ન તે સ્વત: ॥૭॥

અનિષ્ટમેવ સર્વજ્ઞો બલાદ્ દૂરીકરોતિ હિ ।
ઈષ્ટાનિષ્ટવિવેકો હિ જીવબુદ્ધયા ન જાયતે ॥૮॥
અવિદ્યયા ગૃહીતાનામણૂનાં ભ્રમસંભવાત્ ।
અત એવ હિ સંસારં મન્યંતે સુખરૂપિણમ્ ॥૯॥
બાલા ઈવ કરપ્રાપ્તં સર્પમક્રીડનોચિતમ્ ।
પિતેવ સહજસ્નિગ્ધસ્તાન્નિવર્ત્તયતે બલાત્ ॥૧૦॥
યથા રુદંતિ તે બાલા ભ્રાન્તાઃ સંસારિણસ્તથા ।
અત એવ હિ સર્વજ્ઞઃ કૃષ્ણઃ સંસારમોચકઃ ॥૧૧॥
ઈત્યેવ રૂપ્યતે નામ તથાવિધર્મતઃ પ્રભોઃ ।
સંસારવૈરી ધરણીં પ્રતિ શેષોન્યરૂપયત્ ॥૧૨॥
મન્યામહે વયં ભ્રાન્તાઃ કૃષ્ણવિસ્મૃતિકારણમ્ ।
સંસારમુત્તમં કૃષ્ણસ્તં કથં સ્થાપયેત્ હરિઃ ॥૧૩॥
એવં તદીયૈર્મનસિ નિધેયઃ સ્વપ્રભોર્ગુણઃ ।
સ્વસ્મિન્નપિ વિનિશ્ચેયા પ્રભોરંગીકૃતિર્ધ્રુવા ॥૧૪॥
અત એવાસ્મદાચાર્યૈરુક્તં વરણલક્ષણમ્ ।
'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ' ॥૧૫॥

શિક્ષાપત્ર સાતમું

સદા શ્રીગોકુલાધીશઃ સ્મર્તવ્યઃ સર્વથા જનૈઃ ।
તદીયૈર્મિલીતૈઃ સર્વદોષચિંતાવિવર્જિતૈઃ ॥૧॥
ન લૌકિકે મતિઃ કાર્યા ભગવદ્ભાવબાધિકા ।
લૌકિકં વૈદિકં ચાપિ સ્વયં સાધયિતા પ્રભુઃ ॥૨॥
ઈદાનીમીદશઃ કાલઃ પ્રતિકૂલઃ સમાગતઃ ।
યથાકથંચિત્ સ્વમનઃ સ્થાપનીયં પદાબ્જયોઃ ॥૩॥

સેવાયાં ચ મનઃ સ્થાપ્ય તત્સાધકતયૈવ હિ ।
ગાર્હસ્થ્યાર્થં વિવાહેડપિ પ્રયત્નઃ ક્રિયતાં દ્રુતમ્ ॥૪॥
ન ભવેત્ પ્રાયશો ભોગે તદીયાનાં ક્વચિન્મનઃ ।
તથાપિ ચેદ્ભવેદ્ભોગો નિવાર્યઃ સર્વથૈવ હિ ॥૫॥
ભાવોડત્ર સાધનં માર્ગે પ્રમેયં ભગવાન હિ સઃ ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ સ એવ ચ ફલં પુનઃ ॥૬॥
તસ્માત્ સ એવ સંરક્ષ્યો નિધિરૂપસ્તુ સર્વથા ।
એતદ્વિરુદ્ધં તત્સર્વં જ્ઞાત્વા જ્ઞાત્વા નિવર્તયેત્ ॥૭॥

શિક્ષાપત્ર આઠમું

ઐહિકે પારલોકે ચ સર્વસામર્થ્યસંયુતઃ ।
સ એવ ગોકુલાધીશશ્ચિંતનીયઃ સદા હૃદિ ॥૧॥
વિશ્વાસસ્તત્ર કર્તવ્યો ભદ્રમેવ વિધાસ્યતિ ।
સ્વદોષાદેવ તત્રાપિ દોષસ્ફૂર્ત્તિર્યતો ભવેત્ ॥૨॥
આર્તિઃ ફલં સાધનં ચ વ્રજાધિપતિસંગમે ।
અતઃ સદા તદાર્ત્યૈવ સ્થીયતાં તત્કૃપાયુતૈઃ ॥૩॥
અન્યાશ્રયો મહાનેવ બાધકો ભીયતાં તતઃ ।
તત્ક્ષણેનૈવ સચ્ચેતો વિમુખં વૈ વિધાસ્યતિ ॥૪॥
તદીયેષુ સદા સ્થેયં સદ્ભાવેનૈવ સર્વથા ।
ત એવ ભક્તિમાર્ગસ્ય સહાયત્વે નિરૂપિતાઃ ॥૫॥
અસ્માકં તુ તદીયાનાં પ્રસંગોડપિ સુદુર્લભઃ ।
ચેતોડપિ સાધનાભાવાત્ વિમુખં તિષ્ઠતિ સ્વતઃ ॥૬॥
ગતો હિ ભગવદ્ દાસઃ સ્વકાર્યાય વિદેશકે ।
વ્રજપાલોડપિ ચલિતસ્તેન મે દુઃખિતં મનઃ ॥૭॥

મયિ યદ્યપિ નાસ્ત્યેવ કિંચિત્તત્કૃપયા પુનઃ ।
યદસ્તિ તદપિ સ્વીયસાધનાભાવતો ગતમ્ ॥૮॥
એતાદશેડર્થે સંપ્રાપ્તે સ હરિઃ શરણં મમ ।
ઐહિકે પારલોકે ચ નૈશ્ચિંત્યં તત એવ નઃ ॥૯॥
કદાચિન્મિલનં ચેત્સ્યાત્ સદ્ભાગ્યેન ભવાદશામ્ ।
તદા કો વેદ ચિત્તસ્ય પરાવૃત્તિઃ પુનર્ભવેત્ ॥૧૦॥
કિયલ્લેખ્યં મહાચિંતા - સમુદ્રો હૃદિ વર્ત્તતે ।
સ્થિતેડપિ શિરસિ પ્રાણનાથે ચિત્તવિભેદતઃ ॥૧૧॥

શિક્ષાપત્ર નવમું

કદા નિજપતિઃ કૃષ્ણઃ સ્વબિંબં દર્શયિષ્યતિ ।
બદ્ધબર્હશિખં નીલ-કુંતલાવરણાનનમ્ ॥૧॥
ભ્રૂધનુઃ સંધિતશરં કસ્તૂરીચિત્રકાંકિતમ્ ।
ઈંદીવરદલાદ્દૈર્ઘ્યં-વિશાલનયનદ્વયમ્ ॥૨॥
મૌક્તિકાભરણાલંબિસુનાસં સરસાધરમ્ ।
ત્રિરેખકંઠવિલસત્ કંઠાભરણભૂષિતમ્ ॥૩॥
પ્રફુલ્લગલ્લયુગલં ચિબુકાભરણાન્વિતમ્ ।
સુવર્ણસૂક્ષ્મમણિયુગ્ વનમાલાવિરાજિતમ્ ॥૪॥
ઉરઃસ્થલલસત્સ્વચ્છ-વક્રવૈયાઘ્રબાહુજમ્ ।
રત્નવ્યવહિતસ્થૂલમુક્તામાલાંચિતોદરમ્ ॥૫॥
સુવર્ણકૃત્રિમમણિસ્થૂલમાલાતિસુંદરમ્ ।
ગુંજાફલમહન્માલાલસદૂરુયુગાંતરમ્ ॥૬॥
અનેકરત્નજટિતકરકંકણભૂષણમ્ ।
બાહુમધ્યલસત્ સ્વર્ણનિર્મિતપ્રથિતાંગદમ્ ॥૭॥

અનેક પુષ્પતુલસીવનમાલાતિલાલિતમ્ ।
વિચિત્રવર્ણવિલસત્કટિવાસોવિરાજિતમ્ ॥૮॥
કટિભાવજ્ઞાપિકાતિકિંકિણીરવશોભિતમ્ ।
પદદ્વયગતસ્વર્ણમણિનૂપુરમંડિતમ્ ॥૯॥
નખચંદ્રપ્રકાશૈકપ્રકાશિતજગત્ત્રયમ્ ।
પીતાંબરોત્તરીયેષત્ ચલદંચલસુન્દરમ્ ॥૧૦॥
પ્રદર્શિતશિરોભેદં ચલન્મકરકુંડલમ્ ।
નૃત્યંતં નયનાનંદ નિતાંતરતિસંપ્રદમ્ ॥૧૧॥
નિતંબિનીવૃન્દવર્ત્તિરસાનુભવલોલુપમ્ ।
વિહરંતં વિશેષેણ રાસલીલાપરાયણમ્ ॥૧૨॥
ત્રિભંગલલિતં વેણુકલિતં ભુજયોરપિ ।
વૃન્દાવનૈકફલિતં વલિતં સ્વજનૈઃ સહ ॥૧૩॥
વાદયંતં મુરલિકાં મોહયંતં મનઃ સતામ્ ।
જગજજડં પ્રકુર્વંતં રોધયન્તં ચ ભક્ષણમ્ ॥૧૪॥
પશૂનાં પક્ષિણાં ચૈવ મૌનસમ્પાદકં તદા ।
તરુણામંતરાનન્દમધુધારૈકવાર્ષુકમ્ ॥૧૫॥
હરંતં વ્રજભૂતાપં પદસ્થાપનતસ્તથા ।
યમુનાતીરમાત્રૈકજલક્રીડાકૃતિપ્રિયમ્ ॥૧૬॥
રસાત્મકરસાત્મસ્વભક્તવૃન્દસમન્વિતમ્ ।
નિજાનુભવસંવેદ્યં પ્રકટંતં ક્ષણેક્ષણે ॥૧૭॥
વિરહે યુગપત્સર્વનિજલીલાનુભાવકમ્ ।
સાકારનન્દરૂપેણ વ્રજભક્ત હૃદિ સ્થિતમ્ ॥૧૮॥
એવં દિદક્ષા સતતં સ્થાપનીયા નિજે હૃદિ ।
સૈવાસ્માકં પ્રેમભાવોડન્યરાગવિનિવર્તકઃ ॥૧૯॥
તતઃ સ્યાદાર્ત્તિરધિકા ગેહદૈહિકબાધિકા ।
આસક્તિઃ સૈવ માર્ગેડસ્મિન્ ગૃહસ્થાસ્વાસ્થ્યકારિકા ॥૨૦॥

પરિતાપોદયસ્તસ્માત્ સર્વવિસ્મતિકારકઃ ।
સ એવ વ્યસનં યત્ર પ્રપંચસ્ફૂર્તિનાશનમ્ ॥૨૧॥
એવં વિધસ્તુ ત્રિવિધો ભાવો નિઃસાધનો મતઃ ।
અતસ્તુ દુર્લભા લોકે તત્પ્રાપ્તિર્ભજતાં નૃણામ્ ॥૨૨॥
ચક્રે કરુણયા કૃષ્ણો ભાવાત્માઽસ્યં તથાવિધમ્ ।
મૂર્તિમદ્ભાવસંબંધાત્ તત્પ્રાપ્તિરિતિ વેદ યઃ ॥૨૩॥
પ્રમેયબલતો નાન્યત્ સાધનં તત્ર ભાવ્યતામ્ ।
અતઃ સર્વૈઃ પ્રકર્તવ્યો નિજાચાર્યપદાશ્રયઃ ॥૨૪॥
તદભાવે ન વૈ ભાવિ ફલમેતન્ન સંશયઃ ।
અત એવાસ્મદીશૈસ્તુ ગ્રન્થે શ્રીવલ્લભાષ્ટકે ॥૨૫॥
સ્વામિન્! શ્રીવલ્લભેત્યેતત્પદ્યેઽખિલમુદીરિતમ્ ।
તદાશ્રયો ન વચનૈઃ કિં તુ તન્માર્ગનિષ્ઠયા ॥૨૬॥
માર્ગનિષ્ઠા ન સ્વબોધૈઃ કિં તુ તાદૃગ્ગુરૂદિતૈઃ ।
ગુરૂદિતાની વાક્યાનિ ન સ્વતો હ્યનુવાદતઃ ॥૨૭॥
અનુવાદો ન સ્વબુદ્ધયા કિં તુ મૂલક્રમાગતઃ ।
અથાપિ તત્ર ચાપેક્ષ્યો દૃઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ॥૨૮॥
એતાદૃશેન ગુરુણાવગત્ય નિખિલં જનઃ ।
આશ્રિત્ય ચ નિજાચાર્યાન્ સદાનંદં સદા ભજેત્ ॥૨૯॥
ભજનં ભાવરૂપસ્ય ભાવેનૈવોપપદ્યતે ।
ચેતસ્તત્પ્રવણં સેવા હ્યત એવ નિરૂપિતા ॥૩૦॥
તસ્યાં તુ વિસ્મૃતિર્ભાવ્યા જગતઃ સર્વથા ધ્રુવમ્ ।
તદભાવે માનસી તુ સેવનાનૈવ સિદ્ધયતિ ॥૩૧॥
તદ્બાધકાનીંદ્રિયાણિ વિષયા લૌકિકી મતિઃ ।
પ્રતિબંધસ્તથોદ્વેગો ભોગાઽપ્યત્રૈવ લૌકિકઃ ॥૩૨॥
દુષ્ટાન્નભક્ષણં ચાપિ હ્યસમર્પિતભક્ષણમ્ ।
અસત્સંગઃ સર્વથા હિ ભાવબાધક ઈષ્યતે ॥૩૩॥

તસ્માત્ત્યક્ત્વા દુષ્ટસંગ કૃત્વા સ્વાચાર્ય સંશ્રયમ્ ।
તદીયજનસંસર્ગે સ્થિત્વા માર્ગે તથા ગુરૌ ॥૩૪॥
કૃત્વા વિષયવૈરાગ્યં પરિતોષં વિધાય ચ ।
સદાનન્દં સદાનન્દં ફલપ્રાપ્ત્યૈ સદા ભજેત્ ॥૩૫॥

શિક્ષાપત્ર દશમું

કો વેદ કીદૃશઃ કૃષ્ણાભિપ્રાયઃ સ્વજને મતઃ ।
સ્વાનન્દસિદ્ધયે રાતિ નિજાર્તિં દર્શનાદિષુ ॥૧॥
સંસારરાગાભાવાય લૌકિકાર્ત્તિં તથા પુનઃ ।
મદાભાવાય ચ સ્વાર્તિં શરીરાર્ત્તિં પ્રયચ્છતિ ॥૨॥
સંગાભાવાય બંધ્વાર્ત્તિં દેશાર્તિં દૈન્યસિદ્ધયે ।
મોહાભાવાય ભગવાન્ સાધનાર્ત્તિં દદાતિ હિ ॥૩॥
પ્રારબ્ધભોજનાર્થં વા પરીક્ષાર્થં વિલંબનાત્ ।
નિર્વાહાર્થં તથા વેદસાધ્યાર્થાર્તિં પ્રયચ્છતિ ॥૪॥
એવમાર્ત્તિપ્રદાનેડપિ પરમાનન્દદાયિનઃ ।
સમાશ્રયો ન મોક્તવ્યો દૃઢઃ સ્વાચાર્યસંશ્રયૈઃ ॥૫॥
સ્વતઃ કૃષ્ણઃ સદાનન્દો નિજાનન્દં પ્રદાસ્યતિ ।
તદાશયૈવ સ્થાતવ્યં સર્વૈશ્ચાતકપક્ષિવત્ ॥૬॥
લૌકિકાર્ત્તેરગણનં પરમાનન્દચિંતનાત્ ।
યથા ન ગણયેદ્રોગી તિક્તભેષજભક્ષણમ્ ॥૭॥
અહિતં નિજભક્તાનાં વિદધાતિ હરિર્ન હિ ।
સમસ્તાનાં સખા સ્વીયભક્તાનાં ન કથં ભવેત્ ॥૮॥

શિક્ષાપત્ર અગિયારમું

સર્વદા સર્વભાવૈકહેતુભૂતેષુ સર્વથા ।
શ્રીમદાચાર્યપાદેષુ સ્થાપ્યતાં તન્મયં મનઃ ॥૧॥
તત એવ કૃતાર્થત્વં નિશ્ચયઃ ક્રિયતાં હૃદિ ।
આસુરત્વં વિનિશ્ચેયમન્યત્તત્સામ્યવાદિષુ ॥૨॥
શ્રીકૃષ્ણઃ સર્વદા સ્મર્યઃ સર્વલીલાસમન્વિતઃ ।
ભક્તૈકહૃદયસ્થાયી સકલઃ પુરુષોત્તમઃ ॥૩॥
ગુણગાનં તથા દુઃખભાવનં દૈન્યમેવ ચ ।
તથા ત્યાગઃ સિદ્ધદશઃ કૃત્યમેતચ્ચતુષ્ટયમ્ ॥૪॥
ગુણગાનં ભાગવતાત્ સેવયા દુઃખભાવનમ્ ।
તદ્દૈન્યભાવવદ્ દૈન્યં ત્યાગો વિરહભાવતઃ ॥૫॥
એતચ્ચતુષ્ટયં સિદ્ધં યદિ નાન્યદપેક્ષિતમ્ ।
સર્વસ્ય મૂલં સત્સંગસ્તદભાવે ન સિદ્ધ્યતિ ॥૬॥

શિક્ષાપત્ર બારમું

ભાવનીયં સદા ચિત્તે સ્વામિનીજલ્પિતં મુહુઃ ।
તાપક્લેશૈરયં માર્ગઃ શ્રીમદાચાર્યરૂપિતઃ ॥૧॥
દર્શનં દેહિ ગોપીશ! ગોકુલાનન્દદાયક ।
ગોવિંદ! ગોપવનિતાપ્રાણાધિપ! કૃપાનિધે ॥૨॥
ગોપાલ! પાલિતવ્રજ! નિજવ્રજસુખાંબુધે ।
પરમાનન્દ! નન્દાદિરુચિરોત્સંગલાલિત ॥૩॥
સદાનન્દ! નિજાનન્દસમુદાયપ્રદાયક ।
દામોદર! દયાર્દ્રાર્દ્ર! દીનાનાથ! દયાપર ॥૪॥

પુરુષોત્તમ! સર્વાંગરુચિર! પ્રેમપૂરિત ।
અનંગરૂપપરમ! પ્રિય! ગોપવધૂપતે ॥૫॥
વ્રજાવલંબ સુકટે! લંબકેશ! કલાનિધે ।
વિરહાર્ત્તિહર! સ્વીયમનોહરણતત્પર ॥૬॥
મનોવિનોદ! ભાવાબ્ધે! ભાવવત્હૃદયસ્થિત ।
ચંચલીકૃતચિત્ત! સ્વભાવાન્દોલિતરૂપધૃક્ ॥૭॥
મહામુગ્ધ! સદાદુગ્ધપાનતત્પરમાનસ ।
નવનીતાલિપ્તમુખ! પયોબિંદુયુતાધર ॥૮॥
અલકાવૃતવદન! મદનાધિકસુંદર ।
કપોલવિલસદ્રાગ! કસ્તૂરીતિલકાંચિત ॥૯॥
સિંજન્નૂપુરશોભાઢ્ય! નખભૂષણભૂષિત ।
સઘોષસૂક્ષ્મસુકટિવિલસત્ ક્ષુદ્રઘંટિક ॥૧૦॥
રાજત્ હૃદય-વૈયાઘ્ર-નખ-ભૂષણ-ભૂષિત ।
કંજલોચનલોલાક્ષ! વિશાલાક્ષવિલક્ષણ ॥૧૧॥
દીનૈકશરણ! સ્વીયસર્વસામર્થ્યસંયુત ।
વ્રજરાજસુત! સ્વીયજનનીકંઠભૂષણ ॥૧૨॥
હા કૃષ્ણ! હા સદાનન્દ! હા વૃન્દાવનભૂષણ ।
હા નન્દરાજતનય! હા યશોદાંકખેલન ॥૧૩॥
હા ગોપિકેશ! હા નાથ! હા ગોકુલપુરંદર ।
હા હા વ્રજજનાર્ત્તિઘ્ન! હા હા નિઃસાધનાધિપ ॥૧૪॥
હા હા નન્દાદિસર્વસ્વ! હા હાઽનંગનવાંકુર ।
હા નિરાલંબનાલંબ! હા હાંધલકુટિપ્રિય ॥૧૫॥
એવં વિધાનિ સતતં જલ્પિતાનિ મુહુર્મુહુઃ ।
અવગત્ય ચ ભાવેન ભાવનીયાન્યહર્નિશમ્ ॥૧૬॥

શિક્ષાપત્ર તેરમું

કાલઃ કરાલઃ સમુપાગતોડયં
મતિં સતાં દ્રાગહરત્ સમસ્તામ્ ।
શ્રીવલ્લભાચાર્ય સમાશ્રિતાનાં
યઃ કાલકાલઃ શરણં સ એવ ॥૧॥
ન સેવા ન કથા નૈવ ભાવનં નાપિ સંશ્રયઃ ।
નિત્યમુદ્વિગ્નમનસા કથં કાલઃ પ્રયાસ્યતિ ॥૨॥
સત્સંગો દુર્લભો દુષ્ટસંગઃ સંચિતનાદતે ।
અનાયાસેન સંસિદ્ધઃ કા ગતિર્મે ભવિષ્યતિ ॥૩॥
સંગ્રાહયિતુમખિલં તૈઃ ક્રીડયિતુમેવ ચ ।
શકલીકર્ત્તુમધુના પ્રભોર્બાલચિકીર્ષિતમ્ ॥૪॥
હા નાથ! હા કૃપાનાથ! ગોપીનાથ! દયાનિધે ।
વ્રજનાથ! રમાનાથ! નિજનાથ! જગત્પતે ॥૫॥
ગોકુલાધીશ! ગોપીશ! વ્રજાધીશ! વ્રજપ્રિય ।
વ્રજાનન્દ! નિજાનન્દ! ગોકુલાનન્દ! ગોપ્રિય ॥૬॥
હા કૃષ્ણ! હા દયાસિંધો! હા રાધાવર! સુંદર!
દીનેષુ સતતં શ્રીમન્નિજાચાર્યાશ્રિતેષુ ચ ॥૭॥
દુષ્ટેષુ દોષપુષ્ટેષુ ભાગ્યપુષ્ટેષુ મત્પ્રભો ।
નિઃસાધનેષૂન્મતિષુ દયાં કુરુ દયાં કુરુ ॥૮॥
નિવર્ત્ય સર્વતશ્ચેતો નિરુદ્ધ્ય ચરિતે હરેઃ ।
હૃદિકૃત્ય કૃપાવશ્યં સ્થીયતાં સજ્જનૈઃ સહ ॥૯॥
અદષ્ટ દુઃખિતમુખોડનનુભૂતસુખેતરઃ ।
સ્વદુઃખિતાતિકરુણઃ સ કૃષ્ણઃ શરણં મમ ॥૧૦॥
અમંદ-પરમાનન્દો નિજાનન્દાશ્રયસ્થિતઃ ।
સ્વરૂપાનંદદાતા ચ સ કૃષ્ણઃ શરણં મમ ॥૧૧॥

શિક્ષાપત્ર ચૌદમું

શ્રીમત્પ્રભુપદયુગલે સ્થાપ્યં ચેતશ્ચમત્કારિ ।
તદનુગ્રહણાદેવ હિ ભવતિ તદીયસ્ય સર્વતઃ સકલમ્ ॥૧॥
અન્યાશ્રયસ્તદીયૈકપદાશ્રયવિરોધકૃત્ ।
પ્રભોરુદાસીનતાયાઃ કારણં ત્યજ્યતાં દ્રુતમ્ ॥૨॥
અસત્સંગસ્ય ચ ત્યાગો ભાવબાધકતા યતઃ ।
યથા વ્યાઘ્રો બાધકઃ સ્યાત્શરીરાદેઃ શરીરિણઃ ॥૩॥
અસત્સંગસ્તથા પ્રોક્તઃ શ્રીમદાચાર્યપંડિતૈઃ ।
અધ્યાસઃ સ્વશરીરાદૌ તદીયત્વપ્રકારતઃ ॥૪॥
વિધાય સર્વથા ભીતિં વિધેયેતરયોગતઃ ।
સત્સંગેન સ્વમાર્ગૈકનિષ્ઠત્વેન ચ સર્વથા ॥૫॥
સમર્પણાડનુસંધાનં વિધેયં મિલિતૈઃ સદા ।
ઈદમેવાડસ્મદાચાર્યમાર્ગે સાધનમુત્તમમ્ ॥૬॥
સ્વાચાર્યચરણદ્વંદ્વ-દૃઢાશ્રયણમાદતૈઃ ।
વિધેયં તેન સકલમસ્મિન્માર્ગે ભવિષ્યતિ ॥૭॥

શિક્ષાપત્ર પંદરમું

યદંગીકૃતજીવાનાં ન દુઃખં લેશતોડપિ હિ ।
સદાનન્દઃ સદાનન્દાત્તત્સ્મૃતિ ક્રિયતાં સદા ॥૧॥
યો નિજાનતિસંતપ્તન્સ્વકૃતે વીક્ષ્ય વિસ્મિતઃ ।
પ્રાદુર્ભવત્યચિરતઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૨॥
યઃ સ્વતઃ સેવકાનાં હિ પરાશ્રયનિવારકઃ ।
કૃપાસરિત્પતિઃ કૃષ્ણઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૩॥

હૃદયસ્થઃ સમસ્તાનાં ધુનોતિ વિષયાદરમ્ ।
દયાદામોદરઃ શ્રીમાંસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૪॥
યઃ પ્રાણપ્રેષ્ઠગોપીનાં સંગં ગોપયતિ સ્વતઃ ।
નિલાયનાદિલીલાભિઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૫॥
ય ઉદ્ધવેન ભક્તેન સ્વસ્વરૂપમબોધયત્ ।
ગોપિકાનાં હૃદંતસ્થઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૬॥
યઃ સ્વમાહાત્મ્યબોધાય પ્રાદુર્ભાવિતવાન્સ્વયમ્ ।
પ્રભુઃ શ્રીવલ્લભાચાર્યાઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૭॥
યસ્ય સ્મરણમાત્રેણ સકલાર્તિવિનાશનમ્ ।
તત્ક્ષણાદેવ ભવતિ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૮॥

શિક્ષાપત્ર સોળમું

સદા સ્વભક્તહૃદયાવાસઃ સ્વાચાર્યભાવિતઃ ।
યશોદાડતિપ્રિયઃ શ્રીમાન્ નન્દસૂનુર્વ્રજેશ્વરઃ ॥૧॥
સ્મરણીયો યથાશક્તિ સેવનીયસ્તથા પુનઃ ।
તાદૃશૈઃ સહ સંગેન કથનીયશ્ચ સર્વથા ॥૨॥
અહર્નિશં વ્રજાધીશઃ પ્રપંચાસ્મૃતિસાધકઃ ।
સ્વકીયક્ષપાતી ચ નિજાસક્ત્યા નિરોધકૃત્ ॥૩॥
સ્મરણીયઃ કૃપાપારાવારો વિદિતરૂપવાન્ ।
સ એવાસ્મત્સર્વકર્તા ચિંતાણુરપિ નો હૃદિ ॥૪॥
સતામપ્યસતાં વાડપિ સ્વકીયાનાં કૃપાનિધિઃ ।
કરિષ્યતિ સ્વતઃ સર્વમતશ્ચિંતા ન કાડપિ હિ ॥૫॥
સત્સંગાડભાવતો નિત્યમસત્સંગસ્વભાવતઃ ।
વર્તતે વિષયાવેશૈશ્ચક્રાડરૂઢેવ મન્મતિઃ ॥૬॥

નૈતસ્મિન્સમયે કોડપિ સહાયો મમ વર્તતે ।
વિના શ્રીવલ્લભાચાર્યચરણાંબુરુહાશ્રયાત્ ॥૭॥
તતશ્ચ્યુતા મતિઃ કાલબલાત્ કેવલ લૌકિકે ।
નિત્યંસ્થિતા તતો ભીતિર્ભૂયસી જાયતે હૃદિ ॥૮॥
કિંવા કો વેદ ભગવાન્ કરુણાત્મા ચિકીર્ષતિ ।
ન જાને તેન મે ચેતઃ ખિન્નં ભવતિ સર્વથા ॥૯॥
વિશેષઃ પ્રેમજિત્પત્રાત્બોદ્ધવ્ય સકલોડપિ હિ ।
અનેનૈવ વયં કિંચિત્ સ્વાસ્થ્યં મન્યામહે હૃદિઃ॥૧૦॥

શિક્ષાપત્ર સત્તરમું

યદુક્તમસ્મદાચાર્યૈર્ગૌણમુખ્ય વિભેદતઃ ।
ત્યાગો ગૃહધનાદીનામથવા કૃષ્ણયોજનમ્ ॥૧॥
વૈરાગ્યપરિતોષાદેરત્યાગોડપિ નિરૂપિતઃ ।
તથા વિષયભોગસ્ય ત્યાગોડપિ વિનિબોધિતઃ ॥૨॥
તથા સત્સંગમાડત્યાગઃ સર્વત્રૈવ વિશેષતઃ ।
અન્યાશ્રયપરિત્યાગ ઉક્તો બાધકરૂપતઃ ॥૩॥
એવં નિરૂપિતૌ ત્યાગાડત્યાગૌ સર્વત્ર સર્વશઃ ।
ન જીવાઃ સ્વબલાત્ કિંચિત્ કર્તું શકનુવતે સ્વતઃ ॥૪॥
અતઃ કથં ભવેન્માર્ગસ્થિતિર્જીવેષુ સર્વથા ।
ફલાશાડપિ કથં કાર્યા જનૈસ્તત્રાડસ્થિતૌ પુનઃ ॥૫॥
તથાડપિ શ્રીમદાચાર્યચરણાશ્રયણાદપિ ।
અશક્યમપિ યચ્છક્યં તદ્ભવેત્સર્વથૈવ હિ ॥૬॥
યદિ દુઃસંગદોષેણ ન ભવેચ્છિથિલં મનઃ ।
યદિ વા કાલદોષેણાડવિશ્વાસોડપિભવેન્ન હિ ॥૭॥

'અવિશ્વાસો ન કર્તવ્યઃ' ઈત્યુક્તેઃ સ તુ બાધકઃ ।
અયમેવાડસ્ય માર્ગસ્ય મૂલમાશ્રયસાધકઃ ॥૮॥
આશ્રયેણૈવ સકલં સિદ્ધિમેતિ ન સંશયઃ ।
પૃથક્શરણમાર્ગોક્તિરત એવ પ્રભોરપિ ॥૯॥
શરણસ્થમસુદ્ધારકૃતિવિજ્ઞાપનાદપિ ।
વિવેકધૈર્યભક્ત્યાદિસાધનાભાવવાદતઃ ॥૧૦॥
સન્માર્ગવિદ્ભિઃ સતતં કૃતપ્રભુપદાશ્રયે ।
તદુક્તવાક્યભાવાર્થવિભાવનપરાયણૈઃ ॥૧૧॥
યથાશક્તિસ્વમાર્ગીયપ્રભુસેવાપરૈરપિ ।
વિરુદ્ધકૃતિસંદેહદાહનોદ્યોગતત્પરૈઃ ॥૧૨॥
નિરંતરં સ્વમાર્ગીયસતાં સંગસમન્વિતૈઃ ।
સ્થેયં સંસારવિમુખૈઃ સ્વગુરું પ્રણતૈરપિ ॥૧૩॥

શિક્ષાપત્ર અઢારમું

કાલઃ સ્વકાર્યં કુરુતે ન જાનાતિ જનો યતઃ ।
પ્રમાદ્યતિ હરેઃ કાર્યે સ્વાત્મકાર્યેડતિવિહ્વલઃ ॥૧॥
કેવલૌદરિકત્વં તુ તદીયાનાં ન ચોચિતમ્ ।
ન પૂરયેત્ કિમુદરં સેવકાનાં કૃપાનિધિઃ ॥૨॥
ચિંતા કાપિ ન કાર્યેતિ પ્રભુવાક્યં વિચિંત્યતામ્ ।
અજ્ઞાનિનો જ્ઞાનિનશ્ચ યદિ સ્યાત્ સમતા કૃતૌ ॥૩॥
તદા તુ સાધનાભાવાત્ કિં વૃત્તં જ્ઞાનતઃ ફલમ્ ।
વિરહેણ હરિસ્ફૂર્ત્યા સર્વત્ર કલેશભાવનાત્ ॥૪॥
લીલાડતિરિક્તસૃષ્ટૌ હિ નિરાનંદત્વનિશ્ચયાત્ ।
યથા કથંચિદ્ વિસ્મૃત્ય પ્રપંચં હૃદયે ન્યસેત્ ॥૫॥

કૃષ્ણં ગૂઢં સદાનંદં તથા લીલાયુતં સદા ।
રસં સ્વસમનામાનં ભક્તભાવાત્મકં પુનઃ ॥૬॥
યશોદોત્સંગલાલિતં મુગ્ધભાવસમાવૃતમ્ ।
પ્રપંચવૈરિણં બાધહેતુલૌકિકનાશનમ્ ॥૭॥
સ્વપ્રવેશાય કામાદિસર્વદોષનિવારકમ્ ।
સ્વાર્થત્યક્તાખિલસ્વીયપરમાર્તિમહોત્સવમ્ ॥૮॥
શ્રીમદાચાર્યહૃદયશેષપર્યંકશાયિનમ્ ।
અનંતભાવરૂપાત્મગોપીરમણતત્પરમ્ ॥૯॥
મધુપાડલિજવોદ્યુક્તરોમાલિસુવિરાજિતમ્ ।
પ્રસન્નવદનાંભોજં કરુણારસવદદૃશમ્ ॥૧૦॥
બર્હિપિચ્છશિરોભૂષં શૃંગારરસરૂપિણમ્ ।
એવં વિધાનંતગુણં વિધાય હૃદયે સદા ॥૧૧॥
તસ્ય સેવાં પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મતઃ ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠાપ્રસિદ્ધયે ॥૧૨॥
શ્રીમદાચાર્યમાર્ગેણ નાન્યેનાપિ કદાચન ।
ન કલ્પિતપ્રકારેણ ન દુર્ભાવસમન્વયાત્ ॥૧૩॥
તત્ત્વં વિદિત્વા પરમં યશોદોત્સંગલાલિતમ્ ।
શ્રીમદાચાર્યતત્પુત્રાન્ હિત્વાસ્મત્સ્વામિનીરપિ ॥૧૪॥
તત્તુલ્યબુદ્ધ્યા નાશઃ સ્યાત્ સર્વથેતિ વિનિશ્ચયઃ ।
એતાવતી સતી શિક્ષા સંક્ષિપ્તા ધ્રિયતાં હૃદિ ॥૧૫॥
અન્યેઽપિ ચોપદેષ્ટવ્યા યદિ સ્યુરધિકારિણઃ ।
મિલંતિ સ્વેચ્છયા શ્રદ્ધાયુતાઃ પૃચ્છંતિ ચેત્તદા ॥૧૬॥
જીવતત્પરતાસિદ્ધૌ કૃપાલુસ્તેષુ તુષ્યતિ ।
યથા વિષયિણાં તોષો દૂતિકાસુ તથા હરેઃ ॥૧૭॥

શિક્ષાપત્ર ઓગણીસમું

ઈદાનીં વર્તતે કાલઃ કરાલઃ કલિરીદશઃ ।
યસ્મિન્વિનશ્યતિ મતિઃ સતામપિ કુસંગતઃ ॥૧॥
સત્સંગો દુર્લભો યત્ર સતતં સત્પ્રસંગતઃ ।
કથાઃ કૃષ્ણચરિત્રૈકયુતા નિત્યં ભવંતિ હિ ॥૨॥
નિજાચાર્યપદાંભોજસેવિનસ્તુ સુદુર્લભાઃ ।
અદંભિનઃ કૃષ્ણસેવાકથા ચિંતન-તત્પરાઃ ॥૩॥
અહં તુ સર્વથા નિત્યં તથા સત્સંગવર્જિતઃ ।
કિલશ્યામિ મનસા નૂનં નિરાનંદેનનિત્યશઃ ॥૪॥
બાષ્પનિઃસરણોપાયં ન પશ્યામિ મહીતલે ।
કો વા મદીયહૃદયદુઃખં દૂરીકરિષ્યતિ ॥૫॥
વ્રજવાસસ્તથા શ્રીમદ્યમુનાદર્શનં ગતમ્ ।
દૂરે ગોવર્ધનદશીર્દૂરે તન્નાથદર્શનમ્ ॥૬॥
વિષયાક્રાંતિતો દૂરે ભગવદ્ભાવસંતતિઃ ।
દેશાંતરસ્થિતસ્યાડદ્ય દૂરે સંગઃ સતામપિ ॥૭॥
તદભાવાત્ કથા દૂરે તતો વિમુંખતા હૃદઃ ।
એવંવિધસ્ય સતતં શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૮॥
કો વેદ કૃષ્ણઃ કિં કર્તા ન જાનેડહં કૃપાનિધિઃ ।
તથાપિ શ્રીમદાચાર્યશરણં કરવૈ મનઃ ॥૯॥
વિશેષઃ પ્રેમજિત્પત્રાત્બોદ્ધવ્યઃ સર્વવૃત્તયુક્ ।
અનેન કેવલેનૈવ કિંચિત્ સ્વસ્થં મનો મમ ॥૧૦॥

શિક્ષાપત્ર વીસમું

સમાચારાડવગત્યૈવ સંતોષો જનિતો મહાન્ ।
સદોષેડપિ હરિર્જીવે અનુગ્રહં કુરુતે સ્વતઃ ॥૧॥
પ્રમેયબલમાસાદ્ય કિમસાધ્યં તદા ભવેત્ ।
અતઃ પ્રથમદોષાણાં ચિંતા નૈવ વિધીયતામ્ ॥૨॥
સંજાતભગવદ્ભાવમપથ્યમિવ સદ્ગુણમ્ ।
લોકનિંદાભવં દુઃખં ન ધર્ત્તવ્યં હિ માનસે ॥૩॥
અગ્રે તુ સાવધાનત્વં વિધેયઃ સર્વથા પુનઃ ।
દુઃસંગાદિમહાદોષા નાશયંત્યેવ તત્ક્ષણાત્ ॥૪॥
અસજ્જનકૃતા નિંદા તુષ્ટ્યૈ સત્ત્વવિનિશ્ચયાત્ ।
યતસ્તેષાં ન રોચંતે સંત એવ હિ સર્વથા ॥૫॥
માર્ગવિશ્વાસરહિતાઃ પૂર્વદોષૈકદૃષ્ટયઃ ।
યતો નામૈવ હિ હરેઃ સર્વદોષનિવર્તકમ્ ॥૬॥
તદપિ શ્રીમદાચાર્યવદનાંબુજનિઃસૃતમ્ ।
તત્પ્રકાશિતમાર્ગસ્ય સર્વસંપાદનક્ષમમ્ ॥૭॥
તતોડપિ બ્રહ્મસંબંધઃ સર્વદોષનિવર્તકઃ ।
નિર્દોષાનન્દસેવાપિ દોષાભાવપ્રસાધિકા ॥૮॥
ગુણગાનં તુ સર્વેષાં દોષાણાં વિનિવારકમ્ ।
ગુણગાને જ્ઞાનમાર્ગાત્ ઉત્કર્ષઃ પ્રભુણોદિતઃ ॥૯॥
જ્ઞાનં સકલદોષાણાં દાહકં પરિકીર્તિતમ્ ।
તથાપિ ન પ્રભોઃ પ્રાદુર્ભાવે યત્પ્રતિબંધકમ્ ॥૧૦॥
તન્નિવર્તયિતુંશક્તમતો ન્યૂનં નિરૂપિતમ્ ।
તતઃ સ્વાચાર્યસાન્નિધ્યં ક્ષણાદ્ભાવપ્રદાયકમ્ ॥૧૧॥
તદ્દિદક્ષાડર્ત્તિતાપાનાં ક્રમાદેવેહ સંભવાત્ ।
તત ઉત્તરભાવસ્ય ભાવનં વહ્નિરૂપતઃ ॥૧૨॥

ક્ષણેન દોષસંઘસ્ય નાશકં સર્વથા મતમ્ ।
એવં ભૂતે સ્થિતે માર્ગે નૂનં યેષામભાગ્યતઃ ॥૧૩॥
અવિશ્વાસસ્તતસ્તેષાં ન ગતિઃ કાપિ વિદ્યતે ।
અતઃ સ્વયંશ્રુતં યદ્વાભાગ્યાદ્હૃદિ સમાગતમ્ ॥૧૪॥
તદેવ હિ દઢં સ્થાપ્યં સર્વથા જીવનાડવધિ ।
નાલ્પજ્ઞવચનાચ્ચાલ્યા બુદ્ધિરાપાતસુંદરાત્ ॥૧૫॥
સત્ત્વનિશ્ચયતઃ સંગઃ સાધકો નહિ સંશયાત્ ।
યત્ર વૈ વિપરીતૈવ કૃતિસ્તત્ર ભ્રમઃ કથમ્ ॥૧૬॥
તત્ર ભ્રાંતાઃ પરં મૂઢાઃ તત્સંગઃ ખલુ બાધકઃ ।
અતઃ સત્સંગસહિતઃ તિષ્ઠેત્ સર્વત્ર સર્વદા ॥૧૭॥
સેવાં કુર્વન્ સદાચારો ધર્મમાર્ગસ્થિતોડપિ ચ ।
અવિરુદ્ધવચોવક્તા હ્યવિરુદ્ધકૃતિપ્રિયઃ ॥૧૮॥
સ્વાચાર્યમાત્રવાક્યૈકનિષ્ઠઃ સતતભાવુકઃ ।
તદીયજનસંસૃષ્ટઃ સર્વસંગવિવર્જિતઃ ॥૧૯॥

શિક્ષાપત્ર એકવીસમું

ભક્તિમાર્ગસ્તિરોભૂતઃ તથા સંગઃ સતામપિ ।
તતો ભાવસ્ય શૈથિલ્યં તદભાવેડખિલં વૃથા ॥૧॥
ભકિતમાર્ગીયતાભાવે ક્રિયામાત્રં હિ કર્મવત્ ।
તત્રાપિ ન મનઃ સ્થૈર્યં વિક્ષેપાદ્વ્યવહારતઃ ॥૨॥
વ્યવહારોડપ્યસિદ્ધશ્ચેદ્ વિશેષક્ષોભકો મતઃ ।
તદભાવે તુ ગાર્હસ્થ્યપ્રકારૈઃ સેવનં કુતઃ ॥૩॥
વ્યાવૃત્યભાવપક્ષસ્તુ બુદ્ધ્યદાર્ઢ્યાત્ સુદુર્લભઃ ।
બુદ્ધિદાર્ઢ્યં તુ સતતં નિવેદનવિચિંતનૈઃ ॥૪॥

તત્રાપિ સહભાવસ્તુ સતામેવ નિરૂપિતઃ ।
તે દુર્લભા દૂરગાશ્ચ તતો બુદ્ધિર્ન તાદશી ।।૫।।
સ્થિતાપિ શીર્યતે નિત્યં પોષકાભાવતો મમ ।
ખિન્નં ચ જાયતે ચિત્તં વાર્તાશ્રવણતોઽન્યથા ।।૬।।
શ્રુતોત્તમપ્રકારાશ્ચ ભગવન્માનસા અપિ ।
અસ્મદીયા લૌકિકેષુ પ્રતિષ્ઠામાત્રસાધકાઃ ।।૭।।
ચિત્તવ્યયં પ્રકુર્વંતિ વૃથા દેહં ચ તદ્ગતમ્ ।
ભગવન્માર્ગનિષ્ઠા તુ લોકનિષ્ઠાવિરોધિની ।।૮।।
સંસારવૈરી કૃષ્ણોઽપિ મૂઢાનેતાનુપેક્ષતે ।
કાલઃ સતામપિ હરત્યસૌ સંપ્રતિ સન્મતિમ્ ।।૯।।
કાલદોષનિરાકર્તા ન સંગોઽસ્તિ સતામપિ ।
અતઃ સ્થેયં સાવધાનૈઃ સમસ્તૈર્માર્ગવર્ત્તિભિઃ ।।૧૦।।

શિક્ષાપત્ર બાવીસમું

ભાવોઽત્ર સાધનં માર્ગે પ્રમેયં ભગવાન હિ સઃ ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ સ એવ ચ ફલં પુનઃ ।।૧।।
તસ્માત્ સ એવ સંરક્ષ્યો નિધિરૂપસ્તુ સર્વથા ।
યત્તદ્વિરુદ્ધં તત્સર્વં જ્ઞાત્વા જ્ઞાત્વા નિવર્તયેત્ ।।૨।।
હરિકૃષ્ણે યથાપૂર્વં સ્નેહઃ સ્થાપ્યો વિશેષતઃ ।
ગોષ્ઠિ ચ તાદૃશૈઃ કાર્યા ધ્રુવમસ્મત્ પ્રયત્નતઃ ।।૩।।
એતસ્યાંતઃ સ્થિતિઃ પ્રાયઃ સમીચીનાવલોક્યતે ।
નાન્યચ્ચ લૌકિકં ચિત્તે વિચાર્યમિહ સર્વથા ।।૪।।
વિશેષસ્તુ સમગ્રોઽપિ ભાંડાગારિકપત્રતઃ ।
વિજ્ઞેયઃ સર્વથા શીઘ્રં લિખ્યતાં ચ તદુત્તરમ્ ।।૫।।

શિક્ષાપત્ર તેવીસમું

ભવંતઃ શ્રુતિસિદ્ધાંતાઃ કથં મુહ્યંતિ લૌકિકે ।
અલૌકિકે તુ ચિંતા યા વિષયાઽભાવતો ન સા ॥૧॥
યતઃ સર્વસમર્થોઽસ્મત્ પ્રભુઃ સર્વં કરોતિ હિ ।
પિતેવ(પતિવત્) નિજદાસાનામૈહિકં પારલૌકિકમ્ ॥૨॥
અત એવાસ્મદાચાર્યવચનં વૈ વિરાજતે ।
'ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્' ॥૩॥
મર્યાદામાર્ગ-વૈરાગ્યાદ્યભાવેઽપિ ગતિઃ સતામ્ ।
ચિંતાસંતાનહંતારોઽપ્યાચાર્યપદરેણવઃ ॥૪॥
અતસ્તદીયાઃ કિં ભ્રાંતાશ્ચિંતાં વિદધતે જનાઃ ।
જ્ઞાનિનોઽપિ ન વૈ દુઃખં ચિત્તે દધતિ લૌકિકમ્ ॥૫॥
સેવારસાદિરહિતાશ્ચિત્રં ભક્તાઃ કથં તથા ।
યૈ સ્વરૂપસ્ય સેવાયાં દર્શનસ્પર્શનાદિકમ્ ॥૬॥
અનુભૂતં સદા તેષાં ચિત્તં દુઃખયુતં કથમ્ ।
પરમાનન્દસંબંધે દુઃખં તિષ્ઠતિ નૈવ હિ ॥૭॥
પિત્રાદયસ્તુ સર્વેઽપિ સંબંધાદુઃખહેતવઃ ।
બહિર્મુખજનસ્યૈવ બાહિર્મુખ્યં તતસ્ત્યજેત્ ॥૮॥
બહિર્મુખસ્ય બાધંતે દોષા દૈહિક-માનસાઃ ।
ક્ષીણધાતોરિવાર્ત્તસ્ય રોગા વાતિકપૈત્તિકાઃ ॥૯॥
તન્નિવૃત્તિસ્તુ સમ્પાદ્યા સતાં સંગેન સેવયા ।
શ્રીભાગવતપાઠેન તદર્થશ્રવણાદપિ ॥૧૦॥
નિવેદનસ્મરણતઃ સદ્‌ભિઃ સહ કથાદિભિઃ ।
સદા નામગ્રહણતઃ સદા શરણભાવનાત્ ॥૧૧॥
અષ્ટાક્ષર મહામંત્રકીર્તનેન વિશેષતઃ ।
પંચાક્ષરેણ મંત્રેણ તદીયત્વવિભાવનાત્ ॥૧૨॥

વૈરાગ્યપરિતોષાભ્યાં કૃષ્ણસન્નિહિતસ્થિતેઃ ।
લૌકિકકલેશજૌદાસ્યાત્ પુત્રાદ્યનનુરાગતઃ ॥૧૩॥
ગૃહવિત્તાદ્યનાસક્ત્યા તદીયેષ્વતિરાગતઃ ।
નવરત્નસ્ય પાઠેન સર્વચિંતા નિવર્તતે ॥૧૪॥
એવં નિવૃત્તવૈમુખ્યં જનં દુઃખં ન બાધતે ।
અતસ્તન્માત્રયત્નૈસ્તુ ભવિતવ્યં ભવાદશૈઃ ॥૧૫॥
દુઃખેન ન વૃથા નેયઃ કાલઃ પરમ દુર્લભઃ ।
કૃષ્ણસેવાનુકૂલસ્તુ નિજાચાર્યાશ્રયાશ્રિતૈઃ ॥૧૬॥
દ્રુતં હેયા વૃથા ચિંતા પ્રાપ્તાડપિ નિજદોષતઃ ।
ચિતોંદ્વેગં વિધાયાપીત્યેતદ્વચનચિંતનાત્ ॥૧૭॥

શિક્ષાપત્ર ચોવીસમું

ભકિતમાર્ગે કૃપામાત્રં કારણં પરમુચ્યતે ।
તેનૈવ માર્ગે સકલં સિદ્ધિમેતિ ન સંશયઃ ॥૧॥
સા તુ સ્વાચાર્યશરણાગતૌ તૈર્જ્ઞાપિતઃ પ્રભુઃ ।
યદૈવ કુરુતે કૃષ્ણઃ તદા ભવતિ સર્વથા ॥૨॥
અતસ્તદાશ્રયો જીવૈર્દઢ એવ વિધીયતામ્ ।
યથાવતારલીલાયાં તાસાં શ્રીયમુના મતા ॥૩॥
યથા વા હરિદાસો હિ પુલિંદીનાં ગિરિર્મતઃ ।
યથા વાગ્નિકુમારાણાં વ્રતે કાત્યાયની મતા ॥૪॥
પ્રાદુર્ભૂતઃ સ્વયં કૃષ્ણો યથા સ્વપ્રાપણે મતઃ ।
યથા વા દૈન્યભાવાત્મા પ્રાદુર્ભાવે સ્વયં મતઃ ॥૫॥
તથા પરોક્ષે જીવાનાં પુષ્ટિસંબંધસિદ્ધયે ।
શ્રીમદાચાર્યસંબંધો નાન્યદસ્તિ હિ સાધને ॥૬॥

અત એવોક્તમાચાર્યૈઃ સ્તોત્રે કૃષ્ણાશ્રયાભિધે ।
'શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્' ॥૭॥
વિશ્વાસાર્થં વરમદાદિતિ શ્રીવલ્લભોડબ્રવીત્ ।
અતો નાન્યપ્રકારેણ ફલં સ્વહૃદિ ચિંત્યતામ્ ॥૮॥
વિશ્વાસેન યથાપ્નોતિ ચાતકઃ સ્વાતિજં જલમ્ ।
તથા ચેત્કૃષ્ણજલદઃ સ્વાનંદં વર્ષયિષ્યતિ ॥૯॥
એવં વિશ્વાસસદ્ભાવે સર્વમેવ ભવિષ્યતિ ।
યતઃ પરિવૃઢોડસ્માકં સર્વં કર્તું ક્ષમો મતઃ ॥૧૦॥
સ હિ સ્વતઃ સમર્થત્વાન્ ન સાધનમપેક્ષતે ।
કાલકાર્યં વિલોક્યાત્ર તદીયાનાં વિશેષતઃ ॥૧૧॥
નિઃસાધનત્વસંસ્કફૂર્ત્યા દૃઢઃ સ્યાત્તત્પદાશ્રયઃ ।
અસુરાણામવિશ્વાસઃ તથા તત્સંગિનામપિ ।
મતિમોહો મહાદોષનિધાનં સંભવિષ્યતિ ॥૧૨॥
યથા પૂર્વકથાં શ્રુત્વા ભગવત્પાદસેવિનામ્ ।
સ્વસ્મિન્ દૈન્યસમુત્પત્તિસ્તથા સાધનનાશનમ્ ॥૧૩॥
તદીયાનાં સર્વમસ્તિ સદા તદ્ભાવભાવિનામ્ ।
ઈતરેષાં કાલિકાનાં કાલેન નિખિલં ગતમ્ ॥૧૪॥
યતઃ કાલસ્તદ્વિભૂતિઃ 'કાલઃ કલયતામહમ્' ।
મુખ્યાધિકાર્યપિ હરેરિચ્છાશક્તિસ્વરૂપવાન્ ॥૧૫॥
તદંતરંગદાસેષુ ન તત્સામર્થ્યમિષ્યતે ॥૧૬॥
સ હિ સર્પો યથાન્યેષાં મારકોડપિ ન હિ ક્ષમઃ ।
પીતામૃતં જનં જાતુ સ્પ્રષ્ટુમાઘ્રાતુમેવ ચ ॥૧૭॥
તથા કાલેડપિ મનુજં મહાપુરુષસંસ્થિતમ્ ।
ભક્તિપીયૂષપાતારં ન કિંચિત્ કર્તુમીશ્વરઃ ॥૧૮॥
તદીયૈઃ સર્વકાર્યેષુ ન કાલિશ્ચિંત્યતાં હૃદિ ।
'તથૈવ તસ્ય લીલેતિ' વચનાત્સર્વ ચિંત્યતામ્ ॥૧૯॥

સર્ગાદિલીલાકર્ત્તુત્વાત્ કિં ચિત્રં તાદૃશિ પ્રભો ।
વિવેકોડપ્યયમેવાત્ર સ હિતં વૈ વિધાસ્યતિ ॥૨૦॥
સ્વકીયાનાં નિજેચ્છાતઃ તતશ્ચિંતાત્ર કા ભવેત્ ॥૨૧॥
ભવંતઃ શ્રુતસદ્વાર્તાઃ સત્સંગકૃતયોડપિ હિ ।
પ્રભુપાદૈકગતયસ્તેષાં કા પરિદેવના ॥૨૨॥
ધર્મસંસ્થાપનાર્થાય યસ્ય પ્રાકટ્યમુચ્યતે ।
સ હિ ધર્મવ્યતિકરં સ્વકૃતં સહતે કથમ્ ॥૨૩॥
બ્રહ્મણ્યો ધેનુવિપ્રેશો વેદધર્મૈકપાલકઃ ।
સ કથં સહતે કૃષ્ણઃ તદ્વિરોધં જનૈઃ કૃતમ્ ॥૨૪॥
પરમાનંદસંદોહો દયાલુઃ સુતરામપિ ।
સ કથં સહતે કૃષ્ણો દયાડભાવં જનેષ્વપિ ।
અતોડત્ર યદિદં જાતં તત્સ્વદોષેણ સર્વથા ॥૨૫॥
નિર્દોષપૂર્ણગુણતા હરૌ નિત્યં વિરાજતે ।
કદાચિત્ સ્વપ્રભોર્દોષો નાડનેયઃ સર્વથા હૃદિ ॥૨૬॥
કે વા વયં વરાકા યદુદ્ધવાદ્યા અપિ પ્રભોઃ ।
શ્રુતવંતો વિસદૃશીં લીલાપશ્ચાત્સ્થિતા અપિ ॥૨૭॥
કુંતીવદીદૃશં ભાગ્યં કસ્ય ભાગ્યવતો ભવેત્ ।
સદ્યઃ પ્રાણવિમોકોડત્ર શ્રીકૃષ્ણવિરહેણ હિ ॥૨૮॥
અસ્માકં તુ પ્રભુર્નિત્યમક્ષતાડવ્યાહતોડધુના ।
વિરાજતે તતો દુઃખં ન વિધેયં મનસ્યપિ ॥૨૯॥
ભવદ્ભિર્મિલિતૈઃ સર્વૈરિયં શિક્ષા વિચાર્યતામ્ ।
તતઃ સંદેહજાતં યદ્બુદ્ધિસ્થં તદ્વ્યપોહ્યતામ્ ॥૩૦॥
અસ્માકં સાધનં સાધ્યં ‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’ ।
સંપત્સ્વાપત્સ્વપિ સદા સ્વાચાર્યચરણોદિતમ્ ॥૩૧॥

શિક્ષાપત્ર પચીસમું

શ્રીવલ્લભપદાંભોજભજનાદરણાદપિ ।
દયાપરઃ કદા ચિત્તં ન જહાતિ જનં હરિઃ ॥૧॥
કૃપાકટાક્ષસંપાતપક્ષપાતપરો હરિઃ ।
ક્ષમતે તત્કૃતં દોષલક્ષમપ્યક્ષમં સ્વતઃ ॥૨॥
યદીય હૃદયે શ્રીમદાચાર્યચરણદ્વયમ્ ।
ત એવ શરણં દોષશતાવૃત્તિમતો મમ ॥૩॥
યદંગુલિનખાનંદચંદ્રશૈત્યં સદા હૃદિ ।
તાપં હરતિ ભક્તાનાં તદાનંદપદાંબુજમ્ ॥૪॥
અસ્તુ વસ્તુશતં લોકે વેદે ચ પરિકીર્તિતમ્ ।
ફલત્વેન નિજાચાર્યચરણાબ્જદ્વયં મમ ॥૫॥
ન કર્મ વેદવિહિતં ફલં જનયતિ ધ્રુવમ્ ।
યતો બહિર્મુખં ચિત્તં જાયતેડન્યશ્રુતેર્હરેઃ ॥૬॥
જ્ઞાનં તુ(મુક્તિ) ભક્તિહેતુત્વાત્ સા નૈવ ફલરૂપિણ ।
યતો જીવસ્ય દાસત્વહેતુભેદનિવર્તિકા ॥૭॥
મર્યાદાભકિતરપ્યેષા તાવદેવ ફલાત્મિકા ।
યાવન્ન જાયતે (જ્ઞાયતે) પુષ્ટિભક્તિઃ સકલમૂર્દ્ધગા ॥૮॥
પુષ્ટિભક્તિર્હરેરાસ્યં તત્ત્વસ્મત્રભવઃ સ્વયમ્ ।
ત એવ સંશ્રિતાઃ સંતઃ ફલરૂપા ભવંતિ હિ ॥૯॥
તદુત્તરં ન કર્તવ્યમનુભૂતેઃ પરં કિમુ ।
યથા લોકે ફલે પ્રાપ્તે ન ભોગાદધિકા કૃતિઃ ॥૧૦॥
તસ્માત્ફલં નિજાચાર્યપદાંભોજદ્વયં સદા ।
હૃદિ ધાર્યં નૈવ કાર્યં સંશયાયિતમાનસમ્ ॥૧૧॥
અત્ર સંશયમાપન્નાઃ સર્વથા હ્યાસુરામતાઃ ।
દૈવાડપિ પુરા તેડપિ હરિણા પાતિતાઃ કરાત્ ॥૧૨॥

અહો મહચ્ચિત્રમિદમવતીર્ણે હરૌ ભુવિ ।
વિદ્યમાને ભાગવતે વિવૃતાવપિ સર્વથા ॥૧૩॥
સત્યાં ભુવિસુબોધિન્યાં સત્સુસત્સુ ક્વચિત્ક્વચિત્ ।
ગ્રંથેષુ વિદ્યમાનેષુ સર્વાર્થજ્ઞાપકેષ્વપિ ॥૧૪॥
તથાપિ ન પ્રવર્તંતે જના ભકિતપથે પુનઃ ।
પ્રાયઃ કૃપૈવ હરિણા કારણત્વેન રક્ષિતા ॥૧૫॥
મૂર્છિતેન્દ્રિયવૃત્તીનામુદ્ભવો નાસુમંતરા ।
તથા કૃપાં વિના સર્વસાધનાનાં ન ચોદ્ભવઃ ॥૧૬॥

શિક્ષાપત્ર છવ્વીસમુ

સ્વકીયાનામૈહિકં યદથવા પારલૌકિકમ્ ।
અકરોત્ કુરુતે કર્તા પ્રભુરેવ ન સંશયઃ ॥૧॥
તથાપિ કુરુતે જીવઃ પ્રયત્નં નિજદોષતઃ ।
અજ્ઞાનાત્કરુણાવાર્દ્ધિઃ ક્ષમતે તાદૃશં સ્વતઃ ॥૨॥
અવિરુદ્ધં પ્રકુરુતે વિરુદ્ધં વારયત્યપિ ।
દાસેષુ કૃષ્ણો બાલેષુ પિતેવ કુરુતે હિતમ્ ॥૩॥
ન જાનાતિ નિજાજ્ઞાનાત્તત્કૃતિં સ કૃતઘ્નતઃ ।
ક્વ દોષરાશિર્જીવોડયં ક્વ હરેર્ગુણવારિધિઃ ॥૪॥
કથમન્યોડસંબંધઃ સ્યાત્તમસ્તેજસોરિવ ।
તથાપિ દોષરાશીનાં દાહનેન નિવેદનાત્ ॥૫॥
સ્વાચાર્યદ્વારકાત્તુ સ્યાદ્યોગ્યતા હરિયોજને ।
અતઃ સ્વાચાર્યચરણૌ સ્થાપ્યૌ હૃદિ નિરંતરમ્ ॥૬॥
યથા બાલકરક્ષાયૈ ડાકિનીતો બિભેતિ હિ ।
માતા તથૈવ ભેત્તવ્યં દુઃસંગાદ્ભાવરક્ષકૈઃ ॥૭॥

સમસ્તેભ્યો નિજસ્નેહં ગોપાયતિ યથા સતી ।
તથૈવ ભગવદ્ભાવગોપનં ક્રિયતાં જનૈઃ ॥૮॥
દૂતિકાલાપસંસર્ગે યથા વર્દ્ધયતે રતિમ્ ।
સ્વૈરિણી ભક્તસંસર્ગે ભાવવૃદ્ધિં તથા નયેત્ ॥૯॥
અસત્યા સર્વદા ચિત્તં ગૃહ ઉચ્ચાટિતં યથા ।
તથૈવ ભાવનાદૌ તુ ચેતઃ સ્થાપ્યં તદાશ્રિતૈઃ ॥૧૦॥

શિક્ષાપત્ર સત્તાવીસમું

નિજાચાર્ય-પદાંભોજયુગલાશ્રયણં સદા ।
વિધેયં તેન નિખિલં ફલં ભાવિ વિના શ્રમમ્ ॥૧॥
ધનં ગૃહં ગૃહાસક્તિઃ પ્રતિષ્ઠા લોકવેદયોઃ ।
કર્માદિનિષ્ઠા મનસઃ સ્વર્ગાદિફલકાંક્ષણમ્ ॥૨॥
લૌકિકે પરમા પ્રીતિર્વિરુદ્ધવિષયેષણા ।
અવિરુદ્ધે તથાસક્તિર્વિષયૈર્ભોગ-ભોજનમ્ ॥૩॥
દેહાભિમાનઃ કુલજો વિદ્યાદિવિહિતોઽપિ ચ ।
ભગવત્સેવના ભાવસહિતં દેહપોષણમ્ ॥૪॥
અસત્સંગૈઃ સદા દુષ્ટ-કૃષ્ણાનુચ્છિષ્ટભક્ષણમ્ ।
નિવેદનાનુસંધાનત્યાગઃ શરણવિસ્મૃતિઃ ॥૫॥
દેવાંતરાશ્રયસ્તેભ્યઃ પ્રાર્થનાપિ ફલાર્થિતઃ ।
ભગવચ્ચિત્તરહિતા વ્યાવૃત્તિરપિ લૌકિકી ॥૬॥
ગુરુદ્રોહસ્તદીયેભ્યઃ સ્વસ્યાધિક્યવિભાવનમ્ ।
અત્યંતદેહસામર્થ્યં ઈંદ્રિયાણાં ચ પોષણમ્ ॥૭॥
ગૃહેષ્વભિરતિર્ભાર્યાપુત્રાદિષુ મનોગતિઃ ।
કૃષ્ણાનુભાવરહિતદેશે સતતં સંસ્થિતઃ ॥૮॥

હર્ષશોકૌ લોકલાભસ્તદભાવકૃતૌ તથા ।
સ્વાતંત્ર્યભાવનં સ્વસ્ય જીવસ્વાભાવિકો હઠઃ ॥૯॥
અધિકારઃ પાપરતિઃ પક્ષપાતો દુરાત્મનામ્ ।
હૃદયક્રૂરતા દીનજનોપેક્ષાડક્ષમા પુનઃ ॥૧૦॥
એતે ચાડન્યે ચ બોદ્ધવ્યા દોષા વિસ્મારકા હરેઃ ।
સાવધાનીભૂય દાસૈઃ કૃષ્ણસ્ય સ્થેયમાદરાત્ ॥૧૧॥
ભગવન્માર્ગમાત્રસ્થૈસ્તન્માર્ગફલકાંક્ષિભિઃ ।
વિરક્તૈરન્યતઃ કૃષ્ણગુણાસક્તાંતરાત્મભિઃ ॥૧૨॥
સ્વાચાર્યશરણં યાતૈસ્તદ્વિશ્વાસસમન્વિતૈઃ ।
પરિત્યક્તાખિલૈઃ સ્થેયં સદા તદર્શનોત્સુકૈઃ ॥૧૩॥
ઈદાનીમાગતઃ કાલઃ સર્વબુદ્ધિવિનાશકઃ ।
કરે પતતિ દુઃસંગો મીલિતાક્ષસ્ય ચાપિ હિ ॥૧૪॥
કિં કાર્યં કિમકાર્યં વા યતઃ સ્ફુરતિ નૈવ હિ ।
પ્રભુણા સ્વબલં તાવદુપસંહૃતમેવ હિ ॥૧૫॥
સાધનાનિ ન સિદ્ધ્યંતિ કાલદોષદુરાત્મનઃ ।
પ્રતિબંધશ્ચ કાલાદિકૃતઃ પ્રત્યહમેધતે ॥૧૬॥
ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગશ્ચાડપિ પ્રજાયતે ।
પ્રતિબંધસેવનં તૈઃ પ્રત્યાશા કા ફલસ્ય હિ ॥૧૭॥
તથાપિ શ્રીમદાચાર્યચરણાડશ્રયણાન્મમ ।
નિવર્ત્તતે નિરાશં સન્ન મનઃ ફલલબ્ધિતઃ ॥૧૮॥

શિક્ષાપત્ર અઠ્ઠાવીસમું

કદા નંદાત્મજઃ સ્વેષુ કૃપાદૃષ્ટિં કરિષ્યતિ ।
પ્રતીક્ષયૈવાડસ્મદાદિમનઃ શ્રાંતં સહેન્દ્રિયૈઃ ॥૧॥

કરુણાવારિધિઃ સ્વીયનિધિઃ સર્વાધિકઃ પ્રભુઃ ।
ઉપેક્ષતે કુતઃ સ્વીયાનિતિ ચિંતાતુરં મનઃ ॥૨॥
નિજાનંદનિમગ્નસ્ય ભવેદ્યદ્યપિ વિસ્મૃતિઃ ।
ભક્તાર્થમવતીર્ણસ્ય કૃપાલોરુચિતા ન સા ॥૩॥
કં પ્રાર્થયેયુસ્તે દીના વિહાય નિજનાયકમ્ ।
તદેકશરણા નિત્યં વિમુક્તાઃ સર્વસાધનૈઃ ॥૪॥
મન્નાથ! નાથયે નૂનં ભવામિ વિરહાકુલઃ ।
દર્શનં સ્પર્શનં વાપિ દેહિ વેણુસ્વરશ્રુતિમ્ ॥૫॥
નિજાચાર્યાશ્રિતાનસ્માન્ યદિ કૃષ્ણ! પ્રહાસ્યસિ ।
ગમિષ્યતિ હરે નાથ! પ્રતિજ્ઞૈવ તદા તવ ॥૬॥
વયં તુ સર્વથા દુષ્ટાઃ સ્વધર્મવિમુખા અપિ ।
ત્વમસ્મદીયાન્ મા ધર્માન્ ગૃહાણ ગુણપૂરિતઃ ॥૭॥
કૃપાલો! પાલનીયાનાં ગુણદોષવિચારણા ।
ન કાર્યા સ્વીયશરણવિહિતં વરણં યદિ ॥૮॥
અશ્રાંતોऽપિ હરે! દોષગણનાયાં મમ પ્રભો !
શ્રમમેષ્યતિ ગોપીશ! તતો વિસ્મર સર્વથા ॥૯॥
દીનેષુ ગુણલીનેષુ(હીનેષુ) તાવકીનેષુ મત્પ્રભો ।
પરાધીનેષુ કરુણા કરણીયૈવ સર્વથા ॥૧૦॥
નિઃસાધના ગતધના મનોદીનાઃ સુદુઃખિતાઃ ।
નિજાચાર્યાશ્રિતાઃ શોક-લોભ-મોહ-ભયાકુલાઃ ॥૧૧॥
ભવંતિ તે કૃપાપાત્રં મહોદાર! દયાનિધે !
પ્રયચ્છ કરુણાં તેભ્યો દત્તં પાત્રેऽક્ષયં ભવેત્ ॥૧૨॥
સંસારદાવદગ્ધાનાં જીમૂતજલકાંક્ષિણામ્ ।
ન નીલજલદાનંતજલદાનં વિના સુખમ્ ॥૧૩॥
યે મયાંગીકૃતાઃ સર્વે ત્વત્સેવાયૈ ગૃહસ્થિતાઃ ।
ત એવ ભાવનાશાય ભવંતિ કરવૈ કિમુ ॥૧૪॥

બહિર્મુખાઃ પ્રકુર્વંતિ સ્વસંબંધં બહિર્મુખમ્ ।
સહાયતા ભ્રમાદેવ ન હાતુમહમુત્સહે ॥૧૫॥
સહાયભ્રમમુત્પાદ્ય વંચયંતિ યથા જનમ્ ।
માર્ગસ્થિતં તથા નાથ! વંચિતોડહં ગૃહસ્થિતૈઃ ॥૧૬॥
યથાંધકૂપપતિતં મંડૂકા દુઃસ્વરૈર્જનમ્ ।
વ્યથયંતિ તથા મહ્યં દુર્વચોભિર્ગૃહસ્થિતાઃ ॥૧૭॥
કિયત્પર્યંતમેવં હિ મદુપેક્ષાં કરિષ્યસિ ।
ત્યકતો વા દોષસાહિત્યાદ્વિમુખોડહં દયાલુના ॥૧૮॥
ત્યકતઃ કુત્ર ગમિષ્યામિ ન મેડસ્તિ શરણં ક્વચિત્ ।
નાવમારોપ્ય દીનં સ્વં મધ્યેધારં ન મજ્જય ॥૧૯॥
નિજાચાર્યકુલે જન્મ કિમર્થં વિહિતં મમ ।
વિહિતં ચેન્મયિ સદા દોષપીને કૃપાં કુરુ ॥૨૦॥
અસંગઃ સર્વથા દૂયેડસત્સંગસહિતોપ્યહમ્ ।
યથારણ્યે પરિત્યક્તઃ કાદિશીકો મૃગાદનૈઃ ॥૨૧॥
જાતપક્ષાઃ ખગાઃ સ્વીયજનનીં ચ ત્યજંતિ હિ ।
યથા તથા કરાલેડસ્મિન્ કાલેડહં ભગવજ્જનૈઃ ॥૨૨॥
ચિંતાપારાવારે પતિતસ્યાત્રૈવ મગ્નસ્ય ।
એતજ્જલવડવાગ્નિઃ શરણં શ્રીવલ્લભાચાર્યાઃ ॥૨૩॥
હા કૃષ્ણ! હા નન્દસૂનો! હા યશોદાપ્રિયાડર્ભક!
હા ગોપિકાહૃદાધાર! ધારયસ્વ કરેણ મામ્ ॥૨૪॥

શિક્ષાપત્ર ઓગણત્રીસમું

બુદ્ધિનાશકકાલોડયં સર્વેષાં સમુપાગતઃ ।
અતો હિ સર્વથા ગોપ્યં બુદ્ધિરત્નં સુબુદ્ધિભિઃ ॥૧॥

સત્સંગકૃષ્ણ-સ્મરણ-શરણાગતિ-સાધનૈઃ ।
તદભાવે કૃતિઃ સર્વા યતો વૈયર્થ્યમેતિ હિ ॥૨॥
અત એવોક્તમાચાર્યૈઃ સ્વકીયકરુણાત્મભિઃ ।
બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ॥૩॥
ઉપકારોડપિ ગાયત્ર્યા ધ્યાનહેતુરયં મતઃ ।
ગીતાયાં હરિણાપ્યુક્તમર્જુનં પ્રતિ મોદતઃ ॥૪॥
'દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાંતિ તે' ।
બુદ્ધિસ્થૈર્યં હૃદિ સ્થૈર્યં હરેરિતિ ન સંશયઃ ॥૫॥
તન્નાશ એવ ગીતાયાં સર્વનાશો નિરૂપિતઃ ।
અતો બુદ્ધિઃ સુસંરક્ષ્યા ભાવભાવનકારણમ્ ॥૬॥
પ્રસાદભક્ષણૈર્નિત્યં સેવનાકરણૈરપિ ।
સત્સંગેન સદા કૃષ્ણકથાશ્રવણકીર્તનૈઃ ॥૭॥

શિક્ષાપત્ર ત્રીસમું

સ્મર્ત્તવ્યઃ સર્વદા કૃષ્ણો વિસ્મર્ત્તવ્યં જગત્પુનઃ ।
પ્રપંચસ્મરણે કૃષ્ણસ્મૃતિર્નૈવ ભવેદિતિ ॥૧॥
પ્રયતેત તતો જીવસ્તદભાવાય સર્વથા ।
કૃષ્ણાડર્થતાભાવનેન ગૃહાદેર્વિસ્મૃતિર્ભવેત્ ॥૨॥
અથવા બાધકત્વેન ત્યાગભાવનયા પુનઃ ।
અખંડાડદ્વૈતભાવેન કામાદ્યાવેશતો હરૌ ॥૩॥
પ્રાપંચિકપદાર્થેષુ લીલાસૃષ્ટિત્વભાવનાત્ ।
કૃષ્ણસન્નિહિતો દેશઃ કાલઃ સત્સંગહેતુકઃ ॥૪॥
દ્રવ્યં સર્વસ્વમેવાડત્ર કર્તાડભિમતિવર્જિતઃ ।
મંત્રાઃ શ્રીકૃષ્ણનામાનિ ગુણલીલાસમન્વિતાઃ ॥૫॥

કર્માણિ કૃષ્ણસેવૈવ સર્વસાધનસંગ્રહઃ ।
એતચ્છટ્કસ્ય ભક્તૌ હિ સત્સંગઃ સાધનં મતમ્ ॥૬॥
કૃષ્ણસાન્નિધ્યદેશે તુ યતસ્તિષ્ઠંતિ સાધવઃ ।
કાલઃ પ્રસંગહેતુસ્તુ મિલિતૈસ્તૈરુદેતિ હિ ॥૭॥
સર્વસ્વસ્યોપયોગોઽપિ સિદ્ધયેત્સદ્બુદ્ધિદાતૃભિઃ ।
અભિમાનનિવૃત્તિસ્તુ તદાશ્રયવતામિહ ॥૮॥
કૃષ્મનામસ્વરૂપાદિજ્ઞાનં તુ તત એવ હિ ।
ભગવત્સેવનં વાઽપિ પુરુષાર્થસ્તદૈવ હિ ॥૯॥
યદા તથાવિધાઃ સંતો દૃશ્યંતે સેવનોદ્યતાઃ ।
અતઃ સત્સંગ એવાઽસ્મિન્માર્ગે સર્વસ્ય સાધનમ્ ॥૧૦॥
તદભાવે સર્વથૈવ ન કિંચિદિહ સિદ્ધયતિ ।
તસ્માત્પ્રયત્નઃ કર્તવ્યઃ સત્સંગાય સુબુદ્ધિભિઃ ॥૧૧॥
અત એવોક્તમાચાર્યૈર્હરિસ્થાને તદીયકૈઃ ।
'અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ' ॥૧૨॥
ચિત્તદોષે કથં સેવા ચેતસ્તત્પ્રવણં ભવેત્ ।
અતો વિચારઃ કર્ત્તવ્યઃ સર્વથૈકત્ર વાસકૃત્ ॥૧૩॥
બુદ્ધયા વિચાર્ય મત્પ્રોક્તં નિધાય હૃદિ સર્વથા ।
સ્વાર્થસંપત્તયે કાર્યો વાસ એકત્ર તત્પરૈઃ ॥૧૪॥

શિક્ષાપત્ર એકત્રીસમું

નિઃસાધનફલે માર્ગે બલં નૈવોપયુજ્યતે ।
સાધનાનામતો નાયમાત્મેત્યેષોદિતા શ્રુતિઃ ॥૧॥
કિંતુ સર્વસ્ય મૂલં હિ હરેર્વરણમુચ્યતે ।
યથૈવ વૃણુતે કૃષ્ણસ્તથા તિષ્ઠતિ વૈ જનઃ ॥૨॥

વરણં તુ દ્વિધા સાક્ષાત્પારંપર્યવિભેદતઃ ।
લીલાસ્થિતેષુ વૈ સાક્ષાદન્યેષ્વસ્તિ પરંપરા ॥૩॥
આચાર્યદ્વારકં તત્ર વરણં ન હરેઃ સ્વતઃ ।
લીલાસ્થેષ્વપિ ભક્તેષુ વૃતૈર્દ્વૈવિધ્યમીક્ષ્યતે ॥૪॥
સાક્ષાત્શ્રુતિષુ હરિણા વરણં વહ્નિસૂનુષુ ।
પરંપરાપ્રકારેણ મર્યાદાપુરુષોત્તમાત્ ॥૫॥
અન્યથાપ્યત્ર ભેદોડસ્તિ દાસતાત્મીયતાદિભિઃ ।
આત્મીયત્વેનાવતારે દાસત્વેનાન્યદા વૃતિઃ ॥૬॥
દાસત્વેપ્યસ્તિ ભેદો હિ મર્યાદાપુષ્ટિભેદતઃ ।
અતો ન જીવ સ્વાતંત્ર્યં દાસત્વાદ્ધિ નિસર્ગતઃ ॥૭॥
યથા કૃતિસ્તથા સર્વં કૃષ્ણસ્તસ્ય કરોતિ હિ ।
મર્યાદાયાં વૃતૌ તસ્ય ભવેત્સાધનનિષ્ઠતા ॥૮॥
પુષ્ટાવનુગ્રહે દૃષ્ટિસ્તયૈવ સકલં પુનઃ ।
વયં ત્વનુગ્રહાચાર્યૈઃ પુષ્ટૌ-મર્યાદયા સહ ॥૯॥
અંગીકૃતિસમર્યાદૈઃ સર્વેડપ્યંગીકૃતાઃ સ્વતઃ ।
અતસ્તદુક્તમર્યાદાસ્થિતિર્હિ હિતકારિણી ॥૧૦॥
પુષ્ટિપ્રભુત્વાદસ્માકં લૌકિકી પારલૌકિકી ।
સર્વા ચિંતા હરેરેવ નિશ્ચિંતત્વં વિભાવ્યતામ્ ॥૧૧॥
અત એવોક્તમાચાર્યૈર્નિજેચ્છાતઃ કરિષ્યતિ ।
નોપેક્ષતે નિજાનાર્ત્તબંધુઃ શ્રીગોકુલેશ્વરઃ ॥૧૨॥
હરીચ્છા વિપરીતાડપિ દાસદુઃખાવલોકનાત્ ।
અનુકંપાનિધાનત્વાત્ હરેર્વિપરિવર્તતે ॥૧૩॥
આર્તિમાત્રમતઃ સ્થાપ્યં પ્રાર્થના ન વિધીયતામ્ ।
કૃપાલુરેવ ભવિતા નિજાર્ત્તજનશર્મદઃ ॥૧૪॥
આર્ત્યૈવ ક્રિયતે યત્તુ સેવાગુણકથાદિકમ્ ।
તદેવાસ્મત્પ્રભૂક્તેડસ્મિન્માર્ગેપ્રવિશતિ ધ્રુવમ્ ॥૧૫॥

અન્યથા ક્રિયમાણં તુ કૃષ્ણસાયુજ્યસાધકમ્ ।
ન મુખ્યફલસંબંધઃ તતો ભવતિ નિશ્ચિતમ્ ॥૧૬॥
તદાર્તિપ્રાપ્તિરેતેષાં તદ્રૂપાચાર્યસેવનાત્ ।
તત્કૃપાતસ્તદુદિતંવચોવૃન્દવિચારણાત્ ॥૧૭॥
નિવેદનાનુસંધાનાત્ સદા સત્સંગસંભવાત્ ।
અન્યથા ન ભવેદેવં સ્વકૃતાનંતસાધનૈઃ ॥૧૮॥
યે ભાવં વર્દ્ધયંત્યેવ દૃઢં વચનવર્ષણૈઃ ।
સંગોઽપિ તેષાં કર્તવ્યો નાન્યેષામિતિ નિશ્ચયઃ ॥૧૯॥
તદુર્લ્લભત્વે બાધિર્યં મૂકત્વં વા વરં મતમ્ ।
વાચઃ પ્રભૂણાં વદને દુર્જનાનાં ભવંતિ ન ॥૨૦॥
મ્લેચ્છાનામિવ ગાયત્રી તતઃ શ્રવણતઃ કિમુ ।
તત્સધર્માસ્તત્રવર્ણા અનુભાવતિરોહિતાઃ ॥૨૧॥
અતઃ ફલં ન શ્રવણાત્ દોષઃ પ્રત્યુત જાયતે ।
સાવધાનતમૈઃ સ્થેયમીદક્‌શ્રવણકીર્તનાત્ ॥૨૨॥
નિરપેક્ષઃ કૃષ્ણજના નિજાચાર્યપદાશ્રિતાઃ ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞા દુર્લભા એવ ભૂતલે ॥૨૩॥
અતઃ શરણમાત્રં હિ કર્તવ્યમખિલં તતઃ ।
યદુક્તં તાતચરણૈરિતિ વાક્યાદ્ભવિષ્યતિ ॥૨૪॥
તથા વિધેયં કૃપયા યથા ગોવર્ધનેશ્વરઃ ।
દર્શયત્યચિરાદેવ નિજં રૂપં તદાશ્રિતેઃ ॥૨૫॥

શિક્ષાપત્ર બત્રીસમું

કામાઽવિષ્ટે ક્રોધયુતે સંસારાઽસક્તિસંયુતે ।
લોભાઽભિભૂતે સતતં ધનાઽર્જનપરાયણે ॥૧॥

દયાવિરહિતે રૂક્ષે નિત્યં સંતોષવર્જિતે ।
શોકાડકુલે ભયાડક્રાંતેર્વિષયધ્યાનતત્પરે ॥૨॥
અહંકારયુતે ક્રૂરે દુષ્ટપક્ષૈરપોષકે ।
જ્ઞાનમાર્ગસ્થિતે સર્વસામ્યચિંતનભાવિતે ॥૩॥
લૌકિકે સન્મુખે કૃષ્ણજનવૈમુખ્યસંયુતે ।
કૃષ્ણલીલાદોષદૃષ્ટૌ તથા કર્મજડેપિ ચ ॥૪॥
આચાર્યવિમુખે નિત્યમસદ્વાદવિભૂષિતે ।
એતાદૃશે તુ હૃદયે હરિર્નાડવિશતે ક્વચિત્ ॥૫॥
દીને શુદ્ધે નિષ્પ્રપંચે લીલાચિંતનતત્પરે ।
સ્વાચાર્યશરણે નિત્યં સર્વકામવિવર્જિતે ॥૬॥
વ્રજસ્ત્રીચરણાંભોજરેણુપ્રાપ્ત્યભિલાષુકે ।
ગુણાગાનપરે કૃષ્ણનામાડર્થપરિભાવુકે ॥૭॥
અનન્યેડનન્યસેવૈકનિષ્ઠાતત્પરતાં ગતે ।
ભગવદ્ધર્મનિરતે વિરક્તે ગુણાસંગિનિ ॥૮॥
કૃષ્ણાડર્તિભાવસંયુક્તે સરસેડન્યરસાડતિગે ।
અચંચલે કૃષ્ણલીલાચંચલે દર્શનાડકુલે ॥૯॥
મનોરથશતાડક્રાંતે સર્વોદાસીન્યસંયુતે ।
એતાદૃશે તુ હૃદયે હરિરાવિશતે ક્ષણાત્ ॥૧૦॥

શિક્ષાપત્ર તેત્રીસમું

અસ્મિન્માર્ગેપ્રભોરિચ્છામાત્રં સર્વત્ર કારણમ્ ।
સૈવ ચાવરણં યાવત્ પ્રતિકૂલા ફલે નિજે ॥૧॥
તદાવરણનાશસ્તુ દૈન્યાદેવ હરૌ કૃતાત્ ।
સ દીનેષુ નિજામિચ્છામનુકૂલાં કરોતિ હિ ॥૨॥

તદાનુકૂલ્યે દાસાનાં કિં ફલં દુર્લભં મતમ્ ।
કૃપા ચ જાયતે દીને લોકસિદ્ધનિદર્શનાત્ ॥૩॥
અતો દૈન્યં હિ માર્ગેસ્મિન્ પરમં સાધનં મતમ્ ।
અભિમાનો મદશ્ચાપિ સતતં તદ્વિરોધિનૌ ॥૪॥
તૌ વિજ્ઞાય પ્રયત્નેન પરિત્યાજ્યૌ ફલાર્થિભિઃ ।
દૌષ્ટયં સમસ્તેન્દ્રિયાણાં સાધનૈરેવ નાશયેત્ ॥૫॥
અથવાશ્રયમાત્રેણ નાશયિષ્યતિ મત્પ્રભુઃ ।
નિજાચાર્યાશ્રિતાનાં તુ દોષા વહ્નિસ્વરૂપતઃ ॥૬॥
સંબંધમાત્રતો ભસ્મીભવંતિ ક્ષણમાત્રતઃ ।
અતઃ સ્વાચાર્યમાત્રૈકશરણૈસ્તત્પરાશ્રિતૈઃ ॥૭॥
તદ્ગ્રંથાર્થાવબોધાર્થવિહિતાતિપ્રયત્નકૈઃ ।
દુઃસંગવર્જિતૈઃ સંગસંપ્રાપ્ત્યાશાયુતૈરપિ ॥૮॥
સ્થેયં સેવાપરૈરન્યાશ્રયત્યાગવિચક્ષણૈઃ ।
કાલલોભાદિદોષૈકપરિત્યાગેચ્છુભિઃ સદા ॥૯॥

શિક્ષાપત્ર ચોત્રીસમું

શ્રીકૃષ્ણઃ સર્વદા સેવ્યઃ ફલં પ્રાપ્યં સ્વતસ્તુ સઃ ।
મુખારવિંદભક્ત્યૈવ સાક્ષાત્સેવૈકરૂપયા ॥૧॥
ચરણાડત્મકભક્ત્યા તુ ધર્મસેવાત્મરૂપયા ।
ધર્મદ્વારા તદ્વિશિષ્ટઃ પ્રભુઃ પ્રાપ્યો ન સંશયઃ ॥૨॥
તત્ર સાયુજ્યસંબંધો ન લોભાડમૃતસેવનમ્ ।
મુખારવિંદભક્તૌ તુ સાક્ષાત્ તત્સેવનં મતમ્ ॥૩॥
એતાદૃક્-ફલિકા ભક્તિર્ભવેત્કેવલપુષ્ટિતઃ ।
તત્રાડપિ મુખરૂપાડસ્મદાચાર્યાનુગ્રહાત્ પુનઃ ॥૪॥

અત એતદ્ ભક્તિમદ્ભિઃ શ્રીમદાચાર્યસંશ્રયઃ ।
પ્રથમં સર્વથા કાર્યસ્તત એવાઽખિલં ભવેત્ ॥૫॥
અતઃ પરંતુ તદ્ભક્તેરવસ્થાસાધનાદિકમ્ ।
નિરૂપ્યતે સ્વતોષાય તત્કૃપાતો હૃદિ સ્થિતમ્ ॥૬॥
યથા મર્યાદયા ભક્તૌ બ્રહ્મભાવસ્તુ સાધનમ્ ।
તથા સર્વાઽત્મભાવોઽત્ર સાધનત્વેન બુદ્ધ્યતામ્ ॥૭॥
વસ્તુતસ્તુ ફલં ચૈવ ફલં સ્યાત્તત્પ્રવેશતઃ ।
તત્સ્વરૂપં તુ સર્વેષાં દેહાંતઃ કરણાત્મનામ્ ॥૮॥
યેન ભાવેન ભગવત્યાત્મભાવો હિ જાયતે ।
યસ્માદ્ ભાવાત્સ્વદેહાદિ સકલં સ્યાત્તદર્થકમ્ ॥૯॥
ન દેહાદ્યર્થસિદ્ધ્યર્થં ભગવાનપ્યપેક્ષતે ।
યતો દેહાદિરક્ષાઽપિ પ્રભુલીલૌપયોગતઃ ॥૧૦॥
ન સ્વાર્થબુદ્ધ્યા સ્વાર્થોઽપિ ભગવાનેવ યત્ર હિ ।
યેન ભાવેનાઽનિમિત્તા પ્રીતિર્ભવતિ વૈ હરૌ ॥૧૧॥
ન ફલકાંક્ષણં યત્ર લૌકિકાનાં યથા ધને ।
તદભાવે યથા લોકા દુઃખેનાઽસૂંસ્ત્યજંતિ હિ ॥૧૨॥
સર્વત્યાગસ્તુ સહજો યત્ર લૌકિકવેદયોઃ ।
નૈરપેક્ષ્યં સ ભાવસ્તુ સર્વભાવો નિગદ્યતે ॥૧૩॥
તથાઽત્ર દૈન્યમેવેકં માર્ગે ન શ્રવણાદિકમ્ ।
દૈન્યેનૈવ ય સંતુષ્ટઃ પ્રાદુર્ભૂતઃ ફલં દદૌ ॥૧૪॥
તદેવાઽત્ર હિ સંસેવ્યં યેન દૈન્યં પ્રસિદ્ધ્યતિ ।
યદ્દૈન્યનાશકં તદ્ધિ વિરોધિ સકલં મતમ્ ॥૧૫॥
એતન્માર્ગાંગીકૃતૌ હિ હરિર્દૈન્યં વિવર્દ્ધયેત્ ।
મદાદિજનકં દુષ્ટં નાશયત્યપિ લૌકિકમ્ ॥૧૬॥
સ્વાંગિકૃતેર્હિ નિર્વાહઃ પ્રભુણૈવ વિધીયતે ।
જીવાઃ સ્વભાવદુષ્ટા હિ પ્રચલેયુઃ કથં તથા ॥૧૭॥

અતો દંડપ્રદાનેન પિતેવાડચરતિ પ્રભુઃ ।
દંડોડપ્યનુગ્રહત્વેન મંતવ્યસ્તુ તદાશ્રિતૈઃ ॥૧૮॥
દંડદાનં સ્વકીયેષુ પરકીયેહ્યુપેક્ષણમ્ ।
આર્તિરેવાડત્ર સતતં ભાવ્યા કૃષ્ણપરોક્ષતઃ ॥૧૯॥
અત્ર ભક્તાર્તિદષ્ટ્યૈવ મુદિતો હિ હરિર્ભવેત્ ।
સંગો ભાવવતામેવ ભાવવૃદ્ધિર્યતો ભવેત્ ॥૨૦॥
વ્યાઘ્રસ્યાડગ્રે યથા દેહી તથા દુઃસંગતો બિભેત્ ।
દુઃસંગ એવ ભાવસ્ય નાશકઃ સર્વથા મતઃ ॥૨૧॥
દુઃસંગતશ્ચ્યુતાઃ સર્વે શ્રુતા હિ ભરતાદયઃ ।
દુઃસંગાન્નજદોષાભ્યામભૂદ્ ભીષ્મો બહિર્મુખઃ ॥૨૨॥
લૌકિકાડભિનિવેશાત્તુ મનોનિષ્કાસનં સદા ।
અલૌકિકસ્તુ તદ્ભાવસ્તેનાડપિ ચ વિનશ્યતિ ॥૨૩॥
વૈરાગ્યપરિતોષૌ ચ હૃદિ ભાવ્યૌ નિરંતરમ્ ।
તદભ્યાસાત્તુ મનસઃ કદાચિન્નિર્ગતિસ્તતઃ ॥૨૪॥
કામાડભાવાય વૈરાગ્યં ચિંત્યં ચેતસિ સર્વથા ।
પરિતોષસ્ત્વલોભાય ભક્તૌ તાવેવ બાધકૌ ॥૨૫॥
કામેનેંદ્રિયવૈમુખ્યં લોભે પાખંડસંભવઃ ।
ક્રોધસ્તુ મધ્યપાતિત્વાત્ મહાબાધક ઈષ્યતે ॥૨૬॥
યતો માર્ગીય સર્વસ્યદૈન્યભાવવિનાશકઃ ।
દૈન્યં સર્વેષુ કાર્યેષુ કૃષ્ણસેવાકથાદિષુ ॥૨૭॥
બીજં યથા મંત્રશાસ્ત્રે તદ્યુક્તમખિલં ભવેત્ ।
તદભાવે ન સેવાદિ સકલં પુષ્ટિસાધકમ્ ॥૨૮॥
તસ્માદ્રક્ષેત્પ્રયત્નેન દૈન્યં ભક્તિયુતો નરઃ ।
દૈન્યેન ગોપિકાઃ સિદ્ધાઃ કૌંડિન્યોડપિ પરોક્ષતઃ ॥૨૯॥
ફલમત્ર હરેર્ભાવો વિરહાત્મા સદા મતઃ ।
રસાત્મકત્વાત્તદ્રૂપે સર્વલીલાસમન્વિતઃ ॥૩૦॥

સ્વરૂપે તસ્ય સતતં સાક્ષાત્કારો વિશેષતઃ ।
યુગપત્ સર્વલીલાનામનુભૂતિઃ પ્રજાયતે ॥૩૧॥
એવં વિજ્ઞાય મનસા પુષ્ટિમાર્ગં વિભાવયેત્ ।
પ્રાપ્તિઃ શ્રીવલ્લભાચાર્યચરણાબ્જપ્રસાદતઃ ॥૩૨॥
અતઃ સ એવ સતતં સર્વભાવેન સર્વથા ।
સુધીભિઃ કૃષ્ણરસિકૈઃ શરણીક્રિયતાં સદા ॥૩૩॥

શિક્ષાપત્ર પાંત્રીસમું

તદીયાનાં મહદદુઃખં વિજાતીયેન સંગમઃ ।
સંભાષણં સજાતીયૈરસંગો ભાષણં ચ ન ।
તદેતદુભયં જાતં મમૈવાડદ્ય સ્વભાગ્યતઃ ॥૧॥
દુઃખાંતરં તુ જ્ઞાનેન ભકત્યા વાડપિ નિવર્ત્તતે ।
લોકિકં વિષયપ્રાપ્ત્યા ન હિ દુઃસંગજં ક્વચિત્ ॥૨॥
દુષ્ટાનાં દુર્વચોબાણૈર્ભિન્નં મર્મણિ મદ્વપુઃ ।
ન ક્વાડપિ લભતે સ્વાસ્થ્યં સમાહિતમપિ સ્વતઃ ॥૩॥
ઈદાનીં તુ જનાઃ પ્રાયો દુઃસંગપદવીં ગતાઃ ।
શુદ્ધં મનઃ કલુષિતું ક્ષણેનાડતિવિચક્ષણાઃ ॥૪॥
ગૃહસ્થિતસ્ય વ્યાવૃત્તિયુતસ્ય ન હિ તાદૃશામ્ ।
સંગો વારયિતું શક્યો વ્યાવૃત્તેર્વિનિરોધતઃ ।
અવ્યાવૃત્તૌ ન વિશ્વાસદાર્ઢ્યં યેન તથા કૃતિઃ ॥૫॥
ભગવદ્દ્વેષિતાં યાતઃ સ તુ તક્ષક એવ હિ ।
યથા વિપ્રાડર્ભકવચઃ પ્રેરિતઃ ક્રોધમૂર્ચ્છિતઃ ॥૬॥
અદશત્સ સમાગત્ય મહાભક્તં પરીક્ષિતમ્ ।
તથા દુર્જનવાક્યૈકપ્રેરિતો હ્યતિતામસઃ ॥૭॥

અવજ્ઞયા દુર્વચનૈરધિક્ષેપેણ મામયમ્ ।
દુષ્કર્મા ભૌતિકો દુષ્ટઃ સંસાધ્યઃ સત્ક્રિયોક્તિભિઃ ॥૮॥
આધ્યાત્મિકો જ્ઞાનશૂન્યો હ્યન્યથાજ્ઞાનવાનપિ ।
કષ્ટસાધ્યઃ કદાચિત્સ તત્ત્વબોધેન શુદ્ધયતિ ॥૯॥
પ્રીતિશૂન્યો મહાદુષ્ટઃ સ ન સાધ્યઃ કથંચન ।
યથા નપુંસકો નૈવ હ્યૌષધૈઃ પુરુષો ભવેત્ ॥૧૦॥
યથા ત્રિદોષગ્રસ્તો ન કથંચિદપિ જીવતિ ।
પ્રીતિશૂન્યો નીરસશ્ચ ન તથા શ્રવણાદિભિઃ ॥૧૧॥
પ્રાયઃ સ આસુરો જીવો યસ્મિન્ પ્રીતેરસંભવઃ ।
તાદૃશૈર્નિત્યસંગેન ભવેદાસુરભાવવાન્ ॥૧૨॥
દુષ્કર્મા કર્મદુષ્ટઃ સ્યાત્ જ્ઞાનદુષ્ટોઽન્યથાદશિઃ ।
પ્રીતિશૂન્યો ભક્તિદુષ્ટસ્તત્તન્માર્ગગતસ્ત્યજેત્ ॥૧૩॥

શિક્ષાપત્ર છત્રીસમું

નૈવ ચિંતા પ્રકર્તવ્યા લૌકિકી ભકિતમાર્ગગૈઃ ।
ચિત્તે ચિંતાતુરે કૃષ્ણઃ કથમાવિશતે ગુણૈઃ ॥૧॥
યથા ગૃહે ગૃહપતિઃ શુદ્ધે સંમાર્જનાદિભિઃ ।
સ્વસ્થસ્તિષ્ઠત્યન્યથા તુ પરાવર્તેત સર્વથા ॥૨॥
ઉક્તં ચ પ્રભુભિસ્તસ્માત્ નવરત્ને કૃપાલુભિઃ ।
અતોઽન્યવિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥૩॥
ધર્મમાર્ગવિચારેઽપિ કલૌ કર્તૈવ લિપ્યતે ।
ન સંસર્ગકૃતો દોષસ્તથા કલિયુગે ભવેત્ ॥૪॥
યુગાન્તરે તથૈવાઽયં પંચમત્વેન ગણ્યતે ।
યદ્યપ્યુક્તં નિજાચાર્યૈઃ સ્થેયં નાઽવૈષ્ણવૈઃ સહ ॥૫॥

તથાપિ લોકસંકોચઃ કર્તવ્યસ્ત્વગ્રદર્શનૈઃ ।
મનઃ સ્થાપ્યં તન્નિવૃત્તો સમયે તન્નિવર્તનમ્ ॥૬॥
તત્કાલં તત્પ્રયત્ને તુ રોગસ્યેવોદ્‌ભવો ભવેત્ ।
અતઃ કાર્યં શનૈરેવ પ્રતિબંધનિવર્ત્તનમ્ ॥૭॥
વૃથા ચિંતા ન કર્તવ્યા સ્વમનોમોહકારણમ્ ।
યથા સચ્છિદ્રકલશાત્ જલં સ્રવતિ સર્વશઃ ॥૮॥
તથાડયુઃ સતતં યાતિ જ્ઞાયતે ન ગૃહસ્થિતૈઃ ।
એવં હિ ગચ્છત્યાયુષ્યે ક્ષણં નૈવ વિલંબયેત્ ॥૯॥
ભગવચ્ચરણે ચેતઃ સ્થાપનેડપિવિચક્ષણઃ ।
શરીરં પ્રાકૃતં તદ્ધિ હ્યનિત્યં સર્વથા મતમ્ ॥૧૦॥
તત્સંબંધોપ્યવિદ્યાતસ્તતોડહંમમતાત્મકઃ ।
સંસારસ્તત્કૃતં સર્વસંબંધોડપિ મૃષા મતઃ ॥૧૧॥
તત્સંબંધકૃતઃ દુઃખં ન હિ મંતવ્યમુત્તમૈઃ ।
પ્રતિબંધનિવૃત્ત્યર્થં હરિં શરણમાવ્રજેત્ ॥૧૨॥
ભક્તદુઃખાસહિષ્ણુસ્તં તદૈવ હિ નિવર્ત્તયેત્ ।
અશક્યે હરિરેવાસ્તીત્યેવમેવ પ્રભોર્વચઃ ॥૧૩॥
યાવચ્છક્તિઃ પ્રકર્તવ્યો હ્યુપાયસ્તન્નિવર્તને ।
પ્રતિકૂલે ચ તત્ત્યાગપર્યંતં વિહિતં પુનઃ ॥૧૪॥
સર્વથા સ્વસ્ય ચાશક્તૌ હરિરેવ હિ રક્ષકઃ ।
સ્વકીયચિંતાં કુરુતે કર્તા સ ચ કરિષ્યતિ ॥૧૫॥
સ્વયં કિમર્થં કર્તવ્યા પિતરીવ શિરઃ સ્થિતે ।
ન ત્યક્ષ્યતિ કૃપાપૂર્ણઃ સેવકં સર્વદાશ્રિતમ્ ॥૧૬॥
આચાર્યશરણં તસ્ય ચિંતાલેશોડપિ નૈવ હિ ।
તસ્માત્ શ્રીવલ્લભાચાર્યચરણાબ્જદ્વયાશ્રિતૈઃ ॥૧૭॥
ન કાપિ ચિંતા કર્તવ્યા કૃષ્ણસેવાં વિના પુનઃ ।
નિવેદનાનુસંધાનચિંતામાત્રં વિધીયતામ્ ॥૧૮॥

'લોકે સ્વાસ્થ્યં તથા વેદે' ઈતિ શ્રીમત્પ્રભોર્વચઃ ।
સ્મૃત્વા શીઘ્રં હૃદિસ્થા સા નિવર્ત્યા સેવનાર્થિભિઃ ॥૧૯॥

શિક્ષાપત્ર સાડત્રીસમું

ન શુદ્ધભાવો નૈવાસ્તિ સર્વભાવો ન દીનતા ।
નાજ્ઞાપરત્વં ન વિશ્વાસો ન ચાસ્તિ પરમાદરઃ ॥૧॥
ન સત્સંગો નૈવ સેવા ન નિવેદનસંસ્મૃતિઃ ।
નાશ્રયો ન વિવેકો હિ ધૈર્યં ન શરણસ્થિતિઃ ॥૨॥
ન માહાત્મ્યપરિસ્ફૂર્ત્તિઃ સ્નેહસ્તુ ન હિ કુત્રચિત્ ।
આસક્તિવ્યસનાદીનાં કથાપિ ખલુ દુર્લભા ॥૩॥
ભક્તિમાર્ગપ્રવેશો ન ધર્મમાર્ગે ન ચ સ્થિતિઃ ।
દેશાદિશુદ્ધભાવો ન કાલદોષાન્ન વૈદિકમ્ ॥૪॥
ન ચ વ્યાવૃત્તિરાહિત્યં વ્યાવૃત્તૌ ન હરૌ મનઃ ।
ન ત્યાગશ્ચાપિ સેવાર્થં સ્વતંત્રસ્ય તુ કા કથા ॥૫॥
ન કૃષ્ણવિરહસ્ફૂર્તિઃ સંયમો ન ચ વાગ્દશોઃ ।
નૌદાસીન્યમભક્તેષુ નાનાસક્તિર્ગૃહાદિષુ ॥૬॥
નાઽહંકારાદિરાહિત્યં ન સ્વધર્મપરિગ્રહઃ ।
નાન્યધર્મનિવૃત્તિશ્ચ કિં કરિષ્યતિ મત્પ્રભુઃ ॥૭॥
મયિ દોષનિધાને તુ સર્વસદ્‌ગુણવર્જિતે ।
નિઃસાધનત્વમેવં હિ સ્વસ્ય નિત્યં વિભાવયેત્ ॥૮॥

શિક્ષાપત્ર આડત્રીસમું

કૃષ્ણે રસાત્મકે નિત્યં ગોપિકામંડલસ્થિતે ।
યમુના પુલિનાંતસ્થવૃન્દાવનવિરાજિતે ॥૧॥

નિત્યગાનરસાવિષ્ટે વિશિષ્ટેઽક્ષરતઃ ક્ષરાત્ ।
ભાવૈકગમ્યે સર્વત્ર પ્રસિદ્ધે પુરુષોત્તમે ॥૨॥
યસ્યાવતારઃ પુરુષઃ આદ્યો બ્રહ્માંડવિગ્રહઃ ।
તસ્યાંશા એવ યે ભૂમૌ મત્સ્યાદ્યા ઈતિ બુધ્યતામ્ ॥૩॥
અક્ષરં ધામ વૈકુંઠં વ્યાપિવૈકુંઠસંજ્ઞકમ્ ।
બ્રહ્માનંદસ્તત્ર લક્ષ્મીઃ પૂર્ણાનંદો હરિઃ સ્વયમ્ ॥૪॥
રમાવૈકુંઠવાસી તુ વિભૂતિર્યસ્ય વૈષ્ણવી ।
રમા તુ પાલિકા તત્ર શક્તિરિત્યવગમ્યતામ્ ॥૫॥
મૂલભૂતસ્યાવતારે મૂર્તિવ્યૂહોઽભિધીયતે ।
પ્રદ્યુમ્નો વાસુદેવશ્ચાનિરુદ્ધોઽનંત એવ ચ ॥૬॥
વ્યૂહં વિરચ્ય યસ્તત્ર સ્થાપ્યતે પ્રાપ્યતે ન સઃ ।
તથૈતૈરાવૃતઃ કૃષ્ણો નાવતારેઽવગમ્યતે ॥૭॥
અત એવ જના ભ્રાંતાઃ પ્રાકૃતં તં વદન્તિ હિ ।
અંશકાર્યં મૂલરૂપે કલ્પયંત્યજ્ઞતાં ગતાઃ ॥૮॥
કૃષ્ણસ્તુ કેવલં લીલાં કરોતિ રસરૂપિણીમ્ ।
ભૂભારહરણં ચક્રે કલાભ્યામેવ સર્વથા ॥૯॥
પરમાનંદ-દાનં તુ સ્વરૂપેણેતિ નિશ્ચયઃ ।
વ્રજસ્થ એવ સતતં પુરસ્થો વા કૃપાપરઃ ॥૧૦॥
તત્રાપિ રૂપભેદેન ક્રીડતિ સ્મ તથા રસઃ ।
ધર્મિમાત્રં સ્વમર્યાદારહિતં કેવલં વ્રજે ॥૧૧॥
સર્વધર્મવિશિષ્ટં તુ સમર્યાદં પુરે મતમ્ ।
ઉચ્છૃંખલા તુ યા લીલા કેવલેન વ્રજે કૃતા ॥૧૨॥
પરમાનંદરૂપા સા બાલલીલાદિભેદતઃ ।
સર્વત્ર રસલીલાત્વં ગૂઢભાવેન વર્ણિતમ્ ॥૧૩॥
કામરૂપતયા કૃષ્ણે વયો ન હિ નિયામકમ્ ।
એતાદશે મૂલરૂપે મૂલલીલાસમન્વિતે ॥૧૪॥

ચિત્તં નિરંતરં સ્થાપ્યં સૈવ સેવા સ્વમાર્ગગા ।
તત્સિદ્ધ્યર્થં શરીરેણ વિત્તેનાપિ વિધીયતામ્ ॥૧૫॥
નિવેદનાનુસંધાનં વિધેયં તાદશૈઃ સહ ।
સત્સંગ એવ કર્તવ્યો વિશ્વાસઃ સ્થાપ્યતાં દઢઃ ॥૧૬॥
કૃષ્ણઃ કૃપાપરાધીનો દીનાનામનુપેક્ષકઃ ।
સ્વકીયાનામનન્યભાવાત્ કરિષ્યત્યવનં સ્વતઃ ॥૧૭॥
ધર્મમાર્ગપ્રવૃત્તિસ્તુ ચિત્તશુદ્ધ્યા યથા હરૌ ।
મતિઃ સ્યાન્નૈવ પાખંડે તદર્થં સર્વથેષ્યતે ॥૧૮॥
માર્ગપ્રવર્ત્તકાચાર્યચરણેષુ નિરંતરમ્ ।
વિશ્વાસઃ સુદઢઃ કાર્યસ્તતઃ સર્વં ફલિષ્યતિ ॥૧૯॥
વિશેષો ગોવર્ધનદાસપત્રાજ્જ્ઞેયઃ કિંમધિકમ્ ।

શિક્ષાપત્ર ઓગણચાલીસમું

સત્સંગેન પ્રભૌ ચિત્તં સ્થાપનીયં નિરંતરમ્ ।
પૂર્વં શ્રુતાનામર્થાનામનુસંધાનમાદરાત્ ॥૧॥
ભગવત્સેવનં સમ્યક્ વિધેયમિતિ નિશ્ચયઃ ।
વૈષ્ણવાદિસમાધાનં કૃષ્ણસેવૈવ સર્વથા ॥૨॥
યતઃ પ્રભોઃ પ્રપત્તિર્હિ વર્ધતે કાર્યકારણાત્ ।
સેવયૈવ હિ સંતુષ્ટઃ સુખસેવ્યઃ પ્રભુર્ભવેત્ ॥૩॥
દુરારાધ્યસ્ય સેવૈવ વશીકરણસાધનમ્ ।
કૃષ્ણસેવાં પ્રકુર્વન્તો ભાગ્યવંતો જના મતાઃ ॥૪॥
તસ્માદ્ દઢં મનઃ કૃત્વા કૃષ્ણ એવ હિ સેવ્યતામ્ ।
અત્રત્યં વૃત્તમખિલં વદિષ્યતિ વિશેષતઃ ॥૫॥
શ્રીવિઠ્ઠલપ્રભોર્દાસઃ શ્યામદાસસહસ્થિતઃ ।
તંત્રત્યવૃત્તાંતોઽખિલો વિવિચ્યલેખ્યઃ કિમધિકમ્ ॥૬॥

શિક્ષાપત્ર ચાલીસમું

પત્ર દ્વારા પ્રકરવૈ સ્વદુઃખવિનિવેદનમ્ ।
મહત્તરાખ્યે ચલિતે દૂરગેષુ ભવત્સુ ચ ॥૧॥
જાનામિ નિજમાર્ગસ્ય ધર્મં કિંચિત્કૃપાબલાત્ ।
તદસિદ્ધિજહૃત્કલેશં કો મે દૂરીકરિષ્યતિ ॥૨॥
પ્રાયઃ પાખંડિમુખ્યોઽહં હરિણા હૃદિ ચિંતિતઃ ।
કૃપાલુરપ્યુપેક્ષાં મે કુરુતે દીનવત્સલઃ ॥૩॥
ઉપેક્ષિતશ્ચેદ્ધરિણા સ્વજનૈરપ્યુપેક્ષ્યતે ।
અતઃ કં યામિ શરણં વનસ્થ ઈવ વિસ્મૃતઃ ॥૪॥
પ્રભોરપિ ન વૈ દોષો ગુણલેશાપિ નો મયિ ।
વિસ્મૃત્ય દોષનિચયં યં ગૃહ્ણીયાદ્ ગુણગ્રહઃ ॥૫॥
યથા નિઃશ્વાસરહિતં કિં કરોતિ સુભેષજમ્ ।
તથા વિગતભાવં માં કથાસેવાદિકં પુનઃ ॥૬॥
પ્રાયઃ કથૈવ નૈષાસ્તિ યતસ્તિષ્ઠિતિ નો હૃદિ ।
ન વાનુભાવં કુરુતે નિજં ત્યાગાભિધં મયિ ॥૭॥
સેવા તુ પ્રતિબદ્ધા મે ભોગોદ્વેગાદિબાધકૈઃ ।
ગેહવિત્તાદિકાસક્ત્યા કથં સા માનસી ભવેત્ ॥૮॥
તાતપાદેષુ યાતેષુ દુર્ભગસ્ય પરોક્ષતામ્ ।
સત્સુ સર્વેષુ યાતેષુ દેશોર્દૂરમહં સ્થિતઃ ॥૯॥
શ્રીભાગવતચિંતા તુ ન વિના સંગતેઃ સતામ્ ।
મનસોઽત્યંતવિક્ષેપાન્ ન વા શરણભાવનમ્ ॥૧૦॥
વાર્ત્તાંતરકૃતિપ્રેમ્ણા નાષ્ટાક્ષરમનોજપઃ ।
મહત્ત્વમત્યા લોકાનાં પ્રપત્ત્યા દૈન્યનાશનમ્ ॥૧૧॥
નિવેદનાનુસંધાનં સદ્‌ભિસ્ત્યક્તસ્ય મે કથમ્?
કેવલં શરણં સર્વત્યાગા-ભાવાચ્ચ દુર્લભમ્ ॥૧૨॥

ચાંચલ્યાચ્ચેતસઃ કુત્ર દૃઢઃ કૃષ્ણપદાશ્રયઃ ।
વિવેકધૈર્યે તદ્ધેતૂ મૂર્ખાધીશસ્ય મે કથમ્ ॥૧૩॥
ભાવો યદનુભાવેન ભવેન્નિષ્કાસિતસ્તતઃ ।
ક્વ તા વ્રજભુવઃ કૃષ્ણચરણાંબુરુહાંકિતાઃ ॥૧૪॥
ક્વ શૈલઃ કૃષ્ણદાસાખ્યઃ પુલિંદીભાવપોષકઃ ।
ક્વ તે શ્રીયમુનોદ્દેશા લીલારસવિતારકાઃ ॥૧૫॥
ક્વ તે વેણુરવા યૈર્વા સમાકૃષ્ટા વ્રજસ્થિતાઃ ।
વ્રજનાથકરાંભોજપ્રોંચ્છિતાઃ ક્વ ગવાં ગણાઃ ॥૧૬॥
અનંતલીલાધારાસ્તે દ્રુમાઃ ક્વ વિપિનસ્થિતાઃ ।
વેણુનાદપરા વૃક્ષભુજારૂઢાઃ ક્વ પક્ષિણઃ ॥૧૭॥
વ્રજસ્ત્રીચરણાંભોજરેણવઃ ક્વ વ્રજસ્થિતાઃ ।
દધિનિર્મંથનોન્નાદાઃ ક્વ તે શ્રવણમંગલાઃ ॥૧૮॥
યમુનાવાલુકાદેહસંબંધઃ ક્વ જલસ્પૃશિઃ ।
બહિર્મુખત્વસાતત્યે તદીયત્વં ચ મે કુતઃ ॥૧૯॥
પરમાનંદદૂરસ્થે ચિત્રં કિં દુઃખસંતતૌ ।
પોષકાઽભાવતો નૈવ દૃઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ॥૨૦॥
વિષયાભિનિવેશેન પ્રેક્ષા ન વિશતિ પ્રભૌ ।
જાતોઽસ્મિ સાંપ્રતં સર્વસાધનાઽભાવવાનહમ્ ॥૨૧॥
નિ:સાધનત્વં ભાવે તુ વિદ્યમાને પ્રયોજકમ્ ।
તદભાવે કેવલં મે દોષાયૈવ ન ચાન્યથા ॥૨૨॥
શરીરેણાપ્યશક્તસ્ય ક્રિયા કા વાઽત્ર સેત્સ્યતિ ।
યથાંધો બધિરો મૂકો વિહસ્તઃ પંગુરુન્મનાઃ ॥૨૩॥
અકામઃ કામવિક્ષિપ્તો હરિણોપેક્ષિતોઽધુના ।
વિમૃશામિ સદા સ્વાંતે કા ગતિર્મે ભવિષ્યતિ ॥૨૪॥
વિરક્તવેષિણાસ્માકં અધિકારકૃતા પુનઃ ।
કૃતં યુવતિવશ્યેન કાર્યમેકમનીદૃશમ્ ॥૨૫॥

કસ્યાશ્ચિત્સુરતિગ્રામે વિધવાયાશ્ચ સંગમાત્ ।
દુષ્ટેન સ્થાપિતો ગર્ભઃ પાતિતશ્ચ તથૌષધાત્ ॥૨૬॥
મરણં ચોભયોર્મધ્યે કસ્યચિત્સ્યાન્ન સંશયઃ ।
યત્નેન પ્રેમજિન્નામ્ના મદાપત્તિર્નિવારિતા ॥૨૭॥
વિશ્વાસઃ કસ્ય કર્તવ્ય ઈતિ ખિન્નં મનો મમ ।
ગૃહકાર્યં ન ચલતિ મનુષ્યાણામભાવતઃ ॥૨૮॥
અંતઃસ્નિગ્ધોઽપિ કાર્યે તુ મદ્દોષનુસ્મૃતેઃ સદા ।
પ્રાયશઃ પ્રેમજિન્નામ્ના વર્ત્તતેઽસૌ વિરક્તવત્ ॥૨૯॥
ચલિતું યતતે તસ્માલ્લેખ્યા બહુસમાહિતિઃ ।
ક્ષાંતોઽપરાધઃ સર્વોઽપિ મૃષા ક્રોધવશસ્તતઃ ॥૩૦॥
ઈદાનીં તુ કૃપાપૂર્વવદસ્તીતિ ભયોજ્ઝિતૈઃ ।
ભવદ્ભિઃ સર્વથા લેખ્યં પત્રં સર્વૈઃ પૃથક્ પૃથક્ ॥૩૧॥
અતિપ્રશંસયા ચિત્તં યથા તસ્ય સ્થિરં ભવેત્ ।
મુખરોઽપિ સમીચીનો મુખ્યદોષવિવર્જિતઃ ॥૩૨॥
વૈદ્યકેન ગૃહેઽસ્માકં વિશેષપરિતોષણાત્ ।
ભવત્સંગાત્કંદુકવત્ પતિતઃ પુનરુત્થિતઃ ॥૩૩॥
વિશેષઃ પ્રેમજિત્પત્રાદ્બોધ્યઃ ।

શિક્ષાપત્ર એકતાલીસમું

લૌકિકં સકલં કાર્યં પ્રભુસેવોપયોજનાત્ ।
પરં સર્વત્ર પૂર્વં હિ પ્રભુશ્ચિંત્યો ન લૌકિકમ્ ॥૧॥
ન રોચતે હરેઃ સ્વાનાં લૌકિકાસક્તિયુઙ્ મનઃ ।
તદોપેક્ષાવશાત્તસ્ય ન સિદ્ધ્યત્યપિ લૌકિકમ્ ॥૨॥
શુદ્ધભાવઃ પ્રભૌ સ્થાપ્યો ન ચાતુર્યં પ્રયોજકમ્ ।
અંતર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્ ॥૩॥

શુદ્ધભાવે તદીયં તુ લૌકિકં સાધયેત્સ્વયમ્ ।
તત્સાધિતમવિઘ્નેન સર્વં સિદ્ધયતિ નાન્યથા ॥૪॥
આવશ્યકો હિ કર્ત્તવ્ય: તદીયૈર્લૌકિકવ્યય: ।
અનાસક્તૌ લૌકિકં તુ વર્ધતે ન ચ બાધતે ॥૫॥
અન્યથા વૃદ્ધમપ્યેતદ્ બાધતે તદુપેક્ષયા ।
કૃષ્ણસેવૈકવિષયે મુખ્યં ચેતો વિધીયતામ્ ।
અન્યત્તદુપયોગિત્વાત્ ક્રિયતાં ન તુ મુખ્યત: ॥૬॥
સેવૈવ સાધનં સેવા ફલમૈહિકમત્ર સા ।
સેવા લૌકિકદેહેન સંભવેત્ પારલૌકિકમ્ ॥૭॥
તદર્થમેવ કર્તવ્ય: સત્સંગો ભાવવર્ધક: ।
અનિંધનો વહ્નિરિવ ભાવ: શામ્યેત્તુ લૌકિકાત્ ॥૮॥
આર્ત્તિરેવ સદા સ્થાપ્યા હરિસંદર્શનાદિષુ ।
સ્વાસ્થ્યં તુ લૌકિકેનૈવ દદાતિ કરુણાનિધે: ॥૯॥
તદીયાનાં સ્વતશ્ચિંતાં કુરુતે પિતૃવદ્ધરિ: ।
પુનશ્ચિંતાં પ્રકુર્વાણાં મૂર્ખા એવ ન સંશય: ॥૧૦॥
તસ્માદાચાર્યદાસૈસ્તુ મચ્છિક્ષાયાં સદા સ્થિતૈ: ।
સેવ્ય: પ્રભુસ્તતો ભદ્રમખિલં ભાવિ સર્વથા ॥૧૧॥

‘શિક્ષાપત્ર’નું આચમન

પુષ્ટિમાર્ગમાં ‘શિક્ષાપત્ર’નું આગવું મહત્ત્વ છે. શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થયેલા શ્રીહરિરાયજી રચિત ‘શિક્ષાપત્ર’ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને પુષ્ટિ ભક્તિનો સદાચાર શીખવતો ગ્રંથ છે. શ્રીહરિરાયજીએ તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીને ઉદ્દેશીને સંસ્કૃતમાં લખેલા ૪૧ શિખામણના પત્રો આ ગ્રંથમાં હોવાથી, તેને ‘શિક્ષાપત્ર’ કહેવામાં આવે છે. તેના ઉપર શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં ટીકા લખી છે.

શ્રીહરિરાયજીના સમયથી જ વૈષ્ણવોની ભગવદ્‌મંડળીમાં ગામેગામ આ ગ્રંથનું નિત્ય વાચન થતું આવ્યું છે. તેના વાચન-શ્રવણ-મનન દ્વારા વૈષ્ણવ સમાજ પુષ્ટિભક્તિમય જીવન જીવતો રહ્યો છે. વૈષ્ણવી જીવન જીવવાનો રાજમાર્ગ આ ગ્રંથમાં બતાવવામાં આવ્યો છે.

આજના સમયમાં પણ આ ગ્રંથની ઉપયોગિતા ભૂતકાળ કરતાં ઘણી વધારે છે. સમયની ખેંચ, મનની અશાંતિ, કામધંધાનું ટેન્શન અનુભવતા આજના વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી આદિના ઘણા ગ્રંથો વાંચવા-સમજવા સમય અને શાંતિ નથી, ત્યારે આ ‘શિક્ષાપત્ર’ ગ્રંથ સમગ્ર પુષ્ટિમાર્ગીય સાહિત્ય અને સિદ્ધાંતોના સારરૂપ છે. તે આત્માસાત્ થાય તો કશું સમજવાનું બાકી રહે નહીં.

મહાત્મા ગાંધીજી જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ ગણતા હતા, તે શ્રીરાજચંદ્રે પોતાના શિષ્યોને સલાહ આપી હતી કે જીવનનો વિકાસ કરવા તમારે એક જ પુસ્તક વાંચવું હોય, તો શ્રીહરિરાયજીનું ‘શિક્ષાપત્ર’ વાંચજો. અન્ય ધર્મોપદેશકની આ સલાહ ‘શિક્ષાપત્ર’નું મહત્વ કેટલું મોટું છે, તે બતાવે છે.

આ ‘શિક્ષાપત્ર’ આપણે નિત્ય વાંચીએ, વિચારીએ, જીવીએ.

- પ્રા. રમેશભાઈ વિ. પરીખ